# ગુરુ કહાન - દૃષ્ટિ મહાન



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

## ભાગ-૧૪

: પ્રસ્તુતકર્તા :

**Mumukshus of North America**
**(MONA) U.S.A.**

ॐ

सर्वज्ञ वीतरागाय नमः ।

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

## (ભાગ–૧૪)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**


–: સંકલનકાર :–

**જિતુભાઈ નાગરદાસ મોદી**
(નિવૃત્ત સંપાદક : આત્મધર્મ )

**નોંધ : આ પુસ્તક પ્રિન્ટીંગ કરવામાં આવેલ નથી.**
**આ શાસ્ત્ર vitragvani app તથા vitragvani website**
**ઉપર ઉપલબ્ધ છે. જે તમે downlod કરી શકો છો.**

–: પ્રકાશક :–

**Mumukshus of North America**
**Florida, U.S.A.**
**Contact : Rajnibhai Gosliya (WhatsApp number +1 412 770 6951)**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં
પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો
છે; જેઓની શીતળ છત્રછાયામાં ૫૭ વર્ષ સુધી
સોનગઢમાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય
અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ
કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ચૂટેલાં ૨૫ પ્રવચનનાં
સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'
ભાગ–૧૪ અર્પણ કરતાં અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

*–સંકલનકાર*

# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્‌હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)


હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૂહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા.

નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય—'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'—ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે— 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર

શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા — 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે—'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫

વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર

ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી

એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે

'.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં CD યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા

હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યાં સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી

પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે

તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્‌સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી–નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર–ઉદ્દિષ્ટ ભોજન–પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ—વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે ?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય—ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ—તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે''—એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો—એમ નક્કી કર ! તું પરમાત્મા છો—એમ નક્કી કર !''—એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિકૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જે કોઈ થયા હોય તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતાં હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી

જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો તેમજ અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં શ્રી જયસુખભાઈ ભાયાણી, શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા, સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી-પરિવાર, શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા–પરિવાર, શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ-પરિવાર તથા નિરૂબેન વિનુભાઈ ભક્ત-પરિવાર, ઓમકારભાઈ જયકિશનભાઈ ભક્ત-પરિવાર, "સહજ ચિદાનંદ" પરિવાર, સોનગઢ/મુંબઈ/જામનગર, શારદાબેન કિશોરભાઈ શાહ(મુંબઈ)પરિવાર દ્વારા પ્રકાશન માટે પ્રમોદ બતાવતા અત્યાર સુધીમાં ભાગ-૧ થી ભાગ-૧૩ સુધી પ્રકાશિત કરવામાં આવ્યા છે જેનો વ્યકિતગત ઉપરાંત કેટલાક મુમુક્ષુ-મંડળોમાં સભામાં નિયમિત લાભ લેવામાં આવે છે. **Mumukshu of North America (MONA) USA** દ્વારા અભ્યાસી મુમુક્ષુઓના દ્રવ્યદૃષ્ટિપ્રધાન પુરુષાર્થની અભિવૃદ્ધિની અનુમોદનાનો લાભ લેવાની ભાવના થતાં 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૧૪' તેમના દ્વારા માત્ર **PDF** રૂપે પ્રકાશિત થઈ રહ્યું છે.

**આ શાસ્ત્ર vitragvani app તથા vitragvani website**
**ઉપર ઉપલબ્ધ છે. જે તમે downlod કરી શકો છો.**

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીનું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્ય જીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઊછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર

❀

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ. સં. |
|---|---|---|---|
| ૧ | ૨૯–૧૦–૧૯૬૨ | સમયસાર ગાથા–૧ | ૦૦૧ |
| ૨ | ૩૧–૧૦–૧૯૭૦ | સમયસાર શ્લોક–૨૬૨ | ૦૧૬ |
| ૩ | ૨૪–૨–૧૯૫૩ | સમયસાર ગાથા–૨ | ૦૩૦ |
| ૪ | ૧૪–૧૨–૧૯૭૦ | સમયસાર, શક્તિ–૧૬–૧૭ | ૦૪૮ |
| ૫ | ૧૭–૯–૧૯૭૨ | નિયમસાર ગાથા–૯૮ | ૦૬૧ |
| ૬ | ૨૫–૨–૧૯૭૯ | પ્રવચનસાર ગાથા–૪૯ | ૦૭૩ |
| ૭ | ૨૦–૨–૧૯૭૯ | પ્રવચનસાર ગાથા–૪૭ | ૦૮૭ |
| ૮ | ૧૫–૧૧–૧૯૭૦ | સમયસાર શક્તિ–૧૦–૧૧ | ૦૯૮ |
| ૯ | ૧૮–૫–૧૯૭૯ | પ્રવચનસાર ગાથા–૮૫, ૮૬ | ૧૧૨ |
| ૧૦ | ૨૦–૨–૧૯૫૩ | સમયસાર શ્લોક–૨ | ૧૨૩ |
| ૧૧ | ૨૯–૮–૧૯૬૩ | સમયસાર ગાથા–૧૦૯ થી ૧૧૨ | ૧૪૦ |
| ૧૨ | ૩૦–૮–૧૯૬૩ | સમયસાર ગાથા–૧૦૯ થી ૧૧૨ | ૧૫૫ |
| ૧૩ | ૨૩–૧૦–૧૯૬૨ | સમયસાર શ્લોક–૧ | ૧૭૦ |
| ૧૪ | ૨૩–૫–૧૯૬૩ | સમયસાર શ્લોક–૪૬ | ૧૮૬ |
| ૧૫ | ૧૬–૧૨–૧૯૭૧ | સમયસાર ગાથા–૧૧ | ૨૦૧ |
| ૧૬ | ૨૬–૨–૧૯૫૩ | સમયસાર ગાથા–૨ | ૨૧૫ |
| ૧૭ | ૧૨–૧૧–૧૯૭૦ | સમયસાર, શક્તિ–૭–૮ | ૨૩૨ |
| ૧૮ | ૧૯–૨–૧૯૭૯ | પ્રવચનસાર ગાથા–૪૭ | ૨૪૬ |
| ૧૯ | ૩૦–૮–૧૯૭૨ | સમયસાર ગાથા–૫૭ થી ૬૦ | ૨૫૯ |
| ૨૦ | ૩–૯–૧૯૭૨ | સમયસાર ગાથા–૬૨ | ૨૭૧ |
| ૨૧ | ૧૦–૯–૧૯૭૨ | સમયસાર શ્લોક–૪૪ | ૨૮૪ |
| ૨૨ | ૯–૧૧–૧૯૭૦ | સમયસાર શક્તિ–૬–૭ | ૨૯૨ |
| ૨૩ | ૧૭–૪–૧૯૫૦ | સમયસાર ગાથા–૮૬ | ૩૦૫ |
| ૨૪ | ૧૮–૮–૧૯૭૧ | નિયમસાર શ્લોક–૧૩૯ | ૩૨૨ |
| ૨૫ | ૧૧–૬–૧૯૭૮ | બહેનશ્રીનાં વચનામૃત–૧૯ થી ૨૧ | ૩૩૭ |

પ્રવચન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

## માંગલિક

।। णमो लोए सव्व अरिहंताणम् ।।

।। णमो लोए सव्व सिद्धाणम् ।।

।। णमो लोए सव्व आयरियाणम् ।।

।। णमो लोए सव्व उवज्झायाणम् ।।

।। णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ।।

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम् ।।

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे।।

त्रिकाळ दिव्यध्वनि दातार....

❁

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ગુરુ કહાન-દૃષ્ટિ મહાન

(ભાગ-૧૪)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો)

## શ્રી સમયસાર, ગાથા-૧, પ્રવચન નં. ૨૫૭, તા. ૨૯-૧૦-૧૯૬૨ (૧)

આ સમયસાર જીવ-અજીવ અધિકાર શરૂ કરતા કુંદકુંદાચાર્ય મહારાજ મંગળિક કરે છે. લ્યો, આ વર્ષ બેસતું છે ને આ? મંગળિ કોને કહેવું ખરેખર? આગળ કળશમાં આવ્યું છે. ઘણીવાર વાંચતા ત્યાં સુપ્રભાત આવે છે ને. આત્મામાં કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ અને પૂર્ણ વીર્ય એવી દશાની પ્રાપ્તિ તેને સુપ્રભાત કહે છે. તેને સુપ્રભાત, એને વર્ષ બેઠું. એ બેઠું એ બેઠું ઈ એમ ને એમ રહેવાનું. આ તો કેવળજ્ઞાનને સુપ્રભાત કીધું. એટલે એમ ને એમ રહેવાનું એમ. આ સૂર્ય તો ઊગે, પ્રભાત થાય, બપોર થાય ને આથમે.

આત્માની સુપ્રભાત, આના છેલ્લા કળશોમાં લીધું છે. ક્યાં લીધું છે? પદ્મનંદી પંચવિંશતિમાં. સુપ્રભાત. આત્મા સ્વભાવને—પૂર્ણદશાને પામે એને અહીંયાં સુપ્રભાત, એને સ્વકાળની પરિપૂર્ણતા થઈ, એનો સુપ્રભાત થયો. એને મહામંગળિક દશા પ્રગટ થઈ. એ જ વાત અહીંયાં આચાર્ય મહારાજ, એવા જે સિદ્ધ ભગવાન સુપ્રભાતસ્વરૂપ થયા એને સમયસાર કહેતાં, કહે છે કે

હું, એવા સિદ્ધ ભગવાન જે પૂર્ણાનંદને પામ્યા એને ભાવ અને દ્રવ્યની સ્તુતિ દ્વારા અને ભાવ-દ્રવ્યસ્તુતિ દ્વારા અને ભાવ-દ્રવ્યવચન દ્વારા (કહીશ). મારા ભાવજ્ઞાનની સ્તુતિ શ્રુતજ્ઞાન એના પ્રભાવ દ્વારા અને વિકલ્પ દ્વારા હું સમયસારને કહીશ. એમ કહેતા પણ સમયસારને કહીશ, તો કહે છે કે પહેલાં આવા જે સિદ્ધ ભગવાન એને મારા જ્ઞાનમાં મેં સ્થાપ્યા છે. અહીં સ્થાપું છું એમ કહે છે. બેયને ભેળવીને વાત કરે છેને. આપણે વિચાર કરીએ એમ આવે છેને ઘણે ઠેકાણે? એમને ક્યાં નવો વિચાર કરવાનો હતો? પણ શ્રોતાને સાથમાં લઈ અને કહે છે કે એવા સિદ્ધ ભગવાન પરમાત્મપદને પામેલા, એને મારા આત્માના જ્ઞાનમાં હું સ્થાપું છું અને તમારા જ્ઞાનમાં પણ એવા અનંતા પરમાત્મા સિદ્ધને જ્ઞાનમાં સ્થાપું છું. સમજાય છે કાંઈ? લ્યો, એ સુપ્રભાત સ્થાપ્યું. કુદરતે આવ્યું છે હોં, આ ગાથાઓ તો. કોઈ દિ' (આવી રીતે આવ્યું નથી). આ દિવાળીનું વર્ષ બેસતાની આ પહેલી ગાથા તો પહેલીવહેલી છે. સમજાણું કાંઈ?

કહે છે કે એવા સિદ્ધ ભગવાનને... ત્રણ બબ્બે વાત થઈ. હું, એવો જે આત્મા અનંતા જે પરમાત્મા પરમાનંદને પામ્યા એને ભાવ અને દ્રવ્યની સ્તુતિથી અને ભાવ ને દ્રવ્યવચનથી અંદર જ્ઞાનના ઉઘાડ અને વિકલ્પથી મારા અને તમારા આત્મામાં સ્થાપું છું. સમજાણું કાંઈ? એટલે તમે તમારા લક્ષમાં સિદ્ધ છો એવું મારું સ્વરૂપ છે એમ લક્ષ કરો. એવા લક્ષે સમયસાર સાંભળજો એમ કહે છે. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદમૂર્તિ એ સિદ્ધ સ્વરૂપ જ છે. પરમાત્મસ્વરૂપ જ એનું છે. એવો લક્ષમાં દોર બાંધી, દૃષ્ટિના લક્ષમાં આત્મા આવો છે એમ લક્ષમાં લઈ સિદ્ધને સ્થાપ્યા એનો અર્થ કે હું સિદ્ધ થવાને લાયક છું. હું સંસાર રહેવાને લાયક નથી, હું અલ્પજ્ઞપણે રહેવાને લાયક નથી, હું રાગપણે રહેવાને લાયક નથી, હું નિમિત્તના સંબંધમાં રહેવાને લાયક નથી. ઓ..હો..! સમજાણું કાંઈ? એમ ભગવાન કુંદકુંદાચાર્યે સમયસાર શરૂ કરતાં શરૂઆતમાં જ આ વાત લીધી છે.

જુઓ, અહીં સુધી આવ્યું છે. એ સિદ્ધ, સાધ્ય એવો જે આત્મા, ધર્માત્માને સાધ્ય એવો જે શુદ્ધ આત્મા. શુદ્ધ આત્મા તે સાધ્ય છે એનું સાધન કરવાનું છે. એક સમયમાં પૂર્ણ શુદ્ધ ભગવાન આત્મા અને એની પર્યાય પ્રગટ થાય એવો શુદ્ધ સિદ્ધ સ્વભાવ, એવો શુદ્ધ આત્મા જે સાધ્ય છે એના પ્રતિછંદના—પડઘાને સ્થાને સિદ્ધ ભગવાન છે. એટલે કે તે સિદ્ધ ભગવાનને અમે તમારા જ્ઞાનમાં સ્થાપીએ છીએ. પસ્તાનું મૂકીએ છીએ. એ સિદ્ધ ભગવાનનું તમે ચિંતવન કરો, એ સિદ્ધ જેવો છું એમ અંદર આ રાગવાળો છું કે પુણ્યવાળો છું એમ મૂકી દે વાત એમ કહે છે. શેઠી! પાધરી જ પહેલી (આવી ઊંચી) વાત શ્રોતાને સંભળાવતા? બાપુ! તું શ્રોતા આત્મા છો. અમે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એને સમજાવીએ છીએ. અમે કાંઈ રાગને, કર્મને, જડને, શરીરને કહેતા નથી અને તારામાં તે થવા લાયકાત છે એમ અમે જોઈ છે, અમને અમારી ખબર પડી છે એવા તમે છો એમ તમને કહીને

સિદ્ધ ભગવાન તમારા જ્ઞાનમાં અમે સ્થાપીએ છીએ. આહો..હો...! બહુ વાત પણ મોટી! કહો, સમજાણું કાંઈ?

.. સભા બાળક હોય, કન્યા હોય, સ્ત્રી હોય, બધા માટે પ્રભુ! તમારી આ વાત? સમજાય છે? ઘરમાં વીસ માણસ હોય તો એક સાંડલે બધી દાળ? કે ભાઈ, આમાંથી દાળ આપશું અને આ શાક, બધા વીસેય જણાને. સમજાણું કાંઈ? એમ ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજ, સમયસારની મીઠી મધુરી આનંદની ધારા પીરસે છે. વાણી દ્વારા અને વાચ્ય બે છેને? એમાં કહે છે કે તમારા આત્મા બધાઓ, શ્રોતાઓ બધાઓ... ઓહો..હો..! ક્યાંય તાળો રાખ્યો નથી કે આ સ્ત્રીનો આત્મા આવો કે પુરુષનો આવો, એ બધા આત્માઓની અંદર અમે આવા આત્મા સિદ્ધનું સ્થાપન કરીએ (છીએ) એનો અર્થ કે તું લક્ષ ફેરવી નાખ. હું રાગ ને અલ્પજ્ઞ ને નિમિત્તના સંબંધમાં છું એ લક્ષ ફેરવી નાખ, લક્ષ ફેરવી નાખ. આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વભાવ શુદ્ધ આનંદકંદ છે એવા દ્રવ્ય સામાન્ય જ્ઞાયકસ્વભાવનું લક્ષ કર, ત્યારે સિદ્ધને સ્થાપ્યા અંદરમાં કહેવામાં આવે છે.

હવે કહે છે એ તારી જ્ઞાનની દશામાં વર્તમાનમાં સિદ્ધ સ્થાપીએ છીએ એ સિદ્ધ કેવા છે એવા જ્ઞાનસહિત ઓળખીને સ્થાપીએ છીએ. સમજાણું કાંઈ? એ સિદ્ધ ભગવાન શુદ્ધ આત્મા જે સાધ્ય એના પડઘાને સ્થાને (છે) એટલે કે એવું જ એનું સ્વરૂપ છે એનું સ્વભાવનું ચિંતવન ધ્યાન કરીને આત્મા સિદ્ધ સમાન થઈ જાય છે. એ સિદ્ધને સ્થાપ્યા એ કેવા છે સિદ્ધ?

પહેલું વિશેષણ આવ્યું કે ધ્રુવ છે ધ્રુવ. પહેલો શબ્દ છેને ધ્રુવ? કેવો છે સિદ્ધ ભગવાનનો સ્વભાવ? કે સ્વભાવભાવરૂપ છે. પરમાત્મા સિદ્ધ થયા એ સ્વભાવભાવરૂપ છે. ભગવાન દ્રવ્યરૂપ શુદ્ધ જ્ઞાયકભાવ દ્રવ્યસ્વભાવરૂપ પણ એનો પર્યાય સ્વભાવભાવરૂપ છે. એનો પર્યાય પ્રગટ્યો એ સ્વભાવભાવરૂપ છે. તેથી ધ્રુવને અવલંબે છે એ સ્વભાવ એ રીતે હવે અનંતકાળ રહેવાનો છે. એવા સિદ્ધને અમે તમારા જ્ઞાનમાં સ્થાપીએ છીએ એમ કહેવા માગે છે. સમજાય છે કાંઈ?

આદર્શ તો પૂર્ણ જ હોયને. અરીસામાં પણ જેવું સ્વરૂપ (હોય) એવું પૂર્ણ દેખાયને અરીસામાં? એમ પોતાને આદર્શ તરીકે ધ્યેય તરીકે કોણ છે? આમ તો ધ્યેય સાધ્ય આત્મા પણ એના પ્રતિછંદને સ્થાને સિદ્ધ ભગવાન અશરીરી થયા, અનંત સર્વ, બધાને એક સાથે આમંત્રણ આપીને તારા જ્ઞાનમાં સ્થાપ. તારું જ્ઞાન કેટલું પહોળું અને મોટું! આહા..હા...! તારા જ્ઞાનનો એક સમયનો વર્તમાન પર્યાય ભલે રાગવાળો છે પણ અનંતા સિદ્ધોને ગ્રહણ કરી શકે એવી એનામાં તાકાત છે. સમજાય છે કાંઈ? જેમ અનંત ક્ષેત્ર, કાળ, દ્રવ્ય, ગુણના પર્યાયને એ જેમ લક્ષ કરી શકે છે જ્ઞાનનો વર્તમાન પર્યાય, એમ જ્ઞાનના એક સમયની વર્તમાન દશામાં અનંતા સિદ્ધોને (લક્ષ કરી શકે છે). સમજાણું કાંઈ? સાંભળો! સુનો! જે સમજાય

એટલું સાંભળો. આ તો વર્ષ બેસતું છેને. બધા ગુજરાતી માણસો આવ્યા છે. રાત્રે વિશેષ પૂછવું. શું કહ્યું સમજાય છે કાંઈ? જે ગુજરાતી ભાષામાં આવે એ કાંઈ હિન્દીમાં ન આવે. અહીં તો ઘરગથ્થું ભાષા છેને. એમાં વળી વર્ષ બેસતું આજે.

કહે છે, સિદ્ધ ભગવાન પરમાત્મપદને પામ્યા એ કેવા છે અને કેવી રીતે તમારા જ્ઞાનમાં સ્થાપ્યા એ કોણ છે એ તમને જ્ઞાન કરાવીએ છીએ. તે સિદ્ધ ભગવાન ધ્રુવપણાને લઈને વિનાશિક નથી. ચાર ગતિ વિનાશિક છે, સિદ્ધ ગતિ વિનાશિક નથી. ચાર ગતિઓ પર નિમિત્તથી થતી હોવાથી એ ધ્રુવ નથી અને વિનાશિક છે. સિદ્ધગતિ અવિનાશી છે. કેમકે સ્વભાવભાવ પ્રગટ થયેલો છે. વસ્તુમાંથી પોતાની દશા નિર્મળ આનંદ અને શાંતિ અંતર પર્યાયમાં પ્રગટ થઈ એ સ્વભાવભાવરૂપ છે, માટે તે ધ્રુવ છે અને માટે તે વિનાશિક નથી. કહો, સમજાણું કાંઈ? આજ તો બીજો શબ્દ છે.

**'વળી તે ગતિ કેવી છે? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના...'** અનેરો ભાવ નામ વિભાવ. અચળ વિશેષણ આપે છે. સિદ્ધ ભગવાન અચળ છે. અચળ-અચળ. પરમાત્મ સિદ્ધ પ્રભુ જેને સ્થાપીએ તે અચળ છે. કેવા અચળ છે? કે અનાદિથી ભાવાંતર નામ સ્વભાવભાવથી અનેરો વિભાવભાવ, સ્વભાવભાવથી અનેરો વિભાવભાવ, વિકારભાવ, ઉદયભાવ એવા જે પરભાવ એનું પર પરવર્તી, એનું જે પરિણમન, એનું જે પરિણમન તેનો જેમાં અભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એના જ્ઞાન પર્યાયમાં સ્થાપેલ સિદ્ધ પરમાત્મા કેવા છે? કે એ અચળ છે. અનાદિથી, સ્વભાવ પહેલો કહ્યો એનાથી વિભાવ એટલે ભાવાંતર-અનેરો ભાવ એવો જે વિકારભાવ એનું જે પરિણમન, એનો જેનામાં અચળ નામ ચળ નથી એટલે તે પરિણમનનો તેમાં અભાવ છે. સમજાણું કાંઈ? ખરેખર તો સ્વભાવભૂત છે અને વિભાવભૂત પરિણમનનો એમાં અભાવ છે. ખરેખર તો અસ્તિ-નાસ્તિ કરી છે. સમજાણું કાંઈ?

સિદ્ધ ભગવાન ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... અવિનાશી પર્યાયને પ્રાપ્ત. ક્યારે? આ નાશવાન જે પરભાવ એનું જે પરિણમન એની વિશ્રાંતિને વશે એટલે કે એના અભાવને કારણે સિદ્ધ ભગવાન અચળપણાને પામેલા છે. એ અચળપણાને પામેલા એવા સિદ્ધને તારા જ્ઞાનમાં સ્થાપીએ છીએ. સમેરુમલજી! ઓહો..હો..! સમજાય છે કાંઈ આમાં? કહો, ઝાટકીયા! આ ધ્રુવ ને અચળ થઈ ગયું. બેસતું વર્ષ છેને. જે એ 'ભ્રમણ' શબ્દ છેને એ જયસેનાચાર્યની ટીકામાં 'ભ્રમણ' શબ્દ છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું ભ્રમણ. એટલે ત્યાં ભ્રમણ મુખ્ય શબ્દ પડ્યો છે. એટલે ભ્રમણ ત્યાં નાખ્યું હશે. પણ આ સંસ્કૃત ટીકા, અમૃતચંદ્રાચાર્યની ટીકાના પ્રમાણમાં તો એ **'અનાદિ કાળથી...'** એ સિદ્ધગતિ—સિદ્ધપણું કેવું છે? કે અનાદિ કાળથી અન્યભાવનું પરિણમન એની જે વિશ્રાંતિ, એનો જે અભાવ એ કારણે અચળપણાને તે સિદ્ધપદ પામેલા છે. અથવા એ સિદ્ધગતિ અચળપણાને પ્રાપ્ત છે. હવે ત્યાં ચળાચળપણું રહ્યું નથી.

ત્યાંથી પાછો અવતાર ધારણ કરે કે કોઈ શરીર ધારણ કરે કે વિકલ્પ ઊઠે એવું ત્યાં છે નહિ. કંઈક સ્થિર અને કંઈક અસ્થિર એવું ત્યાં રહ્યું નથી. તદ્દન અચળપણાની દશા, સિદ્ધપણાની દશાને પ્રાપ્ત થયા છે એવા સિદ્ધને જ્ઞાનમાં ઓળખીને જ્ઞાનમાં સ્થાપીએ છીએ. શેઠી!

'આ **વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે...**' એટલે કે પરનિમિત્તથી પરિણમન જે હતું '**તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' તેનો પંચમગતિમાં અભાવ કહેવામાં આવે છે. એવા પંચમગતિ પ્રાપ્ત જે સુપ્રભાતરૂપ. આ દિવસ ઊગ્યો, વર્ષ બેઠું. સુપ્રભાતરૂપ એવા સિદ્ધ ભગવાન અનંત જ્ઞાન-દર્શન-આનંદને પ્રાપ્ત એવા સિદ્ધ ભગવાનને અમારા આત્મામાં, તારા આત્મામાં આ પસ્તાનું મૂકીને મંગળિક કરીએ છીએ. આહા..હા...! હવે અલ્પ કાળમાં તારે કેવળ લઈને પરમાત્મા થવાની તૈયારી છે એમ કહે છે. એ શ્રોતાને કહે છે. આહા..હા...! ભારે વાત ભાઈ! વક્તા તો કહે છે, પણ એમ કહે છે કે અમે સ્થાપીએ છીએ હજી અત્યારે નવા, નવા સ્થાપીએ છીએ. વળી સમયે સમયે નવી અવસ્થા છેને. સમજાય છે? એમ કહ્યું છેને કે અમે સ્થાપીએ છીએ. સ્થાપેલા નવા છે? કે આત્માને પરમાં સ્થાપીને. સાંભળને! સમયે સમયે નવી દશા છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્માની શુદ્ધતા જે રાગ અને વિકલ્પથી રહિત જે અંતર ભાનની દશાનો પ્રવાહ જે પરિણમ્યો છે એ સમયે સમયે નવો જ પ્રગટ થાય છે. સમયે સમયે અમે સિદ્ધને અંદર સ્થાપેલા છે, રહેલા છે. કહો, સમજાણું કાંઈ? એવા ભગવાન ચાર ગતિ જે વિભાવના પરિણમનવાળી છે એનો જેમાં વ્યવચ્છેદ થયો. એવી એ ગતિ છે નહિ. વિચ્છેદ થયો.

'વળી તે કેવી છે?' કેવી છે? એમ ગતિ લીધું છેને? ગતિ કેવી છે એમ લીધું છે. સિદ્ધપણાની પ્રાપ્તિ થઈ એવી જે ગતિ એ કેવી છે? '**જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે...**' હવે 'અનુપમ' ત્રીજા શબ્દનો અર્થ ચાલે છે. પહેલા '**वंदित्तु सव्व सिद्धे**' નો અર્થ આવો કર્યો. પહેલાં '**वंदित्तु सव्व सिद्धे**' (અર્થાત્) અનંતા સિદ્ધોને અમારા જ્ઞાનમાં, તમારા જ્ઞાનમાં સત્કાર કરી આદર કરી સ્થાપીએ છીએ એનું નામ '**वंदित्तु सव्व सिद्धे**'. સમજાણું કાંઈ? '**वंदित्तु सव्व सिद्धे**'નો એટલો આ અર્થ. આવા સિદ્ધો એ કેવા (છે)? '**ध्रुवमचलमणोवमं गदिं पत्ते**' એવાને અમે અંતરમાં આદર કર્યા છે. અંતરમાં વિકલ્પનો આદર રહ્યો નથી, નિમિત્તનો આદર રહ્યો નથી, વક્તા-શ્રોતા બેયને. આ નાસ્તિથી વળી આવ્યું. સમજાણું કાંઈ? વિકલ્પનો આદર શુભરાગનો નહિ, નિમિત્તનો નહિ, અલ્પજ્ઞનો આદર નહિ, શ્રોતા-વક્તા બેયને. અને પૂર્ણ સ્વભાવનો આદર, એનું લક્ષ અને એની રુચિ, દૃષ્ટિ (થાય) ત્યારે તેને '**वंदित्तु सव्व सिद्धे**' કહેવામાં આવે છે. આ રીતે સિદ્ધોને વંદન કર્યા એટલે આદર કરી. વંદન કરે એનો અર્થ કે એ ગુણો મારે જોવે છે એમ થયુંને? એનો આદર કરે છે, એ ગુણો જે સિદ્ધના છે એ મારે જોવે છે એટલે કે મારામાં પ્રાપ્ત થાઓ. એનો અર્થ કે એ ગુણો મારામાં શક્તિરૂપે છે. હવે પર્યાય નામ અવસ્થારૂપે પ્રાપ્ત થાઓ એના લક્ષે કરીને

એટલે તેને '**वंदित्तु**' એને આદર કર્યો સિદ્ધને, શ્રોતાએ અને વક્તાએ, એમ કહેવામાં આવ્યું છે. હવે જેનો આદર કર્યો એ સિદ્ધ છે કેવા? કઈ ગતિને પામેલા? કેવી એ ગતિ છે? બે વિશેષણો કહ્યા. એક ધ્રુવ અને એક અચળ. હવે ત્રીજું વિશેષણ 'અનુમપ' આવ્યું—અનુપમ સિદ્ધગતિ. શું કહે છે?

'**જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે...**' જગતની અંદર બધા જે ઉપમાયોગ્ય પદાર્થો છે, ઉપમાયોગ્ય કહેવાને કે આ ચંદ્ર આના જેવો, સૂર્ય આના જેવો, આનું મોઢું આના જેવું, ઉપમાયોગ્ય પદાર્થ છે કે આ મોટી નદી દરિયા જેવી, એમ બધી ઉપમા અપાયને? સમજાણું કાંઈ? એ બધા જગતમાં, આ હીરા જેવો છે ને આ માણેક જેવો છે નામ ઉપમા અપાય છેને બધાયને? '**જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ...**' બીજા લક્ષણવાળી. બીજા લક્ષણવાળી, વિરુદ્ધ લક્ષણવાળી '**અદ્ભુત માહાત્મ્ય હોવાથી...**' ઓહો..! પરમાત્મદશાની ગતિ, સિદ્ધ ગતિ જેનું અદ્ભુત માહાત્મ્ય હોવાથી. અદ્ભુત જેનું માહાત્મ્ય છે. '**અદ્ભુત માહાત્મ્ય હોવાથી...**' અદ્ભુત માહાત્મ્યને કારણે '**તેને કોઈની ઉપમા મળી શકતી નથી.**' કોની ઉપમા આપવી સિદ્ધ ગતિને? ચાર ગતિમાં તો હજી કંઈ કંઈ ઉપમા આપે કે આ મનુષ્યમાં બહુ પુણ્યબંધ હોય તો દેવ જેવો કહેવાય, ચક્રવર્તી મોટો હોય તો દેવ જેવો કહેવાય. આ તો કોઈ ઉપમા આપી શકાય નહિ. એની ઉપમા એને. જે પરમાત્મા સિદ્ધ નમો સિદ્ધાણં એવા સિદ્ધ ભગવાન પરમાત્મદશાને પામ્યા એવી જે સિદ્ધગતિ એને કહે છે કે શું કહેવું? એને શું ઉપમા આપવી? ત્યાં પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન પોતે જ જ્યાં પ્રાપ્ત થઈ ગયા એની ઉપમા એના જેવાની. એની ઉપમા કોઈ બીજા જેવાની હોઈ શકે નહિ.

'**અદ્ભુત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી.**' ઓહો..! અનુપમ સિદ્ધગતિ. અરે! અનુપમ સિદ્ધગતિને પામેલ સિદ્ધને તમે સ્થાપ્યા છે, હવે કઈ ઉપમાવાળી ચીજ તારે હૃદયમાં રાખવી છે? સમજાય છે? તારે શુભભાવ જે પ્રગટ થાય એને મોટપ દેવી છે? સમજાણું કાંઈ? આ સાંભળનારને કહે છે કે વિકલ્પ ઉઠ્યો એને મોટપ દેવી છે? કે અનુપમ સિદ્ધ પરમાત્મા તારા જ્ઞાનમાં આદરમાં સ્થાપ્યા એને (તારે) અનુપમ ગતિને આદર દેવો છે? ઓહો..! શું પણ કથન પદ્ધતિ!! સમજાય છે કાંઈ? અનુપમ ગતિ, અનુપમ ગતિ. હવે કઈ ગતિ તારે જોવે છે? મનુષ્યગતિ પામવી છે? કે ભાઈ આપણે અહીંથી મનુષ્યગતિ પહેલા કાંઈક કરો. કેટલાક કહે છે કે દયા, દાન કરો, વ્રત પછી ભક્તિ ને પુણ્યથી સ્વર્ગ મળશે અને સ્વર્ગમાંથી પછી ભગવાન પાસે જઈશું અને ત્યાં સમકિત પામશું. મૂઢ છો? ક્યાંથી લાવ્યો આવી વાત?

અમે તો અમારા શ્રોતા તો એમ કહીએ છીએ કે અનુપમ સિદ્ધ ગતિની પર્યાયને પ્રાપ્તને હૃદયમાં રાખ્યા છે. એના જ્ઞાનમાં એ ઘૂંટાયા કરે છે. એને ઠેકાણે હજી શુભરાગનો આદર

અને શુભથી પુણ્ય બંધાય અને સ્વર્ગમાં જાશું ને, એ શ્રોતા છે નહિ. એ જૈનનો શ્રોતા નહિ. ધર્મચંદજી! જૈન કાંઈ સંપ્રદાય નથી. રાગ અને અજ્ઞાનને જીતનાર એવો જે આત્મસ્વભાવ, એવા સ્વભાવને પામેલા સિદ્ધોને જેણે લક્ષમાં લીધા એવા ઉપમાવાળા રાગાદિને આદર કરે એ ત્રણકાળમાં હોઈ શકે નહિ. અને રાગ ને નિમિત્તનો આદર કરે છે એને અહીંયાં જૈનના શ્રોતા તરીકે કહેવામાં આવ્યા નથી.

જૈન એટલે? અજ્ઞાન અને રાગ-દ્વેષ જીતીને પ્રાપ્ત થયેલું પરમાત્મપદ એને જેને અમે લક્ષમાં અને જ્ઞાનમાં પધરાવ્યા એવા શ્રોતાને આવો રાગનો આદર (ન હોય). રાગ હોય. ખબર નથી કે આ સાંભળવા બેઠો છે અને વિકલ્પ છે? સાંભળવા બેઠો છે, શ્રોતા છે ત્યાં ક્યાં હજી સિદ્ધ થઈ ગયો છે? હજી તો સમ્યગ્દર્શન સમજાવે છે કે સમ્યગ્દર્શન કહેવું કોને? સમજાય છે કાંઈ? કુંદકુંદાચાર્ય કહે છે, અમારા માલના ઘરાક કોણ હોય? કે જે સિદ્ધ હૃદયમાં સ્થાપીને બેસે એ અમારા માલના ઘરાક હોય. કહો, શેઠિયા! આહા..હા...! સૌભાગચંદજી! જુઓ અહીંયાં. મોટા વેપાર હોય તો માલના ઘરાક હોય કે નહિ? કે અમારા મોટા મોટા આડતિયા દસ-દસ હજાર, વીસ-વીસ હજાર, પચાસ-પચાસ હજાર એક-એક દિવસનો માલ ઉપાડે છે અને અમને ઘણું ખટાવે છે, એમ કહે છેને માણસ? સુંદરમલજી!

અહીં કહે છે કે અમારો માલ ચૈતન્યનો કસ—માલ એ સાંભળનારા આવા હોય એને માલ ખરીદવાની તાકાત છે. કહે છે કે અનુપમ. આહા..હા...! કોની ઉપમા દેવી? સ્ત્રી બહુ રૂપાળી હોય તો ચંદ્રના મુખ જેવી એમ કહે છેને માણસ? ફલાણું અમૃત જેવું. સ્વાદથી ચીજ સારી હોય ઊંચી (તો એને) અમૃત જેવી છે. એ બધી ઉપમા થોથા છે. એ ઉપમા જેને ન લાગુ પડે એવો ભગવાન આત્મા અરાગી, વીતરાગી પરિણતિને પૂર્ણ પામેલ એવા સિદ્ધ ભગવાન પરમાત્મા એ થવાને તારા ગર્ભમાં પડેલો પરમાત્મા, આ એને અમે લક્ષ કરાવીને એની અનુપમ ગતિને આદર કરવાનું કહીએ છીએ. સમજાણું કાંઈ? ભારે ભગવાન! પણ તમે કહો છો એનો પણ આદર વિકલ્પથી આમાં રહેતો નથી. ભલે આવે વચમાં. ભાઈ એમ કહે છે. જુઓ, વળી શું આવ્યું? જે સાંભળે એને વિકલ્પ આવે છેને, સાંભળે ને? આ બહુ સારું કહે છે કુંદકુંદઆચાર્યદેવ આદિ. ઓહો..હો..! વિકલ્પ ઉઠ્યો છેને? તો એવો વિકલ્પનો નકાર કરાવો તો તમારો આદર નહિ રહે. એય..! ભીખાભાઈ! સાંભળને!

જ્યાં સામો શ્રોતાનો વિકલ્પ ઉઠે છે એનો આદર કરવાનો પણ નકાર કર્યો છે ત્યાં. સમજાય છે? એનો આદર કરે નહિ તે અમારો આદર કરે છે. જે વિકલ્પનો આદર (કરતો નથી), થાય, સાંભળે છતાં આદર કરતો નથી અને સ્વભાવનું ધ્યેય પકડીને લક્ષે કરે છે એ અમારો આદર કરે છે અને એ અમે સિદ્ધ ભગવાનને સ્થાપ્યા એનો એ આદર કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ? આ તો મહામંગળિક છે.

**શ્રોતા :-** આ તો બોણી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આજ તો બોણી છે લ્યો ભાઈ એમ કહે છે. સારી બોણી આપેને માણસ, સારી બોણી લઈ જાય. રતિભાઈ! આ બધા પડ્યા પૈસાવાળા મોટા. બોણી શેની? આ બોણી છે. સોભાગભાઈ! બોણી-બોણી. આ કરોડોપતિઓ બેઠા છે ઘણાં આમાં. એ ક્યો કરોડપતિ? એ કરોડપતિ કહેવાય કે આત્મા-પતિ કહેવાય? અહીં છે કહે છે આ તો. આહા..હા...! તારી સંપદા અનંત જ્ઞાન આનંદથી ભરેલી, જે સિદ્ધને પ્રગટ થઈ એ ક્યાંથી આવી? એ અંદરમાં ગર્ભમાં પડ્યો એનો જન્મ થાય. ગર્ભ હોય એનો જન્મ થાય કે ન હોય એનો થાય?

એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત સિદ્ધ સ્વરૂપ અંદર ગર્ભના પેટમાં આત્મદ્રવ્યની શક્તિમાં પડ્યું છે. સમજાણું કાંઈ? એનો જેને પહેલી ચોટે લક્ષ કરાવીને આદર કરાવ્યો. પણ મહારાજ, પહેલું કાંઈક તો કહો બીજું. કષાય મંદ કરીએ પછી આ થાય એવું તો કાંઈક કહો. તો તું કહે હવે ઉપદેશ ગુરુને તું દે કુંદકુંદાચાર્યને હવે. તમને દેતા આવડતો નથી ઉપદેશ. પહેલો કષાય મંદ કરે, રાગ મંદ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદર કરે એવો હોય તો પછી આ તમારું સમજવાને લાયકાત થાય. મહારાજ! આવો ઉપદેશ ન દેવાય તમારે. ધર્મચંદજી! દે તું, એનો ગુરુ થા. ભારે વાત ભાઈ!

અમે તો કહીએ છીએ કે આ વાત જે ધર્મની સાંભળવા આવ્યો અને ધર્મની રુચિ કરવા બેઠો છે, એને કામ શું છે? સંસાર અને પુણ્યના ફળ ને એ તો અનાદિનું છે જ. સમજાણું કાંઈ? એતો ૧૭-૧૮ ગાથામાં આવશેને. મોક્ષાર્થી. જેને લક્ષ્મીની જરૂર છે તે રાજાની સેવા કરે. પૈસા મળવા, ન મળવા... આ રાજા લક્ષ્મીવંત છે, આની સેવા કરશું તો લક્ષ્મી મળશે એમ જરૂર એની શ્રદ્ધા અને સેવા કરે. એ તો એમ શ્રદ્ધા કરે છે. એમ આત્માર્થી પહેલી ચોંટે મોક્ષાર્થી, એકલો મોક્ષનો (અર્થી). 'બીજો નહિ મનરોગ.' સમજાય છે કાંઈ? મોક્ષાર્થી—છૂટવાનો કામી. વિકલ્પ ને નિમિત્તના સંબંધને છોડવાનો કામી એ નાસ્તિથી વાત. સ્વભાવના સંગને સંબંધ કરવાનો અભિલાષી. ત્રિકાળ ચિદાનંદ પ્રભુ આત્મા તેના સંગનો અભિલાષી.

એને અહીંયાં કહે છે કે સાંભળ! અનુપમ સિદ્ધને તારા જ્ઞાનમાં સ્થાપીએ છીએ. હવે ઉપમાવાળા પદાર્થનો આદર તારા હૃદયમાં રહેશે નહિ અને ઉપમાવાળો પદાર્થ આદરમાં રહે તો સિદ્ધને તેં આદર કર્યા નથી, અમારી વાત તેં સાંભળી નથી, અમારો તું શ્રોતા કહેવામાં આવતો નથી. કહો, મનુભાઈ! શું હશે આમાં આ બધું? પૈસાવાળા પણ દુઃખી, નિર્ધન પણ દુઃખી. અહીં તો પૈસાવાળો સુખી. પૈસા આ હોં! ઓલા ધૂળના નહિ. જ્ઞાનલક્ષ્મીનું પૂજન ચાલે છે જુઓને આ. સ્વરૂપ-લક્ષ્મી ભગવાન ચિદાનંદમૂર્તિ પરમાત્મા થવાને લાયક એવો જે આત્મા એને, કહે છે, કોઈની ઉપમા મળી શકતી નથી સિદ્ધ ભગવાનને.

હવે આનાથી આ સારું અને આનાથી આ સારું. આ અશુભથી શુભ સારું એ રહેતું

નથી કહે છે આમાં. કહો, રતિભાઈ! સમજાય છે આમાં? અશુભથી શુભ સારું. હવે પહેલેથી ચોંટમાં પહેલી જ ગાથાએ ઉડાડ્યું છે બધું ફડાક દઈને. સમજાણું કાંઈ? નહિ... નહિ... નહિ.. અશુભ અને શુભ બેય જેના સ્વરૂપમાં સિદ્ધમાં નથી અને તારે સિદ્ધ થાવું છે, શુદ્ધ આત્મા તને સાધ્ય છે અને એ સાધ્યનો પડઘો છે સિદ્ધ ભગવાનનો. એ સિદ્ધને તારા જ્ઞાનમાં મૂક્યા એવા અનુપમ પદાર્થના આદરમાં, ઉપમાવાળી ચીજનો આદર અંદરમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ સુપ્રભાત વર્ષ બેસતું કહેવાય છે આ. અહીં તો પહેલા જ હશે, નહિ? વર્ષ બેસતાને દિ' હતા કોઈ દિ'? કોઈ દિ' નહિ ને? ડોસા તો ભાઈ છે. તમે તો પહેલા વહેલા. પહેલા ભાઈ બે વાર (આવેલા). (આ) પહેલાવહેલા. કહો, સમજાય છે કાંઈ? આહા..હા...!

**'અદ્ભુત માહાત્મ્ય...'** જેટલા જગતના પદાર્થ ઉપમાલાયક (છે) એનાથી અદ્ભુત માહાત્મ્યવાળો આ **'તેને કોઈ ઉપમા મળી શકતી નથી. આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે...'** કહેવાય ને મોટો ચક્રવર્તી હોય તો કહે ઓહો..હો..! દેવની ૠદ્ધિ જેવી છે એમ કહેવાય. સમજાણું? તેનો **'પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.'** એ સમાનપણું ચાર ગતિમાં કોઈ કોઈ અપેક્ષાએ કહેવાય, એ સિદ્ધમાં છે નહિ. સિદ્ધને બીજી કોઈ ગતિની અપેક્ષાની ઉપમા અપાય એવો નથી. એવા પરમાત્મા સિદ્ધ પ્રભુ, એવા સિદ્ધને તારા જ્ઞાનમાં સમાડી દીધા છે, સમાડી દીધા છે. પણ જ્ઞાનમાં અનંતુ નથી આમ તો બીજું? એક સમયના જ્ઞાનમાં અનંત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સમાય છે કે નહિ? અત્યારે સમાય છે કે નહિ? પણ એ નહિ. આ અનંતા સિદ્ધના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને સમાડી દે એમ કહે છે અહીં. આમ જ્ઞેય તો કરે છે કે નહિ? સમય સમયમાં અનંત બીજા દ્રવ્યો છે, ક્ષેત્ર છે, કાળ અનંત છે એનો ખ્યાલ તો એના જ્ઞાનમાં આવે છે કે નહિ? એ નહિ. અનંત સિદ્ધોનું દ્રવ્ય, એનું ક્ષેત્ર, એની પહોળાઈ, એની વર્તમાન પૂર્ણતા દશા અને એનો ભાવ. સમજાણું કાંઈ? એવા અનંતા સિદ્ધોને તારા જ્ઞાનની પર્યાયમાં સમાવવાની તાકાત વર્તમાનમાં (છે). ફક્ત લક્ષફેરે તને પરજ્ઞેય કરીને માન્યું છે તેં. પણ સિદ્ધ ભગવાનનું જ્ઞેય તરીકે તારા જ્ઞાનમાં રહેવાની તાકાત છે, એમ જ્યાં જ્ઞેય સિદ્ધને કરે અંદરમાં એટલે એનું જ્ઞાન સ્વ તરફ વળ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? અંતર્મુખમાં પ્રભુ બેઠો છે અંદર મંદિરમાં આખો. સમજાણું કાંઈ? (એવું) સમાનપણું જેને સિદ્ધગતિમાં કોઈ પ્રકારનું નથી એવો અનુપમ પદાર્થ એને પામેલા, એ ગતિવાળા સિદ્ધને તને સ્થાપ્યા છે.

હવે રહી એક ગતિ. ગતિ શબ્દ છેને? એનો ધ્રુવ, અચલ, અનુપમ ત્રણનો અર્થ થઈ ગયો. ગતિ પ્રાપ્ત. હવે એ ગતિ શબ્દની જરી વ્યાખ્યા વિશેષ કરે છે કે **'અપવર્ગ તેનું નામ છે.' 'વળી તે કેવી છે? અપવર્ગ તેનું નામ છે.'** કોનું? સિદ્ધપણું જે ગતિને પામ્યા એનું અપવર્ગ ગતિનું નામ છે. અપવર્ગ. વર્ગમાંથી નીકળી ગયેલી એવી ગતિ છે.

કેવી છે સિદ્ધગતિ? કે '**અપવર્ગ તેનું નામ છે.**' એટલે? વર્ગ શું ત્યારે? અપવર્ગ (કહ્યું) ત્યારે વર્ગ શું? કે '**ધર્મ, અર્થ અને કામ...**' ધર્મ નામ પુણ્યભાવ, અર્થ નામ પૈસો અને કામ નામ વિષયભોગ. ત્રણ—ધર્મ નામ પુણ્ય આ એનું ફળ અર્થ અને ભોગ. એ ત્રણને વર્ગ કહેવામાં આવે છે. શુભભાવ એ દયા, દાન, વ્રત, વિકલ્પ, કષાય મંદ એ શુભભાવને અહીંયાં ધર્મ કીધો વ્યવહાર. વ્યવહાર ધર્મ કહો કે પુણ્ય કહો, અર્થ (એટલે) એના ફળ તરીકે (પ્રાપ્ત થાય એવી) લક્ષ્મી અને એના ફળ તરીકે ભોગ, કામ. '**એ ત્રિવર્ગ કહેવાય છે.**'

ધર્મ તે પુણ્ય છે અને લક્ષ્મી અને કામની વાસના તે પાપ છે. સમજાણું? ધર્મ તે શુભભાવ છે. ધર્મ એટલે આ રાગ એની વાત છે, ઓલો ધર્મ સ્વભાવની વાત નથી. રાગની મંદતા તે શુભભાવ છે અને લક્ષ્મી અને ભોગની વાસના તે પાપભાવ છે. બરાબર હશે? અને એ પુણ્યના ફળ તરીકે મળેલી લક્ષ્મી અને ભોગ એની વાસના તે પાપ છે. એવા જે ત્રણ વર્ગ, પુણ્ય, લક્ષ્મી અને ભોગ એ ત્રણ વર્ગ.

'**મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી...**' મોક્ષગતિ આ વર્ગમાં નથી. સમજાણું? હિન્દી છેને હિન્દી આપો. સમજાણું કાંઈ આમાં? પુણ્ય, લક્ષ્મી અને ભોગ એ ત્રણ વર્ગ છે. વર્ગ જેમ એકડિયાનો વર્ગ કહેવાય છેને? પહેલી ચોપડીનો વર્ગ. વર્ગ કહેવાય તમારે હિન્દીમાં? અમારે વર્ગ કહેવાય. કક્ષા, વર્ગ. એ એકડિયાનો વર્ગ, આ પહેલીનો વર્ગ, આ સાતમીનો વર્ગ. એમ આ પુણ્યનો વર્ગ, આ લક્ષ્મીનો વર્ગ અને આ ભોગનો વર્ગ. ત્રણથી અતીત આ મોક્ષગતિ છે. મોક્ષગતિમાં પુણ્ય નથી, લક્ષ્મી આ નથી અને ભોગ પણ નથી. પવિત્રતા છે, અર્થ તરીકે તેને આત્મલક્ષ્મી પ્રગટ કહી છે. ભોગ તરીકે અનંત આનંદનો અનુભવ જેને છે. કહો, સમજાણું કાંઈ? ઓહો..!

એ '**ધર્મ, અર્થ અને કામ—એ ત્રિવર્ગ કહેવાય છે; મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી...**' તે વર્ગની પાર છે કહે છે. સમજાણું? '**તેને અપવર્ગ કહી.**' કોને? પંચમગતિને. ગતિ શબ્દ પડ્યો છેને ગતિ? '**धुवमचलमणोवमं गदिं**' ગતિમાંથી કાઢ્યું કે આ ગતિ ત્રણ વર્ગથી રહિત છે માટે તે ગતિને અપવર્ગ કહેવામાં આવી છે. સમજાણું કાંઈ? લ્યો! એ પૂરી કરી દીધી. '**આવી પંચમગતિને સિદ્ધભગવંતો...**' '**गदिं पत्ते**' છેલ્લો શબ્દ છને? '**वंदित्तु सव्व सिद्धे**' કહીને પછી સિદ્ધની ઓળખાણ (કરાવી કે) '**धुवमचलमणोवमं**' અને '**गदिं**' (કહ્યું). હવે રહ્યો એ શબ્દ '**पत्ते**'. (અર્થાત્) આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે. આવી પંચમગતિને જે ધ્રુવ છે, સ્વભાવભાવરૂપ છે, અચળ છે વિભાવ પરિણમનનો જેમાં વિશ્રાંત નામ અભાવ છે, વિભાવ પરિણામનો જેમાં અભાવ છે. અનુપમ છે કોઈ ઉપમા નથી. ત્રણ વર્ગથી બહાર છે માટે અપવર્ગ છે. એવી પંચમગતિને ભગવાન સિદ્ધ ભગવંતો '**गदिं पत्ते**'. '**धुवमचलमणोवमं**' અપવર્ગરૂપ ગતિને પ્રાપ્ત થયા છે. આટલી ટીકા એક શબ્દે શબ્દે કરી.

'**તેમને...**' અહીં તો વાત તો એ આવી ગઈ છે પહેલી. આવા સિદ્ધ ભગવંત જે આવી ગતિને પામ્યા '**તેમને પોતાના...**' બે વાર નથી. વાત તો એક જ વાર છે ટીકા તો. પણ આ પૂરું સંધિ કરવું છેને? કેવા સિદ્ધગતિ? કે કેને સ્થાપ્યા હતા? કે આવા સિદ્ધોને પોતાના આત્મામાં, અમારા જ્ઞાનમાં અમે સ્થાપ્યા છે. સમયે સમયે મારી શરૂઆત એમાં સ્થાપેલી જ રહી છે. સિદ્ધને જ સ્થાપીને આગળ સમયે સમયે ચાલીએ છીએ. સંસાર-ફંસાર રાગ-બાગ અમારા જ્ઞાનમાં સ્થાપેલો નથી. સમજાણું કાંઈ?

'**તેમને પોતાના તથા પરના આત્મામાં...**' શ્રોતાના આત્મામાં, સભાના આત્માના અંદર આત્મામાં '**સ્થાપીને,...**' પાધરા સિદ્ધ? ભાઈ, સમ્યગ્દર્શન સ્થાપોને. ધર્મચંદજી! સાંભળને. પણ એ સમ્યગ્દર્શન, એ સિદ્ધ જેવું સ્થાપન થાય અને એની પ્રતીત કર ત્યારે સમ્યગ્દર્શન થાય. સમજાય છે? હું સંસારી છું, હું અલ્પજ્ઞ છું, હું રાગી છું, કર્મના સંબંધવાળો છું, મારે અને કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ તો બધી વ્યવહારની વાતું થઈ ગઈ. છોડવાલાયક છે એની. એમાં ઘણું સાંભળવા આવ્યો એમાં તારો ધર્મ ક્યાં આવ્યો? ધર્મચંદજી! આ વાત ક્યાંય બીજે ઠેકાણે છે? અન્યમતમાં હશે કોઈ સ્થાનમાં?

ન્યાયથી વસ્તુ, વસ્તુનો સ્વભાવ અને એની પર્યાયની પ્રાપ્તિ. અને એનો અર્થ એ થયો ને કે કોઈ પ્રાણી કાંઈક સારું કરવા માગે છે, સારુ કરવા, તો એનો અર્થ એ થયો કે અત્યારે એને અસારુ છે એની દશામાં. અસારું છે એટલે સારું છે નહિ. એટલે સારું કરવા માગે છે. હવે સારું કરવા માગે છે એ સારાપણાની પ્રાપ્તિ અંદરમાં સારાપણું ન હોય તો બહારથી આવતી નથી. સમજાણું કાંઈ? સારાપણું કહે છેને? શું કહે છે? તમારી ભાષામાં શું કહે છે? અચ્છાપના. સારું કરવા ચાહે છે તો એનો શું અર્થ થયો? કે પર્યાયમાં અણઅચ્છાપણું છે દશામાં, ગુલાંટ ખાઈને સારાપણું લાવવું છે તો સારાપણું ક્યાંથી આવશે? બહારથી આવશે? સારાપણું તારા સ્વભાવમાં પડ્યું છે. સિદ્ધપદ જ તું છો, સિદ્ધપદ તું છો. આહા..હા...! હજી એને સાંભળવાને ઓલો ધ્રુજારો થઈ જાય છે. અરર..! અરેરે..! અરે..! વ્યવહાર ઉથાપાઈ ગયો, અરે..! વ્યવહાર ન રહ્યો. હવે તું સાંભળવાને લાયક નથી આ, લે. એમ કહે છે. સમજાય છે કાંઈ? માલચંદજી! આ માલ વિનાનો કહે છે એને, એમ કહે છે. બોલ્યા હતાને? શું હા? પર નમાલા. માલચંદજી નામ છેને એનું પણ. માલવાળું નામ છેને? કહો, સમજાણું કાંઈ?

શું કહ્યું? કહે છે, અહો..! આવો જે આત્મા, પહેલે ધડાકે એને વ્યવહારનો આદર છોડાવ્યો, નિમિત્તનો આદર છોડાવ્યો, રાગનો આદર છોડાવ્યો અને પૂર્ણ સિદ્ધ સમાન આત્માનો આદર પહેલી ચોંટે કરાવ્યો. આવો સાંભળનાર ન હોય તો તેને લક્ષે કોઈપણ સાંભળશે તેને સવળું પરિણમશે નહિ. સમજાય છે કાંઈ? કંઈક આટીઘૂંટી કાઢ્યા જ કરશે અંદરથી ઉકેલ ઊંધા. એ તો આમ છે પણ ફલાણે આમ કહ્યું છે, એ તો આમાં આમ છે, પણ ફલાણે આમ

કહ્યું છે. એ કાઢ્યા જ કરશે ઊંધાઈ અંદરથી. એને બેસેશે નહિ. એક અક્ષર નહિ સાચો બેસે.

**શ્રોતા :-** નિકાચિત

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિકાચિત ફેર કોણે કીધું? ક્યાં છે નિકાચિત? ક્યાં હતો કોને ઘરે?

**શ્રોતા :-** ભગવાને કહ્યા અને ભગવાનને માન્યા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્માના ઘરમાં નિકાચિત કર્મ નથી પણ અલ્પ કર્મ પણ નથી અને રાગ પણ નથી અહીં તો કહે છે. આ અલ્પજ્ઞપણું જેનામાં નથી. હવે નિકાચિત કર્મ ક્યાં રહી ગયો?

એ તો ૧૧મી ગાથામાં કહ્યું છે. આગળ કહેશે. પ્રબળ કર્મનું જોર હોવા છતાં એનાથી વિવેક કરીને આત્મા પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરે છે. સમજાણું? પ્રબળ કર્મનું હોં! ૧૧મી ગાથામાં જુઓ. જુઓ ૧૧મી ગાથા. કાદવને પ્રબળ કીધો છે જુઓ, '**પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે...**' એમ પ્રબળ કર્મના મળવાથી. એ ૧૧મી ગાથા. આનું પાનું ૨૦મું છે. રાડું પાડે, રાડું પાડે. પોકાર જ કર્યા કરે છે. જુઓ, '**એવી રીતે પ્રબળ કર્મના મળવાથી...**' વચમાં છે. છે? પહેલું તો એમ કીધું '**પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત થઈ ગયો છે...**' પાણીનો. એ પાણીમાં પણ જ્યાં નિર્મળી ઔષધિ નાખે (તો) ફડાક કાદવ અને પાણી બે જુદા (થઈ જાય). 'પ્રબળ કાદવ' પાઠ પડ્યો છે હોં! પ્રબળ કાદવ. એમ અહીંયાં '**પ્રબળ કર્મના મળવાથી...**' પ્રબળ કર્મ. સાંભળને! હવે પ્રબળ કર્મ એના ઘરમાં પ્રબળ રહ્યું. '**જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે...**' જ્ઞાયકભાવ તો છે ઈ છે. જ્ઞાયકભાવની પર્યાય તિરોભૂત થઈ ગઈ છે. સમજાણું કાંઈ? જ્ઞાયક ચિદાનંદ પરમાત્મા પોતે. શુદ્ધ આનંદકંદ છે એ પ્રબળ કર્મના નિમિત્તના લક્ષે એની પર્યાય ઢંકાઈ ગઈ છે. એને લક્ષે તિરોભૂત થઈ ઘઈ છે.

'**એવા આત્માનો અનુભવ કરનારા પુરુષો-આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ...**' લ્યો! જે મોહમાં પડ્યા છે કે રાગવાળો, એ મને આ નડ્યું... એ મને આ નડ્યું. એવા મૂઢ જીવો અનેકરૂપ પ્રગટ એવો અનુભવે છે. '**પણ ભૂતાર્થદર્શીઓ પોતાની બુદ્ધિથી નાખેલા...**' ઓલા પ્રબળ કર્મના મળવાથી (કહ્યું હતું), એને ને એને (હવે કહે છે). '**ભૂતાર્થદર્શીઓ...**' અરે! હું તો છતો સ્વભાવ છુંને. જ્ઞાયકભાવ ચિદાનંદ સિદ્ધપણાની પ્રાપ્તિ, જ્યારે હું ધર્મને ઈચ્છું છું અને ધર્મના ફળ તરીકે પૂર્ણ સિદ્ધની પર્યાય પ્રાપ્તિની જ્યાં ઝંખના ઊભી (છે) ત્યાં અંદરમાં આત્માનું જ એનું ધ્યેય ને લક્ષ હોય છે (એ) બીજાને માહાત્મ્ય આપતો નથી. દૃષ્ટિનું ધ્યેય, લક્ષ, મંત્ર ફરી

ગયો મંત્ર. સમજાણું કાંઈ? લ્યો! '**વિવેકથી...**' જુઓ! અંદર પુરુષાર્થ દ્વારા. પુરુષાર્થ દ્વારા આત્મા આ છે એમ પ્રગટ થયો.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઓલો તો વિમોહિત છે વ્યવહારવાળો. નિમિત્તના લક્ષ અને રાગનું આ થયું, ઢીંકણાથી આ થયું. કર્મનો ઉદય આવ્યો એટલે રાગ થયો એ ખોટો. પણ આ રાગ થયો માટે આ રાગથી છૂટું પહેલું ન પડાય. રાગની કાંઈક મંદતા કરીએ તો પડાય. એ ખોટો. તને કાંઈ ધર્મની રુચિ અને લક્ષ છે નહિ. સમજાણું કાંઈ? એ તો આ જરી પ્રબળ કર્મનો આધાર આપ્યો છે હોં! કહો, સમજાણું કાંઈ?

હવે કહે છે, એવી જે પંચમગતિને પામેલા. સમજાય છે? એવા સિદ્ધ ભગવાનને એ મારા અને તમારા આત્મામાં સ્થાપીને હવે '**સમયનો પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ...**' આ સ્થાપીને હવે હું શાસ્ત્ર કહીશ. પછી શાસ્ત્ર કહીશ, એ વિના શાસ્ત્ર શરૂ નહિ થાય એમ કહે છે. શેઠિયા! પાંચ હજાર તારી પાસે છે? કબુલ કર તું પહેલાં. પછી તારી પાસે આપણે કેવ લેવું-દેવુંની વાત કરશું. છે કે નહિ? એમ તું સિદ્ધ સ્વરૂપ તારામાં છે કે નહિ? અને સિદ્ધ સ્વરૂપનું લક્ષ તેં બાંધ્યું છે કે નહિ? સિદ્ધને સ્થાપ્યા છે કે નહિ? પછી તને સમયસાર કહીશ. ભગવાન! પણ તમે મિથ્યાદષ્ટિને સમયસાર સંભળાવશો? આગળ કીધું છેને? એ જ કહીએ છીએ, સાંભળને. એને જ કહીએ છીએ અમે. એને લક્ષ ફેરવાવીને આ વાત અમે સંભળાવશું, તે વિના વાત સંભળાવશું નહિ. કહો, નેમિદાસભાઈ!

'**સ્થાપીને,...**' ઓ..હો..! '**સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થોનો) પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ...**' બાર અંગ માયલો એક અવયવ, એક ભાગ છે આ સમયસાર એમ કહે છે. '**એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચન...**' અર્હંત પ્રવચન—સર્વજ્ઞ ત્રિલોકનાથ ભગવાનની વાણી, એનો એક અંશ સમયસાર. પણ છે એની જાત. સમજાણું કાંઈ? લાખ મણ પકવાન હોય પણ એક રૂપિયાભાર લીધો હોય કે આ જાત આખી. બધી એ જાત. પાંચ મણ ચોખા ચડ્યા હોય પણ બે ચોખા દાબ્યા કે આ બધા ચોખા આવા. એમાં કાંઈ બીજી જાત હોય નહિ. એમ આખા ભગવાનના શાસ્ત્રો, આખું શાસ્ત્ર એનો એક અવયવ, અર્હંત પ્રવચનનો એક અંશ. અર્હંત પ્રવચન પૂરા નહિ પણ એનો અંશ પણ એમાં પૂરેપૂરું આવી જશે એમ.

'**અર્હત્પ્રવચનનો અવયવ (અંશ) તેનું,...**' હવે એનું. જુઓ, ઓહો..હો..! પણ આવું સ્થાપીને એનું કહેશો? ભાઈ! કીધા પછી ને પછી કાંઈક એ સમજે તેને કહેવાય કે હવે આમ કર. પણ પહેલી તાકાત તારી આ છે કે નહિ? લક્ષ ફેરવીને સાંભળવાનું છે કે નહિ? કે બહારમાં લક્ષ રાખીને તારે સાંભળવું છે? એ બહારમાં લક્ષ રાખીને સાંભળવું હોય તો સાંભળવા આવ્યો શું કરવા? એ વાત તો અનાદિની ચાલે છે. અહીં તો દિશા પલટાવાની

વાત માટે તો સાંભળવા અહીં આવ્યો. સાંભળવા આવ્યો અને તું લક્ષ ન ફેરવ અને એની એ વાત આ પુણ્ય સારું છે, નિમિત્ત સારું છે, આ સારું છે અને આ ધૂળ સારી છે. કહો, વેણીભાઈ! આ સાંભળતા નથી સમયસારને. સાંભળવાને લાયક થયા નથી અને સમયસાર આમ છે, ફલાણું આમ છે. હવે સાંભળને, તને શી ખબર પડે? સમયસારમાં શું છે ને ગોમ્મટસારમાં શું છે. સમજાણું કાંઈ?

'**તેનું, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ...**' જુઓ, '**અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ...**' શું? મારો અને પરનો મોહ. ...થી વાત કરી છેને. સમુચ્ચય વાત કરીને સામાન્ય રીતે. પોતાને તો ક્યાં મિથ્યાત્વ છે? પણ જરી અસ્થિરતા થોડી છે અને સામાને મિથ્યાત્વ છે. '**મારા અને પરના મોહના નાશ માટે,...**' કહો, સમજાણું કાંઈ? એ તો અમૃતચંદ્રાચાર્યે ત્યાંથી કહ્યું ને કે હું સમયસાર કહીશ અને મારી સિદ્ધિ થજો. આ પણ એમ કહે છે કુંદકુંદાચાર્ય ટીકામાં જુઓને આ, કે એ સમયસાર હું કહીશ આમ સ્થાપીને, આમ ઓળખાવીને સિદ્ધને, એ સમયસારથી શું થશે? કે '**અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના...**' પરમાં જેટલી કાંઈ સાવધાની છે, જેને ઘણી સાવધાની છે કે થોડી સાવધાની છે, લક્ષ ફેરવાવ્યું છે. એ બધી સાવધાનીના નાશ માટે. એ પર તરફના સાવધાનીના નાશ માટે આ સમયસાર કહીશ. સમજાણું કાંઈ?

આત્માની સાવધાની પર તરફ ઢળેલી એ તો બંધના કારણ છે. હવે ભગવાન આત્મા ચિદાનંદ પરમાત્મસ્વભાવ તેની સાવધાનીમાં લાવવો લક્ષ અને સ્થિરતા દ્વારા, એ એનું કર્તવ્ય છે, એ એને કરવાનું છે, બીજું કાંઈ એને કરવાનું નથી. પણ આચાર્ય એવી ભાષા કરે છે કે એના નાશને માટે, નાશને માટે. સાવધાની પરમાં જરી જાય છે એના નાશને માટે. કથનની શૈલી તો એવી હોય ને. એનો અર્થ કે સ્વભાવનું હું ઘોલન કરીને વાત કરીશ, ત્યાં સાવધાની આમ જાય છે એટલે અસાવધાની ટળતી જાય છે. સમજાણું કાંઈ? જુઓ, આ વર્ષ બેસતાનું મોટું મંગળિક. ઓહો..હો..! ઓલા કહે કે મંગળિક સંભળાવો. આ સાંભળવામાં કુદરતે આવ્યું આ. સંભળાવવું પડે ને ખેંચીને ગાથા લાવવી પડી નથી. શેઠિયા! કહો, માલચંદજી! આ સોભાગભાઈ આવ્યા છે પહેલા વહેલા આ વર્ષ બેસતને દિ'. તો આવું મંગળિક આવ્યું પહેલું એને.

**શ્રોતા :-** માંગળિક માટે તો આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના માટે તો છે. કુદરતે આવી છે હોં ગાથા. આપણે તો વાંચતા-વાંચતા આવી ગઈ છે આજે. અને એનું આવવું પહેલુંવહેલું છે. મહામંગળિક છે મહામંગળિક. એનું લક્ષ કર... લક્ષ કર... લક્ષ કર. સમજાણું?

એવા '**મોહના નાશ માટે હું પરિભાષણ કરું છું.**' શ્રુતજ્ઞાનથી કહીશ હું એમ કહ્યું હતુંને? કહેનાર તો હું છુંને? મારું ભાવજ્ઞાન છેને? કેવળીએ કીધું ભલે બધું. પણ વર્તમાન

તો મારું ભાવજ્ઞાન કામ કરે છેને. સમજાણું કાંઈ? હું એવા ભાવશ્રુતજ્ઞાનના પ્રવાહ દ્વારા. વિકલ્પ ઊઠે તો વાણી નીકળશે એ વાણીને કારણે. પરિભાષણ કરું છું. ઓહોહો..! લ્યો એ પરિભાષણ કરું છું એમાં મોટો મહાસિદ્ધાંત છે. અર્થ નીચે કરશે કે આમ એમાં .. લાગે છે. શાસ્ત્રની ગાથા યથાસ્થાને આવશે. જ્યાં જ્યાં સાધકપણું ત્યાં ત્યાં સમજાવી અને જ્યાં બાધકપણું ઓળખાવવું હોય તો ત્યાં ત્યાં તે ગાથા આવશે અને ત્યાં ભાવનું જ્ઞાન થાશે. બીજી રીતે કહીએ તો પરિભાષણ એટલે કે યથાસ્થાને શાસ્ત્રના શબ્દોની શ્રૃંખલા આવશે અને યથાસ્થાને સાધકભાવની રચના જ એવી થઈ જશે. સમજાણું કાંઈ?

આમ તો પરિભાષણ શબ્દની વાત છેને યથાસ્થાને ગોઠવાશે. મોતીના જેમ મણકા યથાસ્થાને ગોઠવાયને? એવી આ સૂત્ર એક પરિભાષા નામનું સૂત્ર કે જેમાં યથાસ્થાન. આસ્રવ આવશે તો બતાવશે કે આસ્રવભાવ થોડો બાકી છે હોં. સંવર થયો પણ બાકી છે હોં! ત્યાં ગાથા એ આવશે. ઉડાડી દેશે ત્યાં કે તારામાં આસ્રવ-ફાસ્રવ છે નહિ. સમજાણું કાંઈ? આસ્રવ કેવો? વસ્તુમાં કેવો? પર્યાયનું પાછું જ્ઞાન યથાસ્થાન લેતા જ્યાં આસ્રવ આવશે ત્યાં વળી મૂકશે. જઘન્ય પરિણમન પ્રભુ તારું છે હોં! માટે ત્યાં હજી આસ્રવભાવ જરી છે. એ તારે સ્વભાવનો આશ્રય લઈને છોડવા જેવો છે. એમ યથાસ્થાને ગાથા આવશે. એમ યથાસ્થાને સાધક સ્વભાવ રચાઈ જશે. સમજાણું કાંઈ? અને ત્યાં ત્યાં બાધકપણાનો રાગ કેવો હોય યથાસ્થાનના કાળના સાધકભાવમાં એનું પણ આમાં યથાસ્થાને જ્ઞાન આવી જશે. એવા સમયસારને અમે કહેશું એમ કરીને મંગળિક કર્યું છે.

## શ્રી સમયસાર, કળશ-૨૬૨, પ્રવચન નં. ૫૨૨, તા. ૩૧-૧૦-૧૯૭૦ (૨)

સમયસાર પરિશિષ્ટ. ૨૬૨ કળશ છે. ૨૬૨ કળશ.

इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्।
आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।।२६२।।

'**આ રીતે અનેકાંત**...' શું કહે છે? કે આ આત્મા વસ્તુ તરીકે એની હયાતી જાણપણાના સ્વભાવવાળું તત્ત્વ છે એમ કહેતા એકલું જ્ઞાનમાત્ર છે એમ નહિ, પણ તે જ્ઞાનસ્વભાવ પણ છે અને બીજી ચીજનો એમાં અભાવ પણ છે. એવું સ્યાદ્વાદ (છે). છે આત્મા એમ કહેતા પરથી નથી એમ અંદરમાં સિદ્ધ થાય છે. એ સ્યાદ્વાદ એટલે અનેકાંત. '**અજ્ઞાનમૂઢ પ્રાણીઓને**...' જેને અનાદિથી મૂઢતા છે કે આત્મા અંતર વસ્તુ જ્ઞાન ચૈતન્યસ્વભાવભાવવાળો પદાર્થ એ પોતાના સ્વરૂપે છે અને શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો તદ્દન પરદ્રવ્ય છે એ વડે એ નથી. તેમ અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય વિકારી એ વડે પણ એ નથી. એ પુણ્ય અને પાપના ભાવ અને આ શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, લક્ષ્મી એ સહિત છું, એ માન્યતા આત્માના સ્વભાવની હિંસા કરનારી મિથ્યાદશા છે. આહા..હા...! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો ચૈતન્યનો પૂંજ છે. એકલો જ્ઞાનસ્વભાવનો સાગર એ પોતે પોતાના સ્વભાવથી છે અને એ પુણ્ય-પાપના ભાવ જે આસ્રવતત્ત્વ છે અને કર્મ, શરીર, વાણી, પૈસા, આબરૂ, કીર્તિ એ બધા અજીવતત્ત્વો છે. એ અજીવતત્ત્વો અને આસ્રવતત્ત્વથી રહિત છે. સમજાણું કાંઈ? છતાં એને પુણ્ય-પાપના રાગવાળો સહિત માનવો, પૈસાવાળો, શરીરવાળો, આબરૂવાળો, બાયડી-છોકરાવાળો, દેશના અધિપતિવાળો એમ જે માનવું એ મિથ્યાત્વ મહાપાપ અને અધર્મ છે.

**શ્રોતા** :- પૈસા હોય અને પૈસાવાળો માનવો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પૈસા પૈસા કોને હોય? પૈસા પૈસાને હોય કે પૈસા જીવને હોય? જીવને હોય? જડ જીવને હોય? જડને હોય. ભીંતને ક્યાં, એ તો જડ જડને હોય. બલુભાઈ! સવારમાં નહોતું કહ્યું? પૈસા, શરીર, કર્મ, મકાન, આબરૂ, લક્ષ્મી એ બધી ચીજો અજીવ થઈને અજીવપણે રહેલી છે. એ જીવપણાની અવસ્થામાં આવી ગઈ છે એમ નથી. પણ

અજ્ઞાનીને અનાદિથી પોતાની સત્તા ભિન્ન છે એવી શ્રદ્ધાનું ભાન નથી અને આ બધા સહિત છું એ એકાંત મિથ્યાદષ્ટિ છે. આહા..હા...! મિથ્યાદષ્ટિ નામ પાપદષ્ટિ છે.

**શ્રોતા** :- મિથ્યાદષ્ટિ ભલે રહ્યો પણ પૈસાવાળો તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ ક્યાં? ક્યાં રહ્યું બલુભાઈ, રહ્યું આમાં કાંઈ? એ તો આપણે આ શ્લોક કહે છે ને જુઓને. છેલ્લો શ્લોક છે છેલ્લો. છે? છેલ્લો. ૬૪૬ પાનું. એ આંગળીવાળુ ઈ. જુઓ અંદર છે. એ. એ અહીં તત્-અતત્માં પણ એ જ આવે છે.

**एवमयं कर्मकृतैर्भा वैरसमाहितोपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

(પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૧૪). આ રીતે આ આત્મા ભગવાન જ્ઞાનસ્વભાવી આનંદની મૂર્તિ છે ઈ, એને કર્મકૃત રાગાદિ પુણ્ય-પાપાન વિકલ્પો અને શરીરાદિ—શરીર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ એ ભાવોથી અસંયુક્ત છે (અર્થાત્) એ ભાવથી સહિત નથી. ભીખાભાઈ! કેમ હશે આ? હીરાભાઈ સહિત નહિ?

**શ્રોતા** :- આપ ના પાડો છો એટલે શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના નહિ, ન્યાયથી એણે વિચારવું પડશે કે નહિ? પણ એણે ન્યાયથી વિચારવું પડશેને? આ એક આંગળી છે એ આંગળીપણે છે અને આ આંગળીપણે નથી ત્યારે તો એનું હોવાપણું બરાબર વ્યાજબી રીતે સિદ્ધ થાય. એમ આત્મા અંદર જ્ઞાન ને આનંદની મૂર્તિ એ આત્મા. એ આત્માને પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, રળવા, ભોગવવાના વિકલ્પો આદિ અને શરીર, કર્મ ને આબરૂ ને લક્ષ્મી, એ બધો ભાવ વિકારી અને આ ચીજ એનાથી અસમાહિતો છે, અસંયુક્ત છે, અસંયુક્ત છે. આહા..હા...! અસંયુક્ત છે એટલે સંયુક્ત છે નહિ. એની હોવાવાળી ચીજ જ જુદી છે. આહા..હા...! છે ભાઈ? બલુભાઈ! તમારી પાછળ છે.

મહાસિદ્ધાંત છે આ. ભગવાન આત્મા અસ્તિ છેને? સત્તા છેને? હોવાવાળો પદાર્થ છને? તો હોવાવાળો પદાર્થ આત્મા એ તો જ્ઞાન, આનંદ આદિ સ્વભાવવાળો હોવાવાળો છે. એવા હોવાવાળાને શુભ-અશુભભાવ રાગાદિ ભાવ, પુણ્ય, દયા, દાનના કામ, ક્રોધના રળવાના, ભોગ આદિના ભાવ એ સહિત નથી. એનાથી અસંયુક્ત છે. કોઈ દિ' નિર્ણય કર્યો નથી, ઠેકાણા નથી. એથી અહીં કહે છેને, '**अज्ञानविमूढानां**' અજ્ઞાનમૂઢ પ્રાણીઓને. આપણે ચાલતી ભાષામાં '**અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ** કરતો...' અહીં કહે છે કે એ આત્મા... થોડા શબ્દોમાં આખું ભરેલું છે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એમ કહે છેને માણસ એના સ્વાર્થમાં?

અહીં ભગવાન પરમાત્મા એમ કહે છે, ભાઈ! તું ક્યાં? કેવડો? કોણ છો? કે તું કેવડો છો? કે હું તો જ્ઞાન અને આનંદવાળો છું. જાણવું અને આનંદ એવા સ્વભાવવાળો છું.

એમ હોવા છતાં, જેનામાં એ પુણ્ય અને પાપના વિકલ્પો, લાગણી, કર્મ, શરીર, આબરૂ, લક્ષ્મી, બંગલા, હજીરા એ એમાં નથી. એ સંયુક્ત નામ સહિત આત્મા નથી. અસંયુક્ત છે છતાં અજ્ઞાનીઓને સંયુક્ત જેવો પ્રતિભાસે છે. મૂઢ જીવને, હું આનાથી છું... આહા..હા...! એ રાગ થાય દયા, દાનનો, ભક્તિનો એ સહિત છું, એ પાપ પરિણામ થાય હિંસા, જૂઠા, ચોરીના, ભોગના, વાસનાના, કમાવાના, રળવાના, વ્યાજ ઉપજાવવાના, ધંધાના એ બધા પાપભાવ છે, એ પાપભાવ સહિત નથી આત્મા... આહા..હા...! એનાથી રહિત છે. એ ચીજ જ જુદી છે. આહા..હા...! અને શરીરાદિ. આ શરીર, વાણી, લક્ષ્મી, અજીવ તત્ત્વો આ જગતના બધા એનાથી ભગવાન આત્મા સહિત.. સહિત.. એના સાથમાં એ જીવ નથી. આહા..હા...! પણ સંયુક્ત જેવો પ્રતિભાસે છે. મૂઢ મિથ્યાદૃષ્ટિને વસ્તુના સ્વરૂપની પોતાની જાતની શું ચીજ છે એના મિથ્યા ભ્રમમાં, પાખંડમાં એને સૂજતું નથી. એથી અસંયુક્ત નામ સહિત ન હોવા છતાં એને સહિત ભાસે છે, તે પ્રતિભાસ ખરેખર સંસારનું બીજ છે. એ ચોર્યાસીમાં રખડવાનું એ બીજડું છે. ..ભાઈ! છે એમાં? એ ન્યાલભાઈ! સમજાણું કાંઈ?

જ્યાં-ત્યાં હું પૈસાવાળો, હું શરીરવાળો, હું આબરૂવાળો, સારા ધંધામાં મારી પ્રસિદ્ધિ. મૂઢ છો? પાખંડનું ભૂત વળગ્યું છે તને? એમ કહે છે. એય..! મલૂકચંદભાઈ! પાણી ઉતરી જાય એવું છે આમાં તો. બરાબર છે? આવો છું... આવો છું, હું વેપારમાં આગળ વધેલો છું, પૈસામાં આગળ વધેલો છું, આબરૂમાં આગળ વધેલો છું, સ્વભાવથી પાછો પડી ગયો છું. ...ભાઈ! પણ એમાં આવ્યું કે નહિ? આનાથી વધ્યો છું અને આનાથી નાશ થઈ ગયો છું. એ જ અહીં કહે છે.

જેણે ભગવાન આત્માને એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ રાગ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, રળવું, કમાવાનો ભાગ પાપ છે. અને એના ફળ તરીકે બહારની સામગ્રી આવે તે બધી અજીવ છે. આ બાયડી, છોકરાનો આત્મા પણ આ જીવની અપેક્ષાએ અજીવ છે. એવા રહિત, અનાદિનો એના રહિત હોવા છતાં શ્રદ્ધામાં સહિત ભાસે છે એ મિથ્યાત્વભાવ નરક અને નિગોદમાં રખડવાના રસ્તાનો ભાવ છે. એ.. ન્યાલભાઈ! કહો, આ તો સાદી ભાષા છે. આમાં કાંઈ બહુ સંસ્કૃત ને વ્યાકરણ ને બહુ (એવું નથી). કેમ ધીરૂભાઈ! આહા..હા...!

ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણલોક, ત્રણકાળને જાણ્યા. એની વાણીમાં એમ આવ્યું, અરે! આત્મા તું તારા સ્વરૂપે જ્ઞાન ને આનંદસ્વરૂપે તું છો, પણ એ પુણ્ય ને પાપના રાગ અને શરીરાદિ, લક્ષ્મી એ વિનાનો તું છો. જો એ સહિત હોય તો જીવ અને અજીવ બે એક થઈ જાય છે. પુણ્ય-પાપના ભાવસહિત હોય તો આત્મા અને વિભાવ બે એક થઈ જાય છે. સમજાણું કાંઈ? આહા..હા...! ભારે વાત ભાઈ! એણે અંતરની વાતું સાંભળી નથી. સાંભળી નથી એટલે સમજણમાં આવી નથી અને સમજણમાં

નથી આવી એટલે અજ્ઞાનમાં મૂઢ થઈને રખડે છે. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છેને? બધું સમજાણું એની ક્યાં વાત છે? શું કહે છે એમ કાંઈ ખ્યાલમાં આવે છે? આહા..હા...! ભારે ભાઈ આ તો.

કહે છે, '**અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ...**' કરે છે ભગવાન. એ તો જાણક ચૈતન્યસૂર્ય છે. જેમ આ સૂર્ય છે પ્રકાશનો પૂંજ, એના કિરણો પણ પ્રકાશ છે. એમાં કોલસા ને કાળપ ને લાલપ ને એવી બધી એના કિરણોમાં અને એના સૂર્યમાં એનો અભાવ છે. એમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. આ જડ સૂર્ય પરમાણુનો પ્રકાશ છે. એ પ્રકાશનો પણ પ્રકાશક એવું ચૈતન્યતત્ત્વ પ્રભુ એ પોતાના જ્ઞાન ને આનંદ વીતરાગી શાંતિ એવા સ્વભાવવાળો, સ્વભાવસહિત છે અને પુણ્ય ને પાપના રાગ અને બાહ્ય એના ફળ તરીકે સામગ્રીઓ એ બધી અજીવ તત્ત્વપણે રહી છે, એને આત્મતત્ત્વપણે માનવી કે એના સહિત હું છું, એનાથી હું મોટો છું... આહા..હા...! કહે છે કે મિથ્યાત્વનું મહા પાપ કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ? ચીભડાના ચોરને ફાંસી નથી ને આ? કહે છે ને, ચીભડાના ચોરને શું કહે છે? ફાંસીની સજા એમ તો નથીને? ના. ના. ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, અજ્ઞાન વિમૂઢ પ્રાણી કે જેને આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યની જ્યોત અને જેના કિરણો પણ જ્ઞાનના જ કિરણ હોય છે એમાં. એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ રળવા, ભોગના, વાસનાના ભાવ એ વિનાનું ભગવાન તત્ત્વ છે. એ વિનાનું હોવા છતાં એ સહિત છું એ માન્યતા નરક ને નિગોદમાં પરિભ્રમણમાં પંથે પડવાનો રસ્તો છે. એ.. ન્યાલભાઈ! એનો બાપ કહેતા હતા મારી પાસે. ત્યાં બેઠા હતા ને. ત્યાં ન પૂછ્યું. .. છે નહિ. અહીં મારી પાસે બેઠા હતા. કહેતા હતા. .. પૈસા ઘણા હોય છે. પણ છોડી દે તો. ત્યાં નહિ કીધું હોય, અહીં કીધું મારી પાસે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સાંભળવા નવરા ન હોય ન્યાં. કહો, સમજાણું કાંઈ? આહા..હા...! ભાઈ! આ તો એક વાત છે હોં! એ નહિ, બધાની વાત છેને આ. આહા..હા...! જયસુખભાઈ!

પ્રભુ! તું એકલો છો એને બેકલો માનવો એનું નામ મિથ્યાત્વ છે. સાદી અને સીધી ભાષા. સુમનભાઈ! ભગવાન તારું તત્ત્વ તો ચિદાનંદસ્વરૂપ આનંદનું ધામ છેને. એને એમ માનવું કે મને આ સ્ત્રીમાંથી આનંદ આવે છે, પૈસામાંથી ઠીક પડે છે, આબરૂમાંથી મને મઝા પડે છે, હજીરા મોટા પાંચ લાખ, દસ લાખના કર્યા હોય તો સૂવાની સેજુમાં ઠીક પડે છે. મૂઢ છો. એ વસ્તુથી કાંઈ સુખ નથી છતાં એનાથી સુખ માને છે એનો અર્થ કે એના સહિત માને છે. આહા..હા...! એને ચોર્યાસીના અવતારમાં રઝળવાનું બીજડું જે મિથ્યાત્વ

એ અહીં કહ્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ? ગજબ વાત છેને! ભગવાનની ભક્તિનો ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ એ પણ રાગ, એનાથી રહિત આત્મા છે છતાં સહિત માને તો ભવનું બીજ મિથ્યાત્વ છે. આહા..હા...! એઈ..! શાંતિભાઈ! આહા..હા...! શાંતિસાગર નામ છે. એ સાધુ થવાના હતા. .. ગૃહસ્થ માણસ છે. દિગંબર સાધુ હોં નગ્ન મુનિ. દિલ્હીના છે, બૈરા છે, છોકરા નાના (છે), પૈસાવાળા (છે).

**શ્રોતા :-** તમે કહો છો ને નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી આત્મામાં. માન્યું છે કે આ મારામાં છે અને મારા છે. એ મોટી મૂઢતા, ભગવાનને ભ્રમમાં નાખ્યો છે. ભગવાનને ઘાણીની પીલમાં પીલાવા નાખ્યો છે એણે. એ.. ચંદુભાઈ! ભારે વાતું ભાઈ આવી. આવી તો સાંભળવા મળે નહિ. ત્યાં કાંઈ સ્વીત્ઝર્લેન્ડમાં તો મળે નહિ, મુંબઈમાં પણ મળે નહિ. ન્યાં ક્યાં હોળી આખો દિ' સળગતી હોય. કષાય ને રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ. આહા..હા...!

અહીં પરમાત્મા ત્રિકાળ જ્ઞાની તીર્થંકરદેવ, અરિહંતો, સર્વજ્ઞો એમ ફરમાવે છે, ભાઈ! તું અજ્ઞાનમૂઢ છો. તેથી તને આત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપી છે, એકલો છે એમ તું માનતો નથી. એથી હું રાગવાળો છું, શરીરવાળો, આબરૂવાળો, પુણ્યવાળો, પુણ્યના ભાવવાળો (છું), એવા સહિત માનનાર અજ્ઞાની મૂઢ પ્રાણી છે, એને '**જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો...**' આ એની મેળાએ નથી પકડાય એવું હોં. ત્યાં તમે જાણે ડાહ્યા થઈને (બેસો કે) સમજાય. કહો, સમજાણું કાંઈ? મો-મોથું સૂઝે એવું નથી. ગજનો આંકો સૂઝે એવું નથી ત્યાં. ઘડિયાળમાં ડહાપણ કરે ત્યાં ફલાણો પાર્ટ આવો છે ને ઢીંકણો પાર્ટ આવો છે. મૂર્ખાઈ ભરેલું જ્ઞાન. એઈ..! મૂર્ખ અને અજ્ઞાન બે એક જ છેને? આહા..હા...!

ભગવાન કહે છે, સ્યાદ્વાદ એટલે પોતાના આનંદના જ્ઞાનસ્વભાવે છે અને એ રાગ ને પુણ્ય ને પરના શરીર આદિથી નથી. છે, પરથી નથી એવું સ્યાદ્વાદનું ખરું સ્વરૂપ છે. એવું અનેકાંત આત્માનું અનેક ધર્મવાળું (સ્વરૂપ છે). પોતા વડે છે એવો અસ્તિત્વ ધર્મ અને પુણ્ય-પાપ અને પર વડે નથી એવો નાસ્તિત્વ ધર્મ. એક ક્ષણમાં આત્મામાં બે ધર્મ રહ્યા છે. આહા..હા...! સમજાણું કાંઈ? એક ક્ષણમાં આત્મામાં બે શક્તિ રહી છે. એને અનેક અંત કહે છે. અંત એટલે ધર્મ અને અનેક એટલે અનેકાંત. એક ક્ષણમાં આત્મામાં બે ધર્મ (રહ્યા છે) એવા અનંતા ધર્મ છે. આહા..હા...! આવું બધું ઝીણું મુંબઈમાં ન કંતાય હોં! નહિતર ત્યાં તો દસ-દસ હજાર માણસમાં શું માંડ્યું છે આ? ચાલવા જ માંડે. લોકોને બિચારાને તૈયારી ન મળે. આહા..હા...! શું થાય? અરે! એની એને દયા નથી, એને એની દયા નથી હોં! અરે! મારું શું થશે? હું ક્યાં જઈશ? ચોર્યાસીના અવતારે મિથ્યાત્વનો માનનાર, સેવનાર એ વંટોળિયામાં ઉડતા તણખા ક્યાં જઈને પડશે? એમ મિથ્યાત્વભાવવાળો કઈ ગતિમાં જશે ખબર નથી એને. સમજાણું કાંઈ?

કહે છે, અનેકાંત એટલે બે ધર્મો. અનેક અંત. અંત નામ ધર્મ અને અનેક એટલે ઘણા. ઘણાં ધર્મવાળો આત્મા. એટલે કે પોતાપણે છે, વિકાર ને કર્મ ને લક્ષ્મી ને પૈસા, આબરૂ, કીર્તિ, એ બધા જડની દશાઓ છે. એ વડે ભગવાન આત્મા નથી. એવા અનેકાંત ધર્મને નહિ જાણતો અજ્ઞાન મૂઢ પ્રાણીઓ. એ વિકલ્પ ઉઠે છે... આહા..હા...! ગજબ વાત છે. ભગવાન કહે છે કે મારી પ્રત્યેના ભક્તિનો ભાવ એ રહિત તારું સ્વરૂપ છે. એને ઠેકાણે એ સહિત માન અથવા એ રાગના ભાવથી મારા આત્માનું કલ્યાણ માન એ રાગસહિત માન્યો, એ મૂઢ અજ્ઞાની પ્રાણી છે. આહા..હા...! ભારે જવાબદારી ભાઈ! નેમિદાસભાઈ! શું હશે આમાં? તમે તો બે જણા છો. પણ આ ઝાઝા હોય એને શું સમજવું? બે જણામાં પણ હું એકલો નથી પણ બેકલો છું (એમ માને છે) એ મૂઢ છે એમ કહે છે. એકડે એક અને બગડે બે. એક ભગવાન ચૈતન્યસ્વભાવી આત્માને વિકલ્પના ભાવથી ને પૈસા, શરીરથી માનવો (એ) બગડે બે (થયો), એનો આત્મા બગડી ગયો છે. આહા..હા...! બગાડ છે એના પર્યાયમાં મિથ્યાત્વનો બગાડ વળગ્યો છે, ભૂતડું વળગ્યું છે. સમજાણું કાંઈ? આ તો સાદી ભાષા છે, એમાં કાંઈ કોઈ બહુ પલાખા શીખવા પડે એવું નથી કાંઈ. આહા..હા...! પણ એને કોઈ દિ' દરકાર થઈ જ નથી. આવો મનુષ્યનો ભવ મળ્યો. સમજાય છે કાંઈ?

શ્રીમદ્‌માં નથી આવતું? 'બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો. સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે...' પરવસ્તુથી મને ઠીક પડે છે, રાગથી મને ઠીક પડે છે, સ્ત્રીથી મને મઝા પડે છે, લક્ષ્મીથી મને ઠીક પડે છે, આબરૂથી હું રાજી રહું છું. કહે છે.. આહા..હા...! 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે.' પરથી મને સુખ ને પરસહિત એવી માન્યતાથી તારા આત્માના આનંદની લૂંટ પડે છે. સોળ વર્ષે કહ્યું. નવનીતભાઈ! સોળ વર્ષે. શ્રીમદ્‌ની મોક્ષમાળા છે. 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, એ લેશ એ લક્ષે લહો.' અરે! થોડું તો લક્ષમાં લે પ્રભુ! શું થયું તને આ? 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો. ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?' એ બધું આવી ગયું આમાં આપણે કે રાગને પોતાનું સ્વરૂપ માનનારો આત્માનો નાશ કરે છે, આત્માને જીવતો રાખતો નથી. આહા..હા...!

અનેકાંતી સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ, જેમ સ્વરૂપ છે તેવું જાણતો, હું મારા જ્ઞાનસ્વભાવે છું, એ રાગના વિકલ્પ ને બાહ્યના કોઈ પદાર્થસહિત નથી, તે વાળો નથી અને તે મારામાં નથી, તેનામાં હું નથી. આહા..હા...! એમ મને જ્યાં અનુભવ્યું તો તો કહે છે કે આત્મા જાણ્યો એણે. એ સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની થયો. પણ એમ ન જાણતાં રાગનો વિકલ્પ એ નાનામાં નાનો સૂક્ષ્મ હોં! આહા..હા...! એ મારો છે, એ મને મઝા પડે છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે...' હે આત્મા! ક્ષણે ક્ષણે તારું ભાવમરણ થાય છે પ્રભુ! આહા..હા...! એ તારી જીવનજ્યોત જ્ઞાનથી ઝળહળતી જ્યોત છે, એવી ચૈતન્યમાં રાગ ને વિકલ્પ ને

પૈસા ને શરીરવાળો માનતા ક્ષણ ક્ષણ ભગવાન, તારું ભાવમરણ થાય છે. શરીરની સ્થિતિ પૂરી થાશે વળી બહાર જાશે. પણ અહીં તો ક્ષણે ક્ષણે તારું મૃત્યુ થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ? એટલે? કે જાણનાર-દેખનાર આનંદવાળા જીવનને જીવ તરીકે ન માનતા એને રાગ અને શરીર ને લક્ષ્મીવાળો માનવા, એમાં તારું જીવન જે ભિન્ન છે એનો સંહાર થાય છે. આહા..હા...! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો? લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો? વધવાપણું સંસારનું નર દેહને હારી જવો.' આહા..હા...! 'લક્ષ્મી અને અધિકાર વધતાં...' બહુ ટૂંકામાં પણ કેટલું કહ્યું જુઓ તો ખરા! 'શું વધ્યું તે તો કહો, વધવાપણું સંસારનું નર દેહને હારી જવો, એનો વિચાર વિવેક પૂર્વક શાંતભાવે જો કર્યા, એના વિચાર વિવેક...' વિવેક એટલે રાગ અને પરથી ભિન્ન એવી રીતે વિવેકથી વિચાર કરતાં શાંત ધીરજભાવે જો કર્યા. 'તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' સોળ વર્ષે ચંદુભાઈ! શરીરનું ૧૬ વર્ષ હોં! આત્માને ક્યાં વર્ષ છે? એક જણો અહીંયાં આવ્યો હતો તો પૂછ્યું મેં કીધું, આ શરીરનું આયુષ્ય કે આત્માનું આયુષ્ય? એ આપણને ખબર ન પડે. આવા જૈનમાં જન્મેલા. સમજાણું? કોણ આવ્યું હતું નહિ, કોક આવ્યું હતું? ધારીવાળા. હા, ધારીવાળા અમારે એક આવ્યા હતા ને. એલા કીધું આ... જુવાન હતો, વેપારી મોટો. ચુનીલાલનો ભાગીદાર થવાનો. ચુનીલાલ અહીંયાં છે ભૂપેન્દ્ર જૈનમાં હતા ને ચુનીલાલ કર્તાહર્તા. ભાણેજ. હેમચંદભાઈનો દીકરો ભાણેજ થાય ને. એ જુદો પડ્યો. એણે પછી રંગનો વેપાર (શરૂ કર્યો), ભાગીદાર હતા. બધા આવ્યા હતા અહીંયાં. એમ કીધું, આ આયુષ્ય છે ૫૦, ૬૦, ૭૦ ગણાય એ શરીરનું કે આત્માનું? બલુભાઈ! આ તે પણ પ્રભુ! કોણ છો? એય! ચીમનભાઈ! આયુષ્ય આત્માનું હોય? આત્મા તો અનાદિ-અનંત છે. એય!

**શ્રોતા** :- એમાં લખ્યું હોય એ સાચું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ લખ્યું પણ એને વિચારમાં આવતું નથી એટલી મૂઢતા. આ માણસ થયો, વાણિયો થયો.

**શ્રોતા** :- આત્મા અને શરીર એક માનતા હોય તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ.. કીધું, આમાં આયુષ્ય કોનું? આ ૫૦ કહેવાય, ૬૦ કહેવાય, ૭૦ કહેવાય, ૨૦ કહેવાય એ કોનું? એ અમને ખબર નથી. બલુભાઈ! કોઈ વિચારવાનો અવસર નથી. પાપના વિચારની કાંતણ આડે, પાપની કાંતણ આડે સત્ય શું છે એને કોઈ દિ' વીખ્યું ને પીંખ્યું નથી એણે. આહા..હા...! અરે! પણ આયુષ્યની મુદ્દત મુદ્દત કહેવી એ તો જડને હોય. અહીં રહેવું આટલું એને. આત્માને મુદ્દત હોય? આત્મા તો અનાદિ અનંત છે. આત્મા છે, છે ને છે. અનાદિનો છે, અણુત્પન્ન છે, ઉત્પન્ન કરેલો નથી, ઉત્પન્ન થયેલો નથી અને તેનો નાશ નથી. એવો ભગવાન આત્મા એને આયુષ્યની સ્થિતિવાળો માનવો

એ મૂઢતા છે એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ?

આયુષ્યની સ્થિતિ તો દેહની છે. જેટલો કાળ રહેવાનો છે તેટલો જ રહેવાનો. મરી જાય, સૂકાઈ જાય, મોટા કરોડો રૂપિયા ખરચે તો એક સમય વધે એમ છે નહિ. તો આયુષ્યની સ્થિતિ દેહની છે, જડની છે. એ સ્થિતિવાળો હું છું (એમ માનતા) આહા..હા...! તો એની અનાદિ સ્થિતિ તો રહી નહિ. સમજાણું કાંઈ? આહા..હા...! થઈ રહ્યું. દેહ હાર્યો. શું થયું? દેહ ગયો, ભાઈ મરી ગયા. મરી ગયો હું, પણ મરીને ક્યાં જા છો તું? આત્મા અવિનાશી છેને. મરે કોણ? જીવે કોણ? સાંભળને. એ તો શરીરના સંયોગે જન્મ કહેવાય અને શરીરના વિયોગે મરણ કહેવાય. એ ક્યાં જન્મે-મરે છે? આહા..હા...! કાંઈપણ એકેય પલાખું સાચું ન હોય. ભગવાનજીભાઈ! અને સંસારના ખોટા પલાખામાં હુશિયારનો દીકરો મોટો ફરે મોઢા આગળ. દેવનો દીકરો વાતું કરવા બેઠા હોય ૨૫, ૫૦, ૧૦૦ માણસમાં અને બાગ હોય અને એમાં ખુરશી નાખ્યું હોય અને ઉડતા હોય સરખાઈના મોસંબી પાણી, આઈસ્ક્રીમના અને ઓલું શું કહેવાય? સમજ્યાને? નેતરની ખુરશીયું આમ. જોઈ લ્યો પાગલ તમારે. એઈ! બલુભાઈ! પાગલ છો. ન્યાં સુખ છે? એમાં સુખ છે? કે તારામાં છે? એ તું ત્યાં છો? ખબર નથી તને એટલી? ન્યાલભાઈ! આ તો બધી આવી વાત છે હોં! એમાં કાંઈ ના પડાય એવું નથી. આહા..હા...!

કહે છે, '**અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.**' હું તો એક આત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવવાળો અને જ્ઞેયો જગતના અનંત છે. પુણ્ય અને પાપના ભાવ પણ જ્ઞાનનું પરજ્ઞેય છે. શરીર, વાણી, જડ કર્મ એ પણ લક્ષ્મી આ જ્ઞાનનું પર જાણવાયોગ્ય પરજ્ઞેય છે. એવી ચીજમાં મારું સ્વરૂપ તો ચૈતન્ય છું, રાગ અને પરથી હું નથી એમ અંતર દૃષ્ટિ થતાં ભગવાન ચૈતન્યનો અનુભવ થાય આ એને સમ્યગ્દર્શન અને ધર્મની કણિકા જાગી કહેવાય. સમજાણું કાંઈ? આને ધર્મની કણિકા કહેવાય. આ માથા ફરીને મરી જાય. જાત્રા કરે, ભક્તિ કરે, સમ્મેદશિખર જાય, આ કર્યું ને. એઈ!

એક સ્થાનકવાસી હતો. પહેલા આપણે ગયા હતા ને ભાઈ (સંવત) ૨૦૧૩માં. મુંબઈ, ૧૩માં. .. હતા ને, ...વાળા છે. .. એ લોકો સ્થાનકવાસી મૂર્તિને ન માને. પછી કહે જાત્રા જાવ છો ને ત્યાં, તો એ શું? કીધું જો ભાઈ! જે સ્થાનમાંથી સર્વજ્ઞ પરમાત્મા દેહ છૂટીને મોક્ષ પધાર્યા છે એ ત્યાંથી મોક્ષ પધાર્યા એ ત્યાં માથે બિરાજે છે. તો ત્યાં જતાં એનું સ્મરણ કરવા માટે વિકલ્પ ઊઠે કે ઓહો..! પરમાત્મા અનંત આનંદનો નાથ અહીં દેહ છૂટ્યો હતો તો અહીં ઉપર ક્ષેત્રે જ છે. એના નીચે રહીને એનું સ્મરણ કરવું એ માટે આ વાત છે. સ્થાનકવાસી હતા નહિ આ?

**શ્રોતા :-** વિનુભાઈના કાકા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા વિનુભાઈના કાકા. અજમેરા. હા. વાત તો .. હઠ કરીને બેઠા. અહીં મૂર્તિ છે ને ઢીંકણું છે. સાંભળને. જાત્રામાં હેતુ આ છે. હું પુણ્યસ્વરૂપ નથી, પણ મારી ચીજ તો જ્ઞાન અને આનંદ છે. જેણે જ્ઞાન અને આનંદની પૂર્ણ પ્રાપ્તિ કરી એ આ ક્ષેત્રથી માથે જ બિરાજે છે સિદ્ધ ભગવાન. સમજાણું કાંઈ? જેમ અહીંયાં ક્ષેત્રુંજય. ત્રણ પાંડવો ત્યાંથી મોક્ષ પધાર્યા છે. ધર્મરાજા, ભીમ અને અર્જૂન. સહદેવ અને નકુલ ત્યાંથી સર્વાર્થસિદ્ધમાં ગયા છે. તો જ્યાંથી દેહ છૂટે, પૂર્ણાનંદનો અનંત આનંદનો ગોળો ઉપર બિરાજે છે. એ ક્ષેત્રમાં એનું જેને સ્મરણ (થાય), જેને સિદ્ધ જેવું સ્વરૂપ છે, એવું મારું સ્વરૂપ છે એવું જેને ભાન હોય, રાગસહિત નહિ, પરસહિત નહિ, પરથી સહિત નહિ, પરથી રહિત છું એવું જેને ભાન હોય એ ત્યાં આગળ ભાનમાં પૂર્ણ પરમાત્મા આ સ્થાનમાં છે ઉપર એમ યાદ કરે છે. સમજાણું કાંઈ? એમાં વિકલ્પ છે એટલું પુણ્યબંધનું કારણ છે અને સ્વને આશ્રયે જેટલો 'આવો આત્મા છે એવો હું છું' એવું જેને સ્વઆશ્રયનું ભાન વર્તે છે એટલો તેને એમાં ધર્મ છે. સમજાણું કાંઈ? બહારથી માંડીને તકરારું કરી કરીને મરી જાય બિચારા. સમજાણું કાંઈ?

કહે છે, '**આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.**' દેખો! સ્વયં-એવ. ઓહો! હું ચૈતન્યના સ્વભાવના હોવાવાળા પદાર્થ તે ભાવવાળો છું એ એક ધર્મ થયો અને પુણ્ય-પાપના રાગ અને શરીર, વાણી એ સ્વરૂપે હું નથી એવો બીજો નાસ્તિધર્મ થયો. એવા અસ્તિ ધર્મને લક્ષમાં લેતાં પરથી નાસ્તિ છું એવો એને આનંદનો અનુભવ થાય. તેને આત્મા જાણ્યો ને અનુભવ્યો ને માન્યો કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જ્ઞાનમાત્ર આત્મવસ્તુ અનેકાંતમય છે.**' ખુલાસો કરે છે હોં, કે આત્મા જ્ઞાનમાત્ર કહ્યો ચૈતન્ય સ્વભાવવાળો, છતાં એમાં અનેક ધર્મો છે, અનેક શક્તિઓ છે, અનેક અંદર ભાવો છે. '**પરંતુ અનાદિ કાળથી પ્રાણીઓ પોતાની મેળે...**' અજ્ઞાનથી '**અથવા એકાંતવાદનો ઉપદેશ સાંભળીને...**' એકાંતવાદનો ઉપદેશ સાંભળીને (પક્ષપાત કરે છે) કે આત્મા આવો છે ને આત્મા તેવો છે ને આત્મા રાગવાળો છે ને આત્મા પુણ્યવાળો છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ સંબંધી...**' ભગવાન ચૈતન્યમૂર્તિના સંબંધમાં '**અનેક પ્રકારે પક્ષપાત કરી...**' પક્ષપાત કરે છે. શું રાગ ત્યારે જડને હોય? રાગરહિત છે આત્મા? તો રાગ જડને હોય? હવે સાંભળને, તેં સાંભળ્યું નથી. તારું સ્વરૂપ તો ભગવાન ચૈતન્યજ્યોત રાગરહિત છે. રાગરહિત છે અને સ્વભાવસહિત છે એમ જ્યાં અસ્તિપણાના અનુભવની દૃષ્ટિ થઈ ત્યાં રાગ વિનાનો શુદ્ધનો અનુભવ એને થાય, કારણ કે રાગ વિનાનું એ તત્ત્વ છે. આહા..હા...! સમજાય છે કાંઈ? લ્યો, આ (બેસતા) વર્ષની બોણી આ છે. ભેગા ઘણાં થયા છે આ. વર્ષ બેસતાને દિ' આવા હમણાં ૩૬ વર્ષમાં ભેગા નથી થયા. આ ૩૬મું ચાલે છેને આ? ૩૬મું વર્ષ બેઠું. ૩૬. ૬ ને ૩-૯. ૩૬ વર્ષનું ચાલે છેને આ. ૯૧માં

આવ્યા હતા. ૯૧ની દિવાળી, ૯૧, ૯૨, ૯૩, ૯૪. પછી એક-બે ત્યાં કાઢી રાજકોટ. ૯૫ની.

**શ્રોતા** :- બોણી ઘણી ઊંચી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બહુ ઊંચી થઈ. લ્યો, અમારે આત્મારામ કહે છે ઠીક. આવી બોણી છે ભાઈ! તારા ઘરની વાત છે નાથ! શું થઈ ગયું છે તને? બેસે નહિ? કોઈ દિ' વિચાર નથી. કોઈ દિ' સત્ કેવું હોય? અસત્ કેવું હોય? એના કોઈ દિ' વિચાર કર્યા નથી. શાસ્ત્ર વાંચીને પણ ઊંધું જ કાઢ્યું એણે. વાંચી વાંચીને પણ ઊંધું કાઢ્યું કે એને પુણ્ય થાય તો ધર્મ થાય, પુણ્ય કરતા કરતા પરંપરાએ મોક્ષ થાય. અરે! ઊંધું કાઢ્યું છે તેં, સાંભળને. પુણ્યના શુભભાવ વિનાના આત્માને શુભભાવથી આગળ ધર્મ થાય, એ શુભભાવ રહિત છે એમ તેં માન્યું નથી. કહો, સમજાય છે કે નહિ આમાં? આમાં સમજાય છે કે નહિ? ઓલા સમજીને બેઠા (છે) એ નહિ. આહા..હા...! પ્રકાશદાસજી!

'**પક્ષપાત કરી જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનો નાશ** કરે છે.' શું કહે છે? જેણે ઊંડાણમાં વિકલ્પની લાગણી જે છે અને શરીર, લક્ષ્મી આદિ છે એનાથી રહિત છું એમ માન્યું નથી, એને એકાંત એનાથી સહિત છું એવું માન્યું છે એ આત્મતત્ત્વનો નાશ કરે છે. શ્રદ્ધામાં આત્મા પરથી ભિન્ન છે, એની નાસ્તિ છે. સમજાણું કાંઈ? આહા..હા...! ભારે વાત ભાઈ! કોઈને મારતો નથી, કોઈને હણતો નથી. તો કહે, નાસ્તિક છે. હણી નાખ્યો, સાંભળને. તારા ચૈતન્ય ભાવપ્રાણ જ્ઞાન અને આનંદના ભાવપ્રાણથી જીવ જીવતો છે, એને તું રાગના વિકલ્પ અને શરીરના નિમિત્તના સાધનથી કંઈક મને લાભ થાય એ સહિત માન્યો તેં. આત્માનો નાશ કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ? આમાં કાંઈ બહુ ઊંડી વાત નથી ન સમજાય એવી હોં! ભલે ભાવ સારા ઊંચા છે પણ ભાષામાં કાંઈ બહુ એવી ભાષા આકરી નથી. ન્યાલભાઈ!

**શ્રોતા** :- સમજાય જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમજાય, અરે..! ચાર ચોપડીનો ભણેલો હોય એને સમજાય. છોડી આઠ વર્ષની હોય એને સમજાય.

**શ્રોતા** :- ન ભણ્યા હોય એવાને પણ સમજાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ન ભણ્યા હોય એને સમજાય, એમાં શું છે? ત્યાં ભણવાના અક્ષરનું કામ છે? આહા..હા...!

અહીં તો ભગવાન આત્મા સત્તા હોવાવાળો પદાર્થ એને રાગથી માનવો, પુણ્યથી માનવો, લક્ષ્મી અને શરીરથી મને ઠીક પડે, મને ઠીક પડે એમ માનવું એ આત્માના આનંદની જ્યોતનો નાશ કરે છે. આહા..હા...! મારું સુખ મારાથી છે એવી શ્રદ્ધાનો એ નાશ કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ?

'**(અજ્ઞાની જીવોને) સ્યાદ્વાદ જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનું...**' સ્યાદ્વાદ એટલે અનેકાંત.

શેનું? **'અનેકાંતસ્વરૂપપણું પ્રગટ કરે છે—સમજાવે છે.'** કે ભાઈ! તારા હોવાપણામાં તું છો. પરના હોવાપણામાં તું નથી અને પરનું હોવાપણું તારામાં નથી. પરના હોવાપણાને લઈને તારું હોવાપણું ટકી રહ્યું છે એમ નથી. આહા..હા...! સમજાણું કાંઈ? ભાઈ, આ દેવ-ગુરુ-શાસ્ત્ર સારા હોય તો આત્માને લાભ થાય. એનો અર્થ થયો કે એને લઈને હું ટકું, મારે લઈને ટકું એવો હું છું નહિ. આહા..હા...! ગજબ વાત! વીતરાગ માર્ગની રીત. સમજાણું કાંઈ?

**'અનેકાંતસ્વરૂપપણું પ્રગટ કરે છે—સમજાવે છે. જો પોતાના આત્મા તરફ દેખી અનુભવ કરી જોવામાં આવે...'** ભગવાન આત્મા આ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એવા સ્વભાવવાળો, એનો અનુભવ (કરી), એના તરફ દેખી અનુભવ કરી જોવામાં આવે **'તો (સ્યાદ્વાદના ઉપદેશ અનુસાર) જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ...'** જ્ઞાનમાત્ર છું. રાગ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ. ચક્રવર્તી છ ખંડના રાજમાં રહેલો, છન્નું હજાર પદ્મણી જેવી સ્ત્રીના સંગમાં દેખાય, પણ અંતરમાં કહે છે કે એના વિનાનો છું ભાઈ! આહા..હા...! જેને ઈન્દ્ર જેવા મિત્રો હોય અસંખ્ય દેવનો લાડો જે ઈન્દ્ર એકાવતારી છે, એક ભવે મોક્ષ જનાર સુધર્મ અને એની ઈન્દ્રાણી—એની પત્ની બેય એક ભવ કરીને મોક્ષ જનાર છે. એને આવું ભાન છે. આહા..હા...! અમે રાગમાં (કે) વિમાનમાં (કે) એ ઈન્દ્રાણીના સુખની કલ્પનામાં અમે નહિ. આહા..હા...! જ્યાં અમે છીએ ત્યાં એ કલ્પના અને ઈન્દ્રાણીઓને વિમાનપણું એમાં નથી અને જ્યાં એ છે ત્યાં અમે આવતા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ? હો, જગતની ચીજ તો જગતપણે રહેશે. એમાં તારે લઈને ક્યાં રહી છે? અને એને લઈને તું ક્યાં રહ્યો છો? આહા..હા...! સમજાણું કાંઈ?

**'જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ અનેક ધર્મોવાળી...'** એટલે? આ બધા ધર્મો ઈ? એક વસ્તુ અનેક ધર્મવાળી દેખાય. એક જ આત્મા છે એમ પણ દેખાય છે, અનેક આત્મા છે એમ પણ દેખાય. પર્યાય વિનાનો પણ દેખાય, પર્યાયવાળો પણ દેખાય એવા અનેક ધર્મ એમ દેખ્યા? એમ નહિ. અનેક ધર્મવાળો એટલે કે હું પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વભાવી છું અને વિભાવના વિકલ્પ અને અજીવતત્ત્વ એ હું નથી. એવા અસ્તિ-નાસ્તિના અનેક ધર્મવાળો આત્મા અનુભવમાં આવે. આહા..હા...! ચીમનભાઈ! સમજાય છે કે નહિ આ? સમજાય એવી આ તો સાદી ભાષા છે. ૨૭મું વર્ષ બેસે છે આ. ૨૦૨૭ એ પણ ૭ ને ૨, ૯ છે. કહો સમજાણું આમાં? આહા..હા...! ભગવાન! તારા ઘરમાં શું છે? અને શું નથી? એનો કોઈ દિ' વિચાર મંથન કર્યા નથી. એમ ને એમ ચાલી નીકળ્યા ધર્મ કરશું આમ થાશે, ધર્મ કરશું. શું થાય ધર્મ સાંભળને.

કહે છે, ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર એ હું અને વિકલ્પમાત્ર ને કર્મની સામગ્રી ને બાહ્ય સંયોગ એથી રહિત **'આપોઆપ અનેક ધર્મોવાળી પ્રત્યક્ષ અનુભવગોચર**

થાય છે.' દેખો! શું કહે છે? આહા..હા...! આત્મા.. સ્વયમેવ છેને? સ્વયમેવ પ્રત્યક્ષં. હું આત્મા મારા ચૈતન્યની સત્તાના સત્ત્વવાળો છું અને રાગ ને પરની સત્ત્વના સત્ત્વ વિનાનો છું. પરના સત્ત્વ વિનાનો છું, મારા સ્વભાવના સત્‌વાળો છું. એવું પ્રત્યક્ષ જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ વેદનમાં આવે એણે આત્માને જાણ્યો, માન્યો અને અનુભવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા...! ભારે વાત ભાઈ!

'**માટે હે પ્રવીણ પુરુષો!**' લ્યો! અહીં તો એ સંબોધન કર્યું છે, હે ડાહ્યા! '**તમે જ્ઞાનને તત્સ્વરૂપ...**' ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવને તે સ્વરૂપે જુઓ. '**અતત્‌સ્વરૂપ,...**' અને જ્ઞેયો જેટલા છે પુણ્ય-પાપના રાગ એમ એનાથી હું અતત્ છું, એનાથી હું તત્ નથી. સ્વભાવે તે છું, પરથી હું નથી એમ અનુભવ કર. આહા..હા...! કહો, પ્રેમચંદભાઈ! વાત તો છે બહુ ઊંચી નહિ પણ બહુ સાદી અને સહેલી. પણ એણે એવા ઊંધા આંકડા ભર્યા છેને. શાસ્ત્રને બહાને ઊંધુ માર્યું છે. ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહે છે એમ કરીને. હવે સાંભળને, ભગવાન શું કહે છે એ તને ખબર પડે બાપા? ખબર પડે તો તો કલ્યાણ થયા વિના રહે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? એવા અર્થો તો અનંતા ચાલ્યા ગયા ભાઈ! પણ તું તો તે છો તે છો.

તત્‌સ્વરૂપે (છે) તે જ અતત્‌સ્વરૂપ છે. જે તત્‌સ્વરૂપ છે તે જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તે જ અતત્ છે. અતત્ એટલે? પુણ્ય ને પાપ આદિ, શરીર, વાણી, લક્ષ્મી આદિથી નથી. આહા..હા...! આનું નામ અનેક ધર્મવાળું તત્ત્વ એનો અનુભવ થતાં સમ્યગ્દર્શન અને અનેકાંતના અમૃતનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. આહા..હા...! આ બધા દુઃખના, ઝેરના સ્વાદ છે. ઘોળી ઘોળીને ઝેરને પીવે છે. સમજાણું કાંઈ? એ પૈસા ને આબરૂ ને કીર્તિ ને હજીરા ને અધિકાર ને એનાથી છું, એનાથી મોટો છું એ મિથ્યાત્વના ઝેરને પીવે છે. એ ઝેરના રગડા કરીને ઝેરને પીવે છે. આહા..હા...! પણ હું એ નથી, હું છું ત્યાં તો રાગ પણ નથી, પુણ્ય પણ નથી અને બહારની સામગ્રીનો ત્રિકાળ અભાવ છે. એવા સ્વભાવને પોતાપણે છે અને રાગાદિ પરજ્ઞેય છે એ તો. આહા..હા...! ત્રણલોકના નાથની ભક્તિનો રાગ પણ તે રૂપે હું નહિ. આહા..હા...! આ તે કાંઈ વાત, ગળે ઉતરવી કઠણ. સમજાણું કાંઈ? ભગવાન એમ કહે છે. ભગવાન એમ કહે છે કે અમારા પ્રત્યેનો બહુમાનનો જ્યારે વિકલ્પ તને થાય છે એનાથી તું અતત્ છો. આહા..હા...! ભગવાનજીભાઈ!

**શ્રોતા :-** અંધારામાં પડ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંધારમાં. આહા..હા...! અરે! એણે જોયું નહિ. હું મારાપણે શું છે અને મારામાં શું નથી એનો કોઈ દિ' તપાસ કરી નથી. ઘરમાં તપાસ કરવા જાય (કે) એલા કેટલી મૂડી છે ઘરમાં આપણે? આ લેવા આવે તો શું જવાબ દેશું? ઉઘરાણીમાં રોકાણા છે પચ્ચીસ લાખ. ઘરમાં પાંચ લાખ પડ્યા છે અહીં તિજોરીમાં, આપણાથી ના

નહિ પડાય. એટલા તો રાખી મૂકો તિજોરીમાં. આપણે વ્યાજે લીધેલા છે કોકના. શાહુકારને ન ના પાડી શકે કે હમણા નથી. આવે ત્યારે હા ભાઈ લઈ લ્યો. એટલું તો એણે તિજોરીમાં રાખવું પડે. એવો વિચાર કરે છે મૂઢ જીવ અજ્ઞાનનો. પણ આ તારામાં શું છે અને તારામાં શું નથી એની કાંઈ ખબર છે? આપણને કાંઈ ખબર નથી. કાંઈ ખબર નથી એ મૂઢ છે. ભલે શાસ્ત્રનો ભણ્યો હોય અગિયાર અંગ, નવ પૂર્વ ભણ્યો હોય શાસ્ત્ર અને નગ્ન મુનિ દિગંબર એક લંગોટી પણ ન રાખતો હોય, વનમાં વસતો હોય, પણ જેણે એ પંચ મહાવ્રતના વિકલ્પના રાગવાળો હું છું અને એ રાગથી મને લાભ છે એમ માનનારો મૂઢ મિથ્યાદૃષ્ટિપણે છે, આત્માનો નાશ કરે છે. સમજાણું કાંઈ?

આ વર્ષ બેસતાની બોણી છે આ. આહા..હા...! કેવી શૈલીની વાત છે! અરે! એણે કોઈ દિ' વિચાર્યું નથી. અરે! એને ઘરના અંતરના આંગણે આવીને, આંગણામાં આવીને આ અંતર શું અંગ છે મારું (એ જોયું નથી). આ અમારા અંગીતો છે, આ અમારા અંગીતો, અંગીત માણસ છે. ધૂળેય નથી સાંભળને. સમજાણું કાંઈ? તારા અંગ અને અંગીપણું તો અંદરમાં હોય. અંગી એવો આત્મા અને એની નિર્મળદશા તેનું અંગ. એને એમ ન માનતા રાગ ને બહારના સાધનો સહિત છું હું અંગીવાળો. અમારા ખાસ અંગીત માણસો અમે રોક્યા છે એને. કામકાજમાં એવા હોય ને ખાસ? વિશ્વાસુ માણસને રોકે. કાંઈ દગો ન કરે એની ગેરહાજરીમાં. એમ માને અજ્ઞાની હોં! ધીરૂભાઈ! આ વેપારમાં .. આહા..હા...! એલા તેં તને રોક્યો છે ક્યાંય કે હું એક મારામાં છું અને રાગ ને પરથી નથી. લ્યો તત્ અને અતત્ એ બે બોલમાં એ આવે છે એટલું. સમજાણું?

એક સ્વરૂપ અને અનેક સ્વરૂપ છે બેય આત્મા. કઈ રીતે? વસ્તુ તરીકે એક છે અને પર્યાયોની અવસ્થા તરીકે અનેક છે. બેય એનો સ્વભાવ છે. અનેક રાગસહિત અને શરીરસહિત અનેક એમ નહિ. પણ વસ્તુ તરીકે જ્ઞાનાનંદ પ્રત્યક્ષ સ્વભાવ એક છું અને એની અવસ્થાઓ વર્તમાનમાં દશાઓ, ધર્મની દશાઓ થાય એ અનેક અવસ્થાઓ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ એવી અનેક અવસ્થા સહિત છું. એક પણ છું અને અનેક પણ છું, આવો એનો સ્વભાવ છે. પણ એ અનેક છું એ રાગસહિત અનેક છું, શરીરસહિત અનેક છું એમ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? હું એક અને તું બે એમ નહિ. સમજાણું કાંઈ? આ તો હું વસ્તુએ એક અને મારામાં અનંતા ગુણો છે, શક્તિ છે, એની અનંતી વર્તમાનમાં નિર્મળ અવસ્થા થાય છે તે અનેક. એક છું તે જ અનેક છું અને અનેક છું તે જ એક છું. આહા..હા...! સમજાણું કાંઈ? બે બોલ થયા.

પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તત્સ્વરૂપ છું. હું તો મારું દ્રવ્ય એટલે વસ્તુ એનાથી છું. મારું અખંડ પ્રદેશી ક્ષેત્ર એનાથી છું. એ બાગ-બગીચાના ક્ષેત્રથી હું નથી. આહા..હા...! એ પર આત્માના ક્ષેત્રથી હું નથી. હું તો મારું અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર છે એનાથી છું. મારી

ત્રિકાળ અવસ્થાથી છું અને હું ત્રિકાળી ભાવસ્વરૂપ છું. મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્‌સ્વરૂપ છું. પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્‌સ્વરૂપ છું. શરીર, વાણી, લક્ષ્મી, કર્મ આદિ દ્રવ્ય એનાથી હું અસત્ છું. પરના ક્ષેત્રથી અસત્ છું, પરની અવસ્થાથી અસત્ છું, પરની અવસ્થાથી અસત્ છું, પરના ભાવથી અસત્ છું. કહો, સમજાણું આમાં? ઘણું ચાલ્યું હતું, આ તો ટૂંકું રહ્યું છે, આ તો ઘણા દિવસથી ચાલે છે આ. જૈનદર્શનનું રહસ્ય, સાર, સ્યાદ્વાદ મુદ્રા છાપ જેની છે. કહે છે અતત્ પરચીજ, પરની ચીજો, પરનું ક્ષેત્ર, પરની અવસ્થા અને પરની શક્તિઓ એનાથી તો અસત્ છું. મારાથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે સત્ છું અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્ છું. બહુ વિસ્તારથી આવી ગયું છે ઘણાં દિવસથી.

'**નિત્યસ્વરૂપ, અનિત્યસ્વરૂપ...**' બેય હું છું. વસ્તુ તરીકે હું નિત્ય છું અને પર્યાય અવસ્થા બદલે છે એ અપેક્ષાએ અનિત્ય હુંનો હું છું. અનિત્ય માયા છે અને નિત્ય હું છું એમ નહિ. આહા..હા...! એમ નહિ. એવો આત્માનો સ્વભાવ છે જ નહિ. હું નિત્ય પણ છું ધ્રુવની અપેક્ષાએ અને અવસ્થાના કાર્યો બદલે છે. શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, દુઃખની અવસ્થા બદલીને સુખની થાય છે એવી અનિત્ય અવસ્થાવાળો પણ હું જ છું. અવસ્થાની બદલવાની અપેક્ષાએ અનિત્ય છું, વસ્તુની અપેક્ષાએ નિત્ય છું. '**ઈત્યાદિ અનેક ધર્મસ્વરૂપ પ્રત્યક્ષ અનુભવગોચર કરી પ્રતીતિમાં લાવો.**' આહા..હા...! '**એ જ સમ્યગ્જ્ઞાન છે.**' એને સમ્યગ્જ્ઞાન કહેવાય. '**સર્વથા એકાંત માનવું તે મિથ્યાજ્ઞાન છે.**' સર્વથા એકાંત માનવું પરથી પણ હું છું, અનિત્ય હું નથી, નિત્ય જ છું, નિત્ય જ છું અને અનિત્ય નથી એમ માનવું એ એકાંત મિથ્યાજ્ઞાન છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, ગાથા-૨, પ્રવચન નં. ૩૦૯, તા. ૨૪-૦૨-૧૯૫૩ (૩)

પહેલી ગાથા સાંભળીને શિષ્યને પ્રશ્ન થયો. ભગવંત! તમે સમય કોને કહો છો? તો શિષ્યની આકાંક્ષામાં પહેલો જ પ્રશ્ન આવો ઉઠે છે. જે આત્માની શાંતિ અને ધર્મને સાંભળવાને લાયક હોય તેને પ્રથમ જ આવો પ્રશ્ન થયો. કેમકે પહેલી ગાથામાં એમ આવ્યું કે '**वोच्छामि समयपाहुडम**' અમે સમય પ્રાભૃત કહીશું. તો શિષ્યને, ધર્માત્મા થવાની લાયકાત અને ભાવના છે એને એવી ઈચ્છા થઈ પ્રભુ! સમય કોને કહે છે? એ બીજું કાંઈ પૂછતો નથી. પુણ્ય કેમ થાય? સ્વર્ગ કેમ મળે? અને આત્મામાં પુણ્ય-પાપની ક્રિયા કેમ થાય? એવો ધર્માત્મા જેને પ્રથમ જ જિજ્ઞાસુ થવાની લાયકાતમાં (આવ્યો છે) એને આવો જ પ્રશ્ન થયો, ભગવાન! '**પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એ આકાંક્ષા થાય...**' છે. જુઓ! શિષ્યની યોગ્યતા. પ્રથમ શિષ્યની યોગ્યતામાં એ સૂચિત થાય છે કે '**સમય એટલે શું?**' એ હિન્દી છે, એ ગુજરાતી છે. સમજાણું કાંઈ?

જે ધર્મીજીવને પ્રથમ ભગવાન કુંદકુંદાચાર્યે કહ્યું કે અમે સિદ્ધ છીએ, તું પણ સિદ્ધ છો. એમ સ્થાપિત કરીને અમે સમય પ્રાભૃત કહીશું. અમે સિદ્ધ છીએ અને તું પણ સિદ્ધ છો. તારામાં જે પુણ્ય-પાપ, દયા-દાન, કામ-ક્રોધની રુચિ રહી અને દેહની ક્રિયાની રુચિ રહી તો તું સાંભળવાને લાયક નથી. એમ પહેલી ગાથાથી કહી દીધું. સમય પ્રાભૃત કહીશ. કેમકે તું સિદ્ધ છો, અમે સિદ્ધ છીએ. શક્તિએ અમે સિદ્ધ છીએ. અમારી પર્યાયમાં અમુક દશા પ્રગટ થઈ છે. તું પણ સિદ્ધ છો એવી પર્યાયમાં રુચિ કર અને રાગ, પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન, વ્યવહારરત્નત્રયની રુચિ ન થાય અને જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ થાય તેણે સિદ્ધનો સત્કાર કર્યો અને સિદ્ધને વંદન કર્યા. અને એ શિષ્ય પ્રશ્ન યથાર્થ સંતો પાસે પૂછવાને લાયક હોય છે.

તો પૂછે છે, પ્રભુ! એ આકાંક્ષા થાય છે કે સમય શું છે? આ આત્મા શું છે? '**તેથી હવે પહેલાં સમયને જ કહે છે :—**' શિષ્યના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કુંદકુંદાચાર્ય બીજી ગાથામાં શિષ્યના મુખમાં એવો પ્રશ્ન મૂક્યો કે સમય શું છે? અમારે કાંઈ નથી જોઈતું, અમને તો આત્મા જોઈએ, આત્મા શું ચીજ છે? એવો એક પ્રશ્ન થાય છે એના ઉત્તરમાં ગાથા કહે છે.

जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।
पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।
**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

ભગવાન કુંદકુંદાચાર્ય, ધર્મની શરૂઆત કરનાર પ્રારંભ કરતા શિષ્યને પ્રથમ એમ કહે છે કે '**હે ભવ્ય!**' તેં પ્રશ્ન કર્યો કે આત્મા કેવો છે? ભગવાન! અમને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જોઈએ છે. તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ક્યાંથી આવે છે? એ તો આત્મામાંથી (આવે છે). આત્મા કેવી ચીજ છે? એવો પ્રશ્ન શિષ્યે પૂછ્યો એના ઉત્તરમાં કહે છે કે '**હે ભવ્ય!**' એ ક્યાંથી કાઢ્યું? 'जाण' 'जाण' શબ્દ પડ્યો છેને? 'जाण' તો જાણો તો કોઈને કહે તો જાણવામાં આવે ને? સમજાય છે કાંઈ? એમાં આવ્યું ને? 'जाण' 'जाण', તો સામે કોઈ પૂછનાર છે એને કહે છે. 'जाण' હે શિષ્ય! તને પ્રથમ પ્રારંભમાં સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, ચોથી ભૂમિકા અવિરત સમ્યગ્દર્શન, પ્રથમ ચોથી ભૂમિકા અવિરત સમ્યગ્દર્શન એ જો પ્રગટ કરવું હોય તો અમે કહીએ છીએ તેને જાણો. શું જાણો?

હે જીવ! જીવ. પછી ટીકામાં તો ઘણું આવશે. આ તો શબ્દાર્થ લઈએ છીએ પહેલા. 'જીવ...' કેવો જીવ? અનંત આનંદ આદિ સ્વભાવનો ધરનાર પરમાનંદ મૂર્તિ, એ કારણ પરમાત્મા એક સમયમાં પૂર્ણ શક્તિવાન ભગવાન છે. એની પર્યાયમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ એ વિકાર છે, શરીર કર્માદિ જડ છે અને પોતાની અલ્પજ્ઞ ક્ષયોપશમ પર્યાય એક સમયની અવસ્થા છે તેને ગૌણ કરીને, તેને ગૌણ કરીને જીવ. જીવના સાત બોલ લેશે. સાત બોલ લેશે એક જીવના. જુઓ! પહેલેથી ઉપાડ્યું છે પહેલું કથન જીવ. ત્યાંથી ઉપાડ્યું છે બીજી ગાથામાં.

જીવ, જીવ કોને કહે છે? અનંત જ્ઞાન, આનંદની મૂર્તિ અરૂપી, અનંત અનંત શાંતિનો સાગર અને અનંત અકષાયરસનો પિંડ એક સમયમાં જે આત્મા સ્વભાવનો કંદ છે એ જીવ. સાત તત્ત્વમાં એને જીવ લીધો. નવ તત્ત્વનો અધિકાર લે છે ને એમાં? તો નવમાંથી પહેલા જીવ લે છે. મોક્ષ નહિ, સંવર-નિર્જરા નહિ, બંધ નહિ, આસ્રવ નહિ, પુણ્ય-પાપ નહિ, દયા, દાન, વ્રત, ભક્તિ એ બધો આસ્રવ એ પણ નહિ. એ જીવમાં નથી આવતા. જીવ. ભાઈ! નવ પદાર્થમાંથી જીવ ઉપાડે છેને પહેલો? જીવ. તો જીવ નહિ પુણ્ય-પાપ, જીવ નહિ સંસાર, જીવ નહિ રાગ, જીવ નહિ સંવર-નિર્જરા-મોક્ષ. એ તો પર્યાય છે. જીવ નહિ કર્મ, જીવ નહિ શરીર.

જીવ જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ પ્રભુ એ '**જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' શું કહે છે? જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તો મુનિ છે. છઠ્ઠે ગુણસ્થાને ઝૂલે છે તો મુનિથી વાત કરી છે. કેમકે ભાવલિંગી સંત હતા. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને અનેક

વાર અંતર આનંદકંદની ઝૂલના અંતર થતી હતી. નિર્વિકલ્પ આનંદનો અનુભવ ક્ષણ-પળ, ક્ષણ-પળમાં આવતો હતો. તો કહે છે... તો ત્યાંથી ઉપાડ્યું છે. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ લીધા છે. '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' હે શિષ્ય! જે જીવ પોતાનો અખંડ આનંદકંદ એની અંતર નિર્વિકલ્પ પ્રતીતિ નામ સમ્યગ્દર્શન, એ આત્માના સ્વભાવમાં રાગરહિત, પુણ્યરહિત, વ્યવહારહિત સ્વસંવેદન અરૂપી નિર્વિકારી જ્ઞાન અને રાગ અને પુણ્યરહિત નિર્વિકલ્પ વીતરાગી ચારિત્ર અંતર દશા તેમાં જે જીવ સ્થિત થઈ રહ્યો છે '**તેને નિશ્ચયથી સ્વસમય જાણ;...**' તેને નિશ્ચયથી. 'જ' શબ્દ પડ્યો છે. નિશ્ચયથી, ખરેખર, વાસ્તવમાં, યથાર્થમાં તેને સ્વસમય જાણો—તેને ધર્મી જાણો. કેસરમલજી! શું કહે છે? ધર્મી જાણો. કેમકે ધર્મ ચારિત્ર છે અને ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન વિના હોતું નથી. કેમકે ચરિત્તં ખલુ ધમ્મો. અને ચારિત્ર ધર્મ અને ધર્મનું મૂળ '**दंसणं मुलो धम्मो**' તો ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

આત્મા એક રજકણનો પણ કર્તા નથી. પરની દયા પાળવાની આત્મામાં ત્રણકાળમાં તાકાત નથી. પરની હિંસા કરવાની આત્મામાં તાકાત નથી. કેમકે પરપદાર્થની વર્તમાન પર્યાયનો આત્મા કર્તા-હર્તા નથી. એ તો સ્વયંસિદ્ધ પદાર્થ પોતાની વર્તમાન વર્તનાકાળથી વર્તી રહ્યો છે. તો એને પણ નિમિત્તની રુચિ છૂટીને જડ પદાર્થ પરપદાર્થની દયા, અહિંસા શું? આમ હું કરું, આમ હું કરું છું, શરીરની ક્રિયા હું કરું છું, જડની કરું છું, હું બોલું છું એ પોતાની જડની પર્યાયનું અભિમાન કરીને મિથ્યાદૃષ્ટિ થાય છે.

તો કહે છે કે '**જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' શબ્દ તો એમ લીધાં. એ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યું એ જ સ્થિત છે. શબ્દમાં સમજ્યા? '**चरित्रदर्शनज्ञानस्थितः**' તો સ્થિતનો જુદો અર્થ ક્યાંથી કાઢ્યો? એ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર જ સ્થિત છે. પણ કેમ લીધું? કે આત્મ સન્મુખ જ્ઞાયક, હું ત્રિકાળ જ્ઞાનાનંદ ચિદાનંદ, આનંદ અનાકુળ આનંદ, અનાકુળ શાંતિ પર્યાયમાં ચરે છે. સ્વભાવના અવલંબનથી અનાકુળ શાંતિ, ચોથા ગુણસ્થાનમાં અલ્પ આનંદ (આવે છે) અને સિદ્ધ જેવો અનુભવ અને પંચમ ગુણસ્થાને વિશેષ આનંદ અને છઠ્ઠે સાતમે અમૃતનો અનુભવ પર્યાયમાં ઘણો થાય છે. તો કહે છે કે હે જીવ! દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત. તો દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પર્યાય થઈ. વળી પર્યાયમાં સ્થિત શું? હિંમતભાઈ! સમજાણું કાંઈ?

'**જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત...**' એ તો એમ લીધું કે પર નિમિત્તથી રુચિ ખસી, કર્મ, જડ શરીર, સંયોગ, પરની દયા, હિંસા, સંયોગી બધી ચીજની પર્યાયબુદ્ધિ ખસી, પોતામાં પણ રાગ અને પુણ્યના વિકલ્પની રુચિ ખસીને સ્વભાવ સન્મુખ થયો, તેને કહ્યું કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે. શું કહ્યું? ચારિત્રમાં સ્થિત. વળી ચારિત્રમાં એ ચારિત્ર જ પોતે સ્થિત છે. પણ એ તો કથનની પદ્ધત કરીને પરમાં સ્થિત હતો. નિમિત્તની રુચિ,

સંયોગની રુચિ, કર્મનો ઉદય જેવો આવશે એવો અમને વિકાર થશે એવી મિથ્યાદષ્ટિ હતી અને અનાદિથી અજ્ઞાન થઈ રહ્યું હતું કે જેવો કર્મનો ઉદય આવે એવો અમારે વિકાર કરવો પડે છે. અને જેવું કર્મનું પ્રારબ્ધ હોય એવી અમારે ક્રિયા કરવી પડે છે. એમ અજ્ઞાની પરમાં મૂઢ થઈ રહ્યો હતો એની દષ્ટિ પલટાવે છે.

'**હે ભવ્ય! જે જીવ...**' સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની શું દશા છે? હે જીવ! '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે.**' તો ચારિત્ર એ સ્થિત થઈ ગયું. પણ કહે છે કે સ્વભાવ સન્મુખ (થઈને) વ્યવહાર નિમિત્ત અને રાગની રુચિ-દષ્ટિ છોડ, આત્મામાં નિર્વિકલ્પ આનંદ-શાંતિમાં આત્મા અખંડાનંદ છે એવી પ્રતીતિ અંતર નિર્વિકલ્પ થઈ, રાગરહિત, પુણ્યરહિત સ્વસંવેદનજ્ઞાનમાં જ્ઞાનથી અંતર શાંતિનું વેદન થયું અને જ્ઞાન જ્ઞાનમાં જામી ગયું, સ્થિરતા થઈ એ ચારિત્ર. ચારિત્ર કોઈ દેહની ક્રિયા ચારિત્ર નથી. ચારિત્ર કોઈ એવા અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ ઊઠે એ પણ ચારિત્ર નથી. કારણ કે એ તો આસ્રવ છે, એ તો વિકાર છે. હે જીવ!

**શ્રોતા** :- પાંચ મહાવ્રત આસ્રવ છે અને નિર્જરા પણ એમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો મહાવ્રતમાં. ના, એ પણ સંવર છે. સંવર તો આત્માના સ્વભાવથી આવે છે. મહાવ્રત આસ્રવ છે. એ સ્વભાવની અપેક્ષાએ આવે તો.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તો નિર્જરા. મહાવ્રતમાં નિર્જરા નથી. મહાવ્રત તો પુણ્યાસ્રવ છે. કેમકે મહાવ્રત અઠ્યાવીશ મૂળગુણમાં આવે છે. તત્ત્વાર્થસૂત્રમાં પુણ્ય આસ્રવ એને કહ્યું છે. એને ધર્મ કહ્યો નહિ.

**શ્રોતા** :- મહાવ્રતને નથી કહ્યો પણ ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ એ સમિતિ-ગુપ્તિ એ તો બીજી.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પણ એ લોકો કહે છે એમ નથી. સાંભળો! અહીંયા (રેકોર્ડિંગમાં) ઉતરે છે. લોકો કહે છે એમ નથી. સમિતિ-ગુપ્તિ એ કોઈ ચાલવું, જોઈને ચાલવું એ કોઈ સમિતિ-ગુપ્તિ નથી. એ તો અંતર જ્ઞાનાનંદમાં નિર્વિકાર વિભાવ રહિત શુભાશુભ વિકલ્પરહિત સમ્યગ્દર્શન પહેલા થયું પછીની વાત છે. પહેલા નિર્વિકલ્પ અનુભવ થાય છે કે હું આનંદકંદ રાગરહિત, પુણ્યરહિત, નિમિત્તરહિત, શરીરરહિત હું અખંડાનંદ શુદ્ધ ચિદાનંદ છું એવો ચોથા ગુણસ્થાનમાં પોતાને નિર્વિકલ્પ અનુભવ થયો. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાને. નિર્વિકલ્પ અનુભવ પહેલા આવ્યો. રાગ નહિ, પુણ્યની બુદ્ધિ છૂટી ગઈ, રુચિ છૂટી ગઈ, આનંદકંદ અનાકુળ શાંતરસ. એ તો પહેલા કહ્યું. અનાકુળ આનંદની અંદર રુચિમાં જામી ગયો. જ્ઞાનનું જ્ઞાનમાં વેદન થયું અને રાગરહિત સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાન ભૂમિકામાં પહેલા આવ્યો.

પછી એમાં આનંદમાં લીન થવું, જેવો સિદ્ધનો આનંદ છે એવા આનંદનો અનુભવ થવો તેનું નામ સમિતિ-ગુપ્તિ કહે છે, તેનું નામ સંવર-નિર્જરા કહે છે. લોકો કહે છે એ સંવર-નિર્જરા નથી.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અને સમિતિ-ગુપ્તિ બેય. સમિતિ પણ એ જ છે. ભાવસમિતિ પણ એ જ છે. ભાવસમિતિ અને ભાવગુપ્તિ—અનાકુળ આનંદમાં રહેવું. સમજાણું કાંઈ? એ બહારની વાત જ નથી. બહારના જડના પરમાણુ હાલે-ચાલે એ પોતાને કારણે બિલકુલ નહિ. અહીંયાં તો પોતાના પરિણામમાં પણ જે મહાવ્રત આદિ અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ આવે છે...

**શ્રોતા :-** મિથ્યાત્વ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના મિથ્યાત્વ નહિ, એ આસ્રવ છે. મિથ્યાત્વ નહિ, મિથ્યાત્વ નહિ. મિથ્યાત્વ બીજી ચીજ છે, આસ્રવ બીજી ચીજ છે. મુનિને છઠ્ઠા ગુણસ્થાનમાં અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ તો આવે છે. એ રાગ તો મુનિ છઠ્ઠે ગુણસ્થાને ભાવલિંગી સંતને આવે છે પણ એ મિથ્યાત્વ નથી, એ આસ્રવ છે.

**શ્રોતા :-** વિકલ્પ નથી કરતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. વિકલ્પ તો એ વિકલ્પ જ છે. સાંભળો, જરી ઝીણી વાત છે. એ અઠ્યાવીશ મૂળગુણ એ વિકલ્પ છે. એ સ્વયં વિકલ્પ છે. વિકલ્પ કરવો નથી પડતો, એ સ્વયં વિકલ્પ છે. છઠ્ઠા ગુણસ્થાને આત્માનું ભાન થયા પછી અખંડાનંદ, ચિદાનંદનો અનુભવ પ્રતીતમાં સમ્યગ્દર્શન થયા પછી છઠ્ઠે ગુણસ્થાને જે અઠ્યાવીશ મૂળગુણની વૃત્તિ-વિકલ્પ ઊઠે છે એ જ આસ્રવ, પુણ્યાસ્રવ છે. એ પણ ચારિત્ર નથી. એ રાગરહિત મારા સ્વરૂપમાં આનંદકંદમાં લીનતા (થાય), ત્રણ કષાયનો નાશ કરીને સ્વભાવમાં વીતરાગી દશા થાય તેને ચારિત્ર કહે છે. અને પંચ મહાવ્રત આદિ અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ મુનિને આવે છે એ મિથ્યાત્વ નથી, એ અવ્રત પણ નથી પણ એ પ્રમાદ છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ પણ નથી, અવ્રત પણ નથી. પ્રમાદ (છે), ભાઈ! છઠ્ઠે ગુણસ્થાને એ પ્રમાદની અહીં વાત જ નથી. અહીંયાં એ પ્રમાદ કોઈ ધર્મ નથી. અઠ્યાવીશ મૂળગુણની વૃત્તિ ઊઠે એ કોઈ ધર્મ નથી. એ તો પોતાની નબળાઈને કાણે આવે છે તે તે ભૂમિકાને યોગ્ય વિકલ્પ નામ વૃત્તિનું ઉત્થાન થાય છે. એ મિથ્યાત્વ પણ નથી, એ અવ્રત પણ નથી. એ પ્રમાદ છે. પ્રમાદ ઉપર ધર્મીની દૃષ્ટિ નથી.

એ કહે છે, '**જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે...**' પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ મન, વાણી, દેહના રજકણથી ભિન્ન કરીને અને મનથી ચિત્તથી અતીત થઈને, વાણીથી અતીત થઈને, દેહથી ભિન્ન થઈને પોતાના પરિણામમાં પુણ્ય-પાપના જે વિકલ્પ ઊઠે છે એનાથી

પણ ભિન્ન થઈ આત્મામાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને નિશ્ચયથી (સ્વસમય) ભગવાન કુંદકુંદાચાર્ય જગતને કહે છે. જે શિષ્યે પ્રશ્ન કર્યો એની વાત છે.

ભગવાન! સમય કોને કહે છે? પ્રભુ! અનંતકાળથી અમે યથાર્થ વાત સાંભળી નથી. પછી પાંચમી ગાથામાં લેશે કે યથાર્થ વાત જગતે સાંભળી નથી. સમ્યગ્દર્શન શું ચીજ છે? શું મિથ્યાત્વ છે? શું સમ્યગ્જ્ઞાન છે? શું સમ્યક્ચારિત્ર છે? શું આત્મામાં વિભાવ છે અને શું સ્વભાવ છે (એ) યથાર્થમાં (સમજ્યો નથી). અનંત વાર નવમી ગ્રૈવેયકે ગયો ત્યારે ભગવાનના સમવસરણમાં પણ પહેલા મનુષ્ય હતો ત્યારે અનંતવાર ગયો, અનંતવાર વાણી સાંભળી, પણ એને આત્મા શું છે એની રુચિ થઈ નહિ. એ બહારમાં ભટકી ભટકીને અનંતવાર કર્યું. એ છ ઢાળામાં આવ્યુંને 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મા કેવો છે એ વાત જ અનંતકાળથી સાંભળી નથી. આગળ ચોથી ગાથામાં કહેશે. '**सुदपरिचिदाणुभुदा सव्वस्स वि कामभोगबंधकहा।**' બધામાં કર્તા. મેં રાગ કર્યો, મેં દયા પાળી, મેં ભક્તિ કરી, મેં પૂજા કરી, મેં વ્રત પાળ્યા, મેં આસ્રવ કર્યો એવી રુચિ અનાદિથી મિથ્યાદૃષ્ટિની થઈ રહી છે. પણ રાગરહિત વિકલ્પરહિત હું શું વસ્તુ છું અને મારો સ્વભાવ એક સમયમાં સિદ્ધ સમાન આનંદકંદ છે એવી અંતર્મુખ થઈને શ્રદ્ધા એક સમયમાં કરી નથી. શ્રદ્ધા હોં! ચારિત્ર તો પછી. સમ્યગ્દર્શન એક સમય પણ જો પ્રગટ થયું એને અલ્પ કાળમાં સંસારનો નાશ થઈ જાય છે.

અહીંયાં કહે છે કે હે શિષ્ય! સમ્યગ્દર્શન એક અંતર્મુહૂર્ત થયું તો એનો અર્ધ પુદ્ગલપરાવર્તનમાં સંસાર ખલાસ થઈ જશે. અનંત પુદ્ગલપરાવર્તન થયા, અંતિમ ગ્રૈવેયક સુધી અનંત વાર ગયો, અઠ્યાવીશ મૂળગુણ (પાળ્યા), દેવ-ગુરુ-શાસ્ત્રએ જેવો કહ્યો એવો વ્યવહાર, વ્યવહાર શ્રદ્ધા એવી જો વ્યવહાર યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન અને વ્યવહાર યથાર્થ ન હોય તો અંતિમ ગ્રૈવેયક તો જઈ શકે નહિ. કેમકે શુક્લલેશ્યા હોય તો અંતિમ ગ્રૈવેયક સુધી જઈ શકે છે. શુક્લલેશ્યા હોય તો અંતિમ ગ્રૈવેયક સુધી જઈ શકે છે. સમજાણું કાંઈ? શું?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ (લેશ્યાથી) અંતિમ ગ્રૈવેયક સુધી નથી જઈ શકતો. શુક્લલેશ્યા. કેવી શુક્લલેશ્યા? શુક્લલેશ્યા હોં! શુક્લધ્યાન નહિ. સમજાણું કે નહિ રામચરણજી? ધ્યાન બીજી ચીજ છે, લેશ્યા બીજી ચીજ છે. ધ્યાન તો આર્ત-રૌદ્ર ધ્યાન છે. લેશ્યા શુક્લ છે. એવી શુક્લ (લેશ્યા કે) શરીરનો ખંડ ખંડ કરો તો ક્રોધ ન કરે. બીજા સ્વર્ગની ઈન્દ્રાણી આવે ને ચળાવે તો ચળે નહિ એવું એનું બ્રહ્મચર્ય અને ભીક્ષા માટે જાય તો એને કારણે ઉદ્દેશિક એક પાણીનું બિંદુ બનાવ્યું હોય અને ખ્યાલ આવ્યો કે મારા માટે બનાવ્યું છે, તો પ્રાણ જાય તો ન લે. એવી ક્રિયા અનંતવાર કરી. શુક્લલેશ્યા થઈ, અંતિમ ગ્રૈવેયક ગયો, પણ હું આત્મા શુક્લલેશ્યાથી પણ અતીત છું, એ રાગની પાર

મારું ચિદાનંદ સ્વરૂપ એને અહીંયાં જીવ કહ્યો છે. સાત તત્ત્વમાં જીવ કોને કહેવો? નહિતર તો સાત તત્ત્વ છે. મોક્ષ, બંધ, આસ્રવ, સંવર, નિર્જરા અને અજીવ. તો છ તત્ત્વનો એક જીવમાં અભાવ છે તો એક જીવ રહે છે. બધા તત્ત્વો પૃથક્-પૃથક્ ક્યાંથી રહેશે?

એક જીવમાં આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, મોક્ષ સાતેય તત્ત્વો અથવા આઠેય તત્ત્વનો એમાં અભાવ છે. એક જ જ્ઞાયકમૂર્તિ હું છું. એવો એક સમયમાં પરિપૂર્ણ કારણપરમાત્મા, કારણશુદ્ધ જીવ (હું છું એમ) જેની દૃષ્ટિ, રુચિ, રાગ, પુણ્ય, નિમિત્તથી (ખસી ગઈ છે). વિકલ્પ આવે છે પણ વિકલ્પથી રુચિ ખસી ગઈ છે. વિકલ્પ તો આવે છે છઠ્ઠા ગુણસ્થાન સુધી બુદ્ધિપૂર્વક. અબુદ્ધિપૂર્વક ધ્યાનમાં મુનિ આવે છે. છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે. અંતર્મુહૂર્તમાં ધ્યાનમાં આવે છે અને અંતર્મુહૂર્તમાં છઠ્ઠું આવે છે ભાવલિંગી સંતને. અંતર્મુહૂર્તમાં (નિર્વિકલ્પ) ધ્યાનમાં આવી જાય છે. આનંદકંદ દેહથી, મનથી, વાણીથી આત્મા છૂટી જાય છે. તો ત્યાં પણ સપ્તમ ગુણસ્થાને અબુદ્ધિપૂર્વક રાગ અને વિકલ્પ છે. રાગ અને વિકલ્પ હોય એ બીજી ચીજ છે અને એનું ધ્યાન (એ જુદી ચીજ છે). હું જ્ઞાનનંદ ચિદાનંદ આનંદકંદ હું છું એવી અંતર અનુભવરૂપ પ્રતીતિ, એનું સ્વસંવેદનજ્ઞાન અને ચારિત્ર નામ અકષાય શાંતિરૂપ આત્માની સમિતિ-ગુપ્તિરૂપ સંવર દશા, સંવર કહો, સમિતિ-ગુપ્તિ અંદર આનંદકંદમાં ઝૂલવું. અનાકુળ શાંતિમાં એ સ્થિત થઈ રહ્યો છે તેને, હે શિષ્ય! ખરેખર સ્વસમય જાણ. એ ધર્મી જીવ છે. તેને ચારિત્ર પ્રગટ્યું છે, એ ચારિત્ર ધર્મ છે. એ ચારિત્રધર્મથી કેવળજ્ઞાન થાય છે. એવી દશાને તું સ્વસમય જાણ. કેસરમલજી! શું કહ્યું જુઓ!

કહે છેને પહેલા કે ભાઈ, પહેલા વ્યવહાર હોય છે પછી નિશ્ચય થાય છે. વ્યવહાર પહેલા હોય છે કે નહિ? બાબુલાલભાઈ! બધા કહે છે કે ભાઈ, પહેલા વ્યવહાર તો કરવો પડે ને. વ્યવહાર તો પહેલા જોઈએને! પછી નિશ્ચય આવેને? એ મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એવી જેને માન્યતા છે એને વીતરાગની શ્રદ્ધા પણ નથી. એ તો ઘણીવાર આપણે ચાલે છે. પહેલા વ્યવહાર અને પછી નિશ્ચય, એ વસ્તુમાં સ્થિતિ નથી એ બતાવે છે. જુઓ, ભાઈ! ઓલી વાત તો લીધી જ નથી. વ્યવહારની વાત લીધી જ નથી. કેમકે વ્યવહાર તો રાગ છે. રાગ હોય તો ધર્મ થાય છે એવું સ્વરૂપમાં કદી નથી. પહેલા વ્યવહાર પછી નિશ્ચય એ માન્યતા વસ્તુના સ્વભાવનો નાશ કરે છે. વસ્તુની સ્થિતિ એવી નથી. પણ લોકોને નિર્ણય જ નથી. એ કહે છે કે વ્યવહાર પહેલા, નિશ્ચય પછી. હા ભાઈ હા, એમ પણ છે. વળી જેમ જ્યાં જ્યાં હા પાડે બધામાં હા. નિર્ણય કરવાની તાકાત પ્રગટ કરતા નથી.

જેમ પવનની ધજા. ધજા હોય છે ને ધજા? શું કહે છે? પતાકા. જે બાજુનો પવન હોય એ બાજુ પતાકા લટપટ થાય છે. એમ જેમ જેમ એને નિમિત્ત અને પ્રરૂપણા મળે તેને હા પાડી દે છે. હા, વ્યવહાર પહેલા, નિશ્ચય પછી બરાબર. પણ અહીં કહે છે કે નહિ. નિશ્ચય હોય તો વ્યવહાર કહેવામાં આવે છે, નહિતર વ્યવહાર-ફ્યવહાર નથી. આત્માનું

જ્યાં ભાન નથી, જ્ઞાનાનંદ જ્ઞાતા જ છું. કેસરમલજી! આ તમે બધા એમ ને એમ હા-હા પાડો છો. સમજ્યા વિના શું કરે? પણ હા ન પાડીને નિર્ણય કરવો જોઈએ. સમજાય છે કાંઈ?

ભગવાન કુંદકુદાચાર્ય તો વસ્તુની સ્થિતિ દર્શન કરે છે. વસ્તુ કોઈ ઘરની નથી—કલ્પનાની નથી. સર્વજ્ઞે કોઈ વસ્તુ બનાવી છે કે ભાઈ! અમે વસ્તુ બનાવી છે, એમ છે? વસ્તુની જેવી મર્યાદા અને સ્થિતિ છે એવું સર્વજ્ઞે આત્મામાં જ્ઞાનાનંદમાં રહીને અનુભવ કર્યો અને સર્વજ્ઞ થયા. જેવું હતું એવું વાણી દ્વારા નીકળી ગયું કે આવી વસ્તુ છે. તો ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે, હે ભવ્ય જીવ! તું ભગવાન આત્મામાં, ભગવાન આત્મામાં અંતર્મુખ થઈને પહેલા સમ્યગ્દર્શ પ્રગટ કર. પછી સ્વરૂપનું જ્ઞાન કરીને લીન થાવ. એ ત્રણની એકતા થાય, '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' એ ત્રણમાં અંતરમાં આનંદમાં નિર્વિકલ્પ ત્રણની એકતા થાય '**તેને નિશ્ચયથી સ્વસમય જાણ;...**' લ્યો! શું આવ્યું? ભાઈ! નિશ્ચયથી કહ્યું તો એનો અર્થ થયો કે એવું ભાન થયું પછી વિકલ્પ તો ઊઠે છે, શુભભાવ તો આવે છે તેને જાણવો કે છે. શુભવિકલ્પ તો આવે છે, સમકિતીને પણ આવે છે અને મુનિને પણ આવે છે અને પંચમ ગુણસ્થાન શ્રાવકને પણ બાર વ્રતનો વિકલ્પ તો આવે છે, પણ એ જાણે છે કે હેય છે. એ રાગ છે, પુણ્ય છે. એ આત્માના ધર્મથી વિરુદ્ધ છે. સમજાય છે?

આત્મામાં સમ્યગ્દષ્ટિને પણ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય છે એવી સોળ ભાવનાનો વિકલ્પ જ્ઞાનીને પણ આવી જાય છે. એ રાગ છે, મિથ્યાત્વ નથી. એ શ્રદ્ધાનો દોષ નથી. આત્માનું ભાન થયું પછી રાગ આવે છે એ શ્રદ્ધાનો દોષ નથી. એ ચારિત્રની અસ્થિરતાનો દોષ છે. સમજાય છે? ક્ષાયિક સમકિતીને પણ ચોથે ગુણસ્થાને ક્ષાયિક સમકિત ભરત ચક્રવર્તી આદિ અથવા શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ એ ક્ષાયિક સમકિત લઈને તો અવતર્યા હતા. અને પછી છન્નું હજાર, છન્નુ હજાર સ્ત્રી પરણ્યા. સમજાય છે? છન્નું હજાર, છન્નું હજાર. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ચક્રવર્તી (હતા). ભાન હતું કે હું આનંદકંદ ક્ષાયિક સમકિત હતું. હું શુદ્ધ ચિદાનંદ છું, આનંદકંદ છું. મારામાં અશુભરાગ તો આવે છે. છન્નું હજાર સ્ત્રીના વિષયમાં મારી પર્યાયની નબળાઈને કારણે અશુભ રાગ આવે છે. સ્વભાવના ઉપાદેયમાં એ રાગને હેય જાણતા હતા. સમ્યગ્દર્શનમાં કિંચિત્ દોષ નથી. સમજાય છે કાંઈ? અને જેને શુભભાવ થયો અને એમ માન્યું કે એ શુભભાવથી મને ક્રમે ક્રમે ધર્મ થઈ જશે, તો એ મિથ્યાદષ્ટિ છે. એ શ્રદ્ધાનો દોષ છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે હે જીવ! તું આત્મા જીવસ્વભાવમાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને ખરેખર સ્વસમય જાણો. જુઓ, 'જાણ' શબ્દ લીધો છેને? 'जानीहि' જુઓ, બે પદમાં બે શબ્દ છે. 'जीवो चरित्दंसणणाणठिदो तं हि ससमयं जाण।' ત્યારે કોઈ સાંભળનાર છે તેને કહે છેને? સાંભળનારને કહે છેને? વક્તા અને શ્રોતા બેનો સંબંધ કરે

છે. 'जाण' 'जाण' મુનિને વિકલ્પ ઉઠ્યો છે. મુનિ ગ્રંથ રચે છે એ વખતે પણ વિકલ્પ તો છે જ. રાગ છે, પુણ્ય છે. શુભ વિકલ્પ ઉઠ્યો છે તો શાસ્ત્ર ઉપર લક્ષ ગયું છે.

સાતમા ગુણસ્થાને બુદ્ધિપૂર્વકનો વિકલ્પ હોતો જ નથી. પર ઉપર લક્ષ જાતું જ નથી. ઘડીકમાં વિકલ્પ આવ્યો (તો કહે છે), હે શિષ્ય! આ જાણ. એ વખતે વિકલ્પ છે, રાગ છે. ક્ષણમાં રાગ છૂટીને સાતમે આવી જાય છે. આનંદકંદ સ્વરૂપાનંદ એવી લીનતા થઈ જાય છે. વળી બીજી ક્ષણે જરીક વિકલ્પ ઉઠે છે. તો વિકલ્પ ઉઠે છે એ વખતે કહે છે કે 'जाण'. અમે કહીએ છીએ કે તું આત્મા સમય જે માગે છે અને આત્મા કેવો છે એવી સાંભળવાની ઈચ્છા રાખે છે અને આત્મા કેવો એની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવા ઈચ્છે છે, તો ભગવાન કુંદકુંદાચાર્ય (આમ કહે છે). આ (તાડપત્રમાં) પણ લખે છેને. જુઓ, પત્રમાં પણ (લખ્યું છે), 'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'. આપણે બનાવ્યું છેને. માથે જ છે, માથે જ છે. એ તો બનાવ્યું છે. લખે છે. ધ્યાનમાં, આનંદકંદમાં ઝૂલે છે. તો જ્યારે છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પે આવે ત્યારે તેના ઉપર લક્ષ જાય છે શાસ્ત્ર તરફની વૃત્તિ અને ક્ષણમાં વૃત્તિ તૂટી જાય છે અને ચૈતન્યગોળો મન-વચન-દેહથી છૂટો પડી જાય છે. એવી જે મુનિની દશા છે એમાં એ કહે છે કે, હે શિષ્ય! સ્વસમય જાણ. બીજાને સ્વસમય ન જાણ. ભાઈ! આમ આવી ગયુંને? કે તારી પર્યાયમાં મને સાંભળવાનો રાગ થાય છે. જાણો એમ કહે છે તો સાંભળવામાં રાગ તો આવે છે કે નહિ? સાંભળે છે એમાં રાગ તો છે, વિકલ્પ તો છે, પુણ્ય તો છે, શુભભાવ તો છે. સાંભળનારને પણ વિકલ્પ તો છે. પણ વિકલ્પ છે છતાં એમ કહે છે કે હે શિષ્ય! તારા અંતર સ્વરૂપમાં, આત્મામાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની વીતરાગતા—રમણતા થાય તેને તું સ્વસમય જાણ. એ રાગ આવે છે એને સ્વસમય ન જાણ. કેસરીમલજી!

ભાઈ! વાસ્તવિક તત્ત્વ સમજવું જોઈએ. અનંતકાળ ગયો (એમાં) અપૂર્વ વાત (સાંભળી નથી). અપૂર્વ નામ એક સમયમાં અનંતકાળમાં અંતિમ ગ્રૈવેયક ગયો, સ્વર્ગના અને નરકના અનંતા ભવ કર્યા. નરક કરતા સ્વર્ગના ભવ ઘણાં કર્યા, તો સ્વર્ગમાં કાંઈ પાપ કરવાથી સ્વર્ગમાં જાય છે? તો પુણ્યની ક્રિયા, નરક કરતાં પુણ્યની ક્રિયા અનંતવાર કરી અને એનાથી સ્વર્ગમાં અનંતવાર ગયો, પણ આત્મા શું છે એ સાંભળ્યું નથી, સાંભળ્યું નથી. આત્મા (કહેવા) પહેલી ગાથામાં શરૂઆત કરી (કે) 'वोच्छामि समयपाहुडमिणमो'. હું સમય પ્રાભૃત કહીશ. ભગવાન શ્રુતકેવળીઓએ 'मिणमो सुदकेवलीभणिदं' ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ અને શ્રુતકેવળીઓએ જેવો આત્મા કહ્યો એવું નિર્માનપણે (કહીશ). એ તો આચાર્ય પણ સ્વતંત્ર કહેવાને લાયક છે, ભાવસંત છે પણ છતાં નિર્માનપણે એમ કહે છે કે હે જીવો! શ્રુતકેવળી અને કેવળી જેવો સમયને કહે છે એવો કહીશ, એવો કહીશ. વાણી તો વાણીને કારણે નીકળે છે પણ વિકલ્પ આવ્યો તો કહીશ એવો આરોપ કરે છે. શું કહીશ?

અરે શિષ્ય! પ્રથમ જે સંસારની દૃષ્ટિ છે તેને પલટીને, તારી પર્યાયબુદ્ધિ જે અનાદિથી થઈ રહી છે (અર્થાત્) પુણ્ય, પાન, વિકલ્પ, દયા, દાન, શરીરની ક્રિયા હું કરું છું અને એનાથી મને કલ્યાણ થાય છે એવું પર તરફનું તારું વલણ, વલણને શું કહે છે? જુકાવ, પર તરફ તારું જે વલણ થઈ રહ્યું છે, તો અમે કહીએ છીએ કે જો તારે ધર્મ કરવો હોય, જીવ. પહેલેથી કેવો શબ્દ ઉપાડ્યો? જીવ. જીવતી ઈતિ જીવં. એટલે તો ભાઈ શક્તિ પણ પહેલી એ કાઢી છને? એ ૪૭ શક્તિ આવીને પાછળ? ૪૭ શક્તિમાં પણ જીવત્વશક્તિ પહેલી લીધી. અહીં પહેલાથી જીવ ઉપાડ્યું છે. જીવ જીવતો. શેનાથી જીવે છે? પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર, આનંદ જે ત્રિકાળ પ્રાણથી જીવી રહ્યો છે. શરીરના પ્રાણથી નહિ. એ જડ પ્રાણ શરીર ઈન્દ્રિયથી આત્મા કદી જીવ્યો નથી, જીવતો નથી, જીવશે નહિ. પોતાની પર્યાયમાં પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ થાય છે એ અશુદ્ધ-મલિન છે એનાથી જીવવું એમ કહેવું એ અશુદ્ધ નિશ્ચયથી છે. જડથી જીવવું કહેવું એ અસદ્ભૂત વ્યવહારથી કહેવાય છે અને ત્રિકાળ ચિદાનંદ જીવ જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ અનંતગુણથી જ્ઞાન, દર્શન, સત્તા, સુખ, બોધ એવી શક્તિનો ભંડાર છે એનાથી જીવે છે. એવો જે જીવ તેની અંતર્મુખ દૃષ્ટિ કરો, ભગવાન!

અમે તો બધાને ભગવાન જ કહીએ છીએ હોં! બધા ભગવાન છેને. શક્તિમાં તો ભગવાન છેને. એ તો ભગવાન જ છે. પ્રગટ કરશે તો ઈ પણ ભગવાન થશે. કાંઈ બહારથી આવવાનો નથી. કાંઈ ભગવાન બહારથી નીકળવાના નથી. સમજાણું કાંઈ? એ શક્તિમાં પ્રભુ છે તો પ્રતીત કરો, ઓળખાણ કરો, બીજાને હેય સમજો. રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ, વાણી નહિ, મનની ક્રિયા હું નહિ. મારું સ્વરૂપ તો આનંદકંદ શુદ્ધ છે એવું જેને અંતરમાં આવ્યું એ જીવ ચેતના જ્ઞાનાનંદ પ્રાણથી જીવે છે એવી પ્રતીત થઈ. હું કદી શરીરથી જીવ્યો નથી. હું કદી મારા અશુદ્ધ પ્રાણથી પણ જીવ્યો નથી. ઠીક! સમજાણું?

હું તો જીવ જ્ઞાન, દર્શન, આનંદ, સુખ, બોધ અનંત અનંત શક્તિનો ભંડાર મારા પ્રાણથી જીવું છું. તો એમાં જે લક્ષ દૃષ્ટિ થઈ, એમાં આનંદની લીનતા થઈ, અનાકુળ શાંતિ પ્રગટી. અનાકુળ શાંત... શાંત... ઉપશમરસ અકષાય શાંતિરસ, અકષાય અનંતકાળમાં એક સમય પણ જાણ્યો નહોતો એવો અકષાય ઉપશમરસ, શાંત આનંદનો અનુભવ થયો (તો) કહે છે કે તેને સ્વસમય જાણો. તમે તેને સ્વસમય જાણો, આત્મા જાણો, બીજો કોઈ આત્મા નથી, અમે બીજાને આત્મા કહેતા નથી. બરાબર છે? બીજાને આત્મા નથી કહેતા એનો અર્થ શું? કે કર્મ, શરીર તો અજીવ છે તેને આત્મા નથી કહેતા, પોતાની પર્યાયમાં પુણ્ય-પાપના પરિણામ થાય એ તો આસ્રવતત્ત્વ છે તેને અમે આત્મા નથી કહેતા. એક સમયની સંવર, નિર્જરા, શુદ્ધ પર્યાય, અપૂર્ણ શુદ્ધ પર્યાય છે તેને આત્મા નથી કહેતા અને મોક્ષ તો પૂર્ણ શુદ્ધ પર્યાય છે એ પણ આત્મા નથી. એ તો પર્યાય છે.

**શ્રોતા :-** સાદિઅનંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સાદિઅનંત છે. અને સંવર-નિર્જરા તો અપૂર્ણ શુદ્ધ પર્યાય છે, મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય છે. પુણ્ય, પાપ, દયા, દાન, મલિન પર્યાય છે, એ જીવ નથી, એ આત્મા નથી.

ઓહો..! હજી તો નવ તત્ત્વમાં અહીં નવ તત્ત્વ લે છે. ઉમાસ્વામીએ સાત તત્ત્વ લીધા અને નવ પદાર્થ લીધા છે. પણ અહીંયાં તો નવ પદાર્થને તો નવ તત્ત્વ જ કહ્યાં છે. સમયસારમાં તો નવ પદાર્થને જ નવ તત્ત્વ કહ્યાં છે. સમયસારમાં તો નવ પદાર્થને નવ તત્ત્વ જ કહ્યા છે. કેમકે ભિન્ન-ભિન્ન પૃથક્ બતાવવા છેને? ભિન્ન-ભિન્ન પૃથક્ બતાવવા છે. કોઈથી કોઈ થતા નથી. એવો જે પોતાનો જીવસ્વભાવ ભગવાન આત્મા, શિષ્યે પૂછયું એનો ઉત્તર છે. શું? કોઈ કહે છે કે કોઈને સંભળાવો. એમ નથી. સમજ્યા? ભગવાનલાલભાઈ! શું કહે છે? યથાર્થ વેપારી કોને કહેવો? કે વેપારી કાપડ લઈને, હીરા લઈને કોઈના ઘરે વેચવા જાય એ ખરો વેપારી નથી. પોતાની દુકાને આવો અને જેનો જોઈએ એ માલ લ્યો. તો કહે છે કે અમને પૂછે છે તેને અમે ઉત્તર આપીએ છીએ. અમે કોઈના ઘરે સંભળાવવા જતા નથી. સમજાણું કાંઈ? જાણો કહ્યું ને? પૂછ્યું ત્યારે ઉત્તર આપે છેને? લ્યો એના ઘરે ઉપદેશ કરવા જાઓ. બીજાના ઘરે શું એની લાયક પણ નથી.

જેને આત્માની યથાર્થ શાંતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જોઈએ છે એ ગુરુ પાસે જઈને પ્રશ્ન કરે છે, પ્રભુ! સમજાવવા ઘરે નથી જતા. સમજ્યા? એ વેપારીની કિંમત વેપાર કરવા ઘરે જાય એમાં એની કિંમત છે? વેપારીની કિંમત તો અમે દુકાને બેઠા છીએ. આવો, જોઈતું હોય તો લ્યો. એમ ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, અમારી પાસે સમીપ આવ્યો અને શિષ્યે આવીને પ્રશ્ન કર્યો. એવો કોઈ પ્રશ્ન નથી પૂછ્યો કે પુણ્ય કેમ થાય મહારાજ? ક્રિયા કેમ કરીએ? જડની પર્યાય કઈ રીતે થાય? પુણ્યની ક્રિયા કઈ રીતે થશે? એ પ્રશ્ન જ શિષ્યે નથી કર્યો. ભગવાન! અમે પ્રશ્ન કરીએ છીએ, સમય કોને કહે છે? તો ઉત્તર કહે છે. જેવો પ્રશ્ન એવો ઉત્તર. સમજ્યા?

આ તો કહે, અમારે પુણ્ય તો કરવું પડે ને ભાઈ! પહેલા શુભ તો કરવું પડશે ને. પહેલેથી મોકાણ માંડે છે. એને ધર્મ સમજવાની લાયકાત જ નથી. ધર્મ સમજવાની લાયકાત નથી, સમજવાની લાયકાત નથી. ભગવાનદાસભાઈ! એ પુણ્યથી પૈસા આવી જાય, પણ પુણ્યથી ધર્મ ન આવે. સમજ્યાને? પુણ્યથી પૈસા આવી જાય છે પણ પુણ્યથી પુરુષાર્થ ધર્મ નથી આવતો. ધર્મ તો અંદરના પુરુષાર્થની ચીજ છે, એને યથાર્થ સમજ્યા વિના પુરુષાર્થ થતો નથી. તો શિષ્યને કહે છે. જુઓ જાણો કહે છેને. સમીપ છે કે નહિ? સમીપ છેને? અથવા ભાઈ! જે કોઈ પ્રાણી યથાર્થ પાત્ર થઈને પહેલા સત્‌સમાગમથી સાંભળે તો એને પણ કહે છે કે તું અમારી સમીપ સાંભળે છો. ભાઈ! એમ આવ્યું કે નહિ? જાણો એનો

અર્થ શું? એ વખતે જાણો, એ સમયે જાણો. એ વખતે એમ નહિ. બે હજાર વર્ષ થઈ ગયા. ભગવાન કુંદકુંદાચાર્યને અહીંયાં બે હજાર વર્ષ થઈ ગયા. તો એ ગાથાનો ભાવ ચાલ્યો આવે છે. જાણો. એ વખતે તો શિષ્યને કહ્યું હતું પ્રભુ! સમય કોને કહે છે? ધર્મ કોને કહે છે? તો કહે છે, આત્મામાં આનંદમાં ઝૂલવું. સ્વરૂપનો આનંદ નિત્યાનંદની રુચિ, નિત્યાનંદનું વેદન અને નિત્યાનંદમાં લીનતા તેને સ્વસમય જાણો, તો એ પ્રકારે પછી પણ પાત્ર થઈને જે જ્ઞાનીને પૂછે છે અને સાંભળે છે એને પણ કુંદકુંદાચાર્યનું હૃદય હાથ આવી ગયું. તો એને પણ કહે છે કે તું જાણ.

આત્મા જ્ઞાનાનંદમાં, ચિદાનંદનમાં રુચિ અને અનુભવ કરે તેને સ્વસમય કહે છે. સમજાણું કાંઈ? એનું નામ ધર્મ. એનું નામ મોક્ષનો માર્ગ, એનું નામ સ્વસમય, એનું નામ નિર્વિકલ્પ સમાધિ. એ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થયો એનું નામ નિર્વિકલ્પ સમાધિ. નિર્વિકલ્પ સમાધિ કહો, મોક્ષમાર્ગ કહો, શુદ્ધ ઉપયોગ કહો, વીતરાગની અંદર દશા, રમણતા કહો એ બધી એક જ ચીજ છે. તો કહે છે કે નિર્વિકલ્પ દશા જેને અંતરમાં આત્માના અવલંબે પ્રગટ થઈ હોય તેને, હે જીવો! સ્વસમય જાણો, સ્વસમય જાણો. (તે) આત્મામાં લીન છે એ સ્વસમયમાં આવ્યો છે, પરસમયથી છૂટી ગયો છે.

અને બીજું પદ કહે છે. '**જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત રહેલ છે...**' ભાઈ! જડમાં સ્થિત છે? પાઠ તો એમ લીધો. 'જે જીવ...' વાત શું કહે છે? નિમિત્તની રુચિમાં પર વલણમાં—જુકાવમાં જે છે, સ્વભાવનું વલણ અને નિમિત્તનું વલણ, બે સંસાર મોક્ષનું કારણ છે. જેની અંતરમાં જુકાવ શુદ્ધ ચિદાનંદમાં રુચિ, દૃષ્ટિ અને રમણતા છે એ મોક્ષનો માર્ગ છે. હવે સંસારનો માર્ગ? કે પોતાના આત્માના અંતર સ્વભાવની રુચિ કદી કરતો નથી અને જડ કર્મ પુણ્ય, પાપ, કામ, ક્રોધ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, દાન... સમજ્યા? પંચ કલ્યાણક મહોત્સવ બધી જડની ક્રિયા બહારની. એમાં પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત. જુઓ, પાઠ કેવો લીધો છે? ભાઈ! આ તો નિમિત્ત તરફનું વલણ અને સ્વભાવનું વલણ, બસ બે જ વાત છે. સમજાણું કાંઈ? શું કહે છે? સમજાય છે? શેઠ! આ સમજ્યા? આ સમજવું પડશે. હિત જોઈતું હોય તો સમજવું પડશે.

અને '**જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે...**' શબ્દ શું લીધો છે? હું ચિદાનંદ જ્ઞાયક છું એની તરફનું અંતર વલણ તો કદી થયું જ નથી અને જડકર્મ જે અનાદિકાળથી સંયોગમાં પડ્યા છે અને વિકાર કરીને જડ બંધાય છે, વિકાર કરીને જડ બંધાય છે, એ જડ કર્મ તરફના નિમિત્તનું લક્ષ (કરે છે કે) હું પરની દયા પાળું છું, હું પરની હિંસા નથી કરતો, હું જૂઠું બોલું છું, હું જૂઠું નથી બોલતો વાણીથી, હું જૂઠું વાણીથી નથી બોલતો, તે વાણીનો સ્વામી થાય છે. હું પરની ચોરી નથી કરતો, હું શરીરથી બ્રહ્મચર્ય પાળું છું. એવો મૂઢ જીવ જેને ચિદાનંદ જ્ઞાયકની રુચિ નથી અને જેને જડ પદાર્થ તરફની રુચિ છે

અને જડ કર્મ તરફની રુચિ વિના એને નોકર્મની રુચિ થતી નથી. ભાઈ! આ તો દ્રવ્યકર્મ લીધું છે. પણ એ દ્રવ્યકર્મનો અર્થ જ કે એનું લક્ષ જ નોકર્મ ઉપર ગયું છે. .. જાય છે. મેં એની દયા પાળી, મેં આવા વ્રત કર્યા, મેં એવા પંચ કલ્યાણક કર્યા, મેં આવા દેરાસર કર્યા, મેં આ કર્યું, મેં ધૂળ કર્યું, મેં ધાન કર્યું. શું કર્યું તેં? તારો આત્મા કોણ છે અને તું શું કરી શકે છે? સમજાણું કાંઈ? મેં આમ કર્યું. પાંચ લાખ ખર્ચ્યા, દસ લાખ ખર્ચ્યા. અમે ઘણા લોકોની દયા પાળી, દાન ઘણાં કર્યા, પૂજા બહુ કરી, ભક્તિ બહુ કરી, વ્રત બહુ પાળીએ છીએ. શું પાળે છે? તારો સ્વભાવ તો અંતર્મુખ છે. શું વિકાર તું કરે છે? વિકાર તું કરે છો તો અમે કહીએ છીએ કે કર્મના નિમિત્તમાં તું સ્થિત છો, આત્મામાં તું સ્થિત નથી. એ મિથ્યાદૃષ્ટિ છે.

'**જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે...**' તો પુદ્ગલકર્મ તો રૂપી છે, એ તો જડ છે, મૂર્ત છે, અજીવ છે અને કર્મનો પાક પણ અજીવ અને રૂપી છે. તો રૂપીમાં તો આત્મા કદી સ્થિત થઈ શકતો નથી. તો આમ કેમ લખ્યું? લખ્યું તો એમ છે. શું લખ્યું છે? '**પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત...**' જડમાં સ્થિત થઈ શકે છે? કર્મની પર્યાયનો ચૈતન્યની પર્યાયમાં તો અત્યંત અભાવ છે. કર્મનો વિપાક ઉદય એ તો જડની મૂર્ત પર્યાય છે અને આત્મા અરૂપી છે. તો શું અરૂપી રૂપીમાં સ્થિર થાય છે? ભગવાન આચાર્યદેવ એમ કહે છે, જેની નિમિત્તની રુચિ જામી ગઈ છે. મણિલાલભાઈ! મને ગુરુ મળ્યા તો ગુરુથી મને અંતરમાં જ્ઞાન થયું એવો જેને ભાવ થયો એ પણ કહે છે કે પુદ્ગલકર્મમાં સ્થિત છે. તારો સ્વભાવ તારાથી છે, શું બહારથી આવે છે? તો જ્યાં સુધી જીવે એમ માન્યું છે કે, અમારો સ્વભાવ ધર્મ સમ્યગ્દર્શન બહારથી (પ્રગટ થશે). એ તો અંતરની ક્રિયા કરે, રાગ કરે, પુણ્ય કરે, કાંઈક વ્યવહારમાં સુધારો કરશું તો ધર્મ થશે એવી જેની દૃષ્ટિ છે, (તેને) ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે એ જડમાં સ્થિત છે, એ તો જડમાં સ્થિત છે, ચૈતન્યમાં (સ્થિત નથી). બે જ વાત લીધી છે. ચૈતન્યમાં સ્થિત કાં જડમાં સ્થિત. ભાઈ! બસ બે વાત. સમજાય છે કાંઈ?

બે પ્રકાર લીધા. વિકારમાં સ્થિત ન લીધું, એ તો જડમાં સ્થિત છે. કેમકે વિકારની રુચિવાળાની તો પરમાં જ દૃષ્ટિ છે. એની (દૃષ્ટિ) પરંપરા પરમાં જ જાય છે. તો કહે છે કે કર્મનું નિમિત્ત જેવું આવે છે એને અનુસાર રોકાઈ ગયો છે. સ્વભાવની શક્તિનું દ્રવ્યમાંથી પરિણમન આવે છે એ દ્રવ્યમાં ન રોકાણો, સ્વભાવમાં ન રોકાણો અને જડની પર્યાયમાં (રોકાણો કે) મેં આમ કર્યું, મેં તો દયા પાળી, અમે છીએ તો કુટુંબની વ્યવસ્થા થાય છે, ધ્યાન કરીએ છીએ, પથ્ય આહાર કરીએ તો શરીરમાં નિરોગતા રાખી શકીએ છીએ, અપથ્ય કરીએ છીએ તો શરીરમાં રોગ આવી જાય. બધું મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. કેમકે પુદ્ગલકર્મ પ્રદેશમાં સ્થિત. કેવો શબ્દ લીધો? જડમાં સ્થિત, રૂપીમાં સ્થિત, ભગવાન અરૂપી આત્મા એ રૂપીમાં

સ્થિત થઈ જાય છે? એનો અર્થ કે જેની દૃષ્ટિ કર્મ રૂપી અને જડની ક્રિયા હું કરી શકું છું અને જડથી મારામાં કાંઈક લાભ થાય છે, અરે! કર્મથી મારામાં વિકાર થાય છે એવી પણ જેની દૃષ્ટિ છે એ જડમાં સ્થિત છે. ભાઈ! હિંમતભાઈ! સમજાણું કાંઈ?

કર્મ જેવું આવે ભાઈ! અમે શું કરીએ? અમારું જોર શું ચાલે? પૂર્વે બંધાયેલું કર્મ અને કર્માનુસાર બુદ્ધિ, અજ્ઞાની એમ કહે છે. કર્માનુસારી બુદ્ધિ. ચાલ ચાલ, કર્માનુસાર બુદ્ધિ! જડ તને બુદ્ધિ કરાવે છે? એમ છે નહિ. એ તો પ્રારબ્ધ અઘાતિ જેવું હોય એવો ઉદયમાં અનુકૂળ-પ્રતિકુળ સંયોગ મળે છે એ બીજી ચીજ છે. પણ તને બુદ્ધિ કરાવે છે ઈ? રાગ-દ્વેષ, અજ્ઞાન એ કર્મ કરાવે છે? જેની પ્રતીતમાં—જેની શ્રદ્ધામાં, જેના વિશ્વાસમાં પોતાના જ્ઞાયકસ્વરૂપનો વિશ્વાસ નથી આવ્યો એ ઊંધા વિશ્વાસનું લક્ષણ શું? ઊંધુ સમજ્યાને? અવળાનું? એ કહે છે કે ભાઈ! અમને કર્મનો એવો ઉદય આવ્યો, ભાઈ, શું કરીએ? અમારું પ્રારબ્ધ ઘણું આકરું છે. એ જડમાં સ્થિત છે. ચૈતન્યની એને રુચિ નથી. એને નવ તત્ત્વમાં જીવ શું છે એની રુચિ નથી. જીવની રુચિ નહિ એ અજીવની રુચિ કરનારો અજીવમાં સ્થિત છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ભાઈ! બે જ બોલ લીધા—જીવ અને અજીવ. બસ, બીજી ગાથામાં બે ધડાકા. પહેલેથી ધડાકો સમયસારનો. પહેલી ગાથામાં ફડાક કહી દીધું, સાંભળ! તારે સ્વસમય જોવો હોય, ભગવાન ચિદાનંદ પોતાની શ્રદ્ધા, જ્ઞાન અનુભવ આનંદમાં અનાકુળ શાંતિનો અનુભવ કરે એ સ્વસમય છે અને એને છોડીને ક્યાંય પણ રુચિ રાગની, પુણ્યની, નિમિત્તની, વિકારની, હું આવી ક્રિયા કરું, આ હું કરું, એવી બુદ્ધિ જેની રહી ગઈ... એવી બુદ્ધિ રહી ગઈ એને શું કહે છે? એવી બુદ્ધિ થઈ એ પુદ્‌ગલકર્મ પ્રદેશમાં સ્થિત છે. હિંમતભાઈ! હમણાં પૂછયું હતું, પાછળ આવે છેને એ? અવિદ્યા કેળ જેનું છે મોહ. એ જડ મોહ. જડ મોહમાં સ્થિત થઈ ગયો. શેઠ! સમજાણું કાંઈ?

બે ચીજ લીધી ભગવાન કુંદકુંદાચાર્યે—એક જીવ અને અજીવ. જીવસવભાવની શ્રદ્ધા-જ્ઞાન (થયા) તો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. એ જ ક્રિયા મેં કરી અને મારાથી થઈ, મારાથી હાલવું-ચાલવું કાંઈ થતું નથી, મારામાં રાગ આવે છે એને પણ હું જ્ઞાતા-દૃષ્ટાપણે જાણું છું. એ રાગ પણ મારી વસ્તુ નથી. હું તો તેને જ્ઞાતા-દૃષ્ટા થઈને જોઉં છું. એવું સ્વભાવમાં જ્ઞાન, સમ્યગ્દર્શન થયું અને ચારિત્રમાં લીન થયો તો તેને સ્વસમય મોક્ષમાર્ગની એકતા જાણો, નહિતર પૃથક્‌તા જાણો. આ એકતા તૂટી આ બાજુથી અને કર્મના પુદ્‌ગલની ક્રિયા, જેવું કર્મ આવે છે, જેવું નિમિત્ત મળે, ભાઈ જેવું અનુકૂળ નિમિત્ત હોય તો અમને એવા પરિણામ થાય છે.

**શ્રોતા** :- જ્ઞાતા-દૃષ્ટાપણે જોઉં છું એ તો વ્યવહાર થઈ ગયોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ. સ્વનું દેખવું, સ્વનું દેખવું. પરને જોવાની વાત નથી. પોતાને

દેખવા-જાણવામાં પરનું જોવું તો આવી જાય છે. પરને દેખવું-જાણવું પડતું નથી. પોતાને દેખવું-જાણવું થાય કે હું જ્ઞાનાનંદ સ્વજ્ઞેય છું. સ્વજ્ઞેયમાં પરજ્ઞેયનું સહજ જાણવું આવી જાય છે. રાગ પણ સહજ આવી જાય છે. રાગનું જ્ઞાન કરવું નથી પડતું. એ તો સ્વનું જ્ઞાન કરતા કરતા જ્ઞાનાનંદ હું ચિદાનંદ છું એવું સ્વપરપ્રકાશક સ્વભાવમાંથી સમ્યગ્જ્ઞાન થયું તો સ્વપરપ્રકાશકની શક્તિ ખીલી. ખીલી સમજ્યાને? પ્રગટ થઈ, એમાં રાગ છે એને જાણે છે. રાગને જાણવો એ પણ અસદ્‌ભુત વ્યવહાર છે. એવી સ્વભાવમાં દૃષ્ટિ જામી ગઈ તેને ધર્મી જાણો. અને જેને કર્મ પુદ્‌ગલ અને ક્રિયામાં રુચિ થઈ, પુદ્‌ગલકર્મ પ્રદેશમાં સ્થિત, પુદ્‌ગલ કર્મના પ્રદેશોમાં વળી એમ લીધું. પુદ્‌ગલ .. કર્મ નથી લીધા. પ્રદેશ એટલે એનો વિપાક, એમાં જે સ્થિત થઈ ગયો. આત્મામાંથી ચિદાનંદનો પાક આવે છે વીતરાગ શાંતિનો એના પાકમાં ન આવ્યો અને કર્મના પાકમાં જેનું જોડાણ થઈ ગયું એ કર્મ પુદ્‌ગલમાં સ્થિત છે તેને પરસમય જાણો. એટલે શું? તેને મિથ્યાદૃષ્ટિ જાણો. સમજાણું કાંઈ?

સમજો તો ખરા કે માર્ગની શું વિધિ છે? એમ કોઈએ જૈન ધર્મ નામ લીધું એટલે જૈનધર્મ થઈ ગયો? જૈન ધર્મ નામમાં આવ્યું અમે જૈન છીએ, અમે દિગંબર છીએ, અમે શ્વેતાંબર છીએ. ઓલા કહે અમે આવા છીએ. શું નામ લખ્યું છે એમાં? આત્મા જેવી ચીજ છે અને જેવો એનો સ્વભાવ છે એવી એની એને ઓળખાણ, રુચિ અને રમણતા ન થાય, ઓળખાણ, રુચિ અને રમણતા-દર્શન, જ્ઞાન અને ચારિત્ર (નથી થયા) તો ધર્મ નથી. અને ધર્મ નથી તો અધર્મ છે. બે ચીજ છે. ધર્મ નથી તો અધર્મ છે, અધર્મ નથી તો ધર્મ છે.

તો કહે છે. બે જ વાત લીધી છે. મિશ્ર વાત નથી લીધી. સમ્યગ્દૃષ્ટિથી ઉપાડ્યું છે. જ્ઞાનીને પણ પછી રાગ તો આવે છે પણ એની અહીંયા વાત નથી. અહીંયાં તો સ્વભાવ સન્મુખ હોય તો સ્વસમય છે અને વિભાવ અને નિમિત્ત સન્મુખની રુચિ જામી ગઈ હોય તો પરસમય છે. બસ, બે વાત લીધી છે. સમજાણું કાંઈ? તેને પરસમય જાણો. શું કહે છે? જુઓ, ભગવાન એને પણ કહે છે. પરસમય જાણનારની તો ખબર નથી. ભાઈ! પરસમય જાણનારની ખબર નથી. એ તો લખશે તો ખરા કે જાણવાનું જ્ઞાન તો એને પણ છે. સ્વપરપ્રકાશક (જ્ઞાન) એને પણ ખીલે છે—પ્રગટ તો થાય છે, પણ માની લે છે કે મેં રાગ કર્યો, મેં દયા પાળી, મેં ભક્તિના પરિણામ કર્યા, મેં વ્રત કર્યા, મેં પૂજા કરી, મેં આવી આવી પુણ્ય ક્રિયા કરી એ મિથ્યાદૃષ્ટિ પુદ્‌ગલકર્મમાં સ્થિત છે. જડમાં સ્થિત છે, અજીવમાં સ્થિત છે, પુદ્‌ગલ નામ જડ મૂર્તમાં ટકી રહ્યો છે, એનો અધાર જડ છે.

પુદ્‌ગલ કર્મ પ્રદેશમાં સ્થિત છે એનું શું કારણ? એનો આધાર ચેતન ન રહ્યો. આમ ચેતન (ન રહ્યો). જુઓ, શું છે? એમાં સ્થિત છે તો એનો આધાર એ થયો. આત્મા જ્ઞાયક આધાર છે. મારું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એનો આધાર તો હું આત્મા છું. વચ્ચે વિકાર અઠ્યાવીશ મૂળગુણનો વિકલ્પ હોય છે, પંચમ ગુણસ્થાનમાં બાર વ્રતનો, ચોથા ગુણસ્થાનમાં આઠ નિઃશંક

આદિનો વિકલ્પ તો આવે છે. આવે છે કે નહિ? ચોથે ગુણસ્થાનમાં નિઃશંક, નિઃકાંક્ષ આઠ વિકલ્પ તો આવે છે, એ રાગ છે, પણ છતાં એ કહે છે કે એમાં હું સ્થિત નથી. મારો સ્વભાવ જ્ઞાયક છે એમાં હું સ્થિત છું અને રાગાદિમાં સ્થિત, પુદ્‌ગલમાં સ્થિત એ મારો સ્વભાવ જ નથી. એક જ વાત લીધી છે. મુખ્ય સ્વભાવની અધિકતામાં રાગની ગૌણતા થઈ ગઈ છે તો રાગમાં સ્થિત થવું એ પુદ્‌ગલમાં જ સ્થિત છે, આત્મામાં સ્થિત નથી. ભગવાન કહે છે, (તેને) પરસમય જાણો, એને અમે પરસમય નામ મિથ્યાદષ્ટિ કહીએ છીએ. શું સમજ્યા? એ જૈનમાં આવ્યો જ નથી, જૈનમાં જન્મ્યો જ નથી.

જૈન કોને કહે છે? જૈનનો જન્મ થાય છે. જન્મ થાય છે. શેમાં? આત્માની પર્યાયમાં. શરીરમાં નહિ. શરીર તો માટી છે, ધૂળ છે. એ તો એને ફલાણું નામ આપો, એમાં શું થયું? જૈન જન્મ્યો. અનાદિ કાળથી જન્મ નહોતો થયો એ જન્મ્યો. શું? જન્મ નામ ઉત્પત્તિ. જન્મ કહો કે ઉત્પત્તિ કહો. કોની ઉત્પત્તિ? જ્ઞાયક સ્વભાવનું અવલંબન લઈને જે વીતરાગી શાંતિ પર્યાયની ઉત્પત્તિ થઈ અને રાગનો વ્યય થયો, એ રાગ અને મિથ્યા ભ્રાંતિનો વ્યય થયો એ જૈન. જૈન નામ જિતનારો. રાગ અને મિથ્યાભ્રાંતિને જીત્યો એ પણ ઉપચારથી કથન છે, કાંઈ જીતવું પડતું નથી. એ તો જ્ઞાયકમાં એકાકાર થાય છે તો વીતરાગી શ્રદ્ધા, વીતરાગી પર્યાય ચારિત્રની ઉત્પત્તિ થાય છે, ભ્રાંતિ અને રાગનો નાશ થઈ જાય છે. નાશ કરવો પડતો નથી. આવો આત્મા સમજે તો જૈનનો જન્મ કહ્યો. નહિતર એનો જૈનમાં જન્મ થયો નથી. એકવાર પણ જૈનમાં જન્મ થાય એને જન્મ-મરણ રહેતા નથી. ભગવાનદાસભાઈ! આ બધું સમજવું પડશે હોં! એમ ભોળાએ નહિ ચાલે. ઓલામાં પૈસા થઈ ગયા છે ભોળે ભાવે. અહીં થાય એવું નથી. એમાં પૈસા થઈ ગયા ને.

**શ્રોતા** :- હવે સમજશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ સમજવાનો પુરુષાર્થ કરશે તો સમજશે, એમ ને એમ નહિ સમજાય.

તો કહે છે કે '**પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને પરસમય જાણ.**' તેને તું મિથ્યાદષ્ટિ જાણ. જેની રુચિ, વ્યવહારથી નિશ્ચય થાય છે એમ માન્યું તેને કહ્યું કે એ જડમાં સ્થિત છે, જડમાં સ્થિત છે. ભાઈ! શું કહ્યું સમજાય છે કાંઈ? ભગવાન કુંદકુંદાચાર્ય શું કહે છે? જેમાં વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય છે. વ્યવહાર પહેલા નિશ્ચય પછી એવી જેની માન્યતા છે એ જડમાં સ્થિત છે, જડમાં સ્થિત છે. સમજાણું કાંઈ? એ પડકાર કરે છે બીજી ગાથા. ભાઈ! અમારે તો પહેલા વ્યવહારની શુદ્ધિ થવી જોઈએ અને વ્યવહાર કરતા કરતા આત્મા શુદ્ધ થઈ જશે, એમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે. ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, એ પુદ્‌ગલ કર્મમાં જડમાં સ્થિત છે. વ્યવહારમાં સ્થિત થતાં નિશ્ચય થાય એમ માનવું એ જડમાં સ્થિત છે. હિંમતભાઈ! જડમાં સ્થિત થઈ ગયો? પણ ભાઈસાહેબ એનું પુણ્ય તો રાખો. થોડું પુણ્ય

થયું એને તો રાખો. નહિ. કેમ? કે વ્યવહાર નામ રાગ દયા, દાન, ભક્તિ વ્રતના પરિણામ છે. એના પરિણામથી તો કર્મબંધન થાય છે, જડ થાય છે. તો જેની જડમાં રુચિ છે તેને જડ જ કહી દીધો છે. તું જડમાં સ્થિત છો, તું કદી આત્મામાં સ્થિત થયો નથી. આત્મા શું છે એ તેં કદી સાંભળ્યું નથી.

ઓહો..હો..! એક ગાથામાં શું કહ્યું જુઓ, સમયસાર. સમયસાર ચૌદ પૂર્વ અને બાર અંગનું એમાં રહસ્ય છે. સર્વજ્ઞની દિવ્યધ્વનિનો એમાં મર્મ છે. દિવ્યધ્વનિ. ભગવાન પાસે ગયા હતા, ભગવાન કુંદકુંદાચાર્ય મહાવિદેહક્ષેત્રમાં ભરતક્ષેત્રમાંથી સાક્ષાત્ પરમાત્મા પાસે ગયા હતા. આઠ દિન રહ્યા હતા. સમ્યગ્જ્ઞાની હતા, મુનિ હતા તોપણ વિશેષ નિર્મળતા એવી લઈને આવ્યા અને અંતરમાં નિર્મળતા થઈ તો સમયસાર આદિ બનાવ્યા. બન્યું એ તો પુદ્ગલની પર્યાય છે, પણ એવો વિકલ્પ યથાર્થ ચૌદ પૂર્વ અને કેવળીના વચનો જેમ ન ફરે એમ કુંદકુંદાચાર્યના વચનો એની એવી વાણી અફર છે. અફર-અફર. અફર સમજો છો? ફરે નહિ. અફર એટલે ફરે નહિ. અફર નથી કહેતા? અમારે અહીં કાઠિયાવાડમાં કહે છે અફર. ફરે નહિ. ફિરે નહિ, પલટે નહિ, જૂઠી થાય નહિ.

**શ્રોતા :-** વાણી જૂઠી પડે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પડે નહિ. ત્રણકાળમાં જૂઠી ન થાય. શું કહે છે? નિશ્ચિત. એવી નિશ્ચિત છે એક ત્રણકાળમાં એક અક્ષર અને એક ભાવ પણ જૂઠો પડે નહિ.

પહેલેથી કહ્યું, ભગવાન! હે શિષ્ય! તારે જો આત્માનું ભાન કરવું હોય તો રુચિ જડ અને પુણ્ય અને વ્યવહારની રુચિ છોડી દે. વ્યવહાર પુણ્ય, રાગ, નિમિત્ત, કર્મ, શરીર સારું હશે તો ધર્મ થશે, ભાઈ! ચોથો કાળ હોય તો ધર્મ સારો થાય. પુદ્ગલકર્મમાં સ્થિત છો, તું ચૈતન્યમાં સ્થિત નથી. સમજ્યા? સંહનન મજબુત હોય. સંહનન કહે છે ને? વજ્રકાય. વજ્રકાય મજબુત હોય તો કેવળજ્ઞાન થશે. તું જડમાં સ્થિત છો. વજ્રકાયથી કેવળજ્ઞાન થાય કે તારા સ્વભાવથી થાય છે? બહુ કહે છેને? વજ્રકાય આવું છે, નિમિત્ત આવું છે ને ઢીંકણું આમ છે. આવું નિમિત્ત હોવું જોઈએ. બધી રુચિ દૃષ્ટિ પર ઉપર છે. બધી રુચિ દૃષ્ટિ પરનો કર્તા માને છે. ભગવાન આત્માની રુચિ છૂટી ગઈ, અનાદિથી પુદ્ગલકર્મમાં સ્થિત થઈ ગયો. પુદ્ગલકર્મમાં સ્થિત થયો. જડથી મારામાં થાય, પરથી મારામાં થાય, શરીરની અનુકૂળતાથી થાય છે. મને સારા આહાર-પાણી મળે, સારા આહાર-પાણી પેટમાં અને નિર્દોષ આહાર હોય તો પરિણામ સુધરી જાય. નિર્દોષ આહાર હોય તો પરિણામ સુધરી જાય. નિર્દોષ આહાર હોય તો પરિણામ સુધરી જાય એમ માનવું એ પુદ્ગલ જડમાં સ્થિત છે. સમજાણું કાંઈ? જડ પર્યાય પર છે. પરથી આત્માના પરિણામ ત્રણ કાળમાં સુધરતા નથી.

જુઓ, કહે છેને, એક જ શબ્દમાં એમ લઈ લીધું. પછી વિસ્તાર કરે છે. પણ પહેલા તો જીવમાં સ્વભાવમાં જ્ઞાયકમાં સ્થિત અને કાં પુણ્યમાં અને આસ્રવમાં અને નિમિત્તમાં સ્થિત

બધા પુદ્‌ગલ કર્મ અજીવમાં સ્થિત છે, એ જીવમાં સ્થિત નથી. બસ, જીવમાં સ્થિત થવું એ સંસારને નાશ કરવાનો માર્ગ અને અજીવમાં સ્થિત થવું એ સંસારની ઉત્પત્તિનો માર્ગ છે. બીજો કોઈ માર્ગ છે નહિ. એવો એનો શબ્દાર્થ થયો. એની ટીકામાં વિશેષ સ્પષ્ટીકરણ અમૃતચંદ્રાચાર્ય શબ્દમાંથી કાઢીને એની ટીકા કરશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શક્તિ-૧૬-૧૭, પ્રવચન નં. ૫૪૫, તા. ૧૪-૧૨-૧૯૭૦ (૪)

આ સમયસાર પરિશિષ્ટ અધિકાર. ૧૬મો બોલ કેટલોક ચાલ્યો છે. '**ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.**' શું કહે છે? કે એક આત્મા વસ્તુ એક છે પણ એમાં શક્તિ અનંત છે. અનંતનું એકરૂપ તે આત્મા. એવા આત્મા ઉપર દૃષ્ટિ દેતાં એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતાં અનંતગુણનું પરિણમન એક સમયે એકસાથે થાય છે. દ્રવ્યનું પરિણમન થતાં એની સાથે થાય છે. ત્યારે એની શક્તિઓ જે છે એનું પણ પર્યાયમાં પરિણમન થાય છે. અનાદિથી નથી. જ્યાં સુધી દ્રવ્યનું ભાન નથી ત્યાં સુધી એની શક્તિનું નિર્મળ પરિણમન જે જોઈએ એ નથી. તો ખરેખર એ ગુણનું પરિણમન જ નથી. સમજાણું?

વસ્તુ છે એક સમયમાં પરિપૂર્ણ દ્રવ્ય સ્વભાવ, એની અનંત શક્તિઓરૂપી ભાવ. દ્રવ્ય તે ભાવવાન. એ ભાવવાનને દૃષ્ટિમાં જ્યાં સુધી નથી લીધો ત્યાં સુધી એની દૃષ્ટિમાં રાગબુદ્ધિ, અંશબુદ્ધિ એટલે એમાં ગુણબુદ્ધિ અને દ્રવ્યબુદ્ધિ તો છે નહિ, અંશબુદ્ધિમાં એ ગુણોનું નિર્મળ પરિણમન જોઈએ એની દશામાં એ નથી. એથી પર્યાયમાં વિકારનું પરિણમન ભ્રાંતિ અને અજ્ઞાનનું છે એ દુઃખરૂપ છે, એ સંસારનું બીજ છે. દ્રવ્ય છે તે મોક્ષનું બીજ છે. વસ્તુ જે છે અનંતગુણનો પિંડ તેમાં એક આ ઘટતું-વધતું નથી એવી એક શક્તિ છે. ખરેખર તો પર્યાયમાં પણ ઘટતું-વધતું નથી એવો એનો સ્વભાવ છે. આ ગુણ છે કે નહિ? ત્યારે ગુણ છે એ ગુણીનો છે. ગુણીની દૃષ્ટિ થતાં એની પર્યાયમાં પણ આ ત્યાગઉપાદાન શૂન્યત્વશક્તિથી ઘટતું-વધતું નથી એવો એનો પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? ચાહે તો મતિજ્ઞાન હો ને કેવળજ્ઞાન હો. એવી વસ્તુ છે. છે ઈ છે અસ્તિ. એક એક સમયનો અંશ પૂરા દ્રવ્યને સાબિત કરે છે, સિદ્ધ કરે છે. તેથી તે ઘટતું-વધતું એની પર્યાયમાં પણ નથી. દ્રવ્યમાં નથી, ગુણમાં નથી અને ગુણનો સ્વભાવ ત્યાગઉપાદાન રહિત છે એથી એનું પરિણમન થતાં એની પર્યાયમાં પણ પરદ્રવ્યનો ત્યાગ કરું અને એને ગ્રહું એવું વસ્તુના સ્વરૂપમાં નથી.

આ વસ્તુના ભાન વિના પરને છોડું છું, ત્યાગુ છું, મૂકું છું એ દૃષ્ટિ બધી મિથ્યા ભ્રાંતિ છે. સમજાણું કાંઈ? બાયડી, છોકરા હું છોડું, રાગ છોડું, કુટુંબ છોડું. છોડું, ક્યાં એમાં હતા તે છોડે? નથી છતાં છોડું એમ કહે, માને એ તો મિથ્યાદૃષ્ટિ ધર્મ અને ધર્મના ધરનાર આત્માને

ત્યાગે છે. ધર્મ ત્યાગઉપાદાનશૂન્યત્વ એનો ધરનાર દ્રવ્ય, એ પરને ત્યાગવું એ માનનાર દ્રવ્યને ગુણને ત્યાગે છે. ચૈતન્યપ્રકાશજી! ચેતનપ્રકાશ થઈ ગયો એ. બે થઈને એક થઈ ગયો એય! ચેતનજી! પ્રકાશ. ચેતનપ્રકાશ છેને આત્મા, જડપ્રકાશ છે જ ક્યાં? આહા..હા...!

કહે છે, '**ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ...**' પોતાની પર્યાય, ગુણ અને દ્રવ્યમાં જેમ છે તે રીતે જ એમ દ્રવ્યનું ભાન થતાં. ભાન નથી ત્યારે તો એને પર્યાયમાં મિથ્યાત્વના ભાવો છે. એ મિથ્યાત્વમાં વધ-ઘટ અસંખ્ય પ્રકારના મિથ્યાત્વરસથી અનંત ભાગના પ્રકારો (પડે) એ તો મિથ્યાત્વભાવમાં છે, એના દ્રવ્ય અને ગુણમાં નથી. એટલે પર્યાયબુદ્ધિમાં આ બધું છે રખડવાનું ને વધતું-ઘટતું બધું. સમજાણું કાંઈ? પરને છોડું છું એ દૃષ્ટિ દ્રવ્યને અને ગુણને છોડે છે. તેથી તેની પર્યાયમાં મિથ્યાત્વની વિપરીત અભિપ્રાયની શક્તિ વધે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આ જગતના માપ, દુનિયાના માપ જુદા છે. આ માપ જુદું છે. આહા..હા...! તદ્દન રજકણ અને રાગથી ભિન્ન ભગવાન, રાગ પણ અજ્ઞાન છે એ આત્મામાં નથી. અહીં તો નિર્મળ પર્યાય છે તે એની પર્યાય છે, રાગ એની પર્યાય નથી, રાગ તો અજ્ઞાનમાં જાય છે.

જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા, વ્યવહારરત્નત્રયનો રાગ એવો જે અજ્ઞાનભાવ, એ અજ્ઞાનભાવ જાય અને સ્વભાવનું ભાન થાય તોપણ, કહે છે કે એની પર્યાય તો વધતી-ઘટતી નથી. એમ અહીંયાં તો જ્યારથી પ્રગટ્યું ભાન ત્યારથી વધતી ઘટતી નથી પર્યાય એમ છે. એથી કહ્યું ને બનારસીદાસે, બનારસી વિલાસમાં. 'વધે .. રાગ નિગોદ જૈસે કે તૈસે ભયો એ જિન વચન...' જેવું અહીં કીધું એવું બધું દ્રવ્યમાં લીધું. સિદ્ધના ભાવ સિદ્ધની સંખ્યા વધતી નથી, નિગોદની સંખ્યા ઘટતી નથી. આહા..હા...! એટલે એ એમ ને એમ એ છે એ છે બસ, એમાં કંઈ વધ્યું-ઘટ્યું એનો પ્રશ્ન નથી, એમ. આહા..હા...! એનો પોતાનો સ્વભાવ વધવું-ઘટવું નથી પર્યાયમાં એટલે આખી ચીજનું સિદ્ધમાં પણ વધવું અને નિગોદમાં ઘટવું એવું વસ્તુમાં નથી એમ છે. આહા..હા...!

કહે છે '**જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિત્યત્વરૂપ...**' એવું જે સ્વરૂપ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું ત્રણેનું. '**(નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-)**' જેમનું તેમ રહેવાપણું આવો વસ્તુનો સ્વભાવ છે. ધર્મ કરનારો, દ્રવ્ય ને ગુણ, દ્રવ્ય ને ગુણ. ધર્મ તો પર્યાય છે. હવે કરનાર દ્રવ્ય-ગુણ છે. હવે દ્રવ્ય-ગુણ કેવા એની ખબર ન મળે અને ધર્મ થઈ જાય એને. સમજાણું કાંઈ? આ બાર અંગનો સાર આ છે. કહે છે કે પરનો ત્યાગઉપાદાન. ઉપાદાન ... ઓહો..હો..! વસ્તુ વસ્તુ છે. એમાં આ એક શક્તિ છે તો બધી શક્તિઓને ત્યાગઉપાદાનશૂન્યત્વપણે કરી નાખી છે. એ તો નિમિત્તથી થઈ છે. આ શક્તિ તો નિમિત્ત છે. પણ બીજી બધી ચારિત્ર ગુણ લ્યો, તોપણ એની પર્યાયમાં ત્યાગઉપાદાનશૂન્યત્વ સ્વભાવરૂપે પરિણમેલી એ પર્યાય છે. ચારિત્રમાં અચારિત્ર એટલે આ છોડ્યું એવું નથી. આહા..હા...!

ગજબ વાત છેને. સમજાણું કાંઈ?

ચારિત્રમાં અચારિત્ર છોડ્યું કે અચારિત્રના નિમિત્તો છોડ્યા એવું ચારિત્રના ગુણની પર્યાયમાં નથી. કારણ કે ત્યાગઉપાદાનશૂન્યત્વ દરેક ગુણમાં વ્યાપ્યો છે એટલે બધા ગુણો ત્યાગઉપાદાનશૂન્યત્વ સહિત રહેલા છે. એથી આ એક ગુણ પણ અનંતગુણને નિમિત્ત તરીકે થાય છે અને ઉપાદાન એનું એ છે. ચારિત્રનું ઉપાદાન પણ એવું જ છે કે સ્થિરતા અને પરના ગ્રહણ-ત્યાગરહિત શૂન્યત્વ. આહા..! સમજાણું કાંઈ? એમ સમ્યગ્દર્શનની પર્યાય શ્રદ્ધા-ગુણની પર્યાયમાં શક્તિમાં, ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ વ્યાપેલી છે એથી એ શ્રદ્ધાગુણની જે સમ્યક્ પર્યાય નિર્વિકલ્પ જે અનુભવ થયો, એની જે પર્યાય પ્રતીત (થઈ તેમાં ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ વ્યાપેલી છે).

ત્યાં મુંબઈમાં એક પ્રશ્ન ચાલે છેને હમણા .. કોઈ કહે કે શ્રદ્ધા પ્રધાન છે, કોઈ કહે કે જ્ઞાન પ્રધાન છે. એવું ચાલે છે. એવું આવે છે. પહેલા દ્રવ્ય-પર્યાયનું હતું, પછી આ એનું ક્ષેત્ર જુદું એનું હતું. પર્યાયનું ક્ષેત્ર જુદું. પર્યાયનો પ્રદેશ જ જુદો છે. દ્રવ્યનું જુદું અને પર્યાયનું જુદું પ્રદેશત્વ. પણ આ .. અહીં પ્રશ્ન થઈ ગયો છે. .. અમદાવાદ. ... છે ને, બોટાદવાળા. આપણને કાંઈ ખબર નહિ, પછી મેં કીધું આવા પ્રશ્ન કેમ થાય છે આ? ત્યાં એ લોકો શ્રદ્ધા પક્ષમાં શ્રદ્ધાનું મુખ્યપણું છે. બીજા કેટલાક કહે છે, જ્ઞાનનું જ્ઞાનના સ્થાનમાં મુખ્યપણું છે, શ્રદ્ધાનું શ્રદ્ધાના સ્થાનમાં મુખ્યપણું છે. મુખ્યપણું એટલે શ્રદ્ધાની મુખ્યતા ત્યાં ... મુખ્યતા એમ નહિ. શ્રદ્ધા ... છે. ત્યારે એણે પ્રશ્ન કર્યો છે. જુઓ, જ્ઞાનમાં તો શિથિલતા છે. ઓલા પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવે છેને. જ્ઞાનને... એક .. શિથિલ કરે અને કીધું, એ વાત જુદી છે. એ તો ઉપાદેય કરવું છે એ વાત ત્યાં નથી. ઉપાદેયની વસ્તુ ત્યાં નથી. ત્યાં તો ફક્ત જાણવાની વાત છે કે જ્યારે દ્રવ્યનું જાણવું હોય તો પર્યાયને મુખ્ય કરીને જાણ. જાણ એટલે ઉપાદેય તરીકેનો પ્રશ્ન ત્યાં છે જ નહિ. એ પ્રશ્ન થયો હતો. ... વાળા. આજે ગયા. જાણેલો કહો. જાણેલો તો વ્યવહાર જાણેલો. પછી નિશ્ચય સમકિત થાય ત્યારે નિશ્ચય જાણો.

'**एवं हि जीवराया णादव्वो**' ૧૭મી ગાથામાં આવે છે. જાણવો એટલે રાગનો વ્યવહાર જાણવાની વાત નથી ત્યાં. સ્વસંવેદન નિર્વિકલ્પથી પહેલો જાણવો પછી શ્રદ્ધવો એમ છે ત્યાં. વસ્તુ જ્ઞાનમાં આવ્યા વિના, આ વિના શ્રદ્ધવી શી રીતે? કીધું ને ઓલું ગધેડાના શિંગડાનો દાખલો ન આપ્યો? ગધેડાના શિંગડા જગતમાં નથી એને માનો. લ્યો! શુદ્ધ અસ્તિત્વ ખ્યાલમાં નથી આવ્યું એને માનવું શી રીતે? એનો ખુલાસો આપ્યો છે ૧૭-૧૮ ગાથામાં. સમજાણું કાંઈ? પણ એ તો ખુલાસો તો હોયને. પણ એ એના પક્ષમાં આનું આ .. માણસને. આ વસ્તુ પોતે જ્ઞાનમાં જ્ઞેય થાય છે જ્ઞાનમાં. શ્રદ્ધા જ્ઞેય કરે છે? શ્રદ્ધા તો ... છે. શ્રદ્ધા શ્રદ્ધાને જાણે છે? શ્રદ્ધા જ્ઞાનને જાણે છે? શ્રદ્ધા દ્રવ્યને જાણે છે? પોતે પોતાના જ્ઞાનથી

જાણે છે. ૧૧મી ગાથામાં આવ્યું હતું કાલે. એ કહ્યું હતું કાલે. .. આવ્યા હતા બધા, રાજકોટ. લાલચંદભાઈ આવ્યા હતા. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ટીકામાં છે. શુદ્ધનય અનુસાર બોધ થવામાંથી. બોધ થયો એની પ્રતીત થાય. આ થયા વિના પ્રતીત શેની? એથી ત્યાં લીધું '**भूदत्थो देसिदो दु सुद्धणओ**'. ભૂતાર્થ તે શુદ્ધનય છે, ભૂતાર્થ તે જ જ્ઞાન-નિશ્ચય છે. ... સમજાણું કાંઈ? શુદ્ધનયથી બોધમાં શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી. આમ તો કહ્યું કે

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।

ત્યાં તો એમ લીધું, લ્યો.

**શ્રોતા** :- જ્ઞાનથી મુખ્યતા લેવી છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મુખ્યતા બેયની છે એને ઠેકાણે એ અને એને ઠેકાણે એ. એમાં આ નિમિત્ત .. બેયની મુખ્યતા છે. એઈ!

**શ્રોતા** :- ... તો ગૌણ કરી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગૌણ-બૌણ છે જ નહિ. બેયનું એક જ છે. ગૌણ બીજા. શ્રદ્ધાની અપેક્ષા લેવી હોય ત્યારે શ્રદ્ધા હોય અને જ્યારે કારણ બતાવવું હોય તો શ્રદ્ધા કારણ અને જ્ઞાન કાર્ય. એ તો અપેક્ષિત વાત છે પણ છે તો એક સમય. આ વસ્તુ છે એમ જાણ્યા વિના પ્રતીત કોની પણ? મુખ્યપણું જ્ઞાનનું છે ખરેખર તો. પણ એમાં શ્રદ્ધાનું જોર સાથે છે. એ.. ..ભાઈ! આવું બધું ઝીણું ઝીણું ચાલતા વળી એ તકરાર ચાલે. હિંમતભાઈને .. ખબર નથી. હિંમતલાલ નથી આવ્યા. ... ત્યાં ચાલ્યું હતું અમદાવાદમાં. અહીં આવીને .. પોતાની મેળે તમે હાંકે રાખો છો ગાડા. એઈ! કાંતિભાઈ! કાંતિભાઈ હતાને એમાં બેયમાં?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- .. બેમાં કીધું. બેમાં કહ્યુંને ભાઈ! એ તો હોય જાણવાનું હોય એમાં કાંઈ નહિ. એ તો જાણવાનું. ... વસ્તુસ્થિતિ જ એવી છે.

આમ જ્ઞાનમાં આ વસ્તુ છે પ્રત્યક્ષ થાય છે. એનો સ્વભાવ પ્રત્યક્ષ છે. જ્ઞાનમાં સ્વસંવેદનનું પ્રત્યક્ષપણું થાય ત્યારે તેમાં... શબ્દ તો એવો લીધો ૧૭માં '**ततः स एव श्रद्धातव्यः**' પછી શ્રદ્ધવો. એવો શબ્દ છે ટીકામાં. જાણેલો જાણે એના પછી શ્રદ્ધે અને એના પછી આચરણ કરે એવો શબ્દ છે. .. વસ્તુ સ્વરૂપ, વસ્તુ સ્વરૂપ.

એ અહીં કહે છે જુઓ, ત્યાગઉપાદાન. જ્ઞાનમાં ત્યાગઉપાદાનશક્તિ સમાવેશ પામી છે. પામી છે કે નહિ? શું કીધું ઈ વળી? જ્ઞાનસ્વરૂપ છે એને ત્યાગઉપાદાનશૂન્યત્વ છે. તો જ્ઞાનનું પરિણમન થતાં એ જ્ઞાનની પર્યાયમાં ઘટતું-વધતું નથી એવો જ એનો સ્વભાવ છે. સાધક જ્યારથી થયો ત્યારથી. સમજાણું કાંઈ? નથી જ્ઞાન, ભાન નથી એનો પ્રશ્ન ક્યાં છે અત્યારે?

એ તો પર્યાયમાં ગમે તે રીતે (માને). .. એ તો અનંત ... મિથ્યાત્વમાં તો અનંત રસની વિષમતા હોય છે. અહીં એકલી સમતા છે. આહા..હા...! જુઓ તો ખરા. સમજાય છે? શું કહ્યું ઈ? શું કહ્યું? મિથ્યાત્વના અનુભાગમાં અનંત પ્રકારના રસ છે, અનંત ભેદ છે અનુભાગ તરીકે, સાધારણ તરીકે અસંખ્ય ભાગ છે. પણ અનંત ભેદ છે. અહીં એકેય ભેદ જ નથી. આહા..હા...!

**શ્રોતા** :- ત્યાગઉપાદાનશૂન્યમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભેદ જ નથી. એકરૂપ એનું દ્રવ્ય, ગુણ અને પર્યાય. જ્ઞાનનું પરિણમન, દર્શનનું પરિણમન, ચારિત્રનું પરિણમન, આનંદનું પરિણમન, સ્વચ્છતાનું પરિણમન, પ્રભુતાનું પરિણમન, જીવત્વશક્તિનું પરિણમન, કર્તા કર્મનું. ઓહો..! આ વ્યવસ્થિત પદાર્થ પરથી ભિન્ન પડ્યો છે આખો એમ કહે છે. એનું ભાન થયે આવો હોય છે. ભાન ન થયું હોય તો એને ક્યાં વસ્તુની ખબર છે? સમજાણું કાંઈ? ભારે માર્ગ ઝીણો! એય! કાંતિભાઈ! ત્યાં હતા કે નહિ? ચર્ચા ચાલી હતી કે નહિ? ખબર નથી તમને? ખબર નથી. સાથે હોય ને. ન ... એ વાત આવી છે હોં હમણા. .. નહોતી આવી. ત્યાં અમદાવાદમાં જ ઓલા ભાઈએ .. જાણેલો કહ્યું. એ તો જાણ્યું એટલે વ્યવહાર. એ વ્યવહાર જ્ઞાનને? કીધું, બિલકુલ નહિ. '**जीवराया णादव्वो**' આવ્યું ને. '**णादव्वो तह य सद्दहेदव्वो**'. જાણવો, શ્રદ્ધવો.

અહીં કહે છે કે જ્ઞાનગુણ પણ પોતાના કારણે પરિણમન જે છે એમાં વધતું-ઘટતું બિલકુલ નથી. વસ્તુ એકરૂપ સમસ્થિત થઈ ગઈ. સમજાણું કાંઈ? મિથ્યાત્વમાં તો પણ વિષમતા અનંત પ્રકારની હતી. આહા..હા...! સમજાણું કાંઈ? શક્તિઓમાં તો ઘણું દ્રવ્યસ્વરૂપનો અચિંત્ય રીતે સમાવેશ કરી દીધો છે. શક્તિ કહો, શક્તિવાન કહો. કહે છે કે જે '**ઘટતું-વધતું જે નથી...**' એક એક ગુણનો પર્યાય, વસ્તુનું ભાન થતાં વસ્તુ અને વસ્તુના ગુણમાં અને વસ્તુની પર્યાયમાં વધતું-ઘટતું નથી. '**એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ (નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ)**' જેમનું તેમ રહેવાપણું '**ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ.**' લ્યો! જુઓ, હવે આમાં મોટી વાત ઘણી કરી બહારની. આ ૧૬. આટલા દ્રવ્ય ખપે અને આટલા દ્રવ્ય ન ખપે. આવે છેને સાતમા વ્રતમાં બધું આવે. એ તો વિકલ્પ હોય એની વાતું છે. વસ્તુનો ક્યાં ગ્રહણ-ત્યાગ છે એમાં? આહા..હા...!

**શ્રોતા** :- ... વિષમતા ઘણા પ્રકારની થઈ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાંય ન મળે. વિષમતા નહિ, એકલી સમતા .. વધતું-ઘટતું કાંઈ નહિ. એ કહ્યું. સમજાણું કાંઈ? પહેલા બોલ આવી ગયા હતા ૧૪ સુધી. ૧૪નું લીધું હતું પહેલું. ૧૫ અને ૧૬મું. .. ૧૩નું લીધું. ... આવ્યા હતા ને, કીધું આને ૧૪નું નહિ સમજાય. પરમ દિ' આવ્યા હતાને. એ બિચારા સાંભળીને બહાર તો કહે વ્યવહાર ખતમ થઈ ગયો. વાત સાચી, વાત તો બાપુ સાચી છે. વ્યવહારનો તો સ્વભાવમાં અભાવ છે.

પર્યાયમાં અભાવ છે. એ જ એનું નામ અનેકાંત છે. જ્ઞાનની પર્યાય હિનાધીક નહિ, રાગની તો વાત જ નથી. દર્શનની પર્યાય હિનાધીક નહિ, આનંદની હિનાધીક નહિ. ઘટતું-વધતું કાંઈ નહિ. ઘટતા-વધતાનો જેમાં અભાવ છે. આહા..હા...! ગજબ વાત છે. રાગનો તો અભાવ છે.

**શ્રોતા :-** લાભની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાપુ! એવી છે ભાઈ! તારું ઘર એવું છે. હવે તને થાક ન લાગે અને તું કહે, લ્યો આ વ્યવહાર વયો ગયો. વ્યવહાર વયો ગયો નથી, હતો જ નહિ. હતો નહિ પછી જાય ક્યાં? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** વ્યવહાર વિમોહિત હૃદયવાળાને કંઈ ખબર નથી પડતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, વિમોહિત હૃદયવાળાને બતાવ્યું હતુંને. ૧૧મી ગાથા. ત્યાં ચાલ્યું હતું ને બહુ સ્પષ્ટ. ... લોકોને વ્યવહાર..૧૧-૧૨. બે હજાર માણસ હતું. ૧૨મી ગાથા આવી હતી. કેટલાક લોકો તો એવું (કહેતા હતા)... આહા..હા...! આજ તો કેટલા ધર્મ ભાંગી ગયા. કીધું, વ્યવહાર વ્યવહાર તરીકે એનામાં છે પરજ્ઞેય તરીકે. વ્યવહાર જાણવો નથી, જણાય જાય છે. વસ્તુમાં દ્રવ્યની વાત કરી નિશ્ચયની ત્યારે પર્યાયમાં કંઈ હિનાધીકતા કે રાગ છે કે નહિ? એ પર્યાય એની નહિ. એથી એને જાણે એનું નામ વ્યવહાર છે. આહા..હા...! એ .. પછી .. ગયા હતા. ઓલા લોકોએ બોલાવ્યો હશે. .... લઈ ગયા હશે ત્યાં. ન સમજાય તો .. આ છે સાચું. એમાં .. આ વાત આવી હતી.

'**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ આશ્રિત સમ્યગ્દર્શન નિશ્ચય વસ્તુ આ છે. ત્યારે કહે એને કાંઈ બાકી રહે છે પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી? હા. અપૂર્ણ શુદ્ધતા અને વિપરીત રાગનો ભાગ એ એક એક.. એક એક, એક એક કરીને અનેક થાય છે. એવું આવે છેને અશુદ્ધ દ્રવ્યને કહેનારું .. અનેકપણું. બસ, એને જાણેલું જણાઈ ગયું. પ્રયોજનવાન જણાય જાય છે. સ્વપરપ્રકાશકિત પર્યાય એની ઊભી થાય છે. રાગ છે માટે થાય છે? શુદ્ધતાની એની પર્યાય જ્ઞેય છે એમાંથી જ્ઞાન ઊભું થાય છે એમ નથી. એ તો પોતાને કારણે ઊભું થાય છે. આહા..હા...!

કોકે પૂછયું હતું. ... ભારે આ તો ધર્મ. .. જુઓ આ વાત છે. ૧૧-૧૨માં નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો આવું છે. બાપુ! દયા કરવી હોય તારી તો સ્વરૂપ આ છે વસ્તુનું. બાપુ! નહિતર દુઃખના પંથે જાય અને એના ફળ દુઃખ, એનો તિરસ્કાર કેમ થાય? અનાદર કેમ થાય? એ તો જાણવા જેવી વાત છે, કરૂણા કરવા જેવી વાત છે. ભાઈ! ભલે એ દ્વેષ કરે, પણ દ્વેષ કરનાર ઉપર દ્વેષ કરવા જેવો નથી. એ ભગવાન છે, ભાઈ! પ્રભુ છે. એની પર્યાયમાં અપલક્ષણ છે. વસ્તુને ક્યાં અપલક્ષણ છે? અપલક્ષણ હોય? સ્વલક્ષણ હોય કે અપલક્ષણ હોય? આહા..હા...!

કહે છે, એ એક એક ગુણમાં વધતું-ઘટતું નથી એમ લેવું પાછું. સમજાણું કાંઈ? આ

જીવતર નામની શક્તિ કે જ જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા નામના કારણે જીવત્વ જીવનું ટકી રહ્યું છે સ્વભાવથી, એમાં પણ વધતું-ઘટતું કાંઈ નથી કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ? એમ ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, સુખ-સુખ, વીર્ય. ઓહો..હો..! સુખગુણમાં પણ ત્યાગઉપાદાનશૂન્યત્વ વ્યાપેલો છે. એથી દુઃખના પ્રકારો અનંત રસવાળા હો, એ વસ્તુમાં નથી, જ્યાં વસ્તુ છૂટી ગઈ એનાથી અને છૂટેલી જ છે, પણ છૂટેલીનું ભાન થયું એટલે એકરૂપ સુખ છે હવે. સુખની પર્યાયમાં પણ વધતું-ઘટતું છે નહિ. આહા..હા...! છતાં ઓલું સિદ્ધનું સુખ અનંતગુણું એ અપેક્ષિત વાત છે. છતાં પર્યાય વધતી-ઘટતી એની નથી. આહા..હા...! એવી વાત છે. સમજાણું કાંઈ? ઓછા-વધતાપણું એવું અનેકપણું જ જ્યાં અભાવ છે. એમ કહેવું છે. સમજાણું કાંઈ?

આ તો શાંતિથી ભાઈ! પોતાના હિતને માટે વાત છે આ. આ કાંઈ બીજાને તિરસ્કાર કરવાનું છે કે આ નથી સમજતા. એ વસ્તુ આવી છે, બાપુ શું થાય? વસ્તુ જ આ રીતે પોકાર કરે છે એમાં નિશ્ચય શી રીતે વાત બેસે? આ ઉત્પાદવ્યય થાય છે, એ ગુણ છેને ભાઈ! પણ એ ઘટતું-વધતું નથી. આહા..હા...! ગજબ વાત છે. એ અગુરુલઘુ પછી આવશે. આ તો ત્યાગઉપાદાનશૂન્યત્વ એની વાત ચાલે છે. ક્રમસર લીધું છે આખું. જુઓને પ્રમાણપ્રેમયનું આવ્યું, પછી આ લીધું અને પછી ઓલું લીધું. પ્રમાણપ્રમેયમાં જ્ઞાન થવાને લાયક છે અને પ્રમેય થવાને લાયક છે. દરેક ગુણ હોં! દરેક ગુણ પ્રમેય થવાને લાયક છે, જ્ઞાનગુણ પ્રમાણ થવાને લાયક છે. દરેક ગુણ પ્રમાણ થવાને લાયક નથી. એ વાત થઈ ગઈ ઘણી. દરેક ગુણમાં પ્રમેય થવાને લાયક નથી. એમ આ બીજાના જ્ઞાનગુણમાં પ્રમેય થવાને લાયક છે. આહા..હા...! એ બીજાના ગુણમાં પ્રમેય થવાને લાયકાત છે એમાં જે પરને જાણ, પર એને જાણે માટે નથી. પોતાનો એવો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ?

પ્રમાણ થવું અને પ્રમેય થવું બે શક્તિનું એકરૂપ લીધું. એકરૂપ લીધું. એ રીતે અભેદ કરી નાખ્યું અને આમ કીધું કે પ્રમાણ અને પ્રમેય નિમિત્ત થાય છે અને એ એના પ્રમાણને આ પ્રમેય નિમિત્ત થાય છે. એમ કહ્યું ને એ? બહુ વાત ગજબ વાત. અમૃતચંદ્રાચાર્ય. આહા..હા...! કેવળજ્ઞાનના પેટ ખોલ્યા છે. છદ્મસ્થમુનિ ૩૦૦ વર્ષ પહેલા થયા હજી. આભના.. આહા..હા...! ... જેના જ્ઞાનની ગંભીરતા, જેની જ્ઞાનમાં અચિંત્યતા એવો સ્વભાવ જેનો એને ન ઓળખ્યા લોકોએ. સંપ્રદાય બહાર પડી ગયેલો. ... વ્યવહાર સાક્ષાત્ ... કુંદકુંદાચાર્ય .. એ તો જોનારા જોવે. એનો એક એક ગુણ.

**'જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિત્યત્વરૂપ ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.'** છે. પરને ત્યાગવું કે પરને ગ્રહુ એ જીવના દ્રવ્ય અને ગુણોનો ત્યાગ કરે છે. નવનીતભાઈ! આહા..હા...! ભાઈ આ .. બહારના ત્યાગ ઉપર આત્માની દશાનું માપ કરે છે. કાંઈક ઓછું થયું, કાંઈક વધારે થયું. માપ કરે છે એ સ્થાપનાના દ્રવ્ય અને ગુણનો ત્યાગ કરે છે. સમજાણું

કાંઈ? ન સમજાય એવું નથી કાંઈ. ભાષા બહુ સાદી છે. ભાવ ભલે બહુ ઊંચા હોય. ભાષામાં કોઈ ન સમજાય એવી ચીજ નથી. કહો, શેઠ! પ્રકાશજી! ભગવાન .. ન સમજાય. .. ન જો બીજામાં. તારા શરીરને ન જો તારામાં. બીજાના શરીરને ન જો એનામાં. તારા રાગને ન જો તારામાં, બીજાના રાગને ન જો એનામાં. કાયામાં વધતા-ઘટતાને ન જો તો બીજામાં વધતા-ઘટતાને ન જો. સમજાણું કાંઈ? 'સર્વ આત્મમાં સમદૃષ્ટિ દ્યો.' આવે છેને? એ અહીંથી ઉપાડ્યું શક્તિથી. 'આ વચનને .. ' આવે છેને. ... એ આ .. બહુ છે ભાઈ! એ તો લોકોને કીધું જુઓ ભાઈ. શ્રીમદ્ તો .. ખબર નહોતી. અમે તો .. છ દ્રવ્યની રક્ષતા ત્વરાથી થાઓ. ક.. ક.. ક.. મૂક્યો અંદર. રક્ષક રક્ષણ કરનાર. ભગવાન! મારા દ્રવ્ય-ગુણનું રક્ષણ કરનાર છે આ. એનો છોડનાર ન થા. અને પર્યાય.. એટલે વિકલ્પથી પરદ્રવ્ય છે બધા. એને ત્વરાથી ત્યજો. ત્વરાથી ત્યજો. ત-ત ભેગો મળે છેને. ત્વરાથી ત્યજો. પર્યાયબુદ્ધિ ત્વરાથી ત્યજો. દ્રવ્યબુદ્ધિ ત્વરાથી. એટલે? કે પહેલો આમ કરીએ, ભક્તિ કરીએ આવી .. તો દ્રવ્ય બુદ્ધિ થા. એ રહેવા દે. એમ એમાં નથી. એમ એમાં નથી. સમજાણું કાંઈ? એ દ્રવ્યસ્વભાવમાં નથી કે કાંઈક આવો આખો આશ્રય લે તો આવો પૂર્ણ પ્રગટ થાય એવો વસ્તુનો સ્વભાવ નથી. .. સમજાણું કાંઈ?

ઓલા ગુજરી ગયા ભાઈ! ખબર પડી કે નહિ? સંતની. હમ્પીવાળા. .. ગુજરી ગયા. ગીરધરલાલ ગુજરી ગયો. આહા..હા...! જુઓને કેટલી સંધિ મારી. પંદર ભેદમાંથી એક ભેદને ન માને તો સંસારી છે. પંદર ભેદે સ્થિરતા. ... અરે! ભગવાન શું કહે છે તું? તું શું કહે છે? ... એની માયા. આ વસ્તુ છે. આડુઅવળું કાંઈ નહિ. એ એને બેઠું શ્રીમદ્ .. આ તો બહુ .. આપણા .. લીધા. શાસ્ત્રવિદો એમ કહે છે સમકિતી મરીને સ્વર્ગમાં જા. એમ નથી વાત. શાસ્ત્રવિદો એમ કહે છે. તો હું કહું છું કે ક્ષાયિક સમકિતી અત્યારે મહાવિદેહમાં ગયા. એવું થઈ શકે નહિ. .. જાતનો. કહો, ચેતનજી!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે લખાણ. એ.. છે. ઓહો..હો..!

અહીં તો કહે છે કે, ભગવાન! તું તો જેવો છો તેવો દ્રવ્યે, ગુણે અને પર્યાયે છો. એમ કહે છે. છે, છે તે છે. દ્રવ્યે છે, ગુણે છે અને પર્યાયે છે. દૃષ્ટિ થતાં દ્રવ્યનું ભાન થતાં એ તો પર્યાય પણ વધતી-ઘટતી વિનાની રહી ગઈ. સમસ્થ-સમસ્થ સમમાં રહેવું. સમભાવ પ્રગટ થયો એમાં સમભાવ આખો. કહે છે કે એ રીતે આખું આત્મતત્ત્વ પર્યાયમાં, પણ કોઈ દ્રવ્યની, કોઈ ગુણની પર્યાય હિણી-અધિક એનો એમાં અભાવ છે. એ વ્યવહારનો અભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ? માણસો કહે સ્વાધ્યાય કરીને મધ્યસ્થ થઈએ. સત્ય શું છે ત્યાં દૃષ્ટિ મૂકવી જોઈએ. મારી શ્રદ્ધા છે એ પ્રમાણે શાસ્ત્ર બોલે એમ ખેંચવું. ભાઈ! લ્યો એ ૧૬મી શક્તિ થઈ.

૧૭મી. એ એમાં જરીકમાં લઈ લેવું. વ્યવહારનો ભાવ છે આવી ગયું ને? એક શક્તિ અનંતમાં વ્યાપક છે, એક શક્તિ અનંતને નિમિત્ત છે, એક શક્તિમાં ધ્રુવતા નામ ક્ષણિતા રહેલી છે. ગુણ છે તે ધ્રુવ કારણ છે, પર્યાય તે ક્ષણિક કારણ છે. તે સમયે તે જ થવાની, તે જ સમયની તે જ પ્રકારની .. તે પર્યાય તે ક્ષણે તે જ છે. સમજાણું કાંઈ? તેમ તેમાં વ્યવહારનો અભાવ છે. વ્યવહારનો અભાવ છે તે અન્યભાવ છે. અને તે શક્તિ પ્રમાણરૂપ છે. પ્રમાણભાવ એટલે સહજભાવે છે. સહજભાવે છે. સહજભાવ તે સ્વરૂપ જ છે. એને કોઈ અપેક્ષા છે નહિ. ખરેખર તો એના પરિણમનની પર્યાયમાં પણ કોઈની અપેક્ષા નથી. ખરેખર તો એ પરિણામિકભાવની જ પરિણતિ છે. પર્યાય પરિણમી છે એ ગુણ છે અને પરિણામિક દ્રવ્ય છે. આત્મલાભ. શું કીધું? પંચાસ્તિકાય. પરિણામની વ્યાખ્યા. આત્મ લાભ એટલે આત્માની હયાતી. એવું જ આત્માનું હોવાપણું છે. દ્રવ્ય, ગુણ અને પર્યાયે એવું જ એનું હોવાપણું છે. .. સમજાણું કાંઈ? પણ પરિણમનમાં પણ એ જ પર્યાય એ જ રીતે દરેક ગુણની થાય. ઉત્પાદ-વ્યય હોવા છતાં ઉત્પાદ-વ્યયનું સમસ્ત પડખું જ ઉત્પન્ન છે. હાય.. હાય.. સમજાણું? વસ્તુનું ભાન થતાં વસ્તુ પર્યાયમાં એકરૂપે સરખી જ છે. ભાન હોય અને સમતા જ્યાં થાય એ તો જુદી વસ્તુ છે. એ કોઈ એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ?

૧૭મી શક્તિ. એ શક્તિ તારા દ્રવ્યમાં વ્યાપી છે. એ શક્તિ અસંખ્ય પ્રદેશમાં વ્યાપી છે અને એ શક્તિ અને શક્તિના ક્રમમાં આવતો પર્યાય અને તે અક્રમવર્તી એમાં આખો સમુદાય તે ખરેખર સ્થાપના છે. એને આત્મા કહેવાય છે હોં. ઓલા દ્રવ્યને એકલા નહિ. પર્યાયસહિતવાળો એ આત્મા. સમજાણું કાંઈ? હવે આવી ધર્મકથા .. કેવી હશે? તમે આ જૈનદર્શનની વાત કરો છો? ઓલામાં તો કહે છ કાયની દયા પાળવી, લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા. ઓલું તો ભગવાનની પૂજા કરવું, દેરાસર બનાવવા. વિધિએ ક્રિયા કરવી, અવિધિ છોડવી. એ જૈનદર્શન. એ જૈનદર્શન નહિ સાંભળને. કેમ શાંતિભાઈ! અજૈનને જૈનદર્શન માન્યું છે. શું થાય?

કહે છે ૧૭મી શક્તિ લ્યો! અગુરુલઘુ. હવે જુઓ ત્યાં .. હવે અગુરુલઘુ. પ્રગટ. પ્રમાણ પ્રમેય કરી. કાર્યકારણ કીધી. ૧૪મામાં કારણ કાર્ય નહિ. કોઈ પર્યાયનું રાગ કારણ અને રાગનું કારણ પર્યાય એ વસ્તુમાં નથી. પણ આવું .. ભાઈ! તને કારણ .. હયાતીવાળી ચીજ નથી? હયાતી હોય છે પણ એને .. ઉપચાર છે. વસ્તુ નથી એમ નહિ પણ એને કારણ કહેવું એ ઉપચાર છે. આમ વાત છે. સમજાણું કાંઈ? વસ્તુ છે એ ત્યાં નથી. વસ્તુ છે એ એની અપેક્ષાએ ત્યાં નથી. આની અપેક્ષાએ વસ્તુ અદ્રવ્ય, અક્ષેત્ર, ઉપચાર છે. પોતાની અપેક્ષાએ ઉપચાર છે એટલે અવસ્તુ છે. આહા..હા...! એને કારણ કહેવું એ પણ ઉપચાર છે. એને એની હયાતીથી જાણવું એ અનુપચાર છે. હયાતીથી જાણે એટલું હોં છે એમ

જાણવું. એના કારણ તરીકે જાણવું એમ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? એ .. ચોદમાં ઘણું આવી ગયું છે.

પછી આ પંદરમાં લીધું પ્રમાણ અને પ્રેમય લીધું. કે પરનું કારણ કાર્ય નથી પણ આટલું નિમિત્ત છે. તો તો એ કારણ નહિ. પ્રમાણમાં જ્ઞેયાકાર નિમિત્ત છે અને બીજાના પ્રમાણમાં આ પ્રમેય નિમિત્ત છે. છતાં કારણ કાર્ય નહિ. જુઓને આ રીતે તો નિમિત્ત શબ્દ વાપર્યો છે ને કારણ કાર્ય ન કહ્યું. સમજાણું કાંઈ? ઘણું સ્પષ્ટ કર્યું છે હોં! કેવી શૈલી છે! ગજબ શૈલી છે! વસ્તુની સ્થિતિ અમરપણે પડી છે. અમર-અમર. આહા..હા...! એવી .. બતાવી છે. અહીં નિમિત્ત આવ્યું છે. જોનારા જો. જોનારા કહે છે કે જો. અમે કહીએ છીએ ત્યાં નજર નાખ. તો આવી વસ્તુ તને શ્રદ્ધામાં આવશે. સમજાણું કાંઈ?

'**ષટ્સ્થાનપતિત...**' છ પ્રકારના સ્થાનનો આકાર એમ. છ સ્થાન એટલે પ્રકાર, પતિત એટલે આશય. એટલા ભેદ. '**વૃદ્ધિહાનિરૂપ...**' છ પ્રકારે વૃદ્ધિ અને છ પ્રકારે હાનિ. એક સમયની વાત છે હોં! ... એ તો અપેક્ષા .. વાત કરે. એટલે પર્યાયમાં .. એક સમયમાં. એક સમયના વિસ્તાર અને એક સમયમાં રહેવું વૃદ્ધિ અને હાનિ ... એક સમયમાં .. ગજબ વાત છેને કેવળજ્ઞાનની. શ્રુતજ્ઞાનમાં બધું આવી જાય તો કેવળજ્ઞાનમાં શું જાણવાનું બાકી હતું? બધુ આવી જાય એને પણ એ ઓઘે છે. પ્રત્યક્ષ નથી. સમજાણું કાંઈ?

'**ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો,...**' એવો એક ગુણ. પરિણમતો લેવો છેને એ ગુણ. છ પ્રકારે છ પ્રકારના આશ્રયે, પણ એ છ પ્રકારની હાનિવૃદ્ધિરૂપે પરિણમતો. ત્યાં પહેલો શબ્દ વૃદ્ધિરૂપે છે, પછી હાનિવૃદ્ધિ આવ્યું. અધ્યાત્મ પંચસંગ્રહમાં એમ લીધું છે. આહા..હા...! વ્યય ન થાય તો લાભ ન થાય. એ હાનિ ન થાય તો લાભ ન થાય. એટલે હાનિ ન થાય તો લાભ ન થાય, લાભ ન હોય તો હાનિ ન હોય. એટલે એમ કહ્યું ઉત્પાદ હોય પણ હાનિવૃદ્ધિ નથી. ઉત્પાદની વૃદ્ધિ અને વ્યય .. એવું નથી. એક સમયમાં કોઈ એવા અનંતગુણમાં એક એક સમયની પર્યાયમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિરૂપ કોઈ અગમ્ય સ્વભાવ. '**સ્વરૂપ-પ્રતિષ્ઠત્વના કારણરૂપ...**' આત્માના સ્વરૂપના આધારરૂપ એની પ્રતિષ્ઠારૂપ '**(વસ્તુને સ્વરૂપમાં રહેવાનાકારણરૂપ)**' લ્યો! ... કહેવાય. સ્વરૂપ-પ્રતિષ્ઠત્વ. પ્રતિષ્ઠત્વ. સ્વરૂપના રહેવાપણાના કારણરૂપ, રહેવાના કારણરૂપ. '**એવો જે વિશિષ્ઠ (-ખાસ) ગુણ...**' ખાસ ગુણ. ખાસ ગુણ એમ લખ્યું આમાં પાછું જોયું! '**તે-સ્વરૂપ અગુરુલઘુત્વશક્તિ.**' દરેક ગુણની પર્યાયમાં કેવળજ્ઞાનીની પર્યાયમાં પણ અનંત ચતુષ્ટય પ્રગટ્યા એની પર્યાયમાં પણ અગરુલઘુ એક સમય તે પરિણમે એવો જ કોઈ સ્વભાવ છે. એ આવ્યુંને જરી? અગુરુલઘુનું નહિ છ સામાન્ય. અગુરુલઘુગુણ તેને કહીએ કે જે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થાય નહિ, એક ગુણ બીજા ગુણરૂપે થાય નહિ, એક પર્યાય બીજી પર્યાયરૂપે થાય નહિ. એ પર્યાય ગુણો વિખરાઈને, ગુણો વિખરાઈને પર્યાય છૂટી પડીને અભેદપણું કરી જાય ...

સિદ્ધાંત પ્રવેશિકા. આવે છે કે નહિ? એય! બિપીન! બિપીન છે કે નહિ? આવે છે કે નહિ સિદ્ધાંત પ્રવેશિકામાં? અગુરુલઘુ કોને કહે છે? મિથ્યાત્વગુણ? શું? હા એ. દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે, ગુણ વિખાઈ જાય નહિ, પર્યાય બદલીને એની ... વિખાઈ ન જાય. એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે થાય નહિ, એક ગુણ બીજા ગુણરૂપે થાય નહિ, દ્રવ્ય દ્રવ્ય થાય, ગુણ ગુણરૂપે થાય. પર્યાય બીજી પર્યાયપણે થાય નહિ, એક પર્યાય બીજાની પર્યાયપણે થાય નહિ. એવો અગુરુલઘુ ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપે પર્યાયમાં પરિણમે ને? એની વાત છે કે નહિ? ગુણ એવો છે કે એ પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિરૂપે પરિણમે.

**'ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિરૂપે પરિણમતો,...'** પહેલાં ઘટતું નથી અને વધતું નથી એમ કહ્યું. એય! જુઓને વીતરાગદર્શન. હવે .. એનાથી વૃદ્ધિહાનિરૂપે પરિણમે સમય સમયમાં. પણ સ્વભાવ આ છે. બાપુ! એ તો .. વાત છે. સમરૂપ એકરૂપ રહેવું એમ છે. સમતાથી છે નહિ. પણ અહીંયાં તો અંદરનો સૂક્ષ્મ એ પર્યાયનો સ્વભાવ ષટ્ગુણ હાનિવૃદ્ધિરૂપે અસ્તિરૂપે તે રીતે જ છે. આહા..હા...! ઓલામાં કહ્યું છેને. પંચ સંગ્રહમાં એક જ્ઞાનનો પર્યાય અનંત અનંત અનંત દ્રવ્યને .. જાણે, ગુણને .. જાણે, પર્યાયને .. જાણે. એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદને જાણે એક એક અવિભાગ પ્રતિચ્છેદ સપ્તભંગી કરીને એના અનંતા ભવને જાણે. અને દર્શન એક સમયમાં ભેદ વિના બધું આખું એક જાણે. એ અદ્ભુત રહસ્યમાં લીધું છે એણે. ક્યા? અદ્ભુત રસ એનો એનામાં કેવો? કે એક પર્યાય ભિન્ન-ભિન્ન કરીને વિકલ્પ ને રાગના આશ્રય વિના જાણે અને એક પર્યાય કાંઈ .. એક દ્રવ્ય આ .. આ ગુણ લે, આ જીવ ને આ જીવ એને નહિ. આહા..હા...! જુઓ તો સ્વભાવને! અદ્ભુત એની ગુણની પર્યાયનો રસ છે કહે છે. આહા..હા...!

.. આવે છે કે નહિ? એક સમયની પર્યાય ભેદે કરી જાણે. એક સયમની પર્યાય કાંઈ ભેદ ન કરે. થઈ રહ્યું લ્યો! વસ્તુનો સ્વભાવ.. આત્માનો સ્વભાવ આત્માના સ્વભાવ વડે રહેશે. બીજી રીતે કોઈ રીતે બેસે નહિ. અને તે પણ આ પ્રત્યક્ષ થાય એવું છે જુઓને! અને પછી તો જ્ઞાનમાં દ્રવ્ય પ્રત્યક્ષ થાય છે કે નહિ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કહ્યું એ તો અનંતાની પ્રગટતા એના ખ્યાલમાં નથી આવતી. પ્રત્યક્ષ થાય છે. પ્રત્યક્ષ એટલે પરનો આશ્રય લેવો પડતો નથી. એય! પણ પ્રત્યક્ષ થવું તેનો ગુણ છે. પ્રકાશ..માં આવી ગયું છે. વસ્તુ પરોક્ષ રહે એ આત્મા નહિ. આહા..હા...! પડદો રહે એ આત્મા નહિ. પડદે રહે એ બાયડી. શું કહેવા તમારે ઓલા ઓઝલ-ઓઝલ. ઓઝલમાં રહે સ્ત્રી. ઓઝલમાં પુરુષ રહેતો હશે? એમ ભગવાન આત્મા. આહા..હા...! એની વાસ્તવિક ચીજની એને ખબર નથી. અને ખબર વિના આ ધર્મ થઈ જાય. આ કરો, આ કરો ને આ કરો. અરે! ભગવાન! શું કરે છે તું? તારા ઘર છોડીને પરઘરની વાતું ઘર પ્રગટ

થશે. નિજઘરને છોડી પરઘરની ભાવનાથી નિજઘર પ્રગટ થશે. આહા..હા...! ભારે! આંધળું ખાતુ અનાદિનું.

આજ એક આવ્યું ભાઈ નહિ ઓલા અમરનું નહિ આગ્રામાં. હમણા આવ્યું પાછું. .. ભગવાનને પૂછયું. ગૌતમ સ્વામી. પ્રભુ આપની સેવાનો લાભ એ વધારે કે પાંગળા, લુલા-લંગડાની સેવાનો લાભ વધારે? હે ગૌતમ મારી સેવા કરતા એની સેવાનો લાભ વધારે છે. અરે! ભગવાન! શું કરે છે? ક્યાથી આ કરે છે? પહેલામાં આવ્યું હતું. કહ્યું હતું એક ફેરી. પણ હમણા એ આવ્યું પાછું. અમર..માં આવ્યું. બહુ વિશાળ વાંચન છે. .. એમ કહે. અરર! ભગવાન! એય! પ્રકાશદાસજી!

**શ્રોતા** :- લોકોને ગમે

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લોકોને ગમે. આહા..હા...! આપણી સેવા કરે. ગૌતમ પૂછે મહાવીર જવાબ આપે. ફેર પડે છે કે નહિ? અનંત દ્રવ્ય, એની એક એક પર્યાય ભિન્ન, કોઈની પર્યાયમાં કોઈનો પ્રવેશ નહિ, કોઈની પર્યાય કોઈને અડે નહિ અને એની સેવા કરે. એ ભગવાન કહે મારી સેવા.. ભગવાનની શું સેવા કરવી?

**શ્રોતા** :- ભગવાન .. સુખી થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સુખી થઈ જાય. પણ કાંઈ મેળ? વિચાર-વાંચન કરે છેને. પ્રકાશદાસજી ત્યાં જઈ આવ્યા છે. આહા..હા...! પ્રભુ! કોની સેવા પ્રભુ!

એ કહ્યું હતું પંચસંગ્રહમાં. શુદ્ર ગુણને કહ્યું હતું ને. એક ગુણ બીજા ગુણનું રક્ષણ કરે છે એ કેવા છે. અગુરુલઘુ બધા ગુણને અગુરુલઘુપણે રાખે છે. એ તો નિમિત્તથી પણ છતાં એ એક એને કીધું હતું. એક એક ગુણ સાધુ છે અને એક એક ગુણ વૈશ્ય છે અને એક ગુણ બ્રાહ્મણ છે અને એક ગુણ શુદ્ર છે. .. પોતે રાખે છે. ઈ સેવા છે. રાગની સેવા કરે નહિ, પરમાણુની સેવા કરે, પરદ્રવ્યની સેવા કરે જીવની. પ્રભુ! તે તારું દ્રવ્ય પરથી ભિન્ન છે. પરિપૂર્ણ છે એને ક્યાંય ઓછુ-વત્તું કરવું પરથી છે નહિ. પરનું કરવું છે નહિ. એવું અહીં કહે છે. અગુરુલઘતુત્વ નામનો એક ગુણ છે. આહા..હા...!

આ '**ષટ્સ્થાનપતિત...**' પતિત એટલે આશ્રય. છ પ્રકારના આશ્રયથી કથન. '**વૃદ્ધિહાનિનું સ્વરૂપ 'ગોમ્મટસાર' શાસ્ત્રમાંથી જાણવું. અવિભાગપરિચ્છેદોની સંખ્યારૂપ...**' એટલે એક સમયની પર્યાયમાં અંશો અનંત ફરે છે એની સંખ્યાની વાત કરી બધી. '**ષટ્સ્થાનોમાં પડતી—સમાવેશ પામતી—વસ્તુસ્વભાવની વૃદ્ધિહાનિ જેનાથી (-જે ગુણથી) થાય છે અને જે ગુણ વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે...**' એમ. હાનિવૃદ્ધિ હોવા છતાં તે સ્વરૂપમાં જ છે. એમાં બીજે ક્યાંય જાતું નથી. આહા..હા...! '**જેનાથી (-જે ગુણથી થાય છે અને જે ગુણ વસ્તુને સ્વરૂપમાં ટકવાનું કારણ છે એવો કોઈ ગુણ આત્મામાં છે;...**' લ્યો! '**તેને અગુરુલઘુત્વગુણ કહેવામાં આવે છે. આવી અગુરુલઘુત્વશક્તિ પણ**

**આત્મામાં** છે.' એમ કે આવી શક્તિ ફલાણી-ફલાણી કીધી આ પણ એમાં. અને બધા ગુણોમાં એ વ્યાપી રહી છે અને અગુરુલઘુગુણાં ખરેખર તો પરનો અભાવ છે, વ્યવહારનો અભાવ છે. એક સમયમાં હાનિવૃદ્ધિ છે એ રીતે જ એનું સ્વરૂપ છે. બીજી રીતે એના સ્વરૂપનો અભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ? એવો દ્રવ્યનો સ્વભાવ દૃષ્ટિમાં લેવો અને અનુભવમાં લેવો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી નિયમસાર, ગાથા-૯૮,
## પ્રવચન નં. ૯૯, તા. ૧૭-૦૯-૧૯૭૨
## (૫)

આ દસ લક્ષણી પર્વનો પાંચમો દિવસ છે. બે દિવસ તો આઠમ ચાલી ગઈ ને. શૌચધર્મ. પહેલા આવ્યું હતું ઉત્તમક્ષમા, બીજું આવ્યું માર્દવ—નિર્લોભતા, નિર્માનતા. ત્રીજું આવ્યું હતું, સરળતા, ચોથું આવ્યું હતું સત્ય. એમાં શૌચ .. સત્ય લીધું. આ પાંચમો અહીંયાં શૌચ ધર્મ છે. શૌચધર્મનો અર્થ નિર્લોભતા.

यत्परदारार्थदिषु जन्तुषु निःस्पृहमहिंसकं चेतः।
दुश्छेद्यान्तर्मलहृत्तदेव शौचं परं नान्यत्।।९४।।
(पद्मनंदी पंचविंशति–धर्मोपदेशामृत अधिकार)

જે કોઈ પ્રાણી... એમાં નથી. આ તો ઉપરથી છે. પરસ્ત્રી અને પરધનમાં ઇચ્છારહિત છે અને કોઈપણ જીવને મારવાની ભાવના નથી અને અત્યંત દુર્ભેદ લોભ. જીવનનો લોભ, આરોગ્ય રાખવાનો લોભ, ઇન્દ્રિયો સાજી રાખવાનો લોભ અને ઉપભોગનો લોભ. એવો લોભ ક્રોધાદિ મળને હરણ કરનારું છે. જે કોઈ લોભ અને ક્રોધાદિનો નાશ કરનાર છે એવું ચિત્ત તે શૌચધર્મ છે. પરંતુ એનાથી ભિન્ન કોઈ શૌચધર્મ નથી. કહે છે, પવિત્રતા અંદરની એ શૌચ ધર્મ છે. મિથ્યાત્વમળથી રહિત, કષાયમળથી રહિત પોતાનું ચિત્ત પવિત્ર થવું એનું નામ શૌચ ધર્મ કહેવામાં આવે છે. બહારથી સ્નાન આદિ કરે એ તો માછલી પણ પાણીમાં બહુ રહે છે. એનાથી કોઈ શૌચ થતો નથી.

गंगासागरपुष्करादिषु सदा, तीर्थेषु सर्वेष्वपि;
स्नातस्याऽपि न जायते तनुभृतः, प्रायो विशुद्धिः परा।
मिथ्यात्वादिमलीमसं यदि मनो, बाह्ये ऽतिशुद्धोदकैः,
धौतं किं बहुशोऽपि शुद्धयति सुरा,-पूरप्रपूर्णोघटः।।९५।।

આચાર્ય કહે છે, જે પ્રકારે અત્યંત ઘૃણિત મદ્યથી ભરેલો ઘડો, દારૂથી ભરેલો ઘડો ઘણીવાર શુદ્ધ જળથી ધોવામાં પણ આવે તોપણ એ શુદ્ધ નથી થઈ શકતો. એ જ પ્રકારે મનુષ્ય બાહ્યમાં ગંગા, પુષ્કર આદિ તીર્થોમાં સ્નાન કરે છે. શેત્રુંજયમાં, અહીંયા છે ને શેત્રુંજય. એવું કહેવાય છે કે જે શેત્રુંજયમાં ન ન્હાયા હોય એના ભવનો (અંત ન આવે). આવા ને આવા બધા. નદીમાં ન્હાવાથી (થતું હોય) તો માછલા બહુ રહે છે નદીમાં. એનાથી

જો પવિત્ર થવાતું હોય તો ઈ પણ પવિત્ર થઈ જાય. માછલી તો એમાં રહે છે અને નરકમાં પણ જાય છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. બસ એ. જે ન ન્હાયો... ધૂળમાંય નથી હવે સાંભળને. શેત્રુંજયનો શું અર્થ? સાક્ષાત્ ભગવાનના દર્શન કર્યા એ પણ શુભરાગ છે, એનાથી પણ આત્માની શુદ્ધિ થતી નથી. સમજાણું કાંઈ?

તો કહે છે કે જે મનુષ્ય બાહ્ય ગંગા, પુષ્કર આદિ તીર્થોમાં સ્નાન કરે છે, પરંતુ એનું અંતઃકરણ અનેક પ્રકારથી મિથ્યાત્વાદિ કષાયોથી મલિન છે. એમાં મિથ્યાત્વ છે? મિથ્યાત્વ શબ્દ છે એમાં? એ સામાયિકનું.. ખોટી વાત. પાઠમાં છે. '**मिथ्यात्वादिमलीमसं**' છે ને. વિપરીત માન્યતા—ભગવાન આત્માના સ્વભાવથી ઊલટી માન્યતા એ જ મહા મેલ અને મલિનતા છે. તેનાથી '**मलीमसं**' છે. કદાપિ ઉત્કૃષ્ટ શુદ્ધિને એ પ્રાપ્ત કરી શકતો નથી. એ તો અપેક્ષા લીધી છે. કોઈ કહે છે કે થોડીક તો શુદ્ધિ પ્રાપ્ત કરી શકે કે નહિ? કદાપિ ઉત્કૃષ્ટ શુદ્ધિને (પ્રાપ્ત કરી શકતો નથી). ઉત્કૃષ્ટ નામ નિર્મળ પોતાનું પવિત્ર હૃદય જે છે મિથ્યાત્વ અને રાગરહિત તે આવા બહારના સ્નાનથી થઈ શકતું નથી. એનું અંતઃકરણ... માટે મનુષ્યે સૌ પ્રથમ પોતાના અંતઃકરણને શુદ્ધ કરવું જોઈએ. જ્ઞાનાનંદ સ્વભાવમાં સ્નાન કરવું જોઈએ.

ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ નિર્મળ ચૈતન્યજળથી ભરેલો કુંભ પોતાનો આત્મા, એમાં પ્રવેશીને સ્થિર થવું તે જ યથાર્થ પવિત્ર થવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? બાહરમાં આમ શેત્રુંજય જાય ને સમ્મેદશિખર જાય ને. એક જણને સમ્મેદશિખરની ઘણી મહિમા હતી. ત્યાં તો જે જાય પછી અભવિ ન જાય એમ કહે છે. જા જાય એ ભવિ થઈ ગયો. આવા ને આવા ગપગોળા છે. સમજાણું કાંઈ? પોતાની વિપરીત માન્યતા રહિત પોતાનું ચૈતન્યસ્વરૂપ ભગવાન પવિત્ર આનંદ અને જ્ઞાનથી ભરેલો સમુદ્ર પ્રભુ આત્મા છે એમાં સ્નાન કરવું, પ્રવેશ કરવો એ જ સ્નાન અને શુદ્ધિનું કારણ છે. સમજાણું કાંઈ? બાકી એ શુદ્ધ ન હોય ત્યાં સુધી સર્વ બાહ્ય ક્રિયા વ્યર્થ છે. એ શૌચધર્મની વ્યાખ્યા થઈ. પાંચમો છેને? પાંચ દિ' બાકી રહ્યા. કાલે તો સુગંધદશમી છે ને સુગંધદશમી.

આપણે અહીંયાં આવ્યું છે. ૯૮, ૯૮ ગાથા.

**पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं वज्जिदो अप्पा।**
**सो हं इदि चिंतिज्जो तत्थेव य कुणदि थिरभावं।।९८।।**

**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધ વિરહિત જીવ જે**
**છું તે જ હું-ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.**

પ્રત્યખ્યાન કોને કહે છે, ત્યાગ કોને કહે છે એની વાત ચાલે છે.

'**ટીકા :- અહીં (—આ ગાથામાં), બંધરહિત આત્મા...**' સમયસારમાં આવ્યું છેને? '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' ૧૪-૧૫ બે ગાથામાં પોતાનો આત્મા બંધરહિત છે. બંધસહિત છે એ તો વ્યવહાર છે. વસ્તુની દૃષ્ટિ કરતાં એ આત્મા બંધરહિત છે. કર્મથી અને રાગથી પણ બંધાણો નથી. આહા..હા...! એવો જ્ઞાનાનંદ ભગવાન આત્મા '**બંધરહિત આત્માને ભાવવો...**' એની અંતરમાં ભાવના—એકાગ્રતા કરવી જોઈએ. '**એમ ભવ્યને શિખામણ દીધી છે.**' ભવ્ય નામ પ્રાણી પાત્ર મોક્ષને લાયક છે એને શિખામણ દેવામાં આવી છે.

'**શુભાશુભ મનવચનકાયસંબંધી કર્મોથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે;...**' શું કહે છે? શુભાશુભ મન-વચન-કાયા. જે કંપન્ન યોગ .. આવે છે કે નહિ? ક્યાં આવે છે? દ્રવ્યસંગ્રહમાં. ઈ કહે છે. મન, વચન અને કાયા એ યોગ એનાથી પ્રકૃતિ નામ કર્મનો સ્વભાવ અને કર્મના પરમાણુના પ્રદેશનો બંધ થાય છે. અને '**ચાર કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે;...**' કર્મમાં સ્થિતિ, મુદ્દત અને અનુભાગ એ ચાર કષાયોથી (થાય છે). એ કષાયમાં મિથ્યાત્વ આવી ગયું. આ ચાર બંધરહિત. ભગવાન આત્મા વ્યવહારે બંધસહિત છે અને નિશ્ચયથી બંધરહિત છે. આહા..હા...! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનુભાગ એ જુદો. એ તો એક સમયનો રસ હોય છે કર્મરૂપ પરિણમ્યો ઈ અપેક્ષાએ. ઈ આ નહિ.

અહીંયાં તો અનુભાગ વિશેષ પડે છે એનું કારણ મિથ્યાત્વ અને કષાય છે. પર્યાયમાં તો એક કર્મરૂપ પરિણમન થયું ને એ અપેક્ષાએ અનુભાગ કહ્યો. જે પરમાણુ કર્મરૂપ નહોતા એ કર્મરૂપ થયા એટલો અનુભાગ અંશ છે એટલું ગણવું. એની ગણતરી નથી, એની અહીંયાં ગણતરી નથી. અહીંયાં તો ચાર બંધ રહિત પોતાનો સ્વભાવ ભગવાન આત્મા જ્ઞાન, આનંદસ્વરૂપ એવી ચીજ રાગ અને પ્રકૃતિ, કષાયથી રહિત એવો નિજ આત્મા છે. આહા..હા...! જ્ઞાનસ્વરૂપ આત્મા એ ત્રિકાળી વસ્તુ, એમાં યોગ અને કષાયથી રહિત એ ચીજ છે. તો તેને બંધ નથી. આહા..હા...!

**શ્રોતા :-** ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે. બંધ હોવા છતાં બંધ નથી અને અબંધ છે એવી દૃષ્ટિ કરવી એનું નામ આત્માના એકાગ્રતાની ભાવના છે. આહા..હા...! સમજાણું કાંઈ?

'**આ ચાર બંધો રહિત સદા નિરુપાધિસ્વરૂપ...**' હું તો ત્રિકાળી સદા ઉપાધિ, રાગ અને કર્મની ઉપાધિથી રહિત '**જે આત્મા તે હું છું.**' સમજાણું કાંઈ? એવો આત્મા તો કેવળ થાય ત્યારે થાય. અત્યારે એવો છે. સાંભળ તો ખરો. દૃષ્ટિ કરતાં, પોતાની ચીજ ઉપર દૃષ્ટિ કરતાં એ વસ્તુ ચાર બંધથી રહિત જ છે. આહા..હા...! સમજાણું કાંઈ? નિરુપાધિસ્વરૂપ જે આત્મા. વિકલ્પ નામ રાગ અને યોગ નામ મન, વચનનું કંપન એ બંધનું કારણ છે.

એ બંધના કારણરહિત છે તો બંધ એમાં નથી. આહા..હા...! એ દૃષ્ટિમાં કબુલાત આવવી અનંત પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? હું રાગ અને કષાય અને કંપન્નરહિત સદા નિરૂપાધિ ભગવાન પરમાનંદસ્વરૂપ છું એવી દૃષ્ટિ કરવી, તે જ હું આત્મા એમ માને. એવો હું આત્મા, અબદ્ધસ્વરૂપ એવો હું આત્મા. આહા..હા...! સમજાણું કાંઈ?

'તે હું છું...' ત્રિકાળ નિરુપાધિ આનંદકંદ પ્રભુ, સચ્ચિદાનંદ આત્મા પૂર્ણ જ્ઞાનસ્વભાવી અબંધસ્વરૂપી તે હું છું. એવી ભાવના સમ્યગ્જ્ઞાનીઓએ... છેને? '**સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.**' આહા..હા...! નિરંતર. સમયનું અંતર પડ્યા વિના હું તો અબદ્ધસ્વરૂપ છું. ઓહો..હો..! દૃષ્ટિએ જ્યાં સ્વભાવ ઉપર દૃષ્ટિ પ્રસરી... સમજાણું કાંઈ? એ આત્મા તો અબદ્ધસ્વરૂપ છે. હું છું એ તો પર્યાય જાણે છે. શું કહ્યું એ? '**નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું...**' એ દ્રવ્ય ધ્રુવ નથી જાણતું. પર્યાય સ્વસન્મુખ થઈ. માર્ગ અલૌકિક છે ભાઈ! વીતરાગનો ધર્મ સાધારણ લોકોએ માની રાખ્યો છે એવી એ ચીજ નથી. અહીંયાં તો પર્યાય કબુલ કરે છે, દૃષ્ટિ જ્યાં પર્યાય... દૃષ્ટિ પર્યાય છેને? દૃષ્ટિ એક સમયની પર્યાય છે. એ દૃષ્ટિ ત્રિકાળ નિરુપાધિસ્વરૂપનો જ્યાં સ્વીકાર કરે છે કે હું તો આ છું. હું છું એમ નહિ, હું આ છું.

**શ્રોતા :-** પોતાને ભૂલી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતે એનો નિર્ણય કરે છે. પર્યાય નિર્ણય કરે છે. નિર્ણય તો પર્યાયમાં થાય કે નહિ? કે ધ્રુવમાં થાય છે? ભારે ઝીણું ભાઈ! પર્યાય ને દ્રવ્ય ને ગુણ.

**શ્રોતા :-** ધ્રુવના અવલંબે થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધ્રુવનો આશ્રય લે છે એ પર્યાય. એ પર્યાય એમ કહે છે. અહીં તો બીજી વાત છે કે નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું. ત્રિકાળ અબદ્ધસ્વરૂપ નિરૂપાધિ ભગવાન જેમાં સંસાર-ઉદયની ગંધ નથી. સમજાણું કાંઈ? અરે! જેમાં ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પણ નથી. એવો ત્રિકાળી ભગવાન આત્મા અબદ્ધસ્વરૂપ અર્થાત્ મુક્તસ્વરૂપ તે હું છું એમ પોતાની પર્યાય વર્તમાન દશામાં હું નિરુપાધિ ભગવાન આત્મા છું એવો નિર્ણય કરે છે. એવી કબુલાત કરે છે. આહા..હા...! સમજાણું કાંઈ? ભારે આવો ધર્મ ભાઈ! વીતરાગનો ધર્મ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. વીતરાગી પર્યાય એમ કહે છે, જાણે છે. આહા..હા...! રાગથી ખસીને પોતાના અબદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ પડવાથી એ દૃષ્ટિ અને વર્તમાન જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે હું તો નિરુપાધિ આત્મા તે હું છું. આહા..હા...! એ થાય છે પર્યાયમાં, પણ એ પર્યાય નિરુપાધિક ત્રિકાળને નિર્ણય—લક્ષમાં લે છે. આહા..હા...! ભારે માર્ગ ભાઈ!

**શ્રોતા :-** સ્વભાવરૂપ માનતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્વભાવ અંતર આમ થયો ત્યારે એણે માન્યું ને? આમ જે હતું કે હું અલ્પજ્ઞ છું, રાગ છું ત્યાં સુધી પરમુખ હતી. એ પર્યાય નહિ પણ બીજી

પર્યાય. એ તો ગઈ. જે પર્યાય (એમ જાણતી હતી કે) વર્તમાન પર્યાયરૂપ છું, રાગરૂપ છું એ તો મિથ્યાત્વભાવની પર્યાય હતી. આહા..હા...! એક સમયની પર્યાય એમ જાણે કે હું પર્યાયરૂપ છું, રાગરૂપ છું એ તો મિથ્યાત્વભાવ હતો. આહા..હા...! એ મિથ્યાદર્શન શલ્ય હતું. સમજાણું કાંઈ? એ નહિ. હું પર્યાયરૂપ નથી. આહા..હા...! હું રાગરૂપ નથી. જે પર્યાય અંતર્મુખ થઈ એ પર્યાય કહે છે કે હું તો નિરુપાધિ આત્મા છું. આહા..હા...! આવો ધર્મ. એ.. હિંમતભાઈ! બરાબર છે. લોઢાના વેપારમાં હવે આ (બધું સમજવું). આહા..હા...! ક્યાં વેપાર હતો લોઢાનો, એને ઘરે ક્યાં હતો? એને ઘરે તો હું પર્યાય છું ને રાગ છું એ વેપાર હતો. એના ઘરમાં તો હું એક સમયની પર્યાય છું અને હું રાગ છું એ વેપાર હતો. એ મિથ્યા વેપાર મિથ્યાદૃષ્ટિનો વેપાર છે. આહા..હા...! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિનો વેપાર તો, એ પર્યાય કહે છે કે હું તો નિરુપાધિકસ્વરૂપ ભગવાન છું. મારી દૃષ્ટિનો વિષય જે ધ્રુવ નિરુપાધિક સ્વરૂપ, મારી જે દૃષ્ટિનો વિષય નિરુપાધિક ભગવાન એ દૃષ્ટિનો વિષય એ હું છું. ભગવાનજીભાઈ! આહા..હા...! ભારે ઝીણું ભાઈ! દૃષ્ટિ જાણે છે કે હું દૃષ્ટિરૂપ નથી. દૃષ્ટિ તો એક સમયની પર્યાય છે. સમજાણું કાંઈ? આહા..હા...! એ પર્યાય સ્વસન્મુખ થાય છે તો સ્વીકારમાં તો નિરૂપાધિ આત્મા હું છું એમ આવ્યું. હું પર્યાય છું એમ એમાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન. અને લોકો બહારથી માને દેવ-ગુરુ-શાસ્ત્રની અમને શ્રદ્ધા છે, નવ તત્ત્વની અમે સાચી શ્રદ્ધા રાખીએ છીએ એ સમ્યગ્દર્શન. દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ, ભગવાને કહેલો ધર્મ અમે માનીએ છીએ એ સમકિત છે. ધૂળેય નથી, સાંભળ તો ખરો. ધૂળને અર્થ? લોકોત્તર પુણ્ય પણ એમાં નથી. સમજાણું કાંઈ?

ચાર બંધથી રહિત... જે દૃષ્ટિ, જે જ્ઞાનની વર્તમાન પર્યાય ચાર બંધથી રહિત એવો નિરુપાધિ સ્વભાવ આત્મા તે હું છું, તે હું છું. હું છું એ હું નહિ. આહા..હા...! જુઓ! એક વીતરાગ માર્ગની મોજ! આવી વસ્તુ સર્વજ્ઞ વીતરાગ એના સંતો, દિગંબર મુનિઓ એ સિવાય ક્યાંય છે નહિ. પર્યાય વળી, પર્યાય અહીં સન્મુખ થાય છે, વળી પર્યાય સન્મુખ થાય છે તો પર્યાય કહે છે હું એટલો નથી, હું તો ત્રિકાળી નિરુપાધિસ્વરૂપ તે હું છું. સમજાણું કાંઈ? સમજાય એવી વાત છે. ન સમજાય એવી નથી.

વસ્તુ છે. અનંત અનંત શાંતિ ને સ્વચ્છતાનો પિંડ પ્રભુ સદશ ધ્રુવ, સત્તા મહા પ્રભુ એ તરફ પર્યાય વળવાથી એ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે. એ પર્યાયમાં તો દ્રવ્ય દૃષ્ટિમાં આવ્યું. અબદ્ધસ્વરૂપ હું છું એમ આવ્યું. આહા..! હું આ પૂર્ણ પર્યાયરૂપ છું એમ પણ એમાં ન આવ્યું. હીરાભાઈ! આહા..હા...! આ એની મોજું રાજા રમતે ચડ્યો. આત્મામાં જતાં પોતાના ઘરમાં રમત માંડી ત્યાં રમત કહે છે કે હું તો નિરુપાધિ આત્મા છું. મારી રમતનો પર્યાય પણ એટલો એ હું નહિ. આહા..હા...! નવનીતભાઈ! આહા..હા...! જેમાં હું નથી

તે હું છું. એય! સમજાણું કાંઈ? પર્યાય જાણે છે, સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્જ્ઞાનની પર્યાય એમ જાણે છે... ... કોઈ દિ' કાને પણ પડ્યું ન હોય આ. આ સેવા કરો, આ કરો. મરી ગયો. ધૂળની સેવા કરતો નથી, રાગની સેવા કરે છે. સમજાણું કાંઈ?

'**ચાર બંધો રહિત સદા નિરુપાધિસ્વરૂપ...**' ત્રિકાળી ધ્રુવસ્વરૂપ એ આત્મા, જે આત્મા તે હું છું. આહા..હા...! ગજબ વાત છે! શેઠ! કોઈ દિ' સાંભળી ન હોય. જેમાં હું નથી એ હું છું. સમજાણું કાંઈ? પર્યાય જે છે એ ધ્રુવમાં નથી. તો પર્યાય એમ જાણે છે... સમજાણું કાંઈ? કે ત્રિકાળી નિરુપાધિસ્વરૂપ ભગવાન જેમાં હું નથી તે હું છું. આહા..હા...! ગજબ વાત છે! પર્યાય, દ્રવ્ય, ગુણની ખબર જ્યાં નથી હજી તો. કોને પર્યાય કહેવી? કોને ગુણ કહેવા? કોને દ્રવ્ય કહેવું? આહા..હા...! તે વળી એકવાર સાધુને પૂછ્યું, ઘણા વર્ષ થયા. (સંવત) ૧૯૮૨ની સાલ હતી. કીધું, આ સામાયિક છે... સ્થાનસવાસી સાધુ હતો, આ સામાયિક છે એ ત્રસ છે કે સ્થાવર? એણે જવાબ એવો આપ્યો કે મારા ગુરુએ શીખવ્યું નથી. અરર..! આ સાધુ નામ ધરાવે. સામાયિક ત્રસ છે કે સ્થાવર એની ખબર નથી હજી.

**શ્રોતા :-** બે-ત્રણ વાર કરે મહારાજ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આખો દિ' સામાયિક કરે. સાધુ છેને. માનેલી હોં! હતી તો કે દિ'? આહા..હા...! સાધુને ચોવીસે કલાક સામાયિક હોય છે. અહીં સદા કીધુંને? હું સદા આવો છું. તો પર્યાય એનો સદા સ્વીકાર કરે છે. નિરંતર ધારાવાહી. આહા..હા...! અરેરે..! વીતરાગનો માર્ગ સાંભળવા મળે નહિ અને બહારની કડાકૂટામાં જિંદગી ચાલી જાય. એ તો, જેવા ઈયળના મરણ એવા એના મરણ. સાધુ હોય ભલે બહારમાં પણ અંતરની આ દૃષ્ટિના વિષયની ખબર નથી. અને મારી દૃષ્ટિ શું છે? એ દૃષ્ટિ કોનો સ્વીકાર કરે છે? આહા..હા...! હું તો ત્રિકાળી નિરુપાધિસ્વરૂપ, ધ્રુવસ્વરૂપ ભગવાન હું છું એમ સમ્યગ્જ્ઞાનની પર્યાય અને સમ્યગ્દૃષ્ટિની પર્યાય આમ સ્વીકારે છે. આહા..હા...!

**શ્રોતા :-** બહુ સુંદર સ્પષ્ટીકરણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વાત છે, ભાઈ! આહા..હા...!

'**એમ સમ્યગ્જ્ઞાનીએ...**' જુઓ, ઓલું સદા નિરુપાધિ અહીં '**નિરંતર ભાવના કરવી.**' ત્રિકાળ નિરુપાધિસ્વરૂપની દૃષ્ટિ થઈ એ દૃષ્ટિ નિરંતર કરવી. આહા..હા...! સમજાણું કાંઈ? સંચો ચાલુ થઈ ગયો. નિરુપાધિ ભગવાન ત્રિકાળી ધ્રુવ તે હું, એ હું એવી દૃષ્ટિ નિરંતર ચાલુ છે. એનું નામ આત્માની ભાવના કરી એમ કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! આવા પર્યુષણના દિનમાં આવું? આ બધા આફ્રિકામાંથી આવ્યા હોય એને સમજાવું મુશ્કેલ. એય! વીરચંદભાઈ! તમારા દીકરાએ ત્યાં ક્યાંય સાંભળ્યું ન હોય કોઈ દિ'. પૈસા-પૈસા ધૂળ. સમજાતું નથી કાંઈ.

**શ્રોતા** :- અનંતા જન્મ-મરણ ટાળે એવી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જન્મ-મરણ છે જ નહિ અહીંયા તો. આહા..હા...! ભગવાન આત્મા નિરુપાધિસ્વરૂપ જન્મ-મરણથી રહિત, બંધથી રહિત ત્રિકાળી જન્મ-મરણથી રહિત હું છું. એમાં જન્મ-મરણ ટાળવા એ પણ રહેતું નથી. છે નહિ એને ટાળવું શું? આહા..હા...! હું ભગવાન પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ હું પૂર્ણ છું. પર્યાય કહે છે હું પૂર્ણ છું. આહા..હા...! મારામાં જન્મ-મરણ નથી, મારામાં અલ્પજ્ઞ પર્યાય નથી. આહા..હા...! સમજાણું કાંઈ? જન્મ-મરણ તો ક્યાં રહ્યા, પણ હું, જે પર્યાય છે એટલો પણ હું નથી. આહા..હા...! જુઓ, આ વીતરાગ માર્ગની દૃષ્ટિ અને વીતરાગ માર્ગની દૃષ્ટિનો એ વિષય! કહો, સમજાય છે કાંઈ? આહા..હા...! આ ધંધા આખો દિ'. રાગ ને દ્વેષના ધંધા. ચોર્યાસીના અવતારના ધંધા વસ્તુમાં તો છે નહિ. એ રાગનો વિકલ્પ ઊભો કરી એની ભાવના વારંવાર કર્યા કરે નિરંતર એ સંસાર છે, સંસાર છે. ચોર્યાસીનો ભવોદધિ. ભવોદધિ, ભવનો-ઉદધિ—દરિયો. આહા..હા...! એમાં ડૂબકી મારે છે.

ભગવાન આત્મા પોતાની ચીજનો જ્યાં સ્વીકાર થયો ત્યાં ભવ તો નથી, ભવનો ભાવ તો નથી, પણ પોતાની પર્યાય જે એનો સ્વીકાર કરે છે એ પર્યાય પણ હું નથી. અમરચંદભાઈ! આહા..હા...! અરે! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એકલી ગણધરો અને ઇન્દ્રોની વચ્ચે કથા કરતા હશે એ કેવી કરતા હશે! જ્યાં અર્ધલોકના સ્વામી સુધર્મ, ઉત્તરનો સ્વામી ઈશાનેન્દ્ર. જેને બત્રીસ લાખ વિમાન. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ કેટલાકમાં સંખ્યાતા છે. અહીંયાં અઠ્યાવીશ લાખ વિમાન. અસંખ્ય-અસંખ્ય દેવ, એના સ્વામી લાડા એ ભગવાન પાસે આમ (ગલુડિયાની જેમ બેસીને સાંભળે). આહા..હા...! એ કથા કેવી હોય, ભાઈ! એ ઇન્દ્રો એકાવતારી છે. એક ભવ કરીને મુક્તિએ જવાના છે મનુષ્યનો દેહ ધારણ કરીને. સમજાણું કાંઈ? શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર આદિ. અરે! શક્રેન્દ્રની રાણી એ બધા એકાવતારી, એક ભવે મોક્ષ જનારા, મનુષ્ય થઈને મોક્ષ જનારા. ત્રણ-ત્રણ જ્ઞાનના ધણી શક્રેન્દ્ર ક્ષાયિક સમકિતી. સમજાણું કાંઈ? છે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ. તો કહે છે કે હું અવિરતિ તો નથી. ભાઈ! આહા..હા...! હું અવિરતિ નથી હોં! આહા..હા...! હું અવિરતિને જાણનારી પર્યાય જે ત્રિકાળને કબુલે છે એટલો પણ હું નથી. સમજાણું કાંઈ?

ત્રણલોકના નાથ કેવળીઓના કેળવણીનો અધિકાર આ છે. આ કેવળીની કેળવણી છે આ. આહા..હા...! આ શું કહે છે ને તમારે કેળવણી? કેળવણી-કેળવણી નથી કહેતા આ ભણતરને તમારે? કેળવણી કરે. ધૂળેય કેળવણી નથી. એઈ! આ તો કેવળજ્ઞાનની કેળવણી. આહા..હા...! રાતે પ્રશ્ન આવ્યો છેને મોટો. એવો પ્રશ્ન મોટો. મૂંઝાઈએ છીએ અમે. કેવળજ્ઞાન હોય ઈ એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એમ થાય તો અમારે પુરુષાર્થ કરવો ક્યાં રહ્યો? એવો મોટો પ્રશ્ન આવ્યો હતો. .. નથી અત્યારે? એમના ભાઈનો પ્રશ્ન છે. અહીં

પ્રશ્ન એણે નથી લખ્યો. એણે તો પ્રબુદ્ધ જૈનમાં આપ્યું છે મોટુ લખાણ. બીજા માણસને શંકા પડી કે હવે આનો ખુલાસો શું પણ આ? એક સમયનું કેવળજ્ઞાન જે હોય એ ત્રણકાળને જાણે. એ જાણે એમ થાય ત્યારે હવે અમારે કરવાનું ક્યાં રહ્યું? મોટો પ્રશ્ન છે. એ પંડિતજીને આપ્યું હમણાં. ચોપાનિયું દીધું ને? અરે! એ પ્રશ્ન તો અમારે ૫૬ વર્ષ પહેલાં ચાલ્યો હતો. (સંવત) ૧૯૭૩ની સાલમાં, ૫૬ વર્ષ પહેલાં. સમજાણું કાંઈ? ઘણું લખાણ છે. અને જેને પૂછ્યું છે એ તો બિચારો મુંઝાણો છે. એ તો કોઈક મુમુક્ષુ જેવો જીવ લાગે છે. અનુપચંદ છે કોઈક. અનુપચંદ પોપટલાલ. કોઈક હશે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના. ના. એ નહિ. એ તો અનુપંચદ ભીખાભાઈ. આ તો અનુપચંદ પોપટલાલ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ! લ્યો વળી. ભાઈએ કહ્યું હતું. ભીખાભાઈનું નામ પોપટલાલ છે? ઠીક, ભીખાભાઈ હતા. એ તો આપણે અરવિંદભાઈના જમાઈ, આ બોટાદવાળા. એ તો અહીંયાં આવે છે. ... લખાણ છે મૂળ પ્રબુદ્ધ જૈનમાં. એ આ પ્રાણભાઈનો નાનો ભાઈ છે. આપણા પ્રાણભાઈ નહિ? એનો નાનો ભાઈ ગુલાબચંદ. ચોપડીયું લખે છે મોટી ચોપડીયું બહુ પેદા કરે છે મુંબઈમાં. અહીં આવે છે.

**શ્રોતા :-** ગુલાબદાસ બ્રોકર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. એણે લેખ લખ્યો હશે. બીજાએ વાંચ્યો આપણે એ અનુપચંદે. એને બિચારાને મૂંઝવણ આવી કે આહા..હા...! હવે આનું શું કરવું? ના પાડીએ કેવળજ્ઞાની બધું નથી જાણતા તો એ વાત બેસતી નથી. કેવળજ્ઞાન બધું જાણે અને એ પ્રમાણે થાય તો આપણે તો યંત્ર જેવા રહ્યા. થવાનું હશે એ થાય. આપણે કાંઈ કરી શકીએ નહિ. આ હવે આમાં શું કરવું અમારે? એઈ! અનુપચંદ-અનુપચંદ. એ ઝાંઝરવાળા ને? વઢવાણ, જોરાવરનગર. આહા..હા...! ભાઈને આપ્યું છે.

ભાઈ! તને ખબર નથી, ભાઈ શું તું કહે છો? આહા..હા...! જેને કેવળજ્ઞાન એક સમયનું જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણે. એ ત્રણકાળ અને ત્રણલોક છે માટે જાણે એમ પણ નહિ અને જેને વિકલ્પનો સહારો નથી એવી એક સમયની પર્યાય એ જાણે એમ થાય, ભગવાન! પણ એ પર્યાયની સત્તા આવડી એટલી છે ઈ કબુલે કોણ? ઈ માને કોણ? સમજાણું કાંઈ? જેની માન્યતામાં એમ આવ્યું કે એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે એટલી તાકાત (ધરાવે છે), એવી પર્યાય કબુલ કરનાર, જેમાંથી કેવળજ્ઞાન નીકળ્યું એવા કેવળજ્ઞાન સ્વભાવી ભગવાનનો નિર્ણય કરે ત્યારે કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય થાય છે. પુરુષાર્થ આવી ગયો. એ.. નવનીતભાઈ! સમજાણું કાંઈ? થોડી ઝીણી વાત છે. અમારે ૭૨માં બહુ ચાલી હતી.

અમારા ગુરુભાઈ એવું જ કહેતા હતા વારંવાર. કીધું, શું કહો છો આ? આ શબ્દ શું આગમના છે? એ વખતે બે વર્ષની દીક્ષા. આ તો ૫૭ વર્ષ પહેલાની વાત છે. આવી ભાષા? આગમની ભાષા હશે? આગમ તો જુઓ! ગજસુકુમાર શ્રીકૃષ્ણના ભાઈ હાથીને હોદ્દે ભગવાનના દર્શન કરવા જાય છે કૃષ્ણ, શ્રી કૃષ્ણ. નેમિનાથ ભગવાન બહાર દ્વારકામાં દર્શન કરવા જાય છે. ખોળામાં બેસાડ્યો છે. રાજકુમાર ગજસુકુમાર—હાથીના તાળવા જેવું જેનું શરીર કોમળ. એમાં એક સોનીની દીકરી આમ રમતી હતી દડે. બહુ સુંદર રૂપાળી. કૃષ્ણે દેખી. ઓહો..! આ કન્યાને ગજસુકુમાર માટે રાખો. જાવ અંતેપુરમાં લઈ જાવ. ત્યાં રાણી છે. ત્યાં હજી આ વચમાં હતા અને ભગવાન પાસે દર્શન કરે છે. ગજસુકુમાર. દર્શન કરે છે અને જ્યાં સાંભળ્યું, કપાટ ફાટી ગયા અંદરથી. પ્રભુ! આપ આજ્ઞા આપો, હું દીક્ષીત થવા માગું છું. આહા..હા..! હજી કૃષ્ણ ખોળામાં બેસાડે છે અને હાથીને હોદ્દે લાવે છે. પ્રભુ! .. ભાઈ એવો શબ્દ છે. તે દિ' તો બધું કહ્યું હતું. મોઢે હતું. આવું બોલે છે કીધું આ સંસ્કૃત છે. પ્રભુ! આપની આજ્ઞા હોય તો હું દીક્ષિત થવા માગું છું. ભગવાનના મુખમાંથી એની ભાષા શ્વેતાંબરની .... યથાસુખ હોય એમ કરો, પ્રતિબંધ ન કરો. એવી ભાષા છે.

માતા પાસે જાય છે દેવકી. એનો લાડકવાયો આ દીકરો. આ કૃષ્ણ તો ગોકુલમાં જન્મ્યો છે. ગોકુળમાં ઉછર્યા હતા ને કૃષ્ણ. અહીં દેવકીએ આને રમાડ્યો છે. માતા! હું ભગવાન પાસે આજે ગયો સાંભળવા. મને તો દીક્ષા લેવાનો ભાવ થયો છે. હું નગ્ન દિગંબર મુનિ થાઉં. માતાએ બહુ કહ્યું. એકનો બે ન થયો. ગયા ભગવાન પાસે. પ્રભુ! મારી રુચિ આત્મા સિવાય ક્યાંય જામતી નથી. ક્યાંય રાગમાં મને ઠરતું નથી. પ્રભુ! મને દીક્ષિત કરો. દીક્ષા જ્યાં આપી અને જ્યાં ચારિત્ર થયું ત્યાં, કહે છે પ્રભુ! મને આજ્ઞા આપો. દુનિયા સ્મશાનમાં ઠાઠડી ઉપર લઈને જાય છે. પ્રભુ! હું ચાલીને સ્મશાનમાં જાઉં અને હું બારમી ભીક્ષુ પડીમા. ભીક્ષુની પડીમા બાર થાય છે. આપણામાં છે હોં. દિગંબરમાં પણ છે પણ બહાર પ્રસિદ્ધ નથી. આપની આજ્ઞા હોય તો ત્યાં બારમી ભીક્ષુની છેલ્લી પડિમા અઠ્ઠમ કરી ચોવિહાર, મારા ધ્યાનમાં રહું. ભગવાન કહે છે, ... કરો ફતેહ પ્રભુ! આહા..હા...! સમજાણું કાંઈ? આ તે દિ' વાત કરેલી હોં ૭૨માં. કીધું, આવી ભગવાનની વાણીમાં આ શું આવ્યું હશે? કે જેના પ્યાલા ફાટી ગયા. ભગવાને દીઠું હશે તે થાશે એમ એને જોવું છે? આહા..હા...! એને તો ભગવાન આત્મા ત્રિલોકીનાથ આત્મા એની સામું જોવું છે. .. કહે છેને? હિન્દીમાં શું કહે છે?

.. એમાં ભીક્ષુ પડિમા. એમાં એ સોમલ આવે છે. ઓલી બાઈને ઘરે મોકલી હતી ને એનો બાપ. અગ્નિ ભરે છે. ગજસુકુમાર—ગજનું તાળવું જેવું હોય હાથીનું એવું શરીર. રાખની પાળ બાંધે છે અને સળગતા અંગારા મૂકે છે. ધ્યાનમાં કેવળજ્ઞાન (થાય છે). આહા..હા...! એક દિ'માં સાંભળ્યું, એક દિ'માં દીક્ષા અને એક દિ'માં કેવળ અને ત્યાં ને ત્યાં મોક્ષ.

એય! ભીખાભાઈ! એ તે કેવી વાણી હશે કીધું ભગવાનની! આહા..હા...! એમ ન કરો, કીધું, તમે આ શું કહો છો? ભગવાને દીઠું એમ થાશે એને પુરુષાર્થ ન થાય, એ શું કહો છો તમે આ?

જેણે ભગવાનને જ્ઞાનમાં બેસાડ્યા એનો તો અનંતો પુરુષાર્થ થયો એને. ભગવાનની કબુલાત આવી કે કેવળી આવા હોય. આહા..હા...! ત્યાં આટલું હતું તે દિ'. દ્રવ્ય સામું જોવું એવું નહોતું. પણ આટલું અંદરથી આવ્યું હતું કે સર્વજ્ઞ પરમાત્મા જેના જ્ઞાનમાં બેઠા, ભગવાને ભવ દીઠા નથી એના, ભવ હોય નહિ. ભગવાને દીઠા એમ ભાવ થાશે એને હોય નહિ. એઈ! ભગવાનજીભાઈ! ભગવાનને જો ભવ હોય તો ભગવાન જેને જ્ઞાનમાં બેઠા એને ભવ હોય. એકાદ-બે ભવ હોય એની ગણતરી અહીંયાં છે નહિ. મોટી તકરાર થઈ હતી. ફાગણ સુદ-૧૩, ૭૨ની સાલ. ૭૨. એઈ!

**શ્રોતા** :- ૫૬ વર્ષ થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ૫૬ વર્ષ થયા. ઘણી ચર્ચા થઈ, ઘણી ચર્ચા. એવી વાણી સાંભળવી નહિ, એવા ગુરુ ન જોઈએ, સંપ્રદાય ન જોઈએ, એ વાણી ન જોઈએ. એમ વાત હતી. આ હવે આજે આવ્યું પાછું. આહા..હા...!

અરે! ભાઈ! કેવળજ્ઞાની છે અને એવી કબુલાત કરવી અને વળી કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય, એમાં ફેરફાર કરવાનો ભાવ થાય એને હોય નહિ એવું. જેને કેવળજ્ઞાન જગતમાં મહાપ્રભુ એક સમયનું જ્ઞાન, બાપુ! એ વાતું નથી. સમજાણું કાંઈ? એ હૃદયનો પોકાર છે. એ જ્ઞાનનો એક સમયનો પર્યાય એક સમય અને અહીં ત્રણકાળ. આહા..હા...! ભાઈ! એવી જ્ઞાનની સત્તા છે જગતમાં એમ જેને સ્વીકાર આવે, એ તો અનંત સંસારને ટાળીને એ ભવે જ મોક્ષનો ગામી જ હોય. સમજાણું કાંઈ? ભવ ન હોય એને. ભગવાને દીઠું થાશે માટે તમારે ભવ છે. કીધું, તમારે હશે. આ તો ૭૨ની વાત હતી. સમજાણું કાંઈ? એઈ! કાલીદાસભાઈ! સાંભળ્યું હતું કે નહિ? પાળિયાદની ૭૨ની વાત. પછી તરત વીંછીયા ગયા હતા, વીંછીયા ગયા હતા. એ વીંછીયાથી આવ્યા હતા પાળિયાદ. આહા..હા...! અરે! ભગવાન! તું શું કહે છો આ? તારા જ્ઞાનની એક સમયની પર્યાય, અહીં તો કહે છે કે હું પૂર્ણ આનંદકંદ ધ્રુવ છું એમ કહે છે. આહા..હા...! તો જેમાં એક સમયની પર્યાય પ્રગટ થઈ ગઈ.. સમજાણું કાંઈ? આ પર્યાય એમ કહે છે, ત્રિકાળી દ્રવ્ય સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ હું છું. હું પર્યાય નથી. હું છું નહિ, હું તો આ છું. આહા..હા...! આ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ?

જે પર્યાય એમ કહે કે હું તો નિરુપાધિ ત્રિકાળી સ્વરૂપ છું. અરે! જેને ત્રિકાળીનું જ્ઞાન પ્રગટ થયું એ પર્યાયમાં કેટલી તાકાત છે એ સમ્યગ્દર્શનમાં એની પ્રતીત થઈ ગઈ છે. સમજાણું કાંઈ? અને એ પ્રમાણે થશે એવી પણ પ્રતીત થઈ ગઈ છે. એ તો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો અને સ્વની સન્મુખ થઈને ચાલશે અને કેવળજ્ઞાન લેશે. સમજાણું કાંઈ? એમાં શંકા શી?

સંદેહ શા? સમજાણું કાંઈ? ભગવાને દેખ્યું એમ હશે, એવી વાત ક્યાં છે? પાવૈયાની વાતું હીજડા જેવી.

એ વખતે તો ખબર ક્યાં હતી પ્રવચનસારની. વાંચ્યું હતું પણ ક્યાં? હાથમાં પણ નહોતું આવ્યું. એ ૮૨ ગાથામાં જે ભાવ હતો એ નીકળ્યો. તે દિ' કહ્યો એ ભાવ ૮૨માં નીકળ્યો. પ્રવચનસાર. જે ભગવાને એમ કહ્યું '**अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' ભગવાનના દ્રવ્ય-ગુણ અને પર્યાય જે જાણે. અને પર્યાય તે કેવળજ્ઞાન. એ જાણે તેને આત્માનું જ્ઞાન થાય અને આત્માનું જ્ઞાન થાય તેનો મોહ નાશ થાય. સમજાણું કાંઈ? આવું ભગવાનનું જ્ઞાન કહે છે... સમજાણું કાંઈ? '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' અને પછી ગાથા ૮૧. એવું જ્ઞાન થયું, પછી રાગ-દ્વેષ ટાળીને ચારિત્ર થયું. ૮૨માં પછી સર્વજ્ઞ થયા. તો સર્વજ્ઞે એવો ઉપદેશ દીધો એવો પાઠ છે. જેવું પોતાએ કર્યું એવો ઉપદેશ આવ્યો. કેમકે વિકલ્પ એવો હતો. સમજાણું કાંઈ? કર્યું ક્યાં, આ તો વિકલ્પ એવો હતો કે હું પૂર્ણ છું... પૂર્ણ છું... પૂર્ણ છું... પૂર્ણ છું. તો પરમાણુ એવા બંધાંઈ ગયા કે વાણીની ધ્વનિ એવી અંદરથી નીકળી. સમજાણું કાંઈ?

જે કોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણશે એનો આત્મા કલ્યાણ કરીને સમકિત પ્રાપ્ત કરીને મોહનો નાશ કરશે. એવા ભગવાનની વાણીમાં આવો ઉપદેશ આવ્યો. આવા વેથડપથર તમારા, વાણી આવી કીધું. અમે એ સાંભળવાને લાયક નથી. અમે એ સંપ્રદાયમાં રહેવાના નહિ એમ કહ્યું હતું. બે વર્ષની દીક્ષા, ૨૫ વર્ષની ઉંમર. આ તો... સમજાય છે કાંઈ? આહા..હા...! હવે આ ગડબડ અત્યારે આવી પાછી કે આવું હોય એને આમ ન થાય. અમે મૂંઝાણા છીએ. ભાઈ મૂંઝાણાનો માર્ગ નથી આ તો. સમજાણું કાંઈ? આહા..હા...! શું કહે છે જુઓને.

'**નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું—**' એ કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય કરનાર, હું નિરુપાધિ આત્મા છું એવો નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? આહા..હા...! તે દિ' તો દ્રવ્ય સન્મુખની વાત ક્યાં હતી? પણ જેને જ્ઞાનમાં કેવળી બેઠા એને ભવ હોય નહિ ત્રણકાળમાં. સમજાણું કાંઈ? ઓહો! જેને કેવળજ્ઞાનનો સ્વીકાર! એક સમયમાં ત્રણકાળ જાણે એવી જ્ઞાનની તાકાતનો સ્વીકાર, ભવ ન હોય એને. કહો, દુલેરાયજી! સમજાય છે? આહા..હા...!

'**એમ સમ્યગ્જ્ઞાનીઓને...**' દેખો! આહા..હા...! પહેલું કહ્યું છેને. '**સદા નિરુપાધિસ્વરૂપ જે આત્મા તે હું છું—**' હવે કહે છે કે '**એમ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર ભાવના કરવી.**' કે હું પૂર્ણ છું, હું પૂર્ણ છું એવી એકાગ્રતા કાયમ રાખવી જોઈએ. કહો, આ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? આહા..હા...! '**એમ સમ્યગ્જ્ઞાનીએ નિરંતર...**' એટલે? હું ત્રિકાળી નિરુપાધિ સ્વરૂપ તે હું છું એવી નિરંતર ભાવના કરવી જોઈએ. હું અલ્પજ્ઞ છું અને રાગ છું એવી ભાવના છોડી દે. એઈ! હીરાભાઈ! એ તો 'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ.' આવે

છે કે નહિ એ? 'ચંચળ નારીકા નેણ છૂપે નહિ, ભાગ્ય છૂપે નહિ ભભુત લગાયા.' ભભુત લગાવે. બાવો થાય તો એ ભાગ્ય છૂપે કે આ તે પુણ્યવંત પ્રાણી કોઈ છે. સમજાણું કાંઈ? 'દાતા છૂપે નહિ ઘેર માગણ આયા.' દાતા છૂપે? આહા..હા...! રામજીભાઈ જ્યારે વેપાર ધંધો કરતા ને. વેપાર શું આ વકીલાત. ત્યારે આ એક હતી ત્યારે એને ઘરે કોઈપણ જાય તો કાંઈક લઈ જ જાય. બે રૂપિયા, નાણું, ફલાણું. એવું સાંભળ્યું છે, આપણે ક્યાં જોવા ગયા છીએ. પછી વકિલાત બંધ કરી, કહે, નહિ હવે તો .. બંધ. એય! દાણો લેવા આવ્યો છું. આપો. એમ જ્યાં દાતા, માગવા આવે એને દાતા છૂપ્યો રહે?

એક માણસ હતો. બીડી પીતો હતો. દીવાસળી થોડી હોય ને આમ અડધી બાકી. પાછી ઓલામાં નાખી બાકસમાં. હવે ઓલા લેવા આવેલા ઉઘરાણી. શું કહેવાય તમારે આ? ફાળો લેવા. ફાળો લેવા આવેલા. અને ઓલો બીડી પીને અડધું ઓલામાં નાખ્યું. હવે આપણે આની પાસે શું માગશું? ત્યારે ઓલા કહ્યું કે ભાઈ શું કરવા આવ્યા છો? દાતા કહે. ફાળો લેવા સમજ્યા? ચંદા. ફાળો લેવા આવ્યા અને ઓલાએ દીવાસળી સળગાવીને થોડી ઓલામાં નાખી. અડધી બાકી રહી એટલે. અરે! આપણે ફાળો લેવા આવ્યા ને આ તો આટલો લોભી છે. આ શું દેશે? કેમ છે ભાઈ? શું લેવા આવ્યા છો? ભાઈ! આપની ઈચ્છા હોય તો થોડું (દાન જોઈએ છે). કેટલી માગણી છે તારી? આટલા પચ્ચીસ હજાર. લઈ જાવ. એય! આપી દ્યો. ઓઈ.. ભૂલ્યા. ભૂલ્યા કે આ દીવાસળી નાખી ઓલામાં, આ માંગણ લાગે છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા અંતર એકાગ્રતા થાય અને દાતાર છૂપે નહિ. સમજાણું કાંઈ? એવા સમ્યગ્જ્ઞાનીએ નિરંતર આત્માની ભાવના કરવી જોઈએ.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી પ્રવચનસાર, ગાથા-૪૯, પ્રવચન નં. ૫૦, તા. ૨૫-૦૨-૧૯૭૯ (ડ)

અહીં સુધી આવ્યું છેને? 'હવે ત્યારે...' બીજો પેરેગ્રાફ. '**હવે ત્યારે એમ નક્કી થાય છે કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન;...**' શું કહે છે? કુંદકુંદાચાર્ય જે શ્લોકમાં કહે છે એની ટીકા છે અમૃતચંદ્રાચાર્યની. કે જે કોઈ સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન કરે છે. આત્માની એક સમયની જે પર્યાય છે એ વિશેષ છે. જ્ઞાન આત્મામાં છે સામાન્ય ત્રિકાળ. એ વર્તમાન પર્યાય વિશેષ છે અને એ વિશેષમાં લોકાલોક નિમિત્ત છે. લોકાલોકનું એક સમયની પર્યાયમાં જ્ઞાન થાય છે. આહા..હા...! જે '**સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...**' આ આત્મા એક સમયમાં કેવળજ્ઞાન.. અહીં અધિકાર કેવળજ્ઞાનનો છે. કહેશે કે આ. પણ છતાં એમાં ભાવશ્રુત પણ ઉતારી શકાય છે. ટીકામાં છે.

આ આત્મા એક સમયમાં જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે તો સામાન્યમાંથી વિશેષ એવી પર્યાય થાય છે અને એ વિશેષમાં લોકાલોક નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એનાથી થયું એમ નહિ. અહીંયાં લોકાલોકનું જ્ઞાન છે એમાં એ નિમિત્ત છે. કોણ? લોકાલોક. લોકાલોકનું વિશેષ જ્ઞાન છે એમાં લોકાલોક નિમિત્ત છે. તો લોકાલોકનું જ્ઞાન એક સમયમાં ભગવાન કેવળીને થઈ ગયું. આ ત્રણકાળ ત્રણલોક એક સમયમાં જણાયા. એવી એક સમયની પર્યાય કેવળજ્ઞાન. કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે. પર્યાય છેને? બીજા સમયે બીજી, ત્રીજે સમયે ત્રીજી થશે. એવી પણ એ નહિ. પર્યાય છે કેવળજ્ઞાન ગુણ નથી. આહા..હા...! ગુણ તો ત્રિકાળી જ્ઞાન છે અને કેવળજ્ઞાન તો એની પર્યાય છે. તો એક સમયની પર્યાયમાં એ વિશેષ દશામાં ત્રણકાળ ત્રણલોક અનંત દ્રવ્ય-ગુણ-પર્યાય જેટલા દ્રવ્યો અને ત્રિકાળી પર્યાય. દરેક દ્રવ્યની. એના જ્ઞાનમાં નિમિત્ત છે. એ જ્ઞાન પોતાથી બધું જાણે છે. આહા..હા...! તો જેણે સર્વના જ્ઞાનથી આત્મા જાણ્યો. એક સમયમાં સર્વનું જ્ઞાન થયું, તો એ આત્મા જ એવો છે. આત્મા એટલો મોટો છે કે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે. તો એમ જાણ્યું એણે આત્માને જાણ્યો. આહા..હા...! સમજાણું કાંઈ?

'**સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...**' ઝીણું તો છે. કાલે તો ઘણી વાત થઈ ગઈ. '**અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન;...**' કેમકે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણવામાં

આવે છે, તો સર્વને જાણ્યું એણે આત્માને જાણ્યો અને આત્માને જાણ્યો એણે સર્વને જાણ્યું. કેમકે એની પર્યાયમાં સર્વ જાણવામાં આવે છે. ત્યારે પ્રશ્ન એટલો ઉઠે કે એ તો સર્વનું સર્વજ્ઞને જ્ઞાન. તો નીચેવાળાએ શું કરવું? નીચે જે છદ્મસ્થ છે એને શું? છદ્મસ્થને પણ પોતાના ભાવશ્રુત જ્ઞાનમાં પરોક્ષરૂપે લોકાલોકનું જ્ઞાન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ? ઝીણી વાત બહુ ભાઈ! સંસ્કૃત ટીકામાં છે. જયસેનાચાર્યની ટીકામાં. એમ કે આ રીતે જ્યારે નથી તો કેવળજ્ઞાનની ઉત્પત્તિ નાસ્તિ. ત્યારે આત્મા છદ્મસ્થ છે તેને ત્રિકાળી જ્ઞાન નથી, તો ત્રિકાળી જ્ઞાન નથી તો તે ધ્યાન કોનું કરે? આત્મા તો એવો છે નહિ પૂર્ણ તો નીચે. તો જાણ્યા વિના ધ્યાન કોનું કરે? સમજાણું કાંઈ?

કેવળજ્ઞાનીને એક સમયમાં લોકાલોકનું જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. પણ નીચે છદ્મસ્થ જીવને લોકાલોકનું જ્ઞાન એક પર્યાયમાં પૂર્ણ નથી થતું. તો આત્મા એવડો છે એવા આત્માનું જ્ઞાન શી રીતે કરી શકે? ઝીણી વાત છે. શિષ્યનો એ પ્રશ્ન છે કે એક સમયની પર્યાય અવસ્થા કેવળીની લોકાલોક જેણે નિમિત્તને લોકાલોકને પોતાથી જાણે છે. નિમિત્તનો અર્થ એવો નથી કે એનાથી કાંઈ થાય છે. કેવળજ્ઞાન જે છે એ લોકાલોકને નિમિત્ત છે અને લોકાલોક છે એ કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. એ તો અરસપરસ નિમિત્ત છે એટલું. એનાથી કાંઈ થયું એમ નથી. આહા..હા...!

અહીંયાં કહે છે કે જ્યારે એક સમયમાં ત્રણકાળને જાણનારા તો જ આત્મા પૂર્ણ થયો, સર્વને જાણ્યું. તો એવું સર્વ જ્ઞાન તો નીચે નથી. તો નીચે નથી તો આત્મા એવડો છે કે ત્રણકાળ ત્રણલોકને જાણે એવી પર્યાયવાળો. તો એનો ખ્યાલ નથી તો આત્માનું ધ્યાન શી રીતે કરે? ન્યાય સમજાય છે? આહા..હા...! હસુભાઈ! બધી જુદી જાત છે આ દુનિયાથી. આહા..હા...! તો કહે છે અહીં અંદર જુઓ! '**लोकालोकादिपरिज्ञानं व्याप्तिज्ञानरूपेण छद्मस्थानापि विद्यते,**' અહીં એવું જ્ઞાન છે તો પૂર્ણ જ્ઞાન છે એવું અંદર અનુમાનથી આત્મામાં વ્યાપ્તિ થઈ જાય છે. ખ્યાલમાં આવી જાય છે. પ્રત્યક્ષ ભલે ન હોય, પણ પરોક્ષરૂપે પોતાનું જ્ઞાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એનો આશ્રય લઈને જે સમ્યગ્જ્ઞાન થયું, ભાવશ્રુત. તો એ ભાવશ્રુતમાં એવું જ્ઞાન, હું આવી રીતે પરોક્ષ રીતે જાણું છું, તો પ્રત્યક્ષ જાણનાર છે એ પ્રત્યક્ષ જાણનાર છે એવું પરોક્ષજ્ઞાનમાં આવ્યું. આહા..હા...! આવું છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત ભાઈ! માર્ગ પ્રભુનો બહુ સૂક્ષ્મ છે. આહા..હા...!

એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવી તાકાત એક પર્યાયની છે. એ તો આત્માનું ધ્યાન કરીને ઉત્પન્ન થઈ. પણ અહીંયાં એટલું જ્ઞાન નીચે નથી તો એનું ધ્યાન કરીને અને કેવળજ્ઞાન કેમ ઊપજ્યું? કારણ કે તમે તો એમ કહો છો કે સર્વ જાણે એ આત્મા અને સર્વ જાણવાનું નીચે નથી તો નીચે આત્મા નથી? તો આત્મા નથી તો આત્મધ્યાન કઈ રીતે કરી શકે? કહે સાંભળ-સાંભળ. એ છદ્મસ્થને પણ શ્રુતજ્ઞાનમાં હું લોકાલોક જાણું છું

એવું તો પરોક્ષ છે. આહા..હા...! એ પરોક્ષ જ્ઞાનમાં આત્મા જાણે છે. આહા..હા...! જુઓ આવ્યું એક.

ઓલું જયધવલમાં આવ્યું. એક સ્તંભ છે ને સ્તંભ થાંભલો. સ્તંભ કહે છે. ખંભા. એની એક હાંસ દેખે તો આખો સ્તંભ આવો છે એમ ખ્યાલ આવી જાય. એમ આહા..હા...! હમણાં જે પૂર્ણ કેવળજ્ઞાન એનો શ્રુતજ્ઞાન એક અવયવ છે. ઝીણી વાત ભાઈ! સ્તંભનો એક ભાગ દેખાણો એક ભાગ. તો આખો સ્તંભ આવો છે એમ ખ્યાલ આવી ગયો. એમ આત્માના જ્ઞાનની પર્યાયમાં. આહા..હા...! કેવળજ્ઞાનની પર્યાય કેટલી છે? એનું અહીં જ્ઞાન થયું. કેમકે કેવળજ્ઞાન અવયવી છે અને અહીંયાં નીચે શ્રુતજ્ઞાન એનો અવયવ છે. આહા..હા...! તો અવયવને જેણે જાણ્યો તેણે અવયવીને પણ જાણ્યો. આહા..હા...! આવી વાતું હવે. વસ્તુ શું છે ભાઈ!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ કેવળજ્ઞાનઘન આત્મા છે. અંદર જ્ઞાયક કેવળજ્ઞાનઘન આત્મા છે. પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ પ્રભુતા એવા અનંતગુણથી પૂર્ણથી ભરેલો છે. આહા..હા...! પણ એમાં એક જ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાની ત્રણકાળ ત્રણલોકને દેખે છે. એ તો એનું ફળ આવ્યું. પણ આ નીચે આવા ત્રણકાળ ત્રણલોકને ન જાણે અને એને આત્મા તો જાણ્યો નથી. બધું જાણે તો આત્મા. સર્વ જાણે તો આત્મા. તો સર્વ જાણ્યા વિના આત્મા નહિ તો આત્મા વિના એ ધ્યાન કોનું કરે? અને કેવળજ્ઞાનની ઉત્પત્તિ કેમ થાય? આવી વાતું છે. તો કહે છે કે, સાંભળતો ખરો એકવાર. કે આ આત્મામાં ભાવશ્રુત જ્ઞાન થયું જે ત્રિકાળી આનંદકંદ પ્રભુનું. એ ભાવશ્રુતજ્ઞાન છે એ કેવળજ્ઞાનનું અવયવ છે. એ અવયવનું જ્ઞાન થયું એમાં કેવળીનું જ્ઞાન આવી ગયું. આહા..હા...! ઝીણી વાત બહુ. આહા..હા...!

**શ્રોતા** :- ભાવશ્રુત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કીધું ને જાણે છે. અહીં તો એ પ્રશ્ન છે કે સર્વને જાણે એ આત્માને જાણે. તો જે સર્વને નીચે નથી જાણતા તો આત્માને ન જાણે ને? એમ પ્રશ્ન છે. તો કહે ના. નીચે પણ છદ્મસ્થ પણ. પરોક્ષરૂપે આ અવયવ શ્રુતજ્ઞાન દ્વારા કેવળજ્ઞાન આવું છે એમ વર્તમાન શ્રુતજ્ઞાનમાં જાણે છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કીધું ને જાણ્યું પેલું. શ્રુતજ્ઞાન તો છે. શ્રુતજ્ઞાન છે એ વાત લેવી છેને. શ્રુતજ્ઞાનથી આત્મા તો જાણ્યો છે.

**શ્રોતા** :- શ્રુતજ્ઞાન તો આત્માને જાણે તો ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-આત્માને જાણે કીધુંને. તેથી તો પહેલી વાત કરી. કે ભાઈ જ્ઞાયક છે એનો આશ્રય લઈને જ્ઞાન થયું. પહેલી વાત તો કરી હતી. ધ્યાન રાખે તો એક ન્યાય

સાથે આવે છે.

શું કહે છે? ભગવાન અહીં તો કુંદકુંદાચાર્ય મહારાજ દિગંબર સંત ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. ત્યાં દિગંબર મુનિ ગયા હતા. કુંદકુંદાચાર્ય. આઠ દિન રહ્યા હતા. આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. ભગવાન ત્રિલોકનાથ ભગવાન બિરાજે છે વર્તમાન મહાવિદેહમાં. દેખાય છે? ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે અને કરોડ પૂર્વનું આયુષ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા...! ગયા કાળના વીસમા તીર્થંકર મુનિસુવ્રત ભગવાન થયા ત્યારે એ મુનિ થયા છે અને એ વખતે કેવળજ્ઞાન થયું છે. તો અત્યારે પણ કેવળજ્ઞાનપણે છે. હજી અબજોવર્ષ સુધી અરિહંતપદમાં રહેશે. દેહ છૂટી જશે તો નમો સિદ્ધાણંમાં આવશે. તો અરિહંતપદમાં છે તો પ્રભુની વાણી નીકળે છે. ૐ ધ્વનિ નીકળે છે. આહા..હા...! એ ૐ ધ્વનિ સાંભળીને આગમ ગણધર રચે. એ આગમ રચે એમાંથી આ આવ્યું છે. આહા..હા...! જરી શાંતિથી જોવું, બાપુ!

આત્મા છે એનું જ્ઞાનગુણ ત્રિકાળી છે. જ્ઞાન ગુણ છે ને ગુણ? એ તો ત્રિકાળી. એ તો સામાન્ય એટલે ધ્રુવ. પણ એની પર્યાય થઈ, અવસ્થા કેવળજ્ઞાન એ પર્યાય વિશેષ થઈ. સામાન્ય ત્રિકાળ જ્ઞાનગુણ છે એમાંથી આ પર્યાય કેવળજ્ઞાનની થઈ એ વિશેષ થઈ, તો વિશેષમાં લોકાલોક નિમિત્ત છે. કેમકે કેવળજ્ઞાન લોકાલોકને જાણે છે અને લોકાલોકને જ્ઞાન નિમિત્ત છે. એવા જ્ઞાનવાળા તો કામ કરે. પણ આમ સર્વને જાણે એ આત્માને જાણે તો નીચે સર્વને જાણ્યા વિના આત્માને જાણ્યો જ નથી. તો આત્માનું જ્ઞાન શી રીતે કરે? આહા..હા...! સમજાણું કાંઈ? અંદર છે. '**छद्मस्थानापि विद्यते,**' '**व्याप्तिज्ञानरूपेण छद्मस्थानापि विद्यते,**' અનુમાનથી, ભાવશ્રુતજ્ઞાનથી જાણે છે કે આ જ્યારે અલ્પજ્ઞાનની દશા એવી થઈ, તો એ કોઈને પૂર્ણ પર્યાય થાય છે એવું જ્ઞાન શ્રુતજ્ઞાનમાં થાય છે. ચંદુભાઈ! આવી વાતું છે. આહા..હા...! શું થાય? ગમે તેટલી સાદી ભાષા કરે પણ ભાવની મર્યાદામાં ભાવ આવે ને. આહા..હા...!

ફરીને. કે '**હવે ત્યારે એમ નક્કી થાય છે કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...**' આ એક શબ્દમાં આની અંદરમાં છે. કે સર્વને જાણે તે આત્માને જાણે. કેમ? કે આત્માની વિશેષ પર્યાયમાં લોકાલોકને જાણે એવો સ્વભાવ છે. તો એ જ્યાં સ્વભાવ થયો તો એ પૂર્ણને જાણ્યો એણે આત્માને જાણ્યો. અને એક આત્માને જે જાણે. બે શબ્દ છેને? '**અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન;...**' આત્માના જ્ઞાનથી, કેમકે આત્મા જ્ઞાનની પર્યાયમાં સર્વને જાણે એમ આવ્યું. તો આત્માનું જ્ઞાન એ સર્વનું જ્ઞાન અને સર્વનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન. આહા..હા...! આવું છે. ત્યારે કહે અલ્પજ્ઞ પ્રાણી જે છદ્મસ્થ છે એને પૂર્ણ જ્ઞાન આવું તો છે નહિ. પ્રત્યક્ષ કેવળીને આવું છે. તો એ આત્મા પૂર્ણ જાણે તો આત્મા અને પૂર્ણ જાણ્યા વિના આત્મા નહિ તો આત્મામાં ધ્યાન શી રીતે કરશે? વાત સમજાય છે?

આહા..હા...! ત્યારે કહે છે કે સાંભળતો ખરો. ભગવાન આત્મા જ્ઞાનાનંદ પ્રભુ, એનો આશ્રય લઈને જે જ્ઞાન થયું. ભાવશ્રુત હોં! એ ભાવશ્રુત જ્ઞાન છે એમાં મનનથી, અનુમાનથી, આ જ્ઞાનની પર્યાય એટલી છે તેને પરોક્ષ રીતે જાણું છું. તો કોઈને જ્ઞાનની પર્યાય પ્રત્યક્ષ છે એવું જ્ઞાન કરીને વ્યાપ્તિ નામ શ્રુતજ્ઞાનમાં પણ કેવળજ્ઞાનનો ભાવ આવ્યો. આહા..હા...! આવું હવે આમાં. આવો માર્ગ છે.

પ્રશ્ન એમ થયો કે તમે એમ કહો સર્વનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન. ઓ તો ઠીક. પણ નીચે સર્વનું જ્ઞાન નથી છદ્મસ્થને. તો એ આત્માનું જ્ઞાન, આ આત્મા છે એમ સર્વનું જ્ઞાન નથી, તો આત્મા એને છે જ નહિ. તો આત્મા નથી તો આત્માનું ધ્યાન શી રીતે કરે? સમજાણું કાંઈ? આહા..હા...! સાંભળતો ખરો પ્રભુ! ફક્ત એ પ્રત્યક્ષ અને પરોક્ષમાં ફેર છે. કેવળજ્ઞાની પ્રત્યક્ષ જાણે છે ત્રણકાળ, ત્રણલોક. શ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે. એ પરોક્ષમાં એ કેવળજ્ઞાન કેવું છે? અંશ જે છે. શ્રુતજ્ઞાન એક અવયવ છે. એ અવયવી કોનો? દ્રવ્યની અત્યારે વાત નથી. કેવળજ્ઞાન અવયવી છે. આહા..હા...! એનું શ્રુતજ્ઞાન અવયવ છે. કે જેમ એક સ્તંભનો એક હિસ્સો દેખીને આખો સ્તંભ આવો છે એમ જાણે છે એમ શ્રુતજ્ઞાન અવયવમાં આ અવયવ આવો છે તો એનો પૂર્ણ અવયવી એવો છે. એવું શ્રુતજ્ઞાનમાં પણ કેવળજ્ઞાનનું જ્ઞાન આવી જાય છે. આવી વાતું છે. વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે ભાઈ! આ ક્રિયાકાંડમાં મનાઈ ગયો. દયા ને વ્રત પાળે ને તપસ્યા કરે. ધર્મ થઈ ગયો. એ તો રાગ છે. ત્યાં ધર્મ ક્યાં હતો? આહા..હા...! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ જાણે એનું રૂપ જ પૂર્ણ જાણે એવી તાકાત છે. પૂર્ણ સ્વરૂપ જગતમાં છે એને જાણવાનું પૂરું રૂપ જાણે એવું જ એનું સ્વરૂપ છે. પર્યાયનું એવું સ્વરૂપ છે. તો એ સર્વને જાણ્યું એણે આત્માને જાણ્યો કે આત્મા એવડો છે. એવડાને શું કહે છે? ઈતના હૈ. આહા..હા...! દિગંબર સંતોની વાણી અલૌકિક છે. એ બીજે ક્યાંય છે નહિ. શ્વેતાંબરમાં પણ બધી ગડબડ છે. એક પહેલે સમયે કેવળજ્ઞાન અને બીજે સમયે કેવળદર્શન એ બધું ગપ. આ તો સંતો દિગંબર સંત ભગવાન કેવળજ્ઞાનીને અનુસારે કહેનારા છે. એવી વાત બીજે ક્યાંય નથી. આહા..હા...! એમાં એ કહે છે કેવળજ્ઞાન એક સમયે, બીજે સમયે દર્શન, ત્રીજે સમય .. એટલે આખા ભાગમાં અડધો કાળમાં જ્ઞાન અને અડધામાં (દર્શન) અખંડ જ્ઞાન ન આવ્યું.

અહીં તો એક સમયમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ દર્શન. એ જ્ઞાનદર્શનમાં લોકાલોક જણાય છે. કેમકે વિશેષ છે, સામાન્યમાંથી વિશેષ પ્રગટ્યું. એ વિશેષમાં જેટલા જગતમાં પદાર્થો છે એ બધા વિશેષમાં જણાય છે. ત્યારે તો વિશેષની પર્યાય કહેવામાં આવે છે. લોકાલોક જાણે એવી પર્યાય છે તો એ પર્યાયને વિશેષ જ્ઞાન કહેવામાં આવે છે અને એ વિશેષ જ્ઞાન છે એવું જાણ્યું તેણે સર્વને જાણ્યું. સર્વને જાણ્યુંને વિશેષ? તો એકને જાણ્યું. આહા..હા...!

આવું છે આ. અને એમાં છેને ઓલું ભાઈ! સંસ્કૃત ટીકામાં. એમાં જ છે. 'एको भावः सर्वभावस्वभावः सर्वे भावा एकभावस्वभावाः। एको भावस्तत्त्वतो येन बुद्धः सर्वे भावस्तत्त्वस्तेन बुद्धाः।।' એ સંસ્કૃત છે જયસેનાચાર્યમાં. જેણે એક ભાવ પણ યથાર્થ જાણ્યો. આ દ્રવ્યનો, એક સમયની પર્યાયનો. આહા..હા...! એક ભાવ પણ યથાર્થ જાણ્યો. 'एको भावः सर्वभावस्वभावः' તેણે સર્વ ભાવ જાણ્યા. આહા..હા...! સંસ્કૃત ટીકા છે જયસેનાચાર્યની. 'एको भावः सर्वभावस्वभावः सर्वे भावा एकभावस्वभावाः।' 'सर्वे भावा एकभावस्वभावाः। एको भावस्तत्त्वतो येन बुद्धः' જેણે એક સમયની પર્યાય તત્ત્વથી બરાબર જાણી. આહા..હા...! 'सर्वे भावस्तत्त्वस्तेन बुद्धाः।।' તો એણે સર્વ ભાવ તત્ત્વજ્ઞાનમાં જાણી લીધા. જાણવામાં આવી ગયો. આહા..હા...! સૂક્ષ્મ છે. વળી હિન્દી આજે આવ્યું છે. સમજાણું કાંઈ? આકરું કામ છે આ.

**'સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...'** આ પહેલા પ્રશ્નનો .. ચાલે છે આ બધો. એક સમયના જ્ઞાનમાં પર્યાય છે એક સમયની. કેવળજ્ઞાન પર્યાય છેને? કેવળજ્ઞાન ગુણ નથી. ગુણ તો જ્ઞાન ત્રિકાળ. આત્મા જેમ ત્રિકાળી છે તેમ જ્ઞાનગુણ ત્રિકાળ અને કેવળજ્ઞાન મતિ શ્રુત અવધિ એ બધી પર્યાય છે. જ્ઞાનગુણની અવસ્થા છે, પર્યાય છે. તો કહે છે કે જેની એક પર્યાયમાં સર્વ જ્ઞાન આવી ગયું તો સર્વને જાણ્યું એણે એકને જાણ્યું. જો આ સર્વને આ રીતે જાણ્યું તો એકને જાણ્યું. સમજાણું કાંઈ? ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો, પણ આટલું બધું સર્વ છદ્મસ્થને તો હોય નહિ. તો છદ્મસ્થને નથી તો આ કેવળજ્ઞાનની ઉત્પત્તિ થવાનો ઉપાય શી રીતે એની પાસે લાગુ પડે? શું કહ્યું સમજાણું? આહા..હા...! એક એક શબ્દમાં ઘણી ગંભીરતા ભરી છે.

શિષ્યનો એ પ્રશ્ન છે. પ્રભુ! તમે કહો છો કે સર્વને જાણે એ એકને જાણે. તો કેવળજ્ઞાનની પર્યાયમાં સર્વને જાણ્યું. તો જાણ્યું એણે આત્માને જાણ્યો. તો સર્વનું જ્ઞાન જેને નથી તેને આત્માનું જ્ઞાન નથી. અને આત્માનું જ્ઞાન નથી તો આત્મા કેવડો છે એની ખબર નથી. તો ધ્યાન કોનું કરશે? સમજાણું કાંઈ? એય..! ધીયા. આ બધા ધીયા ધંધા બંધાની વાત જુદી આખી છે. દુનિયાથી આખી જુદી જાત છે. આહા..હા...! પરમાત્માનો પોકાર છે સર્વજ્ઞની દિવ્યધ્વનિ. 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' એ આ શાસ્ત્ર છે. ભગવાન કુંદકુંદાચાર્ય ગયા હતા ત્યાંથી આ બનાવ્યું છે. આહા..હા...! એ એમ કહે છે કે સાંભળતો ખરો પ્રભુ. તમે એમ કહ્યું કે સર્વને જાણે તે આત્માને જાણે. તો સર્વને જાણે કેમકે પર્યાયમાં સર્વને જાણવાનો સ્વભાવ છે. એ કારણે સર્વને જાણે એણે આત્માને જાણ્યો. આત્મા જ એવડો છે. હજી તો સર્વને જાણે તે આત્માને જાણે. એ વાત ચાલે છે. સમજાણું કાંઈ? .. જરી ઝીણું પડે એવું બધું. આહા..હા...!

શું કહ્યું? કે આ ભગવાન આત્મા જે છે અંદર એનો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાનમય છે.

જ્ઞાનવાળો પણ નહિ, જ્ઞાનમય છે. એકલો જ્ઞાનમય. બીજી રીતે કહીએ તો એ સર્વજ્ઞ જ્ઞાનમય છે. આત્મા છે એ સર્વજ્ઞ જ્ઞાનમય છે નિત્ય ધ્રુવ. સર્વજ્ઞ. જ્ઞ. જ્ઞ સ્વભાવી કહો કે સર્વજ્ઞ સ્વભાવી કહો. એ આત્મા જે છે એ સર્વજ્ઞ સ્વભાવી છે. તો સર્વજ્ઞ સ્વભાવ જે છે એ તો સામાન્ય થયો. એ સર્વજ્ઞ સ્વભાવમાંથી વિશેષપણું સર્વજ્ઞનું પ્રગટ થાય છે એ વિશેષમાં લોકાલોકનું જ્ઞાન થાય છે. અને લોકાલોકનું જ્ઞાન થાય છે તો એટલું સર્વને જાણ્યું એ જ આત્માને જાણ્યું. બધું પૂરું રૂપ છે એનું. આ જાણ્યું એણે આત્માને જાણ્યો. આવી વાતું છે. ઓલા દયા પાળો, ઈચ્છામી પડિમા ઈરિયા વરિયા જાવ. આહા..હા...!

**'સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...'** બીજી રીતે કહીએ તો જે આત્મામાં એક અકાર્યકારણ નામનો ગુણ છે. અકાર્યકારણ નામનો આત્મામાં ગુણ છે. જેમ જ્ઞાનગુણ છે એવો અકાર્યકારણ નામનો ગુણ છે. તો એ ગુણની પરિપૂર્ણતા પોતાથી ઉત્પન્ન થઈ છે. એ કોઈ કારણથી, પરના કારણથી એમ નથી. આહા..હા...! એ પરિપૂર્ણતા જ્ઞાનનો સ્વભાવ સ્વતઃ પોતાથી ઉત્પન્ન થયો છે. આહા..હા...! તો એ પૂર્ણ થયો એટલો જ આત્મા છે. કારણ કે એ આખું સ્વરૂપ જ એનું એવું છે એટલો જ આત્મા છે. જેણે સર્વને ન જાણ્યું, એણે એકને ન જાણ્યું. સર્વને જાણ્યું એણે એકને જાણ્યું. તો છદ્મસ્થને તો સર્વનું જ્ઞાન નથી એમ શિષ્યનો પ્રશ્ન થયો. સમજાણું કાંઈ? આહા..હા...! છદ્મસ્થને પણ છે. સાંભળ. આહા..હા...! જયચંદ આચાર્યમાં તો લીધું છે. અવયવીનું અવયવ જ્ઞાન છે. અવયવથી આખા અવયવીનું જ્ઞાન એનામાં છે. સમજાણું કાંઈ? આહા..હા...!

એક હાથ છે એ અવયવ છે. આખું શરીર અવયવી છે. આખું શરીર અવયવી છે. આ હાથ-પગ અવયવ છે. તો એકને જાણ્યું. જેનું આ અવયવ છે એને પણ જાણ્યું. સમજાણું કાંઈ? આહા..હા...! એમ જણે ભગવાન આત્મા અંતર્મુખ થઈને સમ્યગ્જ્ઞાન પ્રગટ કર્યું, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. તો એ સમ્યગ્જ્ઞાન ભાવશ્રુતજ્ઞાન છે. સમજાણું કાંઈ? અને એ પણ ખુલાસો થઈ ગયો છે. એમાં શ્રુત શબ્દ આવ્યો છે તો તેને શ્રુત શબ્દની ઉપાધિ છે કાંઈ શ્રુતજ્ઞાનમાં? કહે ના. ના. એ તો શ્રુત શાસ્ત્ર ભગવાન સર્વજ્ઞ જે છે એ શ્રુતજ્ઞાન દ્વારા ઉપદેશ કરે છે. કેવળજ્ઞાન દ્વારા નહિ. શું કહ્યું? કેવળજ્ઞાની છે પણ ઉપદેશ શ્રુતજ્ઞાન દ્વારા છૂટે છે. કેમકે સાંભળનારને શ્રુતજ્ઞાન થાય છે તો એમાં નિમિત્ત છે તો એ શ્રુતજ્ઞાન દ્વારા કથન કરે છે. આહા..હા...! તો અહીં તો નીચે શ્રુતજ્ઞાન જે છે. કેવળજ્ઞાની શ્રુતજ્ઞાન દ્વારા કથન કરે છે તો અહીં શ્રુતજ્ઞાન નીચે છે એ કેવળજ્ઞાનને જાણે છે. આહા..હા...! આવું છે. એમાં બે-ચાર દિ' સાંભળે તો કાંઈ સમજાય એવું નથી આમાં કાંઈ. આહા..હા...!

**'સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન;... '** આહા..હા...! પહેલા એ લીધું કે સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન અને હવે આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન. અને જેણે આત્મા જાણ્યો તે જ્ઞાનમય, આનંદમય, અનંતગુણમય. તો એની

પર્યાયમાં કેવળજ્ઞાન થશે એવું વર્તમાનમાં પણ જાણી લે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન છે એ તો જાણે છે પણ કેવળજ્ઞાન સર્વજ્ઞને જાણવું. શ્રુતજ્ઞાનમાં સર્વ વસ્તુ દેખી જાણી તો એમાં આખા આત્માનું જ્ઞાન થયું. તો આત્મા જાણ્યો તેને સર્વ જાણ્યું છે કે પર્યાયમાં સર્વ આવ્યું તો આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. આહા..હા...! આવું છે.

**'અને આમ હોતાં, આત્મા જ્ઞાનમયપણાને લીધે...'** જુઓ, આત્મા તો જ્ઞાનમય છે. એમાં કોઈ રાગ, દ્વેષ, પુણ્ય, પાપ વિકલ્પ એમાં નથી. એ નવ તત્ત્વત છેને? પુણ્ય, પાપ, આસ્રવ તત્ત્વ, બંધ તત્ત્વ ભિન્ન છે અને જ્ઞાયક તત્ત્વ ભિન્ન છે. આહા..હા...! જ્ઞાયક તત્ત્વ એવા **'આત્મા જ્ઞાનમયપણાને લીધે...'** એ જ્ઞાનમય જ છે. આહા..હા...! ચૈતન્ય પૂંજ છે. ભગવાન ચૈતન્ય પૂંજ છે. આહા..હા...! કર્તાકર્મમાં આવ્યું ને? પહેલી ગાથામાં કે આત્મા અને જ્ઞાન તાદાત્મ્ય સંબંધ છે. તાદાત્મ્ય. અગ્નિ અને ઉષ્ણતા. અગ્નિ અને ઉષ્ણતા તદ્રુપ તાદાત્મ્ય સંબંધ છે. એમ ભગવાન આત્મા અને જ્ઞાનસ્વભાવ તાદાત્મ્ય સંબંધ છે. આહા..હા...! આવી વાતું. સમજાણું કાંઈ? અને પુણ્ય અને પાપનો ભાવ સંયોગીભાવ છે. જ્ઞાનમયભાવ તાદાત્મ્ય સંબંધ છે દ્રવ્ય સાથે અને પુણ્ય-પાપના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ વિકલ્પ સંયોગીભાવ છે. સ્વભાવભાવ નથી. સ્વભાવભાવ તો જ્ઞાનમય અને આનંદમય તે સ્વભાવભાવ છે. આહા..હા...! આવું ઝીણું છે.

**'આત્મા જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી,...'** શું કહે છે? પોતે પોતાનો અનુભવ કરવાથી. સ્વસંચેતક. સમ્યક્ પ્રકારે સચેતક. પોતાનો જે અનુભવ વસ્તુ છે તેમાં ચેતન અનુભવ થયો. જ્ઞાનમયતાને કારણે જ્ઞાનમયનું વેદન થયું. આહા..હા...! વિશેષ લેવું છેને. **'સ્વસંચેતક હોવાથી, જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં...'** હવે આગળ લઈ ગયા વાત. જે જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જાણ્યું તો કહે છે કે જ્ઞાનની વિશેષ દશા થઈ તો વિશેષ દશામાં લોકાલોક જાણવામાં આવ્યો. તો પછી. આહા..હા...! **'જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં...'** જ્ઞાતા નામ જાણનાર ભગવાન અને જ્ઞેય અન્ય. એમ અન્યત્વ હોવા છતાં **'પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાનનું...'** આહા..હા...! પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાન. **'પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન હોવાને લીધે...'** જાણવા લાયક અને જાણવું એ બધું પોતાની પર્યાયમાં થયું. જાણવા લાયક અને જાણ્યું એ બેય પોતાની પર્યાયમાં થયુંને?

**'જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાનનું પોતાની અવસ્થામાં અન્યોન્ય મિલન હોવાને લીધે...'** એક જ્ઞેયનું જ્ઞાન થયું એ જ્ઞાનની સાથે મિલન થયું. આહા..હા...! એમાં જે જ્ઞેયનું જ્ઞાન છે એ જ્ઞાન અને પોતાનું જ્ઞાન એ બધું એક થયું. એમાંથી અન્યનું જ્ઞાન કાઢી નાખે એવી ચીજ નથી. આહા..હા...! આ તો લોજિકથી વાત છે ભાઈ! ઝીણી વાત છે. શું કહે છે? ભગવાન જ્ઞાન સામાન્ય એની અવસ્થા

વિશેષ એમાં લોકાલોક જણાણા એ તો એની અવસ્થા છે. સમજાણું કાંઈ? તો તેની અવસ્થામાં જે લોકાલોક અન્ય છે એ જણાયું તો એ અપેક્ષાએ ભલે અન્ય હોય, પણ એ અન્ય છે એનું અહીં જ્ઞાન થયું છે તો એ જ્ઞાનમાં અન્યત્વ નથી રહ્યું. સમજાણું કાંઈ? આહા..હા...! ભગવાન જ્ઞાન પર્યાયમાં જ્યારે લોકાલોક જણાયું તો પૂર્ણ પર્યાય જાણી. એ પૂર્ણ જાણી તો એમાં એ આવ્યું કે જે જ્ઞેય છે એ એમાં નથી આવ્યું. પહેલા એમ કહ્યું. કે જ્ઞેય અનંત ભિન્ન છે. તોપણ જેટલું જ્ઞેયનું સ્વરૂપ છે એવું પોતાના જ્ઞાનમાં જણાયું તો એ જ્ઞાનમાં અન્યત્વ પણ આવી ગયું. જ્ઞાન. એ કહે કે બેને ભિન્ન કરવા છે... એમ કહે છે. આહા..હા...! છે?

'**અન્યોન્ય મિલન હોવાને લીધે...**' અન્યોન્ય મિલન હોવાને લીધે. આહા..હા...! કારણ કે જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞેયનું જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાન અને જ્ઞેયનું જ્ઞાન અન્યોન્ય મિલન પર્યાયમાં છે. ચંદુભાઈ! આવું છે. ડોક્ટર ફોક્ટરમાં બધું ઈંજેક્શન સહેલું સટ હતું. આ કાંઈ. આહા..હા...!

**શ્રોતા** :- આપ ઈંજેક્શન તો મારો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાત સાચી છે. ઈંજેક્શન તો આ છે પ્રભુ તને.

**શ્રોતા** :- .. બનાવો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બનાવે ને. બહુ શાંતિનું કામ છે પ્રભુ! આ દેહ તો જડ-માટી છે. આ તો માટી છે. મૃતક કલેવર છે. આહા..હા...! મડદું છે આ. ભગવાન તો અમૃતરૂપ વિજ્ઞાનઘન છે. આત્મા ભગવાન છે એટલે અહીં આત્માને ભગવાન કહે છે. ૭૨ ગાથામાં ભગવાન કહ્યું છે આચાર્યે. ભગવાન આત્મા ભગ નામ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદની ભગ-લક્ષ્મી. ભગનો અર્થ લક્ષ્મી થાય છે. પોતાના અનંત જ્ઞાન આદિની લક્ષ્મીવાન એનું રૂપ છે. તો એ જ્ઞાનમય છે અનંતગુણમય છે. આહા..હા...! અહીં તો જ્ઞાનની પ્રધાનતાથી વાત કરવી છેને.

અને એ '**જ્ઞાનમયપણાને લીધે સ્વસંચેતક હોવાથી,...**' પોતાનો પોતાને અનુભવ હોવાથી '**જ્ઞાતા અને જ્ઞેયનું વસ્તુપણે અન્યત્વ હોવા છતાં...**' જાણનાર જ્ઞાન અને જણાનાર અન્ય એ રીતે અન્ય હોવા છતાં '**પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાન...**' એ પર્યાય પ્રતિભાસ અને પ્રતિભાસ્યમાન યોગ્ય પોતાની પર્યાય છે. આહા..હા...! શું કહ્યું સમજાય છે કાંઈ? પર્યાય પ્રતિભાસ અને પર્યાય પ્રતિભાસ્યયોગ્ય. પોતે જ પોતે બધું છે. આહા..હા...! તો જે કાંઈ પ્રતિભાસ .. અહીં જણાણું એ પોતાની પર્યાય છે અને એને જાણું એ પોતાની યોગ્યતા છે. સમજાય છે કાંઈ? આહા..હા...! આવું છે.

એ કારણે '**જ્ઞાનની અવસ્થામાં પરસ્પર મિશ્રિત-એકમેકરૂપ હોવાને લીધે...**' એય..! એ જ્ઞેયને જાણ્યું છે એ જ્ઞાન જ છે. એ જ્ઞેયને જાણ્યું છે એ જ્ઞાન છે એ જ્ઞેય નથી ત્યાં.

આહા..હા...! એટલે જે જ્ઞાનમાં પ્રતિભાસ પરનો થતો પણ એ પ્રતિભાસ પોતે થયો અને પ્રતિભાસમાન પણ પોતે થયો. આહા..હા...! **'તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી,...'** જુઓ, શું કહ્યું? આત્માનું જ્ઞાન પર્યાયમાં જ્ઞેય પૂર્ણ જ્ઞેય છે એ જણાયું છે તો એ જ્ઞેયનું જ્ઞાન આત્મામાંથી ભિન્ન કરવું અશક્ય છે એટલે એ જ્ઞેય જ છે. જ્ઞેયનું જ્ઞાન એ પોતાનું જ્ઞેય છે. પરનું જ્ઞેય હતું એનું અહીં જ્ઞાન થયું તો પોતાનું જ્ઞેય થઈ ગયું. આહા..હા...! આવું સમાજમાં લાગે વાત. સમજાણું કાંઈ? આહા..હા...!

**'પરસ્પર મિશ્રિત-એકમેકરૂપ હોવાને લીધે તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી,...'** અરિસામાં. અરિસો-શીશો. જે બાહ્ય ચીજ છે એ ત્યાં પ્રતિબિંબ પડે છે. હવે એ પ્રતિબિંબ છે. એ તો એનું પ્રતિબિંબ છે. પણ ખરેખર તો એ અરિસાની અવસ્થા એટલી છે. અરિસાની એટલી અવસ્થા છે કે જે પ્રતિબિંબને પોતાની સ્વચ્છતામાં જાણે છે. એમ ભગવાન જ્ઞાન પર્યાયમાં. આહા..હા...! અન્ય અનંત છે એ અન્ય જ્ઞેયને જ્ઞાનની પર્યાયની તાકાત છે કે તેને જાણે છે. તો પછી એનું જે જ્ઞાન થયું એ જ્ઞેયનું જ્ઞાન કહીને પોતાનું જ્ઞાન અને જ્ઞેયનું જ્ઞાન બેને ભિન્ન કરવું અશક્ય છે. આકરું આવ્યું છે બહુ. માર્ગ એવો છે બાપુ! આહા..હા...! ધ્યાન રાખે તો સમજાય એવું છે. ખ્યાલમાં તો એને વાત આવવી જોઈએ ને. આહા..હા...!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ જુદું પણ જ્ઞેયનું જે જ્ઞાન છે એને જ્ઞેય કરીને એને જુદા પાડવા અશક્ય છે. જ્ઞેયનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન બે થઈને જ્ઞાન છે એમાં જ્ઞેયનું જ્ઞાન જુદું પાડવું અશક્ય છે.

અરે! પ્રભુ! આવો માર્ગ છે. ઓલા તો કહે વ્રત કરો, અપવાસ કરો, જાત્રા કરો. અહીં તો બધી રાગની ક્રિયા સાંભળને. આ ભગવાન આત્મા એકલો જ્ઞાતા-દૃષ્ટા. આહા..હા...! ક્રમબદ્ધની પર્યાયમાં પણ એ છે. જે સમયે જે પર્યાય થવાની હશે તે થશે. આહા..હા...! એનો અર્થ? કે ક્રમબદ્ધની પર્યાયમાં કરનારો હું છું એ ઊડી જાય છે. અકર્તા થાય છે. અકર્તા થાય છે તો એ નાસ્તિથી. અસ્તિથી જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો બસ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અકર્તા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અકર્તા. પર્યાય એ કરવી નથી. એ કર્તા એ જ્ઞાતા-દૃષ્ટા. ક્રમબદ્ધમાં એ આવ્યું. આહા..હા...! તો અહીંયાં પણ કેવળજ્ઞાન પણ ક્રમસર થાય છે એક સમયે સમયે સમયે ભિન્ન.. ભિન્ન.. આહા..હા...! તો એક સમયનું જ્ઞાન સારા જગતનું ત્રણકાળ, ત્રણલોકનું આવી ગયું. હવે એનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન બે એક જ છે. એટલે જાણે કે જ્ઞેય આમાં આવ્યું. જ્ઞેયનું જ્ઞાન થયું તો જ્ઞેય આવી ગયું.

**શ્રોતા :-** જ્ઞાનનો જ્ઞેય આવે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છેને. ૨૦૦ ગાથામાં બહુ આવે છે. આ પણ એ કહે છે. આહા..હા...!

'**તેમને ભિન્ન કરવા અત્યંત અશક્ય હોવાથી, બધુંય જાણે કે આત્મામાં નિખાત (પેસી ગયું)...**' આહા..હા...! '**ખોદીને અંદર ઊંડું ઉતરી ગયેલું; અંદર પેસી ગયેલું.**' જ્ઞાનમાં લોકાલોક પ્રવેશ કર્યો. જાણે એનું જ્ઞાન થયું ને તો પ્રવેશ કર્યો. આહા..હા...! કેવળજ્ઞાનની એક વ્યાખ્યા આટલી. એ શ્રુતજ્ઞાન દ્વારા જણાય. આહા..હા...! અને શ્રુતજ્ઞાનમાં પણ એટલી તાકાત છે કે કેવળજ્ઞાન પૂર્ણ અવયવી છે, શ્રુતજ્ઞાન પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું, તો એ પર્યાય પણ અવયવ એનું છે તો અવયવ જાણ્યો એણે અવયવી પૂર્ણ જાણ્યું એ અનુમાનથી વ્યાપ્તિ થઈ. સમજાણું કાંઈ? અનુમાન ને વ્યાપ્તિ ને. કોઈ દિ' ચોપડામાં આવ્યું ન હોય. અપાસરે જાય તો આવ્યું નથી અત્યારે. આહા..હા...!

**શ્રોતા :-** કેવળજ્ઞાનમાં શ્રુતજ્ઞાનનો ઉપદેશ હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્રુતજ્ઞાનનો ઉપદેશ હોય છે. કેવળજ્ઞાનનો નહિ. ધવલમાં એમ છે. ધવલમાં. શ્રુતનો ઉપદેશ ચાલે છે. કારણ કે સાંભળનારને શ્રુત થાય છેને? એ પહેલા કહ્યું હતું. આહા..હા...! વાણી છેને? વાણી છેને. વાણી એટલે શ્રુત થયું. વાણી શ્રુત થયું. અને એ શ્રુત સાંભળનારને શ્રુતજ્ઞાનમાં નિમિત્ત છે. સામે શ્રુતજ્ઞાન થાય છે તો અહીંયાં વાણીને પણ શ્રુત કહ્યું. વાણી નિમિત્ત થઈ અને ત્યાં શ્રુતજ્ઞાન થયું. તો વાણી જ શ્રુતજ્ઞાન છે. ભલે નિમિત્ત તરીકે પણ એ વાણી જ શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન દ્વારા જ એનો ઉપદેશ પરમાત્માનો આવે છે. આહા..હા...!કેવળજ્ઞાનનો ઉપદેશ વાણીમાં શી રીતે? વાણી તો શ્રુતજ્ઞાન દ્વારા જ એનું બધું સ્વરૂપ આવે છે. આહા..હા...!

**શ્રોતા :-** વાણીમાં તો દ્વાદશાંગથી ઉપર જ્ઞાન હોય છે તો ગણધર દ્વાદશાંગ જેટલું ગ્રહણ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે બધો જ ખ્યાલ આવે છે. સાંભળનાર શ્રુતજ્ઞાનીને પણ બધો ખ્યાલ આવે છે. શ્રુતજ્ઞાન દ્વારા કહ્યું અને શ્રુતજ્ઞાનમાં પણ અનુમાન વ્યાપ્તિથી પૂર્ણને જાણવું કે આ એટલું છે તો પૂર્ણ એટલું છે એવું જ્ઞાન થઈ જાય છે. આહા..હા...! આવી વાત છે.

'**કે આત્મામાં નિખાત (પેસી ગયું)...**' જાણે બધા જ્ઞેયોનું જ્ઞાન થયું તો જ્ઞેય જ જાણે જ્ઞાનમાં આવી ગયું. આહા..હા...! '**એ રીતે પ્રતિભાસે છે—**' જોયું! પર્યાયમાં પ્રતિભાસિત પોતાની પર્યાય થાય છે તો એ બધું એમાં પેસી ગયું. '**જણાય છે.**' પ્રતિ એટલે જણાય છે. '**(આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે...**' આહા..હા...! પોતાને જાણે છે '**અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો—જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય એ રીતે—જણાય છે,...**' સર્વ જ્ઞાન એમ જણાય છે જાણે કે તે જ્ઞાનમાં સ્થિત હોય. આહા..હા...!

જ્ઞાનમાં એ જ્ઞેય કોતરાઈ ગયા હોય. ડૂબી ગયા હોય. ઘણી ભાષા આવે છે. આહા..હા...!

જ્ઞાનની પર્યાયમાં. આહા..હા...! લોકાલોક જ્ઞેયનું જ્ઞાન થયું છે તો જાણે જ્ઞેય પર છે અને જ્ઞાન ભિન્ન છે છતાં એનું જ્ઞાન થયું તો જાણે જ્ઞેયનું જ્ઞાન કોઈ ભિન્ન નથી. એ ચીજ ભલે ભિન્ન રહી પણ એ સંબંધીનું જ્ઞાન એ પોતાના જ્ઞાનમાં જણાયું તો એ જ્ઞેય, એનું જ્ઞાન અને પોતાના જ્ઞાનને ભિન્ન પાડવું અશક્ય છે. આહા..હા...! ઝીણો વિષય ઘણો. '(**આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે—અનુભવે છે—જાણે છે;...**' પોતાને અંતર જાણે છે. '**અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો—જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય...**' જ્ઞાનમાં જાણે જ્ઞેય સ્થિત હોય. આહા..હા...! પ્રતિભાસમાંથી પોતે પ્રતિભાસ થઈ ગયો. આહા..હા...! પોતાની જ્ઞાન પર્યાય જાણે અને જ્ઞાન જણાય, પર્યાય જાણે અને પર્યાય જણાય. આહા..હા...! પર્યાયમાં સંપ્રદાનની પર્યાય આવી તો પર્યાય લેનારો પણ એ અને દેનારો પણ એ. એ જ્ઞેયનું જ્ઞાન થયું એ જ્ઞાનની પર્યાય પોતામાં રાખી અને પોતાને સંપ્રદાન દીધું. ષટ્કારક છેને.

જે કેવળજ્ઞાન છે સૂક્ષ્મ છે ભાઈ! ભગવાન! એ ષટ્કારકરૂપે પરિણમે છે. કેવળજ્ઞાન હોં! એ કેવળજ્ઞાન કર્તા, કેવળજ્ઞાન કર્મ-કાર્ય, કેવળજ્ઞાન કરણ-સાધન, કેવળજ્ઞાન સંપ્રદાન પોતે રાખ્યું, કેવળજ્ઞાન અપાદાન કેવળજ્ઞાનથી થયું અને આધાર જ્ઞાન જ્ઞાનનો આધાર છે. આહા..હા...! ઝીણું બહુ બાપુ! એમ શ્રુતજ્ઞાન જે થયું એ પણ ષટ્કારકથી થયું. એ પરનું જ્ઞાન અહીંયાં થયું અને પરનું જ્ઞેય પર્યાય છે તો એ પર્યાય ષટ્કારકથી પરિણમે છે. આહા..હા...! જ્ઞાન ભગવાન આત્મા જ્યાં જણાયું. તો કહે છે કે એનો જાણવાનો પૂર્ણ સ્વભાવ તો સાથે આવી ગયો અને એના પૂર્ણ સ્વભાવનું જે જ્ઞાન છે તેને ભિન્ન કરવું અશક્ય વસ્તુ એ. પ્રતિભાસ અને પ્રતિભાસમય પોતાની પર્યાય છે. પ્રતિભાસ એને થયો એમ નહિ અહીં તો અહીંયા થયો. આહા..હા...! વાણિયાને નવરાશ ન મળે અને આવી વાતું.

**શ્રોતા** :- આવ્યા છે બધા વાણિયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાણિયા એથી કહ્યું છેને. ઈતિહાસકારે કહ્યું ને. જાપાનના ઈતિહાસકાર એમ બોલ્યો છે. બહુ ઈતિહાસકાર જૂનો છે એક ૬૭ વર્ષનો. હમણા આવ્યું છે. કે જૈનધર્મ અનુભૂતિ માત્ર છે. અનુભૂતિ એ જૈનધર્મ એમ કાઢ્યું છે. એ ઐતિહાસિક છે. જૂનો. કે જૈનધર્મ અનુભૂતિ છે. વાત તો સાચી. બાર અંગમાં પણ અનુભૂતિ કહ્યું છે. ભગવાન આત્માનો અનુભવ કરો. આ કરો ને તે કરો એ વસ્તુમાં નથી. પણ એમાં લીધું થોડું પાછું. પણ જૈન ધર્મ વાણિયાને હાથ આવ્યો. વાણિયા અને વાણિયાને નવરાશ ન મળે નિર્ણય કરવાની. એય..! હસુભાઈ! તમારી ત્યાં ઓલાએ મશ્કરી કરી છે.

અનુભૂતિ ભગવાન પૂર્ણાનંદનો નાથ એને અનુસરીને વેદન આવવું, અનુભવ થવો સમ્યગ્દર્શન એ અનુભૂતિ તે જૈનશાસન છે. કોઈ દયા, દાન, વ્રત આદિ રાગ એ કાંઈ જૈનધર્મ નથી એ તો વિચાર છે. આહા..હા...! એનું એ જ્ઞાન. રાગ આવે એનું જ્ઞાન એ જ્ઞાન એનું

છે. રાગ એનો નથી. આહા..હા...! હવે આવો નિર્ણય કરવા માટે વખત જોઈએ. અંદરમાં અંતરમાં ઘડ બેસવી જોઈએ. આહા..હા...! ઘડ શું કહે છે? બીજા બીજાનું કાંઈ કરી શકતા નથી. ઘડ એટલે? જમ જાના. એ બરાબર. પોતાની પર્યાયમાં જામી જાવું, તો એમાં લોકાલોકનું જ્ઞાન પણ આવ્યું અને પોતાનું જ્ઞાન પણ થયું. એ જ્ઞાનમાં જાણે જ્ઞેયનો પ્રવેશ થઈ ગયો, જ્ઞાનમાં જાણે જ્ઞેય કોતરાઈ ગયું એમ દેખે છે. આહા..હા...! દિગંબર આચાર્યોની વાણી કેવળીના કેડાયતો છે. કેવળીનું કેડાયત. આ વાણી બીજે ક્યાંય છે નહિ. આહા..હા...!

'**(આત્મા જ્ઞાનમય હોવાથી પોતાને સંચેતે છે—અનુભવે છે—જાણે છે; અને પોતાને જાણતાં સર્વ જ્ઞેયો—જાણે કે તેઓ જ્ઞાનમાં સ્થિત હોય એ રીતે—જણાય છે,...**' આહા..હા...! '**કારણ કે જ્ઞાનની અવસ્થામાંથી...**' જ્ઞાનની દશામાંથી '**જ્ઞેયાકારોને ભિન્ન કરવા અશક્ય છે.)**' પહેલા પણ આવી ગયું છે. સર્વગત છે માટે પ્રવેશ કરે છે. એ પહેલા આવી ગયું છે. સર્વગત છેને જ્ઞાન સર્વને જાણે છેને એટલે ત્યાં અંદર. એ જ્ઞાન છે એનું. જેવું જ્ઞેય છે એ પ્રમાણે જ્ઞાન થયું. જેવા દ્રવ્ય-ગુણ છે એવું પર્યાયમાં જ્ઞાન થયું અને જેવા લોકાલોક છે એ પ્રકારનું જ્ઞાન થયું. તો એ જ્ઞાનમાં જ્ઞેય જાણે આવી ગયું, એનું જ્ઞાન આવ્યું તો જ્ઞેય આવી ગયું એમ કહેવામાં આવે છે. આહા..હા...! છે?

'**જો આમ ન હોય તો (અર્થાત્ જો આત્મા સર્વને ન જાણે તો) જ્ઞાનને પરિપૂર્ણ આત્મસંચેતનનો અભાવ...**' આહા..હા...! ભગવાન આત્મા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ ન જાણે તો તો એ આત્માના સંચેતનનો અભાવ થઈ ગયો. કારણ કે એ પૂર્ણને જાણે એવો આત્મા છે તો આ ન હોય તો એણે પોતાના પૂર્ણ આત્માનું વેદન કર્યું જ નથી. પૂર્ણ આત્મામાં એને જાણવું થયું જ નથી. આહા..હા...! છે? આહા..હા...! '**પરિપૂર્ણ એક આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.**' આહા..હા...! '**જ્ઞાનને પરિપૂર્ણ આત્મસંચેતનનો અભાવ હોવાથી...**' આહા..હા...! એક જ આત્મા એમ એક પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે. એવો આત્મા છે તો જેને એવું ન હોય તો બધાને ન જાણે તો આત્માનું પૂર્ણરૂપ છે સર્વને જાણવું એ આવ્યું નહિ. એ આવ્યું નહિ તો આત્માનું ધ્યાન કરી શકતો નથી. આહા..હા...! આવું છે.

'**પરિપૂર્ણ આત્મસંચેતનનો...**' એટલે આત્માનું પૂર્ણરૂપ છે, સર્વને જાણવું એવું આત્માનું પૂર્ણરૂપ છે તો પૂર્ણરૂપનો અભાવ હોવાથી '**પરિપૂર્ણ એક આત્માનું પણ જ્ઞાન સિદ્ધ ન થાય.**' પરિપૂર્ણ ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયમાં પોતાના લોકાલોકને પોતાથી જાણે એવો સ્વભાવ છે, એમ જો સર્વ ન જાણ્યું તો આત્માને ન જાણ્યો. પણ આત્મા એટલો છે. આહા..હા...! ઝીણું છે આવું ભાઈ! શેઠ આવ્યા ત્યારે આ જ ચાલતુ હતું તે દિ'. હુકમીચંદજી. ઇંદોર-ઇંદોર. હુકમીચંદજી અને આ પંડિત. કેવા? બંસીધરજી. તે દિ' આ ૪૮-૪૯ ગાથા ચાલતી હતી. એકની સાલ છે. પણ એમાં ઠીક પડતું નહોતું લોકોને.

**શ્રોતા :-** .. ૬૦મી ગાથા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વળી બીજી. આ ચાલતી હતી અને ઓલી સમયસારની ચાલતી હતી બેય. સમયસારની ચાલતી હતી અને આ પણ ચાલતી હતી. તે દિ' પછી હશે. બીજી વારે. ત્રણવાર આવ્યા હતાને. આહા..હા...!

જેને એક સમયની પર્યાયમાં એટલું પૂર્ણરૂપ પૂર્ણ જાણવું એ પોતાનું પૂર્ણરૂપ છે. તો પૂર્ણરૂપને જાણ્યું નથી તેણે આત્માને જાણ્યો નથી. આહા..હા...! પહેલાનો ખુલાસો કર્યો. '**સર્વના જ્ઞાનથી આત્માનું જ્ઞાન...**' એનો ખુલાસો કર્યો '**અને એક આત્માના જ્ઞાનથી સર્વનું જ્ઞાન;...**' કેમકે આત્માની પર્યાયમાં એટલી સર્વને જાણવાની તાકાત છે. એટલો આત્મા છે. તો એટલો આત્મા જાણ્યો તેણે સર્વને જાણ્યું. આહા..હા...! વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી પ્રવચનસાર, ગાથા-૪૭, પ્રવચન નં. ૪૫, તા. ૨૦-૨-૧૯૭૯ (૭)

('પ્રવચનસાર') ૪૭ ગાથા. (મથાળામાં કહે છે) '**(અતીન્દ્રિય જ્ઞાન સર્વનું જાણનાર છે એમ તેની પ્રશંસા કરે છે) :—**' ફરીને લીધું. ફરીને એટલે પહેલાં તો આવી ગયું છે...! માથે લખ્યું છે ને ? '**હવે ફરીને પાછા પ્રકૃતને,...**' (એટલે) પહેલાં આવી ગયું છે પણ હવે વિશેષ (કહે છે). '**પ્રકૃતને (ચાલુ વિષયને) અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને સર્વજ્ઞપણે અભિનંદે છે.**' ગાથા :-

जं तक्कालियमिदरं जाणदि जुगवं समंतदो सव्वं।
अत्थं विचित्तविसमं तं णाणं खाइयं भणियं।।४७।।
**સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને**
**યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.**

આ..હા..હા...! અહીં તો એવું મગજમાં આવ્યું કે, આ '**ક્ષાયિક જિન કહે**' (એમ જે ગાથામાં આવ્યું છે) તો જેને આ ક્ષાયિકનું જ્ઞાન થયું એને જિન એમ કહે (છે) કે, તું દ્રવ્યનો આશ્રય લે! શું કહ્યું સમજાણું? આ '**ક્ષાયિક જ્ઞાન જિન કહે**' (અર્થાત્) પરમેશ્વર આને ક્ષાયિક જ્ઞાન કહે છે. પણ એનું જેને જ્ઞાન થાય તેને જિન એમ કહે છે કે, તું જેમાં સર્વજ્ઞસ્વભાવ છે તેનો આશ્રય લે! શું કહ્યું? આ તો 'જિન કહે' એમાંથી (આવ્યું). જિને આ કહ્યું છે, આ..હા..હા...!

ભલે ક્રમબદ્ધ હો, દરેક પર્યાય દ્રવ્યમાં ક્રમબદ્ધ હો, એમ સર્વજ્ઞે જાણ્યું છે અને થવા કાળે થાય, તેમ ભગવાને જાણ્યું છે, આ..હા..હા...! ક્રમબદ્ધ છે, થવા કાળે છે અને તેની તે સમયની યોગ્યતા છે, એમ ભગવાને જાણ્યું છે ને! આહા..હા...! તો જેને આ ક્ષાયિક જ્ઞાનનું જ્ઞાન કરાવે છે એને જિન એમ કહે છે કે, તારો ભગવાન આત્મા અંદર સર્વજ્ઞસ્વભાવી છે! આ..હા..હા...! એના તરફ તું જા! સર્વજ્ઞસ્વભાવનો યથાર્થ નિર્ણય ત્યારે આવે, આહા..હા...! સર્વજ્ઞસ્વભાવ છે, ભગવાન સર્વજ્ઞપણે જાણે છે અને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે છે. પણ તે જાણે છે એનું જેને જાણવું થાય, એને પ્રભુ એમ કહે છે કે, તું સર્વજ્ઞસ્વરૂપી છો, ત્યાં જા! આહા..હા...! શું કહ્યું એ?

સર્વજ્ઞસ્વભાવ! ભગવાન સર્વજ્ઞસ્વભાવ! ધ્રુવ સ્વભાવ! એના ઉપર નજર કર! તો તને

સમ્યગ્દર્શન થશે, એવો ઉપદેશ પાછો ભગવાને કર્યો!! આહા...! એમ કીધું ને? ક્રમબદ્ધનું કહ્યું, થવાનું હશે તે થશે એ કહ્યું, તે તે સમયની યોગ્યતા તે શરણ છે, એ આવે છે ને? તે સમયની તે પર્યાય (થવાની) દ્રવ્યમાં યોગ્યતા છે, આ..હા..હા...! એવું ભગવાને જણાવ્યું અને જાણ્યું એણે પણ એમ કહ્યું કે, પણ એ જણાણું યથાર્થ ક્યારે કહેવાય? આ..હા..હા...! સર્વજ્ઞસ્વભાવ જે આત્મા છે, એની સન્મુખ થઈને સર્વજ્ઞસ્વભાવમાં દૃષ્ટિ સ્થાપ ! અને સર્વજ્ઞસ્વભાવી જ હું છું એમ અનુભવમાં માન ત્યારે તેને જગતમાં સર્વજ્ઞ, ક્ષાયિક સમકિતી, ક્ષાયિક જ્ઞાની છે એવો વાસ્તવિક નિર્ણય થાય. આવી વાતું છે!

આ કેમ મગજમાં આવ્યું? કે, ૪૭ (શક્તિમાં) સર્વજ્ઞશક્તિ છે ને? (એક) 'સર્વજ્ઞ શક્તિ' છે. આ તો પ્રગટ સર્વજ્ઞપર્યાયની વ્યાખ્યા કરે છે, આહા...! પણ એ સર્વજ્ઞપણું ક્ષાયિક જ્ઞાન પ્રગટ્યું કેમ? ક્યાંથી (પ્રગટ્યું)? આહા..હા...! એ પૂર્વના મોક્ષમાર્ગથી પ્રગટ્યું, એમ કહેવું એ પણ હજી વ્યવહાર છે. આહા...! પણ દ્રવ્યના સ્વભાવમાં એ છે, તેથી તેનું લક્ષ કરતાં (સર્વજ્ઞપણું છે, એમ નિર્ણય થાય છે). એ લક્ષ કરે છે પર્યાય! એ સર્વજ્ઞસ્વભાવ છે, માટે એને લઈને સર્વજ્ઞપર્યાય થાય છે, એમ પણ નથી. અરે..!

સર્વજ્ઞપર્યાય જે થાય છે એ ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર થાય છે, આ..હા..હા...! સમજાય છે કાંઈ? જેમ વિકાર થાય છે એ ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર થાય છે, જે વિકાર થવામાં નિમિત્તની અને દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી. આ..હા..હા...! તો આ તો નિર્વિકારી સર્વજ્ઞ ક્ષાયિક જ્ઞાન...! આ..હા..હા...! એનું ક્ષાયિકજ્ઞાનપણું જે થયું, તે ક્ષાયિક પર્યાય પોતે કર્તા, કર્મ, કરણ (ષટ્કારકરૂપ) થઈને (ક્ષાયિકપણું) થયું છે, આ..હા..હા...! સમજાય છે કાંઈ? એ વાત વિશેષ સ્પષ્ટ કરાવે છે. ઝીણું છે.

ટીકા :— '**ક્ષાયિક જ્ઞાન ખરેખર એકી વખતે જ સર્વતઃ** (**સર્વ આત્મપ્રદેશેથી**),...' '**સર્વ આત્મપ્રદેશેથી**' (કહ્યું ત્યાં) ક્ષેત્ર લેવું. '**તત્કાળ વર્તતા કે અતીત-અનાગત કાળે વર્તતા**,...' ત્રણ (વાત કરી). વર્તમાન વર્તતી પર્યાય કે ભૂતકાળની થઈ ગઈ એ પર્યાય અને ભવિષ્યમાં થશે તે '**સમસ્ત પદાર્થોને—કે જેમનામાં પૃથક્પણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મીથી**,...' (અર્થાત્) દરેક દ્રવ્ય પોતાની લક્ષ્મીથી શોભે છે! ('પૃથક્પણે વર્તતાં'નો અર્થ) નીચે છે. 'દ્રવ્યોના ભિન્ન ભિન્ન વર્તતાં એવાં,...' (બધાં) દ્રવ્યો ભિન્ન ભિન્ન વર્તે છે. તે 'નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી—સંપત્તિ—શોભા છે.' આ..હા..હા...! અનંત પરમાણુઓ, અનંત આત્માઓ.. આ..હા..હા...! એ પોતે દરેક પદાર્થથી ભિન્ન ભિન્ન વર્તે છે. એ નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી, તે તે દ્રવ્યની લક્ષ્મી, તે તે દ્રવ્યની સંપત્તિ—શોભા છે, આ..હા..હા...! એને ભગવાન એક સમયમાં જાણે છે. છે (પાઠમાં)?

'**જેમનામાં પૃથક્પણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મીથી આલોકિત અનેક પ્રકારોને લીધે**,...' છ દ્રવ્ય ભિન્ન ભિન્ન પ્રકારે છે ને? (એટલે કહે છે કે) '**વૈચિત્ર્ય પ્રગટ થયું**

છે,...' વિચિત્ર (રીતે) પ્રગટ છે. (અર્થાત્) ક્યાં એક પરમાણુ ને (ક્યાં) અનંત સ્કંધ! એક આત્મા કેવળજ્ઞાનપણે અને એક આત્મા—નિગોદનો જીવ અક્ષરમાં અનંતમાં ભાગે! આ..હા..હા...! એવા અનેક પ્રકારને લીધે જે વિચિત્ર(તા) પ્રગટ છે.

**'અને જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતા અસમાનજાતિપણાને લીધે,...'** (અર્થાત્) ચૈતન્ય અને અચેતન એ અસમાન જાતિ છે, આ..હા..હા...! (તેને લીધે) **'વૈષમ્ય પ્રગટ થયું છે,...'** જોયું? (પહેલા બોલમાં) **'વૈચિત્ર્ય પ્રગટ થયું છે'**! એમ કીધું હતું, વિચિત્ર પ્રગટ થયું છે અને આમાં એમ કીધું કે, **'વૈષમ્ય પ્રગટ થયું છે'**. એક ચૈતન્ય અને એક જડ પરમાણુ, એમ વિષમતા છે, આહા..હા...! એવું **'વૈષમ્ય પ્રગટ થયું છે તેમને—જાણે છે.'** આ વાત ગાથાના શબ્દોની કરી. હવે, **'(આ જ વાતને યુક્તિપૂર્વક સમજાવે છે :)'** આ..હા..હા...!

**'ક્રમપ્રવૃત્તિના હેતુભૂત,...'** (અર્થાત્) ક્ષયોપશમજ્ઞાન છે ને ક્ષયોપશમ, એ ક્રમે પ્રવર્તે છે, એ એક સમયે બધું જાણતું નથી. **'ક્રમપ્રવૃત્તિના હેતુભૂત,...'** (એટલે) નિમિત્તભૂત. **'ક્ષયોપશમ અવસ્થામાં રહેલાં,...'** ક્ષયોપશમ દશામાં રહેલાં **'જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત અભાવ હોવાથી,...'** (અર્થાત્) ક્રમપ્રવૃત્તિના હેતુભૂત ક્ષયોપશમ અવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તેને (એટલે કે) ભગવાનને અત્યંત અભાવ છે. **'તે તાત્કાળિક કે અતાત્કાળિક પદાર્થમાત્રને,...'** આ..હા..હા...! પહેલાં ક્રમપ્રવૃત્તિનું કીધું ને (કે), ક્ષયોપશમ જ્ઞાન ક્રમે પ્રવર્તે છે એમાં જ્ઞાનાવરણીયનું નિમિત્ત છે. અને અહીંયાં (ક્ષાયિક જ્ઞાનમાં) જ્ઞાનાવરણીયનો ક્ષય થઈ ગયો છે એટલે હવે ક્રમપ્રવૃત્તિ ન રહી. (પરંતુ) **'સમકાળે,...'** જાણે છે. ત્યાં 'ક્રમપ્રવૃત્તિ' હતી, અહીંયા 'સમકાળે' છે. આ..હા..હા...!

એ તો ૩૩-૩૪ (ગાથામાં) આવી ગયું છે ને! (કે), ભગવાન જ્યારે અક્રમે બધાંને જાણે છે, પણ એમાં આત્માને જાણે છે, માટે તે કેવળી છે. આ..હા..હા...! કેવળ ભગવાન આત્મા! પૂર્ણ અનંત ગુણનું ધામ તેને કેવળી જાણે છે માટે તેને કેવળી કહેવામાં આવે છે. બધાંને જાણે છે (માટે કેવળી છે) એ અપેક્ષા ત્યાં નથી. આ..હા..હા...! કેવળ પ્રભુ આત્મા એકલો અખંડ આનંદનો નાથ એકરૂપ અભેદને જાણે છે માટે તેને 'કેવળી' કહીએ છીએ. તો પછી, આચાર્ય કહે છે કે, ભલે એ અક્રમે પ્રવર્તતા પરિણામવાળા પ્રભુ છે અને તેથી તે કેવળ આત્માને જાણે છે! આ..હા..હા...! (અને) અમે ક્રમે પ્રવર્તતા કેટલાક વિશેષો વડે (જાણીએ છીએ), પણ અમે આત્માને જાણીએ છીએ!! આહા..હા...! પ્રવિણભાઈ! આવી ઝીણી વાતું બહુ.

ભગવાન આત્મા એક સમયમાં કેવળજ્ઞાનનો પિંડ (છે). કેવળજ્ઞાન એટલે પર્યાય નહિ. (પણ) એકલો જ્ઞાનનો પિંડ એકલો કેવળ, પૂર્ણને અમે ક્રમવર્તી કેટલાક વિશેષો દ્વારા જાણીએ

છીએ, તો અમે પણ શ્રુતકેવળી છીએ! આ..હા..હા...! સરવાળો તો આ લીધો! સમજાણું કાંઈ? અહીં બતાવવામાં સરવાળો ઈ છે. આહા..હા...!

(અહીંયાં કહે છે કે, ક્ષાયિક જ્ઞાન) '**સમકાળે જ પ્રકાશે છે;...**' આ..હા..હા...! આમાં પરની અપેક્ષા લીધી છે. (ઉપર કહ્યું તેમાં) કેવળજ્ઞાન એટલે? કે, કેવળ પ્રભુ પૂર્ણાનંદનો સાગર અભેદ એકરૂપ છે એને જાણે (છે) માટે કેવળી કહીએ. એકસાથે પૂર્ણ અક્રમવાળી પર્યાય, એકસાથે જાણનારી પર્યાયથી પણ જાણે છે આત્માને એમ કહે છે, આ..હા..હા...! તેથી તેને કેવળી કહેવામાં આવે છે, આ..હા..હા...! અહીં કહે છે કે, બધું જાણે (છે) માટે અમે એને ક્ષાયિક જ્ઞાન કહીએ છીએ. સમજાય છે કાંઈ? અને અમે પણ જ્ઞાનની કેટલીક ક્રમવર્તી પર્યાય દ્વારા (આત્માને જાણીએ છીએ). આ..હા..હા...! ક્રમવર્તી, કેટલીક અને વિશેષ એવા ત્રણ પ્રકાર છે. ક્રમવર્તી, કેટલાક વિશેષો દ્વારા. આ..હા..હા...! વિશેષ દ્વારા સામાન્ય જણાય છે ને! આ..હા..હા...! ક્ષયોપશમ જ્ઞાન(ની) પર્યાય ક્રમવર્તી ક્રમેક્રમે જાણે છે અને કેટલીક જાણે છે. એવા કેટલાક વિશેષો દ્વારા અમે પણ 'કેવળ' ભગવાન આત્માને જાણીએ છીએ. આ..હા..હા...! આ પંચમ આરાના સંત એમ કહે છે!! પંચમ આરાના સંત શ્રોતાને એમ સમજાવે છે!! તું પણ... આ..હા..હા...!

કેવળજ્ઞાની ભગવાન અક્રમે બધાં વિશેષોથી, બધાં પર (દ્રવ્યના) દ્રવ્ય, ગુણ, પર્યાયના વિશેષોને વર્તમાન, ભૂત અને ભવિષ્ય ત્રણેને એકસાથે જાણે છે, આ..હા..હા...! તો હે આત્મા! તું પણ ભગવાનનો કેડાયત! આ..હા..હા...! સર્વજ્ઞપણું, કેવળજ્ઞાન તારે પ્રગટાવવું હોય તો... આ..હા..હા...! ભગવાન પૂર્ણ સ્વરૂપ અંદર છે તેને ક્રમવર્તી કેટલાક વિશેષો દ્વારા (જાણ)! (પણ) જાણ એને, જાણ એને. આહા...! અને એનું જ્ઞાન થતાં તને ક્રમેક્રમે કેવળજ્ઞાન થશે, આહા..હા...! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! આહા..હા...! એ એક વાત કરી.

(હવે) બીજી વાત '**(ક્ષાયિક જ્ઞાન) સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે પ્રતિનિશ્ચિત દેશોની (અમુક નિયત પ્રદેશોની) વિશુદ્ધિ,...**' (એટલે) નીચે (છદ્મસ્થ અવસ્થામાં) તો કેટલાક પ્રદેશોમાં (જાણે છે). જેમ કે આ આંખના પ્રદેશો છે (તો તે) તેની વિશુદ્ધિથી જાણે. કાનમાં અંદર જે પ્રદેશ છે, (તે) તેની વિશુદ્ધિથી જાણે. આખા અસંખ્ય પ્રદેશ ત્યાં વિશુદ્ધ નથી, એમ કહે છે. આ..હા..હા...! '**સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે,...**' એટલે આખા અસંખ્ય પ્રદેશમાં વિશુદ્ધિ હોવાને લીધે, એક સમયમાં સારા (બધાં) અસંખ્ય પ્રદેશમાં વિશુદ્ધિ હોવાને લીધે '**પ્રતિનિશ્ચિત દેશોની (અમુક નિયત પ્રદેશોની) વિશુદ્ધિ,...**' એટલે કે અલ્પ પ્રદેશોથી જાણવાની જે વિશુદ્ધિ છે, છે? તે '**(સર્વતઃ વિશુદ્ધિની) અંદર ડૂબી જતી હોવાથી,...**' (અર્થાત્) એ સર્વ વિશુદ્ધિ થઈ તેમાં, અમુક પ્રદેશે જે થોડી વિશુદ્ધિ હતી તે બધી (સર્વ વિશુદ્ધિમાં) ડૂબી જાય છે. આવી વાતું. ક્યાં બેઠા? પાછળથી આવ્યા? કહો, સમજાણું કાંઈ? શું કહ્યું ઈ?

(છદ્મસ્થદશામાં) કેટલાક પ્રદેશોની નિર્મળતાથી—વિશુદ્ધિથી જે જાણતો હતો, એ સર્વ વિશુદ્ધ થતાં, એ કેટલાક પ્રદેશોથી જે જાણતો (હતો), એ સર્વ વિશુદ્ધિમાં ડૂબી ગઈ! નાશ થઈ ગઈ! આવો ઉપદેશ હવે. પાંચે ઇન્દ્રિયના ત્યાં-ત્યાં તેટલા પ્રદેશો નિર્મળ છે. અંદર આ ભાવ નહિ, (પણ) પ્રદેશોમાં. તે તે પ્રદેશોમાં તે તે ઠેકાણે એટલી નિર્મળતા છે. આખા અસંખ્ય પ્રદેશની એકસાથે નિર્મળતા નથી. કેટલાક પ્રતિનિયત એટલે કેટલાક પ્રદેશોમાં. 'નિશ્ચિત' છે ને? 'પ્રતિનિશ્ચિત દેશો' એટલે અમુક નિયત પ્રદેશો. (અર્થાત્) અમુક જ મર્યાદાના જે પ્રદેશો છે એમાં (જે) વિશુદ્ધિ હતી, તે સર્વતઃ વિશુદ્ધિની અંદર ડૂબી જતી ગઈ. આ..હા..હા...! ભાષા જોઈ? આમાં 'વિશુદ્ધિ' શબ્દ વાપર્યો છે. વિશુદ્ધ (શબ્દ) શુભ ભાવને (માટે) પણ વાપરે છે, વિશુદ્ધ (શબ્દ) નિર્મળ પર્યાયને (માટે પણ) વાપરે છે. અહીંયાં આ વિશુદ્ધ-સર્વ પ્રદેશોની વિશુદ્ધિ (માટે) વાપર્યો (છે). આહા..હા...!

(હવે કહે છે) '**તે સર્વતઃ પણ (સર્વ આત્મપ્રદેશેથી પણ),...**' (પહેલાં) પ્રતિનિયત (કહ્યું હતું). (એટલે) છદ્મસ્થમાં અમુક પ્રદેશે જ વિશુદ્ધિ હતી ને? અહીંયાં સર્વ આત્મપ્રદેશેથી (કહ્યું), આ..હા..હા...! '**(સર્વ આત્મપ્રદેશેથી પણ) પ્રકાશે છે;...**' ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. '**સર્વ આવરણના ક્ષયને લીધે દેશઆવરણનો ક્ષયોપશમ નહિ રહ્યો હોવાથી,...**' આ..હા..હા...! છદ્મસ્થને તો સર્વ આવરણનો ક્ષય નથી. સમજાણું ? (તેને) દેશઆવરણનો ક્ષય છે. (એટલે) થોડા આવરણનો ત્યાં ક્ષયોપશમ છે. આ..હા..હા...! ભગવાનને તો સર્વ આવરણના ક્ષયને લીધે દેશઆવરણનો ઉઘાડ હતો તે નહિ રહ્યો હોવાથી '**તે સર્વને પણ પ્રકાશે છે;...**' દેશ ક્ષયોપશમવાળો સર્વને પ્રકાશી શકતો નહોતો, આ..હા..હા...! સમજાય છે કાંઈ? છે ને સામે પુસ્તક?

'**સર્વપ્રકારજ્ઞાનાવરણના ક્ષયને લીધે (સર્વ પ્રકારના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) અસર્વપ્રકારજ્ઞાનાવરણનો ક્ષયોપશમ,...**' આ..હા..હા...! '**(અમુક જ પ્રકારના પદાર્થોને જાણનારા,..)**' પદાર્થને જાણનારા લીધાં. તેને (તે જ્ઞાનને) '**(આવરણમાં નિમિત્તભૂત કર્મોનો ક્ષયોપશમ) વિલય,...**' પામી ગયો. આહા..હા...! તેથી '**તે વિચિત્રને પણ,...**' (અર્થાત્) અનેક પ્રકારના વિચિત્ર (એટલે) એક પરમાણુ અનંત ગુણની લીલી (અવસ્થાપણે) પરિણમ્યો, એક પરમાણુ અનંતગુણી કાળી (અવસ્થાપણે) પરિણમ્યો, એક આત્મા કેવળજ્ઞાને પરિણમ્યો, એક આત્મા અક્ષરના અનંતમા ભાગે પરિણમ્યો આ..હા..હા...! આવા જે વિચિત્ર પદાર્થો છે (તેને પણ પ્રકાશે છે). છે? આ..હા..હા...!

'**(સર્વ પ્રકારના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે)...**' એટલે (તે કર્મોનો ક્ષયોપશમ) વિલય થઈ ગયો, નાશ થઈ ગયો, આ..હા..હા...! તેથી તે સર્વને પ્રકાશે છે, આહા..હા...!

હવે (કહે છે) '**અસમાનજાતીયજ્ઞાનાવરણના ક્ષયને લીધે (અસમાન જાતિના પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મના ક્ષયને લીધે) સમાનજાતીયજ્ઞાનાવરણનો ક્ષયોપશમ (સમાન જાતિના જ પદાર્થોને જાણનારા જ્ઞાનને આવરણમાં નિમિત્તભૂત કર્મોનો ક્ષયોપશમ) નાશ પામ્યો હોવાથી,...** ' આહા...! 'સમાનજાતિ' (એટલે) ચૈતન્યજાતિને જાણવાનો ક્ષયોપશમ હતો. આ તો સમાન અને અસમાન બધાંને જાણનારું જ્ઞાન થઈ ગયું, આહા..હા...! '**તે વિષમને પણ,..**' વિષમ છે ને? ક્યાં આત્મા ને ક્યાં પરમાણુ! ક્યાં સ્કંધ ને ક્યાં ધર્માસ્તિકાય!! આ..હા..હા...! એવા બધા વિષમ પદાર્થને પણ ભગવાનનું જ્ઞાન (જાણે છે). નીચે (છદ્મસ્થદશામાં) સમાનજાતિને જાણનારું જ્ઞાન હતું તે અહીં સમાન અને અસમાન બન્નેને જાણનારું જ્ઞાન (છે તેને) જ્ઞાનાવરણીયનો ક્ષય થઈ ગયો છે. તેથી (સમાન-અસમાન) બધાંને જાણે છે. આ..હા..હા...! '**(અસમાન જાતિના પદાર્થોને પણ) પ્રકાશે છે.**' આ..હા..હા...!

'**અથવા, અતિ વસ્તારથી બસ થાઓ;...**' કહે છે (કે), શું કહીએ! એ ક્ષાયિક જ્ઞાનની વાતું શું કહીએ કહે છે. આ..હા..હા...! એવી જે કેવળજ્ઞાન અવસ્થા,... જેના જ્ઞાનગુણમાં અનંતી અનંતી શક્તિઓ પડી છે! આ..હા..હા...! (પણ) આને પણ શું કહીએ! કહે છે. એક સમયની જ્ઞાનપર્યાયને શું કહીએ! કેટલો વિસ્તાર કરીએ? આહા...! તો એનાથી અનંત અનંત પર્યાયોનો ભંડાર જ્ઞાન (ગુણ) અને એવા અનંત ગુણનો ભંડાર ભગવાનઆત્મા!! આ..હા..હા..હા...! એને અમે શું કહીએ!! આહા...! સમજાય છે કાંઈ?

ભગવાન કહે છે કે, એક સમયની પર્યાયની વાત અમે તમને કરી. વિચિત્રની, વિષમની, અસમાનજાતિની (બધી પર્યાયની વાત કરી). આ..હા..હા...! આવું જે જ્ઞાન જાણે, ભાઈ! તેના અસ્તિત્વપણાની જ્યાં શ્રદ્ધા કરવા જાય છે આ..હા..હા...! (ત્યાં તેની સર્વજ્ઞસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે). આહા..હા...! આવું ક્ષાયિક જ્ઞાન જગતમાં છે.

અહીં આચાર્ય કહે છે '**અતિ વિસ્તારથી બસ થાઓ;...**' આ..હા..હા...! '**અનિવારિત (રોકી ન શકાય એવો, અમર્યાદિત) જેનો ફેલાવ છે,...**' (અર્થાત્) જેની કેવળજ્ઞાનની પર્યાયમાં મર્યાદા વિનાનો જેનો વિસ્તાર છે! આ..હા..હા...! '**એવા પ્રકાશવાળું હોવાથી ક્ષાયિક જ્ઞાન અવશ્યમેવ,...**' અવશ્યમ્+એવ, અવશ્યમ એવ. 'એવ' એટલે નિશ્ચય. 'અવશ્યમ'=જરૂર જ. '**સર્વદા,..**' સર્વદા એટલે સર્વ કાળને '**સર્વત્ર,...**' એટલે સર્વ ક્ષેત્રને '**સર્વથા,...**' એટલે બધા ભાવને '**સર્વને,..**' એટલે સર્વ દ્રવ્યને, આ..હા..હા...! અરે...! અનંત કાળમાં કોઈ દિ' એણે આ કર્યું નહિ. બહારની માથાકૂટમાં પડ્યો રહ્યો. પરિભ્રમણ એને ઊભું (રહ્યું). આહા..હા...!

'**સર્વદા સર્વત્ર સર્વથા સર્વને,...**' આ..હા..હા...! ચાર શબ્દો છે. સર્વને સર્વથા સર્વત્ર સર્વદા જાણે છે, આ..હા..હા...! જેને આદિ અંત નથી એવો ત્રણે કાળ પણ જેને એક

સમયમાં જણાય જાય છે!! આહા...! એવું ક્ષાયિક જ્ઞાન જરૂર સર્વદા સર્વ કાળે, સર્વત્ર-ક્ષેત્ર બતાવે છે, સર્વથા-ભાવ બતાવે છે, સર્વને-દ્રવ્ય બતાવે છે, આહા..હા...! એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ (ચારે આવી ગયા) ! આહા..હા...!

૮૦ (ગાથામાં) તેથી જ લેશે ને. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' (એટલે) જે અરિહંતના પર્યાય જાણે એ તો હજી પર થયું. સમજાણું? પણ જાણીને અંદરમાં પોતામાં મેળવે...આ..હા..હા...! (અર્થાત્) વર્તમાન પર્યાયને ગુણમાં ભેળવે અને ગુણને અભેદ કરે અને સમ્યગ્દર્શન અનુભવ કરે ત્યારે તેણે સર્વજ્ઞની પર્યાય જાણી, એમ વ્યવહારે કહેવામાં આવે. આ..હા..હા...!

ઓ..હો..હો...! ગાથા જુઓને ગાથા...! ૪૭ શક્તિ, ૪૭ નય, ૪૭ ઉપાદાન-નિમિત્તના દોહરા, આ ૪૭(મી) ગાથા. ૪૭ (કર્મની) પ્રકૃતિ કીધી, ૪૭ પ્રકૃતિ, ઓલી ૪૭ નય, ૪૭ શક્તિ, આ ૪૭ ગાથા. અરે..! (આ બધું) કહીને કહેવાનો આશય તો એ છે કે, પ્રભુ! ક્ષાયિક જ્ઞાન, આવી દશા કે, જે વર્તમાનને તો જાણે પણ ભૂત ભવિષ્ય, (જે) ગયું અને (અત્યારે) નથી, અનંત કાળ પછી થશે... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... (તેને પણ જાણે છે)! કારણ કે ભૂતકાળની પર્યાયથી ભવિષ્યની (પર્યાય) અનંતગુણી છે, અનંતગુણી. એ પર્યાયને પણ (આ ક્ષાયિક જ્ઞાન જાણે)!

એ આપણે આવી ગયું છે, ભાઈ! ભૂત અને ભવિષ્યની પર્યાયો અસદ્‌ભૂત હોવા છતાં (જ્ઞાનમાં નિશ્ચિત જ છે). વર્તમાન(માં) નથી, છતાં જ્ઞાન પ્રત્યે વર્તમાનનિશ્ચય છે. તેથી તે અસદ્‌ભૂતને પણ, ભૂત અને ભવિષ્યની પર્યાયો અસદ્‌ભૂત હોવાથી, અહીંયાં જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય (છે) માટે અમે તેને 'ભૂતાર્થ' કહીએ છીએ. આ..હા..હા...! છે ને? આપણે એ આવી ગયું ને? ક્યાં આવ્યું (હતું)? કેટલામી ગાથા આવી? ૩૮ (ગાથા). શું કીધું? જુઓ! '**जे णेव हि संजाया जे खलु णट्ठा भवीय पज्जाया। ते होंति असब्भूदा**' ખરેખર તો તે અસદ્‌ભૂત છે. આ..હા..હા...! તે વખતે ઘણો વિસ્તાર કર્યો હતો. '**અસદ્‌ભૂત છે**' એમ પાઠ કહે છે. આહા..હા...! વસ્તુ ક્યાં નથી? વર્તમાન નથી એટલે અસદ્‌ભૂત છે. પણ '**णाणपच्चक्खा**' (અર્થાત્) જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે ભૂતાર્થ છે! આહા..હા...! સમજાણું કાંઈ? એ.. ધ્યાન બરાબર ન રહ્યું, શુકનજી! 'અસદ્‌ભૂત' અને 'પ્રત્યક્ષ' બન્ને આવવું જોઈએ ને! આહા...! ગયા કાળની પર્યાયો અને ભવિષ્યની પર્યાયો અસદ્‌ભૂત છે. વર્તમાન ક્યાં છે? માટે અસદ્‌ભૂત છે. પણ '**णाणपच्चक्खा**' જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે ભૂતાર્થ છે. અરે..! આ તે કાંઈ વાત!! જ્ઞાનમાં તો વર્તમાન જેમ હોય તેમ ત્રણે કાળ વર્તમાનની જેમ દેખાય છે! ઓ..હો..હો...હો...! શું શૈલી...!

ટીકામાં પણ એમ છે, જુઓ ને! ૩૮ (ગાથા). 'અસદ્‌ભૂત છે' એનું જ કહેવું છે. મૂળમાં 'અસદ્‌ભૂત' છે જુઓ ને! બીજે એક ઠેકાણે આપણે 'ખરેખર' શબ્દ આવ્યો ને!

ખરેખર અસદ્‌ભૂત છે. ૩૮માં છે, જુઓ! '**ખરેખર અવિદ્યમાન હોવા છતાં**' આ..હા..હા...! ૩૮, ૩૮. અહીં તો 'અસદ્‌ભૂત' કહેવું હતું ને! '**ખરેખર અવિદ્યમાન હોવા છતાં**' બીજી લીટી. આ..હા..હા...! '**ખરેખર અવિદ્યમાન**' હોં..! એમ ભાષા છે. આ..હા..હા...! (પરંતુ) જ્ઞાન પ્રત્યે નિયત છે. આ..હા..હા...! જોયું? '**किलासद्भूता**' સંસ્કૃત છે. સંસ્કૃત (ટીકામાં) '**किलासद्भूता**' (છે). નિશ્ચયથી ગયા કાળની અનંતી પર્યાયો એથી અનંતગુણી ભવિષ્યની બધી (પર્યાયો) અવિદ્યમાન છે, ખરેખર અવિદ્યમાન છે. આ..હા..હા....! છતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે તેને ભૂતાર્થ કહીએ. આ..હા..હા...! છે ? આહા...! '**વિદ્યમાન જ છે**' (ટીકામાં) છેલ્લું આવ્યું ને? ૩૮. '**વિદ્યમાન જ છે.**' આ તે કંઈ વાત શું કરે છે!! ગયા કાળની અનંતી પર્યાયો અને ભવિષ્યની અનંતી પર્યાય ખરેખર અવિદ્યમાન છે. આ..હા..હા...! છતાં જ્ઞાનમાં સર્વ જ્ઞેયો અકંપપણે અર્પતા એવા વિદ્યમાન જ છે! અરે..! આ તે કંઈ (વાત છે)!!

એક જણાએ પ્રશ્ન મૂક્યો હતો કે, 'જે વસ્તુ નથી તેને જાણે તો એ જ્ઞાન તો ખોટું થયું.' અરે.. સાંભળને..! પ્રશ્ન મૂક્યો હતો 'નથી તેને અત્યારે જાણે (તો એ તો ખોટું જ્ઞાન થયું)!' પણ સાંભળને...! નથી, એ તો ત્યાં નથી, પણ અહીં તો જ્ઞાનમાં પ્રત્યક્ષ છે, વિદ્યમાન છે! આ..હા..હા...! સમજાણું કાંઈ? ઘણા લોકો સમજે નહિ ને (આવા) પ્રશ્ન (કરે)! 'નથી' તેને 'છે', એમ કહો! સાંભળ તો ખરો! જ્ઞાન પ્રત્યક્ષ છે એટલે છે. જ્ઞાનમાં તો, જે સમયે ત્યાં થવાની છે અને થઈ ગઈ, (એ) વર્તમાનમાં આમ પ્રત્યક્ષ જણાય છે. આ..હા..હા...! '**णाणपच्चक्खा**' પ્રત્યક્ષ છે એટલે વિદ્યમાન છે. આ..હા..હા...! ભાઈ! ચૈતન્યના સ્વભાવની અદ્‌ભુતતા છે!! બાપુ! એનો મેળ તું તર્કથી બહારથી કરવા જઈશ તો (મેળ) નહિ મળે. આ..હા..હા...!

અસદ્‌ભુત છે, વર્તમાન વિદ્યમાન નથી, છતાં ભગવાનના જ્ઞાનમાં પ્રત્યક્ષ છે માટે તે વિદ્યમાન છે. અરે..અરે...! આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપા! આ..હા..હા...! એટલી જ્ઞાનની તાકાત છે કે, અસદ્‌ભૂતને પણ પ્રત્યક્ષવિદ્યમાન કરી લે છે!! આ..હા..હા...! એ તો માટીનો દૃષ્ટાંત આપ્યો હતો. કુંભારે માટીનો પિંડલો લીધો (ત્યારે) ખ્યાલમાં આવ્યું છે કે નહિ? કે, આ ઘડો થશે. એ વર્તમાનમાં ખ્યાલમાં આવે છે કે ઘડો આવો થશે. આ..હા..હા...! ઘડાની અવિદ્યમાનતા હોવા છતાં જ્ઞાનમાં જે જણાય છે તે વિદ્યમાન છે, એમ કહે (છે). આ..હા..હા...! આવું સ્વરૂપ છે, ભગવાન! તને એની ખબર નથી.

એ અલૌકિક ચૈતન્ય વસ્તુ છે!! મહા ભગવાન છે!! જે અવિદ્યમાનને પણ પ્રત્યક્ષ કરીને વિદ્યમાન તરીકે જાણે છે! આ..હા..હા...! બાપુ! એ જ્ઞાનની પર્યાયનો આવો સ્વભાવ! તો એના દ્રવ્યના સ્વભાવની (વાતો) શું કરવી, પ્રભુ!! ઓ..હો..હો...! એવા ચૈતન્ય ચમત્કારી ગુણોથી ભરેલું દ્રવ્ય છે, પ્રભુ! આ..હા..હા...! અનંત... અનંત... આનંદ આદિ અનંત ગુણોનો ભંડાર ભગવાન, એ સુખનો સાગર અંદર ડોલી-ઝૂલી રહ્યો છે!! બહારમાં તું સુખ કલ્પવા

જાય છે કે, અહીં સુખ છે... અહીં સુખ છે.... (પણ) પ્રભુ તું ભૂલી ગયો! જ્યાં છે ત્યાં નથી જાતો અને જ્યાં નથી ત્યાં ડોકિયા મારે (છે). આ..હા..હા...!

કેવળીને, અનંત સિદ્ધોને અનંતી પર્યાય વર્તમાન છે, (પણ) તેને ભૂતની, ભવિષ્યની પર્યાય વર્તમાન(માં) નથી. કેવળીને, અનંત સિદ્ધોને જે પર્યાય છે તે વર્તમાન વિદ્યમાન છે, ભૂત ભવિષ્યની વિદ્યમાન નથી. છતાં પણ ભૂત ભવિષ્યને વિદ્યમાન તરીકે પ્રત્યક્ષ જાણે છે. આહા..હા...! જાણવાના સ્વભાવની વિચિત્રતા પ્રભુ! આહા...! એ જ્ઞાન ચમત્કારી ચીજ છે!! જેને તું બહારથી મેળ કરવા જઈશ કે, અસદ્ભૂતને વિદ્યમાન કેમ કહે છે? (તો તેનો મેળ નહિ બેસે) આ..હા..હા...! અને તે અસદ્ભૂતને વિદ્યમાન તરીકે કીધી છતાં એ વિદ્યમાન તરીકે પર્યાયમાં જણાણી, છતાં એ એવડી પર્યાય દ્રવ્યમાં નથી. આ..હા..હા...! એ પર્યાયમાં પર્યાય છે, દ્રવ્યમાં પર્યાય નથી. આ..હા..હા...! શું દ્રવ્યનું વિચિત્રપણું! શું ગુણનું અદ્ભુતપણું!! શું પર્યાયનું ચમત્કારીપણું!! આ..હા..હા...! અહીં તો આપણે અસદ્ભુત (છે) છતાં વિદ્યમાન છે એમ સિદ્ધ કરવું છે, આહા..હા...!

અહીં તો એમ કહેવું હતું (અને) તે દિ' (પણ) કહ્યું હતું કે, જે અસદ્ભૂત છે તેને જે વિદ્યમાન તરીકે જાણે તો આ પ્રભુ તો વિદ્યમાન છે! (તેને કેમ ન જાણે)! ભાઈ! શું કીધું ઈ? ભૂત અને ભવિષ્યની પર્યાય અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનપ્રત્યક્ષ છે, તો પ્રભુ! તું દ્રવ્ય તો વિદ્યમાન આખો સામો પડ્યો છો ને!! આ..હા..હા...! વિદ્યમાન જ છે! વર્તમાન વિદ્યમાન છે, ત્રિકાળ વિદ્યમાન જ છે!! પેલી પર્યાય તો અસદ્ભૂત છે તેને જ્ઞાન પ્રત્યક્ષ કરે માટે વિદ્યમાન છે એમ કહે છે. આ..હા..હા...! આ પ્રભુ તો એક સમય(માં) વિદ્યમાન છે મહાપ્રભુ...! વિદ્યમાનને વિદ્યમાન તરીકે જાણવો, પ્રભુ! એમાં શું? એને એમ કહે છે! આ..હા..હા...! ઝીણી વાતું છે, બાપુ!

આ તો પરમાત્મા સર્વજ્ઞ જિનેશ્વરદેવની વાણી છે! સંતોની વાણી સંતો કેવળીથી કહેવા માંગે છે. 'જિને આમ કહ્યું છે' આજે જ ન આવ્યું આપણે? આજે આવ્યું ને આ! 'જિન કહે છે' નો' આવ્યું ? '**तं णाणं खाइयं भणियं**' ૪૭ (ગાથા) '**तं णाणं खाइयं भणियं**' (અર્થાત્) તેને ક્ષાયિક જ્ઞાન જિનવરદેવ કહે છે, આ..હા..હા...! એ ૪૭ (ગાથાની) ટીકા પૂરી થઈ.

નથી તેને વિદ્યમાન તરીકે જાણે તો પ્રભુ! વિદ્યમાન છે તેને વિદ્યમાન તરીકે જાણ...! આ..હા..હા...! સત્ છે ને! સત્ છે અને વિદ્યમાન છે કે નહિ? 'શ્રીમદ્' તો એમ કહ્યું ને? 'સત્ છે, સરળ છે, સર્વત્ર છે' સરળ સરળ છે, સહજ છે, છે. આ..હા..હા...! એક સમયમાં આખું વિદ્યમાન તત્ત્વ છે. આ (ક્ષાયિક જ્ઞાન) તો અવિદ્યમાનને વિદ્યમાન કરે (તો) આ તો વિદ્યમાન છે તેને વિદ્યમાન જાણે...! આ..હા..હા...! કહો, જતીશભાઈ! જતીશભાઈ કાલે જવાના છે. કાલે જાવું છે? જયપુર. પત્ર બે આવ્યા છે, ભાઈ! ગયા પછી આવ્યા,

નહિ? હુકમચંદજીના બે પત્ર આવ્યા છે. છે ને અહીં? તમારી પાસે છે? કે આપી દીધા? અહીં ચંદુભાઈને આપી દેજો. રામજીભાઈને વાંચવો હતો. ન્યાં કાંઈ લઈ જવાની જરૂર નથી. સમજાણું કાંઈ? આ..હા..હા...!

જેની હયાતી નથી તેની હયાતી તરીકે જાણે...! આ..હા..હા...! ('પ્રવચનસાર' ૧૦૭ ગાથામાં) નથી આવ્યું? 'દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. સત્નો વિસ્તાર છે' ભાઈ! આ..હા..હા...! એ તો 'છે' તેનો (વિસ્તાર છે). છે. આ..હા..હા...! વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન છે, આ..હા..હા...! 'તારી નજરને આળસે નારાયણ રહી ગયો'. આ..હા..હા...! સમજાણું કાંઈ? કરવાનું તો આ હતું એ રહી ગયું. બહારમાં આ કર્યું ને તે કર્યું. બહુ તો દયા, દાન ને વ્રતના પરિણામ કર્યાં. અરે..રે...! પરલક્ષી ક્ષયોપશમ કર્યો એ કંઈ વસ્તુ નથી.

વિદ્યમાન ભગવાન છે. અનંત... અનંત... અનંત... અનંત... જેના ગુણોની અનંતતાનો અંત (નથી). અનંતતાનો છેલ્લો ભાગ કરો તો છેલ્લો અંત નથી. એવો એ વિદ્યમાન છે. ભલે અનંતનો અંત નથી એવા ગુણો હોવા છતાં એ પોતે વિદ્યમાન છે, આ..હા..હા...! સત્ ચિદાનંદ પ્રભુ એને અહીં 'સત્ ચિદાનંદ આત્મા' કહે છે! 'સ્વામીનારાયણ (પંથ)'માં લોટ માંગવા આવે ત્યારે 'સત્ ચિદાનંદ' કહે. આ તો 'છે', જ્ઞાન અને આનંદ આદિ અનંત ગુણનો પિંડ વિદ્યમાન છે ને! આહા..હા...! 'તારી નજરને આળસે નારાયણ દેખાયા નહિ તને' ! આહા..હા...! અહીં તો શું કહેવું છે કે, અવિદ્યમાનને વિદ્યમાન કરે તો આ વિદ્યમાનને વિદ્યમાન (કેમ ન કરે)!? આ..હા..હા...! કહો, કાંતિભાઈ! આહા..હા..!

**ભાવાર્થ :— 'ક્રમપૂર્વક જાણવું, નિયત આત્મપ્રદેશેથી જ જાણવું,...'** (એટલે) મર્યાદાના આત્મપ્રદેશથી જાણવું **'અમુકને જ જાણવું—ઈત્યાદિ મર્યાદાઓ મતિશ્રુતાદિ ક્ષાયોપશમિક જ્ઞાનમાં જ સંભવે છે.'** આ બધું તો ક્ષયોપશમજ્ઞાનમાં સંભવે, આ..હા..હા...! **'ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી,...'** આહા...! ક્ષાયિક જ્ઞાન અમર્યાદિત હોવાથી. એને મર્યાદા શું? કહે છે. આ..હા..હા...! (એક ઠેકાણે) આવે છે ને? 'મેહરામણ માજા ન મૂકે, ચેલૈયો સત્ ન ચૂકે'. એમ આ અમર્યાદિત વસ્તુ છે. આહા..હા...! એને ચેલૈયો એની પ્રતીતિ જ્ઞાની કેમ ન કરે? આ..હા..હા...! અન્ય(મતમાં) એ વાત આવે છે.

**શ્રોતા :—** છદ્મસ્થ પણ આત્માને સર્વ પ્રદેશોથી જાણે છે?

**પૂજ્ય ભાઈશ્રી :—** (ક્ષાયિક જ્ઞાનમાં) સર્વ પ્રદેશ ખુલ્લા થઈ ગયા છે! પહેલાં કીધું, ક્ષયોપશમવાળાને અમુક પ્રદેશ ખુલ્લા છે. આ (ક્ષાયિક જ્ઞાનમાં) તો આખાય પ્રદેશ ખુલ્લા છે. (ક્ષયોપશમ જ્ઞાનમાં) ઉપયોગ અમુક ઠેકાણે થાય. ક્ષયોપશમ ભલે બધે હોય પણ ઉપયોગ તો અમુક ઠેકાણે થાય, અમુક પ્રદેશનું કંપન (હોય). અહીં તો આખો ઉઘાડ ને આખો ઉપયોગ એક. આ..હા..હા...! અરે..! એક એક વાત, પણ એક ભાવ જો જાણે... 'જયસેનાચાર્યદેવ'માં

આવે છે ને? 'એક ભાવ પણ બરાબર જે રીતે છે તે (રીતે) જાણે, તો એને બધાં ભાવ જાણવામાં આવી જાય!' આ..હા..હા...! 'જયસેનાચાર્ય' (એમની) ટીકામાં (આવે) છે. દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યાં છે!! દુનિયાને કરુણાથી હથેળીમાં ભગવાનને બતાવ્યો છે ને! આહા..હા...! પણ પ્રભુ! તું વિદ્યમાન છે ને! 'છે' ને! આહા...! આ તો 'નથી' તેને વિદ્યમાન કરે, તો 'છે' તેને વિદ્યમાન કરીને જાણ ને! ભાઈ! આ..હા..હા...!

(અહીંયાં કહે છે) '**ક્ષાયિક જ્ઞાન તો અમર્યાદિત હોવાથી યુગપદ્ સર્વ આત્મપ્રદેશેથી,...**' 'યુગપદ્' એટલે એક સમયે. '**સર્વ આત્મપ્રદેશેથી ત્રણે કાળના પર્યાયો,...**' આ..હા..હા...! '**ત્રણે કાળના પર્યાયો સહિત,...**' આ..હા..હા...! જેનો અંત નથી તેને પણ જાણે...! ગજબ વાત છે!! આ દ્રવ્યની છેલ્લી પર્યાય કઈ? આ..હા..હા..! એ વસ્તુ છે એની છેલ્લી અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... હવે એ અનંતની છેલ્લી પર્યાય કઈ? આ..હા..હા...! એને પણ એ જાણે! જાણે માટે ત્યાં અંત આવી ગયો, એમ નહિ. અનંતને અનંત તરીકે જાણે છે.

'**ત્રણે કાળના પર્યાયો સહિત સર્વ પદાર્થોને—તે પદાર્થો અનેક પ્રકારના,...**' (અર્થાત્) ચેતન અને અચેતન '**વિરુદ્ધ જાતિના હોવા છતાં પણ જાણે છે અર્થાત્ કેવળજ્ઞાન એક જ સમયે,...**' આ..હા..હા...! '**સર્વ આત્મપ્રદેશેથી સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને,...**' છેલ્લા ચાર આવ્યા ને? છેલ્લા બોલ ત્યાં (ટીકામાં) આવ્યા હતા ને? 'સર્વદા, સર્વત્ર, સર્વથા, સર્વને' એ. '**સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે.**' આ..હા..હા...!

આ 'ક્રમબદ્ધ'ની વાત બહાર આવી ને તો કેટલાકને તો કેવળજ્ઞાનમાં શંકા પડવા મંડી! 'ક્રમબદ્ધ થાય...! હાય..હાય... જ્ઞાન બધું ભવિષ્યનું જાણે?' જે સમયે જે થશે તે થશે એ કેવળજ્ઞાન કબૂલ કરવા જાય તો આ બધું નક્કી કરવું પડે. અને આ બાજુ ક્રમબદ્ધને નક્કી કરવા જાય તો કેવળજ્ઞાનને નક્કી (કરવું પડે). ભાઈએ લખ્યું છે ને? ફૂલચંદજીએ લખ્યું છે કે 'આ ક્રમબદ્ધની વાત બહાર આવતાં, કેટલાક કેવળજ્ઞાનને માનતા હતા તે પણ જરી ફેરફાર કરવા માંડ્યા છે.' છે ને એમાં? ફૂલચંદજીનું. કારણ કે આ માનવા જાય તો તો એનામાં (એની માન્યતામાં ફેરફાર કરવો પડે). એક પછી એક (પર્યાય) ક્રમબદ્ધ થાય, ફેરફાર ન થાય. હાય.. હાય..! ફેરફાર ન થાય? બાપુ! એ પર્યાયમાં તો જે સમયે થવાની હોય તે થાય, તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર દે. પર્યાયને માટે કેમ થાય ને કેમ (ન થાય), એ તારે જોવાનું નથી! (તું તો) જ્ઞાતાદ્રષ્ટા છો. ત્યાં અકર્તાપણું કહ્યું છે ને? ભાઈ! ક્રમબદ્ધનો અર્થ અકર્તા છો! અકર્તા છો એટલે જ્ઞાતા-દ્રષ્ટા છો! અકર્તાનો અર્થ જ્ઞાતા-દ્રષ્ટા. જ્ઞાતા-દ્રષ્ટાનો નિર્ણય થયો એટલે જે ક્રમબદ્ધ થાય એને તું જાણ. આ..હા..હા...! વિશેષ કહેશે....

## શ્રી સમયસાર, શક્તિ-૧૦-૧૧, પ્રવચન નં. ૫૩૭, તા. ૧૫-૧૧-૧૯૭૦ (૧૬મી વાર) (૮)

આ સમયસારનું પરિશિષ્ટ છે. ૪૭ શક્તિનું વર્ણન છે. દસમી શક્તિ ચાલે છે. કાલે થઈ ગઈ છે ઘણી. આ આત્મા છે આત્મા એ સ્વભાવવાન છે. વસ્તુ છે એ શક્તિવાન, સ્વભાવવાન પદાર્થ છે. એની જે સ્વભાવ અથવા શક્તિ જે છે એને અહીંયાં ગુણ અને શક્તિ કહેવામાં આવે છે. ગુણ ન કહેતા અહીં શક્તિ કીધી છે. કેમકે એનામાં એ સામર્થ્ય છે.

સર્વજ્ઞપણું થવાનું એનામાં સામર્થ્ય છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞશક્તિ એટલે આત્મા સર્વજ્ઞ સ્વભાવી એનો સર્વજ્ઞસ્વભાવ શક્તિ (છે). એ શક્તિ અનંત શક્તિઓમાં આ શક્તિ વ્યાપેલી છે. સમજાણું કાંઈ? અને અનંત શક્તિને આ શક્તિ નિમિત્ત છે. એટલે કે દરેક શક્તિ પોતાથી સત્ છે, બીજી શક્તિ એને નિમિત્ત છે. નિમિત્ત એટલે? એને લઈને બીજી શક્તિ નથી. એમ. સમજાણું કાંઈ? એ સ્વ શક્તિ પોતે પોતાને કારણે છે અને તે શક્તિમાં અનંત શક્તિ છે. એક શક્તિમાં અનંત શક્તિ. અનંત એટલે? બીજી શક્તિઓ એમ નહિ. એક શક્તિનો સ્વભાવ અનંત છે. એક સર્વજ્ઞશક્તિ એનો સ્વભાવ એ એમ બતાવે છે કે દ્રવ્ય પરિપૂર્ણ જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એમાં શરીર, વાણી નથી, કર્મ પણ નથી, પુણ્ય-પાપના વિકલ્પ નથી, અલ્પજ્ઞપણે રહેવું એવો એનો ગુણ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ?

સર્વજ્ઞપણે અને તે સર્વજ્ઞ પણ ભાષા જુઓ અહીંયાં '**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...**' શબ્દ એમ છેને? દરેક વસ્તુના વિશેષ ભાવ. ભાવ શક્તિ નથી કીધી. ભાવ કીધું. વિભુમાં શક્તિ કીધી હતી. એને પણ '**સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ.**' કહી હતી. અહીંયાં તો ચોખ્ખો ભાવ જુદો કેમ પાડ્યો? ઓલામાં પણ ભાવ (છે). કેમ? કે વિભુત્વ શક્તિ છે એ દ્રવ્યમાં, ગુણમાં, પર્યાયમાં ત્રણેમાં વ્યાપી છે. એમ સર્વજ્ઞ શક્તિ છે એ પરિણમે ત્યારે ત્રણમાં વ્યાપે. પર્યાયમાં (વ્યાપે). એ પહેલાં 'સર્વજ્ઞ શક્તિવાન આત્મા છું' એમ જ્યાં અંતર્મુખ થઈને એક શક્તિને જુદી પાડ્યા વિના અનંત શક્તિનો પિંડ એક એની દૃષ્ટિ થતાં પર્યાયમાં જ્ઞાનનું પ્રત્યક્ષ વેદન થઈને એને પ્રતીતમાં આવે કે હું તો કેવળજ્ઞાની છું. શ્રદ્ધાએ કેવળજ્ઞાન ત્યારે એને પ્રગટ થાય છે. આવી વાત છે ભાઈ! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આમાં કાંઈ સમજાય એવું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન સમજાયું? ફરીને લઈએ આપણે ક્યાં ન્યાં... એઈ! ચંદુભાઈ!

વકીલ છેને તો વધારે સ્પષ્ટ કરાવે છે.

આત્મા... બીજા બીજા પદાર્થો ભિન્ન છે એની સાથે સંબંધ નથી. ખરેખર તો ભગવાન આત્મા એક જ વસ્તુ પોતા માટે છે. એની અપેક્ષાએ તો બધી ચીજો અવસ્તુ, અક્ષેત્ર, અકાળ અને અભાવ છે. એવો જે આ આત્મા એમાં સર્વજ્ઞ સ્વભાવ જે છે અને દ્રવ્ય સ્વભાવવાન છે. સર્વજ્ઞ શક્તિ છે, દ્રવ્ય વસ્તુ શક્તિવાન છે. એ શક્તિવાનનું અંતરમાં જ્ઞાનની પર્યાય દ્વારા, 'આ સર્વજ્ઞ પૂર્ણ છે' એમ જ્યાં પ્રતીત થાય ત્યારે તેને જ્ઞાનમાં જ્ઞાનનું પ્રત્યક્ષ વેદન થાય. જ્ઞાનની પર્યાય વર્તમાન પ્રગટ છે એ, એ અંતર વળે એમ કહેવું એ બધી વ્યવહારની વાતું સમજવાની ઝીણી બહુ. એ પર્યાય તો બહારલક્ષીવાળી છે. હવે બીજી પર્યાયને વાળવી એમ કહેવું તો એ પર્યાય તો આવી નથી. પણ સર્વજ્ઞસ્વભાવી આત્મા એમ પ્રતીત થતાં જે પર્યાય થાય એ પર્યાય અંતર વળેલી છે એમ પ્રગટ થાય. આહા..હા...!

એવો જે ભગવાન સર્વજ્ઞ સ્વભાવ એનું પ્રતીતપણું જ્ઞાનના પ્રત્યક્ષ વેદનમાં થાય તેને સર્વજ્ઞ શક્તિ માની કહેવામાં આવે છે. એટલે? રાગ અને મનના સંબંધ વિના સીધો ભગવાન આત્મા આ જ્ઞાયક પરિપૂર્ણ શાશ્વતો નિજ પરમાત્મદેવ શાશ્વત દેવ સર્વજ્ઞ સ્વભાવી, સર્વજ્ઞ શક્તિ એનો શક્તિવાન એ તરફ દૃષ્ટિ જતાં જ્ઞાનની પર્યાય રાગ અને મનના અવલંબનને છોડી સીધું જ્ઞાનને જાણે ત્યારે એના પ્રતીતમાં આવે કે હું તો સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ છું. હું રાગવાળો નહિ, નિમિત્તવાળો નહિ, અલ્પજ્ઞ રહેવા માટે હું લાયક નહિ. આહા..હા...! ચંદુભાઈ! સમજાય છે કાંઈ? અગમ્ય વાતું છે ભાઈ!

એમાં શક્તિનું વર્ણન કરીને આચાર્યે તો પરમેશ્વરને બહાર પ્રગટ કરીને બતાવ્યો છે. આહા..હા...! કહે છે કે એ સર્વજ્ઞશક્તિનું કાયમપણે રહેવું એ ધ્રુવ ઉપાદાન છે અને એનું પરિણમન થવું દૃષ્ટિમાં એ વર્તમાનમાં પરિણમનરૂપે પરિણમે એ એનું ક્ષણિક ઉપાદાન છે. એના સર્વજ્ઞપણાના પરિણમન માટે નિમિત્ત, રાગ, સંહનન, મનુષ્યપણું કોઈની એને અપેક્ષા નથી. બીજી રીતે કહીએ તો સર્વજ્ઞ ભગવાન આત્મા પોતાના સ્વરૂપની સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતમાં જ્યાં વિશ્વાસે દૃષ્ટિમાં જ્યાં રુચિ થઈ ત્યારે તેને હું સર્વજ્ઞ છું, કેવળજ્ઞાની છું એમ શ્રદ્ધામાં પ્રગટ થયું કેવળજ્ઞાન. બીજી રીતે કહીએ તો એ સર્વજ્ઞ સ્વભાવ વ્યવહારના અભાવથી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? વ્યવહાર એટલે? કષાયની મંદતા આદિ છે માટે સર્વજ્ઞપણું પરિણમે છે એમ નથી. બીજી રીતે (કહીએ તો), સર્વજ્ઞ પરિણમે છે જ્યારે ત્યારે પૂર્વની પર્યાયનું ચાર જ્ઞાનનું સાધકપણું હતું માટે સર્વજ્ઞપણે પરિણમે છે એમ નથી. સમજાય છે? તેમ સર્વજ્ઞપણું પરિણમતાં તેને બીજી પર્યાય સર્વદર્શી આદિ સાથે છે માટે સર્વજ્ઞપણું પરિણમે છે એમ નથી.

તેમ સર્વજ્ઞપણું પ્રગટતાં... શું કહે છે જુઓ, **'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને...'** એક એક દ્રવ્ય જુદું, ગુણ જુદો, એની પર્યાય જુદી, પર્યાયના અનંતા અવિભાગ પ્રદેશ જુદા.

તેને **'જાણવારૂપે પરિણમતા...'** જાણવારૂપે પરિણમતા છતાં **'એવા આત્મજ્ઞાનમયી...'** એ સર્વજ્ઞપણું નથી, એ આત્મજ્ઞાનમયપણું છે. સમજાણું કાંઈ? ખરેખર તો પરનો અભાવ, પણ લોકાલોકના જાણવાનો અને આનું જાણવું એનો પણ અભાવ છે. એના જાણવાનો આત્મજ્ઞાનમય આત્મજ્ઞાનમય સર્વજ્ઞ શક્તિ છે. એ કાંઈ પરને જાણવામય સર્વજ્ઞશક્તિ છે એમ છે નહિ. આહા..હા...! એય..! અમરચંદભાઈ! આવો ભગવાન છે. આહા..હા...! શાશ્વતો બિરાજે છે પ્રભુ! એની નજરું ત્યાં ગઈ નથી. નિધાનને જોવા માટે સાક્ષાત્ પરમેશ્વર પોતે બિરાજે છે. એ પરમેશ્વરની સર્વજ્ઞ શક્તિવાળો એ બિરાજે છે. એને શક્તિના પરિણમનમાં પૂર્વની પર્યાયની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા કે સંહનન મજબુત હોય તો સર્વજ્ઞપણે પરિણમે એમ નથી. તેમ બીજી શક્તિ પરિણમે માટે આ પરિણમે એમ નથી. તેથી તેનો વ્યવહારનો અભાવ, પૂર્વ પર્યાય અને બીજાનો અભાવ અને પોતાનું પરિણમવું આ એનું નામ અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :— છદ્મસ્થને અલ્પજ્ઞપણે પરિણમે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સર્વજ્ઞપણાની પ્રતીત કીધું. પરિણમે તો પૂરો થાય ત્યારે. પૂરો થાય ત્યારે પરિણમવાની વાત છે.

**શ્રોતા** :- ત્યાં સુધી અલ્પજ્ઞ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અલ્પજ્ઞ છે, પણ પ્રતીતમાં હું સર્વજ્ઞ છું એમ જ વર્તે છે. અલ્પ હું છું એમ નહિ. હું સર્વજ્ઞ થવાને લાયક છું અને સર્વજ્ઞ છું દ્રવ્યે. આહા..હા...!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આખો આત્મા પૂર્ણ પરમાત્મા છે. મારી અપૂર્ણતા એ મારું સ્વરૂપ નહિ. આખો પરિણમવાના કાળની અપેક્ષાએ. પહેલું પરિણમન નથી ત્યારે એની શ્રદ્ધામાં આવે છે. ત્યારે શ્રદ્ધામાં આવે કે હું સર્વજ્ઞ ગુણી અને સર્વજ્ઞ સ્વભાવી છું. અલ્પજ્ઞપણે રહેવું (એ સ્વભાવ નથી). અલ્પજ્ઞ છે છતાં એ તો એક જાણવાનો વિષય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- બરાબર ખુલાસો..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખુલાસો તો આ થાય છે. પકડવું તો એને છેને. અલ્પજ્ઞપણું છે એ જાણવા માટે છે, આદરવા માટે નહિ. ઉપાદેય તો સર્વજ્ઞ સ્વભાવી આત્મા પૂર્ણાનંદ છું. તે ઉપાદેયનો અર્થ તે તરફ દૃષ્ટિ ઢળેલી છે. આહા..હા...! માર્ગ છે. આ તો જરી શક્તિનું વર્ણન તો એવું છે કે અલૌકિક કર્યું છે એમાં. સમજાણું? અને સર્વજ્ઞપણું પ્રગટ્યું ભલે ન હોય, પણ સર્વજ્ઞપણાનો ગુણ છે, શક્તિ છે અને શક્તિવાન છે એમ પ્રતીત થતાં પ્રત્યક્ષ જ્ઞાનમાં હું કેવળજ્ઞાની છું સ્વભાવે, એવી શ્રદ્ધા અને પ્રતીતના ભાવમાં આખો પ્રભુ જ પ્રતીતમાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ?

શું કહ્યું આ? અહીં તો ભગવાન પોતે પરિપૂર્ણ વસ્તુ છે એને, કહે છે કે ભલે અલ્પજ્ઞપણામાં રહ્યો હોય, પણ એની પ્રતીતમાં તો સર્વજ્ઞ સ્વભાવી જ છું એમ પ્રતીત છે. સમજાણું કાંઈ? અને જ્યારે એ સર્વજ્ઞપણે પરિણમે છે ત્યારે તે પરિણમનની પર્યાયને પૂર્વ પર્યાયની અપેક્ષા નથી એમ શ્રદ્ધામાં પહેલેથી આવી ગયું છે. એને વ્યવહારની અપેક્ષા નથી એથી વ્યવહારનો અભાવ અને આ પરિણમવાનો સદ્ભાવ એને અનેકાંત કહે છે એ પ્રતીતમાં આવી ગયું છે. વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી થાય એવું અનેકાંત એનામાં નથી. સમજાણું કાંઈ? આહા..હા...! ભારે માર્ગ ભાઈ!

કહે છે કે તું આત્મા એક વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે તે અખંડ અભેદ એકરૂપ છે. એની શક્તિઓ અનેક છે. પણ શક્તિનું રૂપ દ્રવ્ય તો એકરૂપ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા સર્વજ્ઞ ગુણવાળો, શક્તિવાળો, સત્ત્વવાળો, સત્ સત્ત્વ તેનું સર્વજ્ઞપણું, પણું ભાવપણું, સત્ત્વપણું, સત્નું સત્ત્વપણું, દ્રવ્યનું ભાવપણું, શક્તિવાનનું શક્તિપણું, સામર્થ્યવાનનું સામર્થ્ય(પણું). સમજાણું કાંઈ? એમ સમ્યગ્જ્ઞાન થતાં સ્વસંવેદનમાં પ્રત્યક્ષ જ્ઞાન પર્યાય મતિશ્રુતની થતાં એની શ્રદ્ધામાં 'હું સર્વજ્ઞ છું' એમ કેવળજ્ઞાન શક્તિમાં છે એને પ્રતીતમાં લીધું છે. આહા..હા...! ભાઈ! આ તો આત્માની વાત છે, આ કાંઈ સાધારણ (વાત નથી). આત્મા એટલે પરમેશ્વર. આખો પ્રભુ અખંડ અભેદ છે. આહા..હા...! એને ઊણપ નથી, એમાં ભેદ નથી, એમાં રાગ નથી, એને નિમિત્તનો સ્પર્શ નથી. નવનીતભાઈ! સમજાય છે કાંઈ?

કહે છે, અને જ્યારે સર્વજ્ઞ શક્તિવાળો છું.. વાળો તો એક.. અહીં સમજાવવું છે તો એ કહેને, પણ સર્વજ્ઞ શક્તિ સત્ત્વની તત્ત્વની છે. સત્ એવી વસ્તુ, સત્ શાશ્વત એવી વસ્તુ. એનો સર્વજ્ઞ સ્વભાવ તે શ્રદ્ધામાં જ્યારે લીધો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં, ત્યારે સર્વજ્ઞપણું પર્યાયમાં નથી પરિણમ્યું, પણ સર્વજ્ઞ છું શક્તિએ એવું કેવળજ્ઞાન શ્રદ્ધાએ પ્રગટ કર્યું. શ્રદ્ધાએ કેવળજ્ઞાની છું એમ પ્રગટ કર્યું છે. આહા..હા...! અને એ શ્રદ્ધામાં થતાં સ્વસંવેદનમાં આવતાં મારો પર્યાય પ્રત્યક્ષ જેટલો થયો એ ભલે અપૂર્ણ હો, પણ પ્રત્યક્ષનો વિષય છે એ તો પરિપૂર્ણ ધ્રુવ છે, એ સર્વજ્ઞ છે.

**શ્રોતા** :- શક્તિએ તો પરિપૂર્ણ જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરિપૂર્ણ જ છે, પરિપૂર્ણ છે, એકરૂપ છે, અખંડ છે, અભેદનો નાથ છે એ.

**શ્રોતા** :- અભેદનો નાથ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અખંડ સ્વરૂપની એ રક્ષા કરનાર છે. પર્યાયનો અને પરનો રક્ષા કરનાર નથી. પર્યાય તો આવે ને જાય, આવે ને જાય છે. આહા..હા...! અખંડ છે, અભેદ છે, એક છે. એવી શક્તિઓ અનંત હોવા છતાં એનું રૂપ જે દ્રવ્યનું તે એકરૂપ છે. આહા..હા...! સમજાણું કાંઈ? આત્માને ત્યારે માન્યો કહેવાય. આમ તો આત્મા-આત્મા બધા વાતું કરે

છે ઘણાં જગતમાં. અન્યમતમાં પણ આત્મા-આત્મા કરે છે લ્યોને. સમજાણું? પણ આ આત્મા આવો છે અનંત શક્તિવાળો અને તે શક્તિ અને શક્તિવાનનું ભાન થતાં તે શક્તિનું પહેલી પ્રતીતમાં, દ્રવ્યમાં સર્વજ્ઞ, ગુણમાં સર્વજ્ઞ એવું પર્યાયમાં સર્વજ્ઞ છું એવી પ્રતીત પણ પ્રસરી જાય છે ત્યાં. પરિણમન પ્રસરતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આવો ભગવાન! આહા..હા...! પણ .. રાગની આડમાં દબાઈ ગયો છે એમ એણે માન્યું છે. સમજાણું કાંઈ? એ તો ગુપ્ત ચૈતન્યમૂર્તિ છે એ છે. એવા ભગવાન સર્વજ્ઞ શક્તિની વાત ચાલે છે.

અને બીજી વાત કે તે આત્મા જ્ઞાનમય સર્વજ્ઞ શક્તિ છે. સર્વને જાણે માટે પરને જાણે છે એમ નથી. પરને લોકાલોકને જાણવું એ કહેવું તો અસદ્ભુત વ્યવહાર ઉપચાર છે. એ સંબંધીનું પોતાનું જે સ્વપરનું આખું જ્ઞાન તે આત્મજ્ઞાનમય સર્વજ્ઞ શક્તિ છે. એમાં લોકાલોકની અપેક્ષા નથી, લોકાલોકનું એમાં જ્ઞાન નથી. એનું જ્ઞાન એમાં નથી. આત્મજ્ઞાનમય સર્વજ્ઞ શક્તિ એનું પોતાનું આમાં છે. આહા..હા...! એય..! રતિભાઈ! ફરીને આપણે ત્યાં ક્યાં આમાં પુનરુક્તિ કાંઈ લાગતી નથી.

**શ્રોતા :-** આજ તો રાજકોટના ભાઈઓ આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો સર્વજ્ઞપણું તો આપણે કાલે ચાલ્યું હતું. આ થોડું લીધું આ આવ્યા હતા. કે પૂર્ણ શક્તિની વાત કરે છે ને. .. છેને? એય..! રતિભાઈ!

અહીં કહે છે. આહા..હા...! પ્રભુ! તારી શું વાત કરવી કહે છે. શાસ્ત્ર કહે છે, વાણીના વિલાસે તને વખાણવો. આહા..હા...!

**શ્રોતા :-** વેરી દ્વારા

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વેરી દ્વારા વખાણ તારા કરવા. જડ ચૈતન્યનો વેરી. એ દ્વારા એની વાતું કરવી. બાપુ! કેટલી થાય? એ વ્યવહારની વાતું શાસ્ત્રે કરી તે શાસ્ત્ર ભાષામાં એવી આવે વ્યવહારની વાતું કે એ બધી એને સમજવા જેવી વાતું હોય. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે ત્રણલોકનો નાથ. જેને વ્યવહાર જેના અભૂતાર્થ છે. આહા..હા...! રાગ અને વ્યવહાર ભગવાનની ભક્તિનો વિકલ્પ પણ જેની ચીજમાં નથી અભૂતાર્થ-જૂઠો છે, અસત્યાર્થ છે. સત્સાહેબ એકલો સર્વજ્ઞપણે પરિણમું એટલો સત્સાહેબનો આત્મા છે. એય..! પ્રકાશદાસજી! આહા..હા...! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરની અપેક્ષા વિના સંહનન અને મનુષ્યદેહ અને પર્યાપ્ત ને સાંભળેલું એ બધાની અપેક્ષા વિના નિરપેક્ષપણે આત્મા સર્વજ્ઞ શક્તિનો ધરનાર એને પરની અપેક્ષા છૂટીને સીધી એની પર્યાયની ધારા ત્યાં જાય, પ્રત્યક્ષ જ્ઞાનમાં આવે કે હું તો સર્વજ્ઞ છું. આહા..! સમજાણું કાંઈ? એનો અર્થ શું થયો? કે હું બંધમાં નથી. એમ થયું ને ભાઈ? હું બંધમાં નથી. આહા..હા...! સાથે વ્યવહારની વાતું તો આવે. સવારમાં કરી હતી થોડી. એ બધી જ્ઞાનમાં જાણવાની વાતું હોય. વસ્તુ તો વસ્તુ

છે. સમજાણું કાંઈ?

જેમાં ભગવાન સર્વજ્ઞ સ્વભાવી એવી ચીજની અપેક્ષાએ સ્વની અપેક્ષાએ તો કર્મ જગતમાં ચીજ જ નથી. બંધમાં તો નથી પણ એ ચીજ જ નથી આત્માની અપેક્ષાએ એમ કહે છે. નવરંગભાઈ! આહા..હા...! શેની તને બીક લાગે છે? કેમ તું નિર્ભય થતો નથી? કર્મ વસ્તુ નથી જગતમાં. આહા..હા...! એય..! તારી અપેક્ષાએ હોં! એની અપેક્ષાએ ભલે હો. તારી અપેક્ષાએ નથી પછી તને નડે અને...

**શ્રોતા :-** કેવળજ્ઞાનમાં એમ જોવામાં આવતું હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ જોવામાં, સમ્યગ્દર્શનમાં એમ જોવામાં આવે છે. ચંદુભાઈ! ત્રણલોકનો નાથ એ રાંકો થઈને ફરે, ચક્રવર્તી વાઘરીની જેમ રોટલી માગે દાંતણ આપીને. આ તો મહા ત્રણલોકનો નાથ છે. એ અલ્પજ્ઞ પર્યાયનો આદર કરે એ ભિખારી છે કહે છે. બાદશાહ ત્રણલોકનો છે. જેને બાદ કરતા એકલું શાહપણું જેમાં રહી જાય છે. નિમિત્ત બાદ, વ્યવહાર બાદ, પર્યાય બાદ. બાદશાહ.

**શ્રોતા :-** બધુ બાદ કર્યું અને શાહ રહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકલો શાહ રહ્યો ભગવાન. આહા..હા...! સમજાણું કાંઈ? એવા આત્માની જેને... આ તો મુદ્દાની રકમની વાત. આ કરવું ને તે કરવું, ફલાણું કરવું એ રાગના વિકલ્પો સ્વરૂપમાં છે નહિ. આ એક વિચાર આવ્યો હતો કે આ લોકો બહુ કહે કહે કરે ને પ્રકાશદાસજી સામા નહિ? .. સામા પૂછતા કે સાધન શું? એ કહેતા હતા ને સામે? એકલું સાધન જો બહુ બહુ તાણવું હોય તો સાધન એટલું કે પરથી ભેદજ્ઞાન કરવું એટલું સાધન. સમજાય છે કાંઈ? બાકી પરસાધન ... એનાથી જુદું પાડવું એ સાધન. આહા..હા...! કહેતા હતા ને સામે? એમ બીજા પણ કહે છે હોં. તમે નહિ આ ઓલા અગાસમાં પણ કહેતા હતા. બધી વાત સાચી તમે કીધી હતી એ. મેં કીધું જુઓ, 'નય નિશ્ચય એકાંતથી આમાં નથી કહેલ, એકાંતે વ્યવહાર નહિ, બંને સાથ રહેલ.' એમાં વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એમ આવતું નથી આ કડીમાં. બંને સાથ રહેલા કીધું છે. તો હવે ભક્તિ પહેલી અને પછી સમકિત થાય એવું આમાં તો છે નહિ, વસ્તુમાં તો છે નહિ. એમાં લખ્યું નથી અને વસ્તુમાં એમ નથી. રતિભાઈ! આહા..હા...! એની વસ્તુની બલિહારી શું? રાગ હો, વિકલ્પ હો, છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો, રાગની વૃત્તિ દેખાય પણ એ મારા સ્વરૂપમાં નહિ. મારા સ્વરૂપમાં તો પ્રભુતા પૂર્ણપણે પડી છે. એક એક શક્તિની પ્રભુતા પ્રસરતાં પ્રભુ સર્વજ્ઞપણે પરિણમી જાય છે એવો જે આત્મા.

અહીં તો એમ કહેવું છે કે આવું જેને ભાન થયું એને તો સર્વજ્ઞ થયે જ છૂટકો છે હવે. એ પડે ને પાછો પડે એ વાત દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવમાં છે નહિ. આહા..હા...! ત્રણલોકનો નાથ જ્યાં ભેટ્યો, જેને ભગવાન ભેટ્યા એને ખોટ કાંઈ રહે નહિ. એને ભૂખ

ન રહે. ભગવાનને ઘરે ભૂખ હોય? ભગવાનની દીકરી પરણે ત્યારે ઓછપ હોય? સમજાણું કાંઈ? આહા..હા...! આ વર્ણન કરીને તો એટલું કહ્યું કે આત્માને સર્વજ્ઞ શક્તિવાળો એટલે શક્તિ અને શક્તિ.. એમ જ્યાં ભાન થયું ત્યારે સમ્યગ્જ્ઞાનમાં વેદનની પ્રતીત થઈ એ પર્યાય, આ ગુણ અને દ્રવ્ય એટલાને પ્રમાણનો વિષય કહેવામાં આવે છે. ફરીને. પહેલા બે દિ' આપણે આવ્યું હતું. ચોથને દિ' આવ્યા હતા ને. ચોથને દિ' નહોતા?

**શ્રોતા :-** જીવત્વ ચાલતું હતું ત્યારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચાલતું એ પહેલી શક્તિનું પૂરું રૂપ. પૂરું રૂપ જુઓ. હા એ. '**માટે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ વડે, ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો, તદ્-અવિનાભૂત (-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળો) અનંતધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત થાય છે,...**' જે કાંઈ જેવડો લક્ષિત થાય છે, જે કાંઈ જેવડો જ્ઞાનમાં આવે છે '**તે સઘળોય ખરેખર એક આત્મા છે.**' શું કહ્યું ઈ હવે? ભગવાન આત્મા વસ્તુ તરીકે પરિપૂર્ણ, શક્તિ તરીકે પરિપૂર્ણ. આહા..હા...! એનું જ્યાં પર્યાયમાં ભાન થયું... સર્વજ્ઞ સ્વભાવી જીવત્વશક્તિ. સમજાણું કાંઈ? જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તાનું પૂર્ણ હોવાપણું એવી જીવત્વ શક્તિ. પહેલું કહ્યું હતું તે દિ'. લોકો કહે છેને, જીવો અને જીવવા દ્યો. ભગવાનનો આદેશ, મહાવીરની આજ્ઞા. વાત ખોટી છે એ જીવો અને જીવવા દ્યો એ ભગવાનની વાણી નથી.

અહીં તો આત્મા દસ પ્રાણે જીવે તેને આત્મા કહેતા નથી. જડના પ્રાણે જીવે એ આત્મા? અને અશુદ્ધ પ્રાણની યોગ્યતા પાંચ ઈન્દ્રિય અને ત્રણ બળથી જીવે એ આત્મા નહિ. નટુભાઈ! સમજાય છે? આવું છે આ. તમારી વકિલાત કરતા બહુ ઝીણી વાત છે આ. વાત તો સાચી છે. ઓલામાં તો .. અરે! આ તો ભગવાન એના ઘરે જવાની વાતું. ભગવાનને ઘરે જવાની. કેટલી તૈયારી હોય તો ભગવાનને ઘરે જાય? એક સારે ઘરે જાય તો લૂગડાં-બુગડા સારા પહેરી, હજામત કરાવી બધું આમ કરી .. જાય છે. એય..! નવરંગભાઈ! આહા..હા...! લગનમાં જાય તો બરાબર સારા સારા લૂગડા ઘરના હોય એ કાઢીને પહેરી ઊંચામાં ઊંચા. .. હોય ત્યારે ઊંચામાં ઊંચા પહેરીને જાય. આ તો ત્રણલોકનો નાથ પોતાના સ્વરૂપને પરણવા જાય છે, એની પર્યાયમાં કેટલી તૈયારી અને શોભાયને જાય છે અંદર. સમજાણું કાંઈ?

શોભાનું આવ્યું હતું ને આપણે? .. પ્રભુમાં. પ્રભુમાં શોભાયપણું. જેનો એક એક ગુણ અખંડ પ્રતાપથી અને સ્વતંત્રતાથી શોભિત છે એના શણગાર એનામાં છે. આહા..હા...! એને વિકલ્પના શણગાર અને શરીરના શણગાર એમાં છે નહિ. આહા..હા...! શોભાયમાન શબ્દ છેને ... એક એક ગુણમાં અખંડ પ્રતાપ. સર્વજ્ઞ શક્તિમાં અખંડ પ્રતાપ છે અને સ્વતંત્રથી શોભાયમાન સર્વજ્ઞ શક્તિ છે એવું જ્યાં અંદર ભાન, પ્રતીતમાં આવે ત્યારે તેની પર્યાયમાં

ભલે સર્વજ્ઞપણું ન હોય પણ શક્તિ અને દ્રવ્યમાં સર્વજ્ઞ છું, સર્વજ્ઞ છું તે હું છું એમ ભાન થતાં એ પર્યાયની જે પ્રગટ દશા અને ગુણ ને દ્રવ્ય એ ત્રણને વિષય કરનારું પ્રમાણજ્ઞાનમાં એવો લક્ષિત થાય એટલાને આત્મા કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ?

ભલે એ પ્રમાણજ્ઞાનમાં નીચે... પ્રમાણની વાત કરી હતી આપણે હમણાં થોડી, નહિ? કાલે કરી હતી કે દ્રવ્ય પોતે વસ્તુ છે ભગવાન આત્મા આખી ચીજ એને નિશ્ચય કહીએ. ભલે વિકાર સહિતનો અને નિમિત્તને વ્યવહાર કહીએ સંયોગી ચીજને. એ બે થઈને પ્રમાણ થાય. બીજું, સ્વભાવનું જ્ઞાન એ નિશ્ચય અને વિકારનું (જ્ઞાન) તે વ્યવહાર એમ કરીને પ્રમાણ થાય. ત્રીજું, આ પ્રમાણ ત્રીજી જાતનું આ પ્રમાણ છે. આમાં તો દ્રવ્યસ્વભાવ અને ગુણ સ્વભાવ પરિપૂર્ણ પ્રભુ એનું ભાન થતાં સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય જે પરિણમી એ વ્યવહાર અને ત્રિકાળ તે નિશ્ચય બેનું જ્ઞાન થઈને એવો લક્ષિત પ્રમાણજ્ઞાનમાં પ્રમેય આવડો ખરેખર એક આત્મા આવે છે. આહા..હા...! નવરંગભાઈ! ઓલો પ્રમાણ-ફ્રમાણ રાગને કાઢી નાખ્યા. એની વસ્તુ નથી એને પ્રમાણમાં કેમ લેવી? એના માપમાં કેમ લેવી? સમજાણું કાંઈ? આ તો ભાઈ અજર પ્યાલાની વાતું છે. શાસ્ત્રની ભાષાઓ બહુ કરવા જાય એ સમજવા જેવી છે. માર્ગ તો આ છે.

કહે છે, એ સર્વજ્ઞપણું પરિણમતા ષટ્કારકો પોતાના સ્વતંત્રપણે કામ કરે છે, બીજાની અપેક્ષા એને નથી. અને ષટ્ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, એ સોળમી ગાથામાં આવે છે પ્રવચનસાર, સ્વયંભૂ થઈને સર્વજ્ઞ થયો. સ્વંયભૂ થયો. જે હતો તે આવ્યો. સ્વયં સ્વરૂપ પ્રભુ સર્વજ્ઞ સ્વભાવ હતો એ પ્રાપ્તની પ્રાપ્તિ થઈ. એ પર્યાયમાં સર્વજ્ઞ સ્વયં પોતે પોતાથી થયો. એને કોઈ રાગની, પૂર્વ પર્યાયની કે નિમિત્તની, સંહનની બિલકુલ અપેક્ષા નથી એવો સર્વજ્ઞ પરિણમનમાં સમ્યગ્દર્શનની પ્રતીતમાં એમ આવી ગયું છે કે સર્વજ્ઞપણે પરિણમનારો હું, મારા પરિણમનમાં પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા...! આવડો આત્મા એવડો આત્મા એને આત્માના લક્ષમાં લેવો એ અનંત અપૂર્વ પુરુષાર્થ છે. એ કાંઈ પુરુષાર્થ વિના.. માણસ કહે છે ને, હોનહાર (હશે તે પ્રમાણે) થઈ જશે, ક્રમબદ્ધ હશે ત્યારે થશે. પણ ક્રમબદ્ધ થશે એનું જ્ઞાન કોણ કરે? સમજાણું કાંઈ? એ તારો પુરુષાર્થ અંતર વળ્યા વિના ક્રમબદ્ધનું જ્ઞાન સાચું થાય નહિ. હોનહાર થાશે, હોનહાર થાશે. બધી વાત સાચી પણ સાંભળને. હોનહારનો નિર્ણય કરીને જાણે કોણ? ઉદ્યમ કરે એ જાણે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આવી વાતું છે.

'**આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ.**' એમ કીધીને? કે સર્વને જાણવામય સર્વજ્ઞશક્તિ? આ રાડું પાડે છેને બધા, લોકાલોકને જાણે. હવે સાંભળને. એ પાણીની સ્વચ્છતામાં... પરમાત્મપ્રકાશમાં દૃષ્ટાંત દીધો છે. પાણીની સ્વચ્છતા જોતાં રાત્રીમાં માથે એક ચંદ્ર, સૂર્ય ને ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા. આમ સ્વચ્છ પાણી જોતાં એ પાણીની પર્યાય છે. તારાપણે, ચંદ્રપણે

પરિણમ્યું નથી, એ એનાપણે નથી. એ તો પાણીની પર્યાય છે. પાણીની પર્યાયને જાણે છે એ. શું કીધું? મોટું સ્વચ્છ પાણી હોય. અત્યારે જુઓને પાણી આમાં ઠરી ગયું છે. આ ..માં શું કહેવાય? એકલિયામાં. માથે ધોળું સ્વચ્છ. હવે એ આમ ચંદ્ર જ્યારે ઊગ્યો હોય, બરાબર તારા (હોય), આમ જુઓ તો એ પાણીની પર્યાય છે, ચંદ્ર અને તારાની નહિ. એની નહિ, એનામાં નહિ, એને લઈને નહિ. એમ જ્ઞાનની પર્યાય સર્વજ્ઞપણે પરિણમે એ લોકાલોકને લઈને નહિ, લોકાલોકને કારણે નહિ, લોકાલોકનું એ જ્ઞાન નહિ. આહા..હા...! નવરંગભાઈ! સમજાય છે કે નહિ? આ તો લોજિકથી વાત ચાલે છે. ન સમજાય એવી વાત નથી હોં! જરી ઝીણી પડે તો ફરી કહેવાય. કહો, સમજાણું કાંઈ? આહા..હા...!

કહે છે કે એ સર્વને જાણવાનો પર્યાય, પર્યાય એટલે એ તારો પર્યાય તેને એ જાણે છે. એ આત્મજ્ઞાનમય સર્વજ્ઞ શક્તિ છે. પરને જાણવામય સર્વજ્ઞશક્તિ એમ નહિ. આહા..હા...! એકલું પરને જાણવું એને અહીં અંદર ગોઠતું નથી.

**શ્રોતા :-** જાણતો જ નથી પછી શી રીતે ગોઠે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણે શું? જાણે તો પોતાની પર્યાયનો એટલો સ્વભાવ છે એને જાણે છે. એમાં આ લોકાલોક છે, આ લોકાલોક છે એમ છે અંદર? એ તો જ્ઞાનની પર્યાય છે. પાણીની સ્વચ્છતાની પર્યાયમાં આ ચંદ્ર, સૂર્ય અને ગ્રહ દેખાય છે. એ ચંદ્ર, સૂર્ય, ગ્રહને લઈને નહિ. ચંદ્ર, સૂર્ય, ગ્રહને લઈને નહિ. ચંદ્ર, સૂર્ય, ગ્રહની સ્વચ્છતા નથી ત્યાં, એ તો પાણીની સ્વચ્છતા છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા સર્વજ્ઞપણે પરિણમે. આહા..હા...! રાંકો થઈને બેઠો એને સર્વજ્ઞ શું બેસવું ક્યારે વખત (મળે)? હાય.. હાય.. રોવે. ક્યાંક આવ્યું હતું. એક રોતા હતા. છાપામાં આવ્યું હતું. કોક કહે રોતા હતા. રોતા હતા શું, પ્રાર્થના કરતા હતા. હમણા છાપામાં આવ્યું હતું. એક રાણપુરમાં સાંભળ્યું હતું. લોટિયા વોરા હોયને. એ આ તાબુતમાં ન જાય. ઘરે કૂટે, રોવે. અપાસરાની સામે છે રાણપુરમાં. રોવે હોં, ઓલા તાબુતના દિવસે. આવા રોણા રોણા રોવા માટે અવતાર તારો છે? ભગવાન પાસે રોવે. હે ભગવાન હું પામર છું, હે પ્રભુ! મને.. કોની પાસે રાડું પાડે છો? રોવે છે ક્યાં તું આ? હે ભગવાન! મરી ગયો છું હોં! ચોર્યાસીના અવતારમાં. તારજે હવે. ભગવાન કહે છે કે પણ એવી પામરતા પોકારે તો એ તું નહિ. એવા પામરો અમારી પાસે આવી શકે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? આ તો રામની... ઓલા કહે છેને 'રણે ચડ્યા રજપુત છૂપે નહિ, ભાગ્ય છૂપે નહિ ભભુત લગાયા, ચંચળ નારીકો નેણ છૂપે નહિ, ચંદ્ર છૂપે નહીં બાદલ છાયા.' કહે છે કે આત્માની જાગૃતવાળો જ્યોતવાળો જાગ્યો એ હવે ઢાંક્યો રહે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? આવું સમકિતનું અને સમકિતના વિષયનું માહાત્મ્ય છે. એ વાતના ભાન વિના જે કાંઈ કરે એ બધું નરક ને નિગોદના પંથે જવાના રસ્તા છે. સમજાણું કાંઈ?

કહે છે, ઓહો..! કેટલું નાખ્યું છે જુઓને! '**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.**' હવે એક વાત શું કરી છે? ઓલામાં એક કહી છે. પરમાત્મપુરાણમાં કે ક્યાંક. ઓહો..! આત્મામાં અદ્‌ભુત રસ છે. આત્મામાં અદ્‌ભુત રસ છે. એટલે? કે એક પર્યાય બિલકુલ ભેદ વિના અનાકારપણે દેખે. તે જ સમયની એ જ પર્યાય ભેદ-ભેદ છેદીને અનંતાને જુદા જુદા જાણે, એક એક પર્યાયના એક એક અંશના વિભાગ પ્રતિચ્છેદે. અરે! આ તે કાંઈ અદ્‌ભુત રસ છે! અદ્‌ભુત વાત છે! નવરંગભાઈ! એક એની સર્વદર્શીની પર્યાય કોઈપણ અંશને ભેદ પાડે નહિ. આ જીવ છે ને આ જડ છે ને આ ગુણ છે ને આ પર્યાય છે. એવો એક સમયનો એક પર્યાય અને એક સમયનો બીજો જ્ઞાનનો પર્યાય, એક ભેદ... ભેદ.. ભેદ... તે કેટલા? અનંતા ગુણો, એની અનંતી પર્યાય, એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ, એક છેદ અવિભાગ પ્રતિચ્છેદની સપ્તભંગી અનંતી. આહા..હા...! સમજાય છે? આપણે સપ્તભંગી અહીં .. જ્ઞાનનો વિષય.. આહા..હા...! એને કેવળજ્ઞાનનો સર્વજ્ઞનો પર્યાય એક સમયમાં પૂરો પરની અપેક્ષા વિના જાણે એને અહીંયાં ભગવાન સર્વજ્ઞ શક્તિનું પરિણમન કહેવામાં આવે છે. એ.. મનુભાઈ! આવી વાતું છે આ. ખજુરમાંથી ઊંચા થાય ત્યારે આ સમજાયને, નહિતર ક્યાંથી સમજાય? સમજાય છે લ્યો. પૈસાના દરેડા થાય ત્યાં ખુશી થાય. (અહીંયા કહે), પૈસા ધૂળ, પૈસાનો માલિક થાય એ જડ.

**શ્રોતા :-** આપ ધૂળ કહો છો તો ધૂળ થોડી થઈ જાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ કાંઈ મટી જાય છે ધૂળ કહે એટલે? ધૂળ તો ધૂળ થઈને જ રહેલી છે. નટુભાઈ! શું થઈને રહ્યું છે? આ શરીર શરીર થઈને રહ્યું છે કે આત્માનું થઈને રહ્યું છે? ખજુરનો ધંધો ને પૈસા એ આત્માના થઈને રહ્યા છે? આત્માના થઈને રહ્યા છે? તો કોના થઈને રહ્યા છે? એના થઈને રહ્યા છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય થઈને રહ્યા છે.

**શ્રોતા :-** ભલેને એના થઈના રહ્યા પણ અમારા ઉપયોગમાં આવે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય.. આહા..હા...! જડનો ઉપયોગ? જડનો ઉપયોગ જીવને મારી નાખ્યો એણે.

એક આવ્યું હતું હમણા છાપામાં. અહીંની વાત તો હવે બધી ચાલે છે ખરી ને. આત્મા ખાય છે એમ માને એ મરી ગયેલો આત્મા છે. એટલે શું કીધું? ખાવાની ક્રિયા એની નથી, છતાં એ માને કે મારી ખાવાની ક્રિયા છે એણે જ્ઞાતા-દૃષ્ટાના ચૈતન્ય ભાવને એણે મારી નાખ્યો છે, એણે મરણ કર્યું છે, જીવતી જ્યોતનો નકાર કર્યો છે. વાત તો અહીંથી હવે બધી ચાલી છેને. છાપામાં અહીંની જ વાત છે. હવે બધે ઘણે ઠેકાણે ચાલી છે. વિરોધ કરનાર હોય એ તો અનાદિથી છે. મહાવીરને ઈન્દ્રજાળિયો કહેતા. મહાવીર ઈન્દ્રજાળિયા છે. જુઓ, મહારાજ! કહેતા કે, હું અલ્પજ્ઞાની હતો ત્યારે કોઈની સાથે બોલવું નહિ, એકાંત

રહેવું. ઘણા મહિને આહાર લેવું. અને એકલા જંગલમાં રહેવું. આ કહે કે હું મોટો થયો તો હવે સમવસરણમાં બેઠા. લાખો માણસમાં બેઠા અને આખો દિ' બોલે. બપોરે છ ઘડી, સવારે છ ઘડી. આ તો મારા ગપ માર્યા છે અહીં. એય..!

**શ્રોતા** :- બહાર તે વખતે કેટલો ત્યાગ હતો અને અત્યારે કેટલો સંયોગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈ ન રહે. સિંહાસન હીરાના. માથે ચોસઠ ચામર. એકકોર ઓલો ચામરવાળો આવે તો બેસે નહિ ત્યાં છદ્મસ્થમાં. આ શું માંડી છે આણે? વસંતભાઈ! ભાઈ એવું તો આ... પુણ્યની પ્રકૃતિના સંયોગ છે એ આવ્યો અત્યારે એ એનામાં આવ્યો નથી, એણે રાખ્યો નથી અને એનામાં છે નહિ. એનામાં તો સર્વજ્ઞ, સર્વ આનંદપણું છે. આહા..હા...! ચાર કર્મ એમાં નથી, ચાર કર્મનો ઉદય એમાં નથી, ચાર કર્મની જે પર્યાયની મલિનતા એ પણ એનામાં નથી. આ સમવસરણ છે. જોનારા શું કહે? સમજાણું કાંઈ? કેટલા થયા? પા કલાક છે. કહો, સમજાણું?

અહીં કહે છે, એ ભગવાન મહાવીર પરમાત્મા પહેલા મૌન રહેતા, બોલતા નહિ. સવારે છ ઘડી, બપોરે છ ઘડી, સાંજે છ ઘડી. ... લે રાતે સૂવું નથી. સખ નથી? રાતે સભા ભરીને ઉપદેશ દેવો છે. અને આ કહે કે હું મોટો થઈ ગયો ભગવાનથી. એ.. ભીખાભાઈ! એવી વાતું રમતું છે એવી. શ્વેતાંબરમાં આવે છે એવું. .. અધિકારે આવે છે. સૂયગડાંગમાં. એલા પણ તું ક્યાં જા છો? ભગવાન પાસે. મહાવીર તો આવો છે તારો. કોની પાસે જા છો? ઠગારો છે એ તો. ઠીક ભાઈ. આહા..હા...! શું થાય? મોહે જેને મારી નાખ્યા એને જીવતો ચૈતન્ય કેવો હોય એની ખબરું નથી અને ખબરું વિનાના બીજાની વાતું કરે પરીક્ષા કરીને એ બધી આંધળી પરીક્ષા હોય.

અહીં તો કહે છે, અહો..! સમસ્ત વિશેષનો ભાવ જાણે, ઓલો સામાન્ય જાણે. સમય એક, પ્રદેશ એક. કોનો? સર્વદર્શી પર્યાયનો પ્રદેશ એક. એક અસંખ્ય પ્રદેશમાં એ પર્યાય છે. એક પ્રદેશીમાં અસંખ્ય પ્રદેશમાં એ સર્વદર્શી છે. સર્વજ્ઞ પર્યાય એના અને એની પર્યાયમાં છે, પ્રદેશમાં અને ગુણ એ બધું. એમાં એક પર્યાય ભિન્ન-ભિન્ન જાણે, એક પર્યાય કાંઈ ભિન્નને જાણે નહિ અને રહે ભેગા. બેય એક ક્ષેત્રે, એક સમયમાં, ભાવ ભિન્ન. આહા..હા...! સમજાણું કાંઈ? આવી રમતું ચૈતન્ય રત્નની છે. એ સાધારણ પ્રાણીને રાંકાને તો આ રાજરતનની કિંમતું આવે નહિ. રાજરત્ન છે આત્મા. સમજાણું કાંઈ? ભાવને પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. એ દસ થઈ દસ લ્યો.

હવે એક અગિયાર. થોડોક નમૂનો તો આવે ને કે આ કઈ પદ્ધતિથી વાત થાય છે. કઈ રીત છે. આહા..હા...! ભગવાન આત્મા અમૂર્તિક છે. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. એના પ્રદેશો, આત્મપ્રદેશો '**અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન લોકાલોકના આકારોથી મેચક...**' આહા..હા..! લોક અને અલોકથી ભેદવાળું આખું જ્ઞાન. '**(અર્થાત્ અનેક-આકારરૂપે)**

એવો ઉપયોગ...' એવો ઉપયોગ '**જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ.**' અગિયારમી છે. સ્વચ્છ અરીસાની જેવો ભગવાન આત્મા... એક કોર દર્શનની વાત કરી કે આ સ્વચ્છત્વ શક્તિ એવી કે એણે દર્પણમાં જેમ બીજી ચીજો માલૂમ પડે છે એ બીજી ચીજ નથી. સમજાણું કાંઈ? એ તો દર્પણની સ્વચ્છતા છે. શું કહ્યું ઈ? મોર કે સામે કેરી કે નાળિયેર પડ્યા હોય તો અરીસામાં એવી પર્યાય દેખાય. આ કેરી. કેરીની પર્યાય છે ત્યાં? એ તો અરીસાની સ્વચ્છતાની પર્યાય છે. સમજાણું કાંઈ? સામે અગ્નિ અને બરફ (હોય). અગ્નિની આમ જ્વાળા સળગતી હોય. અરીસામાં દેખાય જ્વાળા. આમ બરફ હોય, ઓગળતો હોય. ઓલી અગ્નિની જ્વાળા ઊંચી થાય, બરફ ઓગળતો હોય. અરીસામાં દેખાય. બરફ અને અગ્નિ છે ત્યાં? એ તો સ્વચ્છતાનું સ્વરૂપ જ એવું એનું છે કે એનું બધું જે સ્વરૂપ છે પરનું એ પોતામાં જણાઈ જાય છે. એ પોતાની પર્યાયમાં જણાઈ જાય પોતાનો પર્યાય એવડો છે. આહા..હા...! આત્મજ્ઞાન, આત્મદર્શનમયી મૂકીને સ્વચ્છતા સાથે મૂકી છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા મહાપ્રભુ છે એક એક હોં! એની પ્રભુતા બધા થઈને પૂરી છે એમ નથી. આ બધા આત્મા થઈને એક છે ને વેદાંત કહે છે. વ્યાપક છેને. એમ નથી. ખંડ ખંડ તેં કરી નાખ્યો આત્માને. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે કામ ભાઈ! આકરું કામ બહુ. આકરું એટલે એને પરથી જુદું પાડીને, પરના અભિપ્રાયથી જુદો રહીને વાસ્તવિક સત્યનો સ્વીકાર એ મહાપુરુષાર્થ માગે છે. દુનિયા સાથે નહિ મેળ ખાય. સમજાણું કાંઈ? એક શ્લોક આવે છે આચારાંગમાં. .. હે ગૌતમ! .. મારા માર્ગની લોકની એષણા લોકના માર્ગ સાથે ગોતીને સમન્વય કરીશ નહિ, મેળાપ—મેળ કરીશ નહિ. અમારો માર્ગ વીતરાગનો સ્વરૂપ એવું છે એને લોક એષણા કરીશ નહિ. લોકો કેમ ઝાઝા માને? કોણ ઝાઝા માને? કાંઈ કોને ઠીક પડે છે? એ શોધીશ નહિ. ... એવો શબ્દ છે. આચારાંગમાં પહેલા... લોકની શોધથી મારા માર્ગની સાથે તું મેળવીશ નહિ એને. વીતરાગ સર્વ આત્મા પ્રભુ એનો માર્ગ જગતથી તદ્દન જુદો છે. સમજાણું કાંઈ? એથી પર સાથે મેળ ન ખાય, એથી પર સાથે વેર રાખવો એમ નથી. એ પણ ભગવાન છે. એની અવસ્થામાં એનું ભાન નથી એટલે રાંકાપણે રોદણા કરે છે.

અરે! અમે મરી ગયા હે ભગવાન! આ જુઓને ત્યાં જાય છેને શેત્રુંજય. શિવપદ અમને દેજો રે મહારાજ, શિવપદ અમને દેજો. હે ભગવાન! ભગવાન કહે કે શિવપદ લેજો રે ભગવાન તારામાં શિવપદ છે લેજે. શિવપદ તારું મારી પાસે નથી કે હું તને આપું. આહા..હા...! છે કે નહિ? દેરાવાસી કો'ક ત્યાં જાય છે કે નહિ? આ પાલિતાણા જાય ને પછી. જાય ને ઓલા ભગવાનના મધ્યમાં જઈને. 'શિવપદ અમને દેજો રે, શિવપદ અમને દેજો.' ભગવાન કહે છે કે શિવપદ દેજો જે તું કહે છે મારી પાસે. અંદરમાં આવ. 'શિવપદ અમને દેજો રે પ્રભુજી' દ્રવ્ય સ્વભાવ (છે) ત્યાં માગને. જ્યાં છે ત્યાં માગને. મારી પાસે ક્યાં તારી

ચીજ હતી તો માગે છે? આહા..હા...! બોલે છે કે નહિ? તમે ગયા હશો ઘણીવાર ત્યાં.

અહીં તો પાછું એટલું વજન કરે છે કે આત્માના પ્રદેશ અને આત્મા તો અમૂર્ત છે અને લોકાલોક મૂર્ત એમાં જણાય. હવે ઈ એટલે શું હશે એમ કહે છે. ઓલા જડ, રંગ, રસ, સ્પર્શવાળા ડુંગરા અને આ બધા જડ મોટા મોટા. એલા અરૂપીમાં રૂપી કેમ જણાય? કે રૂપી જણાતું નથી. એની સ્વચ્છતાની પર્યાયનું રૂપ જ એવું છે કે એ અરૂપીમાં બધી ચીજો પોતાના અરૂપી પર્યાયમાં જણાઈ જાય છે. સમજાણું કાંઈ? એવો એક સ્વચ્છ (નામનો ગુણ છે). સ્વચ્છ હોં, સ્વસ્થ નહિ. છ. સ્વચ્છ, પૂર્ણ સ્વચ્છ. આહા..હા...! ધોયેલ સાફ કરેલો ભગવાન આખો એવો છે કે જેનામાં અરૂપીપણું હોવા છતાં લોકાલોક, સાડા ત્રણ હાથ માર્ગ હોય છતાં જ્ઞાનની પર્યાયમાં લોકાલોક એ સંબંધીનું પોતાનું પોતા વડે થયેલી સ્વચ્છતા એને એ જાણે એવો એનો એ સ્વભાવ છે. એ સ્વચ્છતાને લઈને જાણે છે, પરને લઈને નહિ, લોકાલોક છે માટે નહિ એમ કહે છે. આહા..હા...!

**શ્રોતા :–** કર્મનો અભાવ થયો માટે તો ખરુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો વાત પણ ક્યાં હતી કર્મના અભાવની. ઓલા રાડું પાડે છે કે તમે સોનગઢીયા. કેવળજ્ઞાન થાય તો કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય એમ કહે છે. અમે એમ કહીએ કેવળજ્ઞાનાવરણીયનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય. બેય વાત સાચી નથી, સાંભળ. કેવળજ્ઞાન પણ પોતાના સ્વચ્છશક્તિને કારણે પોતાને કારણે પરિણમે છે. કેવળજ્ઞાનાવરણીયની પર્યાય એને કારણે અકર્મરૂપે પરિણમવાના કાળે, કર્મની પર્યાય .. થાય છે. માટે કેવળજ્ઞાન એને લઈને થાય છે અને કેવળજ્ઞાન થયું માટે કેવળજ્ઞાનાવરણીયને અકર્મરૂપે પરિણમવું પડ્યું એમ છે નહિ. ભારે વાત. હીરાભાઈ! ભારે માર્ગ ભાઈ! 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' અરે! આમ કહે છે, અરરર..! આવો માર્ગ! એકાંત છે રે એકાંત છે. વાત સાચી છે. એકાંત સાધકપણું જ આ છે. બાધકપણું એમાં છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ?

'**અમૂર્તિક આત્મપ્રદેશોમાં પ્રકાશમાન...**' પાછું એમ. '**લોકાલોકના આકારોથી...**' લ્યો આકાર ગરતા હશે અંદર? લોકાલોકની જેટલી વિશેષતા છે એ બધી વિશેષતાઓ આત્માની પર્યાયમાં પોતાના સ્વચ્છગુણને કારણે સ્વચ્છતામાં ઝળકી રહી છે. પોતાની સ્વચ્છતામાં સ્વચ્છતારૂપ ઝળકી રહી છે, કોઈ ચીજ નહિ.

**શ્રોતા :–** સ્વચ્છતામાં સ્વચ્છતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. આહા..હા...! ભાઈ! તારું અસ્તિત્વ સત્તા, તારું હોવાપણું જ એટલું અને એવડું છે કે સ્વચ્છતાની પર્યાયમાં એ વસ્તુ છે માટે નહિ, એ વસ્તુનો આકાર અહીં આવી જાય છે એમ નહિ. એ સંબંધીનું જેટલું વિશેષપણું છે ભિન્ન એ બધું તારી સ્વચ્છતાની પર્યાયમાં, સ્વચ્છતાનો ગુણ છે, એનો ધરનાર સ્વચ્છતાવાળો, એમ સ્વચ્છતાની

શક્તિના ધરનાર ઉપર દૃષ્ટિ જતાં એ સ્વચ્છતા શક્તિનું પરિણમન થતાં પોતાની પર્યાયની એટલી તાકાત છે. એ બધા વિશેષો પોતામાં પોતાને લઈને પોતાને કારણે જણાઈ જાય છે. લોકાલોક કારણ છે અને પર્યાય સ્વચ્છતાની કાર્ય છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા...!

**'એવો ઉપયોગ જેનું લક્ષણ છે...'** એમ કીધું છેને? આહા..હા...! **'મેચક (અર્થાત્ અનેક-આકારરૂપ) એવો ઉપયોગ જેનું લક્ષણ છે એવી સ્વચ્છત્વશક્તિ.'** છે લ્યો! એ વિશેષ એનું આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી પ્રવચનસાર, ગાથા-૮૫-૮૬**
**પ્રવચન નં.૭૭, તા.૧૮-૫-૧૯૭૯**
**(૯)**

'પ્રવચનસાર' ૮૫મી ગાથાનો ભાવાર્થ. '**મોહના ત્રણ ભેદ છે દર્શનમોહ, રાગ અને દ્વેષ.**' મોહના ત્રણ ભેદ છે. '**પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા...**' જેવું જડ, ચૈતન્યનું સ્વરૂપ (છે) દ્રવ્ય, ગુણ, પર્યાયનું જેવું સ્વતંત્ર સ્વરૂપ છે તે રીતે ન માનવું (અને) એથી વિપરીત માન્યતા (હોવી તે મિથ્યાત્વ છે). દરેક દ્રવ્યની પર્યાય તે સમયે સ્વતંત્રપણે ષટ્કારક(ના) પરિણમનથી ઊપજે (છે) એને બીજી રીતે માનવું કે, નિમિત્ત હોય તો થાય, એ પદાર્થની પર્યાયની (માન્યતાની) વિપરીતતા છે. દરેક પદાર્થ દ્રવ્ય-ગુણે તો ધ્રુવ છે પણ પરિણમનના કાળમાં જે સમયે તેનો પર્યાય (થાય) છે તે સ્વતંત્ર પોતાના ષટ્કારકથી પરિણમે છે. એમાં કંઈ ગોટા વાળવા (કે), નિમિત્ત હોય તો થાય (તો તે વિપરીતતા છે). નિમિત્ત છે એ જુદી વસ્તુ છે પણ નિમિત્ત છે માટે (કાર્ય) થયું, એની કાંઈ થોડીક મદદ છે, એ '**પદાર્થોના યથાર્થ સ્વરૂપથી વિપરીત માન્યતા...**' છે. આ..હા...! એક વાત એ મિથ્યાત્વનું લક્ષણ છે.

'**તથા તિર્યંચો અને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ...**' આવી વાત, આટલો ફેર છે. હિન્દીમાં 'મમતા' કહ્યું છે. તિર્યંચ અને મનુષ્યની મમતા કરીને કરુણાભાવ (થવો કે), આ મારાં છે, મારે કરવું જોઈએ. આહા..હા...! અહીં 'તન્મયપણે' (કહ્યું છે). તેને હું કરુણા કરી શકું છું, એની દયા પાળી શકું છું એવો જે તન્મયપણાનો ભાવ. આહા..હા...! જીવદયા મંડળી અને પાંજરાપોળવાળાને આ આકરું પડે. આ..હા...! વસ્તુનું સ્વરૂપ આવું છે. તે પર પદાર્થ તે કાળે તે પર્યાય થવામાં સ્વતંત્ર છે એને ઠેકાણે (એમ માનવું કે) કરુણાભાવથી તન્મયપણે જાણે એનું કરી દઉં, એ દર્શનમોહ—મિથ્યાત્વના લક્ષણ છે. આ..હા...! '**તિર્યંચો ને મનુષ્યો પ્રત્યે તન્મયપણે કરુણાભાવ તે દર્શનમોહનાં ચિહ્ન છે.**' આવું આકરું પડે લોકોને. 'કુંદકુંદાચાર્યે' તો ખુલ્લું મૂક્યું છે, દુનિયાને બેસે, ન બેસે સ્વતંત્ર છે. આ..હા...!

'**ઈષ્ટ વિષયોમાં પ્રીતિ...**' વિષયો ઈષ્ટ નથી, વિષયો તો જ્ઞેય છે પણ તેમાં અનુકૂળ માનીને ઈષ્ટ છે એમ માનીને તેમાં રાગ કરવો '**તે રાગનું ચિહ્ન છે...**' આહા..હા...! '**અને અનિષ્ટ વિષયોમાં અપ્રીતિ...**' પોતાને અણગમતા (પદાર્થમાં) દ્વેષ કરવો. અણગમતી ચીજ કોઈ નથી, ચીજ તો જ્ઞેય છે પણ પોતાને ઠીક ન લાગે એટલે તેના પ્રત્યે જરી અણગમો

ઊભો થવો '**તે દ્વેષનું ચિહ્ન છે.**' આ..હા..હા...!

'**આ ચિહ્નોથી...**' (એટલે) આ લક્ષણથી, આ એંધાણથી '**ત્રણે પ્રકારના મોહને...**' ઓળખવો જોઈએ. '**ઓળખીને મુમુક્ષુએ...**' (મુમુક્ષુએ એટલે) આત્માનો પૂર્ણ લાભ—આનંદના પૂર્ણ લાભના અભિલાષીએ. આહા..હા...! '**મુમુક્ષુએ તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે.**' એમ (ટીકામાં) આવ્યું હતું ને? '**એકદમ ઊપજતાં (વેંત)**' એની વ્યાખ્યા કરી. '**એકદમ ઊપજતાં વેંત જ ત્રણે પ્રકારનો (મોહ હણી નાખવા યોગ્ય છે).**' એનો અર્થ કર્યો કે, '**તેનો તત્કાળ નાશ કરવો યોગ્ય છે.**' એટલે કે તેને ઓળખીને તેના તરફનું વલણ છોડી દઈને સ્વભાવનું વલણ કરવું, તત્કાળ સ્વભાવ તરફ વળવું. એથી ઉત્પન્ન થાય નહિ એને નાશ કર્યો એમ કહેવાય. એ ૮૫ (ગાથા પૂરી થઈ). (હવે) ૮૬ (ગાથા).

'**હવે મોહક્ષય કરવાનો ઉપાયાન્તર...**' એક તો ઉપાય કહ્યો. ૮૦, ૮૧, ૮૨ (ગાથામાં ઉપાય કહ્યો). અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવા, જાણીને પોતાનાં દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવા અને જાણીને પર્યાય-ગુણને દ્રવ્યમાં અભેદ કરવા—ભેળવવા એ એક મોહના નાશનો ઉપાય કહ્યો હતો. પણ બીજો ઉપાય સાથે કહે છે. '**હવે મોહક્ષય કરવાનો ઉપાયાન્તર (અન્ય ઉપાય) વિચારે છે :**' '**વિચારે છે**' (એમ કહ્યું) એ તો આચાર્યે પોતે શૈલી (કરીને વાત કરી છે). (બાકી) એમને કંઈ વિચારવાનું નથી પણ જગતને સમજાવવા કહે છે કે, જુઓ! આપણે વિચારીએ. આહા..હા...! ૮૬ (ગાથા) :

जिणसत्थादो अट्ठे पच्चक्खादीहिं बुज्झदो णियमा।
खीयदि मोहोवचयो तम्हा सत्थं समधिदव्वं।।८६।।

નીચે હરિગીત :

**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,**
**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬.**

'**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી**' આટલું જોર છે ! 'પ્રત્યક્ષ' એટલે કે સ્વનું લક્ષ અંદર કરીને. આ..હા..હા...! '**શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી**' પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને. '**જાણતો જે અર્થને**' (એટલે) પદાર્થને. '**તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે.**' પોતાના ભાવના લક્ષે, ભાવના અવલંબને, ભાવશ્રુતજ્ઞાનના અવલંબને દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવા જેવો છે એમ કહે છે. (બીજે ઠેકાણે શાસ્ત્રમાં રમતી બુદ્ધિને) વ્યભિચારી કહ્યું હતું નહિ? ત્યાં એ બીજી રીત છે. સ્વના લક્ષ વિના એકલી શાસ્ત્રબુદ્ધિ (છે) એ બુદ્ધિ વ્યભિચારિણી કીધી. (કેમકે) પરદ્રવ્યમાં લક્ષ જાય છે ને? અહીંયાં તો સ્વના લક્ષે, સ્વના અવલંબને (એમ) આગળ કહેશે. આ..હા...! (ટીકામાં કહેશે) '**શબ્દબ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે**' (ટીકામાં) પાછળ છે. છે? '**શબ્દબ્રહ્મની ઉપાસનાનો...**' (એટલે કે) ભગવાનની વાણી પણ હોવી જોઈએ. એ તો પહેલો નિર્ણય કરવો જોઈએ કે, સર્વજ્ઞની વાણી છે કે નહિ?

આ..હા...! અને તે પણ '**ભાવજ્ઞાનના અવલંબન વડે દઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે ઉપાયાન્તર છે.**' જોયું? આ ટીકા છે. ભાવના અવલંબન વિના એકલા દ્રવ્યશ્રુતમાં બુદ્ધિ જાય એ શુભ રાગ છે, એ વ્યભિચાર છે એમ કીધું છે. આહા..હા...! ૮૬ની ટીકા.

'**દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવે અર્હંતના જ્ઞાન દ્વારા આત્માનું તે પ્રકારનું જ્ઞાન મોહક્ષયના ઉપાય તરીકે...**' પહેલાં વર્ણવ્યા છે, એમ કહે છે. આ તો ઉપાયાન્તર (એટલે) બીજો ઉપાય બતાવવો છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેના નામ પણ હજી તો કેટલાકને ન આવડતા હોય. સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ (કર્યા) કરે. એક ફેરી અહીં આવ્યું હતું. એક વાર 'ઈન્દોર'માં ક્યાંક શિબિરમાં આવ્યું હતું કે, 'દ્રવ્ય, ગુણ, પર્યાયના નામ પણ ન આવડતા હોય.' (આ) દિગંબર! શિક્ષણ શિબિરમાં આવ્યું હતું. દ્રવ્ય, ગુણ અને પર્યાય. આ..હા..હા...! (અર્થાત્) ત્રિકાળી રહેનારું તત્ત્વ તે દ્રવ્ય, ત્રિકાળી રહેનારો એનો ગુણ તે ભાવ (એટલે) ગુણ. ત્રિકાળી રહેનારી વસ્તુ તે દ્રવ્ય અને ત્રિકાળી રહેનારો ભાવ તે તેનો ગુણ. આહા..હા...! અને સમય-સમયની અવસ્થાનું પલટવું, બદલવું (થાય) એ પર્યાય (છે). આહા..હા...! એવા '**દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વભાવે અર્હંતના જ્ઞાન દ્વારા આત્માનું તે પ્રકારનું જ્ઞાન મોહક્ષયના ઉપાય તરીકે જે પ્રથમ (૮૦મી ગાથામાં) પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું,...**' ૮૦ મી ગાથા '**जो जाणदि अरहंतं**' એમાં ઈ આવી ગયું છે.

'**તે ખરેખર આ (નીચે કહેલા) ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે.**' અરિહંતના દ્રવ્ય, ગુણ જાણવામાં પણ શાસ્ત્રનું અધ્યયન, ભાવશ્રુતના અવલંબને (થાય એવી) અપેક્ષા રાખે છે. સર્વજ્ઞની પરમાત્માની વાણીમાં શું આવ્યું? પહેલાં સર્વજ્ઞની દિવ્યધ્વનિ (અનુસાર) ભગવાનની વાણીના શાસ્ત્રો ક્યા છે એ નિર્ણય કરવો જોઈએ. આહા..હા...! '**ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે.**' એ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણ્યા એમ જાણીને પોતાના (દ્રવ્ય, ગુણ, પર્યાય) જાણ્યા અને પોતાનો અભેદ અનુભવ કર્યો પણ એમાં બીજા ઉપાયાન્તરની અપેક્ષા રાખે છે. અનેરો ઉપાય. ભાવજ્ઞાનને લક્ષે દ્રવ્યશાસ્ત્રનો પણ અભ્યાસ કરવો. આહા..હા...! '**તે ખરેખર આ (નીચે કહેલા) ઉપાયાન્તરની...**' એટલે અનેરા ઉપાયની એ સિવાય બીજા ઉપાયની '**અપેક્ષા રાખે છે. (તે ઉપાયાન્તર શો છે તે કહેવામાં આવે છે :)**' આહા..હા...!

'**જેણે પ્રથમ ભૂમિકામાં ગમન કર્યું છે...**' કહે છે કે, હજી જાણવાની શરૂઆત કરી છે '**એવા જીવને...**' આહા..હા...! '**જે સર્વજ્ઞોપજ્ઞ હોવાથી...**' (સર્વજ્ઞોપજ્ઞ એટલે) '**સર્વજ્ઞે સ્વયં જાણેલું (અને કહેલું)**' ઉપરી એટલે કહેલું હોવાથી. આ..હા..હા...! અત્યારે તો આ છદ્મસ્થ 'કુંદકુંદાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય'ના લખાણ છે પણ સર્વજ્ઞે કહેલું (છે) એ છે. આ..હા...! શ્વેતાંબરમાં તો સર્વજ્ઞે કહેલાં શાસ્ત્ર છે જ નહિ. આ..હા...! આકરી વાતું છે.

ત્યાં તો એ બધા શાસ્ત્રો કલ્પિત દૃષ્ટિથી બનાવ્યા છે, એ સર્વજ્ઞે (કહેલાં) શાસ્ત્ર છે જ નહિ. આહા..હા...!

આ તો 'કુંદકુંદાચાર્ય' સીધા ભગવાન પાસે ગયા હતા. એના પહેલાંના પણ બધા (સંતો) સર્વજ્ઞોએ કહેલું તે જ પ્રમાણે કહેતા. આ તો ભગવાન પાસે ગયા હતા. આઠ 'દી ભગવાનની વાણી સીધી સાંભળી. કંઈક સમાધાન માટે શ્રુતકેવળીઓની પાસે સમાધાન કર્યા. આ..હા..હા...! એ સાક્ષાત્ સર્વજ્ઞની વાણી આમાં છે. 'સમયસાર', પ્રવચનસાર', નિયમસાર', 'અષ્ટપાહુડ', 'ગોમ્મટસાર' આદિ લ્યો. આહા..હા...! સર્વજ્ઞના કેડાયતો સંતોની વાણી છે એ કેવળીની જ વાણી છે. આહા..હા...! આકરું કામ બહુ. શ્વેતાંબર, સ્થાનકવાસી સંપ્રદાયનો મોટો ભાગ (અત્યારે છે) હવે એને એમ કહેવું કે, આ સર્વજ્ઞના કહેલાં શાસ્ત્રો નથી. આ શાસ્ત્રમાં તો એમ લખ્યું છે કે, એક વસ્ત્રનો ટુકડો રાખીને પણ મુનિપણું માને, મનાવે અને માનનાર એવું જાણે તો મિથ્યાત્વ થાય અને નિગોદમાં જાય. અને એ (શ્વેતાંબર) શાસ્ત્રમાં તો (એમ કહે કે) કપડાના ઢગલાં (પહેરી) રાખે તોપણ મુનિપણું થાય અને મોક્ષ(માં) જાય. આવો મોટો ફેર છે. (આવું) એક બોલ માટે નથી, એવા તો કેટલાય બોલમાં આખો ફેર છે. આહા..હા...!

પહેલું તો આ નક્કી કરવું જોઈએ (કે), સર્વજ્ઞે કહેલાં, સર્વજ્ઞે જાણીને કહેલાં (શાસ્ત્ર) હોવાથી '**સર્વ પ્રકારે અબાધિત છે...**' આહા..હા...! ઝીણી વાતું, ભાઈ આકરી પડે. આત્મસિદ્ધિમાં પણ હજી ફેર છે. કેવળી છદ્મસ્થનો વિનય કરે એ સર્વજ્ઞની કહેલી વાણી નથી. આહા..! ઝીણી વાતું બહુ આકરું બાપા, આકરું પડે લોકોને. જાતિવેષનો ભેદ નહિ, એ સર્વજ્ઞની વાણી નથી. એ.. ચેતનજી! એમાં દીક્ષા લીધી હતી. શ્વેતાંબરમાં દીક્ષા લીધી હતી. અહીં તો પ્રભુ સર્વજ્ઞની વાણી. એક પણ સિદ્ધાંતનો ન્યાય તૂટે એ શાસ્ત્ર નહિ, એ સિદ્ધાંત નહિ, એ સર્વજ્ઞની વાણી નહિ. આહા..હા..! આવી વાતું આકરી પડે માણસને. આહા..હા...!

'**સર્વજ્ઞોપજ્ઞ હોવાથી સર્વ પ્રકારે અબાધિત...**' (અબાધિત એટલે) ક્યાંય બાધા ન આવે, વિઘ્ન ન આવે, વિપરીતતા ન આવે એવી વીતરાગની વાણી (હોય છે). '**એવા શાબ્દ પ્રમાણને...**' (એ) છે તો વાણી, (એમ) કહે છે. ભગવાનની દિવ્યધ્વનિ. આહા..હા...! '**એવા શાબ્દ...**' 'શાબ્દ' શબ્દ છે. શાબ્દ બહુવચન (છે). '**શાબ્દ પ્રમાણ...**' શાબ્દ એટલે શું? (શ્રોતા : શબ્દનું). શબ્દનું! 'શાબ્દ' શબ્દ છે. શબ્દનું પ્રમાણ! ઠીક! '**(દ્રવ્યશ્રુતપ્રમાણને)...**' આ..હા...! પહેલી તો હજી વીતરાગની વાણી કોણ છે એનો હજી નિર્ણય કરવો, પછી તેનો અભ્યાસ કરવો. આ..હા...!

'**શાબ્દ પ્રમાણને (દ્રવ્યશ્રુતપ્રમાણને)...**' શ્રુતના બે ભેદ છે ને? દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત. પ્રમાણના પણ બે ભેદ છે ને? પ્રત્યક્ષ પ્રમાણ અને પરોક્ષ (પ્રમાણ). તેથી આમાં નાખ્યું છે પ્રત્યક્ષ આદિ. '**એવા શાબ્દ પ્રમાણને (દ્રવ્યશ્રુતપ્રમાણને) પ્રાપ્ત કરીને...**' આ..હા..હા...!

સર્વજ્ઞ પરમાત્મા વીતરાગના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ શબ્દ પ્રમાણ... આ..હા..હા...! તેને પ્રાપ્ત કરીને. તે શાસ્ત્રો સર્વજ્ઞના છે એને પ્રાપ્ત કરીને. આવી આટલી તો પહેલી શરત છે. કહો, ચીમનભાઈ! આકરું લાગે, ભાઈ! પણ શું થાય? બાપુ!

જેમાં એક પણ તત્ત્વની ભૂલ હોય એ શાસ્ત્ર કેમ કહેવાય? આહા..હા...! શાસ્ત્ર તો એને કહીએ... આ..હા...! જેમાં સર્વજ્ઞની વાણીમાં ક્યાંય એક પણ ભૂલ જ ન હોય. આહા..હા...! પરાણે બેસાડેલી વાત હોય એ વાત કંઈ સર્વજ્ઞની નથી. શ્વેતાંબરના 'દસવૈકાલિક' (ગ્રંથમાં) એવું આવે છે (કે) 'અનંત જ્ઞાન પામ્યો હોય છતાં ગુરુનો વિનય ન મૂકે.' એ વાણી ભગવાનની છે? નવમું અધ્યયન વિનય અધ્યયન છે (એમાં આવે છે). 'દસવૈકાલિક' આખું મોઢે કંઠસ્થ હતું ને! આહા..હા...! અનંત જ્ઞાન પામ્યો હોય, કેવળ(જ્ઞાન) થયું હોય તોપણ ગુરુનો વિનય ન મૂકે. (એટલે) કેવળીને પણ હજી ગુરુનો વિનય છે. સાતમા ગુણસ્થાન પછી વિકલ્પ જ ન હોય. આ..હા..હા...! લોકોને જરી આકરું પડે છે. પોતાનો પક્ષ બાંધ્યો હોય એમાં બીજી વાત આવે એ આકરી પડે.

અહીં તો '**સર્વજ્ઞોપજ્ઞ...**' સર્વજ્ઞે જાણીને સર્વજ્ઞે કહેલું, આવો પહેલો નિર્ણય (હોવો જોઈએ). આહા..હા...! (સર્વજ્ઞોપજ્ઞ હોવાથી) '**સર્વ પ્રકારે અબાધિત છે.**' એને લઈને બધા પ્રકારે વિઘ્ન વિનાનું (છે). એવા શબ્દ પ્રમાણને પામીને. આ..હા..હા...! એવા સર્વજ્ઞની વાણીને પામીને. આહા..હા...! એ પણ કોઈ પૂર્વના પુણ્યના ભાગ્ય હોય ત્યારે (તો) એને હજી સર્વજ્ઞની વાણી પ્રાપ્ત થાય. આહા..હા...! '**પ્રાપ્ત કરીને ક્રીડા કરતાં...**' આ હવે વધારે (કહે છે). વાણી સાંભળે અને એમાં યથાર્થ તત્ત્વની અંદર રમતું કરે ક્રીડા કરે. (અર્થાત્) આ યથાર્થ (વાત) છે. આ સ્વભાવ સન્મુખની વાત છે, વિભાવથી વિમુખ (થવાની) વાત છે, નિમિત્તથી ઉપેક્ષા કરવાની વાત છે, સ્વની અપેક્ષા કરવાની વાત છે. આ..હા..હા...! કારણ કે વીતરાગની વાણી ચાર અનુયોગ છે. ચારેય અનુયોગમાં વીતરાગતા ઉત્પન્ન થાય તે કથન છે. જેમાં કંઈ પણ રાગ ઉત્પન્ન થાય અને લાભ થાય (એમ કહે) એ કથન વીતરાગનું કથન નહિ. આહા..હા...!

**શ્રોતા :—** મુનિને આહારદાન આપે એટલે સમ્યગ્દર્શન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આહારદાન આપે તો શુભભાવ થાય, સમ્યગ્દર્શન (ન થાય). એ કહ્યું ને! એ વાત નહોતી થઈ? ભગવાનને રોગ થયો (એટલે એક મુનિ) બહાર બહુ રોયા. ભગવાને કીધું કે, 'મુનિને બોલાવો, કેમ રોવે છે? મારા માટે આહાર લઈ આવો! મારા માટે કર્યો છે એ લેશો નહિ, એના ઘોડા માટે કર્યો છે એ લેજો.' એ આહાર આપ્યો તો પરિત સંસાર કર્યો. એ વીતરાગની વાણી જ નથી. 'વિપાક'ના દસેય અધ્યયનોમાં ઈ (વાત) છે કે, મિથ્યાદૃષ્ટિ છે, મુનિને આહાર આપે છે અને સંસાર પરિત કરે છે. એ વીતરાગની વાણી જ નથી. શું થાય બાપુ. આહા..હા...! મોટો ભાગ એ અને મોટા ભાગમાં જન્મેલા

અહીંયાં આવ્યા છે. બાબુભાઈ! બધા એમાં જન્મેલા સ્થાનકવાસી અને શ્વેતાંબર. બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ! આહા..હા...! કેમકે સર્વજ્ઞની વાણીમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય જેવા છે તે રીતે તેનું કથન હશે. આહા..હા...! બીજામાં એવું કથન આવે નહિ. આ..હા...! અન્ય મતમાં તો એ છે જ નહિ પણ જૈન સંપ્રદાયમાં પણ સર્વજ્ઞની વાણી જે દિવ્યધ્વનિ (છે) એ દિગંબર શાસ્ત્રો(માં) (છે) તે દિવ્યધ્વનિનો સાર છે, તેને પામીને એમ કહે છે. આહા..હા...!

'ક્રીડા કરતાં...' તેમાં પ્રેમથી રમતું રમત (કરતાં)—પ્રેમથી રસ લેતા (એટલે કે) શાસ્ત્ર શું કહે છે? એનો ભાવ શું છે? એમ પ્રાપ્ત કરીને રસ લેતાં. એમને એમ પ્રાપ્ત કરીને સાંભળવું છે અને સાંભળીએ છીએ એમ નહિ. આહા..હા...! **'ક્રીડા કરતાં, તેના સંસ્કારથી...'** આ..હા..હા...! એના **'સંસ્કારથી વિશિષ્ટ (ખાસ) સંવેદનશક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં,...'** આ..હા..હા...! લ્યો! સંવેદન એટલે જ્ઞાન. જ્ઞાન શક્તિ(રૂપ) સંપદા પ્રગટ કરતાં તેને સાચું જ્ઞાન પ્રગટ થાય. આ..હા..હા...! (૮૦મી ગાથામાં) અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવાની એકલી વાત કરી હતી અને આ તો સર્વજ્ઞની વાણીમાં બધા પદાર્થોના દ્રવ્ય, ગુણ, પર્યાયની વાસ્તવિકતા શું છે? એ વાત (જાણવી). ઉપાયાન્તરમાં આ નાખ્યું. આહા..હા...!

**'તેના સંસ્કારથી...'** એટલે કે ભગવાનની વાણી સાંભળીને પછી અંદર જે રસ આવે. આ..હા..હા...! ખાસ **'સંવેદનશક્તિરૂપ સંપદા પ્રગટ કરતાં,...'** ખાસ જ્ઞાન—સમ્યક્જ્ઞાન. આ..હા...! એવી સંપદા—સમ્યક્જ્ઞાનની સંપદા. આ સંપદા! ભગવાનની વાણીમાં કહેલું તેવું સાચું—સત્ય જ્ઞાન પ્રેમથી થાય, રસથી થાય... આ..હા..હા...! તેને સાચી સંપદા કહે છે. એ જ્ઞાન સાચી સંપદા છે. આ બહારની બધી ધૂડ છે એ બધી આપદા છે. આ..હા..હા...! જ્ઞાન-લક્ષ્મી મળી એમ કહે છે. ભગવાનની વાણી સાંભળીને રસ લીધો, એમાં એને સમ્યક્જ્ઞાન પ્રગટ્યું એ એને લક્ષ્મી પ્રગટી (એમ) કહે છે. આહા..હા...! સંપદા પ્રગટી!! આહા..હા...! ભલે બહારમાં ગરીબ હોય... આ..હા...! પણ એને સ્વસંવેદન—સંવેદનશક્તિરૂપ જ્ઞાન(લક્ષ્મી પ્રગટી છે).

બે પ્રકાર નાખ્યા (છે). **'તેના સંસ્કારથી વિશિષ્ટ (ખાસ) સંવેદનશક્તિરૂપ સંપદા...'** છે? **'વિશિષ્ટ સંવેદનશક્તિ...'** (અર્થાત્) ખાસ સ્વને જાણવાની પર્યાય જે યથાર્થ જ્ઞાનવેદન, એવા જ્ઞાનની સંપદા પ્રગટ કરતાં. આ..હા..હા...! **'સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્‌ભેદ દેનારા...'** આ..હા..હા...! ભારે નાખ્યું! સહૃદયનો (નીચે) અર્થ કર્યો (છે). 'ભાવુકઃ સામાના ભાવોને કે લાગણીને સમજી શકનાર;' આહા..હા...! એક વાત. સામાના ભાવોને (એટલે કે) કઈ અપેક્ષાથી બોલે છે, કહે છે એ (રીતે) સામાના ભાવોને (સમજી શકનાર). આહા..હા...! લાગણીને સમજી શકનાર. એક વાત. (બીજી વાત) **'શાસ્ત્રમાં જે વખતે જે ભાવનો પ્રસંગ હોય;...'** આહા..હા...! (એટલે કે) ઉત્સર્ગ અને અપવાદની વ્યાખ્યા આવે, એકવાર એકલો આત્માનો જ આશ્રય કરવો એમ આવે. આહા..હા...! તે વખતે તે

કઈ રીતે કઈ અપેક્ષાથી છે તેને... આહા..હા...! **‘જે વખતે જે ભાવનો પ્રસંગ હોય તે ભાવને હૃદયમાં ગ્રહનાર;...’** એને સહૃદયજન કહેવામાં આવે છે. હૃદયવાળા છે, એ હૃદયવાળા જન છે. એક તો સામાના હૃદયને જાણે અને ભગવાનના કહેલા જે વખતે (જે ભાવ હોય તે) ક્યો ભાવ છે તેના ભાવને જાણે. આહા..હા...!

**‘સહૃદય જનોના હૃદયને આનંદના ઉદ્‌ભેદ દેનારા...’** આહા..હા...! જ્યાં આનંદની સ્ફુરણા પ્રગટ થાય, આનંદના ફણગા ફૂટે, આનંદના ઝરા વહે, આનંદના ફુવારા બહાર આવે. આ..હા..હા...! એકલું જ્ઞાન નહિ એમ કહે છે. આહા..હા...! છે? ગાથા બહુ સારી છે. આ ઉપાયાન્તરની વાત કરે છે. એક ઉપાય અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવાની વાત તો કરી અને એક આ પણ ઉપાય છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ એમના કહેલાં શબ્દ્‌બ્રહ્મ શબ્દપ્રમાણને પ્રાપ્ત કરીને, તેમાં રસ લઈને... આહા..હા...! તેના સંસ્કારથી ખાસ સંવેદનશક્તિ(રૂપ) સંપદા-જ્ઞાનની શક્તિ એવી સંપદા પ્રગટ કરતાં... આ..હા..હા...! અને હૃદયને આનંદનો ઉદ્‌ભેદ દેનારા. આ..હા..હા...! આનંદનું સ્ફુરણ—અતીન્દ્રિય આનંદનું સ્ફુરણ, અતીન્દ્રિય આનંદની પ્રગટતા, અતીન્દ્રિય આનંદના ફણગા, અતીન્દ્રિય આનંદના ઝરા, અતીન્દ્રિય આનંદના ફુવારા! આટલાં અર્થ કર્યા છે. ‘ઉદ્‌ભેદ’ના એટલા અર્થ કર્યા. આહા..હા...!

ભગવાનની વાણીને પ્રાપ્ત કરીને, તેનો રસ લેતા જે ખાસ જ્ઞાન પ્રગટ થાય... આહા..હા...! એ જ્ઞાન સાથે આનંદના ઝરણાં આવે, આનંદ સ્ફુરે. આ..હા..હા..હા...! એકલું જ્ઞાન એમ નહિ. જ્ઞાન એને કહીએ કે, ભગવાનની વાણી રસથી સાંભળીને જેને પોતાથી ખાસ સમ્યક્‌જ્ઞાન થયું છે, તે જ્ઞાનમાં આનંદની સ્ફુરણા આવે છે. આ..હા..હા...! જુઓ! આ ટીકા! વાસ્તવિક તત્ત્વની પ્રસિદ્ધિ! આહા..! દિગંબર સંતો પ્રસિદ્ધિ કરે છે. આ..હા...! એવી વાત બીજે ક્યાંય નથી. આહા..હા...! એક તો સર્વજ્ઞની વાણીને સિદ્ધ કરી અને તે પાછી તને પ્રાપ્ત થાય, ભલે દુનિયામાં તો છે પણ તને પ્રાપ્ત થાય બે (વાત), અને એમાં તને રસ આવે. આહા..હા...! ત્રણ. અને રસ આવતાં સંસ્કારથી અંદર ખાસ જ્ઞાન પ્રગટ થાય. સ્વનું સમ્યક્‌જ્ઞાન પ્રગટ થાય. આ..હા..હા...! બહુ સરસ વાત છે! સ+રસ છે=રસવાળી છે. આનંદના રસવાળી છે, એને જ્ઞાન કહીએ કહે છે. આ..હા..હા..હા...! કેટલી ગંભીરતા!

**‘હૃદયને આનંદના ઉદ્‌ભેદ દેનારા પ્રત્યક્ષ પ્રમાણ વડે...’** આ..હા..હા...! એટલે કે સીધું પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાનથી જ્ઞાન કર્યું અને આનંદ આવ્યો એવા પ્રત્યક્ષ પ્રમાણ વડે. આ..હા..હા..હા...! કેમકે ભગવાનની વાણીમાં પણ એ આવ્યું હતું કે, સ્વ-સ્વરૂપ છે તેનું પ્રત્યક્ષ વેદન કર. સ્વ-સ્વરૂપ છે તેનું પ્રત્યક્ષજ્ઞાન અને જ્ઞાન સાથે આનંદનું વેદન (કર)! આ..હા..હા...! એવા **‘પ્રત્યક્ષ પ્રમાણ વડે...’** આહા..હા...!

**‘અથવા તેનાથી અવિરુદ્ધ...’** (અર્થાત્) પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ નહિ એવું. **‘અન્ય પ્રમાણસમૂહ વડે...’** ભલે બીજા અનુમાન પ્રમાણ આદિ છે પણ પ્રત્યક્ષ પ્રમાણ છે તેનાથી

વિરુદ્ધ ન હોય તેવું. આહા..હા...! જે મતિ અને શ્રુત (જ્ઞાનથી) સીધો ભગવાન જણાય એવું જે પ્રત્યક્ષ પ્રમાણ, એનાથી વિરુદ્ધ નહિ એવા અનુમાન પ્રમાણ આદિથી પણ. આહા..હા...! '**તત્ત્વતઃ...**' (એટલે) યથાર્થ સ્વરૂપે '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં...**' ભાષા દેખો! પહેલાંમાં અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણ લીધા હતા. આ..હા..હા...! આમાં '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં...**' (એમ લીધું છે). આહા..હા...! ભલે પ્રત્યક્ષ મતિ-શ્રુતજ્ઞાન છે, છતાં તે જ્ઞાનમાં '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં...**' આ..હા..હા...! '**અતત્ત્વઅભિનિવેશના સંસ્કાર કરનારો મોહોપચય ક્ષય પામે જ છે.**' આહા..હા...! સમસ્ત વસ્તુને ભગવાને જે રીતે (કહી) છે તે રીતે સાંભળી, રસ લઈ અને અંદર જ્ઞાનની સંપદા પ્રત્યક્ષ પ્રગટ કરી તેના આનંદના વેદન સહિત... આ..હા..હા..હા...! એવા પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ નહિ એવા અનુમાન આદિ પ્રમાણથી પણ જાણે. આહા..હા...! ઝીણું બહુ આવ્યું આમાં! યાદ કેટલું રાખે આમાં? એક ગાથામાં (કેટલું ભરી દીધું છે)! આહા..હા...!

આ તો 'પ્રવચનસાર' છે! આ 'પ્રવચનસાર' છે ને. 'પ્ર' એટલે દિવ્યધ્વનિનો, 'વચન' એટલે સાર. આ દિવ્યધ્વનિનો સાર છે! સાક્ષાત્ ત્રણલોકના નાથ મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે એની વાણી સાક્ષાત્ સાંભળી, રસ લઈ, સંવેદનજ્ઞાન પોતાથી પ્રગટ કર્યું છે અને તેવા પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ નહિ એવા અનુમાન આદિ પ્રમાણથી પણ પરોક્ષ પ્રમાણથી પણ... આહા..હા...! '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં...**' અહીં વજન છે. (પહેલાં) ફક્ત ત્રણની (અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયની વાત) હતી. છે ને? '**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં...**' આહા..હા...! કોઈ એમાં બાકી ન રહ્યું. ચાર પૈસે શેર તો મણના અઢી એ કૂંચીમાં બધા ન્યાય આવી ગયા. સવા શેરના પાંચ પૈસા, દોઢ શેરના છ પૈસા, સાડી સાડત્રીસના સાડા તેર આના... એમ આ તત્ત્વથી જ્યાં વસ્તુ જાણી એણે સમસ્ત વસ્તુને જાણી. આહા..હા...! આ..હા...!

'**સમસ્ત વસ્તુમાત્રને જાણતાં અતત્ત્વઅભિનિવેશ...**' (અતત્ત્વ-અભિનિવેશ એટલે) યથાર્થ વસ્તુસ્વરૂપથી વિપરીત જે અંદર આગ્રહ (અભિપ્રાય) હતો... આહા..હા...! એના જે સંસ્કાર હતા એવો '**મોહોપચય...**' (એટલે) મિથ્યાત્વનો ઢગલો. આહા..હા...! મોહ નામ મિથ્યાત્વમોહનો ઢગલો, તેનો ક્ષય પામે છે. તે '**ક્ષય પામે જ છે.**' આહા..હા...! પંચમ આરાના સંતો પંચમ આરાના શ્રોતાને અહીં લગી ઊપાડીને લઈ જાય છે!! આ..હા..હા...! એમ નથી (કહ્યું) કે આ પાંચમો આરો છે માટે આમ ને તેમ... આહા..હા...! (એક ઠેકાણે) આવે છે ને? શ્રાવકને શુદ્ધોપયોગ ન હોય. એ તો મુનિને જે ઉપયોગ છે એવો એને ન હોય, એમ (કહેવું છે). પાછળ શ્રાવકનો અધિકાર આવે છે ને? (એમાં આવે છે કે) શુદ્ધોપયોગ ન હોય. ત્યાં (અજ્ઞાની) લોકો એમ કહે કે, શ્રાવકને શુદ્ધોપયોગ હોય જ નહિ. અહીં તો કહે છે કે, પહેલી વસ્તુ (આ છે કે), તને જે અતત્ત્વના સંસ્કાર હતા (તે) જઈને વાસ્તવિક

તત્ત્વના સંસ્કારનો ઉપયોગ શુદ્ધ થાય છે. આ..હા...! સ્વસંવેદનમાં પ્રત્યક્ષ જ્ઞાન શુદ્ધ થાય છે. આહા..હા...! પંચમ આરાના પ્રાણીને પણ અતત્ત્વના સંસ્કાર હતા, એમ કીધું ને? આહા..હા...! પંચમ આરાના પ્રાણીને એમ આરો નથી લીધો કે, પંચમ આરાના પહેલાં પાંચસો વર્ષ સુધી આમ થાય અને હજાર વર્ષ સુધી આમ થાય ને પછી આમ થાય. આ..હા..હા...!

**'સમસ્ત વસ્તુને જાણતાં અતત્ત્વઅભિનિવેશના સંસ્કાર કરનારો...'** જે મોહ હતો... આહા..હા...! (એ) **'ક્ષય પામે જ છે.'** આહા..હા...! ત્યાં પણ (૮૦મી ગાથામાં) એમ કહ્યું હતું કે, **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।'** તેનો મોહ લય પામે છે. એનો અર્થ જ ક્ષય કર્યો છે. અહીં **'ક્ષય પામે છે'** (એમ કહ્યું). આહા..હા...! પાંચમો આરો છે માટે ત્યાં ક્ષય ન પામે, હલકો કાળ છે એમ રહેવા દે, પ્રભુ! આ..હા..હા...! અમૃતનો ઈશ આત્મા અહીં છે ને! બિરાજે છે ને અંદર! ઈ કહે છે કે, એનાથી વિરુદ્ધ કંઈક સંસ્કાર પડ્યા હોય, એનો બધો નાશ થઈ જાય છે. આ..હા..હા..હા...!

(અતત્ત્વઅભિનિવેશના) **'સંસ્કાર કરનારો મોહોપચય...'** કર્મ નહિ, હોં! વિપરીત સંસ્કાર કરનારો મોહોપચય (એટલે) ભાવ લીધો છે, કર્મ નહિ. આહા..હા...! **'અતત્ત્વઅભિનિવેશના સંસ્કાર કરનારો મોહોપચય...'** (એટલે) મિથ્યાત્વનો જે ઢગલો. આહા..હા...! એ **'ક્ષય પામે જ છે.'** આ..હા..હા..હા...! ઘણું નાખ્યું છે! ઘણું-ઘણું નાખ્યું છે!! એક તો કાળનો નિષેધ કરી નાખ્યો છે, એક તો શ્રોતા સાધારણ હોય માટે એને આવું ન સમજાય એ કાઢી નાખ્યું છે. આહા..હા...! અને એક તો સર્વજ્ઞની વાણી છે, એ વાણી પ્રાપ્ત થાય અને રસ પડે અને તેને સ્વસંવેદનજ્ઞાન થાય જ. આહા..હા...! કહો, આમાં સમજાય છે? ચીમનભાઈ! આવું છે! આ..હા..હા...! આવી કડી ને ગાથા છે ક્યાં? (શ્વેતાંબરના) પીસ્તાલીસ સૂત્ર વાંચે તો (એમાં ક્યાંય ન મળે). આહા..હા...! શું વસ્તુ કહે છે! ઘણી ગંભીરતા ભરી છે!! આ..હા...! અને તે પણ કહે છે કે, અતત્ત્વ સંસ્કાર પડ્યા હોય છે તેને આ આત્માના અંતર સંસ્કાર સ્વસંવેદનના જ્ઞાન વડે (ક્ષય પમાડે છે). આહા..હા...! તે પણ સમસ્ત વસ્તુને જાણનારો! આ..હા..હા...! એમ નહિ કે આ મતિ-શ્રુતજ્ઞાન છે એટલે જ્ઞાન થોડું જાણે! આહા..હા...!

**'માટે મોહનો ક્ષય કરવામાં...'** આ..હા..હા...! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પહેલાં (અધિકારમાં) આવે છે કે, કલ્યાણ માટે આગમનો અભ્યાસ કરવો. છેલ્લે આવે છે ને? પણ આ રીતે (અભ્યાસ કરવો). આ શાસ્ત્ર સર્વજ્ઞના કહેલાં શાસ્ત્ર (તેનો અભ્યાસ કરવો). એની વાત પણ કરી છે, બધી (વાત) કરી છે. શ્રોતા કેવા હોય, વક્તા કેવા હોય, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બહુ સારુ લીધું છે! પણ એના ઊંડા આશયને સમજવો જોઈએ. એમને એમ વાંચીને (મૂકી દે એમ નહિ). આહા..હા...!

**'માટે મોહનો ક્ષય કરવામાં, પરમ શબ્દ્બ્રહ્મની ઉપાસનાનો...'** પરમ શબ્દ્બ્રહ્મની

સેવાનો. હવે અહીં શરત આપે છે. '**ભાવજ્ઞાનના અવલંબન વડે...**' આહા..હા...! અંદર આત્માનું જે જ્ઞાન—ભાવજ્ઞાન થયું છે (તેના અવલંબનના બળ વડે). આહા..હા...! 'एगं जाणइ सव्वं जाणइ' (અર્થાત્) એને જે (જેણે) જાણ્યો છે એ સમસ્ત વસ્તુને જાણે છે. આહા..હા...! એ '**ભાવજ્ઞાનના અવલંબન વડે દઢ કરેલા પરિણામથી...**' શરત આ છે. એકલા દ્રવ્યશ્રુત (ના અભ્યાસથી) એમ નહિ. '**ભાવજ્ઞાનના અવલંબન વડે દઢ કરેલા પરિણામથી...**' આ..હા..હા...! જુઓ! શાસ્ત્રના અભ્યાસમાં આ શરતું છે! આ..હા..હા...!

**શ્રોતા :—** દેશના લઈને અભ્યાસ કરવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દેશનાલબ્ધિ એ નિમિત્ત (છે), એ કાંઈ નહિ. દેશનાલબ્ધિ અનંતવાર મળી. આ તો એનો રસ પડ્યો છે અને જે ભાવ કહે છે એ જાતનું જ્ઞાન પ્રગટ્યું છે. એ શૈલી લીધી છે. અને તે જ્ઞાન પણ સમસ્ત વસ્તુને જાણે છે. એમ નહિ કે, પંચમ આરાનો પ્રાણી છે, હજી મતિ-શ્રુતજ્ઞાનમાં આવ્યો છે, સ્વસંવેદનમાં આવ્યો છે માટે થોડું જ જાણે. આહા..હા...! 'एगं जाणइ सव्वं जाणइ' સમસ્ત વસ્તુ (જાણે છે). જેણે વાસ્તવિક એક આત્માને વેદનથી—જ્ઞાનથી જાણ્યો એનો મોહોપચય ક્ષય પામે જ છે. આહા..હા...!

બહુ મીઠી, મધુરી, અમૃતની ધારા વહે છે! 'અમૃતચંદ્રાચાર્ય' આ..હા..હા...! ટીકા તે ટીકા છે! અમૃતધારા વહે છે! કેટલા ન્યાયો, કેટલા ભાવો એમાં સમાડ્યા છે! આ..હા..હા...! એમ ઉપરટપકે વાંચી જાય ઈ વાત અહીં નહિ. પ્રાપ્ત કરીને એવો રસ પડે અને રસ પડીને એને આત્મજ્ઞાન થાય!! આ..હા..હા...! થોડું થોડું ગુજરાતી સમજાય છે ને ભાઈ? ભાઈ આવ્યા છે, ભીંડથી આવ્યા છે. પ્રેમી છે. બાપુ! માર્ગ આ છે, ભાઈ! આહા..હા...! ત્રણકાળનો ત્રણકાળ, ત્રણલોકમાં પરમ સત્યનો પોકાર તો આ છે. આ..હા...! એક તો સર્વજ્ઞની વાણી મળવી... આ..હા..હા...! એમાં રસ પડવો... આહા..હા...! અને એમાં જઈને આત્મામાં રસ પડવો કે, જેનાથી આત્માની સંપદા—જ્ઞાનની સંપદા પ્રગટ થાય. આહા..હા...! છે ને? એ બધું આવી ગયું ને? આહા..હા...! અને તે જ્ઞાન કેવું થાય? આ..હા..હા...! કે, સામાના ભાવને અને કઈ અપેક્ષાથી બોલે છે તેનું પણ એને જ્ઞાન થાય અને શાસ્ત્રમાં ક્યે વખતે, ક્યા કાળે, કઈ નયથી, કઈ અપેક્ષાથી કહ્યું છે તેનું તેને જ્ઞાન થાય, એમ કહ્યું. આહા..હા...! સંવેદનજ્ઞાન થતાં તે જ્ઞાન આવું થાય. આહા..હા...! અરે..રે...! આ કાંઈ પૈસા મળે (કે) કરોડો રૂપિયા દીધે કાંઈ મળે એવું છે? આ..હા..હા...!

'**પરમ શબ્દ્બ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે દઢ કરેલા પરિણામથી...**' એના દઢ કરેલા પરિણામથી. '**સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો...**' આ શરતનો શબ્દ. સમજાય છે? આહા..હા...! '**પરમ શબ્દ્બ્રહ્મની ઉપાસનાનો ભાવજ્ઞાનના અવલંબન વડે દઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો તે ઉપાયાન્તર છે.**' આ..હા..હા...! કેટલી શરતું! કેટલી જવાબદારી અંદર (નાખી છે)! એકલું વાંચવું... વાંચવું...

સાંભળવું એમ નહિ. આહા..હા...! જેમાં ભવનો અંત આવી જાય, જેમાં આત્માનો અંત આવી જાય! આત્માનો અંત આવી જાય એટલે જેવો છે તેવો (જ્ઞાનમાં આવી જાય). આહા..હા...! અરે...! સમસ્ત વસ્તુનો અંત આવી જાય! આહા..હા...! જેણે એક જાણ્યો એણે સમસ્ત વસ્તુની બધી મર્યાદા બરાબર જાણી છે. આ..હા..હા..હા...!

'(**જે પરિણામ ભાવજ્ઞાનના અવલંબન વડે દઢીકૃત હોય એવા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો તે...**)' આટલી શરતવાળું. '(**એવા પરિણામથી દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવો તે મોહક્ષય કરવામાં ઉપાયાન્તર છે**).' જેવો (અરિહંતના) દ્રવ્ય, ગુણ, પર્યાય (જાણવાનો ઉપાય) મોહક્ષય (માટે) કીધો હતો (એમ) આ પણ એક ઉપાયાન્તર છે. આ..હા..હા...! વિશેષ કહેશે, લ્યો...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, કળશ-૨
## પ્રવચન નં.૩૦૬, તા.૨૦-૨-૧૯૫૩
## (૧૦)

આ સમયસાર ગ્રંથ છે. એમાં પહેલા અમૃતચંદ્રાચાર્યે પહેલા શ્લોકમાં તો આત્માને નમસ્કાર કર્યા, સમયસારને નમસ્કાર કર્યા. એ ભગવાન કુંદાકુંદાચાર્યના શ્લોકની ટીકા કરતાં પહેલા સમયસાર કોને કહે છે તેને ઓળખીને નમસ્કાર કર્યા. બીજા શ્લોકમાં સરસ્વતીને આશીર્વાદ દીધા. સરસ્વતી નામ સમ્યગ્જ્ઞાન. પોતાનું જે સમ્યક્ શ્રુતજ્ઞાન અને સમ્યક્ પૂર્ણ કેવળજ્ઞાન અને એ જ્ઞાનને બતાવનારી વીતરાગની જે વાણી એ ત્રણને એમણે આશીર્વાદ આપ્યા કે ત્રણે સદા પ્રકાશમાન રહો. એમાંથી કલ્યાણ થશે એવી વાત કાઢી છે. કઈ રીતે? કે પોતાના સમ્યગ્જ્ઞાનમાં આત્માનો અને પરપદાર્થનો જેવો ધર્મ નામ વસ્તુનો સ્વભાવ છે એમ જ્ઞાન યથાર્થ જાણે તો તેનાથી આત્માનું કલ્યાણ થાય છે. આત્માના સ્વભાવમાં જેવો ધર્મ છે, પરપદાર્થમાં જેવો વસ્તુનો સ્વભાવ છે એવું યથાર્થ જ્ઞાન જાણે એ જાણવું એ જ કલ્યાણનું કારણ છે. રાગ હોય તોપણ જાણવું, અનંતગુણને પણ જ્ઞાન જાણે અને જડ આદિ પરપદાર્થની જે અવસ્થા થાય છે તેને પણ આત્મા જાણનારો છે. તો સમ્યગ્જ્ઞાન એ જ કલ્યાણ કરનારું છે. એમ કરીને સમ્યગ્જ્ઞાન સદાય ટકી રહો, પ્રકાશમાન રહો એવું મંગળિક વચન કર્યું છે.

તો કહે છે કે આત્મામાં અને દરેક પદાર્થમાં અનંત ધર્મ છે તેને જ્ઞાન જાણે છે. જાણે છે શું? ઓળખાણ કરે છે. પોતાના આત્મામાં અનંતધર્મ નામ શક્તિઓ છે અને આત્મા સિવાય અન્ય આત્માઓ અને અન્ય પદાર્થમાં-જડમાં પણ અનંત શક્તિઓ છે. તેને સમ્યગ્જ્ઞાન અનંત ધર્મને જેવા છે તેવા દેખે છે. તો અનંતધર્મ કેટલા છે? એ પ્રશ્ન છે. **'કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મ ક્યા ક્યા છે?'** તેનો ઉત્તર દેતાં કહે છે.

**'તેનો ઉત્તર :— વસ્તુમાં...'** જુઓ, સમ્યગ્જ્ઞાન શું જોવે છે? અનંત ધર્મવાળી, અનંત ધર્મ વાળીને શું કહે છે? મય. અનંત ધર્મમય જે પદાર્થ છે, પોતાનો આત્મા અને પરનો આત્મા અને પરના જડ આદિ પદાર્થ અનંત સ્વભાવ શક્તિમય પદાર્થ છે તેને યથાર્થ સમ્યગ્જ્ઞાન દેખે તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. સમ્યગ્જ્ઞાનમાં ત્રણે આવી ગયા. સમ્યગ્જ્ઞાન યથાર્થ દેખે છે એવી રુચિ થાય છે અને એમ દેખવામાં સ્થિરતા થાય છે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સમ્યગ્જ્ઞાન સદા પ્રકાશમાન રહો એમ કહેવાથી મોક્ષમાર્ગ સદાય પ્રકાશમાન રહો

એમ અહીંયાં આશીર્વાદ વચન કહ્યા.

તો કહે છે કે જગતમાં વસ્તુ અનંત છે. તો દરેક વસ્તુમાં અસ્તિત્વ નામનો એક ધર્મ છે. જ્ઞાન, પોતાનું જ્ઞાન, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન અને કેવળજ્ઞાનની ધ્વનિ ત્રણે વાસ્તવિક પદાર્થના ધર્મને દેખે છે અને બતાવે છે. તો દરેક પદાર્થમાં... દરેક પદાર્થ સમજો છોને? હરએક. પ્રત્યેક પદાર્થમાં આત્મા અનંત છે, અનંત પરમાણુ છે, અસંખ્ય કાળાણુ છે, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. પ્રત્યેક પદાર્થમાં અસ્તિત્વ હોવાવાળું, અસ્તિત્વ ટકનાર, મોજૂદગી રાખનાર એક ગુણ છે. પ્રત્યેક પદાર્થ પોતાના અસ્તિત્વ ગુણથી ટકી રહ્યા છે, મોજુદગી રાખે છે. કોઈ પદાર્થથી કોઈની મોજૂદગી નથી એમ સમ્યગ્જ્ઞાન દેખે છે. મિથ્યાજ્ઞાન એમ નથી માનતું. મિથ્યાજ્ઞાન એમ માને છે કે મારાથી પરની મોજૂદગી છે અને પરથી મારી મોજૂદગી છે. એનું નામ મિથ્યાજ્ઞાન, મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાચારિત્ર છે.

તો પ્રત્યેક પદાર્થમાં અસ્તિત્વ (ગુણ છે). પરમાણુ ટકી રહ્યા છે એ એના અસ્તિત્વગુણથી મોજૂદગી રહી છે, મારા આત્માથી નહિ. એક પરમાણુ બીજા ખોરાકના, ભોજન છેને? તો ભોજનના પરમાણુથી શરીર ટકી રહ્યું છે એમ પણ નથી. કેમકે શરીરના પરમાણુ પૃથક્ છે, ભોજનના પરમાણુ પૃથક્ છે. દરેક પદાર્થમાં અસ્તિત્વ નામનો ગુણ છે, મોજૂદગી રાખવી, પોતાની હયાતી રહેવી એ વસ્તુનો સ્વભાવ છે. એવું સમ્યગ્જ્ઞાન દેખે છે કે હું આત્મા છું. અહીંયાં તો બધી વસ્તુની વાત કહી છે. પછી આત્મામાં લેશે કે મારા આત્મામાં પણ અસ્તિત્વ મારાથી છે, કર્મનું અસ્તિત્વ કર્મથી છે, શરીરનું અસ્તિત્વ શરીરથી છે. વાણીનું અસ્તિત્વ વાણીથી છે, ખોરાકનું અસ્તિત્વ ખોરાકથી છે અને કુટુંબ કબીલાનો આત્મા અને એના શરીરનું અસ્તિત્વ એના પદાર્થથી છે. મારાથી નહિ. એમ સમ્યગ્જ્ઞાન અસ્તિત્વ પદાર્થની યથાર્થ મોજૂદગી દેખે એનું નામ કલ્યાણ અને સરસ્વતીને નમસ્કાર કર્યા એમ કહેવામાં આવે છે. અસ્તિત્વ. શું મૂળજીભાઈ! કોને લઈને આવું? કોને લઈને? કે કુટુંબને લઈને બહુ ધ્યાન રાખો તો કુટુંબ સરખું રહેશે કે નહિ? નહિ. શેઠ!

અસ્તિત્વ. અનંત પદાર્થમાં અસ્તિત્વ નામનો સત્તા નામનો, હોવાવાળો, મોજૂદગી રાખનારો એક ગુણ છે. કોઈથી કોઈની મોજૂદગી રહેતી નથી એમ સમ્યગ્જ્ઞાન દેખે તો સાચું જ્ઞાન થાય. પણ મારાથી પર ટકે છે અને પરથી મારી મોજૂદગી રહે છે એમ માનવું તે મિથ્યાદૃષ્ટિ છે. એ જ્ઞાનને મિથ્યા કહે છે. અહીંયાં સમ્યગ્જ્ઞાનની સરસ્વતીને આશીર્વાદ દીધા છે. તો સમ્યગ્જ્ઞાન સરસ્વતી કોઈ બહારમાં નથી રહેતી. એ તો પોતાનું સમ્યગ્જ્ઞાન થયું તેને જ સરસ્વતી કહે છે.

અસ્તિત્વ. મારી મોજૂદગી, હયાતી મારાથી છે. જડની હયાતી જડથી છે. હયાતી સમજો છો? મોજૂદગી. હયાતી હિન્દીમાં નથી આવતું? હિન્દીમાં હયાતી નથી આવતું? મોજૂદગી. હોવું. દરેક પદાર્થની હયાતી પોતાથી પોતે ટકી રહ્યા છે એમ સમ્યગ્જ્ઞાન દેખે છે. મારાથી

શિષ્ય નથી ટકતા અને શિષ્ય સમ્યગ્જ્ઞાની હોય તો માને છે કે હું ગુરુથી નથી. મારાથી મકાન નહિ, આ મંદિર થયું એ મારાથી નહિ. કેમકે એમાં અસ્તિત્વ નામનો ગુણ છે. તો અસ્તિત્વ નામના ગુણથી એની મોજૂદગી રહી છે, મારાથી નહિ. એમ જોવું તેને સમ્યગ્જ્ઞાન કહે છે. કહો, વચ્છરાજજી! શું છે?

લક્ષ્મી શેનાથી ટકે છે? લક્ષ્મી લક્ષ્મીથી ટકે છે, આત્માથી નહિ. આત્મા પોતાના પરિણામથી અને પોતાના ગુણથી ટકે છે, કોઈથી નહિ. હું બરાબર પથ્ય આહાર કરું, પથ્ય આહાર તો શરીરની નિરોગતા ટકી રહે. એ મિથ્યાદૃષ્ટિ છે. એ પથ્ય આહાર પણ જડના અસ્તિત્વ ગુણથી ટકી રહ્યો છે. શરીર પણ પોતાના અસ્તિત્વ ગુણથી ટકી રહ્યું છે. હું આવો વિચાર કરું કે એવી ભાષા કરું, એવી ભાષા કરું એ પણ નથી. કેમકે ભાષાના પરમાણુ શબ્દવર્ગણાના છે એની મોજૂદગીથી ભાષાની પર્યાય વર્ગણાથી થાય છે, પોતાના આત્માથી નહિ. એવો અસ્તિત્વ નામનો ગુણ એ ષટ્ દ્રવ્યમાં દરેકમાં પૃથક્ પૃથક્ મોજૂદગી ધરાવે છે એમ સમ્યગ્જ્ઞાન દેખે છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ સહાય નથી કરતું. જડને પણ જડ નથી કરતું. બધા જડમાં અસ્તિત્વ ગુણ નથી? બધા જડમાં અસ્તિત્વ ગુણ નથી? દરેક જડ, પ્રત્યેક પ્રત્યેક પરમાણુ ભિન્ન-ભિન્ન છે. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી મોજૂદગી છે અને પરપદાર્થનો, પર પરમાણુનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અભાવ છે. બધા પદાર્થ પરમાણુ પણ પરમાણુને સહાય નથી કરતા. પરમાણુ પોતાને સહાય નથી કરતા, આત્મા પરમાણુને સહાય નથી કરતા. કેમકે બધા પદાર્થમાં મોજૂદગી નામનો અનાદિઅનંત ગુણ છે. એ મોજૂદગી ગુણનો નાશ થાય તો પદાર્થનો નાશ થઈ જાય છે. મોજૂદગી ગુણથી તેની પરિણતિનું ટકવું એને કારણે છે, પોતાથી નથી. એમ સમ્યગ્જ્ઞાન દેખે તેનું નામ ધર્મ છે.

વસ્તુત્વ. એવું એક એક ગુણમાં એમ આવ્યું. એ ગુણ આવે છેને જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં? અસ્તિત્વ ગુણ કોને કહે છે? જે શક્તિના નિમિત્તથી પદાર્થ પોતાને કારણે ટકી રહ્યો છે, મોજૂદ રહ્યો છે. કોઈ પદાર્થ કોઈથી ટકતો નથી. વસ્તુત્વ. જુઓ, સમ્યગ્જ્ઞાન પોતામાં શું દેખે છે? વસ્તુત્વ—પ્રયોજનભૂત પ્રવૃત્તિ ક્રિયા, કાર્ય ક્રિયા પોતાની પોતામાં થાય છે અને જડની અર્થક્રિયા જડથી જડમાં થાય છે. છેને? વસ્તુત્વ. પોતાના આત્મામાં અર્થક્રિયા નામ પ્રયોજનભૂત પ્રવૃત્તિ પોતાની પોતાથી થાય છે અને પર આત્માની વસ્તુત્વ અર્થ ક્રિયા પરથી થાય છે. જડમાં અર્થક્રિયા, વસ્તુત્વ અર્થક્રિયા એની એનાથી થાય છે. મારાથી એમાં કોઈ પ્રયોજનભૂત ક્રિયા ઉત્પન્ન થતી નથી અને એનાથી મારામાં કોઈ પ્રયોજનભૂત પ્રવૃત્તિ થતી નથી. એવો વસ્તુત્વ ગુણ ષટ્દ્રવ્યમાં પૃથક્-પૃથક્ જાણવો અને દેખવો એનું નામ સમ્યગ્જ્ઞાન અને સરસ્વતી છે. એ સરસ્વતીને મંગળિક આશીર્વાદ દીધા છે.

પ્રમેયત્વ. બધા પદાર્થમાં જ્ઞાનનો વિષય થવાની શક્તિ છે. વિષય કહે છેને? છ દ્રવ્યમાં પ્રત્યેક પદાર્થમાં પ્રમેયત્વ નામની શક્તિ છે કે જે જ્ઞાનનો વિષય થાય છે. એ જ્ઞાનમાં પ્રમેયત્વગુણથી એમાં જણાય છે. જુઓ, શું કહે છે? કોઈ કહે છે કે પોતાનો આત્મા પોતાને ન જણાય. તો કહે છે કે પ્રમેયત્વ ગુણનો નાશ થાય છે અને પોતાના જ્ઞાનગુણનો પણ નાશ થાય છે. પોતાનો આત્મા કેવો છે? દ્રવ્ય સ્વભાવે શુદ્ધ અને પર્યાયમાં કથંચિત્ વિકાર એવું સમ્યગ્જ્ઞાન પોતાના પ્રમેયત્વ ગુણને કારણે જ્ઞાનમાં એ વિષય થાય છે. પ્રમેયત્વ ગુણ જો ન હોય તો જ્ઞાનમાં જણાય નહિ અને પ્રમેયત્વ ગુણ છે અને જ્ઞાનમાં ન જણાય એમ પણ નથી. કોઈ કહે કે પોતાના આત્માની પોતાને શું ખબર પડે? તો શું આત્મામાં જ્ઞાનગુણ નથી? અને આત્મામાં પ્રમેયત્વ ગુણ નથી? પ્રમેયત્વગુણથી જ્ઞાનમાં જણાય છે અને જ્ઞાનગુણ જાણે છે. એવો દરેક પદાર્થમાં પ્રમેયત્વ નામનો ગુણ છે. કર્મમાં પણ પ્રમેયત્વ ગુણ છે, શરીરમાં પણ દરેક પરમાણુમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, એક એક પરમાણુ પ્રત્યેકમાં પ્રમેયત્વ નામનો ગુણ છે. સમજાય છે કાંઈ? પરમાણુ પરમાણુ અને આત્મા આત્મામાં પ્રમેયત્વ એટલે પ્રમાણજ્ઞાનમાં વિષય થવાની લાયકાત. પોતાના જ્ઞાનરૂપ પ્રમાણમાં એ છએ પદાર્થ અને અત્યારે પોતે પણ પ્રમાણનો વિષય થવાની લાયકાત દરેક પદાર્થમાં પોતપોતાને કારણે છે. કોઈના કારણે નહિ. એવો પ્રમેયત્વ નામનો ધર્મ, ગુણ અનંત પદાર્થમાં સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. આમ જોવે તો જ્ઞાન પોતાના જ્ઞાનને પણ પ્રમેયત્વ જાણે અને અનંતગુણનું પણ પ્રમેયત્વ જાણે.

અનંતગુણમાં પ્રમેયત્વ એક પ્રમેયત્વ વ્યાપી રહ્યો છે. પોતાના અનંતગુણમાં એક પ્રમેયત્વ ગુણ વ્યાપી રહ્યો છે. પોતા સિવાય બીજા અનંત પદાર્થમાં પણ એક એક પ્રમેયત્વ ગુણ અનંતગુણમાં વ્યાપી રહ્યો છે. તો પોતાનું જ્ઞાન પોતાના અનંતગુણને, પોતાની પર્યાયને બીજા પદાર્થને, એના ગુણને, એની પર્યાયને બરાબર પ્રમેયત્વ—જ્ઞાનમાં જણાવા લાયક એવી દરેક પદાર્થમાં શક્તિ છે. ન જણાય એમ માનવું એ મિથ્યાજ્ઞાન છે. હું મારાથી જાણવાલાયક છું અને હું મારાથી જાણનાર છું અને પરપદાર્થ મારે જાણવાલાયક છે. એવો વસ્તુમાં પ્રમેયત્વ નામનો ગુણ છે એ તો જણાનારું જ્ઞાત્વં યોગ્યં જ્ઞેયં. જ્ઞાનમાં જણાવા લાયક એવી શક્તિ દરેક પદાર્થમાં છે. બસ જણાવા લાયક. કોઈનો કર્તા-ફર્તાને લાયક નહિ. કોઈ પદાર્થ કોઈ પદાર્થનો કર્તા, ક્રિયા, કાર્ય એવી શક્તિ કોઈનામાં નથી. પણ દરેક પદાર્થમાં પ્રમેયત્વ નામની એક શક્તિ ગુણ છે, ધર્મ છે કે આત્મા જ્ઞાનથી જાણે કે છે. મણિલાલભાઈ! કોઈનું કર્તા-બર્તા કરે એવી શક્તિ નથી. કોઈ પદાર્થમાં (એવી શક્તિ) નથી કે આત્મા જડની ક્રિયા કરે અથવા આત્માનું જડ કાર્ય થાય એવી શક્તિ આત્મામાં પણ નથી, એવી શક્તિ પ્રમેયત્વમાં પણ નથી કે પરનું કાર્ય થાય અને પરથી એમાં કાંઈ પલટવું થાય એવો કોઈ પદાર્થનો સ્વભાવ નથી. પ્રમેયત્વ સ્વભાવ છે. જ્ઞાનમાં જણાવા લાયક બધા પદાર્થની શક્તિ છે. એમ જ્ઞાન

જાણે (તો) જ્ઞાતા-દ્રષ્ટા થાય છે. હું જ્ઞાતા-દ્રષ્ટા છું. બધાને જાણનાર હું છું, કોઈનું કરનાર, ફેરફાર કરનાર હું નથી. અને હું મને ન જણાઉં એમ પણ નથી. ઘણા લોકો કહે છે કે પોતાના જ્ઞાનની પોતાને ખબર પડે કે નહિ? અમે કોણ છીએ? અમે ધર્મ સમજ્યા કે નહિ? ખબર પડે કે નહિ? પોતાની પોતાને ખબર ન પડે તો એ જ્ઞાન કેવું? જ્ઞાન, યથાર્થ જ્ઞાન થાય તો પોતાનો સ્વભાવ શું છે એ પણ એને ખ્યાલમાં આવે છે.

'પ્રદેશપણું,...' ચોથો ગુણ. દરેક પદાર્થમાં પ્રદેશત્વ નામનો ગુણ છે. જેને લીધે પોતાને કારણે એમાં આકાર હોય છે. આકાર. જુઓ, આ શરીર છે, આમ છે, આમ થાય છે. એ પરમાણુમાં પ્રદેશત્વ નામનો ગુણ છે એને કારણે આવી આકૃતિની પર્યાય પ્રદેશત્વગુણને કારણે શરીરમાં થાય છે, આત્માથી નહિ. કેમકે દરેક પ્રત્યેક પદાર્થમાં પ્રદેશત્વ નામનો ગુણ છે. એ ગુણને કારણે એમાં આકૃતિ થાય છે. માટીમાં દરેક પરમાણુમાં પ્રદેશત્વ નામનો ગુણ છે કે એના કારણે ઘડારૂપ આકાર, ઘડારૂપ આકાર પ્રદેશત્વ ગુણને કારણે થાય છે, કુંભારને કારણે નહિ. એમ સમ્યગ્જ્ઞાન દેખે છે.

દરેક પદાર્થમાં આકૃતિ થવાની લાયકાત તે તે પદાર્થમાં પોતાની સ્વયંસિદ્ધ શક્તિથી છે. કોઈ પરપદાર્થ એમાં આકૃતિ દેતું નથી. બરાબર છે? આ રોટલી. રોટલી હોય છેને? વેલણ હોય છે. તો કહે છે કે રોટલીનો જે આકાર થાય છે એ વેલણથી નહિ, એ વેલણથી રોટલીનો આકાર નથી બનતો. રોટલીમાં પ્રદેશત્વ નામનો ગુણ છે દરેક પરમાણુમાં. પોતાના પ્રદેશત્વગુણને કારણે સ્વયં સ્વયંસિદ્ધ સમયમાં એની આકૃતિ થાય છે. પરપદાર્થથી આકૃતિ થતી જોવી એ વાસ્તવિક અનંતધર્મ પદાર્થને જ્ઞાન જોતું જ નથી. કહો, સમજાય છે કાંઈ?

એ લોકો કહે છેને? પંડિત લોકો કહે છે કે શું ઘડાનો આકાર કુંભાર વિના થાય છે? કુંભાર વિના ઘડામાં આકાર થાય છે? હા. કુંભાર વિના ઘડામાં આકાર થયો છે. કેમકે એ પ્રત્યેક પરમાણુમાં પ્રદેશત્વ નામની શક્તિ છે. જે શક્તિના નિમિત્તથી પદાર્થ કોઈપણ આકારમાં હોય તેને પ્રદેશત્વગુણ કહે છે. તો એ ઘડો પણ પોતાના પરમાણુના પ્રદેશ ગુણથી ઘડારૂપ આકૃતિ એના કારણે થાય છે. પરથી થાય તો એના અનંત ધર્મમાં પ્રદેશત્વગુણનો નાશ થાય છે. ઘણી સૂક્ષ્મ વિલક્ષણતા. પંડિત લોકો પણ મોટો ઝઘડો કરે છે કે આમ થાય છે, આમ થાય છે. શું થાય છે?

પ્રત્યેક પદાર્થમાં પ્રદેશત્વ નામનો ગુણ છે. લાડુ વળે છેને લાડુ? આમ છૂટું હોય તો લાડુ વળે છે. તો કહે છે, હાથે એમાં કાંઈ કર્યું જ નથી. કેમકે હાથના દરેક પરમાણુમાં પ્રદેશત્વ ગુણ છે અને લાડુના દરેક પરમાણુમાં પ્રદેશત્વ નામનો ગુણ છે, એ ધર્મ છે. એ ધર્મથી એની આકૃતિ થાય છે, પરથી બિલકુલ થતી નથી. પોતપોતાના અનંત ધર્મ, પોતાના સ્વક્ષેત્રમાં પોતાને કારણે રહે છે. એનું પરિણમન પણ એને કારણે થાય છે. એમ સમ્યગ્જ્ઞાન દેખે તો કલ્યાણ થાય છે. આવા સમ્યગ્જ્ઞાનથી આત્મામાં કલ્યાણ થાય છે. એ સમ્યગ્જ્ઞાન

યથાર્થ સત્ય જેવું સત્ છે જેવું દ્રવ્ય, જેવું ગુણ, જેવી પર્યાય છે એવું સત્ જ્ઞાન જાણે એ જ્ઞાન સમ્યક્ થયું. એ સમ્યગ્જ્ઞાન સત્ય થયું. સત્ય એ લાભદાયક થયું અને અસમ્યગ્જ્ઞાન પરથી પરમાં થાય છે એ અસમ્યગ્જ્ઞાન, મિથ્યાજ્ઞાન, દુઃખદાયક જ્ઞાન સંસારમાં રખડવાનું જ્ઞાન છે. તો પ્રદેશત્વગુણ દરેક પદાર્થમાં સ્વયં સ્વતંત્ર છે. ભારે ભાઈ તકરાર તો મોટી ચાલે છે.

નિમિત્ત આવ્યું તો થયું કે નહિ? તો નિમિત્તમાં પ્રદેશત્વગુણ નથી? નિમિત્તમાં પણ પ્રદેશત્વ ગુણ છે અને પોતાના દરેક પદાર્થમાં પ્રદેશત્વ પોતપોતાને કારણે આકૃતિ પર્યાયની અવસ્થા થાય છે. તો એવા પદાર્થના અનંત ધર્મમાં એ એક ધર્મ છે. પદાર્થના, પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મ છે. '**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः**'. જ્ઞાનનો પર્યાય અને જ્ઞાનનો ભાવ પોતામાં અનંતધર્મ છે, પરમાં અનંતધર્મ છે એમ દેખે છે. બસ, એ દેખે છે એ જ સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર થયા.

'**ચેતનપણું,...**' પહેલા બધામાં સામાન્ય લીધું છે. આત્મામાં ચેતનત્વ નામનો ધર્મ છે. જાણનાર એ મારો સ્વભાવ છે. પંચ દ્રવ્ય જડમાં એવો (સ્વભાવ) નથી. અનંત આત્મામાં ચેતન નામનો ધર્મ છે. તો શું કહે છે? ચેતનત્વ, ચેતના, દેખવું-જાણવું એ આત્માનો ધર્મ છે. પુસ્તકમાંથી ચેતનત્વ નથી આવતું. કેમકે પુસ્તકમાં ચેતનત્વ નથી. ચેતનત્વ શ્રવણથી નથી આવતું. સમજાણું કાંઈ? શ્રવણ તો જડ છે. જડમાં ચેતનત્વ નથી. ચેતનત્વ પોતાના આત્મામાં છે. તો પોતાનો આત્મા ચેતનત્વ નામના ધર્મથી પોતામાં ચેતે છે, જાણે છે, દેખે છે. પરથી ચેતનત્વ એમાં આવતું નથી. એમ ચેતનત્વ આવ્યું.

ચેતનત્વ પોતાના આત્માનું અને દરેક આત્માનું (છે). તો ગુરુ પણ જાણે છે કે શિષ્ય એના ચેતનત્વ ધર્મથી જાણે છે. મારો ચેતનધર્મ એનામાં નથી જાતો અને એનો ચેતનધર્મ મારામાં નથી આવતો. અને ચેતનધર્મ કોઈ પુસ્તક નથી દેતું. કેમકે પદાર્થ અનંતધર્મસ્વરૂપ છે. એની તો વાત ચાલે છે. ઈ પ્રશ્ન કરે છેને કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો તો એમાં અનંત ધર્મ ક્યા ક્યા છે? પોતાના આત્મામાં ચેતનસ્વભાવ, અનંત આત્મામાં ચેતનસ્વભાવ છે. પોતાથી એ ચેતી રહ્યો છે, જાણી રહ્યો છે, દેખી રહ્યો છે. કોઈ નિમિત્તથી દેખતો-જાણતો નથી. જો નિમિત્તથી (ચેતનત્વ) હોય તો એનો ચેતનધર્મ રહેતો નથી. મણિલાલભાઈ! શું આ તો શ્રવણમાંથી ન આવ્યું કે ભાઈ સાંભળીએ છીએ, વ્યાખ્યાન સાંભળીએ છીએ એમાંથી અમારું જ્ઞાન થાય છે. નહિ. તારો ધર્મ તારામાં છે. તારો ચેતનત્વ ધર્મ તારામાં છે. તારામાં એ ધર્મને ધારે એ ધર્મી આત્મા છે. ધર્મ નામ સ્વભાવ, સ્વભાવને ધરનારો તો આત્મા છે. એ પરમાંથી આવતો નથી. ચેતનત્વ દરેક આત્માનો પોતાનો ધર્મ છે. એ કોઈમાંથી આવતો નથી. તો ગુરુથી જ્ઞાન થાય છે એ બધા કથન નિમિત્તનું કથન છે. કોઈથી કોઈને ગુણ આવતો નથી. એવું સમ્યગ્જ્ઞાન કરવું એ જ પ્રથમ ધર્મ છે. ધર્મ જ એ છે.

'**અચેતનપણું,...**' પોતા સિવાય પંચ પદાર્થ બધા અચેતન ધર્મને ધરનાર છે. છ દ્રવ્ય

છેને છ? પુદ્‌ગલ, આકાશ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, એ બધા અચેતન ધર્મ છે. એના અચેતન ધર્મ એને કારણે છે, મારાથી નથી. અચેતનત્વ જડનો સ્વભાવ અનાદિઅનંત છે. '**મૂર્તિકપણું,...**' છ દ્રવ્યમાં પુદ્‌ગલમાં મૂર્તિકપણું છે. છ દ્રવ્યમાં આ પુદ્‌ગલ છે, આ પરમાણુ (એ મૂર્તિક છે). પાંચ દ્રવ્ય તો અરૂપી છે. મૂર્ત, મૂર્ત ધર્મ જડનો મૂર્ત ધર્મ જડથી સ્વયંસિદ્ધ છે. એની મૂર્તતા કાંઈ બહારથી આવતી નથી. મૂર્તત્વ ધર્મ જડનો જડમાં છે. એવા અનંત ધર્મ (છે). અમૂર્તત્વ. પુદ્‌ગલ સિવાય પાંચ દ્રવ્યમાં અમૂર્તત્વ ધર્મ છે. અમૂર્તત્વ. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. '**ઈત્યાદિ (ધર્મ) તો ગુણ છે;...**' એ છ દ્રવ્યમાં જેને જે લાગુ પડે તેનું તેમ લેવું.

'**અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે**' જુઓ, બીજું લીધું. પોતાના આત્મામાં, છએ દ્રવ્યમાં અસ્તિત્વગુણ, અર્થક્રિયાકારી વસ્તુત્વગુણ, પ્રમેયત્વ—જ્ઞાનમાં જણાવા લાયક ગુણ, પ્રદેશત્વગુણ—આકૃતિ થવા લાયક, ચેતનત્વ-જાણવું-દેખવું, અચેતનત્વ-જાણવું-દેખવું નહિ, મૂર્ત-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અમૂર્ત-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત. '**તે ગુણોનું ત્રણે કાળે...**' ત્રણે કાળે '**સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે—**' ચેતનની પર્યાય પોતાથી થાય છે, અસ્તિત્વ ગુણની પર્યાય પોતાથી થાય છે, વસ્તુત્વની પર્યાય પોતાથી થાય છે, પ્રમેયત્વની પોતાથી થાય છે, પ્રદેશત્વની બધાની પોતાથી થાય છે. જડમાં અચેતન આવ્યુંને ભાઈ? અચેતન મૂર્તત્વ. તો દરેક પ્રત્યેક પદાર્થમાં અચેતન મૂર્ત જે ગુણ છે જડમાં, એ જડનું ત્રણે કાળે સમય સમયવર્તી પરિણમન થવું, એ ગુણની પર્યાય થવી તે એનો ધર્મ છે. એ ગુણની પર્યાય બીજાથી થતી નથી. એ આવી ગયું. એક ગાથામાં બધું આવી જાય છે.

તે ગુણોનું ત્રણે કાળે સમય સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે. આંખની પાંપણ આમ ફરે છે તે પણ તેમાં અસ્તિત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ, અચેતનત્વ વગેરે ગુણ છે એનું પરિણમન થાય છે એટલે આમ આમ થાય છે, પોતાથી—આત્માથી નહિ. સ્વયં થાય છે. એનો પર્યાય ધર્મ છે. જેવો તેનો ત્રિકાળી ગુણ ધર્મ છે, એવો વર્તમાન પર્યાયધર્મ પણ તે પદાર્થનો છે. એ પદાર્થધર્મ સ્વયં એને કારણે થાય છે, બીજાથી નહિ. બીજાથી થવું એમ માનવું એ મિથ્યાજ્ઞાન છે.

**શ્રોતા** :- આંગળી..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આંગળી પોતાથી હલતી નથી, એની પર્યાયથી હલે છે. જુઓ, કહ્યું કે નહિ?

'**સમય-સમયવર્તી ત્રણે કાળે...**' પ્રત્યેક પરમાણુ, પ્રત્યેક આત્મા, પ્રત્યેક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ પોતામાં જે જે ગુણ છે, જે જે ગુણને શું કહે છે? જો જો ગુણ હે, એ બધા ગુણનું પરિણમન સમય-સમયવર્તી. સમય-સમયવર્તી? રાગ પણ

સમયવર્તી આત્મામાં થાય છે? સમય સમયવર્તી. રાગ, દ્વેષ, પુણ્ય, પાપની સમય સમયવર્તી (પર્યાય), જે ગુણ છે એ તો ધર્મ છે, ચારિત્રગુણ એ ત્રિકાળ ધર્મ છે, એની સમય સમયવર્તી પર્યાય ધર્મ છે. રાગ પણ પોતાની પર્યાયમાં પોતાથી થાય છે, પરથી નહિ. પોતાના ગુણની પરિણતિ તો પોતાથી થાય છેને? પરથી કદી નથી થતી. એ પછી આવશે થોડું.

અહીંયાં તો ગુણનું લે છે. **'ત્રણે કાળે...'** છ પ્રત્યેક પદાર્થમાં જે આવા અનંતગુણ કહ્યા એનું સમય સમયવર્તી (પરિણમન તેમનાથી થઈ રહ્યું છે). કોઈ કહે, આમ કેમ થયું? પહેલા હાથ ઊંચો નહોતો અને હવે કેમ થયો? એ તો સમય સમયવર્તી પરિણમન થાય છે. તો પહેલે સમયે સ્થિર હતો અને બીજા સમયે આમ થયો એ તો એને કારણે છે. પાણીનો પિંડ પહેલા સમયે પિંડ હતો, પછી ઘડો થયો. કેમકે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે. એની પર્યાયનો ધર્મ સમયે સમયે નવો થાય છે. કોઈ એનો કર્તા-હર્તા નથી. પોતાની પર્યાય પણ પોતાથી થાય છે, પરની પર્યાય નામ પરિણમન એ પણ પરથી થાય છે. એના ગુણ અને પર્યાય તો પ્રત્યેક પદાર્થનો ધર્મ છે. ધર્મ નામ સ્વભાવ છે, સ્વભાવ નામ શક્તિ છે. એ શક્તિથી પરિણમન થાય છે. પરથી કાંઈ થતું નથી.

**'જે અનંત છે.'** ત્રણ કાળની પર્યાય અનંત છેને? ત્રણે કાળની પર્યાય અનંત છે. જેટલા સમય છે એટલી પર્યાય છે. આત્મામાં પણ અનંતગુણ જે લીધા અસ્તિત્વ આદિ એમાં ત્રિકાળ જેટલા સમય છે એટલી પર્યાય છે. તો દરેક ગુણની પર્યાય પોતાને કારણે થાય છે, પરથી નહિ. એવું સમ્યગ્જ્ઞાન, પોતાના ગુણ અને પર્યાય અને પરપદાર્થના ગુણ અને પર્યાય તેને સમ્યગ્જ્ઞાન દેખે-જાણે છે. આમ છે... આમ છે... આમ છે. એમાં ઘાલમેલ-ગોલમેલ કરતું નથી. ગડબડ ન કરે તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. અને એ સમ્યગ્જ્ઞાન છે એ જ સાચો સમ્યક્ ધર્મ છે. **'જે અનંત છે.' 'ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે.'**

**'વળી વસ્તુમાં...'** એ તો એટલા ધર્મ કહ્યા, હવે બીજા કહે છે. અપેક્ષિત ધર્મ કહે છે હવે. હવે અપેક્ષિત કહે છે. **'વસ્તુમાં એકપણું,...'** એ બીજો ધર્મ લીધો. એ પણ બધા પદાર્થમાં છે. એકત્વ. જેવો આત્મા અસંખ્ય પ્રદેશી એક વસ્તુ છે એ અપેક્ષાએ એકત્વ છે. એ પણ પોતાનો ધર્મ છે. પરમાણુમાં પણ અનંતગુણ પર્યાયનો પિંડરૂપ એ એકત્વ એ પણ એનો એક ધર્મ છે. એકત્વ સમજ્યા? વસ્તુ-વસ્તુ. વસ્તુ છેને? વસ્તુ અપેક્ષાએ એકત્વ છે. એકપણું એકપણું. હું આત્મા વસ્તુપણે એક છું. એનું એકપણુ તે પણ મારો ધર્મ છે. પરમાણુ વસ્તુપણે એક છે. એ પરમાણુમાં એકપણાનો ધર્મ છે. એમ દરેક પદાર્થમાં એકપણું પોતાથી છે એ પોતાનો ધર્મ છે.

**'અનેકપણું,...'** એ પણ એનો ધર્મ છે. કેમ? કે હું વસ્તુપણે એક છું પણ હું ગુણ અને પર્યાયથી અનેક છું. સમજાણું કાંઈ? એ પણ મારો ધર્મ છે. વસ્તુપણે હું એક છું અને

ગુણ-પર્યાયપણે અનેક છું. બેય પોતાના ધર્મ છે. એક પણ પોતાનો ધર્મ છે અને અનેક પણ પોતાનો ધર્મ છે. બ્રહ્મચારીજી! આવ્યું કે નહિ? એમ બધા પદાર્થમાં. એક એક પરમાણુ લ્યો પ્રત્યેક. તો પરમાણુની અપેક્ષાએ સામાન્ય અપેક્ષાએ એક છે અને ગુણ પર્યાયના ભેદની અપેક્ષાએ અનેક છે. એક અને અનેક દરેક પદાર્થનો સ્વયંસિદ્ધ ધર્મ છે. એક-અનેક પરમાંથી બિલકુલ આવતા નથી.

'**નિત્યપણું,...**' દરેક પદાર્થ નિત્ય પણ છે. આત્મા ત્રિકાળ રહેવાની અપેક્ષાએ નિત્ય છે. પરમાણુ પણ કાયમ ટકવાની અપેક્ષાએ નિત્ય છે. નિત્ય પણ દરેક પદાર્થનો ધર્મ છે. ટકવું, મોજૂદગી રહેવી, કાયમ રહેવું એ નિત્યત્વ નામનો અપેક્ષિત ધર્મ છે. દરેકમાં નિત્યત્વ ધર્મ છે, છએ દ્રવ્યમાં. અનિત્યપણું. દરેક પદાર્થ સમયે સમયે અનિત્યપણું ધારણ કરે છે એ પણ એનો ધર્મ છે. સમજાણું કાંઈ? છએ પદાર્થ, છ દ્રવ્યો પોતાના ત્રિકાળની અપેક્ષાએ નિત્ય છે અને વર્તમાનમાં પલટવાની અપેક્ષાએ, બદલવાની અપેક્ષાએ અનિત્ય છે. અનિત્ય પણ એનો ધર્મ છે. ધર્મ નામ સ્વભાવ, સ્વભાવ. પરમાણુ અને આત્મા દરેક પદાર્થનો નિત્ય-અનિત્ય બેય એના ધર્મ છે. એમ માને તો પોતાનું અનિત્યત્વ પોતાથી છે, પરનું અનિત્યત્વ પરથી છે. પોતાનું નિત્યત્વ પોતાથી છે અને પરનું નિત્યત્વ પરથી છે. હું પરને ટકાવી દઉં, પરને બદલાવી દઉં, પલટાવી દઉં એવું અભિમાન મિથ્યાદષ્ટિ કરે છે. કર્તાબુદ્ધિ છે.

જુઓ! '**નિત્યપણું, અનિત્યપણું,...**' બધામાં આવ્યું. અનિત્યત્વ કેમ? એ તો એની પર્યાયનો અનિત્ય ધર્મ જ છે. કેમ ક્ષણમાં પલટી ગયું? કેમ થયું શું? એ પદાર્થનો વર્તમાન અનિત્ય ધર્મ છે. પલટી જાય છે. લક્ષ્મી ચાલી જાય છે. આમ પલટી જાય છે. શરીરમાં રોગ હોય તો નિરોગ થઈ જાય છે, નિરોગી હોય તો રોગ થઈ જાય છે. એ પરમાણુનો પરમાણુમાં નિત્ય-અનિત્ય બેય ધર્મ દરેક પરમાણુમાં છે. પોતાથી અનિત્યપણું છે, પરથી નથી.

દરેક પદાર્થ અનંત આત્મા, અનંત પરમાણુઓ. કારણ કે જેટલા આત્મા છે એની સંખ્યાથી અનંતગુણા તો પુદ્ગલ છે. આત્માની સંખ્યા છે એનાથી અનંતગુણા પુદ્ગલ છે. અસંખ્ય કાળાણુ છે અને ધર્માસ્તિ, અધર્માસ્તિ એક-એક છે. ધર્માસ્તિ અને આકાશ. દરેક પદાર્થમાં નિત્ય-અનિત્ય ધર્મ છે. આકાશમાં પણ નિત્ય-અનિત્ય ધર્મ છે. કાયમ ટકે છે, ક્ષણે ક્ષણે પલટે છે. કોઈથી કોઈ નથી. કોઈથી કોઈ હોય તો એનો અનિત્ય ધર્મ નથી રહેતો. શું કરીએ? દવા બરાબર ન કરી એટલે શરીરમાં રોગ આવ્યો. ખોટું છે, બધું ખોટું છે. રતિભાઈ! જૂઠ હશે આ? માણસમાં તો ભાઈ ઠપકો મળે લ્યો! છોકરો હોય જુવાન અને બરાબર કંજુસ માણસ હોય ને પૈસા ન ખર્ચે. તો કહે, કંજુસ લાગે છે.

અહીંયાં તો કહે છે કે ભાઈ! દરેક પદાર્થ, પ્રત્યકે પદાર્થનો પોતાને કારણે અનિત્ય ધર્મ એમાં છે, પરને કારણે નહિ. અનંત પદાર્થ પ્રત્યેકમાં.. શું કહે છે? કે જ્ઞાન આમ દેખે છે. જે પદાર્થ એક છે તેને એક અપેક્ષાએ દેખે છે, ગુણ-પર્યાયથી અનેક દેખે છે, ટકવાની અપેક્ષાએ

નિત્ય દેખે છે, પલટવાની અપેક્ષાએ જ્ઞાન અનિત્ય દેખે છે. અનિત્ય બસ દેખે છે. દેખવું-જાણવું કે એ અનિત્ય છે. બસ, એમાં કોઈ વિકલ્પ ઉઠાવવો કે પરને કારણે થાય છે એવી ભ્રાંતિ કરવી એ મિથ્યા છે. દરેક પદાર્થમાં નિત્ય અને અનિત્ય બેય ધર્મ સ્વભાવ પોતાને કારણે સ્વયંસિદ્ધ છે એમ સમ્યગ્જ્ઞાન દેખે તેને શાંતિ રહે છે. કોઈથી કોઈ નથી. માણેકલાલભાઈ!

જુઓ, કેવી વાત કરી છે! અહીં તો સરસ્વતીને આશીર્વાદ દીધા છે. એવું જ્ઞાન સદા ટકી રહો, પ્રકાશમાન રહો. સમ્યગ્જ્ઞાન પ્રકાશમાન છે. પરપદાર્થની એની અનિત્યધર્મની એની શક્તિ છે, એની શક્તિથી અનિત્યપણું એમાં છે. મારી શક્તિથી એમાં અનિત્યતા નથી અને એની અનિત્યતાથી મારામાં અનિત્યતા નથી. મારી અનિત્યતા મારાથી અને બીજાની અનિત્યતા બીજાથી. એમ દરેક પદાર્થમાં પૃથક્-પૃથક્ નિત્ય-અનિત્ય ધર્મને દેખે, સમ્યગ્જ્ઞાન જાણે છે કે આમ છે, આમ થાય છે. અને પોતાની પર્યાયમાં નબળાઈને કારણે રાગ આવે છે એ પણ જાણે છે કે રાગ પણ અનિત્ય છે. ચારિત્રગુણ નિત્ય છે, રાગ એ અનિત્ય છે. ભાઈ! આ નિત્ય-અનિત્ય બધામાં લેવું. ચારિત્રગુણ મારામાં નિત્ય છે અને વર્તમાન પર્યાય રાગ થાય છે એ અનિત્ય છે. એ નિત્ય-અનિત્ય ધર્મ બેય મારા છે, બીજાના નહિ. એમ આવે છે ને એમાં?

એમ આનંદ. આનંદગુણ મારામાં નિત્ય છે અને એની પર્યાયમાં જરી દુઃખ આદિ આકુળતા થાય એ અનિત્ય છે. એની પરિણતિ આવી છે. આનંદ ત્રિકાળ છે. નિત્ય-અનિત્ય મારો ધર્મ છે, કોઈ બીજાને કારણે નથી. મારી પર્યાયમાં દુઃખ થયું તો આવું નિમિત્ત મળ્યું કે દીકરો મરી ગયો. મરી ગયો શું કહે છે? મરી ગયો, દીકરી રાંડી, પૈસા જાય, કુટુંબમાં સરખું ન હોય. મૂળજીભાઈ! ભાઈ! કુટુંબમાં સરખું ન હોય તો ચિંતા થાય કે નહિ? ન થાય. એને કારણે ન થાય. એને કારણે નહિ. કેમકે મારો ચારિત્રગુણ ત્રિકાળ શક્તિ છે અને વર્તમાનમાં એની પરિણતિ અનિત્ય છે. એ પરિણતિમાં જ્યારે એની યોગ્યતા એવી હોય ત્યારે આવો રાગ થાય છે એમ જ્ઞાન જાણે છે. બસ, જ્ઞાન જાણે છે. નિત્ય અને અનિત્ય ધર્મને જાણે છે. મારું-તારું માનવું એવું કાંઈ છે નહિ. સમજાય છે કાંઈ?

'**ભેદપણું,...**' હું મારા ગુણ-પર્યાયની અપેક્ષાએ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અપેક્ષાએ ભેદ છે. પ્રત્યેક પદાર્થમાં એ પદાર્થ અપેક્ષાએ તો સંજ્ઞા, સંખ્યા ન લો તો પ્રદેશ અપેક્ષાએ તો અભેદ છે. પણ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અપેક્ષાએ દરેક પદાર્થમાં ભેદ છે. જેમ કે હું આત્મા એ વસ્તુ થઈ, અભેદ થઈ પણ તેમાં જ્ઞાન, દર્શન, આનંદ, વિકાર, નિત્ય, અનિત્ય એવા ભેદ પડ્યા તો સંજ્ઞા (અર્થાત્) આત્માનું નામ સંજ્ઞા, ગુણનું નામ ગુણ, આત્મા એક, ગુણ અનંત સંખ્યાએ એવો ભેદ છે. દરેક પ્રત્યેક પદાર્થમાં ગુણ, સંજ્ઞા, લક્ષણે ભેદ છે. પણ સંજ્ઞા લક્ષણને છોડી દ્યો તો પોતાની વસ્તુ અપેક્ષાએ અભેદ છે. એવો ભેદ-અભેદ દરેક પદાર્થનો ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? ભેદપણું. સંજ્ઞા, સંખ્યા, લક્ષણ અપેક્ષાએ ભેદ.

ભેદ છે કે નહિ દરેક પદાર્થમાં? હું આત્મા છું એ તો સંજ્ઞા આત્મા થઈ. જ્ઞાન-દર્શન-ચારિત્ર એના નામ તો જુદાં થયા અને આત્માનું નામ જુદું થયું અને ગુણના નામ જુદાં. એ અપેક્ષાએ ભેદ છે. એ ભેદ પણ પોતાનો ધર્મ છે. એમ પરમાણુ. પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એવો ગુણ નામ અને પદાર્થ પરમાણુ એવો પદાર્થ નામ, ગુણ નામ, નામભેદે ભેદ છે. એક એક વસ્તુમાં નામભેદે, સંજ્ઞા કહો કે નામ કહો, સંજ્ઞા ભેદે ભેદ છે, સંખ્યાભેદે ભેદ છે. પદાર્થ એક છે, ગુણ અનેક છે. તો સંખ્યાભેદે ભેદ છે. ભેદ એ પણ વસ્તુનો ધર્મ છે. કોઈએ બનાવ્યું નથી.

**'અભેદપણું,...'** વસ્તુ પોતાના ક્ષેત્રમાં એકરૂપ છે એ અપેક્ષાએ અભેદ છે. સંજ્ઞા, લક્ષણનો ભેદ છોડી દ્યો તો વસ્તુ અપેક્ષાએ અભેદ છે. એ દરેક પદાર્થનો પોતાનો ધર્મ છે. **'શુદ્ધપણું,...'** લ્યો આવ્યું હવે. પુદ્ગલ અને જીવ બેમાં શુદ્ધત્વ, અશુદ્ધત્વ છે. પ્રત્યેક પદાર્થ બીજા ચાર છે એ તો શુદ્ધ જ છે. આત્મામાં શુદ્ધત્વ પણ પોતાનો ધર્મ છે અને પરમાણુમાં પણ પરમાણુ તરીકે દરેક પરમાણુ શુદ્ધત્વ એનો ધર્મ છે. એ શુદ્ધત્વ પોતાનો ધર્મ છે. પરને કારણે નથી. પોતાની પર્યાયમાં કર્મનો અભાવ થયો તેથી શુદ્ધ છે એમ નથી. શુદ્ધત્વ પોતાનો ધર્મ છે, શુદ્ધત્વ પોતાનો ધર્મ છે. શુદ્ધત્વ ધર્મ, આત્માનો ધર્મ. પરમાણુમાં પણ શુદ્ધત્વ છેને. એ વિભાવ નહિ, વિભાવ નહિ. બે-પાંચ પરમાણુ ભેગા થાય તો અશુદ્ધતા છે. એક પરમાણુમાં શુદ્ધપણું છે. શુદ્ધપણું એનો સ્વયંસિદ્ધ ધર્મ છે અને ચાર દ્રવ્ય તો શુદ્ધ જ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ શુદ્ધ છે. જ્ઞાન, જેમ શુદ્ધ છે તો શુદ્ધ દેખે. અશુદ્ધપણું, પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે તો અશુદ્ધને દેખે, જાણે કે છે. એ જાણનારો સ્વભાવ અશુદ્ધને અશુદ્ધ દેખે એ જ સમ્યક્ થઈ ગયું. કોનાથી અશુદ્ધ? કોઈથી નહિ. ભાઈ કર્મ છે માટે હું અશુદ્ધ છું. નહિ. કર્મનો ધર્મ કર્મમાં, મારો ધર્મ મારામાં. સમજાય છે? હું બીજામાં અશુદ્ધપણું લાવ્યો. ખોટું છે. જેમાં અશુદ્ધત્વ ધર્મ હોય તેને કારણે અશુદ્ધ થાય છે. બીજાને કારણે અશુદ્ધ થતો નથી.

શુદ્ધપણું પણ આત્મા અને પરમાણુમાં ધર્મ છે અને અશુદ્ધપણું પણ આત્મા અને પરમાણુમાં ધર્મ છે. વીરજીભાઈ! ભાઈ! બીજો વળી વિકલ્પ આવ્યો એટલે જરી પડકાર કર્યો. શુદ્ધપણું-અશુદ્ધપણું પદાર્થનો સ્વયંસિદ્ધ ધર્મ છે. સમજાય છે કાંઈ? આ આત્માનો અને બધા પદાર્થનો, પેલા ચાર તો શુદ્ધ જ છે, એમાં શુદ્ધત્વ, અશુદ્ધત્વ પોતાનો ધર્મ છે. વિકાર થાય, પોતાના ગુણમાં પરિણતિની ખામી હોય, ખામી હોય, વિપરીતતા હોય એ પોતાનો અશુદ્ધત્વ ધર્મ છે અને શક્તિરૂપે શુદ્ધ અને પર્યાયમાં જેટલો શુદ્ધ એ પણ શુદ્ધત્વ ધર્મ છે. એ ધર્મ. ધર્મ સમજ્યા? ધર્મ નામ સ્વભાવ. સ્વ-ભાવ, સ્વ-ભાવ. સ્વ-પોતાનો ભાવ છે. એ પોતાનો ભાવ છે, એ પરનો નહિ. અને પોતાનો એ પરથી નહિ અને પરનો એ પોતાથી નહિ. એવું યથાર્થ સમ્યગ્જ્ઞાન કરવું એ જ પ્રથમ ધર્મ છે. સમ્યગ્જ્ઞાનની ખબર નથી અને ક્રિયાકાંડમાં ધર્મ માને

તો અહીંયાં તો ભગવાન એને ધર્મ કહેતા નથી.

અશુદ્ધપણાને અશુદ્ધપણું જાણવું એ જાણવું ધર્મ છે. અશુદ્ધતા એ ધર્મ નથી. પોતાની પર્યાયમાં રાગ, પુણ્ય, વિકલ્પ આવે છે એ ધર્મ નથી. પણ એને જાણ્યું કે અશુદ્ધ છે. એટલો અશુદ્ધથી જરી જ્ઞાતા થયો, સમ્યગ્જ્ઞાન થયું કે અશુદ્ધ છે, તો જ્ઞાન તો શુદ્ધ થયું, અશુદ્ધને જાણ્યું. તો જેટલું સમ્યગ્જ્ઞાન થયું તે ધર્મ છે. અશુદ્ધ ભલે પર્યાય હો, એટલો અધર્મ છે. મોહનભાઈ! સમજાય છે કે નહિ આ? ઝીણું-ઝીણું બહુ ઝીણું આવે. લ્યો! શું કહે છે? મારો આત્મા અને અનેક અનંત આત્મા છે એનો શુદ્ધપણું પણ ધર્મ છે અને અશુદ્ધપણું એ પણ એનો ધર્મ છે. અશુદ્ધપણું ધર્મ હોય? ધર્મનો અર્થ ધર્મ નામ એ આત્માએ અશુદ્ધતા ધારણ કરી છે. ધારણ કરી માટે ધર્મ. એ ધર્મ નામ સ્વભાવ. ધર્મ નામ હિત કર્તા છે એ અત્યારે પ્રશ્ન નથી.

**શ્રોતા :-** ધર્મ નામ એક પ્રકારનું પરિણામ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિણામ. ગુણ કહો, પરિણામ કહો, પોતાને કારણે એ ધર્મ નામ સ્વભાવ છે. એ અશુદ્ધત્વ ધર્મનો અર્થ આત્માએ એને ધાર્યો છેને? અશુદ્ધતા આત્માએ ધારી છેને? કે જડથી છે? પોતાએ ધારણ કર્યો છે. વિકાર અને સંસાર પોતાની પર્યાયમાં આત્માએ ધારણ કર્યો છે. તો એ આત્માનો ધર્મ, ધર્મ નામ ધારણ કર્યું. એ અશુદ્ધતાને જાણનારું જ્ઞાન, અશુદ્ધતા છે એવું જ્ઞાન થયું એ સમ્યક્ ધર્મ થયો. અશુદ્ધતા, જાણવું, એટલું ધારણ કર્યું છે એ અપેક્ષાએ તેને ધર્મ કહ્યો છે. એ ધર્મ જ નથી. એ મોક્ષમાર્ગનો ધર્મ નથી. પણ પોતાના આત્માણે ધારણ કર્યો છેને, વિકાર કંઈ જડ દ્વારા ધારણ થયો. ઘણા કહે કે કર્મનો ઉદય એવો આવ્યો, એવો કર્મનો ઉદય આવ્યો તો મારામાં રાગ થયો. બધું ખોટું છે. પોતાની પર્યાયમાં પોતાના ધર્મથી ધારણ કર્યો છે. જ્ઞાને જાણ્યું કે છે, અશુભ રાગ છે, શુભરાગ છે. એ યથાર્થ જાણ્યું. જ્ઞાન યથાર્થ દેખે છે. પ્રત્યેક આત્મમ્ પશ્યંતિ. પૃથક્ આત્માને જ્ઞાન આમ દેખે છે. આમ દેખવું એ જ સમ્યગ્જ્ઞાન છે. '**આદિ અનેક ધર્મ છે.**' લ્યો તત્-અતત્ આદિ વગેરે છે. આગળ આવશે. તત્, અનેક આદિ છે.

'**તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે...**' ગ્રંથકાર—અર્થકાર ખુલાસો કરે છે કે સામાન્યરૂપ કેટલાક સામાન્ય નામ સંક્ષેપમાં કેટલાક ધર્મ છે. કેટલાક વચનગમ્ય થઈ શકે છે. '**પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી...**' એટલા અનંત એમાં ધર્મ છે કે એ વચનગમ્ય થઈ શકતા નથી. એ તો અંતર જ્ઞાનગમ્ય અનંત ધર્મ વાણી દ્વારા કઈ રીતે આવે? સર્વજ્ઞની વાણીમાં પણ અનંત... કારણ કે એના પણ અમુક ક્ષેત્ર અમુક કાળ સુધી એની વાણી છે. અને પદાર્થમાં તો અનંત ધર્મ છે. તો એક સમયમાં અનંત ધર્મ, એ કથનમાં અનંતની પ્રત્યેક પૃથક્તા કરવા જાય તો અનંતકાળ થઈ જાય છે. વચનમાં અનંત ગમ્ય નથી થતું. પણ.. ભાષાવર્ગણા... પદાર્થમાં એક સમયમાં અનંત ધર્મ છે અને ભાષા

વર્ગણા તો કેટલી ચાલે? બહુ તો અમુક પાંચ-પચ્ચીસ ... કરોડ, પૂર્વ એ તો સંખ્યાતા વર્ષ થયા અને અનંત ધર્મ એક સમયમાં પદાર્થમાં છે. તો અનંત ધર્મ કથનમાં બહુ આવતા નથી. ખ્યાલમાં આવે છે, પરંતુ એ જ્ઞાનગમ્ય છે. જ્ઞાનમાં ખ્યાલ આવી જાય છે કે ઓહો..હો..! અનંત (ધર્મ છે). કેમ? હું એક પદાર્થ છું અને અનંત પદાર્થથી અભાવરૂપ છું. તો મારામાં અનંત અન્યત્વ ધર્મ મારામાં છે. અનંત અન્યત્વ. પ્રત્યેકને પૃથક કરીને કહેવામાં તો અનંતકાળ લાગી જાય. પણ હું એક છું, હું અનંત આત્મા અને પરમાણુથી અન્યત્વ છું. તો એકથી અન્યત્વ, બીજાથી અન્યત્વ, ત્રીજાથી અન્યત્વ એવો મારામાં અનંત અન્યત્વ ધર્મ છે એમ જ્ઞાનગમ્ય થઈ જાય છે. વચનગમ્ય એમ આવતું નથી. બસ, એ તો દરેક પદાર્થની વાત કરી. પ્રશ્ન કર્યો હતો ને કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો તો તેમાં અનંત ધર્મ ક્યા ક્યા છે? તો કહ્યું કે દરેક પદાર્થમાં એવા સામાન્ય અને વિશેષ એવા અનંત ધર્મ છે.

'**આત્મા પણ વસ્તુ છે...**' હવે ઉતાર્યું. '**આત્મા પણ વસ્તુ છે...**' વસ્તુ-પદાર્થ. '**તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે.**' એમાં પણ અનંતધર્મ છે. એક આત્મામાં અનંત સ્વભાવ, અનંત શક્તિ અનંત સ્વભાવ છે. '**આત્માના...**' હવે વિશેષ લે છે. '**અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે,...**' હવે આત્માનું તત્ત્વ લેવું છે ભાઈ! આત્માનું તત્ત્વ. ચેતનતત્ત્વ છે ઈ લે છે. આત્મા છે એમાં આવા અનંત ધર્મ છે. એમાં ચેતનપણું, જાણવું-દેખવું એવું ચેતનપણું અસાધારણ ધર્મ છે. અસાધારણ એટલે શું? પોતાનું ચેતનપણું બીજા આત્મામાં નથી અને પોતાનું ચેતનપણું જડમાં નથી. અસાધારણ ધર્મ. પોતાના એક આત્મામાં અનંત ધર્મ છે. એમાં ચેતન જ એવો અસાધારણ ધર્મ છે જે એક જ છે. અને બીજા બધા નિર્વિકલ્પ ધર્મ છે અને જ્ઞાન જ એક સવિકલ્પ છે અથવા ચેતન ધર્મ એક જ છે. બીજા બધા અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સાધારણ છે. કેમકે પોતામાં પણ છે અને જડમાં પણ છે.

'**આત્માના અનંત ધર્મોમાં...**' જુઓ, પ્રશ્ન શું છે? કે જ્ઞાન સમ્યક્ પોતાના ધર્મને દેખે છે અને પરના પણ સ્વયંસિદ્ધ જો નિત્ય-અનિત્ય આદિ, શુદ્ધ-અશુદ્ધ ધર્મ છે તેને બરાબર દેખે છે. તો દેખવું, જ્ઞાતાપણે જાણવું, એ સત્ય જેમ છે તેમ જાણે છે તો જ્ઞાન પણ સમ્યક્ થયું. અને સમ્યગ્જ્ઞાન થયું તો તેમાં હિતરૂપ, સુખરૂપ દશા થઈ. સમ્યગ્જ્ઞાન થયું ત્યાં સુખરૂપ દશા થઈ. એ સુખ થયું એ જ ધર્મ છે. '**આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે,...**' અસાધારણ સમજ્યાને? ચેતન સિવાય બીજામાં નથી. તે '**બીજાં અચેતન દ્રવ્યોમાં નથી. સજાતીય જીવદ્રવ્યો અનંત છે...**' સજાતીય નામ આત્માની જાત (જેવા) દ્રવ્ય અનંત છે. '**તેમનામાંય જોકે ચેતનપણું છે તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે...**' એ લીધું છે. વિલક્ષણ લીધું હતુંને? પ્રત્યેક પદાર્થ,

આત્માનું ચેતનપણું જુદું જુદું છે. મારું ચેતન મારામાં, તમારું તમારામાં, નિગોદનું નિગોદમાં, સિદ્ધનું સિદ્ધમાં. બધાનું ચેતનપણું પોતપોતામાં છે, પરથી ભિન્ન છે.

'**કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી કોઈનું કોઈમાં ભળતું નથી.**' એક આત્મા અને બીજા આત્માના પ્રદેશ ભિન્ન છે, ક્ષેત્ર ભિન્ન છે, પોતાનું સ્વધામ ભિન્ન છે. તો પોતાનો ચેતનગુણ ત્યાં નથી તો તે ગુણ અહીંયાં નથી. '**પ્રદેશભેદ હોવાથી કોઈનું કોઈમાં ભળતું નથી. આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે...**' હવે વિશેષ ત્યાં બતાવવું છે. આત્મા પ્રત્યેક પદાર્થ પશ્યંતિ કહે છેને સમ્યગ્જ્ઞાન દેખે છે, હોં! અજ્ઞાનીને તો ખબર નથી. સમ્યગ્જ્ઞાન પોતાના આત્મામાં ચેતનપણામાં અનંત ધર્મ વ્યાપક છે, તો દરેક અનંત ધર્મ વ્યાપકમાં ચેતનપણું આવી ગયું. તો ચેતનને સરસ્વતી દેખે છે તો અનંત ધર્મ એનામાં આવી જાય છે.

'**ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે...**' જેમ આ લાકડી. આ છેને? એ સુખડની છે. ઘન, વજન, વર્ણ, રસ એ બધામાં છે. એ બધા વ્યાપક છે. એમ આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ ગુણ છે એમાં ચેતન તો સર્વમાં વ્યાપક છે. એ ચેતનપણું ક્યાંય બીજે રહે છે અને અસ્તિત્વ ક્યાંક બીજે રહે છે એવો કોઈ ક્ષેત્રભેદ નથી. સોનાની લગડી. સોનાની લગડીમાં પીળાશ ક્યાંય રહેતી હોય, ચીકાશ ક્યાંય રહેતી હોય, વજન ક્યાંય રહેતું હોય એમ નથી. આત્મામાં પોતાનો આત્મા, જડ નહિ, શરીર નહિ, અહીંયા આત્માની વાત કરે છે. સમ્યગ્જ્ઞાન સરસ્વતી પોતાના આત્મામાં ચેતન નામનો જે ધર્મ છે એમાં અનંત ધર્મ વ્યાપક છે. અનંત ધર્મ વ્યાપક છે '**તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે.**' ભાઈ! આ તો ચેતનત્વને તત્ત્વ કહ્યું. કહ્યું હતું ને માથે ઉપર? ચેતનત્વ કહ્યું હતું.

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।**

ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે કે અહો..! આવું સમ્યગ્જ્ઞાન જે અનંતધર્મમય મારો આત્મા, એમાં મારું ચેતનત્વ વ્યાપક પ્રસરી રહ્યું છે, ફેલાઈ રહ્યું છે. મારું ચેતન તો અનંત ધર્મમાં પ્રસરી રહ્યું છે. આ તેને ચેતન નામ જ્ઞાનની પર્યાય દેખે છે. એ જ્ઞાનની પર્યાયને સરસ્વતી કહે છે.

'**તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે...**' લ્યો આવ્યું. મારા આત્મામાં મારું (ચતેનત્વ વ્યાપે છે). જુઓ, શું કહ્યું? અનિત્યપણું પણ મારાથી, અશુદ્ધપણું પણ મારાથી, શુદ્ધપણું પણ મારાથી, મારી આકૃતિ પણ મારાથી. શરીર નાનું છે તો મારા આત્માના પ્રદેશની આકૃતિ નાની શરીરથી નથી. મારી આકૃતિ મારાથી છે. એમ સમ્યગ્જ્ઞાનમૂર્તિ ચેતનપણામાં અનંત ધર્મ વ્યાપક છે એને જ્ઞાન દેખે છે. મારા કારણે મારામાં પર્યાય અને ગુણધર્મ છે, બીજાથી નથી. '**તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે**

અને દેખાડે છે.' એ વાણી લીધી ને? વીતરાગની વાણી પણ સરસ્વતીની છેને? તો વાણી દેખાડે છે. વીતરાગ સર્વજ્ઞની દિવ્યધ્વનિ (એમ બતાવે છે), તારો આત્મા તારા અનંત ધર્મમાં વ્યાપક છે. તારામાં સ્વતંત્ર પોતાની પર્યાય અને ગુણથી તું ટકી રહ્યો છે, પરથી નહિ. તારામાં તને જો. પરને પરરૂપે જો, તું તને સ્વરૂપે જો. એમ સરસ્વતી વાણી પરને દેખાડે છે.

'**એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે...**' લ્યો, આવ્યું. શું કહે છે? પોતાના સમ્યગ્જ્ઞાનથી પણ કલ્યાણ થાય છે. કેમકે સમ્યગ્જ્ઞાને પોતાના પદાર્થની પોતાની સ્વતંત્રતા જોઈ અને પરપદાર્થની એની સ્વતંત્રતા જોઈ. સમ્યગ્જ્ઞાન થયું. સમ્યગ્જ્ઞાન એ કલ્યાણનું કારણ છે. મિથ્યાદૃષ્ટિ એમ નથી જોતો. નહિ, મારાથી પરમાં થાય છે ભાઈ! પરનું શરણ તો છે. ભાઈ! આ સૂત્રનું લે છે બધા. આ તત્ત્વાર્થસૂત્રનું આવે છેને? જીવ પરસ્પર ઉપગ્રહ. આવે છેને? તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. જીવ પરસ્પર ઉપગ્રહ. પણ પરસ્પર ઉપગ્રહ શું? એ તો જીવનું પોતાની પર્યાયમાં કાર્ય થાય છે. બીજી ચીજ નિમિત્ત હોય તેને ઉપગ્રહ કહ્યો છે. કોઈ કોઈનો ઉપકાર કરે છે એવો વસ્તુમાં સ્વભાવ જ નથી. એ તો .. થઈ ગયા. એ તો નિમિત્તની ઉપસ્થિતિ જણાવવા એવું સૂત્ર કહ્યું છે. કોઈને કોઈ ઉપકાર કરી શકે તો, પોતપોતાના પર્યાય ગુણધર્મ પોતાથી છે, પરની પર્યાયનો ધર્મ એનાથી છે એ તો રહ્યું નહિ. એકબીજા એકબીજાનો ઉપકાર ઘણો કરે. ઘણો ઉપકાર કરે છે. પરસ્પર ઉપગ્રહો જીવાનાં. તો પુદ્ગલનો પણ ઉપકાર પોતામાં મરણ અને દુઃખનો થાય છે. એવું પણ તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. જીવવું, મરણ, સુખ, દુઃખ, પુદ્ગલનો ઉપકાર. પુદ્ગલ પોતામાં દુઃખનો ઉપકાર કરે છે? એ તો પોતાની પર્યાયમાં પોતાના અસ્તિત્વમાં આનંદની વિપરીત પર્યાયનો ધર્મ થાય છે, પુદ્ગલ એમાં નિમિત્ત કહેવામાં આવે છે તો ઉપકાર કહ્યું છે. પુદ્ગલ કાંઈ ઉપકાર-કુપકાર કરતું નથી.

'**એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું...**' લ્યો! અહીંયાં તો એવી વાત છે. કોઈ કહે છે કે વિશ્વ કલ્યાણ, વિશ્વધર્મ થઈ જાય છે કે નહિ? હા. આવું સમ્યગ્જ્ઞાન જેવો આત્માનો અનંતગુણ અને પર્યાયધર્મ છે એમ જ્ઞાન દેખે તો સર્વનું કલ્યાણ થઈ જાય. આવું જ્ઞાન કરો તો કલ્યાણ થાય છે, બીજી રીતે કલ્યાણ થતું નથી. શેઠ! શું કહ્યું? માણસ નથી કહેતા? કે એવો કોઈ ધર્મ શોધો કે બધાનું કલ્યાણ થાય. પણ બધાના કલ્યાણનો રસ્તો આ જ છે, બીજો કોઈ છે જ નહિ. પોતાના જ્ઞાનથી પોતાના અનંત ધર્મને જોવા, પોતાના જ્ઞાનથી પરનો ગુણ-પર્યાયના ધર્મ છે એમ જોવું એ જ કલ્યાણનું કારણ છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. પોતાનું પણ કલ્યાણ.. પરને પણ એ પ્રમાણે દેખે. પર પરથી છે, તો એને પણ દુઃખ નથી થતું. પણ એમ નથી જોતો કે અમે તો તમારું કરીએ

છીએ, તમે અમારું કરો છો. ઓશિયાળ. ઓશિયાળ શું કહે છે? એકબીજાની ગરજ માને છે એ વસ્તુના સ્વભાવમાં નથી. માણસ કહે છેને કે જૈનધર્મ તો વિશ્વ ધર્મ હોવો જોઈએ. તો બધાને લાગુ પડે છે. એ જ કહે છે. તારા જ્ઞાનમાં તારા અનંત ધર્મ છે એને જો. પરનો સ્વભાવ અને પર્યાય એનાથી થાય છે એમ જો. બસ, જોવું. જેવું સત્ય છે એવા સત્યને સમ્યગ્જ્ઞાનમાં જોવું એ જ સર્વ વિશ્વનું કલ્યાણનું કારણ છે. બીજું કોઈ કલ્યાણનું કારણ નથી.

**'એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે...'** લ્યો એ લીધું. આમ જોવે છે એની પર્યાય તો એનામાં છે. નિમિત્ત નિમિત્તને કારણે, ત્રિકાળ ત્રિકાળને કારણે, પરને કારણે બધા પર છે એવી સમ્યગ્જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ. આવું જેને થાય તો સર્વનું કલ્યાણ થાય છે. એ સિવાય વિપરીત દૃષ્ટિ કરે, અયથાર્થ જ્ઞાન કરે તો કલ્યાણ કદી થતું નથી. **'એ રીતે એનાથી...'** એટલે વાણીનું નિમિત્ત અથવા પોતાનું જ્ઞાન. બેય ઉપાદાન અને નિમિત્ત લીધું. **'સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે માટે સદા પ્રકાશરૂપ રહો એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે.'** લ્યો! છેલ્લો શબ્દ આવ્યો હતો ને? એ આવ્યું હતું, છેલ્લે આવ્યું છે. **'अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।'** અહો..! એવું સમ્યગ્જ્ઞાન.

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम्।।**

ઓહો..હો..! એક એક શ્લોકમાં આચાર્યે ચૌદ પૂર્વનો રસ ભરી દીધો છે. ચૌદ પૂર્વ અને બાર અંગ અને વિશ્વ. વિશ્વ તત્ત્વ શું છે? વિશ્વ નામ અનેક પદાર્થનો સમૂહ તેનું નામ વિશ્વ. દરેક પદાર્થમાં પોતપોતાના પર્યાય અને ગુણધર્મ સ્વયંસિદ્ધ છે. પોતાના પણ પોતાથી છે એમ સમ્યગ્જ્ઞાનથી જોવું એ જ પોતાના આત્માના ઉદ્ધારનો રસ્તો છે, બીજો કોઈ ઉદ્ધારનો રસ્તો નથી. એ બીજો શ્લોક થયો.

ત્રીજો શ્લોક. એ આવ્યું ને? **'સદા પ્રકાશરૂપ રહો એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે.'** મંગળાચરણ કર્યું. મંગળિક કર્યું. બે શ્લોક થયા. ભગવાન કુંદકુંદાચાર્યે ૪૧૫ શ્લોક બનાવ્યા એ નિમિત્તથી કથન છે. એની ભગવાન અમૃતચંદ્રાચાર્યે આત્મખ્યાતિ નામની ટીકા બનાવી છે. એ ટીકાની સંસ્કૃતમાં ચાલતી દેશભાષામય જયપુરના જયચંદ્ર પંડિત છે એ વચનિકા કરે છે. વચનિકામાં પહેલા બે શ્લોકના અર્થ કર્યા. અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી, એમાં મંગળાચરણ કર્યું અહો..! ભગવંત! **'नमः समयसाराय'**

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे।।१।।

ઓહો..! **'नमः समयसाराय'**. મારો આત્મા એ સમય નામ પદાર્થ છે એ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત છે. એવો ભાવ નામ આ દ્રવ્ય છે એવું **'चित्स्वभावाय '** નામ મારો

જ્ઞાનસ્વભાવ છે અને સ્વાનુભૂતિ નામ પરિણતિની ક્રિયાથી મારો પ્રકાશ થાય છે. '**स्वानुभूत्या चकासते**' પોતાની જ્ઞાન પર્યાયથી એનો પ્રગટ પ્રકાશ થાય છે. અને પૂર્ણ પર્યાયનો '**सर्वभावान्तरच्छिदे**'—સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણવું એ મારી પૂર્ણ પર્યાયનો ધર્મ છે. એમ કહીને પહેલા શ્લોકમાં સમયસારને નમસ્કાર કર્યા. બીજા શ્લોકમાં સરસ્વતી વાણી અને જ્ઞાનને નમસ્કાર કર્યા. મારા જ્ઞાનની પર્યાયમાં પણ એવી તાકાત છે. અનંતધર્મને હું દેખું છું. ભગવાનની વાણીમાં પણ એવી નિમિત્તરૂપ તાકાત છે કે એમાં અનંત ધર્મ બીજા દેખે એને નિમિત્ત થાય છે. એ બેને આશીર્વાદ આપીને હવે પોતાના માટે લે છે. હવે પોતાને માટે લે છે.

**'હવે (ત્રીજા શ્લોકમાં) ટીકાકાર આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છે :—'** પોતાનું ફળ ચાહતાં હું ટીકા કરું છું કે મારી શુદ્ધિ થાઓ. શું કહે છે? હું ટીકા કરું છું તો મારું લક્ષ તો જ્ઞાયક ઉપર છે. વિકલ્પ ઊઠે છે, વિકલ્પ વૃત્તિ ઊઠે છે પણ (ટીકા) કરતા કરતા મારો કાળ એમાં એવી રીતે જાવ કે ક્રમે ક્રમે રાગરહિત મારી શુદ્ધિ પૂર્ણ થઈ જાઓ. મારું લક્ષ ટીકામાં પદાર્થનું યથાર્થ વ્યવસ્થાનું જ્ઞાન કરાવવા માટે વળ્યું છે. રાગ આવે છે એ તરફ અમારું જોર નથી. એ પુસ્તકની ક્રિયા પુદ્‌ગલની થાશે એના કર્તા અમે નથી. એને એની પર્યાય થાય છે. પણ મારું લક્ષ છે કે ભગવાન આમ કહે છે.. આમ કહે છે.. અને આત્મા આવો છે એવું જે મારું ઘોલન... ઘોલન શું કહે છે? ઘુંટણ. યથાર્થ આત્મામાં જે ઘુંટણ થાય છે કે આવો આત્મા છે. રાગ નથી, નિમિત્ત નથી એવી જે હું ટીકા કરીશ એનાથી મારા આત્માની શુદ્ધિ થાઓ એ ફળ હું માગુ છું. બીજું કોઈ મને ફળ જોઈતું નથી. એમ કરીને ત્રીજો શ્લોક લેશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૧૦૯ થી ૧૧૨
## પ્રવચન નં.૯૦૧, તા.૨૯-૮-૧૯૬૩
## (૧૧)

ઉત્તમ આરાધનના દિવસો ગણવામાં આવ્યા છે. સંયમ, છઠ્ઠો બોલ સંયમનો છે. પહેલા ઉત્તમ ક્ષમા આવી ગઈ, પછી નિર્માનતા, સરળતા, પછી સત્ય અને શૌચ એવા પાંચ બોલ આવી ગયા.. હવે છઠ્ઠું સંયમ. સંયમ તો મહાદુર્લભતાથી મળે છે. એ કહે છે જુઓ.

जन्तुकृपार्दितमनसः, समितिषु साधोः प्रवर्तमानस्य।
प्राणेन्द्रियपरिहारं, संयममाहुर्महामुनयः।।९६।।
(पद्मनंदी पंचविंशति–धर्मोपदेशामृत अधिकार)

અહીંયાં મુનિની વાત કરે છેને. મુનિ સંયમમાં છેને. ભાવલિંગી સંત બાહ્યમાં નગ્ન હોય છે અને અંદરમાં ત્રણ કષાયનો નાશ થઈને આનંદમાં ઝૂલે છે એવા મુનિઓને સંયમ હોય છે. જેનું મન જીવાનુકંપાથી ભીંજાયેલું છે. એવા જે મુનિ છે એ જીવની અનુકંપાથી એનું મન ઘણું કોમળ છે. કોઈ પ્રાણીને દુઃખ દેવું એ એમના ભાવમાં છે નહિ. જે ઈર્યા, ભાષા આદિ પાંચ સમિતિમાં પ્રવર્તમાન છે. કેવા છે સાધુ સંયમી? ઈર્યા–જોઈને ચાલવું, વિચારીને બોલવું, નિર્દોષ આહાર લેવો એમાં પ્રવર્તમાન છે. એવા સાધુ દ્વારા ષટ્કાય જીવોની રક્ષા, ષટ્કાય જીવોને ન મારવા એનું નામ રક્ષા કહેવામાં આવે છે.

પોતાની ઈન્દ્રિયોનું દમન. છ કાય અને ઈન્દ્રિયોનું દમન કરવામાં આવે તેને ગણધરદેવ આદિ મહામુનિ સંયમ કહે છે. પોતાના આનંદમાં (રહેતાં) છ કાયના જીવને ન મારવાનો વિકલ્પ અને ઈન્દ્રિયનું દમન, અતીન્દ્રિય આનંદમાં લીન થવું તેને ગણધરદેવ સંયમ કહે છે. એ સંયમ મહા મહા મહામુશ્કેલ અને મહાન પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. ૯૭.

मानुष्यं किल दुर्लभं भवभृतः, तत्रापि जात्यादयः।
तेष्वेवाप्तवचः श्रुतिः स्थितिरतः, तस्याश्च दृग्बोधने।
प्राप्ते ते अतिनिर्मले अपि परं, स्यातां न येनोज्झिते;
सर्वर्मोक्षैकफलप्रदे स च कथं, न श्लाघ्यते संयमः।।९७।।

સંયમ કોને પ્રાપ્ત થાય છે? એ તો મહાદુર્લભ છે. પહેલા તો સંસારી પ્રાણી ચોર્યાસી લાખમાં ભ્રમણ કરે છે. મનુષ્યભવ પ્રાપ્ત થવો અત્યંત કઠિન છે. મનુષ્યપણું પ્રાપ્ત થવું બહુ કઠણ છે. જો મનુષ્ય પર્યાય પ્રાપ્ત થઈ ગઈ તો તેમાં ઉત્તમ જાતિ મળવી દુર્લભ છે. બ્રાહ્મણ,

ક્ષત્રિય, વૈશ્ય એવી જાતિ મળવી મહાન દુર્લભ છે. એ પણ મળ્યું. ઉત્તમ જાતિ પ્રાપ્ત થઈ (તો) જિનવાણીનું શ્રવણ દુર્લભ છે. વીતરાગી વાણી સર્વજ્ઞો જે પરમાત્મા ત્રિલોકનાથ કહે છે, વાણી વીતરાગી વાણી મળવી એ મહા અત્યંત અત્યંત દુર્લભ છે. અંદરમાં માની બેસે કે કે અમે વીતરાગી (વાણી સાંભળીએ છીએ). પણ વીતરાગ વાણી શું કહે છે એ ન સમજાણી તો કહે છે કે વીતરાગ વાણી મળવી પ્રથમ તો દુર્લભ છે. જિનવાણીનું શ્રવણ મળી. વીતરાગી વાણીનું શ્રવણ પણ પ્રાપ્ત થયું પણ આયુ પ્રાપ્ત થવું દુર્લભ છે. મોટુ આયુષ્ય ન હોય. થોડો વખત હોય તો તેને જિનવાણીનું શું મર્મ-રહસ્ય છે એને સમજાતું નથી. તો કહે છે કે મોટા આયુષ્ય પ્રાપ્ત થવા દુર્લભ છે.

તેનાથી પણ દુર્લભ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન છે. મોટા આયુષ્ય મળ્યા, જિનવાણીનું શ્રવણ મળ્યું, પણ સમ્યગ્દર્શન મહાદુર્લભ છે. અનંતકાળમાં સમ્યગ્દર્શન શું છે એની ખબર નથી. આત્મા પરથી નિરાળો અનંતગુણનો પિંડ વિકારથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન, નિમિત્ત અને વિકાર હોવા છતાં, પર અનંત દ્રવ્યો હોવા છતાં પોતાનો ત્રિકાળી સ્વભાવ, પોતાની હયાતી રાગથી ભિન્ન છે એમ અનુભવમાં પ્રતીત થવી એ સમ્યગ્દર્શન અતિ દુર્લભ છે. એની સાથે સમ્યગ્જ્ઞાન દુર્લભ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી સંયમ આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એકલો સંયમ સંયમ ત્યાગ કરે એ (સંયમ) નથી. એકડા વિનાના... શું કહે છે? શૂન્ય-શૂન્ય-મીંડા.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થવા દુર્લભ છે. જો એ અત્યંત નિર્મળ તે બંને પ્રાપ્ત પણ થઈ જાય જુઓ! 'प्राप्ते ते अतिनिर्मले' એમ શબ્દ છે. અતિ નિર્મળ. ભગવાને કહ્યું એવા સમ્યગ્દર્શન-જ્ઞાન અંતરમાં પામ્યો તો સંયમ વિના, એ સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સંયમ વિના તેને મોક્ષની પ્રાપ્તિ થતી નથી. અને સંયમ વિના સ્વર્ગની ઊંચી ગતિ પણ પ્રાપ્ત થતી નથી. એ સ્વર્ગ અને મોક્ષરૂપ અદ્વિતીય ફળને દઈ શકતા નથી. સમ્યગ્દર્શન હોવા છતાં, સમ્યગ્જ્ઞાન હોવા છતાં સંયમ જ્યાં સુધી ન હોય, એકલો સંયમ નહિ હોં! સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત. એકલો ત્યાગ કરે, બ્રહ્મચર્ય પાળે ને વ્રત (પાળે) એ સંયમ-ફંયમ નથી. જ્યાં દૃષ્ટિના ઠેકાણા નથી, શ્રદ્ધાના ઠેકાણા નથી સમ્યગ્દર્શન વિના સંયમ, ત્યાગ-ફ્યાગ ત્રણકાળમાં હોતો નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન ઉપરાંત એ સંયમનું થવું ઘણા ઘણા પુરુષાર્થથી થાય છે અને એ વિના સંયમ વિના સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ નથી થતી.

સંયમ કેમ પ્રશંસનીય ન હોય? આ કારણે સંયમ કેમ પ્રશંસનીય ન હોય? ઓહો..! દુર્લભ ચીજ. ચારિત્ર અંદરમાં સ્વરૂપમાં લીનતા, જંગલમાં વાસ, વનવાસમાં રહેવું, અંતરમાં આત્મધ્યાન આનંદમાં સમ્યગ્દર્શનપૂર્વક (રહેવું) એ તો મહા સંયમ પ્રશંસનીય-પ્રશંસનીય અતિ અનુમોદનીય (છે). એ અવશ્ય પ્રશંસાને યોગ્ય છે. લ્યો! સંયમ તો સમ્યગ્દર્શન-જ્ઞાન પછી મહાન પુરુષાર્થથી થાય છે. એ તો મહાન પ્રશંસનીય છે. અત્યારે આ પ્રશંસનીય થઈ ગયું

સમ્યગ્દર્શન-જ્ઞાન વિના સંયમ લઈ લ્યો, સંયમ ઝટ લઈ લ્યો.

**શ્રોતા :-** સંયમ હોય પછી હોય તો ખરુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ સંયમ ક્યાં હોય છે? સમ્યગ્દર્શન વિના સંયમ ક્યાંથી આવ્યો? શોભાલાલજી! કહે, લઈ લ્યો ત્યાગ. ત્યાગની પ્રશંસા (કરી છે). પણ કોનો ત્યાગ? હજી મિથ્યાત્વનો તો ત્યાગ કર્યો નથી. ત્યાગ, જૈન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ દેવાધિદેવ પરમાત્મા જૈન વીતરાગે શું કહ્યું? કેમ છે? કેવું સ્વરૂપ આત્માનું, રાગનું, જડનું, પોતાનું પરિપૂર્ણ કેવું છે? સ્વતંત્ર પર્યાય વિકારની કેવી છે? એની અંદરમાં અનુભવ અને પ્રતીત થયા નથી અને સમ્યગ્જ્ઞાન થયા વિના સંયમ-ફંયમ હોતો નથી. બહારનો સંયમ લઈ લીધો માટે સમ્યગ્દર્શન છે એમ નથી. સંયમ જ નથી, એ તો બાળવ્રત અને બાળતપધારી છે. બરાબર છે? એના પણ ક્યાં ઠેકાણે છે. પણ આ તો કહે છે લ્યો! અવશ્ય પ્રશંસાને યોગ્ય છે. ઓહો..! સમ્યગ્દર્શન અને જ્ઞાન એની સાથે સંયમ સ્વરૂપની લીનતા, આનંદનો ઊભરો... ઊભરાને શું કહે છે? ઉફાન. અતીન્દ્રિય આનંદનો ઊભરો અંદરમાં આવવો એવો સંયમ-સંયમ મહા પ્રશંસનીય દુર્લભ છે. એવા સંયમનો આજે છઠ્ઠો દિવસ સુગંધદશમીમાં ગણવામાં આવ્યો છે.

હવે ચાલતો વિષય. કાલે તપનો દિવસ છે. તપ, ત્યાગ, અકિંચન, બ્રહ્મચર્ય. ચાર દિવસ બાકી રહ્યા. છઠ્ઠો આજે થઈ ગયો. જુઓ, આ સમ્યગ્દર્શનનો વિષય હવે અથવા જીવનો સ્વભાવ. બપોરે તો ચાલે છે કે પર્યાય.. પહેલા એમાં પણ ચાલ્યું કે પોતાની પર્યાયમાં.. પર્યાય સમજો છો? અવસ્થા-હાલત-દશા એમાં શુભ-અશુભ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થાય છે એ પોતાની પર્યાયમાં થાય છે. વિકાર પર્યાય જીવ જ કરે છે. પર્યાયદૃષ્ટિથી જીવ પર્યાય પોતે કરે છે. એ કાંઈ કર્મથી વિકાર થાય છે એમ ત્રણકાળમાં નથી. એવો નિશ્ચય થયા પછી સ્વભાવ શું છે? કે સ્વભાવ કોઈ વિકારનો કરનારો નથી. સમજાણું કાંઈ? એક સમયમાં પ્રભુ ચૈતન્યપિંડ, જ્ઞાનજ્યોત સૂર્ય એ તો વિકલ્પનો, પરની દયાનો વિકલ્પ કરવો, વિકલ્પ હોં! એ રાગ છે. એ પણ અહિંસા નથી. અહિંસા પરમો ધર્મ કહેવામાં આવે છે ને? પરમ ધર્મ જોઈએ. એ રાગ પરની દયાનો વિકલ્પ ઉઠવો એ રાગ છે. રાગ એ ખરેખર હિંસા છે. રાગ હિંસા છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં અમૃતચંદ્રાચાર્ય મહારાજ આ ટીકા કરનારે એ પુસ્તક બનાવ્યું છે એમાં લખ્યું છે કે રાગ જ હિંસા છે.

**શ્રોતા :-** રાગની ઉત્પત્તિ થવી તે હિંસા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગની ઉત્પત્તિ હિંસા. પુણ્યનો રાગ હોય, પંચ મહાવ્રતના પરિણામનો રાગ હોય. હોય છે, મુનિ ભાવલિંગી સંતને, છતાં પણ એ છે તો દોષ અને હિંસા. ઓહોહો..! એનાથી રહિત મારી ચીજ એકલો જ્ઞાનાનંદ સ્વભાવ એવી ચીજ એ વિકલ્પ કરનાર પણ નથી. વિકલ્પ નામ પંચ મહાવ્રતના વિકલ્પને કરનારો સ્વભાવ નથી, એને કરનાર પુદ્ગલ છે, આત્મા એને જાણનારો છે એ વાત સિદ્ધ કરે છે. પહેલો પેરેગ્રાફ આવી ગયો છે. પહેલો

આવી ગયો છેને? જુઓ, થોડું ફરીને લઈએ. જુઓ.

'**ખરેખર પુદ્ગલકર્મનો, પુદ્ગલદ્રવ્ય જ એક કર્તા છે;...**' એક જ કર્તા પુદ્ગલ, આત્મસ્વભાવ નહિ. એક જ પુદ્ગલ આખું એક દ્રવ્ય બસ. વિકાર, પુદ્ગલ, કર્મ, દ્રવ્ય, ગુણ અને વિકાર બધા પુદ્ગલ એક જ છે. એક જ પુદ્ગલ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ કર્મ પુદ્ગલ એ બધા એક જ પુદ્ગલદ્રવ્ય છે. એક કોર આત્મદ્રવ્ય છે અને એક કોર પુદ્ગલદ્રવ્ય છે. એક પુદ્ગલદ્રવ્ય જ કર્તા છે. '**તેના વિશેષો—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ બંધના સામાન્ય હેતુઓ હોવાથી...**' તેના વિશેષો, એકના વિશેષો. મિથ્યા શ્રદ્ધા. મિથ્યા શ્રદ્ધાની વાત છે હોં! વિપરીત માન્યતા. અત્યાગભાવ, પુણ્ય-પાપના ભાવ અને યોગ-કંપન્ન એ બંધના સામાન્ય હેતુ છે. એકના વિશેષ, એકના વિશેષ પણ તેરનું સામાન્ય. વચ્ચે આવી ગયું. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એકના વિશેષ ચાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એકના વિશેષ ચાર અને ચારના વિશેષ તેર. તો તેરની અપેક્ષાએ ચાર સામાન્ય. સમજાણું કાંઈ? એ કાલે થઈ ગયું. ચાર કર્તા છે.

'**તેઓ જ ભેદરૂપ...**' જુઓ, પછી અહીં ભેદ લીધા. ઓલામાં વિશેષ લીધા હતા અહીંયાં ભેદ લીધા. '**तद्विशेषाः**' એમ છે. '**ते एव विकल्प्यमाना**' એમ છે, 'વિકલ્પ' શબ્દ છે. ઓલામાં '**तद्विशेषाः**' પહેલામાં છે અને આમાં '**विकल्प्यमाना**' એમ છે. '**તેઓ જ ભેદરૂપ કરવામાં આવતા, મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગકેવળી સુધીના તેર કર્તા છે.**' મિથ્યાદૃષ્ટિથી લઈને સયોગી કંપન્ન એ બધા પુદ્ગલ છે. પુદ્ગલ છે, જડ એનો કરનાર છે. આત્મા તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાતા સચ્ચિદાનંદ (છે). આવા શબ્દ તો અન્યમાં પણ લોકો કહે છે. એમ નથી ચાલતું. અહીં તો સર્વજ્ઞે કહ્યો એવા આત્માને અહીંયાં આત્મા કહે છે. બધા ઘણા કહે છે કે આત્મા આવો છે, આત્મા આવો છે, આત્મા સર્વવ્યાપક છે, એક છે, શુદ્ધ છે, નિરંજન છે, આત્મજ્ઞાન છે. પણ આત્મા કોને કહેવો? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત અનંત ગુણનો પિંડ આત્મા છે. શુદ્ધ અનંત અનંત શક્તિનો એકરસ આત્મા છે. એ આત્મા એ તેરનો કર્તા નથી, એ પુદ્ગલ તેરનો કર્તા છે.

'**હવે, જેઓ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો...**' જુઓ, ભગવાન આત્માના પાકમાં તો આનંદ આવે છે. અંદરમાં તો પાકનું ફળ ક્ષેત્ર એવો આત્મા છે કે અતીન્દ્રિય આનંદનો અંદર અંકુર ફૂટે એવો આત્મા છે. આ તેર છે એ પુદ્ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી. જુઓ! આહા..હા...! જરી સૂક્ષ્મ વાત છે. એકલો પ્રભુ ચૈતન્યસ્વભાવ એનો પાક એ તેર ગુણસ્થાન નથી. સમજાણું કાંઈ? તેરમું ગુણસ્થાન તારું નહિ, ચૌદમું ગુણસ્થાન તારું નહિ. ભાઈ કહે છેને અમારે, તલકચંદભાઈ લાઠીવાળા. ગાય છેને જ્યારે, આ ક્યાંથી લાવ્યા આવું? એમ કહે છે. જાડા છે લાઠીના શેઠ. સમજાણું કાંઈ? જુઓ, શું કહે છે? કે તેરમું ગુણસ્થાન

પુદ્‌ગલકર્મના વિપાકનો પ્રકાર હોવાથી. આહા..હા...!

**શ્રોતા** :- તો તો ભગવાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભગવાન કેવળજ્ઞાન નહિ હોં! કંપન થાય છે એ. સયોગીભાવ એ પુદ્‌ગલકર્મના વિપાક નામ ફળ, એ પુદ્‌ગલકર્મનું ફળ છે તેર ગુણસ્થાન. ભગવાન આત્મા તો ચૈતન્યબિંબ આનંદકંદ પ્રભુ સર્વજ્ઞે જોયો એવો એના પાકમાંથી તો અતીન્દ્રિય આનંદનો રસ અનુભવે, ચુવા ચુવે રસનો એવો આત્મા છે. આ તેર ભાવ વિપાકના પ્રકાર અત્યંત અચેતન છે. જુઓ.

**'એવા આ તેર કર્તાઓ જ કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલ કર્મને જો કરે તો ભલે કરે;...'** શું કહે છે જુઓ, કે તેર જે પ્રકાર પડ્યા પહેલા ગુણસ્થાનથી મિથ્યાત્વથી માંડીને સયોગી સુધીના, એ **'કેવળ વ્યાપ્યવ્યાપકભાવે કાંઈ પણ પુદ્‌ગલ કર્મને જો કરે તો ભલે કરે;...'** નવા કર્મના રજકણની સાથે પણ એ રજકણ વ્યાપ્યવ્યાપક થઈને કરો તો કરે. દ્રવ્યમાં શું આવ્યું? દ્રવ્ય સ્વભાવમાં શું આવ્યું? એ તો ચૈતન્યબિંબ જ્ઞાયકમૂર્તિ છે ઈ છે. નરકમાં પણ છે ઈ છે, નિગોદમાં પણ છે ઈ છે, સિદ્ધમાં પણ દ્રવ્યસ્વભાવ તો છે ઈ છે એકલો ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકભાવ. કહે છે કે એ શું કરે છે? બિલકુલ પરને નથી કરતો. માત્ર પુદ્‌ગલ કર્મ છે એ વ્યાપ્યવ્યાપક ભાવથી જો કાંઈ પણ પુદ્‌ગલ કર્મનું કરે. થોડો વખત એ પુદ્‌ગલનું (કરે તો કરો). જુઓ! અહીંયાં ચૈતન્યસ્વભાવનું લક્ષ કરાવ્યું છે. સમજાણું કાંઈ? તારો સ્વભાવ જ્ઞાયક છે... જ્ઞાયક છે... જ્ઞાયક છે. પછી બધું પુદ્‌ગલનું કાર્ય થોડું હોય તો હો, સ્વભાવમાં શું આવ્યું?

**શ્રોતા** :- જીવમાં કાંઈ નથી આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જીવમાં શું? જીવ સ્વભાવ છે ચૈતન્ય આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ એમાં કોઈ આવ્યું નથી. ચંદુભાઈ! શું કહ્યું સમજાણું કાંઈ?

વસ્તુનું લક્ષ કર્યું લક્ષ. પછી થોડો મિથ્યાત્વભાવ પણ હોય ભલે કહે છે. પણ એ થોડી વાર રહેશે. એ વ્યાપ્યવ્યાપક થઈને થોડીવાર રહેશે, તારા સ્વભાવમાં નહિ રહે. તારી ચીજમાં નથી. સમજાણું કાંઈ? ભલે કરે. કર્મનું કરે તો કરે. **'એમાં જીવને શું આવ્યું?'** શું ચૈતન્ય પ્રભુ એમાં-રાગમાં ઘૂસી જાય છે? મિથ્યાત્વના પર્યાયમાં, અવ્રતના પરિણામમાં, કષાયના ભાવમાં શું ચૈતન્યસ્વભાવ પ્રવેશે છે? બિલકુલ નહિ. શું ચૈતન્ય સ્વભાવમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય પ્રવેશે છે? શેઠી! એ જીવમાં આવ્યા હતા, ત્યાં અજીવમાં લીધું હતું. ૪૯ બોલ. મિથ્યાત્વ ને આસ્રવ અને પ્રત્યય અજીવ છે, જીવ નથી. અહીં કર્તાકર્મની વાત કરી છે. ત્યાં તો અંદર ૪૯ બોલમાં ચાર આસ્રવ લીધાને. મિથ્યાત્વ, અવ્રત, કષાય, યોગ એ બધા પુદ્‌ગલના પરિણામ છે, આત્માના છે જ નહિ, આત્મસ્વભાવ નહિ, અજીવ છે. અહીંયાં કહે કે કર્તા પર છે. એ સ્વભાવ એનો કર્તા નથી. ગુણસ્થાનભેદનો કર્તા સ્વભાવ નથી.

શ્રોતા :- ભગવાનની સ્તુતિ કરવી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકલ્પ છે. બોલો બોલો પૂછો. ભગવાનની સ્તુતિ સાક્ષાત્ ત્રિલોકનાથ બિરાજતા હોય સમવસરણમાં, પણ એ લક્ષ કરીને સ્તુતિ કરવી એ પણ શુભરાગ છે. આવે છે જરૂર, પણ સ્વભાવ ધર્મ નથી. આહા..હા...! જાપ... જાપ.. જાપ જપે.. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એ તો શુભરાગ છે. નિજ સ્વભાવ નહિ, એ સ્વભાવનું કાર્ય નહિ, એ તો પુદ્ગલનું કાર્ય છે. એ સ્વભાવની દૃષ્ટિથી હોં. પર્યાયમાં તો રાગ એનો છે. એ કરે છે તો થાય છે. પણ સ્વભાવ એકલો ચૈતન્યસૂર્ય પ્રકાશનો કંદ પડ્યો છે. જેમ સુરણની ગાંઠ હોય છેને? સુરણની ગાંઠ નથી હોતી? સુરણ કહે છેને? જમીનકંદ નીકળે આવું ગોળની ભેલી જેવું. એમ ચૈતન્યબિંબ આનંદની ભેલી પડી છે. ભેલી કહે છે ગોળને? ગોળની ભેલી નથી આવતી? એવો આત્મા એ નહિ, એ નહિ, પુણ્ય-પાપના વિકલ્પ નહિ. એકલો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની ભેલી, પિંડ પડ્યો છે. એ આત્મામાં મિથ્યાત્વ આદિનો કર્તાનો સ્વભાવ છે જ નહિ.

શ્રોતા :- પરનો પ્રવેશ જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરનો પ્રવેશ નથી અને પોતાનો પ્રેવશ એમાં નથી. એવો ચિદાનંદ પ્રભુ એવોને એવો શુદ્ધ આનંદકંદ પડ્યો છે. એની દૃષ્ટિ કરો અને આ તેર કર્તા પુદ્ગલનું લક્ષ છોડી દ્યો. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

હવે ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. હવે નવી વાત. '**અહીં આ તર્ક છે...**' શિષ્ય શું કહે છે? શિષ્યને જરી તર્ક ઉઠ્યો કે પ્રભુ! તમે એમ કહો છો કે મિથ્યાત્વ, અવ્રત, કષાય, પુણ્ય-પાપના ભાવ એ પુદ્ગલનું કાર્ય છે, તો પ્રભુ! અમારા લક્ષમાં તો એમ આવે છે કે હરખ-શોકનું વેદન થાય છે અનુભવ એ તો આત્મા વેદન કરે છે એમ અમારા ખ્યાલમાં આવે છે શ્રુતજ્ઞાનના તર્કમાં. સમજાણું કાંઈ? અમારા તર્કમાં તો આમ આવે છે. વેદન કોઈ જડમાં વેદન થાય છે? રાગ-દ્વેષનું, હરખ-શોકનું જડને (વેદન) થાય છે? અમારા આત્માને જ વેદન થાય છે દુઃખનું, સુખનું, હરખનું.

'**અહીં આ તર્ક છે કે પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...**' જુઓ, મહારાજ! એ વિપરીત માન્યતાનું વેદન અને દયા, દાનના, પુણ્ય, પાપના ભાવનું વેદન એ તો આત્મા જ કર્તા (છે), પુદ્ગલમયને આત્મા કરે છે. '**પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...**' જુઓ, છે ભલે પુદ્ગલ તમે કહો છો, પણ આત્મા ભોગવે છે એમ અમને તો દેખાય છે. સમજાણું કાંઈ? '**પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે.**' અમને તો ખ્યાલમાં આવ્યું કે તમે જેને પુદ્ગલ કહો છો પણ એને આત્મા ભોગવે છે. અમે ખ્યાલ આવે છે કે રાગનું, હરખનું વેદન થાય છે. એ '**(ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને...**' જુઓ, ભોગવે

છે તો મિથ્યાદૃષ્ટિ થઈને અજ્ઞાનપણે ગુણસ્થાનપણે પરિણમન કરે છે. તો પુદ્ગલકર્મને કરે છે એમ અમને તો ભાસે છે. એવી શિષ્યની શંકા છે. શંકા સમજ્યા? વેદનથી પ્રશ્ન લીધો છે. પ્રભુ! તમે તો કહો છો કે કર્તા નથી... કર્તા નથી.. કર્તા નથી, પુદ્ગલ કર્તા છે (એમ કહો છો) તો વેદન તો અમને અમારામાં ભાસે છે. ભલે તમે તેને પુદ્ગલ કહો, પણ વેદન તો આત્મા કરે છે. '**પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો** (ભોગવતો)...' જુઓ! હરખ-શોકનું, રાગ-દ્વેષનું વેદન અનુભવ તો આત્માને થાય છે. '**જીવ પોતે જ**...' અને ભોગવતો હોવાથી '**મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલ કર્મને કરે છે.**' જુઓ, ભોગવે છે તો મિથ્યાદૃષ્ટિ ભોગવનારો મિથ્યાદૃષ્ટિ થઈને કર્તા થાય છે. ભોગે એ કરે. તમે કહો છો કે પુદ્ગલ કરે... પુદ્ગલ કરે... પુદ્ગલ કરે... રાગ-દ્વેષને પુદ્ગલ કરે, પુણ્ય-પાપને પુદ્ગલ કરે, મિથ્યાત્વ, અવ્રતને પુદ્ગલ કરે. પણ આત્મા વેદે છેને?

**શ્રોતા** :- વેદે તે આત્મા જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળને. વિકાર વેદે ઈ આત્મા હોય? ઈ જવાબ આપશે. શેઠી! પણ પ્રશ્ન એમાં આવ્યો કે પર્યાયમાં વેદન છેને, વેદન અનુભવ છેને-રાગ-દ્વેષ, કલુષિત, આકુળતાનું. તો પ્રભુ! તમે ભલે પુદ્ગલ કહો, પણ એનું વેદન તો આત્મા કરે છે. અને વેદન કરે છે તો સ્વયં મિથ્યાદૃષ્ટિ આદિને પરિણમન કરે છે, મિથ્યાદૃષ્ટિ થાય છે.

'(**તેનું સમાધાન** :—)' પહેલા પ્રશ્ન સમજાયો પ્રશ્ન? પ્રશ્નનું રૂપ સમજ્યા? ધર્મચંદજી! પ્રશ્નનું રૂપ સમજ્યા કે નહિ? રૂપ શું? પ્રશ્નનું સ્વરૂપ. પ્રશ્નનો અર્થ શું છે એ સમજ્યા કે નહિ?

**શ્રોતા** :- સમજાતું નથી કાંઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બોલતા નથી. સમજાતું નથી એમ બોલ્યા નથી. કહો, શેઠી!

જુઓ, આ આત્મા છે એ એક સમયમાં શુદ્ધ આનંદકંદનો પિંડ છે. એકલો ચૈતન્ય સ્વભાવ સિદ્ધસ્વરૂપ આત્મા છે વસ્તુ. એમાં જે મિથ્યાત્વ, અવ્રત આદિ ગુણસ્થાન થાય છે તેને પુદ્ગલ કરે છે એમ કહ્યું. કેમકે સ્વભાવ કરતો નથી. સ્વભાવ વિકારને કઈ રીતે કરે? સ્વભાવમાં વિકાર છે ક્યાં? પુદ્ગલ એને કરે છે એમ કહ્યું ગુરુએ. ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે પ્રભુ! તમે પુદ્ગલના કહો છો પણ વેદન તો મને થાય છે. હરખ-શોકની અને રાગ-દ્વેષની આકુળતા તો મને થાય છે, મારી પર્યાયમાં થાય છે, હું વેદું છું એમ દેખાય છે. અને ભોગવે છે તો સ્વયં મિથ્યાદૃષ્ટિ થઈને કરે છે. ભોગવે છે તો કર્તા ઈ છે. ભોક્તા આ અને કર્તા પુદ્ગલ એમ ક્યાંથી આવ્યું? પ્રશ્ન સમજ્યા મહેન્દ્રભાઈ? લ્યો, આટલો તો શિષ્ય તૈયાર થઈને પૂછે છે કે તમે કહો છો કે આત્મામાં કાંઈ કર્તા-ફર્તા વિકારનો નથી, એ તો પુદ્ગલ કર્મ... પુદ્ગલ કર્મ... પુદ્ગલ કર્મ (કરે છે). સમજાણું કાંઈ? આ પ્રશ્નનો ઉત્તર છેને? એમ અમારે પૂછ્યું હતું કાલે. આ પ્રશ્ન પૂછ્યો એનો ઉત્તર છેને?

એમ કે પ્રશ્ન તો ઈ પૂછ્યો હતો કે પુદ્‌ગલકર્મનો કર્તા કોણ? પહેલા તો એમ કહ્યું કે, વિકારનો ઈ કર્તા અને પુદ્‌ગલનો પર કર્તા એમ ચાલ્યું આવે છે. પહેલા આવ્યું છે અને પૂછ્યું કે પુદ્‌ગલનો કર્તા કોણ? કે ઈ પ્રશ્ન થયો તેનો આ ઉત્તર છે. વિકારનો કર્તા જે પર્યાયમાં લીધો હતો એ વિકાર પણ પુદ્‌ગલ છે. પુદ્‌ગલને નિમિત્ત પડે છે એ પુદ્‌ગલ છે. એવા અજ્ઞાનભાવથી કરનાર જે નિમિત્તથી કહ્યું હતું એ બેયને એક કરી નાખ્યા. અજ્ઞાનભાવ અને પુદ્‌ગલ બેય એક છે. આત્મામાં અજ્ઞાન કે મિથ્યાત્વ છે નહિ. શેઠી! તો કહે છે... પ્રશ્ન સમજાણો? પ્રભુ! તમે કહો છો કે પુદ્‌ગલ કરે... પુદ્‌ગલ કરે... પુદ્‌ગલ કરે. તો પુદ્‌ગલ ભોગવે. ચંદુભાઈ!

**શ્રોતા :-** કરે તો ભોગવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે તે ભોગવે. તો અમારે ભોગવવું અને કરે ઈ, ક્યાંથી આવ્યું? હરખ-શોક તો અમારે ભોગવવા પડે છે. અમે હરખ-શોકને ભોગવીએ છીએ, હરખ-શોકને ભોગવીએ છીએ. એમ શિષ્ય કહે છે, હરખ-શોક અમે ભોગવીએ છીએ, તો જે ભોગવે છે તે કરે છે. તમે કહો છો કે કર્તા ઈ અને ભોક્તા અમે. એમ બે કઈ રીતે થયા? શિષ્યનો પ્રશ્ન એમ છે. અમે ભોગવીએ છીએ એમ દેખાય છે. કહે છે, સાંભળ-સાંભળ, સાંભળ તો ખરો.

**'આ તર્ક ખરેખર અવિવેક છે,...'** તારે આ તર્ક ખરેખર અવિવેક છે. કેમ? **'ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...'** જુઓ, ભાવક કર્મ અને વિકારનો ભાવ્ય આત્મા ભોગવે તેનો અભાવ છે. વિકારનો ભાવ્ય આત્મા ભોગવે અને ભાવક થઈને, વિકારને ભાવ્ય થઈને ભોગવે એ આત્મામાં નથી. વિકારને ભોગવવું સ્વભાવમાં છે જ નહિ. સ્વભાવમાં ભોગવવું હોય તો સ્વભાવ અને વિભાવ એક થઈ જાય. સ્વભાવમાં તો આનંદ છે. તો આનંદ ભોગવે કે શું તારો વિકાર ભોગવે? વિકારને આત્મા ભોગવે છે એમ તું કહો છો, તો અમે કહીએ છીએ કે તારો અવિવેક છે. ભોગવવું એ વિકારી ભાવ, ભોગવવું એ પુદ્‌ગલનું કાર્ય છે. તારું કાર્ય એને ભોગવવું એ છે નહિ. ઓહો..હો..! ભારે વાત ભાઈ! બહુ સરસ વાત લીધી છે! એકદમ રાગનું કરવું નહિ અને રાગને ભોગવવો એ તારા સ્વભાવમાં નથી. હરખ-શોકને ભોગવવો એ તારો સ્વભાવ છે? હરખ-શોક તો પુદ્‌ગલ વિકાર છે. વિકાર એ નિમિત્તથી ઉત્પન્ન થયો અને એનાથી બંધ થાય છે એ તો બધું જડમાં ગયું. તારી ચૈતન્યગાંગડી એકલો આનંદકંદ શું આત્મદ્રવ્ય વિકારને ભોગવે છે? તું કહે છે કે અમે ભોગવીએ છીએ. બિલકુલ જૂઠ છું. આત્મદ્રવ્યને વિકારને ભોગવવું છે એમ માનવું એ અવિવેક અને અજ્ઞાન છે. રતિભાઈ! શું કહ્યું?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભોગવે આનંદને એ વાત નહિ, પણ અહીં વિકાર નથી ભોગવતો. એમ નકારથી વાત લીધી. એ લોઢાના વખતે આકુળતા થાય ને? કેમ આ કામ ન કર્યું?

ફલાણું ન કર્યું. કહે છે કે એ ભોગવવાનો ભાવ તું જીવનો માન તો આનંદ અને વિકાર બે એક થઈ જાય છે. ખરેખર સ્વભાવનો ભોક્તા આત્મા છે, વિકારનો ભોક્તા આત્માને કહેવો એ અવિવેક છે. તને વસ્તુની દૃષ્ટિની ખબર નથી. સમજાણું કાંઈ? નવરંગભાઈ! આહા..હા...! અને વેદનથી લીધુંને? તર્કથી લીધું. શ્રુતજ્ઞાનથી તર્કથી લીધું. તર્ક ઉઠાવ્યો. અમને તો વેદનમાં અસમાધિ દેખાય છે, આકુળતા દેખાય છે. સાંભળ તો ખરો. અસમાધિ અને આકુળતાનું વેદન જીવનું છે જ નહિ. રામસ્વરૂપજી! કે નહિ. આત્માનું વેદન છે ઈ? આત્મા જ્ઞાતા-દૃષ્ટા, આનંદકંદનું વેદન વિકારી હોય? તો વિકાર અને ત્રિકાળ એક થઈ જાય છે. એવી ચીજ છે નહિ. ઓહો..હો..! શું માંગીલાલજી!

વાત સમજણમાં લે નહિ કે કઈ ચીજ કયા પ્રકારે કહેવામાં આવે છે અને શું એનો ભાવ છે એનું હાર્દ ન સમજે તો શાસ્ત્ર ભણે, ભણાવે એ પોપટ જેવો છે. તોતા. પહેલા તેને યથાર્થ સમજણમાં લેવું જોઈએ. આ વાત જ અનંતકાળથી એણે (સમજણમાં) લીધી નથી. બાકી તો બાહ્ય ત્યાગ કરીને મરી ગયો.

... વ્યાજ ઉપજાવવું હોય પાંચ લાખ આપ્યા હોય અને છ આનાની.. પાંચ લાખ આપ્યા હોય .. એક દિવસનું વ્યાજ ચડાવીને પાછું વ્યાજ કરે. વાણિયા મૂકે વ્યાજે આપ્યા હોય તો? છ આનાનું વ્યાજ પાંચ લાખનું એક દિ'નું આવે. એ ચડાવીને બીજે દિ' એ વ્યાજસહિત ચડાવીને પાછું વ્યાજ કરે. તેને ચક્રવર્તી વ્યાજ કહે છે. સમજાણું? દીપચંદભાઈ! પણ દસ-દસ, વીસ-વીસ લાખ ધીર્યા હોય, આખા મહિનાનું વ્યાજ ચડે ત્યારે લે એમ હોય? દસ-દસ, પચ્ચી-પચ્ચીસ લાખનું એક દિવસનું વ્યાજ કેટલું આવે એ માથે નાખે. એ વ્યાજસહિત પૈસાનું બીજે દિવેસ પાછું છ આનાનું વ્યાજ તરીકે નાખે, એમ ત્રીજે દિવસે એમ ચક્રવર્તી વ્યાજ ચઢાવે.

અહીં ભગવાન આત્મામાં શું એની કાંઈ ખબર નથી. એમ ન ચાલે. સૂક્ષ્મ બોધના ભાન વિના એ સમ્યગ્જ્ઞાનનો પાત્ર એ જીવ હોઈ શકે નહિ. લૌકિકના ડહાપણમાં તો ઘણું મનાવે છે. આનું આમ હોય ને આનું આમ હોય ને આમ હોય. રસ છે એને.

**શ્રોતા** :- એ તો બધી સ્થૂળ વાતો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ સ્થૂળ પણ છતાં એમાં રસ છે. એય! સ્થૂળ પણ એમાં એને રસ છે. અંદર વાતું કરે કે આમ છે, રેકોર્ડિંગ આમ ચાલ્યું, ઢીકણું આમ ચાલ્યું, ફલાણું આમ ચાલ્યું, .. છોકરાઓ વાતું કરે. રેકોર્ડિંગ નીકળ્યું. શું કહેવાય? રેકોર્ડિંગ? રોકેટ આમ નીકળ્યું હતું અને એમાં ધોળો લીટો આમ નીકળ્યો ને ઢીંકણું આમ (હતું). કેટલી વાતું કરે! એમાં અજ્ઞાનનો રસ છેને.

એમ આત્માના સમ્યગ્જ્ઞાનના સૂક્ષ્મ બોધનો પ્રેમ હોય તો એને એ સમજ્યા વિના રહે નહિ. મૂળ સમજણ જ નથી કરી અનંતકાળથી. બાકી બધું કરીને મરી ગયો. જૈનનો સાધુ

થયો, પંચ મહાવ્રત પાળ્યા. સમજાય છે? નવમી ગ્રૈવેયક થાય સ્વર્ગનું એક સ્થાન. ભગવાને ઉપર જોયું છે, ત્યાં પણ અનંતવાર જીવ જઈ આવ્યો. સાધુ થઈ, પંચ મહાવ્રત પાળી, અહિંસા, બ્રહ્મચર્ય પાળી, અહિંસા પાળી, સત્યને પાળી પણ એમાં કાંઈ જન્મ-મરણ મટ્યા નહિ. કેમકે સમ્યક્ ચૈતન્યનું શું સ્વરૂપ છે એનું અંતર જ્ઞાન કર્યું નથી અને એ જ્ઞાન વિના એના જન્મ-મરણના અંત કોઈ દિ' ત્રણકાળમાં આવે નહિ. એ આવી ગયું નિર્જરા (અધિકારમાં, ગાથા-૨૦૫). '**णाणगुणेण विहीणा**' જ્ઞાનગુણના ભાન વિનાના પ્રાણી કોઈ દિ' જન્મ-મરણનો અંત કરી શકતા નથી.

કહે છે કે એ આત્મા ક્રમબદ્ધ એવા પોતાના પરિણામ, તે પોતાના પરિણામ એમાં ઊપજતો થકો દ્રવ્ય ઊપજે છે. ભાષા તો જુઓ! અલૌકિક વસ્તુ! પદાર્થ પોતે જ પોતાની પર્યાય જે થાય તેમાં એ ઊપજે છે. એને ઊપજાવનાર બીજું કોઈ તત્ત્વ નથી. અને એ પર્યાય પૂર્વના પર્યાયનું કાર્ય છે અને પછીની પર્યાયનું એ એનું એ કારણ છે. એમ કારણ-કાર્યની શ્રૃંખલા અનાદિઅનંત ચાલી જાય છે. સમજાણું કાંઈ? એ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો થકો જીવ જ છે.

બીજી રીતે નાખીએ આમાં... આ શું કહેવાય? પ્રાગભાવ અને પ્રધ્વંસાભાવ. આવે છેને છોકરાઓને? માસ્તર! જુઓ! આત્મા વસ્તુ છે. એની સમયે સમયે પર્યાય અવસ્થામાં એ ઊપજે છે. હવે એ વર્તમાન અવસ્થા છે એ પૂર્વમાં નહોતી. તો નક્કી હતું કે નહિ કે આ જ અવસ્થા પૂર્વમાં નહોતી, આજ અવસ્થા પૂર્વમાં નહોતી અને પૂર્વની આ જ અવસ્થા અત્યારે નથી. સમજાણું કાંઈ? તો કાંઈ ચોક્કસ છે કે કાંઈ નહિ? આત્મવસ્તુ જેને ચાર અભાવ વર્ણવે છેને? રવિન્દ્ર! પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ અને અત્યંતઅભાવ. તો કહે છે, એમાં આખો સિદ્ધાંત તત્ત્વજ્ઞાન છે. એમ ને એમ વાતું નથી, કાંઈ નવરા નહોતા સર્વજ્ઞ અને મુનિઓ આવી વાતું કરવા. સમજાય છે કાંઈ?

જંગલમાં રહેનાર સંતો આત્મજ્ઞાનના ચારિત્રમાં ઝૂલનારા એણે આવા સૂક્ષ્મ બોધના પડખાં પાડી અને વસ્તુની મર્યાદા શું છે એ જેમ છે તેમ જ્ઞાન જાણે તો જ્ઞાનનો પ્રતિભાસ સ્વભાવ સ્વભાવ છે. જેમ હોય તેમ (જાણવું). આડુઅવળું જાણે તે જ્ઞાન અજ્ઞાન કહેવાય અને એ જ્ઞાન અજ્ઞાન હોતાં એની શ્રદ્ધા પણ વિપરીત છે. અને શ્રદ્ધા વિપરીત થતાં એના ગમે એવા આચરણ કોઈ દયા, દાનના હિંસાના પાળતો હોય એ બધું મિથ્યાદષ્ટિમાં જાય છે. એમાં કાંઈ આત્માને લાભ થતો નથી. સમજાણું કાંઈ? કહો, મદનલાલજી! સમજાય છે? ઘણી સૂક્ષ્મ વાત છે. ત્યાં તો હતાને એ તો, રાજકોટ.

શું કહ્યું? કે આત્મવસ્તુ છે પદાર્થ આત્મા વસ્તુ, આદિ-અંત વિનાની ચીજ છેને વસ્તુ પદાર્થ? શાશ્વત છેને? કાંઈ નવો ઊપજ્યો છે? નાશ થાય એવો છે? આવા દેહ તો અનંતવાર આવ્યા અને ગયા. એ વસ્તુ કાંઈ એમાં ભળી ગઈ છે? વસ્તુ તો અનાદિઅનંત નિત્યાનંદ

પ્રભુ જુદો છે. આવ્યું નહોતું સવારમાં? શરીરનો સંયોગ નવો થયો. શરીરનું ટકવું ૨૫, ૫૦, ૬૦, ૧૦૦ વર્ષ સુધી રહે અને શરીરનું છૂટવું રહે. આત્મા જન્મે, આત્મા ટકે, આટલો કાળ અને આત્મા મરે આ કાળે એમ છે? એ તો શરીરની અપેક્ષાની વાત થઈ કે આ જન્મ્યો, શરીરનો સંયોગ થયો. શરીર આટલો કાળ ટક્યું. કેટલો ભાગ? ૭૦-૮૦ કે જે (હોય તે). એ શરીરની વાત છે. આત્મા એટલો કાળ ટક્યો છે? આત્મા તો અનાદિ-અનંત છે. એના શરીરના સંયોગની અપેક્ષાએ જન્મ, ટકવું અને મૃત્યું કહ્યું. એવો આત્મા જે પૂર્વની દશા હતી, એ વર્તમાન દશા એ પૂર્વમાં નહોતી. દીપચંદભાઈ! વર્તમાન પરિણામે ઊપજ્યો. ઊપજ્યોને? એ ઊપજ્યો એ પૂર્વના પરિણામમાં આ પરિણામ નહોતા. સમજાણું કાંઈ?

જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામથી ઊપજતો થકો, ઊપજતો થકો. તો પૂર્વે જે પર્યાય છે એ પણે આ ઊપજતો થકો એ પૂર્વમાં નહોતું. આ પરિણામે ઊપજ્યો વર્તમાન એ પૂર્વમાં નહોતું. (એટલે) આ ઊપજ્યો એ નક્કી છે અને પૂર્વમાં આ પરિણામ નહોતા પણ બીજા હતા એ પણ નક્કી છે. સમજાણું કાંઈ? અને આ પરિણામ ભવિષ્યમાં નહિ રહે તો એ પરિણામની કાંઈ ચોક્કસતા હશે કે ગમે તેવો ભાવ ગમે તેવો (હોય)? એ પરિણામ વર્તમાનમાં થયા એ પરિણામ ભવિષ્યમાં નહિ રહે, એ પરિણામ ભવિષ્યમાં નહિ રહે. આ નહિ રહે, આ નહિ રહે. આ નહોતા, આ નહોતા અને આ નહિ. સમજાણું કાંઈ? એ આત્મા વર્તમાન દશા જે એની થઈ એ પરિણામ પૂર્વમાં નહોતા એ અને આ પછીની અવસ્થામાં નહિ રહે. નક્કી થઈ ગયું એ તો. સમજાય છે કાંઈ? એ આત્મવસ્તુ વર્તમાન પરિણામ દશાપણે ઊપજતો થકો એ પરિણામ અને પરિણામી એક વસ્તુ છે. અહીં તો પૂર્વના પરિણામપણે અત્યારે નહિ હવે. એને વર્તમાન પરિણામે ઊપજતો થકો દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું?

અને ત્રીજી વાત લઈએ કે દોડતું આયત. આવે છેને? શું કહેવાય? પહેલું તો આયતસામાન્ય સમુદાય લીધું. આયતસામાન્ય સમુદાય, પછી દોડતું આયતસામાન્ય સમુદાય. દરેક દ્રવ્ય. ટીકા. અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. જે અહીં ટીકાકાર છે એ જ એ ટીકાકાર છે. આત્મા અને અનંતા પદાર્થો એનું આયત એટલે આમ અવસ્થા થાય એક પછી એક, એક પછી એક, એક પછી એક અવસ્થા—પરિણામ, એ પરિણામ આયત એટલે આમ લંબાણમાં આમ કાળ અપેક્ષાએ. તે કેવા? કે દોડતા. દોડતા એટલે ક્રમસર એકસાથે દોડતા. એમાં ક્યાંય વિસામો છે નહિ. દોડતો માણસ ક્યાંય ઊભો રહેતો હશે? તો ઈ દોડતો કહેવાય? મલુકચદંભાઈ! અમુલખભાઈ!

એમ અનંતા આત્માઓ અને અનંતા પરમાણુઓ દોડતા સમજો છો? ટીકામાં છેને અભિધાવંતિ, અભિધાવંતિ. દોડે છે. દરેક આત્મા અને દરેક પરમાણુ જેમ દોડવામાં એક પછી એક પછી એક પગલું આમ પડે ધડક.. ધડક... એમાં ક્યાંય વિસામો હોય અને એમાં ક્યાંય આડોઅવળો પગ પડે એમ હોઈ શકે નહિ. એમ દરેક આત્મા અને દરેક પરમાણુઓ, રજકણો દોડતા આયત, દોડતા આયત એટલે એક પછી એક વિસામો કર્યા વિના થતી ધારાવાહી

પરિણામની ધારા. ધારાવાહી પરિણામની ધારા. જે સમયે જે પરિણામપણે ઊપજ્યો બીજે સમયે તે બીજા પરિણામમાં ઊપજ્યો, ત્રીજા સમયે ત્રીજામાં (ઊપજ્યો). ધારાવાહી પરિણામપણે (પરિણમે છે) એમાં ક્યાંય વિસામો નથી. જડ અને ચૈતન્ય છ દ્રવ્યમાં ક્યાંય બીજો વિસામો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? અહીં તો જીવ અને અજીવ કહ્યું છેને. પછી અજીવની (વાત) આવશે. સમજાણું? કોઈ દિ' એણે જ્ઞાન સાચું શું કહેવાય (એ સમજવાની દરકાર કરી નથી). આ તો કરો ક્રિયા કરો, વ્રત પાળો, પૂજા કરો, ભક્તિ કરો અને મંદિરોમાં ધર્મ થઈ જશે. સમજાણું કાંઈ? એ તો શુભભાવ હોય, શુભભાવ થાય પુણ્યના દયા, દાનના, ભક્તિના, પૂજાના, મંદિરના શુભભાવ (થાય) એનું નામ પુણ્યબંધન છે. પણ એ ભાવ આવે ખરો જ્ઞાનીને કે અજ્ઞાનીને, પણ એનું મૂળ સ્વરૂપ જાણ્યા વિના એને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન અને ધર્મ થાય નહિ. સમજાણું કાંઈ?

તો કહે છે કે જીવ દોડતો આયત લાંબો થાય છે આત્મા કે દ્રવ્ય. લાંબુ એટલે પર્યાયપણે આમ. એક પછી એક પછી આમ ઊંચું. એક પછી એક દરેક દ્રવ્યની અવસ્થા—હાલતનો અંશ થયા જ કરે. દોડતા. એ શબ્દ જુઓને અમૃતચંદ્રાચાર્યે (કર્યો), પાઠમાં તો એવું નથી. પણ કહે છે કે દોડતું એટલે અભિધાવંતી. એક પછી એક ધાવંતી—દોડે છે આમ ધારાવાહી પરિણામ. એને તોડવા બીજો પણ સમર્થ નથી અને એને તોડવા એનું દ્રવ્ય પણ સમર્થ નથી. ભારે વાત ભાઈ! દ્રવ્ય સમર્થ નહિ? શું કહ્યું સમજાણું કાંઈ?

ભગવાન આત્મા કે પરમાણુ એક એક. આ તો ઘણા પરમાણુનો બનેલો માટીનો પિંડ છે. આ કાંઈ મૂળ તત્ત્વ નથી. એનો છેલ્લો ટૂકડો કટકા કરતા... કરતા... કરતા.. છેલ્લો ટૂકડો રહે એ પરમાણુ કહેવાય છે. એ પરમાણુને ભગવાન દ્રવ્ય કહે છે. એ દ્રવ્યમાં પણ આયત દોડતું આવે. એક પછી એક, એક પછી એક, એક પછી એક ક્રમે ક્રમે ઊપજતું એ જડ અજીવ પરિણામ ક્રમે ઊપજતું તે અજીવ જ છે. એને કોઈ નિમિત્તના સંબંધે એના પરિણામ ફરે કે એના પરિણામને નિમિત્ત કોઈ બીજી રીતે ઊપજાવે એમ ત્રણકાળમાં છે નહિ.

**શ્રોતા :-** પ્રભાવ તો પાડેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય પ્રભાવ નથી. કોણ જાણે ક્યાંથી લાકડા નાખ્યા છે. કહો, વીરચંદભાઈ! વીરચંદભાઈને તો બહુ ત્યાં કલકત્તામાં થાય છેને માથાફોડ. પ્રભાવ પાડે કે નહિ કાંઈ પ્રભાવ? પ્રભાવની વ્યાખ્યા શું?

દરેક અવસ્થાનો ધરનાર અવસ્થાયી પદાર્થ પોતાના પર્યાયને કારણકાર્યપણે પરિણમતો જાય છે. એ પ્રભાવ, પ્ર-વિશેષે ભાવ એટલે પર્યાય. એ દ્રવ્યનો પ્રભાવ એટલે વિશેષે પર્યાય. બીજો કોણ એને કરે કે આ પર્યાય તું કર અને મારાથી તારામાં અને તારામાંથી મારામાં. એ અજ્ઞાનની માન્યતા મિથ્યાભ્રમની એ ચોર્યાસીના અવતારનું એ બીજડું છે રખડવાનું. આમ બધું પાળ્યું અનંતવાર. વ્રતો અજ્ઞાની કહે, અજ્ઞાનના વ્રત. ભાન ન મળે કાંઈ. સમજાણું કાંઈ?

અહિંસા વ્રત પાળીએ છીએ. પણ હજી સાચી ચીજ વિના તારી અહિંસા આવી ક્યાંથી? કારણ કે જે વસ્તુનું સ્વરૂપ છે તેમ જ્ઞાનમાં નથી અને અજ્ઞાન છે એ અજ્ઞાન પોતે જ હિંસા છે, અજ્ઞાન પોતે જ હિંસા છે. અને સાચા તત્ત્વની સ્થિતિ દ્રવ્યની વસ્તુ ગુણની શક્તિ અને એની અવસ્થાનું ક્રમસર જે વ્યવસ્થિત (સ્વરૂપ) છે તેને યથાર્થ જાણ્યા વિના એને સત્ય આવ્યું ક્યાંથી? અમે સત્ય બોલીએ છીએ. પણ આવ્યું ક્યાંથી તારી પાસે સત્ય? ક્યાંથી લાવે? અને આવી ચીજનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વિના (કહે કે), અમે ચોરી કરતા નથી. શેની પણ? અમે આજ્ઞા વિના (કોઈ વસ્તુ લેતા નથી). પણ આજ્ઞા ભગવાનની આ છે કે વ્યવસ્થિત પર્યાય ક્રમસર ચાલે એમાં તું કોઈનો કર્તા નથી અને કોઈને કારણે તારામાં કાંઈ થતું નથી. એવી આજ્ઞાને માનતો નથી (એ) મોટી ચોરી કરે છે.

અમે બ્રહ્મચર્ય પાળીએ છીએ. એલા, બ્રહ્મચર્ય એટલે શું? કાયા વડે શરીરનું બ્રહ્મચર્ય પાળે. સાંભળ તો ખરો હવે. તારા બ્રહ્મચર્ય ક્યાં ગણતરીમાં હતા? એ શુભરાગ હોય કદાચિત્. પણ બ્રહ્મ એવો ભગવાન આત્મા એની ક્રમે ક્રમે થતી વ્યવસ્થિત દશા એનું જ્યાં સમ્યગ્જ્ઞાન અને પ્રતીતનું ભાન નથી ત્યાં તારું બધું અબ્રહ્મ પડ્યું છે. એ બ્રહ્મ એવો ભગવાન આત્મા એનાથી વિરુદ્ધભાવ બધું અબ્રહ્મચર્ય છે. સમજાણું કાંઈ? પરિગ્રહ લંગોટી રાખતા નથી. મોટો પરિગ્રહ પડ્યો છે, સાંભળને. જે વસ્તુની મર્યાદા છે એને ન માનતા મિથ્યા પરિગ્રહનો આગ્રહ જે મિથ્યાશ્રદ્ધામાં છે એ મિથ્યાશ્રદ્ધા જ મોટો પરિગ્રહ છે.

**શ્રોતા :-** ઈ જ પહેલો પરિગ્રહ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલો પરિગ્રહ છે. ઓલા નથી આવતા? શું કહેવાય? ૧૪ અને ૧૦. ૧૦ બાહ્ય અને ૧૪ અભ્યંતર એમાં મિથ્યાત્વ પહેલો પરિગ્રહ છે. મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાનું જ્ઞાન, મિથ્યાજ્ઞાન. જે રીતે આત્મા અને જડ એની શક્તિઓથી વર્તમાન પર્યાયમાં પરિણમતો પોતાની શક્તિથી (પરિણમે છે). એમાં કોઈનો અધિકાર પરનો નથી અને પરનું કાર્ય આત્મા કરી શકતો નથી. એવા હજી જ્ઞાનમાં એ વાત કેમ છે એ બેઠી નથી અને કહે કે અમે બ્રહ્મચર્ય પાળીએ (છીએ). બ્રહ્મચર્ય નથી, એ બધું અબ્રહ્મચર્ય છે. સમજાણું આમાં કાંઈ?

તેમ પરિગ્રહ નથી. આ એમ આવ્યું. પરિગ્રહ નથી મારે. .. કેટલો? પરિ પરિ-સમસ્ત પ્રકારે વસ્તુની જે મર્યાદા અને તત્ત્વનું જે સ્વરૂપ છે એ તારા જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવ્યું નથી. ઊંધી રીતે પકડ્યું છે એનું નામ મિથ્યાત્વનો મોટો પરિગ્રહ કહેવામાં આવે છે. ભલે નાગો થઈને જંગલમાં ફરે નગ્ન મુનિ તોપણ મોટો પરિગ્રહધારી છે. આ ભારે ભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે જ કે દિ'? એ જ અહીં વાત ચાલે છે. કોણ પાળતો હતો? ધૂળ? અજ્ઞાન અને મૂર્ખાઈ ભરેલા એના વ્રત અને તપ છે, બાળવ્રત અને બાળતપ. વસ્તુની

મર્યાદા જે રીતે છે, જ્ઞાનનો સ્વભાવ તો જે રીતે છે તેને ભાસવું, હવે જે રીતે છે એ તો ખ્યાલમાં આવ્યું નહિ એટલે જ્ઞાન ઊંધુ ભાસન કરે. ઊંધુ ભાસન કરે અને એને માને અને એની પક્કડ છે. એ જ મોટો મિથ્યાદષ્ટિનો મિથ્યાત્વ પરિગ્રહ (છે). એ મિથ્યાત્વ પરિગ્રહમાં પડ્યો. અત્યારે ભલે નગ્ન હોય અને સ્વર્ગમાં કદાચિત્ જાય પણ ક્રમે ક્રમે કસાયખાના માંડવાના ભાવ કરશે. સમજાય છે કાંઈ? કેમકે પદાર્થની જે વ્યવસ્થા અને વ્યવસ્થિતિ સ્થિતિ છે એનું એને જ્ઞાન જ જ્ઞેય તરીકે આ જ્ઞેય અને આ જ્ઞાન બે નક્કી થયા નથી. એટલે વિપરીતની ભ્રમના ચક્કરમાં પડ્યો છે. સમજાણું કાંઈ? એક લીટી ચાલી. પણ આ તો વસ્તુ છેને મૂળ. કહો, સમજાણું આમાં? એ તો ત્યાં રાજકોટમાં એમ ચાલતું હતું.

અહીં પૃથક્ તો દ્રવ્ય એટલે આત્મા ક્રમબદ્ધ એવા, ક્રમસર થાય એવા, ક્રમસર થાય એવા ઓલા પરિણામ. પરિણામ ક્રમસર થાય છે. સમજાણું? આડાઅવળા નહિ. શુકનચંદજી! સમજાય છે કે નહિ? ક્રમસર થાય છે.

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવ્યું? ન આવ્યું? આજે કેટલી વાર કહ્યું. ક્રમબદ્ધ નામ જે પરિણામ જે સમયે થવાના છે તે પણે આત્મા ઊપજે છે. પછી પણ જે પરિણામ થવાના છે એમાં એ ઊપજે છે. એ ક્રમસર આવે છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચાલશે. એ કહે છેને. આમ ક્રમસર (પરિણામ) થશે એવો જેને નિશ્ચય હોય તેને પરના કાર્યની દૃષ્ટિ ઊડી જાય કે હું પરનું કાર્ય કરતો નથી અને હું રાગ કરું, રાગ તો પર્યાયમાં છે અને પરિણામપણે ઊપજનારું દ્રવ્ય છે. તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં રાગનું કાર્ય મારું છે એ દૃષ્ટિ પણ ઊડી જાય છે. એ અકર્તાપણું ક્રમબદ્ધનું ફળ છે. સમજાય છે? અકર્તાપણું એ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન છે. એને માટે તો આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર શરૂ કર્યો છે. કુંદકુંદાચાર્યે એ માટે તો આ વાત લીધી છે. હવે ખબર ન મળે, જ્ઞાન કામ કરે નહિ, જ્ઞાન ઝીલે નહિ, જ્ઞાન સમજે નહિ કે આ શું? અને કામ ..નું કરવું. ત્રણકાળમાં થાય નહિ. સમજાણું આમાં?

પહેલા શબ્દમાં તો વાત છે એમાં. મૂળ વાત તો એ છે કે આત્મદ્રવ્ય ક્રમબદ્ધ એવા. એવા પણ કોણ? કે પોતાના પરિણામથી ઊપજતું દ્રવ્ય. કેટલી વાત છે! વસ્તુ આ ક્યાં સર્વજ્ઞ સિવાય વાસ્તવિક પદાર્થની દશા બીજે હોઈ શકે નહિ. ઓહો..હો..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જેમાં ઉપયોગ પહોંચી શકે નહિ એક સમયના પર્યાયને પકડવા, છતાં એના જ્ઞાનમાં એમ આવવું જોઈએ કે સમયે સમયે ક્રમે ક્રમે થતાં જે પરિણામ ક્રમસર, ક્રમબદ્ધ, ક્રમવર્તી, હારબદ્ધ જેમ સાંકળ, સાંકળ હોય ને સાંકળ? સાંકળ હોય છે ને એનો મકોડા હોય છેને મકોડા? મકોડા કહે છે? સાંકળ ૨૫-૫૦ મકોડાની હોય છે. તો જે મકોડો જ્યાં

(હોય તે) ત્યાં... ત્યાં... ત્યાં (હોય). આડોઅવળો હોય? એક પછી એક. હારનું દૃષ્ટાંત આપ્યું છે. પ્રવચનસાર ૯૯ ગાથામાં હારનું દૃષ્ટાંત આપ્યું છે. લ્યો આવી ગયું વળી. આમાંથી ત્યાં આવી ગયું. કહો, સમજાણું કાંઈ? હાર છેને હાર? મોતીનો હાર. આમ લટકતો હોં લટકતો. ઓલી વખતે રહી ગઈ કે ૯૯ ગાથા આવે ત્યારે હાર લાવે. ક્યાં ગયા શ્રીચંદજી? નહિ આવ્યા હોય. લટકતો હાર. એમાં હારમાં જ્યાં જ્યાં મોતી ત્યાં મોતી. અહીં.. અહીં... અહીં... કે આડુઅવળું હશે? આગળ-પાછળ હોય છે? અને આગળ-પાછળ કરવા જાય તો હાર રહેતો નથી, તૂટી જાય છે. તૂટી જાય છે. એમ હાર ૧૦૮ મણકાનો હોય છે. જ્યાં જે (મણકો) હોય (તે ત્યાં જ હોય). એમ ભગવાન આત્મા...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૧૦૯ થી ૧૧૨
## પ્રવચન નં. ૯૦૨, તા.૩૦-૮-૧૯૬૩
## (૧૨)

સાતમા દિવસનું અહીંયાં તપ આરાધનનું નામ છે. તપ-તપ. કાલે હતો સંયમ. સંયમ પછી તપ. તો તપ કોને કહે છે અને તપના આરાધનનું સ્વરૂપ કહે છે. જુઓ.

कर्ममलविलयहेतोः, बोधदृशा तप्यते तपः प्रोक्तम्।
तद्द्वेधा द्वादशधा, जन्माम्बुधियानपात्रमिदम्।।९८।।
(पद्मनंदी पंचविंशतिका, धर्मोपदेशामृत अधिकार)

સમ્યગ્જ્ઞાનરૂપી નેત્રને ધારણ કરનારા સાધુ. પહેલા ઈ છે. સમ્યગ્જ્ઞાન. હું તો વિકલ્પ, પુણ્ય-પાપના ભાવથી ભિન્ન મારી ચીજ ચૈતન્યસૂર્ય છે. એવું અંતરમાં સમ્યગ્જ્ઞાનપૂર્વક, એવા ભાનપૂર્વક. એવું જ્યાં જ્ઞાન નથી ત્યાં તપાદિ વ્યવહારથી કરે છે એ તો બધું લાંઘણમાં જાય છે. સમ્યક્ ચૈતન્યનો અનુભવ, હું ચૈતન્ય આનંદ છું એવા સમ્યગ્જ્ઞાન-નેત્રથી આત્માને જોવો, એવા નેત્રને ધારણ કરનાર સાધુ દ્વારા કર્મરૂપી મેલને દૂર કરવા માટે. કર્મરૂપી મેલને દૂર કરવા માટે. કોઈ આશા, કાંઈ મેળવવું, લેવું નથી. જે અંતરમાં સ્વરૂપની લીનતા, આનંદની શુદ્ધતા પ્રગટ થાય છે તેને તપ કહે છે. કહો, સમજાણું કાંઈ? તપ્ત થાય તેને તપ કહેવામાં આવે છે. પ્રતતંતી ઈતિ તપઃ. જેમ સોનું ગેરુથી. ગેરુ હોય છેને ગેરુ?

**શ્રોતા** :- ગેરુ લગાવી દે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લગાવે છે તો સોનામાં ઓપ—ચમક આવે છે. એમ ભગવાન આત્મા સમ્યક્ ચૈતન્યમૂર્તિના અંતર અનુભવનું જ્ઞાન કરીને પછી એમાં એકાગ્રતાની ઈચ્છા નિરોધરૂપ અમૃતના સ્વભાવને ઉછાળવો, અંતર પર્યાયમાં ઈચ્છા નિરોધરૂપ સ્વભાવની જાગૃતિ કરવી તેનું નામ ભગવાન તપ કહે છે. કહો, શોભાલાલજી! આમાં અપવાસ-બપવાસ ક્યાં આવ્યા? એ આવશે અંદર કથનમાં, એ છોડી દેવું. સમજાણું કાંઈ? એ સ્વરૂપ આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદનું પહેલા જ્ઞાન કરીને પછી લીન થવું અને આત્મા શાંતિની શોભાથી ઓપે એવી દશાને તપ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એ બાહ્ય-અભ્યંતર ભેદથી બે પ્રકારનું છે. અનશનાદિ ભેદ છે. એ તપ જન્મરૂપી સમુદ્રથી પાર થવા માટે જહાજ સમાન છે. એ મૂળ શ્લોકમાં પદ છે માટે (લીધું છે). એ તપ, જન્મરૂપી સમુદ્ર ચોર્યાસી લાખના અવતાર એને પાર કરવા માટે વહાણ—જહાજ-જહાજ (સમાન

છે). આત્મા અતીન્દ્રિય આનંદમાં લીન થવાથી જન્મ-મરણનો નાશ થવાનું એ તપને જહાજ સમાન કહેવામાં આવે છે. એકલા અપવાસ આદિ કરવા એ નહિ. એ તો વિકલ્પ છે. કદાચિત્ હોય તો પુણ્ય બંધાશે. અંતર આનંદમાં લીન થઈને આત્માની ઓપિત, શોભિત દશા પ્રગટ કરવી એનું નામ તપ કહે છે. લ્યો! એના ભેદ છે પછી વિશેષ. ૯૯.

कषायविषयोद्भट, -प्रचुरतस्करौधो हठात्;
तपः सुभटताडितो, विघटते यतो दुर्जयः।
अतो हि निरूपद्रवः, चरति तेन धर्मश्रिया;
यतिः समुपलक्षितः, पथि विमुक्तिपुर्याः सुखम्।।९९।।

જે ક્રોધ, માન, માયા, લોભી કષાયો અને પંચેન્દ્રિયના વિષય એ ઉદભટ્ટ નામ ચોર છે. પોતાની શુદ્ધ સંપદાના લુટારા છે.

**શ્રોતા** :- શુભભાવ પણ લુટારો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શુભભાવ પણ પોતાની શાંતિનો લુટારો છે.

**શ્રોતા** :- એમાં ક્યાં લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં છે જુઓ, કષાય. શુભભાવ પણ કષાય છે. સમજાણું કાંઈ? પાઠમાં છેને. કષાય વિષય ઉદ્ભટ્ટ પ્રચુર ચોર. એમ ઘણી કઠિનતાથી જીતી શકાય છે. વિકલ્પ જે પુણ્ય-પાપનો, વિષય-કષાયનો ચોર છે એ ઘણી કઠિનતાથી, આત્માનો અંતર આશ્રય લેવાથી આનંદની અંકુર દશા ફૂટવાથી એને જીતી શકાય છે, નહિતર જીતી શકાતું નથી. જોકે તપરૂપી સુભટ દ્વારા બળપૂર્વક ત્રાડિત થઈને. ત્રાડિત, પ્રહાર કરીને નષ્ટ થઈ જાય છે. એ તપ આ હોં! શેઠી! પોતાનું સ્વરૂપ અખંડ નિર્વિકલ્પ આનંદ છે એમાં લીન થઈને અતીન્દ્રિય આનંદના સ્વાદનો ઉગ્ર અનુભવ થવો તેનું નામ ભગવાન તપંતિ પ્રતપંતિ ઈતિ તપઃ તેને તપ કહે છે. રાજારામજી! બધી વ્યાખ્યા જ જુદી છે. બઢિયા વ્યાખ્યા છે?

**શ્રોતા** :- એ જ સાચી વ્યાખ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ સાચી છે. બાકી બહારના વિકલ્પ ઊઠે છે અને ત્યાગાદિ, આહારાદિ હોય એ તો એને કારણે થાય છે, એમાં પોતાને શું આવ્યું? વિકલ્પ શુભ આવે છે એ પણ ચોર છે. પોતાની આનંદ સંપદાને લૂંટનારો છે. એવી અંતર દૃષ્ટિ સમ્યક્ કરીને સ્થિર થવું તેનું નામ તપ કહેવામાં આવે છે.

તેથી તપથી ધર્મરૂપ લક્ષ્મીથી સંયુક્ત સાધુ. જુઓ, પાછુ ધર્મરૂપ લક્ષ્મીથી સંયુક્ત છે. પોતાનો દસલક્ષણી ધર્મ અંતરમાં ક્ષમા આદિ ઉત્તમ સમ્યગ્દર્શનપૂર્વક એવા લક્ષણથી સંયુક્ત સાધુ મુક્તિરૂપી નગરીના માર્ગમાં સર્વ પ્રકારના વિઘ્ન બાધાથી રહિત થઈને સુખપૂર્વક ગમન કરે છે. આવા વિષય અને કષાયનો ચોર, સ્વભાવની એકાગ્રતા કરીને બાધાનો નાશ કરીને સુખે સુખે મોક્ષ નગરીમાં ચાલ્યા જાય છે. સમજાણું કાંઈ? પછી એનું દૃષ્ટાંત આપ્યું છે.

૧૦૦.

मिथ्यात्वादेः, यदिह भविता, दुःखमुग्रं तपोभ्यो;
जातं तस्मादुदककणिकैकेव सर्वाब्धिनीरात्।
स्तोकं तेन, प्रभवमखिलं कृच्छलब्धे नरत्वे;
यद्येतर्हि, स्खलति तदहो, का क्षतिर्जीव ते स्यात्।।१००।।

આહા..હા...! અહો..! લોકમાં મિથ્યાત્વાદિ નિમિત્તથી તીવ્ર દુઃખ પ્રાપ્ત થવાનું છે. જેની માન્યતા વિપરીત છે, વિપરીત છે એનું તીવ્ર દુઃખ પ્રાપ્ત થવાનું છે, ભવિષ્યમાં નરક અને નિગોદ (પ્રાપ્ત થશે). એની સરખામણીમાં તપથી ઉત્પન્ન થયેલું દુઃખ એટલું અલ્પ હોય છે.. અહીં તો એક સાધારણ નામ, નામ દુઃખ હોં! શ્રીમદ્દે કહ્યું છે ને. 'અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા, અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા.' એ શ્રીમદ્ રાજચંદ્રે ૧૬ વર્ષે કહ્યું. ૧૬. નાની ઉંમરથી જાતિસ્મરણ હતું. 'અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા, અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા.' પછી શું આવે છે? 'ઉઘાડ ન્યાયનેત્રને નિહાળ તું નિહાળ રે. નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તુ.' ૧૬મા વર્ષે કહે છે શેઠ! ૧૬ વર્ષે.

અરે! અનંત દુઃખ સંસારના. એમાં આત્મામાં જરી ઈચ્છા નિરોધ કરીને સંયમ સમ્યગ્દર્શનપૂર્વક પાળવું એ તો નામ દુઃખ છે, નામ દુઃખ છે. 'અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા.' ત્યાં પ્રેમ ન કર્યો અને અનંત દુઃખ સંસારના વિષય-ભોગ આદિમાં મહા દુઃખ. 'નામ સુખ' કથનમાત્ર સુખ છે. 'ત્યાં પ્રેમ ત્યાં વિચિત્રતા.' ત્યાં ઘણો પ્રેમ છે. 'ઉઘાડ ન્યાય નેત્ર' અરે! ન્યાયનેત્ર તો ખોલ. અંતરના ન્યાય નેત્રથી જો. 'નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.' બાળ સમજો છો? જલાના. એ પ્રવૃત્તિ શુભાશુભ પરિણામને બાળી નાખ. ચંદુભાઈ! ૧૬ વર્ષે કહ્યું ૧૬ વર્ષે. નવરંગભાઈ! ૧૬ વર્ષ એટલે? ૧૬ વર્ષની ઉંમરે. ૧૦ અને ૬માં એ કહ્યું. મોક્ષમાળા બનાવી છે ૧૦૮ પાઠની અને એમાં એક પાઠમાં અને પહેલા તો આ ભાવનાબોધ બનાવ્યું છે. ભાવનામાં પણ પહેલા થોડું ઈ બનાવ્યું. એમાં શ્લોક બનાવ્યા કે અરે! જીવ શું કરે છે? સોળ વર્ષે પૂર્વનું જાતિસ્મરણ હતું. નાની ઉંમરથી. રાજચંદ્રજી. હમણાં દેહ છૂટી ગયો. ૫૭. સંવત્ ૧૯૫૭. મોતીલાલજી! એટલી આત્મામાં તાકાત છે કે નહિ?

તો કહે છે કે લોકમાં મિથ્યાત્વ આદિના નિમિત્તે જે તીવ્ર દુઃખ થાય છે એ અપેક્ષાએ, અંતર સંયમ આત્મજ્ઞાન-દર્શનપૂર્વક સંયમસહિત ઈચ્છાનો નિરોધ કરે એ દુઃખ અલ્પ હોય છે. સમુદ્રના સંપૂર્ણ જળની અપેક્ષાએ એક બિંદુ (સમાન છે). એ તો નામમાત્ર કહ્યું. નામમાત્ર. એ તપથી બધું સમતા આદિ આવિર્ભૂત થાય છે. આત્માના આનંદમાં ઝૂલતા ઘણી સમતા આદિ પ્રાપ્ત થાય છે. હે જીવ! છે ને? છે ને? એ કૃષ લબ્ધિ, કૃષ લબ્ધિ છેને. આ કષ્ટથી

પ્રાપ્ત મનુષ્યપર્યાય. આવી મનુષ્યની પર્યાય મહાકષ્ટથી મળી છે. કષ્ટ નામ અનંત કાળે દુર્લભ મળી છે. ત્યાગ હોવા છતાં જો તું તપથી ભ્રષ્ટ થાય છે, પોતાની શાંતિથી ભ્રષ્ટ થાય છે તો તારી કઈ હાનિ થશે એ જાણે છે? શું હાનિ થશે એ જાણે છે? આ અવસ્થામાં તારું બધું નષ્ટ થઈ જવાનું છે. જો અંતરમાં શાંતિ અને આવા તપ, આનંદ આદિ પ્રગટ ન કર્યા તો બધું તારું મનુષ્યપણું આદિ, પંચેન્દ્રિયપણું બધું નષ્ટ થઈ જશે. અને તારી આત્મલક્ષ્મી લૂંટાઈ જશે. માટે આત્માના સમ્યગ્જ્ઞાન, દર્શનપૂર્વકની વાત છે. હોં! આમ એકલા કષ્ટ સહન કરે અને અપવાસ કરે એને તો તપ-બપ કહેતા નથી. સમ્યગ્જ્ઞાન નેત્ર પહેલું લીધું હતું. પહેલા શબ્દમાં ઈ હતું. આવા તપને તપ કહે છે. લ્યો! સાતમો દિવસ થયો સાતમો. ત્રણ દિવસ બાકી રહ્યા. ત્યાગ. છેને? અકિંચન, બ્રહ્મચર્ય. ત્રણ દિવસ રહ્યા.

હવે આપણે અહીંયાં ચાલ્યું સમયસાર. મૂળ વિષય. ક્યાં સુધી આવ્યું છે? શેઠી! ખબર છે? ખબર નથી, ઠીક! ભૂલી ગયા. ભારે ભાઈ! મહેન્દ્રભાઈ દીકરો છે એ ભૂલી જાવ છો? મીઠા માણસ છેને. જુઓ, શું કહે છે? બીજો પેરેગ્રાફ ફરીથી, ફરીથી બીજો પેરેગ્રાફ. પહેલા પેરેગ્રાફમાં એમ કહ્યું, ભગવંત! આત્માનો ચૈતન્યસૂર્ય સ્વભાવ, પ્રકાશનો બિંબ પ્રભુ, એ મિથ્યાત્વ, અવ્રત આદિ ત્રણ ગુણસ્થાનના ભેદ એ અંધકારને કરનાર આત્મસ્વભાવ નથી. સમજાણું કાંઈ? એ અંધકાર છે. તેર ગુણસ્થાન અંધકાર છે. અત્યંત અચેતન કહ્યુંને? એનો કરનાર નથી. આત્માનો જાણવા-દેખવાનો અંતર સ્વભાવ છે તેને ભૂલીને જે તેર પર્યાય થાય છે, તેને કરનાર અચેતન પુદ્ગલ કરનાર છે, આત્મા નહિ. આત્મા ચૈતન્યસૂર્ય છે.

'**અહીં આ તર્ક છે કે પુદ્ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો)...**' ભલે આપ પુદ્ગલ કહો, પણ આત્મા ભોગવે છે એમ અમને લાગે છે. તમારી વાત કબુલ છે પુદ્ગલમય એમ કહીને. મિથ્યાત્વાદિને ભોગવતો. એ મિથ્યાત્વ, રાગ-દ્વેષ આકુળતા તો પોતાની પર્યાયમાં અનુભવાય છે તો આત્મા જ એને ભોગવનાર દેખાય છે. '**જીવ પોતે જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્ગલકર્મને કરે છે.**' એ ભોગવનાર જીવ સ્વયં મિથ્યાત્વાદિને કરે છે. ભોગવતો નથી એ મિથ્યાત્વાદિને કેમ કરે? એમ પ્રશ્ન કર્યો.

'**(તેનું સમાધાન :—) આ તર્ક ખરેખર અવિવેક છે,...**' સાંભળ! તારી ચીજમાં વિકારને ભોગવવું એ સ્વરૂપમાં છે જ નહિ. અચેતન વિકારને વેદવું ચૈતન્યસૂર્યમાં છે જ નહિ. ભગવાનજીભાઈ! આહા..હા...! '**કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી...**' એ આત્મા ભાવક થઈને એ વિકારી પર્યાયના ભાવ્યને ભોગવે તેનો અભાવ છે. એવું આત્મામાં છે જ નહિ. ભગવાન ચૈતન્યસૂર્ય બિંબ આત્મા આનંદકંદ છે. એ આનંદ અતીન્દ્રિયમૂર્તિ અચેતન તેર ભાગનો ભાગ અંધકારને કઈ રીતે ભોગવે? ઓહો..હો..! પ્રકાશ, અંધકારને શું કામ પ્રવેશ કરવા દે? પ્રકાશમાં અંધકાર ક્યાંથી આવ્યો? અને અંધકાર પ્રકાશમાં કેવી રીતે પ્રવેશે? એમ ભગવાન આત્મા એ ચૈતન્યસૂર્ય છે. સમજાય છે કાંઈ? શેઠ! એ તારણસ્વામીમાં પણ આવ્યું

છે એક ઠેકાણે. ચૈતન્યસૂર્ય એમ લીધું છે. ચૈતન્યસૂર્ય. એ તો ઠેકઠેકાણે અહીંયાં તો સમયસારમાં (આવે છે). ચૈતન્યસૂર્ય અંદર મોટો પ્રકાશ પડ્યો છે. આ રૂપી સૂર્ય છે પરમાણુ. ચૈતન્ય પ્રકાશનો સૂર્ય છે એ અંધકારને ક્યાંથી વેદે? ઓહો..!

**'આત્મા નિશ્ચયથી પુદ્ગલ દ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ નથી,...'** એ વિકારને આત્મા ભોગવતો જ નથી. એ તો જડ છે જડ. આહા..હા...! **'તો પછી પુદ્ગલકર્મનો કર્તા કેમ હોય?'** એને ઉત્તર આપ્યો. જ્યારે મિથ્યાત્વાદિ ભાવ ચૈતન્યસૂર્ય વેદતો જ નથી. તો વેદતો નથી તો અચેતન મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો કર્તા ક્યાંથી થાય? વેદે તો કર્તા થાય. વેદતો જ નથી તો કર્તા ક્યાંથી થાય? શેઠી! ઓહો..હો..!

**શ્રોતા** :- અજ્ઞાનમાં તો વેદે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અજ્ઞાનમાં વેદે છે એ જીવ નહિ, એ અણાત્મા છે. નિશ્ચય સ્વભાવની અપેક્ષાએ તેને અણાત્મા કહ્યો છે, તેને જડ કહ્યો છે. સમજાણું કાંઈ? એકલું અજ્ઞાન અને રાગ-દ્વેષનું વેદવું છે તો જીવની પર્યાયમાં પણ એ અણાત્મા છે. આનંદકંદનું સ્વરૂપ એ આત્મા છે. ચૈતન્યસૂર્ય અને આનંદ એ આત્મા છે. એ અંધકાર આત્મા નથી. નિશ્ચયથી તેને વ્યવહારથી આત્મા કહો પર્યાયથી. નિશ્ચયથી તે અણાત્મા છે, આત્મા નથી. ઓહો..! મોતીલાલજી! આહા..હા...! વાત શું છે એ સાંભળી નથી.

**'માટે એમ ફલિત થયું કે—'** જુઓ, ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. **'માટે એમ ફલિત થયું કે...'** એ માટે ચોક્કસ સિદ્ધાંત નક્કી થયો કે **'જેથી પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્ય પ્રત્યયોના ભેદરૂપ...'** એ પુદ્ગલદ્રવ્યના ચાર ભેદ. મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ અરૂપી વિકાર એ પુદ્ગલ દ્રવ્યમય છે. આહા..હા...! છે તો અરૂપી વિકાર પર્યાય હોં! પણ ચૈતન્યનું કાયમી સૂર્યની અપેક્ષાએ તેને પુદ્ગલ કહેવામાં આવે છે.

**શ્રોતા** :- પ્રકાશમાં અંધકારની અપેક્ષા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, પ્રકાશમાં અંધકાર નથી, અંધકારમાં પ્રકાશ નથી. ઓહો..હો..!

**'માટે એમ ફલિત થયું કે—જેથી પુદ્ગલદ્રવ્યમય ચાર સામાન્ય પ્રત્યયોના...'** ચાર પ્રત્યય એટલે આસ્રવ. સમજાણું કાંઈ? આ તો આસ્રવ પુદ્ગલ છે. ઓહો..હો..! શુભ-અશુભભાવ, દયા-દાનના ભાવ, મુનિના મહાવ્રતનો ભાવ એ બધું પુદ્ગલ છે. ચૈતન્યસૂર્ય નહિ, પ્રકાશપુંજ નહિ. એ પ્રકાશનો અંશ એમાં આવતો નથી. એ તો અંધકારમય છે. ઓહો..હો..! એ **'સામાન્ય પ્રત્યયોના...'** સામાન્ય નામ સંક્ષેપમાં કહેવાતો આશ્રય તેના ભેદરૂપ ચાર, એના તેર ભેદ. પહેલા પુદ્ગલ કહ્યું હતું ને એક આસ્રવ. એના ભેદ ચાર, એના ભેદ તેર. એ વિશેષ પ્રત્યય, વિશેષ આસ્રવ, વિશેષ આસ્રવ. એ મિથ્યાત્વ આસ્રવ, વિપરીત શ્રદ્ધા આસ્રવ, અવ્રત આસ્રવ, પ્રમાદ આસ્રવ, કષાય આસ્રવ, યોગ આસ્રવ. પ્રમાદને અહીંયાં કષાયમાં ભેળવી દીધો છે. પેલા ચારના **'તેર વિશેષપ્રત્યયો કે જેઓ 'ગુણ' શબ્દથી કહેવામાં**

આવે છે...' ગુણ શબ્દે ગુણસ્થાન. ગુણસ્થાન. તેર ગુણસ્થાન. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ આદિના ભેદ છેને. **'તેઓ જ કેવળ કર્મોને કરે છે,...'** એ તેર ગુણસ્થાન જ કર્મને કરે છે. ભગવાન આત્મા તો ચૈતન્યસૂર્ય પડ્યો છે અનાદિ અનંત અખંડાનંદ પ્રભુ સૂર્યની ડગળી ચૈતન્યની પડી છે તે એ તેરનો કર્તા નથી. તેરનો કર્તા પુદ્‌ગલ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ અવગુણ છે એ આત્મા નથી.

**શ્રોતા :-** તો પછી અવગુણને ગુણ કેમ કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અવગુણ નહિ, ગુણસ્થાન કહ્યું એ તો. પેલા ગુણ નહિ. ગુણસ્થાનની પર્યાયનો ભેદ. ગુણ એ અહીંયાં ગુણ નથી. ચૌદ ગુણસ્થાન કહે છેને? ગુણસ્થાન એટલે ગુણસ્થાનના ભેદો. પર્યાયના એ ભેદ છે વિકલ્પ ને વિકાર ને કંપન્ન ને એ બધા. એ **''ગુણ' શબ્દથી કહેવામાં આવે છે તેઓ જ કેવળ કર્મોને કરે છે,...'** ગજબ વાત છેને! આહા..હા...! એ વિભાવ એ પુદ્‌ગલ. સમજાણું કાંઈ? એમાં કોઈ ફેર નથી.

**'તેઓ જ કેવળ કર્મોને કરે છે, તેથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે,...'** જુઓ, ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી સૂર્ય, અતીન્દ્રિય આનંદનો ગાંગડો એવો પ્રભુ આત્મા છે તે તેર ગુણસ્થાન પુદ્‌ગલ એનો અકર્તા છે. **'જીવ પુદ્‌ગલકર્મોનો અકર્તા છે,...'** પરંતુ એ ગુણ નામ ગુણસ્થાન. કૌંસમાં છેને. ગુણસ્થાન. અવગુણસ્થાન એ ગુણસ્થાન નામ છે. **'અને તે ગુણો તો પુદ્‌ગલદ્રવ્ય જ છે;...'** જુઓ! એ ગુણસ્થાન તો પુદ્‌ગલદ્રવ્ય જ છે. આહા..હા...! સયોગી કંપન્ન ગુણસ્થાન પુદ્‌ગલ જડ દ્રવ્ય અચેતન છે. ભગવાન તો સૂર્ય ચૈતન્યમૂર્તિ આત્મા છે. એવી દૃષ્ટિ કરો, એવું જ્ઞાન કરો, એમાં રમો એમ કહે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિભાવ પુદ્‌ગલદ્રવ્ય છે. વિભાવ પર્યાય પુદ્‌ગલદ્રવ્ય જ છે. તેને છોડીને એકલો આત્મા આનંદકંદ શુદ્ધ ચૈતન્યસૂર્ય છે તેની દૃષ્ટિ કરવી અને તેમાં લીન થવું એ તારું આચરણ છે. તેર ગુણસ્થાનનો પણ કર્તા આત્મા નથી. ઉડાવી દીધું. મિથ્યાત્વનો કર્તા આત્મા નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

એ તેર ગુણસ્થાન તો પુદ્‌ગલદ્રવ્ય જ છે. 'જ' છે. નિશ્ચયથી તો 'જ' જ છે. કોઈ એમ કહે કે ગુણસ્થાન પર્યાયથી પોતાના છેને. એમ કહોને વ્યવહારથી પોતાના છે, નિશ્ચયથી તો પુદ્‌ગલદ્રવ્યના જ છે. **'તેથી એમ ઠર્યું કે પુદ્‌ગલકર્મનો પુદ્‌ગલદ્રવ્ય જ એક કર્તા છે.'** એ તેર ગુણસ્થાન પુદ્‌ગલદ્રવ્યનો પુદ્‌ગલ જ કર્તા છે. આહા..હા...! વાત સાંભળવામાં આમ લાગે કે આ તે શું કહે છે આમાં? જીવ પણ નહિ? રાગ-દ્વેષ જીવ નહિ? પુણ્ય-પાપ જીવ નહિ? આહા..હા...! એ ચર્ચા થઈ હતી એક.

**શ્રોતા :-** વ્યવહારથી તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારનો અર્થ એ છે કે પરમાર્થથી નથી. સમજાણું કાંઈ?

એ ચર્ચા થઈ હતી એકવાર. શેઠિયા, એ શેઠિયા છેને સરદારશહેરના? તુલસીની સાથે. છેને તેરાપંથીના તુલસી? ચર્ચા થઈ હતી. એમાં પ્રશ્ન ઘણાં ઉઠ્યા. ચાર દિવસમાં ત્રણસો પ્રશ્ન. શેઠિયા. એમાં એક પ્રશ્ન એવો લીધો. એ તો મોટા સાધુ હતા. જોયા છે કે નહિ? તુલસીને નથી જોયા? તેરાપંથી છે. શેઠિયાએ એક પ્રશ્ન કર્યો કે આસ્રવ જીવ છે કે અજીવ? તો એમાં લખ્યું છે કે જીવ છે. એમાં છે. શ્વેતાંબર શાસ્ત્રમાં એમ છે કે આસ્રવના પરિણામ જીવ છે. જીવ? ઠીક. પહેલેથી કહી દીધું હતું એને કે ફેરફાર હશે તો પછી અમે નહિ છંછેડીએ. છોડી દઈશું, વાત છોડી દીધી. બીજાનું અપમાન કરવાનું કામ નથી. આ તો સમજાવાની વાત છે કે ભાઈ, આસ્રવ જીવ છે.

તો બીજો પ્રશ્ન કર્યો. આસ્રવ જીવ છે તો જીવની સાથે અભેદ છે કે ભેદ? શેઠિયાએ પ્રશ્ન કર્યો. હવે એમ તો બુદ્ધિવાળા તો હોય ને સામાવાળા પણ. જો અભેદ કહીશ તો સિદ્ધમાં નથી, ભેદ કહીશ તો આપણી શ્રદ્ધા નહિ રહે. આહા..હા...! શેઠી! ભગવાન આત્માથી પુણ્ય-પાપ, મિથ્યાત્વ, રાગ-દ્વેષ, આસ્રવ જો હું આત્માથી ભિન્ન કહીશ તો શાસ્ત્રમાં તો અભિન્ન ચાલ્યું છે, આત્માના પરિણામ ચાલ્યા છે અને એના ગુરુ પણ એમ ચલાવતા આવ્યા છે કે જીવ જ છે, આસ્રવ જીવ જ છે, આસ્રવ જ જીવ છે. જો અભેદ કહું તો એ ટળી જાય છે. સિદ્ધમાં તો છે જ નહિ. અભેદ હોય તો નીકળે ક્યાંથી? સમજી ગયા. પછી શેઠિયાએ વાત છોડી દીધી. વાત છોડી દીધી. ખ્યાલમાં આવી ગયું એને.

આ ચીજ એવી છે મોટા મોટા પંડિત કે ત્યાગી થઈ જાય તોપણ આ ચીજ સમજાય એવી નથી. એવો મોટો ત્યાગ કરે, અનંતવાર કર્યો પણ વસ્તુની ખબર નથી. એક ચૈતન્યસૂર્યમાં વિકારનો આસ્રવ વ્યવહારથી કથંચિત્ પર્યાયમાં છે તેથી પોતાનો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો વ્યવહારથી અભેદ પર્યાયદૃષ્ટિથી કહેવામાં આવે છે. નિશ્ચયથી ભેદ છે દ્રવ્યદૃષ્ટિથી એમ જાણવું જોઈએ. શેઠી! પર્યાયદૃષ્ટિથી, અંશદૃષ્ટિથી, વર્તમાનદૃષ્ટિથી જુઓ તો પર્યાય એનો છે તો વ્યવહારથી કથંચિત્ પોતાનો છે. પરમાર્થ દૃષ્ટિથી જુઓ તો અભેદ છે જ નહિ. ભેદ જ છે, ભિન્ન જ છે. આહા..હા...! ભિન્ન જ છે.

**શ્રોતા :-** ક્યારે ભિન્ન છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનાદિ અનંત ભિન્ન છે. આહા..હા...! વાત ચાલતી નથી ને એટલે લોકો એમને એમ ચાલો કરો ધર્મ કરો, ધર્મ કરો, ધર્મ... લ્યો! સમજાણું કાંઈ? સમજ્યા વિના.

તો કહે છે, કેટલી ક્રિયા કરે બહારની. આમ ખાવું, આમ પીવું. આ મૂળ તત્ત્વની તો ખબર ન મળે. મૂળ ચીજ શું છે? અહીં કહે છે કે ચૈતન્યપ્રભુ આત્મા, એનાથી આસ્રવ નિશ્ચયથી ભિન્ન છે, ભિન્ન છે. એ ભિન્ન જડ જ છે. આત્મા ચૈતન્યસૂર્ય એ જ આત્મા

અને પરમાનંદ મૂર્તિ પ્રભુ આત્મા કહે છે. આસ્રવને જીવ કહેવો એ તો પર્યાયદૃષ્ટિથી વ્યવહારથી કહેવામાં આવે છે, પરમાર્થથી નથી. એ તો જીવના પરિણામ છે, પરિણામ જીવના છે, આસ્રવ જીવના પરિણામ છે. હવે જીવથી ભિન્ન છે એમ તો કહી શકે નહિ. કારણ કે એની દૃષ્ટિમાં નથી. એના ગુરુએ પણ કીધું નથી. હવે શું કરવું? આ ચીજ એવી છે પ્રભુ! કાંઈ એવી ચીજ નથી કે સાધારણ સમજ્યા વિના, શ્રદ્ધા વિના, અંતરના અનુભવ વિના મળી જાય. સમજાણું કાંઈ?

એક સમયમાં પ્રભુ ચૈતન્ય, કહે છે કે ગુણસ્થાનના તેર ભેદ એ પુદ્ગલ પુદ્ગલ જડ અત્યંત અચેતન એનો કર્તા પુદ્ગલ છે, આત્મા નહિ. આત્મામાં છે જ નહિ. તેર ગુણસ્થાનના ભેદ ભગવાન ચૈતન્યસૂર્યમાં નથી. શું ચૈતન્યસૂર્યમાં અચેતન પ્રવેશ કરે? એ તેર તો અચેતન ભાગ છે, અચેતનમાં શું ચૈતન્યસૂર્ય આવી જાય છે? કહો, રતિભાઈ! આહા..હા...!

એક વસ્તુ સ્વરૂપ તદ્દ્ન ભિન્ન ચૈતન્યસૂર્યની દૃષ્ટિ કરો એમ કહે છે. બિલકુલ સંસારની ગંધ સ્વભાવમાં નથી. સંસાર સ્વભાવમાં છે જ નહિ. સંસાર કહો કે વિકલ્પ કહો, આસ્રવ કહો કે ઉદયભાવ કહો. એ અચેતન આત્માથી તદ્દ્ન ભિન્ન છે. આ બાયડી, છોકરા સંસાર નહિ. કષાયભાવ પ્રમાદભાવ, મિથ્યાત્વભાવ જે સંસાર એ આત્માના સ્વભાવમાં નથી.

**શ્રોતા :-** બાયડી-છોકરા ક્યાંથી હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાંથી હોય? કોઈ કહે છેને કે સંસાર છોડીને બેઠા ભાઈ. સ્ત્રી, કુટુંબ હતા, બધું છોડીને બેઠા છે. ક્યાં તારા હતા તે છોડીને બેઠો? આવું ક્યાંથી લાવ્યો? તારા છે જ નહિ ને છોડીને બેઠો એ ક્યાંથી લાવ્યો? તારી પર્યાયમાં મિથ્યાત્વભાવ, પ્રમાદભાવ, કષાયભાવ, પુણ્યભાવ એ સંસાર છે. એની પહેલા રુચિ કર કે એ મારામાં નથી. તો રુચિથી સંસાર છૂટી ગયો. પહેલા હું શુદ્ધ ચિદાનંદમૂર્તિ છું એવી દૃષ્ટિ કરીને પુણ્ય-પાપના ભાવ જે સંસાર છે એ દૃષ્ટિમાંથી છૂટી ગયા. પછી સ્વરૂપની સ્થિરતા કરવાથી અસ્થિરતા પણ છૂટી જાય છે ત્યારે કેવળજ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, આ તો કહે બાયડી, છોકરા છોડ્યા. ઓહો..હો..! ઘરે બાયડી, છોકરા, બધું હામ, દામ ને ઠામ હતું ભાઈ. બધું છોડીને ત્યાગી થયો. ધર્મનો ત્યાગી થયો. સાંભળ તો ખરો. શેઠ! કડક તો છે હોં! વાત કડક તો લાગે. સમજાણું કાંઈ? આહા..હા...! બાયડી, છોકરા, છતી ઋદ્ધિ, હામ, દામ, ઠામ, પૈસા, કુટુંબ બધું છોડીને બેઠા છે. મહાત્યાગી, ધર્મનો. કેમ? એ નિયમસારમાં કહે છે કે જેની દૃષ્ટિમાં રાગ મારો છે, પુણ્ય મારું છે, વિકલ્પ મારો છે એવી માન્યતા છે એ ધર્મનો ત્યાગી છે અને મોહનો ભોગી છે. મોહનો ભોગી છે એ ત્યાગી દેખાય, પણ ભગવાન કહે છે કે એ ભોગી છે. ઓહો..હો..! અને ગૃહસ્થાશ્રમમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ, પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ છે, જ્ઞાનાનંદ હું છું, રાગ નહિ (એવી દૃષ્ટિ

થઈ છે) એ ભોગી દેખાય છતાં એ યોગી છે, એ ભોગના ત્યાગી આત્મભોગી છે. સમજાણું કાંઈ? અને ત્યાગી થઈને પંચ મહાવ્રત પાળે. આ તો એ પણ ક્યાં છે અત્યારે તો. જેવા પંચ મહાવ્રત શાસ્ત્રએ કહ્યા એવા પાળનારા તો વ્યવહારમાં પણ અત્યારે કોઈ નથી. આવું બોલે તો કઠણ લાગે કે નહિ? શોભાલાલજી! આમાં રેકર્ડ બોલે છે લઈ જશે ત્યાં સાગરમાં. એમાં શું હરક્ત છે? એમ કે આ સાગરમાં લઈ જઈને... પંચ મહાવ્રતના પરિણામ જેને મહા શુભ કહે છે. નવમી ગ્રૈવેયકે ગયો એવા શુભ પરિણામ એવા તો અત્યારે હોતા જ નથી. પણ બીજા સાધારણ છે એ પણ ધર્મ નથી. અને ધર્મ માને છે તે ધર્મનો ત્યાગી, મોહનો ભોગી છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ. અને સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં, શ્રેણિક રાજા આદિ ધર્માત્મા, ભરત ચક્રવર્તી આદિ ઘરમાં વૈરાગી નથી આવતું? ભરત ઘરમાં (વૈરાગી). છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી. હો, એના ઘરે મારી પાસે ક્યાં છે? મારામાં ક્યાં ઘૂસી ગયા છે? વિકલ્પ ઊઠે છે એનો પણ મારામાં પ્રવેશ કર્યો નથી અને હું વિકલ્પને અડતો પણ નથી. મારો ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા એમાં તો વિકારનો ત્રિકાળ અભાવ છે. એવી અંતર અનુભવમાં દૃષ્ટિ થઈ, કહે છે કે ભોગી છતાં ત્યાગી. આહા..હા...! ભોગી છતાં ત્યાગી. આ બહારના ભોગ દેખાય છેને? રાગાદિના ભોગ છે. છતાં ત્યાગી છે. અંતરની દૃષ્ટિમાં રાગના ભોગનો ત્યાગ છે. સમજાણું કાંઈ? લ્યો! હવે કોઈ તો એમ કહે છે કે નિર્વિકલ્પ સમકિત સાતમા ગુણસ્થાને થાય છે. તો આ ગૃહસ્થાશ્રમમાં? આ તો મોક્ષમાર્ગ કહ્યો છે શાસ્ત્રમાં તો. નિયમસારમાં ભક્તિ અધિકારમાં શ્રાવક પંચમ ગુણસ્થાનવાળો સાચો ધર્મી તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભક્ત કહ્યો છે. ભક્ત નામ સ્વરૂપની ભક્તિ હોં! સ્વરૂપની અંદર પ્રતીત, જ્ઞાન અને રમણતા (થઈ) એ ભક્ત છે, મોક્ષમાર્ગનો ભક્ત છે. શ્રાવક હો ભલે. હો, બહારની ચીજ હોય, જરી રાગ પણ આવે છે, પણ રાગનો સ્વભાવમાં અભાવ છે એવી અનુભવદૃષ્ટિમાં પડ્યો છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

**શ્રોતા** :- અલૌકિક વાત છે!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અલૌકિક વાત છે?

ઈ કહે છે. આત્મા.. એ વાત છે. આત્મા એકલો શુદ્ધ સ્વરૂપનો કંદ છે ત્રિકાળ. જેમાં રાગનો સ્પર્શ નથી, રાગને આત્મા સ્પર્શતો નથી. આહા..હા..! સંસારના ઉદયને આત્મા કદી સ્પર્શ્યો જ નથી. એવી ચીજને આત્મા કહે છે. સમજાણું કાંઈ? એવા આત્માની અંતર જ્ઞાન કરીને પ્રતીતિ કરવી. હો, અસ્થિરતા આદિ ભાવ હોય, મારી ચીજમાં એ નથી. હું તો ચૈતન્યસૂર્ય બિંબ છું. એવી દૃષ્ટિ ચૈતન્યની કરાવવા તેર અચેતન જાણીને કાઢી નાખ, તારી ચીજમાં એ નથી એવી દૃષ્ટિ કરાવી છે. કહો, શેઠી! બરાબર છે? ભારે કઠણ.

**શ્રોતા** :- બહુ જ સરળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સરળ છે?

'**ભાવાર્થ :- શાસ્ત્રોમાં...**' જુઓ, શાસ્ત્રનો આધાર આપે છે. '**પ્રત્યયોને બંધના કર્તા કહેવામાં આવ્યા છે.**' આસ્રવને બંધનો કર્તા કહ્યો છેને તત્ત્વાર્થ સૂત્ર આદિમાં. પ્રત્યય એટલે આસ્રવ—મિથ્યાત્વ, અવ્રત, કષાય. '**ગુણસ્થાન પણ વિશેષ પ્રત્યયો જ છે...**' જુઓ, એ ચાર આસ્રવ જે બંધનું કારણ કહ્યું, તો ગુણસ્થાન એના ચારના વિશેષ આસ્રવો જ છે.

**શ્રોતા** :- પ્રત્યય એટલે આસ્રવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા પ્રત્યય એટલે આસ્રવ.

'**તેથી એ ગુણસ્થાનો બંધના કર્તા છે...**' આ કારણે એ તેર પ્રકારના ગુણસ્થાન એ બંધનું જ કારણ છે. '**અર્થાત્ પુદ્ગલકર્મના કર્તા છે.**' અર્થાત્ એ તેર પુદ્ગલકર્મના કર્તા છે. '**વળી મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો કે ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્ગલદ્રવ્યમય જ છે, તેથી એમ સિદ્ધ થયું કે પુદ્ગલદ્રવ્ય જ પુદ્ગલકર્મનું કર્તા છે;...**' ભગવાન ચૈતન્યસૂર્ય એમાં આવતો નથી, એ તો એનો કર્તા નથી. '**જીવને પુદ્ગલકર્મનો કર્તા માનવો તે અજ્ઞાન છે.**' તેર ગુણસ્થાનનો કર્તા માનવા એ અજ્ઞાન છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચૈતન્યસૂર્ય જ્ઞાતા-દ્રષ્ટાનો બિંબ. જેમ સર્વજ્ઞ જાણે-દેખે છે. એમ આત્મા જાણવા-દેખવાનો સૂર્ય એકલો પડ્યો છે બસ. એ આત્માની દષ્ટિ કરવી. બાકી બધું વ્યર્થ છે. પુણ્ય-પાપ, વ્યવહાર, નિમિત્ત ક્યાંય પરમાં ઘૂસી ગયા. અહીં તો હજી નિમિત્તથી થાય છે... નિમિત્તથી થાય છે. કાં ઓલા વિકલ્પ આવે કષાયની મંદતા એનાથી સમ્યગ્દર્શન થાય છે. અચેતનથી ચેતન થાય છે. માંગીલાલજી! સમજાણું કાંઈ? સવારે કહેતા હતા કે પહેલી વાર આવે એને તો ધડાકા લાગે. નવા સાંભળે એને. પછી તો લાગે ભારે આ વાત.

ભાઈ! તારી વાત જ જુદી છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જૈન પરમેશ્વર અનંત-અનંત અસંખ્ય પ્રદેશે સૂર્ય ખીલી ગયો. એમણે જે વાત કહી એ તારા ખ્યાલમાં અનંતકાળમાં કદી આવી નથી. ત્યાગી થયો, ભોગી થયો, યોગી થયો, બહારમાં બધું કર્યું, પંચ મહાવ્રતના પરિણામ પણ કર્યા. 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વિરાગ અથાગ લહ્યો. વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો.' સમજાય છે કાંઈ? 'મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠયોગ પ્રયોગ સુતાર ભયો. જપ ભેદ જપે તપ ત્યોંહી તપે, ઉરસે હી ઉદાસી લહી સબપે. સબ શાસ્ત્રનકે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે, વહ સાધન વાર અનંત કિયો, તદપી કછુ હાથ હજુ ન પર્યો, અબ ક્યોં ન બિચારત હૈ મન સે કછુ ઔર રહા ઉન સાધન સે.' સમજાણું કાંઈ? 'બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગળ હૈ કહે કબ બાત કહે.' શ્રીમદ્ રાજચંદ્રે ૨૪મા વર્ષમાં હિન્દીમાં બનાવ્યું છે. છે તો પોતે ગુજરાતી, પણ હિન્દીમાં એ સાત-આઠ કડી બનાવી છે. સમજાણું કાંઈ?

અરે! સાંભળ તો ખરો. ભગવાન આત્માનું સાધન તો અંતરમાં પડ્યું છે. તારા પુણ્ય-પાપનું સાધન અનંત વાર કર્યા છતાં પત્તો લાગ્યો નહિ. અચેતનથી ચેતનની પ્રાપ્તિ થાય? દયા, દાન, ભક્તિ, વ્રતના ભાવ પરિણામ અચેતન છે. આસ્રવ અચેતન છે. એ અચેતનથી ચૈતન્યમાં પ્રવેશ થાય? વ્યવહારથી નિશ્ચય થાય છે એમ કહે છેને? તો અચેતનથી ચેતન થાય? એવું ક્યાંથી લાવ્યો? મૂર્ખ! અજ્ઞાની કહ્યું. જુઓ, કર્તા માનવો એ અજ્ઞાન છે, મૂર્ખાઈ છે. આહા..હા...! લક્ષમાં લીધું નહિ અને આ તો કરે બસ ઓહો..હો..! આ પર્યુષણ આવ્યા ને અપવાસ કર્યા, .. મહિના ને આઠ ને દસ મોટા હારડા લખે. ૧૦૮ અઠ્ઠાઈ, આમ ફલાણું, આમ ફલાણું. ધૂળમાંય નથી અપવાસ, સાંભળને. અપવાસ છે. અપ એટલે માઠા વાસ. ઉપવાસ નહિ. ઉપ નામ પ્રભુ આત્મા આનંદકંદ સચ્ચિદાનંદની અંતર દૃષ્ટિ થયા વિના, ઉપ નામ અંતરમાં, સમીપમાં વસવું, એમાં રાગની ઉત્પત્તિ ન થવી, આનંદની ઉત્પત્તિ થવી એનું નામ ભગવાન ઉપવાસ છે. બાકી બધા અપવાસ છે.

**શ્રોતા** :- એક આત્મામાં જ વાસ કરવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઈ વાત છે. પહેલા હજી લક્ષ પણ ન કરે, રુચિ ન કરે, જ્ઞાન ન કરે. કઠણ તો પડે હોં! પછી (એમ કહે), સોનગઢનું એકાંત છે રે એકાંત છે. પોકાર કરો રે પોકાર કરો. વસ્તુ તો જેવી છે તેવી છે.

**શ્રોતા** :- સંસાર ઘટાડે તો એકાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એકાંત છે. શેઠ ઠીક કહે છે. સંસાર ઘટાડવા માટે એકાંત વાત આ છે. બીજી વાત નથી.

હવે એમ કહે છે કે '**વળી જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી એમ કહે છે** :—' હવે ૧૧૩, ૧૧૪ અને ૧૧૫. કહે છે કે એ આત્મા જ્ઞાનસૂર્ય પ્રભુ અને પ્રત્યયો તેર કે ક્રોધાદિ, રાગાદિ, પ્રત્યયો આસ્રવ બેનું એકપણું નથી. એમને ભિન્ન બતાવ્યા, હવે એકત્વ નથી એમ બતાવે છે. બેય એક છે જ નહિ, ભિન્ન-ભિન્ન બેય ચીજ છે.

**जह जीवस्स अण्णुवओगो कोहो वि तह जदि अण्णो।**
**जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं।।११३।।**
**एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाऽजीवो।**
**अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं।।११४।।**
**अह दे अण्णो कोहो अण्णुवओगप्पगो हवदि चेदा।**
**जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं।।११५।।**

**ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,**
**તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.**

તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.
જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.

અધિકાર તો ઘણો સારો આવ્યો છે. સમજાણું કાંઈ? આજે મોટો દિવસ છે. અધિકાર પણ ઘણો સારો છે. કઠણ પડે પણ એને સમજવું પડશે. એ સમજ્યા વિના કોઈ માર્ગ નીકળશે નહિ.

ટીકા ટીકા. '**જેમ જીવના ઉપયોગમયપણાને લીધે...**' શું કહે છે? ભગવાન આત્મા તો જાણવા-દેખવાના વેપારસ્વરૂપી ભગવાન આત્મા છે. '**उपयोगमयत्व**', '**उपयोगमयत्व**'. ઉપયોગસ્વરૂપ બસ. જાણન-દેખન ચૈતન્યસૂર્યસ્વરૂપ ભગવાન આત્મા. તેને '**લીધે જીવથી ઉપયોગ અનન્ય છે...**' જાણન-દેખન સ્વભાવ એ સ્વભાવવાનથી એકમેક અભિન્ન છે. શું કહ્યું? જાણન-દેખન સ્વભાવ ઉપયોગમય સ્વભાવ સ્વભાવમય છે. જાણન-દેખન સ્વભાવ એ સ્વભાવવાનથી અભિન્ન અનન્ય છે. '**તેમ જડ ક્રોધ પણ...**' ક્રોધ શબ્દે પોતના શુદ્ધ ઉપયોગ ચૈતન્યસ્વભાવથી અરુચિકર અને વિકારની રુચિ કરી તેને અહીંયાં ક્રોધ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સ્વભાવની અરુચિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વભાવની અરુચિ અને વિકારની રુચિ એ મિથ્યાત્વભાવ છે, એ ક્રોધભાવ છે. પોતાના સ્વભાવથી વિપરીત ભાવ એ ક્રોધભાવ, ચૈતન્યપ્રકાશની મૂર્તિ પ્રભુ એની રુચિ અને આશ્રય નહિ કરતા, પુણ્ય-પાપનો એક પુણ્યભાવ, વિકારભાવ, એનો પ્રેમ થયો, રુચિ થઈ, હેય ચીજની રુચિ કરી એ આત્માના સ્વભાવ પ્રત્યે તેને ક્રોધ છે. સમજાણું કાંઈ? 'દ્વેષ અરોચકભાવ' ભગવાન ચૈતન્યજ્યોત, ક્યારે? ક્યારે શું? અત્યારે ત્રિકાળ. સાંભળને ક્યારે શું? અરે! આ તો બહુ ભણે અને બહુ સમજે, બહુ ક્રિયા કરે. એ હમણા આવ્યું હતું કે આ તો સમયસાર તો બહુ ત્યાગી હોય, મુનિ હોય, છઠ્ઠે ક્રિયા બધી હોય, એમાં ધર્મ માનતો હોય એને કહેવાનું છે. અહીં તો મિથ્યાદૃષ્ટિને કહે છે. આહા..હા...! રતનલાલજી! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન! તું તો ચૈતન્ય ઉપયોગમય છોને. એ જાણન-દેખન તારા સ્વભાવમાં તારી ચીજ અભિન્ન છે. જાણન-દેખન ઉપયોગસ્વરૂપ સ્વભાવ ઉપયોગમય આત્મા છે. એ આત્મા વિકારભાવ જે ક્રોધ, ક્રોધ શબ્દે એ સ્વભાવથી અનાદર કરીને પુણ્યમાં પ્રેમ થયો, શુભરાગ—દયા, દાન, વ્રતના ભાવમાં રુચિ થઈ કે ઠીક છે, સારા છે, તો સ્વભાવ પ્રત્યે દુશ્મનનો ભાવ થતાં તેને ક્રોધ થયો. સમજાણું કાંઈ? રતિલાલજી! દુશ્મન છે તારા ચૈતન્યસૂર્યનો, પરમાત્માનો વેરી છે. અચેતન રાગ દયા, દાનના વિકલ્પ ઉઠે છે એનો પ્રેમ પરમાત્મા પ્રત્યે

તને અપ્રેમ છે. અપ્રેમ તે વિકાર મિથ્યાત્વ છે. તો મિથ્યાત્વ અને ઉપયોગ આત્મા એક થઈ શકતા નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સ્વભાવનો ઘાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘાત છે. ઘાત કરનારી ચીજ અજીવ છે. સ્વભાવ તો ચૈતન્યસૂર્ય છે. બે એક થતા નથી. કહો, પૂનમચંદજી! શું છે? સમજવું પડશે હોં, આમ નહિ ચાલે. દસલક્ષણી પર્વ ચાલે છે તો એક અપવાસ કરી નાખો, સુગંધદશમી થઈ ગઈ. ધૂપ ચડાવ્યો. તારો ધૂપ ચડાવ્યો અહીંયાં? અંદર ભગવાન ચિદાનંદમૂર્તિ આત્મા, પુણ્ય-પાપનો પ્રેમ છોડીને સ્વરૂપની દૃષ્ટિ કરવી એનું નામ આત્માની સુગંધ આવે છે એનું નામ સુગંધ છે. વ્રત લઈ લીધા. એક બાઈને રોગ થયો, પછી આમ થયું, પછી એમ થયું, એણે અપવાસ કર્યો, રોગ મટી ગયો. લ્યો! ભ્રમણાનો રોગ મટે એ રોગ મટ્યો (કહેવાય). આ રોગ તો શું છે? 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ.' 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ સુજાણ, ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ ઔષધ વિચાર ધ્યાન.' સમજાણું કાંઈ?

કહે છે કે, અરે! પ્રભુ! એકવાર સાંભળ તો ખરા. '**જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય છે...**' જાણન-દેખન, જાણન-દેખન સ્વભાવ ઉપયોગ એ તો જીવથી એકમેક અભિન્ન છે. '**તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે...**' એ વિકારના પરિણામ એ પણ આત્મા છે કે આત્મા સાથે અનન્ય નામ એકમેક છે '**એવી જો પ્રતિપત્તિ કરવામાં આવે,...**' એવું પ્રતિપાદન, પ્રતીતિ, જ્ઞાન કરવામાં આવે, '**તો ચિદ્રૂપના અને જડના અનન્યપણાને લીધે...**' ભગવાન તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે અને રાગાદિ, પુણ્યાદિ એ તો જડ છે, એ જડના અનન્યપણાને લીધે. એ આત્મા ચિદ્રૂપ, જ્ઞાનરૂપ અને વિકાર જડ એનું અનન્યત્વ—જુદું નહિ એવા '**જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' ક્રોધાદિ વિકાર અને ચૈતન્યસ્વભાવ બે એક હોય તો અનન્યપણાને લીધે, અનેરા નહિ હોવાને કારણે '**જીવને ઉપયોગમયપણાની માફક...**' આત્મા જાણવા-દખવાની માફક '**જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' એવું કદી બનતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ? ...ચંદજી! શું કરવું હવે આમાં? નિર્ણય કરવો એ કોઈ ચીજ નથી? મહાન મહાન અનંત-અનંત (સ્વરૂપ છે) એવી મહિમા આવીને અંદર નિર્ણય થઈ જાય, બસ થઈ ગઈ ખલાસ વસ્તુ. પછી રાગાદિ ભલે હો. એ છૂટો છે છૂટો. એકમેક કદી થયો નથી. છે તો નહિ પણ માન્યતામાં હતું એ માન્યતા છોડી દેવાથી એ ભિન્ન થઈ જાય છે. સમજાણું કાંઈ?

પત્થર હોય છેને પત્થર, નહિ? પત્થરમાં રગ હોય છે. મોટો પત્થર હોય છેને? એમાં ઝીણી રગ હોય છે. એમાં દારૂ (નાખે). શું કહે છે ઈ? સુરંગ-સુરંગ ખોદે છે. ઝીણી પાતળી રગ હોય છે. ધોળી કે લાલ. મોટો પત્થર હોય છે એમાં ઝીણી ધાર હોય છે. એ પત્થરમાં

ન નાખે. એમાં ખોદીને ત્યાં (રગમાં) નાખે. કારણ કે બેય છૂટા જ છે. છૂટા છે તો એમાં નાખે તો ફડાક હજારો પત્થર આમ ઊડી જાય અને આમ ઊડી જાય. એમ ભગવાન આત્મા અને રાગની વચ્ચે છેદ પડ્યો છે, ભેદ પડ્યો છે. એકાગ્રતા કરે તો ભિન્ન પડી જશે. ભિન્ન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રજ્ઞાછીણી. બસ એ.

હું તો જ્ઞાન ઉપયોગમય છું. વિકલ્પ ઊઠે છે એ તો જડ અચેતન છે. ચૈતન્યપ્રકાશનો એમાં અભાવ છે તો એ તો અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ એમાં જ્ઞાનનો અભાવ છે. જ્ઞાનનો અભાવ છે તો જીવનો અભાવ છે અને ઈ અચેતન છે તો જીવમાં અભાવ છે. તો જેમ જીવ જ્ઞાનમય ઉપયોગમય છે, એમ ક્રોધ, માન, માયા, લાભ આદિ વિકાર, દયા, દાન, આદિ પરિણામ જો અન્ય ન રહે અને જીવની સાથે એક થઈ જાય, તો જીવ જડ થઈ જાય. જીવ જીવપણે રહે નહિ. સમજાય છે? ગામડામાં સાંભળવા મળે નહિ. કહો, રામસ્વરૂપજી! અને અહીં મળે તો એકદમ જેમ એમ.એ અને બી.એ (જેવી લાગે). અરે! એમ.એ. નથી, આ તો પહેલી વાત છે.

ભેદજ્ઞાન... ભેદજ્ઞાન... ભેદજ્ઞાન. ચૈતન્યસૂર્ય એમાં જાણવું-દેખવું તો અભેદ છે, એક છે, અભેદ છે, તન્મય છે. એમ પુણ્ય-પાપના વિકલ્પ જે અચેતન છે, પ્રકાશનો અભાવ છે. એ પ્રકાશનો અભાવ એ પણ આત્માની સાથે તન્મય એક થાય તો આત્મા જડ થઈ જાય. બરાબર છે? હજારીમલજી! ઓહો..હો..! કુંદકુંદાચાર્ય એક ઘા ને બે કટકા. ઘા તો એક જ હોય ને? કટકા એક હોય? એમ વિકલ્પમાત્ર મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, દયા, દાન, આદિ વિકલ્પમાત્ર. બધું અચેતન એ ચૈતન્ય સૂર્યની સાથે, જેમ ચૈતન્ય ઉપયોગ તન્મય છે, તન્મય, તદ્‌મય, અભેદ, એકત્વ. એમ વિકારના પરિણામ, આ શરીર અને કર્મ તો ક્યાંય રહી ગયા. શરીર, કર્મ હજી તો નહિ... નહિ... નહિ... એ શરીર, શરીરથી કાંઈક થાય તો લાભ થાય છે. ભગવાનની પૂજા શરીરથી થાય છે, તપ શરીરથી થાય છે. વ્રત પણ શરીર સારું હોય તો થાય છે. તો એનાથી લાભ થાય છે. મૂર્ખાઈનો લાભ થાય છે. સમજાણું કાંઈ?

કહે છે, જેમ ભગવાન આત્મા ચિદ્રૂપ જીવ છે તેમ જડના અનન્યપણાને લીધે, વિકારથી અનેરાપણું નહિ એ કારણે. જેમ જ્ઞાન અને આનંદથી આત્મા અનન્ય છે, એમ વિકારથી પણ અનન્ય હોય, અન્ય-અન્ય ન હોય તો '**જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે.**' ભગવાન આત્મા અચેતન થઈ જશે, ચેતન રહેશે નહિ. '**એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,...**' એમ થતાં તો જે જીવ છે તે જ અજીવ (ઠરશે). જે ઉપયોગમય જીવ છે એ જ જડ સિદ્ધ થશે. જીવ છે તે જ અજીવ

ઠરશે. એ તો અજીવ સિદ્ધ થશે. સમજાણું કાંઈ? માંગીલાલજી! શું (કહ્યું)? જુઓ, આ સાંભળવામાં પણ કઠણ પડે હોં! વેષ લઈને બેઠા હોય અને સાધુ મોટા નામ ધરાવે. હવે સાંભળને! જડ છો. પંચ મહાવ્રતના પરિણામ હજી એવા તો નથી, પણ હોય કદાચ દયા, દાનના એ પરિણામ અચેતન જડ છે. ઉપયોગમય ભગવાનની સાથે જડને એકમેક માને છે તો શું જીવ જડ થઈ ગયો? તો જીવ જ અજીવ સિદ્ધ ઠરશે. જીવ સિદ્ધ નહિ થાય, ત્યાં તો અજીવ સાબિત થશે, સંસાર સાબિત થશે અને સંસાર ફળશે અને આત્મામાંથી મરશે. સમયસાર અદ્વૈત ચક્ષુ, અજોડ ચક્ષુ. સમજાણું કાંઈ?

**'એમ થતાં...'** એમ થતાં (એટલે) શું (થતાં)? જાણવા-દેખવાનો સ્વભાવ આત્મા સાથે તન્મય, એકમય છે (અને) વિકાર પુણ્ય-પાપના પરિણામ, પ્રમાદ-કષાયના પરિણામ, યોગ-કંપન્નના પરિણામ એ અચેતન છે, જડ છે, ઉપયોગમયની સાથે અભેદ થઈ જાય તો જીવ સિદ્ધ ન થતાં, સિદ્ધ નામ સાબિત, અજીવ સાબિત થશે. અજીવ જ સાબિત થશે. અજીવ જ ફળશે, સંસાર ફળશે, ચાર ગતિમાં રખડશે, આત્મા નહિ રહે. સમજાણું કાંઈ? **'એમ થતાં તો જે જીવ તે જ અજીવ ઠરે,—એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થાય.'** શું (કહ્યું)? કે અજીવ સિદ્ધ થશે તો અન્ય દ્રવ્યનો લોપ થઈ જશે. અજીવ જ સિદ્ધ થશે, જીવ તો રહેશે જ નહિ. જીવની તો તને નાસ્તિ થઈ ગઈ. એક અજીવ રહ્યું સર્વવ્યાપક. અજીવ... અજીવ... અજીવ... અજીવ... સર્વ અજીવ જડ. ચૈતન્યસૂર્ય સ્વભાવમય છે એમ વિકારમય થઈ જાય તો અજીવ સિદ્ધ થશે, તો જીવ તો રહેશે નહિ. અન્ય દ્રવ્ય સિદ્ધ નહિ થાય. ભિન્ન-ભિન્ન અજીવ અને જીવ છે એ સાબિત નહિ થાય. માટે ભગવાન આત્મામાં વિકારનો અભાવ છે, સંસારનો અભાવ છે એવી દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, શ્લોક-૧
# પ્રવચન નં.૨૫૬, તા.૨૩-૧૦-૧૯૬૨
# (૧૩)

આ સમયસાર અધિકાર જીવ-અજીવ અધિકાર શરૂ કરે છે. એની ટીકા કરતા અમૃતચંદ્રાચાર્ય મહારાજ પહેલું મંગળિક કરે છે. મહામંગળિક છે. પહેલી આ ગાથા, કળશ છે એ તો મહામંગળિક છે. આખા સમયસારને ટૂંકામાં સમજાવવાનું, અસ્તિત્વ સ્વરૂપ જે સમજાવવું છે એની વ્યાખ્યા આપી છે.

'**नमः समयसाराय**' '**समयसाराय नमः** ' સમય એટલે આત્મપદાર્થ. સાર-સાર. એ આત્મા જડ કર્મ, શરીર, જડ કર્મના પરમાણુથી રહિત, નોકર્મ નામ શરીર આદિથી રહિત અને ભાવકર્મ એટલે પુણ્ય-પાપના અશુદ્ધ વિકલ્પોથી રહિત એવા જે પરમાત્મા થયા એને અહીંયાં સંભારીને નમસ્કાર કરે છે એમાં પોતાને પણ નમસ્કાર અંદર આવી જાય છે કે હું પણ એક આત્મા છું. શરીર, કર્મ અને રાગ-દ્વેષ રહિત, રહિત તો નાસ્તિથી વાત કરી. અસ્તિથી કોણ છું? એને હું નમસ્કાર કરું છું. શુદ્ધ આત્મા છું, સાર એટલે. શુદ્ધ આત્મા છું. એવા શુદ્ધ આત્માને નમસ્કાર પણ એના ઘણા વિશેષણો લઈને કરે છે.

'**भावाय**' શુદ્ધ છે એ શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. આત્મા પરમાત્મા થયેલા એ શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે. હોવાપણે, શુદ્ધ હોવાપણે એ પદાર્થ છે. હું પણ એક શુદ્ધ સ્વભાવ હોવાપણે એક આત્મા છું. એમાં ભાવ-ભાવ. ભાવ અને અભાવ, મારા સ્વભાવથી હું છું અને પર રાગ-દ્વેષ આદિ પરસ્વભાવથી પરભાવથી હું નથી. એવું મારું શુદ્ધ સત્તાસ્વરૂપ આત્મસ્વરૂપ અથવા પરમાત્મસ્વરૂપ (છે). અહીં તો પરમાત્માને વંદન કરે છેને મુખ્યપણે? એવા ભાવવાળો હું આત્મા (છું).

કેવો સ્વભાવ છે? એ તો શુદ્ધસત્તા દ્રવ્ય કીધું. શુદ્ધસત્તા દ્રવ્ય, શુદ્ધ સત્તાવાળો પદાર્થ. હવે '**चित्स्वभावाय**'. એનું સ્વરૂપ શું? એનો ગુણ શું? કે '**चित्स्वभावाय**' ચેતનાગુણરૂપ છે ઈ. જાણક... જાણક... જાણક... જાણક... દૃષ્ટા અને જ્ઞાતા એ એનો ગુણ એ ત્રિકાળી એનું સ્વરૂપ છે. શુદ્ધ સત્તા દ્રવ્ય છે, એનો ચેતના જાણવું-દેખવું ત્રિકાળ એનો એ ગુણ છે. એ ગુણની વાત કરી. એ વાત કાલે આવી હતી. ગુણ ગુણીનો સર્વથા ભેદ માનનાર એનો નિષેધ કર્યો. ગુણ ચેતના અને ગુણી આત્મા એ બેય અભેદ છે, પ્રદેશે અભેદ છે. એના પ્રદેશો, એનું ક્ષેત્ર કાંઈ જુદું નથી. ચેતના ગુણ અને આત્મા ગુણી એના પ્રદેશો નામ

ક્ષેત્રના અંશો જુદા નથી. ફક્ત ગુણ અને ગુણીના નામ જુદા તરીકે બે વસ્તુ એના નામ જુદા છે. એની સંજ્ઞા જુદી છે, એનું સ્વરૂપ પણ જુદું તો છે. કઈ રીતે? કે જાણવું-દેખવું એ જ્ઞાન-દર્શનનું સ્વરૂપ છે. આત્મા આખા અનંતગુણનો પિંડ આશ્રયવાળો આત્મા છે. એમ નામ, પ્રયોજને કાંઈ ભેદ હોવા છતાં વસ્તુ તરીકે ભગવાન આત્મા ચેતનાગુણથી અભેદ છે. સર્વથા કોઈ ભેદ માને તો એ વસ્તુના સ્વરૂપમાં એમ છે નહિ.

'**स्वानुभूत्या चकासते**'. હવે પર્યાય લીધી. એવો ભગવાન આત્મા દ્રવ્યરૂપ, શુદ્ધ ચૈતન્ય ગુણરૂપ પ્રગટ કેમ થાય? પ્રાપ્તિ કેમ થાય? એની પર્યાયમાં એની પરમાત્મદશા, જે શક્તિરૂપે સ્વભાવ ભગવાન છે એનું ભગવાનપણું મહિમાપણું પર્યાયમાં કેમ પ્રગટ થાય? પર્યાય સમજાય છે? અવસ્થા. જુઓ! એ વાત બીજે સર્વજ્ઞ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. આત્મા દ્રવ્ય, ચેતના ત્રિકાળ ગુણ અને એનો વર્તમાન પર્યાય પલટતી દશા. પલટતી દશા ન હોય અને વર્તમાન પલટે નહિ તો રાગનો અભાવ કરીને વીતરાગદશા ક્યાંથી થાય? અને એ પલટવાનો સ્વભાવ જો અનાદિ ન હોય તો નવો પલટવાનો સ્વભાવ પ્રગટ થાય નહિ. એટલે આત્મા ચૈતન્ય શુદ્ધ દ્રવ્ય છે એનો ગુણ, એનું પરિણમવું, બદલવું એનું સ્વરૂપ છે. એ બદલતા શું પ્રાપ્તિ થાય?

'**स्वानुभूत्या चकासते**' સ્વજ્ઞાનની અનુભૂતિ દ્વારા, એની નિર્વિકલ્પ અને અરાગી વીતરાગી મોક્ષમાર્ગની સ્વાનુભૂતિ પર્યાયની ક્રિયા દ્વારા, એ ક્રિયા દ્વારા આત્મા પ્રગટ થાય છે. સમજાય છે આમાં? બહુ કઠણ પડે. આ દેહની ક્રિયા દ્વારા એ સમજાય એવો નથી, વાણીની ક્રિયા દ્વારા એ પ્રગટ થઈ શકે એવો નથી, એ દયા, દાન, વ્રત, વિકલ્પની ક્રિયા રાગની એ દ્વારા પ્રગટ થઈ શકે એવો નથી. નથી એ વાત નથી કરી, અસ્તિએ વાત કરી છે. અસ્તિથી વાત કરી છે કે ભગવાન આત્મા પોતે પોતાના દ્રવ્ય ગુણવાળું તત્ત્વ પોતાની નિર્વિકલ્પ નામ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પની લાગણી વિના '**स्वानुभूत्या**' (અર્થાત્) પોતાના જ જ્ઞાન અને આનંદની ક્રિયાના પરિણમન દ્વારા એ પરમાત્મા થઈ શકે અને પોતાનું પ્રાપ્ત પ્રત્યક્ષ કરી શકે છે. સમજાણું કાંઈ? આ સાધન પણ કહ્યું. સાધનની રાડ પાડે છેને આ લોકો? અરે..! વ્યવહાર સાધન જોઈએ રે, વ્યવહાર સાધન જોઈએ. ભગવાન! વ્યવહાર સાધન તો વ્યવહારનયે અભૂતાર્થ દૃષ્ટિએ નિમિત્ત ગણીને કહ્યું છે. પણ એને વ્યવહાર સાધન આરોપ ક્યારે આવે? કે એનાથી ખસી અને જ્ઞાનાનંદ ચૈતન્યની અંદર જ્ઞાનની, શાંતિની અરાગીની વીતરાગી એકાગ્ર ક્રિયા થાય ત્યારે તે આત્મા પ્રત્યક્ષ અનુભવમાં આવે, ત્યારે ઓલો રાગ હતો એને આરોપે વ્યવહાર સાધન છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ મોટા વાંધા અત્યારના. બધાય કહે કે પણ આ સાધન જોઈએને. સાધન જોઈએને. પણ આ સાધન નથી? આ શું છે?

'**स्वानुभूत्या चकासते**' કાલ સુધીના લખાણમાં આવ્યા છે, બધા કેટલાય લખાણ આવ્યા છે. અરે! વ્યવહારને ઉથાપે છે ઉથાપે છે. અરે! સાંભળ પ્રભુ! તારી પ્રભુતામાં વ્યવહારની

પામરતા ઉથાપ્યા વિના પ્રભુતા પ્રગટે એવી નથી. તારા પ્રભુતાની પર્યાયની પ્રભુતામાં વ્યવહારના શુભરાગના વિકલ્પની પામરતાને દૂર કર્યા વિના પ્રભુતા પ્રગટ થઈ શકે તેમ નથી. સમજાણું કાંઈ? પણ હવે એ વાતને આમ બધા ચોંટ્યા છેને. ત્યાગીઓ ને પંડિતો ને ઘણાં. ક્રિયા જોઈએ... ક્રિયા જોઈએ. પણ આ ક્રિયા નથી? આ શું કહે છે આ? ...ભાઈ! પ્રભુ! તું પોકાર ન કર. એ પોકાર વસ્તુનો સ્વભાવ છે એમાં ઈ પોકાર ન કામ આવે. એ વસ્તુ જ એવી ચીજ છે.

નિરાલંબી પરમાત્મસ્વભાવ, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ અહો..! સમવસરણમાં એ કમળ ઉપર અદ્ધર નિરાલંબે સિંહાસને બિરાજે છે. એનું શરીર નિરાલંબે અદ્ધર બિરાજે છે. નીચે અડતું પણ નથી શરીર. ઓહો..હો..! સમજાય છે કાંઈ? એ તો ભાઈએ નાખ્યું છેને અમારે પંડિતજીએ. 'જેવો નિરાલંબી આત્મા એવો નિરાલંબી દેહ.' ક્યાં? સમવસરણમાં પરમાત્મા બિરાજે છે સીમંધર પ્રભુ. લ્યો, આ મંગળિકમાં બધું સ્મરણ થાય છે આ. ત્યાં બિરાજે છે ભગવાન. દેહ તૈજસ, કાર્મણ શરીર. સમજાય છે? અને ઔદારિક. તૈજસ, કાર્મણ શરીર અને દેહ ઔદારિક બહાર દેખાય. એ આખો આત્મા આમ અદ્ધર બિરાજે છે. આ તે કાંઈ વાત! હેઠે કાંઈ ટેકો ખરો? સિંહાસનમાં. સિંહાસન હોય નીચે, નીચે સિંહાસન હોય પણ અદ્ધર બિરાજે ચાર ... ઊંચે શરીર. આ તે કાંઈ વાત! અરે! ચાર કર્મ જ્યાં નાશ થયા (ત્યાં) નિરાલંબી (થયા તો) દેહ પણ નિરાલંબી (થઈ ગયો). દેહને કોઈ આધાર નહિ. આત્માને તો આધાર નહિ, દેહને પણ આધાર નહિ. આઠ કર્મ નાશ થાય એટલે ઊર્ધ્વ શ્રેણીએ ચાલ્યા જાય. સમજાય છે કાંઈ? એના રજકણોનું દળ જે પરમ ઔદારિક શરીરનું દળ, એ પણ આમ અદ્ધર રહે, નીચે અડે નહિ અને અદ્ધર રહે. સાંભળ્યું છે કે નહિ? લે! આ દિગંબર કહેવાય જૂના. કહો, સમજાણું આમાં?

આપણે સમવસરણ (સ્તુતિમાં) છે. ભાઈએ નાખ્યું છે હિંમતભાઈએ. ક્યાં ગયા હિંમતભાઈ? ત્યાં પાછળ બેઠા. છેને? કહો, સમજાણું આમાં? જેવો.. શું આવે છે? 'જેવો નિરાલંબન આત્મા એવો નિરાલંબ દેહ.' સમવસરણની સ્તુતિમાં આદિપુરાણમાં (આવે છે). જિનસેનાચાર્ય મહારાજ મહા દિગંબર સંત મુનિ જંગલમાં (રહીને) એણે આદિપુરાણ બનાવ્યું. એમાં .. એમને કથાને માટે યોગ્યતાનો વિકલ્પ હતો. કોઈને અધ્યાત્મને માટે વિકલ્પ હોય. કાંઈ બધાને એક જાતનો વિકલ્પ હોય નહિ. કથાનુયોગ એમણે બનાવ્યું. એમાં આ લખ્યું જ્યાં સમવસરણનું (વર્ણન કર્યું ત્યાં). ભગવાન જેમ આત્મા નિરાલંબી એમ ભગવાનનો દેહ આમ નિરાલંબ. જોવે તો એને ખબર પડે કે આ તે શું છે આ? સમજાણું? એમ પ્રત્યેક પદાર્થ નિરાલંબી આત્મા અને પરમાણુ છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો આત્મા '**स्वानुभूत्या चकासते**'. અરે! રાગના અવલંબે આત્મા પ્રગટ થાય અને રાગ કારણ અને શુદ્ધ આત્માનો અનુભવ કાર્ય, એ કારણકાર્ય સરખા હોવા જોઈએ.

કારણ કાર્ય ભિન્ન જાતના હોવા ન જોઈએ. શેઠી! લખ્યું છે ભાઈએ દીપંચદજીએ, જ્ઞાનદર્પણમાં. આ શબ્દો છે ભાઈ ત્યાં જ્ઞાનદર્પણમાં. કે કારણકાર્ય એક જાતના જોઈએ. રાગ કારણ... જ્ઞાનદર્પણ બનાવ્યું છે દીપચંદજીએ. આ જે અનુભવપ્રકાશ અને ચિદ્‌વિલાસના કર્તા (જ્ઞાનદર્પણમાં કહે છે કે) કારણ રાગ અને કાર્ય સમ્યગ્દર્શન-જ્ઞાન નિર્વિકારી એમ હોઈ શકે નહિ. જાત અવિકારી તો અવિકારી કાર્ય હોય, અવિકારીનું અવિકારી જ કારણ હોય, અવિકારીનું વિકાર કારણ હોઈ શકે નહિ. જ્ઞાનદર્પણ બનાવ્યું છે એની અંદર એ (આવે છે). સમજાણું કાંઈ?

તો કહે છે કે '**स्वानुभूत्या चकासते**'. ભગવાન આત્મા પરમાત્મા થયા, અનંત સર્વજ્ઞો થયા, લાખો કેવળીઓ વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે, વીસ તીર્થંકરો વર્તમાન બિરાજે, અનંતા સિદ્ધો થયા એ બધા પોતાની જ, પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે. છે ભાઈ? '**પોતાની જ અનુભવનરૂપ...**' '**स्वानुभूत्या**' છેને? '**स्वानुभूत्या**'. કાલે 'ભૂ'ના અર્થ ઘણા આવી ગયા હતા. સત્તા, મંગળ એ બધા મંગળિક અર્થ થયા હતા. એવી પોતાની સત્તાથી, પોતાની અનુભવન ક્રિયાની પરિણતિથી ભગવાન આત્મા પ્રકાશે છે. વિકલ્પનું અવલંબન નહિ, શરીરનું નહિ, વાણીનું નહિ, દેવ-ગુરુનું નહિ, ત્રિલોકનાથ સર્વજ્ઞનું નહિ. સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા એના દ્રવ્ય અને ગુણ જે શુદ્ધ છે ત્રિકાળ, એમ એની પરિણતિ પણ શુદ્ધ થઈને પોતાને પોતે પ્રકાશે છે. આ એનું સાધન. બીજા બધા સાધનો શાસ્ત્રમાં કહેવામાં આવે વ્યવહારે. ભાઈ! આવે છેને? નિયતહેતુ વ્યવહારનય. નિયતહેતુ હોઈ કારણ વ્યવહાર, એ બધા વ્યવહારનયથી કથનો કહ્યા છે વ્યવહારનું જ્ઞાન કરાવવા.

અહીંયાં એકલા સત્યને પરમ સત્યને નિતારીને વાત કરી છે. ભગવાન આત્મા સમય નામ શુદ્ધ સત્તા એનો ગુણ ત્રિકાળ શક્તિઓ, અનંત શક્તિનું રૂપ, એની પર્યાય સ્વાનુભૂત્યા. સ્વાવલંબી જ્ઞાન ને દર્શન ને આનંદની પરિણતિ દ્વારા એ પ્રકાશનાર પરમાત્મા થઈ શકે છે. એને કોઈના આધાર અને અવલંબનની જરૂર નથી. સમજાણું કાંઈ? તો પછી અમૃતચંદ્રાચાર્યને કહો કે આ તો એકાંત તાણ્યું છે એણે. સમજાણું કાંઈ? આમાં નિમિત્ત અને વ્યવહારના અવલંબે પ્રકાશે એમ લખ્યું નથી. આનાથી પ્રકાશે છે એટલે ઓલાથી નહિ એમ એની અંદર અધ્યાહારમાં આવી જાય છે. સ્વરૂપચંદજી! આવે છેને? જુઓ. એ આત્માના અનુભવ દ્વારા. શેઠી! રાગ-બાગની ક્રિયા દ્વારા નહિ. પૂજા, ભક્તિ, દાન, દયા, વ્રત એ વિકલ્પ હો, એ દ્વારા આત્મા વેદનમાં આવે કે પરમાત્મા થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. પોકાર કરો તો કરો પણ વસ્તુ બદલે એવી નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

પોતાથી.. અને રાગ હો પણ એ રાગની રુચિ છોડ્યા વિના, એનો અર્થ ઈ કે અંશમાં એની બુદ્ધિ જે અનાદિકાળથી મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... મંદ-તીવ્ર રાગ એના ઉપર જે વલણ અને એનો જે આખો ઝોંક છે, એ ઝોંકને છોડીને ચૈતન્યના તરફના વલણમાં આવ્યા વિના એની નિર્વિકલ્પ પરિણતિ પ્રગટ થાય નહિ અને આત્માનું વેદન આવે નહિ. સમજાય છે

કાંઈ? એ આ વાત કાંઈ કોઈને દીધી-લીધે દેવાય-લેવાય એવી છે? સમજાય છે? એના ખ્યાલમાં એમ આવે આખું જ્ઞાન તરવરે, જ્ઞાન તરવરે. જે વિકલ્પ ને રાગ વિનાની ધારા ચાલે. સમજાય છે?

ભગવાન આત્મા દ્રવ્યે અનંતગુણનો પિંડ છે અને અનંતગુણ તેનું અભેદસ્વરૂપ છે કથંચિત્. અને તે ગુણનું, આખું દ્રવ્યનું પરિણમન થતાં એ નિર્વિકલ્પ રાગરહિત શુદ્ધ અનુભવની ક્રિયા દ્વારા અનુભવવું. આત્મા જે સ્વરૂપે છે ગુણ, એને અનુસરીને ભવવું. સમજાય છે કાંઈ? ઝીણું તો બહુ પણ મૂળ આ વાત છે. આ વાત વિના ત્રણકાળમાં ક્યાંય આરો આવે એવો નથી. કહો, લક્ષ્મીચંદજી! ચરણાનુયોગથી પ્રાપ્ત થતું નથી એમ કહે છે. ચરણાનુયોગની ક્રિયાથી આ પ્રાપ્ત નથી થતું. એ તો વિકલ્પ છે.

**શ્રોતા** :- સ્વાવલંબનથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સ્વાવલંબી નિરાલંબ ભગવાન. પોતાની પર્યાય રાગરહિત થઈને નિર્મળ પરિણતિ કરે તો સ્વસંવેદન પ્રગટ થાય છે અને એ જ ક્રિયા દ્વારા આત્મા પરમાત્મા થાય છે. બીજી ચીજ એમાં છે નહિ. એકલી અસ્તિથી વાત કરી છે, નાસ્તિથી નહિ. એકલો આત્મા વળી એમાં આસ્રવ ને બંધ ને એનો અભાવ કર્યો કે અજીવનો અભાવ થયો એ વાત જ લીધી નથી. એકલું ચૈતન્યતત્ત્વ, એનો ગુણ, આ એની સ્વાનુભૂતિ પર્યાય એ દ્વારા તે પ્રકાશે છે. જુઓ, આ ક્રિયા કીધી. ક્રિયા. જડની ક્રિયા દ્વારા નહિ, શરીરની ક્રિયા દ્વારા, રાગ અને વિભાવની ક્રિયા દ્વારા, ક્રિયા એટલે પલટવું એના પલટન દ્વારા નહિ, પણ પોતાના અનુભવની શુદ્ધતાની, અરાગતાની, વીતરાગતાની પ્રત્યક્ષ સ્વસંવેદન ગુણ જે અંદર પ્રકાશગુણ પડ્યો છે (તેના દ્વારા અનુભવમાં આવે છે). આત્મામાં એક પ્રકાશગુણ પડ્યો છે ત્રિકાળમાં. એ આવી ગયું ૪૭ શક્તિમાં. એ પ્રકાશગુણનું કાર્ય વર્તમાન પ્રત્યક્ષ સ્વસંવેદનથી આત્મા અનુભવે એ પ્રત્યક્ષ પ્રકાશગુણનું કાર્ય છે. સમજાય છે કાંઈ? રાગથી વેદન આવે એ રાગનું કાર્ય નથી. રાગમાં તાકાત નથી. પ્રકાશગુણની તાકાત આત્મામાં છે અનાદિ-અનંત.

૪૭ શક્તિનું વર્ણન આવી ગયું. એમાં એ પ્રકાશગુણ સ્વ પ્રત્યક્ષ કરી શકે. એ ગુણ દ્વારા પોતાને પોતે પરના આશ્રય, અવલંબન, આધાર બનાવ્યા વિના પોતે પોતાને પ્રત્યક્ષ કરે એવો એનામાં ગુણ છે. એ ગુણની પર્યાય સ્વાનુભૂતિ થાય છે. એનાથી તે આત્મા પ્રગટ થઈને આત્માનું ભાન થાય છે. કહો, સમજાય છે કાંઈ? એટલા વ્યવહારના વરઘોડા પડ્યા છે કે એમાંથી એને નીકળવું અને માણસને એમ લાગે જુઓ, તો પછી આ બધા સાધન નહિ કરે. તમે જો આમ કહેશો તો આ બધા દેરાસર, મૂર્તિ, પૂજા નહિ કરે. પણ સાંભળને, કરે છે કોણ? એ તો થવા કાળે થાય અને ધર્મીને પણ રાગ શુભ આવે ત્યારે ભક્તિ ઉપર લક્ષ જાય. સમજાય છે કાંઈ? અને તે ક્રિયા દેહની થવાની હોય તો થાય. સમજાણું કાંઈ?

તો કહે છે, ભગવાન આત્મા પોતાથી પ્રકાશ કરે છે. '**પોતાને પોતાથી જ જાણે**

છે—પ્રગટ કરે છે.' પોતાને પોતાથી જ પ્રગટ કરે છે. પોતાથી પોતાને જાણે છે, જ્ઞાન દ્વારા જ્ઞાનને જાણે છે અને પોતાથી એટલે જ્ઞાન દ્વારા પોતે પ્રગટ થાય છે. રાગ ને વિકલ્પ ને નિમિત્ત દ્વારા તે પ્રગટ થતો નથી. '**આ વિશેષણથી, આત્માને અને જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય-ભટ્ટ-પ્રભાકર ભેદવાળા મીમાંસકોના મતનો વ્યવચ્છેદ થયો;...**' શું કહે છે? કેટલાક એમ કહે છે કે આત્મા તો પરોક્ષ જ હોઈ શકે, પ્રત્યક્ષ થઈ શકે નહિ. એના બે પ્રકાર છે. છદ્મસ્થ દશામાં સમ્યગ્જ્ઞાનના વેદનકાળમાં કથંચિત્ પ્રત્યક્ષ છે અને કથંચિત્ અસંખ્ય પ્રદેશ આદિ નથી જાણતો માટે પરોક્ષ છે. સર્વથા પરોક્ષ છે એમ વસ્તુના સ્વરૂપમાં નથી. સર્વથા પરોક્ષ છે એમ નથી. પહેલી વાત તો આત્મા જ્ઞાન અને આનંદ દ્વારા પોતાને વેદતો, જાણતો, જ્ઞાન જ્ઞાનથી જાણે એકલું તો એ સ્વ પ્રત્યક્ષ છે. છદ્મસ્થને પણ સાધકદશામાં કથંચિત્ પ્રત્યક્ષ છે. કથંચિત્ એટલે? જ્ઞાન જ્ઞાનને જાણે, વેદે એમાં રાગનું અવલંબન નથી એ અપેક્ષાએ કથંચિત્ પ્રત્યક્ષ છે અને કથંચિત્ સાધકને પરોક્ષ છે. અસંખ્ય પ્રદેશ એના ગુણો આમ નજરે પ્રત્યક્ષ દેખાતા નથી એ અપેક્ષાએ સાધકજીવમાં સમ્યગ્દષ્ટિને ભાવશ્રુતજ્ઞાનમાં આત્મા સર્વથા પરોક્ષ જ છે એમ નથી. તેમ સર્વથા સાધકને પ્રત્યક્ષ જ છે એમ નથી. સર્વથા પ્રત્યક્ષ કેવળીને (છે).

એથી અહીંયાં 'સર્વથા' શબ્દ લીધો છે ભાઈ. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભગવાન આત્મા સર્વથા પ્રરોક્ષ માનનારા (એમ લીધું છે). ત્યારે કથંચિત્ પરોક્ષ છે કેવળીને? અહીં શબ્દ તો ઈ લીધો છે. કહો, પંડિતજી! સર્વથા પરોક્ષ. તો કેવળીને કથંચિત્ પરોક્ષ છે? એમ નહિ. કેવળજ્ઞાનીને તો સર્વથા પ્રત્યક્ષ છે, બિલકુલ પરોક્ષ નથી. પણ એ સામાન્ય આત્માની જ્યાં વાત લેતા સાધક અને પરમાત્મા. સમજાણું કાંઈ? સામાન્ય તરીકે, અજ્ઞાનીની અહીં વાત નથી, સામાન્ય તરીકે આત્મા જ્ઞાનમૂર્તિ અનંતગુણનો પિંડ છે એમ લેતા એને સર્વથા પરોક્ષ કહો (તો) વસ્તુનું સ્વરૂપ એમ નથી. કથંચિત્ પ્રત્યક્ષ છે કોઈ અપેક્ષાએ. એટલે કે જ્ઞાન જ્ઞાનથી જાણે અને વેદે એ અપેક્ષાએ તેને સાધકજીવને પ્રત્યક્ષ કહેવામાં આવે છે. અને એ જ્ઞાન આત્માના અસંખ્ય પ્રદેશને કે અનંતગુણને આમ જુદા જુદા પાડીને જાણતું નથી, પરોક્ષરૂપે જાણે છે એ અપેક્ષાએ તેને કથંચિત્ પરોક્ષ પણ કહેવામાં આવે છે. સર્વથા પરોક્ષ કહે એ વસ્તુનું સ્વરૂપ નથી. તેમ નીચે સર્વથા પ્રત્યક્ષ કહે, સર્વથા નીચે પ્રત્યક્ષ કહે સાધકને એમ પણ નથી. તેમ કેવળીને સર્વથા પ્રત્યક્ષ છે એ કોઈ અપેક્ષાએ પરોક્ષ છે એમ નથી. સમજાણું કાંઈ? ઘણાં પડખા ભાઈ આમાં તો. સમજાણું કાંઈ? સમજાય છે?

આત્માને અને જ્ઞાનને, બે વાત લીધી છે હોં! આત્મા એ કથંચિત્ પ્રત્યક્ષ અને કથંચિત્ પરોક્ષ સાધકમાં. આત્મા કેવળજ્ઞાનમાં સર્વથા પ્રત્યક્ષ. જ્ઞાન પણ આત્માનું કથંચિત્ પ્રત્યક્ષ અને કથંચિત્ પરોક્ષ. સાધકજીવને પ્રત્યક્ષ દેખાતું નથી. સ્યાદ્વાદ શ્રુતજ્ઞાન પરોક્ષ જોવે છે. અનંતા ગુણ, અનંતા દ્રવ્યને પરોક્ષ જોવે છે, પણ વેદનની અપેક્ષાએ તેને પ્રત્યક્ષ પણ કહેવામાં

આવે છે. સમજાણું કાંઈ? આનંદ અને શાંતિનું વેદન કોઈ કરે છે માટે પરોક્ષ છે એમ છે નહિ. સમજાણું કાંઈ? અને એ વેદન પોતે જાતે આનંદમૂર્તિ પ્રભુ જ્ઞાનમૂર્તિ આત્મા એ જ્ઞાનને જ્ઞાન દ્વારા, સ્વસંવેદન દ્વારા પ્રગટ થઈ શકે એવો પ્રત્યક્ષ આત્મા છે. અનુભવના વેદનની અપેક્ષાએ સર્વથા પરોક્ષ કહો તો એ વસ્તુ છે નહિ. કથંચિત્ પ્રત્યક્ષપણું પ્રગટ્યા વિના પૂર્ણ પ્રત્યક્ષનો ઉપાય તે સાધન હોઈ શકે નહિ. શું વળી કીધું? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અસંખ્ય પ્રદેશી અનંતગુણનું ધામ, અનંતગુણની અનંતી પર્યાય. એ પર્યાયોમાં કોઈ પ્રકારે રાગરહિત જ્ઞાન જ્ઞાનને વેદે નિરાલંબનપણે એવું પ્રગટ ન થાય તો તેને સાધક કહેવાય નહિ. તેને ભાવશ્રુતજ્ઞાન પરિણમ્યું એમ કહેવાય નહિ અને એવા પ્રત્યક્ષ વિના, એના એ પ્રત્યક્ષના સાધન વિના પૂર્ણ કેવળજ્ઞાન પ્રગટે એમ ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? ત્રણ પ્રકાર થયા. એક એકને ત્રણ ત્રણ થયા. આત્મા અને જ્ઞાનને. એમ લીધું છેને? '**આત્માને તથા જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર...**' આત્મા પણ કથંચિત્ પરોક્ષ છે અને કથંચિત્ પ્રત્યક્ષ છે સાધકને. કેવળજ્ઞાનીને સર્વથા પ્રત્યક્ષ છે. એમાં વળી કથંચિત્ પરોક્ષ અને કથંચિત્ પ્રત્યક્ષ એમાં હોઈ શકે નહિ. તો એને પ્રત્યક્ષ જ છે પૂર્ણ. પરોક્ષ-ફરોક્ષ હોઈ શકે નહિ. કહો, સમજાણું આમાં? એવા જ્ઞાન અને આત્માને સર્વથા પરોક્ષ જ માનનારાનો નિષેધ થયો.

બીજી વાત, '**તેમ જ જ્ઞાન અને અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું—એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો.**' શું કહે છે? કે આ આત્મા એમાં જ્ઞાનની ઉત્પત્તિ થાય, ઉત્પત્તિ, એ ઉત્પત્તિ તે સમયે થાય અને તે સમયે જાણે એમ કેમ તે જ્ઞાન કામ કરી શકે? સમજાય છે કાંઈ આમાં? જ્ઞાનપર્યાય પ્રગટ થાય, દ્રવ્ય ત્રિકાળ, ગુણ ત્રિકાળ, એકાગ્ર થતાં જે જ્ઞાનનો પર્યાય સમ્યક્ નિર્મળ થયો એ જે સમયે ઉત્પન્ન થાય તે સમયે ઈ એને કેમ જાણે? માટે જ્ઞાન જ્ઞાન થતું પોતે ન જાણે પણ બીજા જ્ઞાન દ્વારા એ જ્ઞાન જણાય એવો જે અજ્ઞાનીનો અભિપ્રાય છે તે ખોટો છે. શેઠી! હજી લેશું વધારે હોં! એકદમ નહિ વયું જાય.

જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે. એમ જે માને છે અને પોતે પોતાને નથી જાણતું એ જૂઠી વાત છે. એટલે કે એનો આશય એવો, એ પ્રવચનસારમાં આવે છેને ભાઈ આપણે? ઉત્પત્તિ ક્રિયા, ૩૬મી ગાથા. ઉત્પત્તિ અને જ્ઞાનક્રિયા. હા, એમ કહ્યું. વિરોધ છે અમારે શિષ્ય કહે છે. જે સમયે ઉત્પન્ન થાય તે સમયે જાણે એમ જ્યારે ગુરુ કહે છે ત્યારે શિષ્ય કહે છે, અમારો વિરોધ છે. ઉત્પત્તિમાંથી ઉત્પત્તિ કેમ થાય? એ બરાબર છે. તારે જો એ વિરોધ હોય તો અમે બરાબર કહીએ છીએ. જે સમયે જ્ઞાન-દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ એ ઉત્પન્નમાંથી ઉત્પન્ન ન થાય. તે પર્યાયમાંથી ઉત્પત્તિ ન થાય. પર્યાયની ઉત્પત્તિ દ્રવ્ય અને ગુણમાંથી થાય. એ વાત અમારે માન્ય છે. પણ જ્ઞાન જે સમયે ઉત્પન્ન થાય એ સમયે,

તે સમયે જાણે નહિ એમ તું કહે તો અમારો વિરોધ છે. સમજાણું કાંઈ? જે સમયે આત્મા સમયે સમયે નવી નવી પર્યાય પ્રગટ કરે, થાય અને એને જાણે. જે સમયે થાય તે સમયે જાણે. એને જાણનારું બીજું જ્ઞાન હોય, થયું તેને જાણનારું બીજું જ્ઞાન જાણે એમ છે નહિ. સમજાણું કાંઈ?

આ તો મંગળિકની મહા ગાથા છે. તાકડે આ બે દિ'માં બસો આવી અને બે દિ'માં આ ગાથા આવી. શરૂઆત આપણે કરી એમાં આ આવ્યું. વાસ્તુમાં આ કે દિ' માંડી હશે આ? આ તો પહેલુંવહેલું લાગે છે આ. સમજાણું કાંઈ? વાસ્તુનો મૂળ અર્થ છે વસ્તુ વસ્તુ. ગોમ્મટસારમાં (એમ અર્થ છે). આ વસ્તુ આત્મા. વસ્તુ એટલે જેમાં અનંતા ગુણો વસેલા છે. ગુણ અને પર્યાય વસેલા છે. એ વસેલામાં વસવું એનું નામ વાસ્તુ. સમજાય છે કાંઈ? આ પુણ્ય ને પાપ ને શરીર આદિ આત્માના ગુણમાં અને પર્યાયમાં વસેલા નથી, ખરેખર વસેલા નથી. એના ગુણમાં તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ વસેલા છે. વસ્તુ છે તો વસેલા છે એમાં. એમાં વર્તમાન દશા રાગ અને પુણ્ય ને નિમિત્ત એમાં વસેલા નથી. માટે એવા રાગ વિનાની અનુભૂતિની ક્રિયા વડે આત્મામાં વસ. આ એને મંગળિક અને સ્વાનુભૂતિ ક્રિયા કહેવામાં આવે છે.

બહુ ઝીણું પણ ભાઈ! એથી આ લોકોને બિચારાને ચડાવી દીધા છેને બીજે રસ્તે. અને આવે એવા કથનો તો આવે. શાસ્ત્રમાં બહુ નિશ્ચય સમજી ન શકતો હોય એને વ્યવહાર કહે, પણ કહે એથી એનાથી પામશે નિશ્ચય એમ નથી. ચરણાનુયોગના કથનમાં એમ આવે કે આમ વ્યવહાર કરતાં આમ થાય, આમ કરો તમે આમ થાય. રાગ મંદ કરો, આમ કરો, તેમ કરો. સમજાય છે? પણ એ કરો એટલે શુભરાગમાં અશુભથી બચવાની વાત કરે, પણ એનો સિદ્ધાંત ફરી જાય કે રાગથી પાછો આત્માને લાભ થાય એમ ત્રણકાળમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

તો કહે છે કે જ્ઞાન એટલે પોતાની દશા વર્તમાન પ્રગટ થાય એ પોતે પોતાને કેમ જાણે? ઉત્પન્ન થાય એ કેમ જાણે? દાખલો ત્યાં તો એવો આપ્યો છે ને જરી ઓલાએ શિષ્યનો તર્કકારે, કે પોતે પોતાના પગ વડે અહીં કેમ નાચે ખભા ઉપર? પગને થનગનાટ કરે પગને તો એ પગ અહીં ખંભા ઉપર ચડાવીને પગ કેમ નાચે? એમ ઓલાએ પ્રશ્ન કર્યો છે. તો કહે છે, કોની વાત તું કરે છો? ક્રિયા ઉત્પત્તિની વાત કરે છો? જ્ઞાન ઉત્પત્તિ છે અને જ્ઞાનને જાણવાની વાત કરે છો? કે જો ક્રિયાની ઉત્પત્તિમાંથી બીજી ઉત્પત્તિ તું કહેતો હોય તો અમે માનીએ છીએ કે એમાંથી ઉત્પત્તિ ન થાય. અનંતા ગુણનો એક સમયનો જે પર્યાય પ્રગટ છે એમાંથી બીજો પર્યાય પ્રગટ ન થાય. એક ક્રિયામાંથી બીજી ક્રિયા ન થાય. એ પર્યાયની ક્રિયા દ્રવ્યમાંથી આવે. પણ તું એમ કહેતો હોય કે જ્ઞાન વર્તમાન પ્રગટ થયું એ પોતાને ન જાણે તો, દીવો પ્રકાશ થાય છે એ સમયે પ્રકાશ પ્રકાશને દેખાડે અને

પ્રકાશ બીજી ચીજને દેખાડે છે. સમજાય છે કાંઈ? દીવો પ્રકાશ થતાં જે સમયે પ્રકાશ થયો ફટ્, એ પ્રકાશ પ્રકાશને પણ બતાવે છે કે આ પ્રકાશ થયો અને એ પ્રકાશ ઘટપટને પણ બતાવે છે. એમ ભગવાન ચૈતન્યદીવો જે સમયે સમ્યગ્જ્ઞાનદશા આદિ સમયે સમયે પ્રગટ થઈ એ સમયે પોતે પણ પોતાને પ્રકાશે છે અને પરને પ્રકાશે એવો જ્ઞાનપર્યાયનો સ્વપરપ્રકાશક સામર્થ્ય ધર્મ છે.

તું એમ કહે કે જ્ઞાન પ્રગટ્યું એ પોતાને ન જાણે તો સ્વપ્રકાશ રહેતું નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક ધર્મ છે. તો સ્વપરપ્રકાશક એની પર્યાયમાં જો ન હોય તો એ જ્ઞાન જ કહેવાય નહિ. સમજાય છે કાંઈ? એટલે આત્માના દ્રવ્ય-ગુણમાંથી પ્રગટતી એકાગ્ર થતાં નિર્વિકલ્પ સ્વાનુભૂત્યા પ્રકાશતે, એવી દશા જે થાય એ પોતે પોતાને જાણે અને પોતે પરને પણ જાણે.

અહીં તો '**स्वानुभूत्या चकासते**'. પરને જાણવું અહીં ગૌણ કરી નાખ્યું છે. એમાં પણ જાણવાની પર્યાય પોતાથી પોતાને પ્રગટે તે જ્ઞાન પોતાને જાણે છે. એ જ્ઞાનમાં ભલે પર જણાણું પણ એ પોતે પોતાને જાણે છે એમ કહે છે ભાઈ આમાં. આહા..હા...! ખાટું-મીઠું જણાણું. ના, એ તો ખાટાં-મીઠાનું જ્ઞાન પોતાનું પોતાને જાણે છે. આહા..હા...! સમજાણું કાંઈ? એક જ વાત લીધી છે, જ્ઞાન જ્ઞાનને જાણે. આહા..હા...! ઉત્પન્ન થતું જાણે અને એ જ્ઞાનમાં બીજી ચીજ આનંદ આદિ જણાણી હોય કે બીજી ચીજ જણાણી હોય એ બીજી નહિ, એ જ્ઞાન જ્ઞાનને જ જાણે છે, એ જ્ઞાન જ્ઞાનને જ જાણે છે. જ્ઞાન પરને જાણે એ તો ઉપચાર અને વ્યવહારે (કહેવાય છે), વાસ્તવિક વસ્તુ છે નહિ. લ્યો હવે એમાં ઝઘડા. તો પછી સર્વજ્ઞ પણ (વ્યવહારે જાણે છે). અરે! સાંભળને. સર્વજ્ઞ તો આત્મસર્વજ્ઞ એનો સ્વભાવ પોતાનો નિશ્ચય છે, નિશ્ચય સ્વભાવ છે. આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ. આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ. પોતે પોતાને જાણે સર્વજ્ઞપણે. પર જાણે એમ કહેવું એ તો ઉપચાર છે. પરનું જાણવું સંબંધી પોતાનું જ્ઞાન પોતામાં પોતાને જાણે છે. સમજાણું કાંઈ?

બધા શબ્દે શબ્દે વાંધા ઉઠાવે. કજિયાળા છોકરા હોયને એ કજિયા જ કર્યા કરે. એને કોઈ રીતે સખ આવે નહિ. તરબુચના ભાગ પાડેને આઠ. પછી ઓલો કજિયાળો હોય એનો બાપ સમજે કે આ કજિયાળો છે. લ્યો, આ તરબુચ-તરબુચ આવે છેને આ? શું કહેવાય? ખરબુચા. લાલઘુમ જેવું. જો આ ચીરીયું પાડી, તને ગમે તે લે. પાંચ છોકરા અને ત્રણ છોડીયું છે. પછી કહીશ કે આ લાંબી ઊંચી છે અને હેઠે નાની છે. આ હેઠે પહોળી છે અને ઉપર નાની છે (એમ કહીશ તો) પછી નહિ કામ આવે. સારી ઉપાડી લે તારો ભાગ. લ્યો! આવું. પછી ત્યાં બીજાને જોવે તો કહે, બાપા! એને હેઠે પહોળી છે પાંચ તસુ, મારે ત્રણ તસુ છે. પણ તારે ઊંચી આઠ તસુ છે અને એને પાંચ તસુ છે. તકરાર શેની કરે છે? તને પહેલેથી કીધું હતું, તને પાસ થાય ઈ લઈ લેજે. શેઠી!

એમ અહીંયાં કહે છે કે તકરાર, તકરાર ને તકરાર. ગમે તે વાત કરો સત્યની. એમ ન હોય, એમ ન હોય. પોપટભાઈ! ભાઈ, ભાગલા પાડીને તો વાત ચાલે છે આ. જેમ ઓલા ભાગલા પાડીને આપ્યું, એમ ભાગલા પાડીને નિમિત્ત વ્યવહાર ને નિશ્ચય ભાગે ભાગ જુદા છે. એમાં કોઈનું કાંઈ લેવા-દેવા છે નહિ. એમ નહિ... એમ નહિ... એમ નહિ. એ.. તકરાર.

અહીં કહે છે, '**જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે,...**' એમ જે કોઈ કહેતા હોય અને '**પોતે પોતાને નથી જાણતું—**' એ વાત તદ્દન ખોટી છે. જ્ઞાન જ્ઞાનનો ધર્મ છે. એ જ્ઞાનનો ધર્મ એકલો પરને જાણવાનો છે? અને પ્રગટેલું જ્ઞાન સ્વને ન જાણે તો આ જ્ઞાન પ્રગટ્યું એમ કહ્યું કોણે? સમજાય છે? એક સમયનું જ્ઞાન પ્રગટ થતાં પોતે પોતાથી પ્રગટ થાય અને પોતે પોતાને જાણે. પોતે પોતાથી પ્રગટ થાય, પોતે પોતાને જાણે એવો એનો જ્ઞાનપર્યાયનો ધર્મ છે એમ અહીંયાં સિદ્ધ કરે છે. ઓહો..હો..! કહો, સમજાણું કાંઈ?

એક ફેરી કહ્યું હતું કે આ હું આમ છું એવો વિકલ્પ પણ જ્યારે મટશે ત્યારે જ્ઞાન જણાશે. જ્ઞાનમાં વિકલ્પ છે જ નહિ, વસ્તુ નથી. શેઠી! એકલો જ્ઞાનપ્રકાશ દ્રવ્ય-ગુણ છે અને પર્યાયમાં પ્રકાશ (થાય છે). હું આમ કરું તો આમ કરું એ પ્રકાર જ આત્માને રોકે છે. સમજાણું કાંઈ? સ્વયંસિદ્ધ પ્રકાશ કરનાર પર્યાય એને રાગ ને કર્તા અને વિકલ્પનો આશ્રય છે જ નહિ બિલકુલ. સમજાય છે કાંઈ? ધર્મચંદજી! આ તો મહાસિદ્ધાંત છે હોં! અત્યારે તો ગડબડી એવી છે કે લોકોને... જાણે કોઈ ગુનો કર્યો હોય નહિ. એમ લે છે ઓલામાં. તમે આમ કરો, તમે આમ કરો. અરે! ભગવાન! નહિતર આ એકાંત થઈ જાશે. અમે તો જાણે અનેકાંતને સમજેલા છીએ. અમે તો સમજેલા છીએ પહેલેથી. આ તમે જ આ એકાંતમાં આવીને આ તમે અણસમજુ (થઈને) સમગામ કર્યો નહિ વિદ્વાનોનો અને કોઈનું નહિ અને આ થયું છે. અરે! ભગવાન! શું કહે છો? કોને કહે છો? એ બહુ તારે વિચારવું પડશે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે. જુઓ, સમ્યગ્જ્ઞાન થતાં જ્ઞાન જ્ઞાનને જાણતું પ્રગટ થાય. સમજાણું કાંઈ? એને કોઈને પૂછવું ન પડે કે મારું આ જ્ઞાન થયું ઈ મને થયું કે મારું થયું કે શું થયું આ? સમજાણું કાંઈ આમાં? જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય એ વાત ખોટી છે. કહો એ અર્થ થયો. હવે રહ્યો '**सर्वभावान्तरच्छिदे**' ચોથો શબ્દ રહ્યો હવે. હવે ઓલા કર્મના વાંધા. એ તો કર્મનો ઉદય આવે એના પ્રમાણમાં વિકાર કરવો પડે. અરે! ભગવાન! પણ આ ક્યાં ગયું? તારા જ્ઞાનનો પર્યાયનો ધર્મ એવો નથી. એ આવે અને એના પ્રમાણે થાય. થાય એને જાણવાનું. થાય એને જાણવાનો જ્ઞાનનો ધર્મ છે. પણ જ્ઞાન એમ માને કે એને લઈને અહીં થયું એવો તારો સ્વભાવ જ નથી. સમજાણું કાંઈ? આહા..! શું કહ્યું? રાગ પર્યાયમાં થાય એને જે જ્ઞાનનો પર્યાય એને જ જાણતું પ્રગટ થાય, પ્રગટ થાય આને જાણતું

એ રાગ ત્યાં પોતાને કારણે હતો એને જ્ઞાન પોતાને કારણે એને જાણે છે. કર્મને કારણે આ રાગ થયો એવું જાણવાનું જ્ઞાનમાં નથી. ક્યાંથી તું લાવ્યો આ? સમજાણું કાંઈ? વાત સમજાય છે કાંઈ?

જ્ઞાનનો પર્યાય સ્વપરપ્રકાશક જે પ્રગટે છે એ પોતાને જાણતું પ્રગટે છે. એ જાણતું પોતાને પ્રગટ્યું એમાં રાગ જે હતો એ જાતનું જ્ઞાન પોતે પોતાને જાણતું પ્રગટે છે. રાગને જાણતું નહિ, તો નિમિત્ત તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ? એ સમયનો ચારિત્રગુણનો વિપરીત પર્યાય આવો જ ત્યાં છે, આવો જ ત્યાં છે. એ છે સમય સમયનું ત્યાં બદલે છે. અને એ સમયે જ્ઞાનનો પર્યાય પણ સમયે સમયે જેવા પ્રકારનો રાગ એવું જે અસ્તિત્વ એનું જ્ઞાન પોતાનું પ્રગટતું પોતે પોતાને જાણે છે. જ્ઞાન પોતે પોતાનું જાણે છે અહીં તો એમ કહેવું છે. રાગને નહિ. સમજાણું કાંઈ? ..ભાઈ! બહુ ઝીણો અધિકાર. આહા..હા...! તારા ઝીણવટનું શું કહેવું?

તારા કેવળજ્ઞાનની એક પર્યાયમાં કેવળીઓને અંદર સમાડી દીધા! આહા..હા...! કેવળજ્ઞાનની એક સમયની પર્યાય એમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ, અનંતા કેવળીઓના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ એક સમયમાં સમાડી દીધા. એટલી તારી તાકાત, તારો સ્વભાવ, તારું સામર્થ્ય, એવી તારી પ્રભુતા, એટલી તારી પરમેશ્વરતા. સમજાય છે? એને કેવળી જાણે છે. એમ ભગવાન આત્મા પોતાના દ્રવ્ય, ગુણ, એની પર્યાય. જુઓ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે વાત એમાં આવી ગઈ. સમજાય છે કાંઈ? પહેલેથી પર્યાય (કહેતા જાય છે). બીજાને આમ કૂટસ્થ આત્મા માનનારને તો આમ ઘા વાગે માથે. આ શું?

અરે! ભાઈ! પણ તને પલટાવાનો ભાવ આ શાસ્ત્રો કહે છે કે તું કાંઈક સમજ. એનો અર્થ ન થયો કે તું સમજ્યો નથી અને એમાંથી સમજવું એ પલટવું તો છે તારે. અને પલટનાર એવોને એવો રહીને પલટે છે. એવોને એવો એટલે દ્રવ્ય-ગુણપણે કાંઈ બીજો થઈ જાય છે એમ છે નહિ. એક ગાથામાં જૈન વસ્તુ, સર્વજ્ઞ વસ્તુ કે જગતનો વસ્તુસ્વભાવ એને સાથે લઈને વાત એકસાથે કરી છે. અમૃતચંદ્રાચાર્ય જંગલમાં વસતા જોગી ભાવલિંગી સંત દિગંબર દિગંબર. આહા..હા...! એ વનમાં વાતું પરમેશ્વરની સાથે કરે છે. સમજાણું કાંઈ? કહે છે એ જ્ઞાન. અહીં તો વળી એ વિચાર આવ્યોને કે જ્ઞાન જ્ઞાનને જાણે છે એમ આવ્યુંને ભાઈ! રાગને જાણે છે પરને (જાણે છે) એમ ન આવ્યું. એટલે એ સંબધીનું જ્ઞાન જ એવું જ્ઞાન જ્ઞાનને જાણતું ઉત્પન્ન થાય અને જાણતું પ્રગટ થાય. એ જ્ઞાનમાં જેવો રાગ અને જેવો પ્રકાર એની ધારાને જાણે એ પોતાનું જ્ઞાન છે. એ પોતાના જ્ઞાનને પોતે જાણે છે, પરને જાણવું કહેવું એ તો ઉપચારનું કથન છે. આહા..હા...! વીરજીભાઈ!

**શ્રોતા :-** ઉપચારને સત્ય માની લીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને સત્ય માની લીધું. પહેલી વાત એ જાણવાની વાત હતી

એને સર્વથા માની લીધી. અરે! ભગવાન! લ્યો! વીરજીભાઈ! એ તો જૂનો પ્રશ્ન છે. જ્ઞાન જ્ઞાનને જાણે છે, રાગને નહિ. જ્ઞાનનો પોતે સ્વપ્રકાશક સ્વભાવ છે કે નહિ? પછી પર. સ્વપ્રકાશક સ્વભાવ છે કે નહિ? તો જે સમયનો પર્યાય પ્રગટ્યો એ સ્વપ્રકાશને જાણે છે કે નહિ? એમાં પરનું આવ્યું એ પણ સ્વપરનું એક સ્વપ્રકાશરૂપ આવી ગયું. પરનું પોતા સંબંધીનું સ્વપરપ્રકાશકનું સ્વપ્રકાશરૂપ એક જ્ઞાન. સ્વપરનું એકરૂપ સ્વપ્રકાશરૂપ એક જ્ઞાન આવી ગયું એમાં. આહા..હા...!

**શ્રોતા** :- ખીલ્લી બરાબર ખોડાઈ ગઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખોડાઈ ગઈ? આહા..હા...! સમજાણું આમાં? જુઓ, ભાઈ આ મહામંગળિક ચાલે છે આ. આવી રીતે આનું આ સ્પષ્ટીકરણ પહેલુંવહેલું થાય છે વધારે. એટલું બધું આ પરોક્ષ અને પ્રત્યક્ષનું વાંચ્યું નથી પહેલું. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા** :- પરોક્ષ ૧૭૨માં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા ત્યાં આગળ. ૧૭૨માં તો આવવાનું છે અલિંગગ્રહણમાં. અહીંયા તો બધા બોલો છે સામે એટલે એકદમ. ઓહો..હો..!

ત્રણ વાત લીધી. એક તો શુદ્ધ સત્તા દ્રવ્ય, શુદ્ધ ચેતનાગુણ અને શુદ્ધ સ્વાનુભૂતિની પર્યાયનું કાર્ય. આ એનું નામ સમયસાર. હવે એની પૂર્ણતા બતાવે છે. એની તાકાત કેટલી છે. સ્વાનુભૂતિ થઈને પ્રગટ થાય છે તો સર્વજ્ઞપદ કેમ પ્રગટ થાય અને સર્વજ્ઞનું શું સ્વરૂપ છે, એ '**सर्वभावान्तरच्छिदे**' એ શબ્દમાં છે. આ તો શાંતિની વાત છે. અને ધીરેથી અંદર મગજમાંથી જરી હળવું બનાવી વિકલ્પોને અને આને ધારા સમજવા માગે તો બરાબર સમજી શકે એમાં કાંઈ ફેર છે નહિ. ઝીણું છે અને આમ છે એમ છે જ નહિ. તારું તને ન જાણવામાં આવે ત્યારે તું કોણ? તારી મુખ્યતા ન હોય તો બીજા આ છે એમ જાણ્યું કોણે? જ્યાં ત્યાં તું મુખ્ય ન હોય, આ પટ છે ને ઘટ છે ને આ છે ને આ છે ને આ છે, પણ તું હતો ત્યારે આ છે આ છે થયું. તારા જ્ઞાનનો પર્યાય પ્રગટ થયો અને તું તેને જાણે છો એમ વાસ્તવિક સત્યતામાં એમ કહેવાય છે. પરને જાણવું-જાણવું એ તો ઉપચારના કથનો છે.

એથી સર્વજ્ઞ ત્રણકાળ ત્રણલોકને જાણે એ ઉપચાર છે એટલે જાણતા નથી એમ નહિ. એ ત્રણકાળ ત્રણલોક સંબંધીનું પોતાના જ્ઞાનનો પર્યાય એક સમયનો સ્વપ્રકાશકમાં એ બધું આવી જાય છે. સમજાણું કાંઈ? વળી એ ઉડાડે. લ્યો! કેવળી જો કહેશો તો નિયત જ થઈ જશે બધું જાણે તો. એ લક્ષ્મીચંદજીએ કાલે કહ્યું હતું. એ તો અમારે પ્રશ્ન પહેલેથી ચાલે છે. ઓધવજીભાઈએ નહોતું કીધું ઓલું? ઝાલનાપાટણ. કેવા? ઓધવલાલ મળ્યા હતા. એમના ભાઈ છે વચ્ચેથી એમનાથી મોટા. એ ક્રમબદ્ધની વાત નીકળી. ઝાલનાપાટણ. ત્યાં ગયા સાંજે, રાત્રે કીધું. નોકરી છેને. ... ત્રણ સાડા ત્રણે. રાતે વાત નીકળી ક્રમબદ્ધની.

ઓહો..હો..! વસ્તુ તો આ છે. એમના ભાઈ મોટા ત્યાં. આ તો કહે કે અમારે પહેલેથી વાત ચાલે છે ઘણા વર્ષથી. અહીં તમારે ક્રમબદ્ધ મૂક્યા પહેલાની. શબ્દ ક્રમબદ્ધ નહિ પણ નિયત.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. એમ કે જો તમે નિયત કહો, એ નિયત કહેતા. કેવળજ્ઞાન છે તો કહે છે કે પહેલા આપણે નીકળ્યા પહેલાની વાત. નિયત કેવળજ્ઞાન એટલે બધાને જાણે. એમાં જે સમયનો જ્યાં પર્યાય નિયત છે. એમ કહેતા હશે. તો આ કહે, પુરુષાર્થ ક્યાં રહ્યો? એ પ્રશ્ન ૨૦ વર્ષ, ૨૫ વર્ષ પહેલા ચાલતો હતો. સમજાય છે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યારે જ પુરુષાર્થ કહેવાય છે. સાથે નિયતપણે નિયત છે તેમ નક્કી કર્યું ત્યાં પુરુષાર્થ ચાલુ થાય છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન જે સ્વીકારે એને તો એમ આવે કે મારું એક સમયમાં બધું જાણે તો બધું નિયત, જે સમયે જ્યાં છે એ તો થઈ રહ્યું નિયત થઈ ગયું. પણ એ નિયતમાં તારું નિયત થઈ ગયું સાંભળને. તારો નિયત થઈ ગયો કે હું જ્ઞાનના પ્રકાશવાળો છું એકલો, બીજો કોઈ સ્વભાવ મારો છે નહિ. એમ નિયત થયા વિના બીજાના નિયતનું નક્કી તને થાય નહિ. એમ ક્રમબદ્ધ-ક્રમબદ્ધ, અમારે વીરજીભાઈ કહે છે, એ ક્રમબદ્ધ-ક્રમબદ્ધ એમ ન ચાલે. ... એને જ્ઞાનને પકડીને એનો પ્રકાશ કરે તો ક્રમબદ્ધને ક્રમબદ્ધ માન્યું કહેવાય. એમ કહેતા હતા એક ફેરી. ઘણા ક્રમબદ્ધના થોથામારે છે. એમ ચાલે? એમ ન ચાલે.

જ્ઞાનપ્રકાશ નિયત જે દ્રવ્ય અને ગુણ છે એનો નિયતપણે પર્યાયમાં સ્વપરપ્રકાશકનો પર્યાય સ્વપ્રકાશ રૂપે પ્રગટ કરે તો નિયત જ છે, જા. બધું હવે તારે જાણવાનું રહ્યું, કાંઈ ફેરફાર કરવાનું છે નહિ. પણ લોકને એવું લાગે છે કે આહા..હા...! સોનગઢે તો જાણે શું કરી નાખ્યું. ઊંધું ને બધું ... માણસ આ બધા. અરે! ભગવાન! વસ્તુ પણ આ રીતે ન હોય તો બીજી કોઈ રીતે ત્રણકાળમાં સિદ્ધ થતી નથી. સમજાણું? ત્રણકાળ ત્રણલોકમાં જ્યાં જ્યાં જાય ત્યાં ભૂત, વર્તમાન, ભવિષ્ય ભગવાન પાસે, ઈન્દ્ર પાસે જા કે એકલો રહે, એકલો જ્યાં જ્ઞાનનો પર્યાય સ્વાનુભૂત્યા થઈને જ્યાં પૂર્ણ થયો એ કાંઈ નવા છે એવા? એવા કેવળી તો અનાદિના છે. અનાદિથી કેવળજ્ઞાનમાં જે રીતે જાણ્યું તે રીતે બધું નિયત છે. એવા નિયતનું નક્કી કરનારો નિયત પર્યાય સ્વભાવસન્મુખ થઈને 'પ્રકાશમય આત્મા હું છું' એમ પ્રકાશ કરે ત્યારે નિયતને જાણ્યું કહેવામાં આવે. સમજાણું કાંઈ? ઓહો..હો..! .. એ સવાલ બધાને કરે, પહેલો કરે. વસ્તુ વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત? એ પ્રશ્ન જ .. નક્કી નથી. કાલે કાગળ આવ્યો છે. સમજાણું? વસ્તુ વ્યવસ્થિત છે કે અવ્યવસ્થિત? એ પ્રશ્ન એનો પહેલો. અવ્યવસ્થિત છે તો વસ્તુ એમ હોઈ શકે નહિ. ધર્મચંદજી!

અહીં '**सर्वभावान्तरच्छिदे**' ચોથું મૂક્યું છે. પોતાથી... ભાવાંતર શબ્દ પડ્યો છેને? ભાવાંતર. એટલે પોતે જે ભાવ સત્તાસ્વરૂપ છે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય એનાથી અનેરા. હવે '**પોતાથી અન્ય સર્વ જીવાજીવ,...**' સર્વ આત્માઓ અને સર્વ જડ. '**પોતાથી...**' દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના લીધા. હવે પોતાથી ભાવાંતર-અનેરા ભાવો, અનેરા પદાર્થો. અનેરા પદાર્થના પ્રકાર ચાર. એક તો સર્વ જીવ-અજીવ દ્રવ્ય. એમાં પણ '**ચરાચર...**' કોઈ ગતિમાન અને કોઈ સ્થિર, બે. એ બધા સર્વ જીવ-અજીવને, એના ગતિ-અગતિને. આ ઠેકાણે આની ગતિ છે અને આની સ્થિરતા છે એ બધી. '**સર્વ ક્ષેત્ર...**' આ તો જીવાજીવ અને ચરાચર પદાર્થોનું. '**સર્વ ક્ષેત્રસંબંધી...**' સર્વ ક્ષેત્ર સંબંધી. લોક અને અલોક. સર્વ કાળ સંબંધી. સર્વ વિશેષણ બધાને માટે છે. સર્વ ક્ષેત્ર સંબંધી અને સર્વ કાળ સંબંધી. હવે ભાવ આવ્યો.

'**સર્વ વિશેષણો સહિત,...**' સર્વ વિશેષણો સહિત. કોઈ બાકી ન રહે કે આ પર્યાયનો આ કાળ, આ પર્યાય આ કાળે અને આ પર્યાય આ કાળે અને આ ગુણ આ. એના બધા ભેદો જે પ્રકાર છે, બધા ભાવસહિત, '**સર્વ વિશેષણો સહિત એક જ સમયે...**' ચરાચર, જીવાજીવ, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ વિશેષણો સહિત, સર્વ ગુણ અને પર્યાયસહિત એક જ સમયે. ઓહો..! એક સેકન્ડના આસંખ્યમા ભાગમાં એક જ સમયે જાણનારો છે. આત્મા એક સમયે બધા ક્ષેત્રને, બધા કાળને, બધા જડ-ચૈતન્યના ચરાચર ગતિને અને બધા વિશેષણો ગુણપર્યાય સહિતને એક એક સમયનો આ પર્યાય આ કાળે, આનો આ પર્યાય આ કાળે, એનો આ પર્યાય આ કાળે (થવાનો), એ બધા વિશેષણ સહિત ભગવાન પરમાત્મા... એ આત્માનું '**सर्वभावान्तरच्छिदे**' સ્વભાવ છે. સમજાય છે કાંઈ? '**એક જ સમયે જાણનારો છે.**' ઓહો..હો..! જુઓ, નાખ્યા. એ પણ એ જાણનારો છે સર્વને, એ પણ પર્યાય તો પોતાની છે અને પોતાની પર્યાયની તાકાતમાં પોતે પોતાને જાણે છે.

**શ્રોતા :-** આ સંબંધીના પોતાના જ્ઞાનને (જાણે છે).

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતાના જ્ઞાનની પર્યાયને .. જાણે છે કે ઓહો..! આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ છે. સમજાણું? પરમય નહિ. પોતાના જ્ઞાનમય સર્વજ્ઞ શક્તિનો જ્યાં વિકાસ થયો, ત્યાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના વિશેષણ સહિત (સર્વ જાણે). કેટલાક કહે કે કેવળી સામાન્ય જાણે, વિશેષ ન જાણે. આ સમયે આ મોક્ષ જશે, આ જીવ આ (સમયે) મોક્ષે જશે એમ ન જાણે. કોઈ કહે કે ભૂતકાળમાં આદિ નથી જાણતા માટે ત્રણકાળ નથી જાણતા, ભવિષ્યનું જાણતા નથી, ભવિષ્યમાં આનો અંત માટે અંત ક્યારે આવશે જાણતા નથી, માટે ભવિષ્યને નથી જાણતા. પણ આદિ-અંત નથી ને શું જાણે? ભારે પણ ગડબડી. અને જો ભગવાન ત્રણકાળનું જાણે તો મારો પહેલો પર્યાય કહી દે. વળી એવા પાક્યા છે કુતર્ક કરનારા. ભગવાન જો બધું જાણે તો મારો પહેલો (પર્યાય ક્યો?) પણ પહેલી પર્યાય કે દિ' હતી? તો પહેલી પર્યાય તો દ્રવ્ય પહેલું હતું? એ પહેલા દ્રવ્ય નહોતું? દ્રવ્ય એમ ને એમ અનાદિ, પર્યાય

એમ ને એમ સામાન્ય અને વિશેષ બેય અનાદિ છે. વિશેષ પહેલું અને સામાન્ય પછી, સામાન્ય પહેલું અને વિશેષ પછી એમ છે? સમજાય છે કાંઈ?

અનંતા દ્રવ્યોનું સામાન્યપણું પણ અનાદિ અને એનો વર્તમાન પર્યાય પ્રગટ થાય વર્તમાન અપેક્ષાએ પહેલું કહેવાય પણ વર્તમાન એનો પર્યાય વિશેષરૂપે છે અનાદિ છે આ. વર્તમાન જીવની કે જડની અપેક્ષાએ આ પર્યાય પ્રગટ્યો એ એની આદિ કહેવાય. પણ વિશેષપણું પહેલાં દ્રવ્યમાં આદિપણે થયું અને નહોતું એમ હોઈ શકે નહિ. ઓહો..હો..! એનો સ્વભાવ, એનું સામાન્ય અને વિશેષ સ્વરૂપ. સામાન્ય નામ ધ્રુવ, વિશેષ નામ પર્યાય તે એક સમયે બે છે અનાદિના. સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? ભગવાનજીભાઈ! બધું અનાદિ છે. સામાન્ય અનાદિ. વિશેષ પણ અનાદિ? વિશેષ કહેવું ને અનાદિ? સામાન્ય તો અનાદિ ઠીક. અરે! ભગવાન! વિશેષ પણ અનાદિ. તો તો પછી વિશેષ અનાદિ નહિ અને વિશેષ આદિ અને સામાન્ય અનાદિ. તો સામાન્ય પર્યાય વિનાનું હોય? સમજાય છે કાંઈ? આ તો ન્યાયથી તો વાત ચાલે છે આ. વિશેષ સામાન્ય વિનાનું ન હોય અને સામાન્ય વિશેષ વિનાનું ન હોય. એ બધા સામાન્ય-વિશેષોને ભગવાન આત્મા એક સમયની અંદર, એક અક્ષર બોલે એમાં અસંખ્ય સમજાય, એનો અસંખ્યમો ભાગ (એવા) એક સમયમાં બધું પ્રત્યક્ષ જાણે છે. ઓહો..! આવો જ્ઞાનનો સ્વભાવ! આવું જ્ઞાનનું સામર્થ્ય એક સમયની પર્યાયનું! આવી જેની કબુલાત થાય તેને સર્વજ્ઞ સ્વભાવમાં ઘૂસીને પ્રતીત થયા વિના રહે નહિ. સર્વજ્ઞ સ્વભાવ એટલે પોતાનો હોં! સમજાણું કાંઈ? આહા..હા...! એ વિકલ્પ ઝીલી શકે? સર્વજ્ઞનો પર્યાય આવડો એ વિકલ્પ ઝીલી શકે? એક સમયમાં સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આમ જાણે એ શુભરાગની તાકાત છે કે એને ઝીલી શકે? એ રાગરહિતની જ્ઞાન પર્યાયમાં ઝીલવા જાય કે આવડું આ. અલ્પજ્ઞમાં સર્વજ્ઞની પ્રતીત કરવા જાય તો અલ્પજ્ઞ, સર્વજ્ઞસ્વભાવ તરફ વળ્યા વિના રહે નહિ. નવનીતભાઈ! ન્યાય સમજાય છે આમાં? આહા..હા...! કેટલું એક કળશમાં તો ગજબ કર્યું છેને આખું!

**શ્રોતા :-** જૈનશાસન આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૈનશાસન વસ્તુ દર્શન, વસ્તુસ્વરૂપ, સાધક, બાધક, દ્રવ્ય, ગુણ નિશ્ચય, વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન બધી વાત (આવી ગઈ).

'**એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનાર...**' એ આ રીતે નથી માનતા એ સર્વજ્ઞનો અભાવ જ માને છે. '**મીમાંસક આદિનું નિરાકરણ થયું. આ પ્રકારનાં વિશેષણો (ગુણોથી) શુદ્ધ આત્માને જ...**' શુદ્ધ આત્માને જ '**ઇષ્ટદેવ સિદ્ધ કરી તેને નમસ્કાર કર્યો છે.**' આ રીતે દ્રવ્ય, ગુણ, પર્યાય, સ્વાનુભૂતિ અને એનાથી પ્રગટ થતી પૂર્ણ પર્યાય. ચાર તત્ત્વો લીધા ફક્ત આમાં. એક, આત્મા સત્તા. એક '**स्वानुभूत्या चकासते**' સંવર-નિર્જરા અને '**सर्वभावान्तरच्छिदे**' મોક્ષ (એમ) ચાર તત્ત્વ લીધા. નાસ્તિવાળા

અજીવ, આસ્રવ, બંધ એ ન લીધા. ચાર અસ્તિ લીધા. '**समयसाराय भावाय**' ભાવ દ્રવ્ય. ચૈતન્ય એનો ગુણ, સ્વાનુભૂતિ એની પર્યાય. એ સંવર-નિર્જરા આવ્યા. જીવદ્રવ્ય આવ્યું, સંવર-નિર્જરા આવી. અને એ સંવર-નિર્જરા વડે પૂર્ણ એક સમયમાં '**सर्वभावान्तरच्छिदे**' એ મોક્ષ આવ્યું. જીવ, સંવર, નિર્જરા અને મોક્ષ આ ચાર અસ્તિથી દ્રવ્યને સિદ્ધ કરીને મંગળિક તરીકે પરમાત્માને વંદન કર્યું છે. એમાં અજીવ અને આસ્રવ બંધ નથી એ નિશ્ચયમાં આવી ગયું. લોકો કહે છે કે પણ તમે વ્યવહાર.. પણ સાંભળને! નિશ્ચયમાં વ્યવહારનું જ્ઞાન આવી જાય છે. સમજાણું કાંઈ? એ આ શ્લોક સિદ્ધ કરી આપે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, કળશ-૪૬
## પ્રવચન નં.૯૦૩, તા.૨૩-૦૫-૬૩
## (૧૪)

સમયસારનો કર્તા કર્મ અધિકાર ચાલે છે. એમાં પહેલા ૪૬ ગાથા, ૪૬ શ્લોક ચાલે છે. શું કહે છે જુઓ, એક શ્લોક એક કલાક વ્યાખ્યાન ચાલી ગયું પહેલી બે લીટીનું. ફરીથી થોડું લઈએ.

'**આ લોકમાં...**' આ લોકમાં એમાં લોકની વિદ્યમાનતાત-મોજૂદગી જણાવે છે. લોક મોજૂદગી ચીજ છે. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એમ છે નહિ. આખો લોક છે. '**આ લોકમાં...**' એવો શબ્દ પડ્યો છે. તો આ લોક. લોક્યંતિ ઈતિ લોકઃ જેમાં છ પદાર્થ જ્ઞાનમાં ભાસે છે એવા ક્ષેત્રને લોક કહે છે. તો '**આ લોકમાં...**' એમ પહેલો શબ્દ પડ્યો છે. સંસ્કૃતમાં '**इह**' શબ્દ પડ્યો છે. ચૈતન્ય સ્વરૂપ.. અનાદિથી અજ્ઞાની શું માને છે? હું એક આત્મા કરનાર, રચનાર, બનાવનાર, થનારો. શું? કે આ ક્રોધાદિ ભાવ હું કરનારો અને વિકારભાવ મારું કર્મ નામ કર્તવ્ય નામ કામ નામ પર્યાય છે. એવી માન્યતા તે અજ્ઞાન છે. આત્મા સિવાય અનંત પદાર્થની મોજૂદગીમાં પોતાની એક સમયમી પર્યાયની પણ પરપદાર્થમાં મોજૂદગી નથી. અને પરપદાર્થની પર્યાયની મોજૂદગી પોતાની પર્યાયમાં નથી. એ વાત તો અહીંયાં લીધી જ નથી. એનો કર્તા (પોતે) અને એ કાર્ય છે એવી વાત તો લીધી નથી.

શું લીધું? કે એક હું ચૈતન્ય કર્તા અને વિકારભાવ જેને અહીંયાં ક્રોધ કહે છે. ક્રોધનો અર્થ નિરૂપાધિ સ્વભાવ શુદ્ધ આનંદ ત્રિકાળ સ્વભાવ છે તેની અપ્રીતિ અને પુણ્ય-પાપની શુભ-અશુભભાવની પ્રીતિ તેને સ્વભાવ પ્રત્યે ક્રોધ કહે છે. વાત તો આવી છે. મુનિ છે તો ક્રોધથી લીધું છે. ઉત્તમ ક્ષમાધારક છેને? તો એમાં ગુલાંટ મારીને... ગુલાંટ સમજ્યા? બીજી રીતે ક્રોધ, માન, માયા, લોભથી લીધું છે. પણ એમાં એવો મર્મ છે કે ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્મા એ સ્વભાવવાન અને ત્રિકાળ જ્ઞાન, આનંદ, શાંતિ, શાંતિ એટલે ચારિત્ર એવી શક્તિ એવો નિરુપાધિ સ્વભાવ આત્માની સાથે ત્રિકાળ અવિનાભાવી સ્વભાવ છે. એવો ત્રિકાળી નિરૂપાધિ આનંદ, નિત્યાનંદ પ્રભુ એની રુચિ પ્રીતિ, રતિ છોડીને વિકૃતભાવ એક સમયની મોજૂદગી રાખે છે, પર્યાયમાં વિકાર, પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ, ઉદયભાવ એની એક સમયની મોજૂદગી છે, એ એક સમયની વિકૃતની પછી શુભ હોય કે અશુભ હોય, બેયની મોજૂદગીની દૃષ્ટિ જેને વિદ્યમાન છે તેને મિથ્યાદૃષ્ટિ

કહે છે. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં નિરૂપાધિ આનંદકંદ પ્રભુ જ્ઞાનાનંદથી સૂર્ય ચૈતન્ય ભર્યો છે એની પ્રતી, રુચિ, પ્રેમ છોડીને અનાદિકાળથી નિરૂપાધિ સ્વભાવથી વિરુદ્ધ આવી જે ઉપાધિ પુણ્ય-પાપના ભાવ તેને અહીંયાં ક્રોધાદિ કહ્યા છે. સૂક્ષ્મ વાત છે. અંતરની ચીજમાં એમ છે કે તે અનંતકાળથી ચૈતન્ય ઊંડી ગંભીર ચીજ શું છે (એની ખબર નથી). અને એક સમયનો વિકૃત ઉદયભાવ એમાં જેની બુદ્ધિ, મોજૂદગીમાં દૃષ્ટિ પડી છે તેને ત્રિકાળ નિરૂપાધિ સ્વભાવનો અંતર અનાદર, અસત્કાર, અપ્રેમ વર્તે છે. સમજાણું કાંઈ? એને અહીંયા પાઠમાં '**कोपादयः**' કહ્યું છે. અર્થમાં ક્રોધાદિ (કહ્યું છે). ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શુભ, અશુભભાવ તેની રુચિ, પ્રેમ, પ્રીતિ છે તો ત્રિકાળી નિરૂપાધિ સ્વભાવ પ્રત્યે અપ્રીતિ, અપ્રેમ, દ્વેષ (વર્તે છે). સમજાય છે કાંઈ?

એ તો આનંદઘનજીનું કાલે કહ્યું હતું. થોડા શબ્દ તો એ પણ લઈએ છીએ કે 'દ્વેષ અરોચક ભાવ' ભગવાન આત્માની સેવા કરવામાં વિઘ્ન શું છે? પોતાનો નિરૂપાધિ ત્રિકાળ આનંદ જ્ઞાયકજ્યોત સ્વભાવ છે તેની સેવામાં વિરુદ્ધ ભાવ વિઘ્ન શું છે? કે પોતાનો નિરૂપાધિ ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય ઝળહળ જ્યોતિ પ્રભુ, આનંદથી અવિનાભાવ આત્મા ભર્યો છે, આનંદ સ્વભાવ અને આત્મા સ્વભાવવાન, આવો અવિનાભાવી ત્રિકાળ સ્વભાવ એની જેને અરુચિ છે તેને દ્વેષ કહે છે. ઘણું સૂક્ષ્મ છે. પંડિતજી! એમનું નામ શું છે? મુન્નાલાલજી! નામ ભૂલી જઈએ છીએ. સમજાણું કાંઈ?

ભગવાન! એ તો આગળ ૭૨મી ગાથામાં ભગવાન કહીને જ સંબોધિત કરશે. આચાર્ય ભગવાન કહીને જ સંબોધન કરે છે. જ્યાં અશુચિ આદિ લીધું છે ૭૨ ગાથામાં. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ એ મલિન, અશુચિ ભાવ છે. અને ભગવાન અતિ નિર્મળ પ્રકાશમાન મૂર્તિ છે એમ ૭૨ ગાથામાં અમૃતચંદ્રાચાર્ય ત્રણ વાર ભગવાન-ભગવાન કહીને અશુચિ, વિપરીત ભાવ અને દુઃખ એવા ત્રણ ભાવથી વિરુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન છે. પોતાની પર્યાયમાં, છે તો એની પર્યાયમાં એક સમયની મોજૂદગી. આગળ તેને વિકારને સંયોગસિદ્ધસંબંધ કહેશે. ગાથાની ટીકામાં (એમ લેશે કે) શુભ અને અશુભભાવ, ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવની સાથે તાદાત્મ્ય સંબંધ છે તો વિકારની આત્માની સાથે સંયોગસિદ્ધસંબંધ છે, સ્વભાવસિદ્ધસંબંધ નથી. એક સમયનો છે તો એની પર્યાયમાં, બીજાની પર્યાયમાં નથી. અને એ વિકારની લાગણી શુભ-અશુભનો ભાવ, એનો પ્રેમ છે તેને નિરૂપાધિ સ્વભાવનો ક્રોધ કહે છે. એવા ક્રોધાદિ મને કર્મ છે, એ વિકારી મારું કામ છે, મારી પ્રજા છે, તો તેને પ્રજા માનનારને પોતાનું દ્રવ્ય પણ વિકારમય છે, એનાથી વિકાર ઉત્પન્ન થયો એવી દૃષ્ટિ ઉત્પન્ન થઈ. (પરંતુ) એમ છે નહિ.

ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશ અતીન્દ્રિય આનંદ... આનંદ... આનંદ... જેના એક સમયમાં

સમ્યગ્દર્શનનો અનુભવ થતાં જે આનંદનો એક સમયના અનુભવમાં સ્વાદ આવે છે એ સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન અને કરોડો અપ્સરાના ભોગ એ સડેલા તરણા સમાન લાગે છે. સડેલા કહે છેને? સડા હુઆ, સડા હુઆ. અમારે સડેલું કહે છે. સડેલું ઉકરડો-ઉકરડો. ઉકરડો કહે છે ને ઢેર? કૂડા કા ઢેર. સમ્યગ્જ્ઞાનમાં પોતાનો આનંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ એક સમયમાં અખંડ આનંદ પૂર્ણ પડ્યો છે તેની દૃષ્ટિ કરતાં એમાં જે આનંદનો, અતીન્દ્રિય આનંદનો એક સમયમાં જે આનંદનો સ્વાદ અનુભવાય છે તેની પાસે ઈન્દ્રના સુખ પણ સડેલા તરણા સમાન લાગે છે. એવો એનો આનંદ છે. એ આનંદની રુચિ છોડીને અનાદિથી શુભ-અશુભભાવ જે ક્રોધાદિ તેનું મારે કામ છે એવી અજ્ઞાનીઓની જે કર્તા-કર્મની પ્રવૃત્તિ છે. જુઓ .. બતાવ્યો. અજ્ઞાની પ્રવૃત્તિ પરકામ મારું અને હું પરનો એ પ્રવૃત્તિ તો એમાં છે જ નહિ. શું કહ્યું? પરપદાર્થ મારું કામ છે એની અવસ્થાનું કાર્ય મારું કાર્ય છે અને હું કરનાર એવી પ્રવૃત્તિ તો અજ્ઞાનભાવમાં પણ નથી.

અજ્ઞાનભાવમાં શું છે? કે એવી. એમ કહ્યું છે જુઓ, હું ચૈતન્ય કરનાર અને વિકારભાવ મારું કાર્ય. ભાવ લખ્યું છેને? ક્રોધાદિ ભાવ. એ ૬૯-૭૦નો ઉપોદ્ઘાત છે એમાં આવશે. એ વિકારી પરિણામ પર્યાયબુદ્ધિમાં દૃષ્ટિ રાખીને સ્વભાવબુદ્ધિનો નિષેધ કરીને... સમજાણું કાંઈ? એ વિકારી કામ મારું (એમ અજ્ઞાની માને છે). આહા..હા...! કાલે કહ્યું હતું. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. સૂક્ષ્મ છે. એ બંધ અધિકારમાં લીધું છે. બનારસીદાસે એનું (પદ બનાવ્યું છે). '...' છોડાવે છે. ભગવાન અધ્યવસાય છોડાવે છે તો અમે માનીએ છીએ કે પરદ્રવ્યના આશ્રયનો બધો ભાવ છોડાવે છે. તો ત્યાં ભગવાન આત્મા જ્ઞાનસૂર્ય સચ્ચિદાનંદ પ્રભુ છે એવી અંતરમાં દૃષ્ટિ સમ્યક્ થઈ તો વિકારના પરિણામ છે, છે, કહે છે જુઓ છે, જ્ઞાનીને પણ જરા નબળાઈના વિકારના પરિણામ છે પણ એનાથી મુક્ત છે. સમજાણું કાંઈ? પ્રભુ!

અહીં આત્માને પ્રભુ કહીને જ બોલાવે છે. અરે! ભગવાન! તારી ચીજમાં એવી મહત્તા, એવી મહિમા પડી છે કે જેમાં એ પુણ્ય અને પાપ મારું કામ અને હું કર્તા એ અજ્ઞાનભાવ છે. તારી ચિદાનંદની મહિમા તેં છોડી દીધી. નિરૂપાધિ ભગવાન આત્માની મહિમા-માહાત્મ્ય છોડી દીધું. અને વિભાવ મારું કામ એવી અજ્ઞાનીઓની.. એવો શબ્દ પડ્યો છે. અજ્ઞાનીઓની પ્રવૃત્તિ હોય તો આવી છે, બીજી પ્રવૃત્તિ નથી. આ ભણાવવું, મુન્નાલાલજી! પૈસા ઉઘરાવવા એ કોઈ આત્માની પ્રવૃત્તિ છે? ઉઘરાણીને શું કહે છે? ચંદા કરવું કહે છેને? અમારે ઉઘરાવે.. ઉઘરાવે કહે. ઉઘરાવે એટલે લાવો પચાસ ભરો, સો ભરો. ભાષાની પ્રવૃત્તિ આત્માની પર્યાયમાં નથી. પૈસા આવવા-જવા આત્માની પર્યાયમાં નથી. અજ્ઞાનમાં આત્માની પ્રવૃત્તિની મર્યાદા એટલી છે કે પુણ્ય અને પાપ જે વિકૃત, બધા ગુણની વિકૃત અવસ્થા નથી થતી, કોઈ કોઈ ગુણની વિકૃત છે. અસ્તિત્વ-વસ્તુત્વ આદિ ગુણની પર્યાય વિકૃત નથી થતી. કોઈ કોઈ ચારિત્ર, શ્રદ્ધા, આનંદ, કર્તા, કર્મ આદિ શક્તિની કોઈ કોઈ વિપરીત છે. એ વિપરીત ક્ષણિક

કેટલાક ગુણની વિકૃત દશા એ મારું કામ અને હું કરનાર, અજ્ઞાનીઓની એવી જે કર્તા–કર્મની પ્રવૃત્તિ છે. શું કહ્યું?

કોઈ કહે કે પોતાની પર્યાયમાં અજ્ઞાનમાં પણ મલિનતા નથી, આત્મા તો શુદ્ધ જ છે. એમ નથી. વસ્તુ શુદ્ધ છે અને એનો ત્રિકાળી નિરૂપાધિ સ્વભાવ શુદ્ધ છે. વસ્તુનો અર્થ સ્વભાવવાન અને ત્રિકાળી નિરૂપાધિ સ્વભાવ સ્વભાવ. એ સ્વભાવ સ્વભાવવાન શુદ્ધ છે અને એની પર્યાયમાં પણ કેટલાક ગુણની પર્યાય અનાદિ શુદ્ધ છે. પણ એ આનંદદાયક નથી, સુખદાયક નથી, શાંતિદાયક નથી. અસ્તિત્વગુણની નિર્મળ પર્યાય શુદ્ધ છે એમાં શું આવ્યું? સમજાણું કાંઈ? તેમાં વિપરીત પર્યાય જે છે મલિન-મલિનતા, શુભ હો કે અશુભ હો.

કહે છે, **'અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે...'** પરિણામમાં પ્રવૃત્તિ ચાલે છે. પ્ર-વૃત્તિ-વિશેષે પરિણતિ ચાલે છે. બસ, ત્યાં સુધી અજ્ઞાનની પ્રવૃત્તિની મર્યાદા બાંધી દીધી. અનાદિથી શું કર્યું? અનાદિથી શું કર્યું અજ્ઞાનીએ? રજકણની એક પર્યાય પણ ફેરવી એવું તો કદી કર્યું નથી. શરીરની અવસ્થા પલટાવે એવું તો કદી કર્યું નથી. કર્યું હોય અનાદિથી અત્યાર સુધી જ્યાં સુધી અજ્ઞાનમાં રહે છે ત્યાં સુધી એ અજ્ઞાની આત્મા પોતાની પર્યાયમાં પુણ્ય અને પાપ એ મારું કાર્ય અને હું કર્તા છું. બસ! આ પ્રવૃત્તિ કરે છે. ..જી! આ બહારનું નથી કરતો એમ કહે છે. કોઈની મોજૂદગીની એક... દ્રવ્ય મોજૂદ, એની શક્તિ મોજૂદ. શક્તિ નામ ગુણ. દ્રવ્ય નામ શક્તિવાન. શક્તિવાન મોજૂદ, પરદ્રવ્યની શક્તિ મોજૂદ અને એની પર્યાય એમાં મોજૂદ. તો એ પર્યાયનો આત્મા કરનારો અને હરનારો છે, એ નિમિત્તનું કથન આવે એ જ્ઞાન કરાવવા માટે છે. વાસ્તવિકરૂપે તે કર્તા-ફર્તા નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યના શ્લોકની સંસ્કૃત ટીકા બનાવતા પહેલા મંગળાચરણ કરે છે. તો મંગળિકમાં એ વાતની થોડી ઝાંખી બતાવી કે અજ્ઞાનીઓની પ્રવૃત્તિ છે તો આટલી છે. પર્યાયમાં—અવસ્થામાં અજ્ઞાનથી વિકારનો કર્તા અને વિકાર મારું કામ એટલું એક વર્તમાન અંશમાં પ્રવૃત્તિ છે. દ્રવ્યમાં નહિ, ગુણમાં નહિ, પરમાં નહિ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, પ્રભુ! તેં તારી ચીજનો પત્તો (લીધો નથી). દોષનો પત્તો પણ સૂક્ષ્મ છે. અહીં તો પહેલા એમ નથી કહ્યું કે ભાઈ, અજ્ઞાનીના ક્રોધાદિભાવ એ કર્મથી થયા છે એમ પણ નથી લીધું. એ ટીકામાં પણ લેશે. એ તો પોતાના અજ્ઞાનથી વિકાર કરે છે. 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' સમજાય છે કાંઈ?

એ અજ્ઞાનીઓને અનાદિથી નિગોદથી માંડી.. નિગોદથી માંડી હોં! નિગોદમાં તો કર્મના જોરથી ત્યાં રહે છે કે નહિ? એમ નથી. ગોમ્મટસારમાં તો કહ્યું છે. ભાવકલંક પ્રચુરા. ભાવકલંક પ્રચુર છે. નિગોદમાં ભાવકલંક પ્રચુર છે, એનો કર્તા અને એ મારું કામ એમ અનાદિથી દૃષ્ટિ પડી છે. એ કારણે નિગોદમાં એની મોજૂદગી અનંતકાળ નિત્યનિગોદમાં રહેનારો પણ પોતાનું કલંક ભાવની પ્રચુરતા એ મારું કામ અને કર્તા (હું છું એમ માને છે). ખ્યાલ નથી, બુદ્ધિ

નથી પણ એના કર્તાનું કામ આવું પ્રવર્તી રહ્યું છે. સમજાણું કાંઈ? આ શું કહે છે? એકલું પંચેન્દ્રિય માટે નથી કહેતા. સર્વ જીવોની અજ્ઞાનીઓની આવી પ્રવૃત્તિ છે. પણ અહીંયાં છે ત્યાં સુધી તો તે છે એમ સિદ્ધ કરવું છે. અજ્ઞાન કાંઈ છે જ નહિ અને વિકાર મારું કામ અને કર્તા એ ભ્રમ છે. દશામાં કાંઈક ભ્રમણા છે એ અસ્તિપણે છે જ નહિ એમ નથી. શું કહ્યું સમજાણું કાંઈ? એક સમયની ભ્રમણા અસ્તિ નથી એમ નથી. છે. અસ્તિ નામ મોજૂદગી છે તો સિદ્ધ કર્યું.

'**અજ્ઞાનીઓને જે કર્તાકર્મની પ્રવૃત્તિ છે...**' ત્યાં સુધી અજ્ઞાનભાવ સિદ્ધ કર્યો. હવે જ્ઞાનભાવ સિદ્ધ કરે છે. '**તેને...**' તેને. તેનેનો અર્થ? એ અજ્ઞાનભાવથી વિકાર મારું કામ અને હું એનો કર્તા તેને. બીજાને નહિ. જેનો કર્તા થતો હતો એને નાશ કરવાની તાકાત રાખે છે. સમજાય છે કાંઈ? '**તેને...**' એટલે અજ્ઞાન પ્રવૃત્તિ જે પર્યાયમાં હતી '**તેને બધી તરફથી શમાવતી (-મટાડતી) જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.**' મંગળાચરણ કરે છેને. હું ચૈતન્ય છું, જાગૃત જ્યોત છું. વિકાર છે એ અચેતન-અજાગૃતભાવ છે. અચેતનનો અર્થ? પરમાણુ નહિ, રંગ, ગંધ, રસ, સ્પર્શ નહિ, પણ ચૈતન્યની જાગૃતિના સ્વભાવનો અભાવ છે એવા વિકારને અહીં અચેતન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે પ્રભુ! હે ભગવાન! તારી ભૂલ પણ આવડી મોટી છે. એ દીપચંદજી કહે છે અનુભવપ્રકાશમાં, તારી અશુદ્ધતા પણ મોટી કે અનંત તીર્થંકરો આવે છે અને તેં સાંભળ્યું પણ તું પલટે નહિ તો તીર્થંકર પલટવામાં કારણ થતા નથી. અનુભવપ્રકાશમાં દીપચંદજીએ ઈ કહ્યું. તારી અશુદ્ધતા પણ મોટી અને પ્રભુ! તારી શુદ્ધતાની મોટપની તો વાત શું કરવી! સમજાણું કાંઈ? અશુદ્ધતા પણ મોટી. અનંત તીર્થંકરોના સમવસરણમાં ગયો, સાક્ષાત્ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી. શું કરે? ધ્વનિ શું કરે? એ શું કરે? અજ્ઞાનની પ્રવૃત્તિ જે એની પર્યાયમાં વર્તમાન વિકારની મોજૂદગીનો સ્વીકાર અને ત્રિકાળ નિરૂપાધિનો અસ્વીકાર એવી જે રુચિ છે તેને પલટે નહિ તો ભગવાન શું કરે? સમજાણું કાંઈ?

કહે છે કે '**બધી તરફથી શમાવતી (-મટાડતી)...**' શું વસ્તુ છે એ પછી કહેશે. અહીં તો હજી '**બધી તરફથી શમાવતી જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે.**' એમ કહેવું છે. હવે જ્ઞાનજ્યોતિ કેવી છે એનું વિશેષણ હવે કહેશે. સમજાણું કાંઈ? કહે છે, એનાથી અજ્ઞાનભાવ એ જ્ઞાનભાવથી નાશ થાય છે, બીજી રીતે નાશ થતો નથી. એક માણસ અબુધ હોય, નામની ખબર ન હોય નામની. બરાબર છે? ભાઈ પંડિતજી બંસીધરજી. નામની ખબર નથી. તો શું હવે પાંચ અપવાસ કરે તો ખબર પડી જાય? તડકામાં બે-ત્રણ દિવસ રહે તો નામની ખબર પડી જાય? નહિ? ગુંજો કહે છે? શું કહે છે? ગુંજામાંથી પચાસ હજાર કોઈને દઈ દે તો નામનો અબોધ એવી ક્રિયાથી નાશ થાય? સમજાણું કાંઈ? એનું અબોધ એના જ્ઞાનથી નાશ થાય છે, અન્યથી નહિ. સમજાણું કાંઈ? એ સમજી લેવું દાન, તપ

કહ્યું ને એમાં? એ તો રાગની ક્રિયા છે. તો અજ્ઞાનનો નાશ ઈ રાગથી નથી થતો. અજ્ઞાનનો નાશ જ્ઞાનજ્યોતિના અવલંબનથી થાય છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે '**બધી તરફથી શમાવતી...**' બધી તરફથી એટલે શું કહ્યું? કે અજ્ઞાનપણે વિકૃતનો ભાવ મારું કામ છે એમાં થોડી પણ રુચિ કરીને અંતર જ્ઞાનજ્યોતિ તરફ સાવધાન થાય એવું કદી બનતું નથી. શું કહ્યું સમજાણું? રાગ શુભ હો કે અશુભ હો, એ ઉદયભાવ છે, વિકૃતભાવ છે. ભગવાન અનાદિઅનંત પરિણામિક જ્ઞાયકસ્વભાવભાવ છે. તો જ્ઞાયકસ્વભાવમાં અંતર્મુખ દૃષ્ટિ કરવાથી આત્માની સાથે તાદાત્મ્યસંબંધ જ્ઞાન આનંદ સંબંધ છે એની સાથે સંબંધ જોડવાથી, એ અજ્ઞાનનો કર્તાકર્મનો જે સંબંધ છે એનો નાશ થાય છે. ગંગવાલજી! સૂક્ષ્મ વાત છે. બહારમાં ત્યાગ કરે તો આ થઈ જાય એવું વસ્તુમાં નથી. આહા..હા...! અરે! ભગવાન! એ ચીજ તો એવી ચીજ છે કે પરનો તો ત્યાગ-ગ્રહણ એમાં છે નહિ. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. એક આત્મામાં અનંત શક્તિઓ (છે). શક્તિ કહો, સ્વભાવ કહો, ગુણ તાદાત્મ્ય ત્રિકાળ કહો, એમાં એવો એક ગુણ પડ્યો છે કે પરવસ્તુનો ગ્રહણ-ત્યાગ તો એના ગુણમાં નથી અને રાગનો ગ્રહણ અને ત્યાગ એના ગુણમાં નથી. ભારે કઠણ ભાઈ!

અનુભવપ્રકાશમાં એનો ખુલાસો કર્યો છે ત્યાગઉપાદાનશક્તિનું વર્ણન કરતા. જો ત્યાગઉપાદાન શક્તિ આત્મામાં ન હો તો પરદ્રવ્ય અને રાગના ગ્રહણ-ત્યાગ થતો રહે. લગા રહે છે કહે છે? બના રહતા હૈ. એવો શબ્દ પડ્યો છે હિન્દીમાં. બીજો કોઈ મોટો શબ્દ યાદ નથી. ત્યાગઉપાદાનશક્તિ આત્મામાં ગુણ છે, એવો જો ગુણ ન હોય (તો પરદ્રવ્ય અને રાગાદિનું ત્યાગ-ગ્રહણ ચાલતું રહે). અને એ ગુણની પર્યાય પ્રગટ થાય છે, ગુણ છે તો એનું કાર્ય છે, ગુણ છે તો ગુણવાનને આશ્રયે રહે છે અને ગુણવાનના આશ્રયે રહે તેની દૃષ્ટિ કરવાથી એ ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ ત્રણેમાં વ્યાપે છે. ક્યા ત્રણમાં? દ્રવ્યમાં, ગુણમાં અને આવો એક ગુણ આત્મામાં છે એવી દૃષ્ટિ કરવાથી એ ગુણની પર્યાય ત્યાગઉપાદાનશૂન્યત્વની જે પર્યાય થઈ એ ત્યાગઉપાદાનશૂન્યત્વગુણ ત્રણેમાં વ્યાપક થયો. દ્રવ્યમાં, શક્તિમાં, પર્યાયમાં. પંડિતજી! સમજાય છે કાંઈ? આહા..હા...!

આત્મામાં વિકાર થવાનો કોઈ ગુણ નથી. તેમ પરનો ત્યાગ-ગ્રહણ કરવાનો કોઈ ગુણ નથી. સમજાણું કાંઈ? તો ગુણ નથી તો વિકાર કેમ ઉત્પન્ન થાય છે? ભગવાન! એ તો પહેલા કહ્યું. એક સમયમાં જ્ઞાનની પ્રવૃત્તિ, જેને પંચાધ્યાયીમાં આગંતુક ભાવ કહે છે. આગંતુક-મહેમાન. મહેમાન કહે છેને તમારે? આવનારા થોડા આવ્યા. ઉત્પન્ન-ધ્વંસી. બીજી ભાષાએ સહેલી કરીએ તો ઉત્પન્ન થાય છે અને ધ્વંસ થાય છે. વ્યવહારરત્નત્રયનો રાગ પણ ઉત્પન્ન થાય છે અને બીજા સમયે ધ્વંસ થાય છે. એવો ભગવાન પોતાના ગુણ અને ગુણીનો ભેદ અંદરમાં દેખાય છે અને અવલોકન કરે છે તો એના ગુણમાં તો ત્યાગઉપાદાનશક્તિ પડી છે અને ગુણમાં વિકાર થવાની શક્તિ ત્રણે કાળ નથી, એક સમયની પર્યાયમાં—અવસ્થામાં

નવો... નવો... નવો... નવો ભાવ, વિકાર મારું કામ છે અને હું કર્તા છું એવો ભાવ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? એ ભાવ આ પ્રકારે મટે છે, છૂટે છે. છોડે છે એમ નહિ. આહા..હા...! અહીં તો 'શમાવતી' એવો શબ્દ પડ્યો છે એ પણ એક કથનની પદ્ધતિ છે. બાકી અજ્ઞાનમાં, રાગ મારું કામ અને હું કર્તા, એ હું છોડું, હું ત્યાગ કરું એવી દૃષ્ટિ એ તો પર્યાયબુદ્ધિ રાગ ઉપર દૃષ્ટિ થઈ જાય છે. કથનપદ્ધતિની રીત જુદી છે એનો મર્મ જુદો છે.

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં જે જ્ઞાનજ્યોતિ ચિદાનંદ ઝળહળ જ્યોતિ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સ્વાદ... સ્વાદ... સ્વાદ, સ્વાદથી નામ રસથી ભરેલો છે. એ રાત્રે કહ્યું હતું નહિ? પીપરના દૃષ્ટાંતથી. છોટીપીપર હોય છેને. લીંડીપીપર કહે છે કે નહિ? તો એક એક પીપરમાં ચોસઠ પહોરી રસ પડ્યો છે. તમારે ચરપરા કહે છે. અમારે કાઠિયાવાડમાં તીખો રસ કહે છે. તો એક એક પીપરના દાણામાં. પીપરનો દાણો હોં! એ પીપર છે એ પછી આવશે. ૭૪મી ગાથામાં. આ પીપર છે અને આ લાખ ઉત્પન્ન થાય છે તો પીપરનો નાશ થાય છે. એ પછી આવશે. એમ પુણ્ય-પાપ ઉત્પન્ન થાય છે એ આત્માની શાંતિનો નાશ કરીને ઉત્પન્ન થાય છે. આહા..હા...! પછી આવશે હજી. શાંતિ હતી અને નાશ કરે એમ પણ નહિ. શાંતિ ઉત્પન્ન નથી કરતો તો પુણ્ય-પાપની રુચિ શાંતિનો નાશ કરે છે એમ કહેવામાં આવે છે. એ ટીકામાં આવશે, ૬૯-૭૦ની ટીકામાં અમૃતચંદ્રાચાર્ય પોતે લેશે.

શું કહે છે? વસ્તુનું સત્ય શું છે એ ખ્યાલમાં ન આવે અને ખ્યાલ વિના રુચિ ક્યાંથી થાય? અને રુચિ અનુયાયી વીર્ય. જેવી એની રુચિ એ પ્રમાણે વીર્યની સ્ફુરણા થાય છે. સમજાણું કાંઈ? રુચિ અનુયાયી વીર્ય. સમાધિશતકમાં પણ જ્ઞાન, રુચિ અને પ્રવૃત્તિ પરિણતિ ચારિત્ર ત્રણ લીધા છે. સમાધિશતક, પૂજ્યપાદસ્વામી. જેનો જેને બોધ નથી, એની એને રુચિ નથી. રુચિ નથી તો એમાં પ્રવર્તનની પ્રવૃત્તિ નામ ચારિત્ર નથી. સમજાણું કાંઈ?

શું કહ્યું? કહે છે કે એ જ્ઞાનજ્યોતિ. ઓહો..! '**બધી તરફથી...**' બધી તરફથી એટલે શું કહે છે? '**अभितः**' શબ્દ છેને? '**अभितः**' શબ્દ પડ્યો છે. ચારે તરફથી. એટલે કે કોઈપણ રાગનો એક કણ ગુણ-ગુણીનો ભેદ (અર્થાત્) હું આનંદને ધરનાર આત્મા એવો પણ ભેદનો જે વિકલ્પ ઊઠે છે એ પણ રાગ છે. શું કરવું? બીજી રીતે માની રાખ્યું છે અને નીકળ્યું બીજી રીતે. કહે છે, ભગવાન! શું છે? એ તો ભૂલ થાય એમાં શું છે? પણ ભૂલ ટાળવાની શક્તિ પણ રાખે છે કે નહિ?

પાણીને ઉષ્ણ થવામાં અગ્નિનું નિમિત્ત છે અને ઉષ્ણ પાણી પોતાના અશુદ્ધ ઉપાદાનથી પોતાથી થયું છે. પરંતુ પાણીમાં શીતળતા એવી પડી છે કે એ જ ઉષ્ણ પાણી, અધમણ પાણી હોય જે નિમિત્તથી ઉષ્ણ થયું એ ઉષ્ણતા એની અશુદ્ધ પર્યાયથી થયું છે, અગ્નિથી નથી થયું. અગ્નિનથી જો થતું હોય તો લાકડી પણ ઉષ્ણ થવી જોઈએ. બીડી પીવે છે કે નહિ? બીડી. તો દિવાસળી રાખે છે કે નહિ? તો આ બાજુ ત્રણ તસુ એ ગરમ નથી

થતી. ઊની કહે છેને? ગરમ નથી થતી. આટલી ગરમ થાય. અને લોઢું હોય, પાંચ હાથનો સરિયો, સરિયો કહે છેને? શું કહે છે? લાંબો સરિયો બે તસુ અગ્નિમાં પડ્યો હોય આટલો, તો એમાં વાહક નામની શક્તિ લોઢામાં છે એ કારણે અગ્નિ અહીં આવી જશે. અહીંયા ગરમ થઈ જશે, પકડી નહિ શકાય. શું કહે છે સમજાય છે કાંઈ? અગ્નિથી ઉષ્ણતા થતી હોય તો લાકડીમાં પણ ઉષ્ણતા થવી જોઈએ. એ લોઢાનો એવો સ્વભાવ છે કે બે તસુ ચુલામાં કે અગ્નિમાં રાખે તો એકદમ આ બાજુ પાંચ હાથ લાંબો સરિયો હોય તો છેડો ઝાલી ન શકે, પકડી ન શકે. અને દિવાસળી ત્રણ તસુની હોય, બીડી પીતા પીતા અહીંયા (છેડે) ઉષ્ણતા નથી હોતી, એ લાકડીનો એવો સ્વભાવ છે. લોઢાનો એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા, એ ઉષ્ણતા નામ વિકૃતભાવ એક સમયમાં થયો છે, પણ એ પાણી જેમ ગુલાંટ મારે, ગુલાંટ સમજ્યા? પલટો. એ નિમિત્તથી (પાણી ઉષ્ણ) થયું એમાંથી ગુલાંટ મારે તો અગ્નિનો ગારો થઈ જાય. ગારાને શું કહે છે? કીચડ થઈ જાય છે. ભાઈ તમારી અમને બરાબર નથી આવડતી હોં! ગારો થઈ જાય છે. પાણીની તાકાત રાખીને એ પાણી ગરમ થયું છે. એમ ભગવાન આત્મા પર્યાયમાં અજ્ઞાનભાવથી વિકાર થાય, અનાદિનો છે પણ પોતાની શક્તિમાં તાકાત રાખે છે કે શક્તિવાન સ્વભાવ તરફ દૃષ્ટિ દેતાં અજ્ઞાનની કર્મપ્રવૃત્તિ ઉત્પન્ન નથી થતી. ઉત્પન્ન નથી થતી તેને નાશ કરે છે, શમાવે છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

અરે! ચૈતન્યલીલા. લીલા છેને! કોઈ કહે કે ઈશ્વરની લીલા છે. ઈશ્વર-ફીશ્વરની નહિ, આ તો આત્માની લીલા છે. ઊલટી દશામાં પણ એની લીલા છે અને સુલટીમાં પણ એની લીલા છે. એનો કોઈ બીજો કર્તા-હર્તા છે જ નહિ. એ તો અન્યમાં પણ એ જ વાત કહે છે. એક અખા ભગત થયા છે. એ પણ થોડું આવું કહે છે કે 'તું કર્તા અને કર્મ.' શું કહે છે? 'મિટે કર્તા તો મિટે કર્મ, ઐસે મહા ભજનકા મર્મ.' 'તું છો જીવ તો કર્તા હરિ અને તું છો શીવ તો વસ્તુ ખરી. તું છો કર્તા તું છો જીવ અને તું છો નાથ એમ કહી અખે ઝટક્યા હાથ.' શું કહે છે? અરે! ભગવાન આત્મા! એ વિકારને કરનારો પણ તું અને હરનારો પણ તું એમ જે કહ્યું છે, એ સ્વભાવવાન ઉપર દૃષ્ટિ દેવાથી એ વિકારની, અજ્ઞાનની ઉત્પત્તિ નથી થતી. પહેલા ઉત્પન્ન થયો છે એને તો શું શમાવવો? શું કહે છે જુઓ!

'**બધી તરફથી શમાવતી...**' કોને? '**તેને...**' એવો શબ્દ પડ્યો છે. જે અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ એની પર્યાયમાં મોજૂદ છે. મોજૂદ છે એમ કહ્યુંને? છે એમ કહ્યું. '**તેને બધી તરફથી શમાવતી...**' છે તેને શમાવતી ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? જે અજ્ઞાનની કર્તાકર્મની ઉત્પત્તિ થઈ છે તેને, એમ શબ્દ છે. એનો અર્થ કે એ સ્વભાવ અને સ્વભાવવાન અભેદ છે એવી

અંતર સ્વભાવ સન્મુખમાં દૃષ્ટિ કરવાથી એ અજ્ઞાનની પહેલી ઉત્પત્તિ હતી એ બીજા સમયે ઉત્પન્ન નથી થતી '**તેને બધી તરફથી શમાવતી...**' એમ કહેવામાં આવે છે. અહીં કહે કે ભાઈ! શબ્દનો આગ્રહ ન હોય. તત્ત્વનો મર્મ શું છે? આ લખ્યું છે. શબ્દ તો બધા લખ્યા છે. શાસ્ત્રમાં ઘણું લખ્યું છે.

એ અગિયારમી ગાથામાં છે. ત્રણ બોલ છે અગિયારમી ગાથામાં. અગિયાર છેને અગિયાર? જુઓ, અગિયારમી ગાથામાં એ '**ववहारोऽभूदत्थो**' કહ્યું હતું એનો ખુલાસો જરી જયચંદ્ર પંડિત પોતે કરે છે. '**પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે...**' પર્યાયનો અર્થ એક સમયની પર્યાયનો પક્ષ તો અનાદિથી છે. ત્રિકાળ ચૈતન્ય ધ્રુવ શું છે એના પક્ષની ખબર નથી. એક સમયની પર્યાય પ્રગટ અને રાગ એનો પક્ષ તો અનાદિથી અજ્ઞાનીને છે. એક વાત. '**અનાદિ કાળથી જ છે...**' એમ કહ્યું છે.

બીજો બોલ. '**એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે.**' પંડિતજી! એ તો કહેતા જ હતા. ભગવાન! એમાં શું ચીજ છે? બીજો કહે, હા સારુ છે, બરાબર છે. રાગથી આમ થાય છે, ભેદથી આમ થાય છે. ભગવાન! અભેદ ભેદથી થતું જ નથી. અભેદ ચીજની દૃષ્ટિ રાગથી થતી જ નથી, પ્રભુ! એવી ચીજ છે. સમજાણું કાંઈ? તો કહે છે, પ્રાણીઓને ભેદરૂપ. ભેદ શું? એ વ્યવહાર પર્યાય છેને? તેને અભૂતાર્થ કહી છે. છે તો એક સમયની ભૂતાર્થ. પર્યાય નથી એમ નહિ, રાગ નથી એમ નહિ પણ આશ્રય કરવાલાયક નથી. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એક સમયમાં ભૂતાર્થ ચિદાનંદ છતો. છતોને શું કહે છે? વિદ્યમાન એકરૂપ ત્રિકાળ સ્વભાવ તેને '**भूदत्थम**' કહ્યું. તેને '**मस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પર્યાય, રાગના આશ્રયથી સમ્યગ્દર્શન કદી ત્રણકાળમાં થતું નથી.

એ કારણે ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય મહા સંત છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલનારા આનંદની લહેરના ઝૂલામાં ઝૂલનારા હતા. એ ચારિત્રદશાથી ઝૂલનારા હોં! સમ્યગ્દૃષ્ટિમાં પણ આનંદ તો છે પણ થોડો છે. ઈ આવે છે કે નહિ? ભજનમાં નથી આવતું? અમારે શેઠ આવ્યાને હુકમીચંદ. પછી આવે છેને? એ ચટાચટી ને. સમ્યગ્જ્ઞાનની ચિનમૂર્તિકી. એ પહેલા શેઠ આવ્યા હતા ત્યારે એ બોલ્યા હતા ૨૦૦૧ની સાલમાં. 'ચિનમૂર્તિકી ગતિ અટપટી હૈ ચટાફટી..' બીજી ભાષા બહુ લીધી છે. 'લગત હૈ અટાપટી.' નરકમાં પડેલો સમ્યગ્જ્ઞાની સુખને વેદે છે. આહા..હા..! કેમ? ભગવાન આત્મા આનંદ અને આનંદવાન બેનો પણ ભેદ દૃષ્ટિમાં નહિ કરીને અંદરમાં અભેદનું અવલંબન થયું, સમ્યગ્દર્શન થયું તો આનંદનો અંશ સાથે આવ્યો. સ્વરૂપાચરણનો અંશ, વીર્યનો સમ્યક્ અંશ (સાથે પ્રગટ થયો). સર્વગુણાંશ તે સમકિત. લ્યો, આ શું આવ્યું? સમ્યક્ થયું તો સર્વ ગુણનો અંશ તે સમ્યક્. એક અંશની નિર્મળતા પ્રગટ થઈ, બધા ગુણના નિર્મળ અંશ જે પ્રગટ નહોતા તે સાથે પ્રગટ થયા. એવું સમ્યગ્દર્શનમાં

સ્વભાવનો આશ્રય લઈને એ પર્યાય છે એનો આશ્રય છોડાવ્યો. તો અહીંયાં ગ્રંથકાર કહે છે કે '**ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર...**' પરસ્પર. પરસ્પર એટલે એ ને આ માહોંમાંહે કરે છે. એમાં શું છે.

આ ત્રીજી વાત આકરી છે. '**જિનવાણીમાં...**' ત્રીજો બોલ. '**જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ...**' ભેદનો ઉપદેશ, રાગનો ઉપદેશ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે એનો ઉપદેશ '**શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;...**' જિનવાણીમાં પણ વ્યવહારનો ઉપદેશ ઘણો કર્યો છે. '**પણ એનું ફળ સંસાર જ છે.**' અરે! ભગવાન! જિનવાણીમાં કહ્યું એનું ફળ સંસાર! અરે! સાંભળ તો ખરો, પ્રભુ! ત્રણે બોલ લીધા છે. પહેલાના પંડિત તો આ રીતે અંદરમાં તર્ક કરીને શું વસ્તુ છે એ પ્રગટ કરતા હતા. મુન્નાલાલજી! અરે! ભગવાન! વ્યવહાર અભૂતાર્થ જે કહ્યું ભગવાન કુંદકુંદાચાર્યે એનો અર્થ શું છે? વ્યવહારને ગૌણ કહ્યો છે. વ્યવહાર પર્યાય, રાગ નથી એમ નહિ. ગૌણ કરીને મુખ્યને નિશ્ચય કરીને ત્રિકાળ જ્ઞાયકભાવ એ મુખ્ય તે નિશ્ચય. નિશ્ચયને મુખ્ય કરીને નહિ.

શું કહે છે? નિશ્ચય તો દ્રવ્ય-ગુણ-પર્યાય બધું સ્વનું છે તે નિશ્ચય છે અને પરના તે વ્યવહાર છે. પરના વ્યવહાર છે. પણ અહીંયાં પોતાનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવને મુખ્ય લઈને કેમકે એમાંથી નિર્મળ પર્યાય પ્રગટે છે. પર્યાયમાંથી પર્યાય નથી થતી, રાગમાંથી નથી થતી, નિમિત્તથી નથી થતી. સમજાણું કાંઈ? એ અમદાવાદ વ્યાખ્યાન થયા હતાને, એમાં શ્વેતાંબર લોકો ઘણા આવતા હતા. તો એક શ્વેતાંબર કહેતા હતા, અમે બહાર નીકળ્યા તો, મહારાજ! ગુણમાંથી પર્યાય આવે છે. બરાબર સો ટચની વાત છે. શ્વેતાંબર હતા. સાંભળવા આવતા હતા, ઘણા આવતા હતા. પણ સાંભળ તો ખરો પ્રભુ! પક્ષપાતની વાત એક કોર રાખો. સત્ય શું છે અને સત્યની રીત, પ્રવાહ શું છે? એ એણે કદી સાંભળ્યું જ નથી, સાંભળ્યું જ નથી. '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**' કથા સાંભળી છે. કથા તો શબ્દ છે. એનું વાચ્ય રાગ કરવું અને રાગ ભોગવવો, શુભાશુભ કરવા અને ભોગવવું એ વાત તો તેં '**सुद**' અનંતવાર સાંભળી છે. અનંતવાર પરિચયમાં આવી છે અને અનંતવાર અનુભવમાં આવી છે. એમાં શું નવીન વસ્તુ છે?

'**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स**'. '**एयत्तस्सुवलंभो**' એ રાગ અને વ્યવહાર ને નિમિત્ત ને ભેદથી ભિન્ન એકત્વ સ્વભાવ '**णवरि ण सुलहो**' એ એક વાત સુલભ નથી. '**एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स**'. એ નાસ્તિથી વાત કરી. પહેલા અસ્તિથી વાત કરી. સ્વભાવની અસ્તિ અને વિભાવની નાસ્તિ. પહેલા અસ્તિથી લીધું છે. સત્તાનું સંબોધન અસ્તિથી કરે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે તારો સ્વભાવ જે ત્રિકાળ આનંદ છે, ત્રિકાળ ચૈતન્યજ્યોત એનો આશ્રય કરવા વર્તમાન પર્યાયને વ્યવહાર કહીને, ગૌણ કરીને,

અભૂતાર્થ કરીને નથી એમ કહ્યું છે. પણ છે જ નહિ એમ નહિ. પર્યાયમાં છે. સમજાણું કાંઈ? પણ એનો પક્ષ તો અનાદિકાળથી જીવોને છે અને પરસ્પર એ વાત કરે છે. એ જ વાત કરે છે. આ રાજી થાય છે અને આનાથી પેલો રાજી થાય છે.

ત્રીજું. જિનવાણીમાં, વીતરાગની વાણીમાં, ચાર અનુયોગમાં. સમજાણું કાંઈ? શું કહ્યું? **'જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે;...'** બહુ કર્યો છે. હવે ત્રણેનો સરવાળો લે છે. **'પણ તેનું ફળ સંસાર જ છે.'** જિનવાણીમાં વ્યવહાર કહ્યો, નિમિત્ત અને વ્યવહારનું જ્ઞાન થયું એનું ફળ તો સંસાર જ છે. આહા..હા..! એને ગળે ઉતરતા... શું કહે છે? ગળે ઉતારવું કઠણ પડે છે. ભગવાન! એ વાત સત્ય ને સરળ અને ત્રિકાળ સત્ય છે. પણ એના ખ્યાલમાં ન આવે તો કઠણ થઈ જાય, તો વસ્તુ કાંઈ બીજી થઈ જાય છે? એની દૃષ્ટિમાં કઠણ પડે તો કાંઈ વસ્તુ બીજી થઈ જાય છે? સમજાણું કાંઈ?

તો કહે છે કે આ ત્રણે બોલનું ફળ સંસાર. મુન્નાલાલજી! છે જુઓ, જુઓ! એમાં લખ્યું છે. પુસ્તક નથી? પંડિતોએ તો પુસ્તક રાખવું જોઈએ. નામુ મેળવે છે કે નહિ? પંડિત નામુ મેળવે છેને કે તમારામાં આમ લખ્યું છે, મારામાં આમ લખ્યું છે. લાવો નામું મેળવો. એમ ભગવાનની વાણીનું નામું મેળવવું પડે કે નહિ? શું છે? એ કોઈ એમાં સવાલ સત્યના રક્ષકનો સવાલ છે. સમજાણું કાંઈ? તો એમાં સત્ય શું છે એનો યથાર્થ બોધ અને તેનું જ્ઞાન એને થવું જોઈએ. મારો પક્ષ રહી જાય કે તારો પક્ષ રહી જાય એવી વાત નથી, પ્રભુ! આ વીતરાગનો માર્ગ છે. અનંત-અનંત જ્ઞાની સર્વજ્ઞ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં મોજૂદ વર્તમાન બિરાજે છે. એ પણ આ કહે છે, ગણધરો આ કહે છે, લાખો કેવળી વાણીમાં આ જ કહે છે. ત્રણ જ્ઞાનના ધણી ઈન્દ્રિય, ક્ષાયિક સમકિતિ છે ને શક્રેન્દ્ર? એ પણ આમ જ કહે છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થના પંથ બે-ત્રણ હોતા નથી, એક જ હોય. તો કહે છે.. ઓહો..! આ લખ્યું છે શાસ્ત્રમાં, આ લખ્યું છે શાસ્ત્રમાં. બરાબર છે લખ્યું છે (પણ) કઈ નયનું કથન છે? વ્યવહારનું છે? ઉપચારનું છે? નિમિત્તનું છે કે ભેદનું છે. એ કથન ઉપચાર, ભેદ અને વ્યવહાર નિમિત્તનું હોય અને એનો આશ્રય લેવા જાય તો એનું ફળ સંસાર જ છે. પાછું છે 'જ' એમ લખ્યું છે. સમજાય છે કાંઈ?

શું કહ્યું? **'એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** પક્ષ નથી આવ્યો. જુઓ, લખ્યું છે એમાં? **'અને એનો...'** એની સામે લખ્યું છે. પહેલા પ્રાણીઓને વ્યવહારનો, રાગનો, ભેદનો પક્ષ છે અને શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી. એની સામે વાત લીધી છે. એક વાત.

**શ્રોતા :-** ...દ્વારે ઊભો નથી રહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉભો નથી રહ્યો. શું ચીજ છે? શું કહે છે જુઓ.

**'શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી...'** એક વાત. **'અને એનો ઉપદેશ પણ વિરલ છે—'** પરસ્પર કહ્યું હતુંને? પરસ્પર કર્યો તો આ વિરલ છે. એની સામે બીજો બોલ લીધો. અને **'ક્યાંક ક્યાંક છે. તેથી...'** હવે ત્રીજો બોલ. જિનવાણીમાં વ્યવહાર બહુ કહ્યો છે એનો ખુલાસો કરે છે. **'ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે...'** પ્રધાનતાથી દીધો છે. ગૌણપણે નથી એમ નહિ. છે ખરો, આશ્રય કરવાલાયક નથી. સમજાણું કાંઈ? આવી ચીજ જો એની દૃષ્ટિમાં ન રહે તો સત્યનું રક્ષણ નથી થતું, સત્યની પરંપરા તૂટી જાય છે. સમજાણું કાંઈ? એ આનંદઘનજી પણ કહે છે. એ આનંદઘનજી છેને એમાં? થોડું થોડું તેમને સિદ્ધાંતબોધ હતો. એમાં પણ એ કહે છે કે 'દેવ ગુરુ ધર્મની શુદ્ધિ તો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.' પછી હિન્દીમાં અર્થ કરશું હોં. 'શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરે, છાર પર લીપણું તેહ જાણો.'

અહીં તો કહે છે કે અરે! ભગવાન! દેવ-ગુરુ-શાસ્ત્ર અને એ નિશ્ચયનો સત્ય ઉપદેશનો આશ્રય કરાવવો છે. તો દેવ પણ એ કહે છે, ગુરુ પણ એ કહે છે, શાસ્ત્ર પણ એ કહે છે. તો 'દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.' હું રાગ અને નિમિત્તના ભેદથી રહિત હું એકલો જ્ઞાનાનંદ શુદ્ધનયના પક્ષમાં પૂર્ણાનંદ અભેદ છું એવો પક્ષ કર્યા વિના, દેવ-ગુરુ-શાસ્ત્રને એ જ પરમાર્થ કહેવો છે અને એ માન્યતા વિના તને દેવ-ગુરુ-શાસ્ત્રની પણ શ્રદ્ધા રહેતી નથી. સમજાણું કાંઈ? કહે છે. થોડી થોડી વાત તો એમાં હતી. અહીં તો મેળવણી કરવા. આપણે પણ કહ્યું છેને દૌલતરામે, છ ઢાળામાં નહિ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ છ ઢાળામાં આવે છે. દૌલતરામે ઘણી સારી ઢાળા બનાવી છે. દરેકના અર્થમાં જરી મર્મ છે. બહુ સારી બનાવી છે.

કહે છે કે અરે! ભગવાન! અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કરીને અઠ્યાવીશ મૂળગુણ પાળીને. ચોખ્ખા અઠ્યાવીશ મૂળગુણ હોં! ચોખ્ખા નામ? દોષરહિત વ્યવહાર જેનો. એવા 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન...' શુદ્ધનયનો પક્ષ, હું અખંડ આનંદ છું એવા અનુભૂતિના જોરમાં આવવું, સમીપમાં આવવું અને વિકારથી દૂર થઈ જવું એવો પક્ષ અનંતકાળમાં કદી આવ્યો નથી. સમજાણું કાંઈ? કહે છે કે દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કેમ રહે? કેમકે દેવ-ગુરુ-ધર્મમાં તો **'भूदत्थमस्सिदो समादिट्ठी हवदि जीवो'**, **'भूदत्थमस्सिदो चरितं हवदि जीवो'** **'भूदत्थमस्सिदो केवलज्ञान हवदि जीवो'** એક જ વાત કરવી છે. અહીંયાં **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी'** લીધું છે એ ૧૧માં લીધું છે. પદ્મનંદી આચાર્યમાં **'भूदत्थमस्सिदो खलु'** યતિપદ થાય છે, ચારિત્ર થાય છે એમ લીધું છે. એક જ વાત છે. અહીં દર્શનથી લીધું છે, ત્યાં ચારિત્રથી લીધું છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે દેવ અરિહંત ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા, ગુરુ ચારિત્રવંત મહંત સંત ચારિત્રસહિત છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આનંદમાં ઝૂલનારા અને શાસ્ત્ર જે અનેકાંત. શુદ્ધમાં અશુદ્ધતા નથી, અશુદ્ધતામાં શુદ્ધતા નથી, નિશ્ચયમાં વ્યવહાર નથી, વ્યવહારમાં નિશ્ચય નથી એવું અનેકાંત તત્ત્વ જે શાસ્ત્ર કહે છે એની તને શ્રદ્ધા ન થઈ અને શ્રદ્ધાનો પક્ષ ન કર્યો તો દેવ-ગુરુ-શાસ્ત્રને પણ તું માનતો નથી. ડાલચંદજી! સમજાણું કાંઈ? કહે છે... અહીં કહ્યું ને એ કે **'મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે—શુદ્ધનય ભૂતાર્થ છે,...'** ત્રિકાળ આનંદસ્વરૂપ ભૂત નામ છતો છતો મોજૂદગી એક સમયમાં પૂર્ણ પદાર્થ છે. એક સમયની જે મલિનતા એ ભિન્ન છે. ત્રિકાળ સ્વભાવમાં મલિનતા નથી, ભેદ નથી. એનો પક્ષ કરીને શ્રીગુરુએ **'એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે...'** રાગની મંદતા દયા, દાન, વ્રત, ભક્તિમાં મગ્ન છે **'ત્યાં સુધી...'** પ્રમાણનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, શ્રદ્ધાનનું નિશ્ચય સ્વરૂપ નથી થઈ શકતું, નિશ્ચય સમકિત નથી થઈ શકતું. નિશ્ચય નથી થઈ શકતો અને વ્યવહારમાં તો પુણ્યબંધનું કારણ છે એ તો પહેલા કહી દીધું. સમજાણું કાંઈ?

તો અહીંયાં કહે છે કે એ જ્ઞાન. જ્ઞાન એટલે એકલી પર્યાય નહિ, એકલો ગુણ નહિ. જ્ઞાન શબ્દે આત્મા. ત્રિકાળ આત્મા તરફ વળવાથી એ જ્ઞાનની પર્યાય આત્મખ્યાતિ, આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે, તો પર્યાયમાં ખ્યાતિ થાય છે. દ્રવ્ય-ગુણ તો છે એવા છે. સમજાણું કાંઈ? એ પર્યાય પોતામાં વળતાં જે આત્મખ્યાતિ સમ્યગ્દર્શનમાં થઈ, તો કહે છે કે અજ્ઞાનને **'બધી તરફથી શમાવતી (મટાડતી)...'** એનો અર્થ મટી જાય છે તેને મટાડતી કહેવામાં આવે છે. શબ્દે શબ્દે વાંધા શાસ્ત્રમાં લખ્યું હોય એના. અરે! ભગવાન! સરળ હોય તો બધું સત્ય સમજાય છે, ન સમજાય એમ નથી.

આચાર્ય તો કહેતા હતા કે ગૃહસ્થાશ્રમમાં કોઈ પ્રાણી હોય અને જેને તૃષા લાગી હોય. તૃષા લાગી હોય ને? પ્યાસ. તો પાંચ હજારનો બળદ હોય કે પાંચ હજારનો હાથી એના આંગણામાં બાંધ્યો હોય. બાંધ્યો હોય કહે છે? શું કહે છે? બાંધા હુઆ હો તો એને એમ નહિ કહે કે બેટા પાણી લાવો. આઠ વર્ષની કન્યા હોય અને પાણીયારે ઉપર હાથ પણ ન પહોંચતો હોય. હાથ ન પહોંચે એને શું કહે છે? નહીં પહુંચતા હો, પણ પાણીયારે નીચે ખાડ હોય છેને આમ. પાણી રાખે છે. પાણીયારા નીચે. શું કહે છે? બખોલ થોડી રાખે પાણી મૂકવા. બેટા! પાણી લાવ. સમજી જાય છે. પિતાજી પાણી લાવી. ભગવાન કહે છે, આચાર્ય કહે છે કે અમે જડને નથી સમજાવતા, રાગને નથી સમજાતા. સાંભળ! રાગને નથી સમજાવતા. રાગ અચેતન અજાગૃતભાવ છે. તારા જ્ઞાનના અંશનો ક્ષયોપશમ વિકાસ છે, વિકારને નહિ, નિમિત્તને નહિ, એ વિકાસને અમે સમજાવીએ છીએ. સમજાય છે કાંઈ? કોઈ રીતે તો દૃષ્ટાંત દઈને તેને સત્યની પૂર્ણતા થઈ જાય એ વાત છે. થશે તે એને કારણે

થશે પણ ત્યારે એનાથી થઈ એમ નિમિત્ત કહેવામાં આવે છે.

શું કહ્યું? કે ભગવાન આત્મા... આ કોને સંભળાવે છે એ વાત નક્કી કરી. શરીરને નહિ, વાણીને નહિ, રાગને નહિ. વિકલ્પ ઊઠે છે. સાંભળવામાં આવ્યું કે નહિ? વિકલ્પ છે, શું છે અત્યારે? સાંભળવામાં શુભ રાગ છે એ રાગને નહિ. રાગને જાણનાર ક્ષયોપશમનો વિકાસ, એ શાસ્ત્રભાષા છે ક્ષયોપશમ, તમારી ભાષાએ કહીએ તો વિકાસ જે પ્રગટ છે... શું છે? સમજાણું કાંઈ? તો કહે છે કે અમે તો જ્ઞાનને કહીએ છીએ. જડને નથી કહેતા, રાગને નથી કહેતા. ના પાડે. નહિ... નહિ... નહિ... આમ નહિ... આમ નહિ. પછી શું કરે? સમજાણું કાંઈ?

તો કહે છે, એ દૃષ્ટાંત છે રાજમાં. રાજનું દૃષ્ટાંત છે. એક રાજા થયો હતો. રા નામનો રાજા. તો એનો એવો નિયમ હતો કે જ્યારે એનો પુત્ર ગાદી ઉપર બેસેને ગાદી ઉપર, તો એના ચારણ હોય છે ચારણ, ચારણની કન્યા હોય સ્ત્રી તે તેને ચાંદલો કરે પછી ગાદી ઉપર બેસે. ત્યારે રાજા તિલક કરે તિલક. તમારી ભાષા બહુ નથી આવડતી. તિલક કરે. એ રાજા બાઈ પાસે આવ્યો તિલક કરાવવા. અને એની સાસુ પણ હતી અને વહુ પણ હતી. અને કહ્યું લ્યો રાજન! પિતાજી! પણ એ બાઈ સુંદર રૂપાળી બહુ હતી. બહુ સુંદર હતી. મૂંઝાઈ ગયો. મૂંઝાઈ ગયો એટલે આસક્તિ થઈ ગઈ. તો મોઢુ આમ કરે. તિલક ન કરવા દીધું. કારણ કે તિલક કરે તો પુત્રી થઈ જાય. એટલે એની વહુએ એની સાસુને કહ્યું મા! આ રાનું મોઢું ફરે છે, તિલક નથી કરવા દેતા. એટલે સાસુ કહે છે. એ બ્રહ્મચારી બહુ હોય હોં! ગરીબ માણસ હોય પણ સજ્જનતા (એટલી હોય કે) પરપુરુષને તો સ્વપ્નમાં પણ ન લાવે. એવી સજ્જનતા, લૌકિકમાં સજ્જનતા હોય છે. તો રાજા પ્રસન્ન થાય તો હું બ્રહ્મચર્ય તોડું એમ બિલકુલ નહિ બને. સાસુએ કહ્યું, વહુ! એ રા નથી ફરતો, એ રાનો દિવસ ફરી ગયો છે. તારું રાજ નહિ રહે જા. અરે! અમે પુત્રી તરીકે પ્રજા, અમારી સામું તારી દૃષ્ટિ વિષયની! રાજ નહિ રહે. રાજાનો નાશ થઈ ગયો. મેળ છેને મેળ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો. નાશ થવાનો હતો.

એમ ભગવાન કહે છે કે અમે આત્માનો શુદ્ધનયનો ઉપદેશ કરીએ છીએ, ના નહી પાડતો. મોઢું નહિ ફેરવતો. આમ મોઢું ફેરવે. ઉંહું..હું..હું... ભગવાન! તારી આત્મગાદીનું રાજ સોંપવાનું તિલક થાય છે. સમજાણું કાંઈ? એ તિલક કરવા જાય તો કહે છે, નહિ... નહિ... નહિ... એમ નહિ, એમ નહિ. ભગવાન! એમ ના પાડવાથી હા નહિ થાય. એકવાર હા કહે કે એ ચિદાનંદ આત્મા સ્વભાવનો આશ્રય કરે ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે અને પછી સ્વભાવનો આશ્રય કરે તો ચારિત્ર થાય. હોય, વચ્ચે વ્યવહાર હોય છે. એની ભૂમિકા પ્રમાણમાં રાગ આવે છે, શુભ હોય છે, મુનિને અઠ્યાવીશ મૂળગુણ હોય છે, નગ્ન દશા થઈ જાય છે. ન થાય એમ નહિ. મુનિ થાય અને નગ્ન દશા ન હોય (એમ બને નહિ). અને નગ્ન થયા એટલે

મુનિપણું છે એમ નથી. સમજાણું કાંઈ?

તો જ્યાં અહીંયાં શુદ્ધનયનો અહો..! જ્ઞાનજ્યોતિ ચિદાનંદ એ અજ્ઞાનની ઉત્પત્તિનો નિરોધ કરે છે. નિરોધ કરવો એ પણ વ્યવહારનું કથન છે. ઉત્પન્ન થવા દેતી નથી તેને અહીંયાં નિરોધ કરે છે એવી જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે. ચિદાનંદ આત્મા હું છું. હું જ્ઞાતા-દૃષ્ટા છું. રાગનો કર્તા નથી, જડનો કર્તા નથી. હું ત્રણે કાળે મારું જ્ઞાન, જ્ઞાતા છું. રાગ મારું પરજ્ઞેય, જડ મારા પદાર્થમાં પરજ્ઞેય, હું દૃષ્ટા, રાગ મારો વ્યવહાર દૃષ્ટા, પર મારો વ્યવહાર દૃષ્ટા એવી ચીજનું ભાન થઈને જ્ઞાનજ્યોતિ સ્ફુરાયમાન થાય છે. તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. પછી કેવળજ્ઞાનની થોડી વાત કરે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી સમયસાર, ગાથા-૧૧**
**પ્રવચન નં. ૪૧, તા.૧૬-૧૨-૧૯૭૧**
**(૧૭મી વાર) (૧૫)**

ટીકા ફરીને લઈએ, જુઓ! '**વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે;...**' એટલે શું? કે આ આત્મા જે વસ્તુ છે પદાર્થ, ત્રિકાળ ધ્રુવ પણ છે અને એની સમયની, એક સમયની પર્યાય પણ છે. એમ થઈને દ્રવ્ય છે, પ્રમાણનું દ્રવ્ય.

**શ્રોતા :-** પ્રમાણ તો આશ્રય કરવાલાયક નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રય કરવાલાયક નથી, પણ છે કે નહિ એટલી વાત અહીં તો સિદ્ધ કરવી છે. પછી એમાંથી નિશ્ચય તારવવાની વાત પછી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લ્યો ઠીક! એઈ.. ચેતનજી! આશ્રય કરવાયોગ્ય શું નથી એવું જાણ્યા વિના આશ્રય કોનો છોડશે? સમજાણું કાંઈ? વ્યવહાર આ છે એમ જાણ્યા વિના એનાથી દૃષ્ટિ ફેરવશે ક્યાંથી?

કહે છે કે વ્યવહાર ચાર પ્રકારનો વ્યવહાર. અસદ્ભુત વ્યવહાર ઉપચાર, અસદ્ભુત અનુપચાર વ્યવહાર. કાલે આવી ગયું છે એ. સદ્ભુત ઉપચાર વ્યવહાર, સદ્ભુત અનુપચાર વ્યવહાર. હવે અહીં તો આપણે જરી એટલું લેવું છે આજ તો, ઓલું રાતે સ્પષ્ટીકરણ કર્યું હતુંને. એ સવારમાં ભાઈ કહે બપોરે લેવું છે થોડું. તમે તો સાંભળ્યું છે કે નહિ ત્યાં? રાતે હતા.

આ આત્મા આ પરથી ભિન્ન અત્યારે એકલો રાખો. શરીર, કર્મ આદિથી ચીજ તદ્દન ભિન્ન છે. હવે એનામાં બે અંશ છે. એક ત્રિકાળી અંશ છે અને એક વર્તમાન પર્યાયનો અંશ છે. હવે એ વ્યવહાર એટલે પર્યાય વર્તમાન એ બધોય જૂઠો છે. એ પર્યાય વર્તમાન જે પર્યાય છે એ ત્રિકાળી સત્યાર્થની અપેક્ષાએ એ પર્યાય જૂઠો છે એમ અહીંયાં કહેવું છે. પર્યાય હોં!

**શ્રોતા :-** એની અપેક્ષાએ જૂઠો છે એમાં કાંઈ સમજાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફરીને લઈએ. પર્યાય પર્યાય તરીકે છે. પર્યાય પર્યાય તરીકે સત્યાર્થ છે, સત્ય છે, ભૂતાર્થ છે, અસ્તિ છે. પણ ત્રિકાળ જે સત્યાર્થ ભગવાન ધ્રુવસ્વરૂપ એને મુખ્ય કરવા માટે, કેમકે એને મુખ્ય કર્યા વિના સમ્યગ્દર્શનનું પ્રયોજન સિદ્ધ થતું નથી, એને

મુખ્ય કરવા માટે એટલે કે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ કરવા માટે પર્યાય જે છે એ દ્રવ્યમાં નથી એ વાત અત્યારે અહીં છે નહિ.

**શ્રોતા** :- બસ, સાવ મૂળમાંથી ઉડાડી દીધું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ અહીં વિષય નથી.

**શ્રોતા** :- મૂળ ધર્મ તો ઈ છે કે આ દ્રવ્ય અને પર્યાય જુદા છે. એના ઉપરથી તો ધર્મ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચેતનજી! ઠીક છે. પ્રશ્ન તો કાંઈક થાય ને.

**શ્રોતા** :- બે તદ્દન જુદા છે પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તદ્દન જુદા છે એ કઈ અપેક્ષાએ? બે અંશ અપેક્ષાથી.

**શ્રોતા** :- સર્વથા, બધી અપેક્ષાએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધી અપેક્ષાએ હોય?

**શ્રોતા** :- આપ ઘણીવાર સર્વથા કહો છોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો બેની અપેક્ષાએ સર્વથા જુદું. પણ હવે જુદામાં આશ્રય કોનો કરવો એ માટે શું? એમ અહીં ચાલે છે. સમજાણું કાંઈ? વસ્તુ છે આત્મા અવિનાશી સચ્ચિદાનંદ ધ્રુવસ્વરૂપ અને એની એક સમયની પર્યાય. બસ, આટલી. પછી રાગવાળી હોય કે પર્યાય ગમે તે હોય, અંશ છે ઈ.

હવે બે વચમાં, બે ભલે ધ્રુવમાં એ પર્યાય નથી, એમ પર્યાયમાં ધ્રુવ નથી એ વાત અત્યારે છે નહિ. સમજાણું કાંઈ? અભૂતાર્થનો અર્થ કે જે પર્યાય વર્તમાન છે, વિશેષરૂપે છે એ સામાન્યનું લક્ષ કરાવવા એને ગૌણ કરીને એ નથી, પર્યાય નથી એમ કહેવું છે. વર્તમાન પર્યાય નથી એમ કહેવું છે. દ્રવ્યમાં પર્યાય નથી એ વાત અહીં નથી. સમજાણું કાંઈ? એઈ! રાત્રે તો ખુબ ચર્ચા ચાલી હતી, થોડી સવારમાં કરી હતી. હવે આ તો ગાથા ચાલી એટલે આમાંથી લેવું છે પાછું. એઈ.. વજુભાઈ!

આ તો ન્યાયથી જુઓ, કે આ વસ્તુ આ શરીર, વાણી, કર્મ એ તો જાણે એની પર્યાયમાં પણ નથી, એની અવસ્થામાં નથી. હવે એની અવસ્થા અને એક અવસ્થાયી ત્રિકાળ બે અંશો રહ્યા. હવે બે અંશમાં પર્યાય જે વર્તમાન છે તે નથી એમ કહેવું છે. કેમ? કે ત્રિકાળ જે જ્ઞાયકભાવ ધ્રુવ છે તે સત્ય છે અને સત્ય છે માટે તેને આશ્રયે સત્યદૃષ્ટિ એટલે સમ્યગ્દૃષ્ટિ પ્રગટ થાય છે.

સંસ્કૃત વ્યાકરણમાં તો બીજો અર્થ લીધો કે ભૂતાર્થ એટલે સત્યાર્થ સમસ્વરૂપ છે. ત્રિકાળી વસ્તુ સમસ્વરૂપ છે. અને એની અપેક્ષાએ વર્તમાન પર્યાય એ વિશેષ અવસ્થા છે અને વિશેષ અવસ્થા છે તો વિશેષ અવસ્થાનો આશ્રય લેતાં રાગની ઉત્પત્તિ, વિષમતાની ઉત્પત્તિ થાય છે. અહીં સમ્યક્ લેવું છેને? સમ્યક્ સમતા—વીતરાગતા ઉત્પન્ન થાય. તો વીતરાગતા ઉત્પન્ન

કેમ થાય? કે ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ છે એ સમરૂપ છે. બીજી રીતે કહીએ તો જે વીતરાગભાવ સ્વરૂપ જ છે એટલે સમસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? એનો આશ્રય લેતા સમ્યગ્દર્શન, સમતા... સમતા... શાંતિ વીતરાગતાનો અંશ પ્રગટ થાય છે. એ કારણે સામાન્યને સમરૂપભાવને સત્યાર્થ કહીને એની વર્તમાન પર્યાય વિદ્યમાન હોવા છતાં, છતી હોવા છતાં, અસ્તિ હોવા છતાં આ મુખ્યના પ્રયોજનને સિદ્ધ કરવા એ પર્યાયને... પર્યાય દ્રવ્યમાં નહિ એની વાત અહીં છે નહિ. એ વર્તમાન પર્યાય જે છે તે જૂઠી છે એટલે કે તેને ગૌણ કરીને એ નથી એમ કહેવામાં આવ્યું છે. પર્યાય પર્યાયપણે નથી એમ કહેવું છે. પર્યાય દ્રવ્યમાં નથી એમ અહીં વાત હોય નહિ. શશીભાઈ! આ ૧૧મી ગાથા ચાલે છે.

**શ્રોતા :-** એ માટે ખાસ આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવ્યા છેને. જયંતિભાઈ આવ્યા છેને. કહો, સમજાણું કાંઈ? આહા..હા...! અહીં તો વસ્તુ જે છે પ્રભુ આત્મા સત્યાર્થ ત્રિકાળ ભૂતાર્થ એકલો વીતરાગભાવ સમભાવ એનો આશ્રય લેતા એનો પરિણામ સમતાનું, સમ્યગ્દર્શનનું, સમ્યક્ આનંદનું એવું પરિણામ એમાંથી ઉત્પન્ન થાય છે. એ ઉત્પન્ન થવાની અપેક્ષાએ પર્યાયની અસ્તિ હોવા છતાં એ પર્યાય સત્ છે, છે, જેવું આ ત્રિકાળી સત્ છે એવી પર્યાય પણ છે પણ એ પર્યાયનો આશ્રય કરતાં વિકલ્પ ને રાગ ઉત્પન્ન થાય છે. કારણ કે એક અંશ છે. પૂર્ણ વીતરાગ સમભાવ છે નહિ. એટલે એક અંશનો આશ્રય કરતા વિષમતા ઉત્પન્ન થાય. એથી એ પર્યાય હોવા છતાં તે પર્યાયને જ ચાલતી ગતિરૂપ હોવા છતાં એ પર્યાયને ગૌણ કરીને એ પર્યાય નથી એમ કહેવામાં આવે છે. પર્યાય પર્યાયપણે નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? શશીભાઈ! સમજાણું આમાં?

આ એક છે ત્રિકાળ સત્યાર્થ ભગવાન. જિનસ્વરૂપ જ એનું વીતરાગ સ્વરૂપ સમસ્વરૂપ જ છે. એ સમસ્વરૂપનું સત્યાર્થપણું જ્યાં સ્વીકારવા જાય છે ત્યાં તેને સમ્યગ્દર્શન ને શાંતિ આનંદની સમતા, વીતરાગતા ઉત્પન્ન થાય છે. એ કારણે પર્યાયની હયાતી હોવા છતાં, પર્યાય તેનો આશ્રય કરતી હોવા છતાં એ પર્યાયને, અસ્તિપણે હોવા છતાં, વિદ્યમાન હોવા છતાં ગૌણ કરીને, અભાવ કરીને નથી એમ નહિ. પર્યાય હોં! પર્યાયની વાત છે. દ્રવ્યમાં પર્યાય નથી એ વાત અહીં છે જ નહિ. એ તો બે અંશ સિદ્ધ થયા એનો અર્થ થયો કે દ્રવ્યમાં આ પર્યાય નથી. સમજાણું કાંઈ? આહા..હા...!

બે અંશ જ્યારે સામાન્ય અને વિશેષ એમ બે સિદ્ધ કર્યા ત્યારે એમાં એનો અર્થ થઈ ગયો કે જે ત્રિકાળી જ્ઞાયક દ્રવ્ય છે એમાં આ વિશેષ અવસ્થા છે ઈ એમાં નથી. હવે તો પોતે છે એની વાત ચાલે છે અહીં તો. કાંતિભાઈ! કહે છે કે વ્યવહાર બધો. આ પર્યાય આ દ્રવ્યની. આ પર્યાયનું અસ્તિત્વ આ દ્રવ્યનું એવો જે વ્યવહાર સદ્ભુત વ્યવહાર એ પણ જૂઠો છે. સમજાણું કાંઈ? કેમકે એ પર્યાયની હયાતી હોવા છતાં એને ગૌણ કર્યા વિના,

વસ્તુની દૃષ્ટિ મુખ્ય કર્યા વિના એને સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? એ પર્યાયનો અભાવ કરીને એમ નહિ. એથી કહે છે કે રાગાદિ તો જૂઠા છે એ તો અસદ્‌ભૂત થઈ ગયું. પણ સદ્‌ભૂત એનો પર્યાય એનામાં છે, એનો અંશ છે. અભેદનો એ ભેદ છે, અભેદને જ્યારે નિશ્ચય... અને એ આવે છેને ભાઈ ૧૬મી ગાથામાં? નિશ્ચયને જ્યારે નિર્મળ કહીએ ત્યારે મેચકને મલિન કહીએ. એઈ..! એ પર્યાય અશુદ્ધ છે ખરેખર તો. કેમકે ત્રિકાળ શુદ્ધની અપેક્ષાએ એક સમયની પર્યાય અશુદ્ધમાં જાય છે. મલિન ભલે ન હોય એનો પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? ભેદરૂપ પડ્યોને? ભેદ પડ્યો. ભેદ છે તે અશુદ્ધ છે અને અભેદ છે તે શુદ્ધ છે. હવે એ અશુદ્ધ કહીને એ નથી પાછું એમ કહેવું છે અહીં તો હવે આપણે. સમજાણું કાંઈ? આહા..હા...! કહે છે કે એવો પર્યાય અનંતગુણનો એક સમયની અવસ્થા એ બધો વ્યવહાર છે. કેમકે અંશ છે. કેમકે ત્રિકાળીનો સામાન્યનો એ વિશેષ છે. અભેદનો એ ભેદ છે. નિર્મળનો એ ભેદરૂપ મલિન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એટલા માટે જ એને પરદ્રવ્ય અને પરભાવ કીધુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- છે ને પણ આ. પોપટભાઈ! એવી વાત છે.

'**વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ** કરે છે;...' નથી તેને છે એમ કહે છે. જુઓ, ભાષા! સમજાણું કાંઈ? કેમકે એ પર્યાય હોવા છતાં, વર્તમાન વિશેષની વાત છે હોં! વિશેષપણું હોવા છતાં એ વિશેષનો આશ્રય કરવા જાય છે એને મુખ્ય બનાવે છે તો વિષમતા ઉત્પન્ન થાય છે. એ પર્યાયદૃષ્ટિ અનાદિની છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ પર્યાયદૃષ્ટિ અનાદિની છે. એને મુખ્ય બનાવીને રહેલો છે અનાદિથી. એથી એ પર્યાયને મુખ્યપણે જે માને છે એને અહીંયાં મુખ્યપણું દ્રવ્યને દઈને એ પર્યાયને ગૌણપણે કરીને એ પર્યાય છે જ નહિ (એમ કહ્યું છે). પર્યાય પર્યાયપણે નથી એમ હોં! દ્રવ્યમાં છે નહિ એની અહીંયા વાત નથી. સમજાણું કાંઈ? આહા..હા...! દેવજીભાઈ! ઠીક આવી ગયા લાગે છે આજે. દેવજીભાઈ ક્યાંથી આવ્યા એકલા?

આ ગાથા આવી છે. વિશ્વદર્શનનો પ્રાણ છે. વિશ્વદર્શન નામ વિશ્વના સમભાવી આત્મા ભગવાન બધા સમભાવથી પિંડ પડ્યા છે આખા અનંત આત્માઓ. સમજાણું કાંઈ? એની આ સમભાવી ભૂતાર્થ વસ્તુ. સમભાવ કહો કે જિનસ્વરૂપ કહો કે વીતરાગ સ્વરૂપ કહો, એનું પ્રયોજન એનો આશ્રય કરે તો સમતા, વિષમતાનો નાશ થઈ સમતા, શાંતિ, વીતરાગ ધર્મ છે એથી તે વીતરાગનો પર્યાય ત્રિકાળી સમભાવનો આશ્રય લેતા ઉત્પન્ન થાય એથી એને મુખ્ય કરીને, પર્યાયની હયાતી હોવા છતાં તેનું લક્ષ છોડાવવા, છે છતાં નથી કહીને એ પર્યાય વિદ્યમાન જ નથી. કહો, શશીભાઈ!

**શ્રોતા** :- આ ગુરુગમ વિના ક્યાં સમજાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સામાન્ય અને વિશેષ બે ભાગ. દરેકમાં હોય છેને. હવે આપણે

તો અહીં આત્માનું કામ છે. તો એ વિશેષ છે એ સામાન્યમાં નથી એ વાત તો બે અંશ કહેતા જ નથી એમ થઈ ગયું. સામાન્ય અને વિશેષ એમ બે ભાગ પાડતા આમાં આ નથી અને આમાં (આ નથી), એ તો એનો અર્થ જ એ આવી ગયો. હવે એનું અહીં કામ નથી. સમજાણું કાંઈ? પણ સામાન્ય એવો ભગવાન વીતરાગમૂર્તિ જિનસ્વરૂપ. 'જિન સોહી આત્મા' એવો સમભાવી પ્રભુ, આખો સમભાવી પ્રભુ, પૂર્ણ સમતાનો પિંડ પ્રભુ એવો જે આત્મા એનો આશ્રય કરાવવા, એની દૃષ્ટિ કરાવવા એને મુખ્ય કહીને એ જ સાચો છે. એ ત્રિકાળી જિનસ્વરૂપ સ્વભાવ એ જ સાચો છે અને એક સમયની પર્યાય એ આમાં નથી એ નહિ, પણ એ પોતે જ ગૌણ કરાવીને એ નથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હિંમતભાઈ! લ્યો આ બધું ઘણું સ્પષ્ટ થાય છે હવે, થોડું થોડું થાય છે ભાઈ અહીં તો. આહા..હા...! વસ્તુ તો એવી છે.

પર્યાય ઉપર લક્ષ તો અનાદિનું છે. અંશબુદ્ધિ તો છે. એ અંશબુદ્ધિ વિષમતાને ઉત્પન્ન કરે છે. વિશેષભાવ એનો આશ્રય કરતાં વિષમતા મિથ્યાત્વ એને ઉત્પન્ન કરે છે. લ્યો! સમજાણું કાંઈ? એથી હવે અહીં વિશેષ. વિષમતા એટલે મિથ્યાત્વ અહીં લીધું. ત્યારે હવે સમ્યક્ સત્યદૃષ્ટિ, સાચી દૃષ્ટિનો આશ્રય કોણ? કે ત્રિકાળી ભગવાન સમભાવી વસ્તુ એ સમ્યગ્દર્શનનો વિષય અને એ સમ્યગ્દર્શનનો આશ્રય એણે આપ્યો અથવા એણે સમ્યગ્દર્શન એનો આશ્રય લીધો. એનો આશ્રય લીધો એટલે ચાલતી પર્યાય જે વિદ્યમાન હોવા છતાં લક્ષમાંથી છૂટી જાય છે માટે તેને નથી એમ કહીને અવિદ્યમાન છે, પર્યાય છે જ નહિ. સમજાણું કાંઈ? પર્યાય પર્યાયપણે છે નહિ હોં એમ. પર્યાય દ્રવ્યમાં નથી નહિ. આહા..હા...!

**શ્રોતા :-** દ્રવ્યમાં પર્યાય નથી એ તો વાત જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી. હં. કહો, સમજાણું આમાં?

**'વ્યવહારનય બધોય...'** મહાપ્રભુ ચૈતન્યના સત્યના સાગરનો સ્વભાવ એકલો. એકલું પરમસત્ય ધ્રુવ. એ પરમસત્ય છે, પરમ સમભાવી છે, પરમ જેનું રૂપ છે. પરમપારિણામિક જેની સ્થિતિ છે. એવા પરમપરિણામિક ધ્રુવભાવને સત્યાર્થ કહી, સાચું કહી. ઓલામાં એમ લીધું છેને, પંચાસ્તિકાયમાં. દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામ. દ્રવ્યના સ્વરૂપની હયાતીનો ભાવ તેને પરિણામિક કહીએ. એમ લીધું. લ્યો વળી એ આવ્યું. કહો, સમજાણું કાંઈ? પર્યાય નહિ. આ પ્રગટ પર્યાય એ નહિ. દ્રવ્યના સ્વરૂપનો દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામ એવો પાઠ છે. દ્રવ્યનો એટલે વસ્તુનો, સ્વરૂપ એનો લાભ એટલે છે એમ. સ્વરૂપ છે હયાતી એને પારિણામિકભાવ કહેવામાં આવે છે. એની પર્યાયની હયાતીને આમાં લેવી નથી. સમજાણું કાંઈ?

હવે અહીં એ જ કહે છે કે પર્યાયની હયાતી હોવા છતાં, વિશેષ દશા હવા છતાં ત્રિકાળ સત્યાર્થ ભગવાનનો મુખ્યપણાનો આશ્રય કરવા માટે એ પર્યાયની હયાતી તે નથી એમ કહ્યું

છે. કારણ કે કામમાં આવે એવી નથી. એનાથી કામ થાતું નથી. સમજાણું કાંઈ? આ તો ઓલું દ્રવ્યમાં પર્યાય નથી, નથી કરી કરીને અહીં પાછા પર્યાય નથી એમ કાઢે, નાખે. ઈ અહીં વાત જ નથી. એય..! શશીભાઈ! હીરાભાઈ! હીરાભાઈએ પણ એમ કીધું હતું પહેલું. એ ઘૂંટણ છેને એટલે ત્યાં આવી ગયું. કાલે રાતે ભાઈએ પૂછ્યું હતું. પૂછ્યું કીધું, આ પર્યાયમાં એમાં નથી ઈને? દ્રવ્યમાં પર્યાય નથી એ અભૂતાર્થ છે એ નહિ.

**શ્રોતા :-** પર્યાય પર્યાયપણે નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય પર્યાયપણે નથી કેમકે એનો આશ્રય લેવામાં તો વિષમતા થાય છે, વિકલ્પ થાય છે. એટલે ખરેખર તો એનો આશ્રય લેતાં જે સ્વરૂપ નથી એને સ્વરૂપ માની બેસે છે ઈ. અંશમાં આખું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? એને એ સ્વરૂપ માની લે છે તો મિથ્યાત્વભાવ થાય છે. એની સામે ગુલાંટ ખાઈને હવે સમ્યગ્દર્શનમાં... સમજાણું કાંઈ? એય..! ચેતનજી! અહીં સમ્યક્ થાય છે, અહીં મિથ્યાત્વ થાય છે. વિષમતા થાય છે. વિશેષનો આશ્રય લેતા વિષમતા થાય છે. વિષમતાનો અર્થ મિથ્યાત્વ છે એ જ વિષમતા છે. અંશબુદ્ધિમાં આખો માનવો એ જ મિથ્યાત્વ છે અને આખો અંશ જે ત્રિકાળ છે એનો સ્વીકાર કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? આહા..હા...! તો કહે છે, ઓલી રાત્રે ચર્ચા થઈ હતીને થોડી સવારે થઈ ગઈ. પણ બહેનોએ સાંભળી ન હોય કેટલાકે એટલે પછી આ વધારે સ્પષ્ટ રામજીભાઈ કહે બપોરે કરજો. કાંઈ બહુ બોલે નહિ, પછી કાંઈક હલવવું તો ખરુંને થોડુંઘણું. વિચારો તો પહેલા આવેલા બધા. એ કાંઈ એ વખતે જ આવ્યા છે એવું કાંઈ નહિ. સમજાણું કાંઈ? આહા..હા...!

ભગવાન ત્રિલોકનો નાથ નિત્યાનંદ પ્રભુ, બસ એ સત્ય છે. ત્યારે પર્યાય તે અસત્ય છે. કેમકે આશ્રય કરવાલાયક નથી. એને આશ્રયે લાભ નથી એટલે એની હયાતી કે ન હયાતીનો સવાલ અહીં રહેતો નથી. આહા..હા..! એઈ..! '**વ્યવહારનય...**' આ બધું આમાં છે હોં એ બધું. '**બધોય...**' એટલે રાગનો ભાગ જે છે. જાણવામાં આવે એ અસદ્ભુત ઉપચાર, ન આવે એ અસદ્ભૂત અનુપચાર એ પણ જૂઠો છે. એ છે જ નહિ. હવે અહીં તો રાગને જાણવાનું જે જ્ઞાન, રાગને જાણે એ જ્ઞાન એ પણ સદ્ભૂત ઉપચાર થઈ ગયું. એને જાણે એ ઉપચાર થઈ ગયો. એ નહિ. હવે જે જ્ઞાનનો પર્યાય રહી ગયો, પોતાને પોતાના જાણવાની પર્યાયનો અંશ એ પણ અસત્યાર્થ છે. સમજાણું કાંઈ? '**વ્યવહારનય...**' એટલે કે ભેદને વિષય કરનારો, પર્યાયને વિષય કરનારો એવો જે નય એ જૂઠો છે. એ જૂઠા પદાર્થને પ્રગટ કરે છે. જે ત્રિકાળમાં નથી, અંશ છે એને એ પ્રગટ કરે છે. આહા..હા...!

**શ્રોતા :-** એ તો ખોટા રૂપિયા હોય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય છેને. કહો, સમજાણું કાંઈ?

એ '**બધોય અભૂતાર્થ...**' ચાર નય થયાને? ચાર પ્રકાર પડ્યા. અસત્ય હોવાથી એટલે

અભૂતાર્થ. સીધો શબ્દ છે. અભૂત-છતો નહિ એટલે વિદ્યમાન નહિ એટલે કે અસત્ય છે. અને જૂઠા ભાવને તે પ્રગટ કરે છે. પર્યાય ત્રિકાળી વસ્તુ નથી, એક અંશમાત્ર છે એને વ્યવહારનય છે એમ પ્રગટ કરે છે. પણ નિશ્ચયની અપેક્ષાએ એ વ્યવહારનય છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? આવી વાત બાપા જૈનદર્શન સિવાય અને તે દિગંબર સંત સિવાય એ વાત ક્યાંય છે નહિ. આહા..હા...! પરમ અમૃતના સાગર ઉછાળ્યા છે. ભગવાન મોટો અમૃતથી ભર્યો છેને પ્રભુ! તું ક્યાં ખાલી છો? તું ક્યાં એક અંશમાં આવે છો? એટલે તે ત્રિકાળનો આશ્રય લેવામાં એનું મુખ્યપણું બતાવીને પર્યાયની હયાતી, વિશેષપણું હોવા છતાં એ વિશેષ તે નથી એમ ગૌણ કરીને વિશેષ નથી. વિશેષમાં વિશેષ નથી. સમજાણું કાંઈ? દેવજીભાઈ! આવી વાતું છે. આહા..હા...! **'અવિદ્યમાન,...'** એટલે નથી. **'અસત્ય,...'** એટલે જૂઠું. નથી તેના ભાવને પ્રગટ કરે છે.

શુદ્ધનય. ઓલામાં બધો હતો. હવે આ **'શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી...'** ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્યાર્થ સત્‌સાહેબ એકલો. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... એવો. ઓલાને વ્યવહારનયને અશુદ્ધ પણ કહેવાય. આને જ્યારે શુદ્ધ કહીએ તો તેને અશુદ્ધ કહેવાય, આને જ્યારે અભેદ કહીએ તો એને ભેદ કહેવાય. આને દ્રવ્ય કહીએ ત્યારે આને પર્યાય. આને આખા કહે ત્યારે ઓલાને ખંડ કહેવાય, અંશ કહેવાય. આહા..હા...! સમજાણું કાંઈ? પણ એ અંશપણું, ભેદપણું, અશુદ્ધપણું એ વસ્તુની મુખ્ય દૃષ્ટિ કરતા સત્યાર્થનો આશ્રય કરતા એનો આશ્રય રહેતો નથી, લક્ષ રહેતું નથી. લક્ષ ત્યાં રહેતું નથી એટલે એ નથી એમ કહેવામાં આવે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે! પંડિતજી!

પાઠ છેને જુઓ! **'व्यवहारनयो हि'** છેને? **'हि'** **'हि'**નું ક્યાં આવ્યું? નથી કર્યું? આપણે ભાઈ અક્ષરે અક્ષર હોવો જોઈએને પાછો. **'व्यवहारनयो हि'** વ્યવહારનય જ **'सर्व एवाभूतार्थत्वादभूतमर्थं'** **'हि'** અમથો શબ્દ હશે? કે જોર દેવાનું હશે? એવું આવે છે. બેય આવે છે. કોઈ વખતે **'हि'** એમ પણ આવે છે અને કોઈ વખતે **'हि'** સાધારણ મેળવવા માટે આવે છે. બેમાં આમાં શું લેવું? પંડિતજીને શું કરવા રાખ્યા છે અહીં જોડે? સમજાણું કાંઈ? **'ववहारोऽभूदत्थो'** પાઠમાં તો આટલી વાત છે. એ વાત સમજ્યા નહિ. **'हि'** ના બે અર્થ થાય છે. એક ક્યાંક ખરેખર થાય છે અને એક **'हि'** મેળવવા, શબ્દને મેળવવા માટે થાય છે. એમાં આ **'हि'**માં શું લેવું? એ તો **'हि'** ખરેખર છેને. એમાં ક્યાં.. એ.. વજુભાઈ! પાઠમાં તો આટલું છે, વ્યવહાર અભૂતાર્થ.

આ જ સત્યાર્થ છે અને આ અસત્યાર્થ છે. એમ કહીએ ત્યાં **'हि'** ભેગું આવી જાય છે. એકલો ભગવાન પૂર્ણાનંદનો નાથ એ સત્યાર્થ છે અને પર્યાયનો અંશ જે છે એ અસત્યાર્થ જ છે. ગૌણ કરીને જૂઠો છે. જૂઠો જ છે. એ જૂઠા અર્થને પ્રગટ કરે છે. ભારે વાત ભાઈ! આહા..હા...! ઓલામાં આવે છેને? દ્રવ્યસંગ્રહમાં નહિ? અશુદ્ધો બદ્ધો અને શુદ્ધો શુદ્ધનય.

ગાથા આવે છે દ્રવ્યસંગ્રહમાં. એક કોર અશુદ્ધ અને એક કોર શુદ્ધ એમ બે લેવી. એ શુદ્ધ તો ત્રિકાળ વસ્તુ તે શુદ્ધ છે અને આ બધું અશુદ્ધ છે. ૧૬મી ગાથામાં એમ લીધું, મેચક તે મલિન છે. અહીં એનો ખુલાસો આણે નથી કર્યો. આણે અર્થ કર્યો છે કે મેચક એટલે વિચિત્ર-વિવિધતા. અમેચક એટલે એકતા એવો અર્થ કર્યો છે. કળશટીકાકારે મેચક એટલે મલિનતા એવું કર્યું છે. ઓલામાં થોડું લીધું છે, આ શું કહેવાય? પરમઅધ્યાત્મ તરંગિણી. એમાં લીધું છે મેચક. પણ મેલ લીધું નથી પણ પછી કાઢી નાખ્યું છે. ૧૬મી ગાથામાં છેને? વ્યવહારનય .. નથી. એના પહેલા. નહિ? ૧૬મી ગાથા એનો કળશ. એ આવ્યું લ્યો. જ્ઞાનઘન છેને? એના પછી આવે છે.

आत्मनश्चितयैवालं मेचकामेचकत्वयोः।
दर्शनज्ञानचारित्रैः साध्यसिद्धिर्न चान्यथा।।१९।।

છેને એ શ્લોક-૧૯. '**आत्मनः चिद्रूपस्य, मेचकामेचकत्वयोः – एकत्वानेकत्वयो**' એમ. અમેચક એટલે એક, મેચક એટલે અનેક. અમેચક એટલે એકરૂપ અને મેચક એટલે વિવિધતા–વિવિધતા-વિચિત્રતા. એનો પછી અર્થ કર્યો છે. '**एकत्वानेकत्वयो–शुद्धत्वाशुद्धत्वोर्वा**' ભાઈ! સંસ્કૃતમાં છે. એમાં નથી. આ તો સંસ્કૃત આમાં છે. ૧૯મો કળશ છે. '**मेचकामेचकत्वयोः–एकत्वानेकत्वयो–शुद्धत्वाशुद्धत्वोर्वा**' વ્યવહારનય અશુદ્ધ જ છે. એ અશુદ્ધનયનું સ્વરૂપ બારમા ગુણસ્થાન સુધી રહે છે એમ કહ્યું છે એ આ અપેક્ષાએ. ભેદ રહે છેને એટલો જરી.

કહે છે કે '**શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી...**' આ વેદાંત ન થઈ જાય માટે એને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. વસ્તુનું સ્વરૂપ એવું છે એમ કહે છે. એ કાંઈ વેદાંત ન થઈ જાય માટે એમ નહિ. એનામાં પર્યાય ધર્મ છે, પર્યાય એનો ધર્મ છે પણ એ પર્યાયને ગૌણ કરીને ત્રિકાળી વસ્તુને મુખ્ય કરીને, ગૌણ કરીને એ નથી, આ મુખ્ય કરીને આ છે એમ બેની વાતું કહેવામાં આવી છે. આહા..હા...! સમજાણું કાંઈ? આ થોડું-થોડું સ્પષ્ટીકરણ છેને જરી. ગોટો ઉઠે નહિ. ઓલું દ્રવ્યમાં પર્યાય નથી, દ્રવ્યમાં પર્યાય નથી. અહીં પણ અભૂતાર્થ છે. પર્યાય એમાં નથી, દ્રવ્યમાં પર્યાય નથી (એમ કહે તો) એમ નથી. અહીં તો પર્યાય પર્યાયપણે નથી. ગૌણ કરીને હોં! સમજાણું કાંઈ? છોટાભાઈ! આહા..હા...!

'**શુદ્ધનય એક જ...**' એક જ સાચી હોવાથી એમ થયુંને ત્યારે? ઓલી ખોટી છે. આહા..હા...! '**વિદ્યમાન,...**' છતો પદાર્થ ભગવાન આત્મા પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ. નવનીતભાઈ આવી ગયા આમાં બરાબર વળી. ચાર મહિના સલવાઈ ગયા હતા. ... અમને આવ્યા બે મહિના થઈ ગયા. નહિ? એ પહેલા બે મહિના બીજે હતા. આ દશમે ગયા ત્યારેને? આજ તેરસ થઈ. બે મહિના ઉપર થઈ ગયા. આસો વદ દશમે-અગિયારસે આવ્યા. આહા..હા...! માર્ગ તે માર્ગ છેને પણ. અને સ્પષ્ટ સમજાય એમ છે હોં! એમાં કાંઈ આમ નિષેધ કરીને કાંઈ ગડબડ રહે એવું નથી આમાં.

**શ્રોતા :-** અલૌકિક માર્ગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અલૌકિક માર્ગ છે. અમારે પંડિતજી ખુશી થાય છે. આવા પંડિતજી હોય તો તો જરી સત્ય સમજાય અને આગળ .. ચાલે. આ તો પોતાના પંડિતના અભિમાનમાં... અરે.. પ્રભુ! કેના અભિમાન? ભગવાન! આહા..હા...!

અહીં તો ચાર જ્ઞાનની પર્યાય... આહા..હા...! અરે! કેવળજ્ઞાનની પર્યાય સદ્‌ભૂત વ્યવહાર. આહા..હા...! પ્રભુ! પ્રભુ! એ હોવા છતાં. એનો તો કાંઈ આશ્રય કરવો નથી એટલે એનો પ્રશ્ન નથી. પણ નીચે નયવાળાને કેવળજ્ઞાનનો પર્યાય પણ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય હોવાથી એ પણ અશુદ્ધનયનો વિષય છે. નીચલાવાળાને નય છેને. એને (કેવળજ્ઞાનીને) ક્યાં નય છે. કારણ કે જેને સાધક છે એની આ વાત છેને? સાધ્ય થઈ ગયા એની અહીં વાત નથી. અને સાધ્ય જેને પ્રગટ્યું નથી સાધક એની પણ વાત નથી અહીં. સમજાણું કાંઈ? જેને સાધ્ય કાંઈપણ પ્રગટ્યું નથી એને નય કેવી? અને પ્રગટ્યું છે એ સાધકમાં નય હોય છે. પૂર્ણ થઈ ગયું એને નય કેવી? અજ્ઞાનીને નય કેવી? કેવળીને નય કેવી? સમજાણું કાંઈ? પણ નીચે સાધક છે, જેનું વલણ હજી સ્વ તરફમાં કરી રહ્યો છે એવા નયના આશ્રયવાળો જીવ એ ત્રિકાળનો આશ્રય કરે છે. અને એનો પર્યાય જે વર્તમાન ગમે તેટલો વર્તતો હોય... આહા..હા...! સમજાણું કાંઈ? તે નથી અને શુદ્ધ એક જ સાચો છે. શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી વિદ્યમાન છતા હયાતીવાળા સમભાવસ્વરૂપ એને કહે છે. એટલે કે એને જાણે છે.

'સત્ય,...' વિદ્યમાન એટલે સત્ય, ભૂતાર્થ એટલે સત્ય. ભૂતાર્થ એટલે ભૂત છતા અર્થને છતો ભાવ ત્રિકાળી ભગવાન એને એ જણાવે છે. કહો, સમજાણું કાંઈ? આવું ભારે ભાઈ! ઓલી દયા પાળવી, વ્રત પાળવા એ સહેલુંસટ હતું લ્યો! ઈચ્છામી પડિકમણા ઈરિયા.. તસ્સ મિચ્છામી દુક્કડમ. જાવ. તસ્સઉતરી કરણેણં તાવકાંય. એમાં આ નીકળ્યું પાછું. એઈ..! તારી દાદીએ એમ કર્યું હશેને. પૂર્વે એ બધું શીખ્યા હશેને એ.

**શ્રોતા :-** બહુ શીખ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ શીખ્યા હતા લ્યો! અમે પણ શીખ્યા હતા હોં બધું. પાલેજમાં. બધાને કહેવરાવતા. કરો પડિક્કમણા, કરો અપવાસ, પર્યુષણના દિવસો હોય. દુકાનમાં ધંધો આખો દિ' કરે અને દુકાને બેસે. મોઢે હોય અપવાસ. એક જણ એમ કહેતો હતો કે એલા મોઢા અપવાસ અને તું કજીયા શું કામ કરે છે? મોઢે અપવાસ છે હોં! અંદર નહિ. એક બાઈ હતી. આઠ અપવાસ કરેલા. ઓલા છોકરા એને રંજાડતો (હશે). પણ મોઢે અપવાસ છેને અને તું આ શું કરે છે મારી સાથે? મોઢે અપવાસ હશે. એમ કે મોઢા પાણી-આહાર લેતા નથી ને. આવાને આવા. ગાંડાના ગામ જુદા હોય કાંઈ? આહા..હા...! કાંઈ ભાન ન મળે. પાગલની જેવી વાતું કરે. આહા..હા...! ભીખાભાઈ! એવા તપ છે.

**'શુદ્ધનય એક જ...'** સાચી હોવાથી. ત્રિકાળી વસ્તુને તે જ વિદ્યમાન છે, તે જ

સાચું છે અને તે જ અર્થ ખરો છે એમ શુદ્ધનય પ્રગટ કરે છે. એટલે પર્યાયમાં તેનો અનુભવ દ્રવ્યનો આશ્રય થાય ત્યારે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એ માથે આવશે ઓલું જ્ઞાયકભાવ તિરોભાવ ને આવિર્ભાવ ને એ બધો આમાંથી અર્થ કાઢ્યો છે. સમજાણું કાંઈ? લ્યો એ પોણો કલાક ચાલ્યું.

**શ્રોતા :-** હવે પંદર મિનિટ ભલે લંબાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈએ કહ્યું હતું સવારમાં થોડું. કીધું ચાલો આ અત્યારે (લઈએ), નહિતર તો આ કાલે પણ ચાલ્યું હતું. રાત્રે પણ ચાલ્યું હતું, સવારે ચાલ્યું હતું.

ભગવાન ત્રણલોકનો નાથ ધ્રુવસ્વરૂપે ભરેલો અનંતઆનંદનો સાગર જેમાં ખંડ ભેદ નથી. એને જ આ સાચો કહેવામાં આવે છે. આહા..હા...! તું સત્ય છો, સત્ય સાહેબ તું જ છો. અને એક સમયની પર્યાય ચાહે તો ચાર જ્ઞાનની પર્યાય હો, અરે! ક્ષાયિક જ્ઞાનની પર્યાય હો... આહા..હા...! સમજાણું કાંઈ? એવી હોવા છતાં એનું લક્ષ કરવું નથી અને જેનું લક્ષ કરવું નથી તેને, જેનું લક્ષ કરવું છે તેને સાચો ગણીને આને જૂઠો ગૌણપણે કહીને જૂઠા ઠરાવ્યા છે. આહા..હા...! પર્યાયદૃષ્ટિ કહો, વિશેષ કહો, સમજાય છે? એને ભેદ કહો, એ બધો જૂઠો છે, અસત્ય છે. દ્રવ્યદૃષ્ટિનો વિષય ધ્રુવ કહો, અભેદ કહો, એકરૂપ કહો, શુદ્ધ કહો, સાચો કહો. કહો, સમજાણું કાંઈ?

**'એ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ :—'** લ્યો! હવે એની ચોખ્ખી કરે છે વાતને. **'જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે...'** ઓલામાં એમ કહ્યું છે કે વરસાદ ઉપરથી પડે છે મેઘ, એ તો નિર્મળ છે અને ધૂળમાં ભળે ત્યારે મેલો થઈ જાય. એવો અર્થ કર્યો છે ક્યાંક. આમાં ક્યાંક કર્યો છે. એ જ્ઞાનસાગરે કર્યો છે. ઈ છે? એમાં છે. અર્થમાં પણ છે. એટલે કાદવવાળું એનું .. પાણી પડે છે ચોખ્ખું. ધૂળમાં પડતા મેલું (થઈ જાય છે). એ મેલું જ અનુભવે છે કેટલાક. **'જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ...'** કોનો? પાણીનો. પાણી તો સહજ નિર્મળ સ્વરૂપ છે. નિર્મળ સ્વરૂપ જ એ જળનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? **'જેનો સહજ એક નિર્મળભાવ...'** જોયું! એ પણ નિર્મળ એકરૂપભાવ છે. **'તિરોભૂત થઈ ગયો છે...'** એટલે કે જળની નિર્મળતા, મલિનતાને કારણે પ્રગટ છે નહિ. એ તિરોભાવ થઈ ગયો એમ. મલિનતા જ ... મોઢાઆગળ.

**'એવા જળનો અનુભવ કરનાર...'** આ તો દૃષ્ટાંત છે હોં, પછી સિદ્ધાંત ઉતારશે. **'એવો જળનો અનુભવ કરનાર પુરુષો—'** પુરુષો શબ્દે આત્મા. **'જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...'** જળ અને મલિનતાની ભેદતા નહિ કરનારા. એ કુકડા અમે ગયા હતા તો વરસાદ આવ્યો તો એકલું પાણી. ત્યાં નદી-બદી નથી. કુકડા છેને અહીં મૂળી પાસે. મૂળી પાસે. તળાવ એકલું મેલું પાણી. તે દિ' હું અને રતનચંદજી બેય ગામમાં ભેગા થઈ

ગયેલા. ઓલા શતાવધાની. ઉતર્યા હતા અમે જુદા જુદા. એ તળાવમાં ઉતર્યા હતા, અમે કોઈકના મકાનમાં ઉતર્યા હતા. એક જ દિવસ. ૮૨નું ચોમાસું આવવું હતુંને વઢવાણ? ચોમાસામાં ત્યારે. જેઠ મહિનો. વરસાદ આવેલો. નદી-બદી કાંઈ ન મળે. નદી વિના વીરડા કેવા? તળાવ ભરેલું મેલું પાણી. મેલું પાણી મળે પીવાનું. આ છે મહારાજ પાણી ઊનું, તમે ત્યાં જઈને બે-ચાર કલાક ઠારજો, તો મેલ બેસી જશે. પણ જેને ઉતાવળ હોય એ મેલું પીવે. કારણ કે ત્યાં તો બીજું પાણી હોય નહિ. તળાવ ભરેલું મેલું. વરસાદ આવેલો. નહિ કૂવો, નહિ વીરડો. વીરડો ક્યાંથી હોય? નદી હોય તો વીરડો હોય ને. નહિ કૂવા. એવું પાણી એક હતું લ્યો. ૮૨ની વાત છે. જેઠ મહિનો ૮૨. ૪૨, કેટલા થયા? ૧૮ ને ૨૮, ૪૬ વર્ષ થયા. એમ કહે છે... પણ પછી કહે, ઠારજો. મહારાજ! પાણી બધું મેલું છે. અમે તળાવનું લઈ આવ્યા છીએ, પછી અહીં ઠારશું ત્યારે (પીવાશે). તમે અહીં અત્યારે લેવા આવ્યા, ઊનું છે, ઠારજો. એવા .. પણ ઉતાવળા એકદમ તૃષા લાગી હોય અને પીવા માંડે.

**શ્રોતા :-** ચોમાસામાં તો આમ જ થાય. નદી-બદી ન હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ પાણી (મળે). પણ નદી ક્યાંય દૂર રહે. આહા..હા...!

'**જળ અને કાદવનો વિવેક નહિ કરનારા...**' એટલે જુદું નહિ પાડનારા. '**ઘણા, તો,...**' ઘણા કરે છે. ઝાઝા એવા ઘણા હોય છે. '**મલિન જ અનુભવે છે;...**' મેલું જ અનુભવે. લાગી છે તૃષા, લાવને હવે. '**પણ કેટલાક પોતાના હાથથી નાખેલા...**' પાછા કો'કના ભરોસે નહિ. નોકર-બોકર નહિ. કેટલું નાખવું જોઈએ, કતક નિર્મળી ઔષધિ એને ખબર હોય. ઓલાને કહે, નાખજો. ઓલો નાખી દે ઝાઝી તો? આ ખીચડીમાં એમ થાય છેને? ખીચડી મૂકી હોય, બે-ચાર બાયું હોય. એક જણે મીઠું નાખ્યું હોય ત્યાં બીજી પણ નાખવા જાય. .. જ્યારે રાંધે ત્યારે ખારું લાગે. ઓય માર્યા! આમ કેમ? તો અમે બે જણાના હાથથી પડી ગયું લાગે છે. એક બાઈએ નાખ્યું હોય અને બીજી ગરે તો ઈ પણ નાખે. ચાખવા ક્યાં જાવું ઊનું ઊનું હોય ત્યાં. ઊની હોયને ખીચડી. નહિ નાખ્યું હોય, નાખને. ખાવા જાય ત્યારે મીઠું વધારે છે. એમ અહીં એમ નહિ કહે છે. એક હાથે રાંધવાનું હોય એમ કહે છેને? બીજા બે હાથ કરશો નહિ કહે છે. બે હાથે બગડશે. એક હાથે કરો બધું કામ. એમ કહે છે હોં! એવું સાંભળ્યું છે. આપણે સાંભળેલું છેને, અહીં ક્યાં ન્યાં... આહા..હા...!

'**કેટલાક પોતાના હાથથી...**' જુઓ, પોતાના હાથથી. દસ શેર પાણી છે તો આટલી ઔષધિ જોઈએ. '**કતકફળ (નિર્મળી ઔષધિ)ના પડવામાત્રથી...**' લ્યો! જ્યાં પડી નિર્મળી ઔષધિ અંદર '**ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી,...**' પાણી અને મેલ બે જુદા પડી ગયા. '**પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...**' પોતે જાતે પુરુષાર્થ કરીને, ... એમ કહે છે. ઓલામાં એમ લીધું છે, પોતાનો પુરુષાર્થ એમાં દેખાય નિર્મળ

પાણીમાં. આમ દેખાય. એવું નિર્મળ થયું છે. '**પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...**' શું પ્રગટ કરવામાં આવ્યું? '**સહજ એક નિર્મળભાવપણાને લીધે,...**' હતું તો ખરું. પણ મેલપણાનો વિવેક થઈ જુદું પાડ્યું ત્યારે નિર્મળ પાણી હતું એવું પ્રગટ થયું એમ કહેવામાં આવે છે. '**નિર્મળભાવપણાને લીધે,...**' લ્યો! '**તેને નિર્મળ જ અનુભવે છે;...**' એ દૃષ્ટાંત થયો.

'**એવી રીતે પ્રબળ કર્મના મળવાથી...**' જુઓ, જોરદાર કર્મનો ઉદય હોય કહે છે. એની સાથે એકમેક મળેલો હોય. પ્રબળ કાદવ કીધોને એટલે પ્રબળ કર્મ. '**પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ...**' આહા..હા...! પર્યાયમાં અનુભવમાં આવ્યો નહિ એથી મલિનતાનો અનુભવ કર્યો એથી એનો જ્ઞાયકભાવ ત્રિકાળી દૃષ્ટિમાં આવ્યો નહિ, એથી તે ઢંકાઈ ગયો છે એમ કહેવામાં આવે છે.

**શ્રોતા :-** એના જ્ઞાનમાં..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જ્ઞાનમાં આવ્યો નહિને. સમજાણું કાંઈ? રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ. પર્યાયનો આશ્રય લઈને રાગને અનુભવે એને એકલો જ્ઞાયકભાવ ત્રિકાળી છે તે ઢંકાઈ ગયો એને. પર્યાયમાં જ્ઞાનમાં આવ્યો નહિ એટલે ઢંકાઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા...!

'**તિરોભૂત થઈ ગયો છે....**' એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એમ કીધું. એનો અર્થ કે એના ખ્યાલમાં ન આવ્યો એટલે એ નથી. એટલે ઢંકાઈ ગયો છે એને આત્મા દૃષ્ટિમાં. રાગની એકત્વબુદ્ધિ એમ કહે છે. રાગની એકત્વબુદ્ધિ. સમજાણું કાંઈ? અબુદ્ધિપૂર્વક રાગ હો કે બુદ્ધિપૂર્વક, પણ અંદર એકત્વબુદ્ધિ છે એમાં પછી આ બેના ભેદ પડતા નથી. રાગની એકત્વબુદ્ધિ છે ત્યાં સ્વભાવની નિર્મળતાનું એકપણું ત્યાં ઢંકાઈ ગયું છે. સમજાણું કાંઈ? '**કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ...**' મળવાથીનો અર્થ? પોતે રાગની એકતામાં પડ્યો છે. એને લઈને એમ. પાછું કર્મને લઈને આમ છે એમ નહિ. એ ભાવકર્મ પણ કર્મ છે. એમાં એકતાબુદ્ધિએ પડ્યો છે. આહા..હા...!

'**એવા આત્માનો અનુભવ કરનાર...**' એવા આત્માનો અનુભવ કરનાર. આવા આત્માનો. રાગવાળો, પુણ્યવાળો, પાપવાળો, મલિનતા એવી પર્યાયવાળો. એવો આત્મા અનુભવ કરનાર, એવા આત્માને છોડીને, '**આત્માનો અનુભવ કરનાર...**' આત્માનો જ્ઞાયકભાવ છોડીને આવો આત્માનો અનુભવ કરનાર. એમ. ત્રિકાળી જ્ઞાયકભાવ વસ્તુ છે એનો આશ્રય કર્યા વિના, એનો આદર કર્યા વિના એને છોડી દઈને રાગવાળો, પુણ્યવાળો, વિકલ્પવાળો છે એવો એને અનુભવે છે. '**આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા,...**' રાગ આદિ કર્મ છે, ભગવાન આત્મા નિર્મળાનંદ સહજ છે, એ બેનો વિવેક નહિ કરનારા. એમ લીધું છે. વિવેક નહિ કરનારા, કર્મને લઈને વિવેક નહિ કરનારા એમ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પોતાનો જ દોષ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો જ અપરાધ છેને. અપરાધ કોનો છે? બીજાનો ક્યાં છે?

'**આત્માનો અનુભવ કરનારા પુરુષો—**' એટલે આત્માઓ. '**આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા,...**' એ રાગાદિ કર્મ છે, ભગવાન જ્ઞાયકભાવ ભિન્ન છે એમ જુદાં નહિ પાડનારા એટલે ભેદજ્ઞાન કીધું. ભેદજ્ઞાન નહિ કરનારા '**વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ...**' વર્તમાનના રાગભાવની વિચિત્રતામાં જેની એકતાબુદ્ધિ અને વિમોહિત પડ્યો છે. આહા..હા...! '**વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું...**' જુઓ, જ્ઞાયકભાવ એકરૂપ છે, ત્યારે રાગની એકતામાં અનેક પ્રકારના રાગો અને મલિનતા ઉત્પન્ન થાય છે. '**જેમાં ભાવોનું...**' વિકારી ભાવોનું '**વિશ્વરૂપપણું (અનેકપણું) પ્રગટ છે...**' વિકારી ભિન્ન... ભિન્ન... ભિન્ન વિકલ્પની ઉત્પત્તિ થાય છે. '**એવો અનુભવે છે;...**' એવા આત્માને અનાદિથી અજ્ઞાની રાગ અને આત્માની ભિન્નતા ન જાણનારા બેને એકપણે અનેકપણાની વિચિત્રતાના રાગને અનુભવે છે. આ રાગમાં જેની એકતા છે. વ્યવહાર રાગ ભલે. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો રાગ, પણ એમાં જેની એકતા છે એ વિમોહિત બુદ્ધિ છે. એમાં એકતા છે તો મિથ્યાદષ્ટિ તેમાં મોહી ગયા છે. આહા..હા...! '**એવો અનુભવે છે;...**' એ અજ્ઞાનીની વાત કરી.

'**પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ)...**' એમ. શુદ્ધનય એટલે ત્રિકાળ વસ્તુ. ભૂતાર્થદર્શી. ત્રિકાળ સત્ ધ્રુવ વસ્તુ, પરમસત્ય વસ્તુ એવી છતી ચીજને, શુદ્ધનયને. અહીં તો ભૂતાર્થને શુદ્ધનય કીધી છેને? એટલે એમ કહે છે. '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' આહા..હા...! '**ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ)...**' એટલે ત્રિકાળ ધ્રુવ સત્ય વસ્તુને જોનારાઓ. '**પોતાની બુદ્ધિથી નાખેલા...**' પોતાની બુદ્ધિથી ભેદજ્ઞાન કર્યું છે એમ કહે છે. '**શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી...**' દેખો! શુદ્ધનયને અનુસારે જ્ઞાન થઈ ગયું લ્યો! ત્રિકાળ શુદ્ધ વસ્તુ ધ્રુવ એને અનુસારે થયું એટલે રાગથી ભિન્ન પડી ગયો છે. સમજાણું કાંઈ? '**પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર...**' પોતાના પુરુષાર્થથી દ્રવ્ય તરફ વળ્યો છે એમ કહે છે. શુદ્ધનયનો આશ્રય પુરુષાર્થથી કર્યો છે, રાગથી ભિન્ન પડીને. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પુરુષાર્થ ન વાપરતા અહીં જ્ઞાન બતાવનારો બુદ્ધિ શબ્દ શું કરવા વાપર્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નયથી જણાય છેને. શ્રદ્ધાથી ક્યાં જણાય છે? જ્ઞાનથી આ વસ્તુ એમ જણાય છેને. વસ્તુ પોતે શુદ્ધનય એ તો કીધી છે. શુદ્ધનયને જાણનારા, ધ્રુવને જાણનારા. જાણનારની પ્રધાનતા છેને આમાં જ્ઞાનની. જ્ઞાનની પ્રધાનતા આપી. આ પહેલી મૂળ ગાથા.

**શ્રોતા :-** જ્ઞાન-દર્શનનો ખીચડો થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખીચડો નથી. એઈ..! આ તો મૂળ ગાથામાં ચેતનજી! શુદ્ધનયથી

દેખનારાઓ, શ્રદ્ધાથી દેખનારા... પણ વસ્તુને જ શુદ્ધનય કીધી છે. જ્ઞાયકભાવ છેને ત્રિકાળી? એ જ શુદ્ધનય છે એમ કીધું અહીં તો. જ્ઞાયકની મુખ્યતા છેને? જ્ઞાયક-જ્ઞાયક. જ્ઞાનભાવ... જ્ઞાનભાવ... જ્ઞાનભાવ... જ્ઞાનભાવ... એ જ શુદ્ધનય. એક બાકી રહી ગયો અશુદ્ધ રાગ. નય છેને આ? સમજાણું કાંઈ? નય પોતે ત્રિકાળી જ્ઞાયકભાવ એ શુદ્ધનય અને રાગાદિ ભાગ રહી ગયો એ અશુદ્ધનય-વ્યવહારનય. નય આખી ચીજને વિષય નથી કરતી. નય તો ત્રિકાળી અંશને વિષય કરે છે. નયનો વિષય અંશ છે. ભલે ત્રિકાળી છે પણ એ અંશ છે. પર્યાયસહિતનો એ ભાગ નથી. સમજાણું કાંઈ? આહા..હા...! ભારે!

કહે છે, **'પોતાની બુદ્ધિથી નાખેલા...'** જ્ઞાન અનુસાર એમ કહેવું છેને અહીંયાં? ભેદ પાડ્યો છેને? ભેદજ્ઞાન. રાગથી લક્ષ છોડી અને ત્રિકાળી સ્વભાવમાં લક્ષ કર્યું છે. આહા..હા...! **'શુદ્ધનય અનુસારે બોધ થવામાત્રથી...'** ત્રિકાળી જ્ઞાયકભાવને અનુસારે જ્ઞાન થવામાત્રથી એમ. **'આત્મ-કર્મના વિવેકપણાથી,...'**

**શ્રોતા :-** અહીં પાછો બોધ લીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. તો છેને. શુદ્ધનય અનુસારે બોધ થવામાત્રથી. એટલે શુદ્ધનય ધ્રુવ ત્રિકાળ એને અનુસારે જ્ઞાન થવા માત્રથી. એમ. ત્રિકાળ જ્ઞાયકભાવ એને અનુસારે જ્ઞાન થવા માત્રથી. ત્રિકાળ જ્ઞાયકભાવ ધ્રુવ એને અનુસારે જ્ઞાન થવા માત્રથી. એકલો જ્ઞાનભાવ છે ત્રિકાળ, એને અનુસારે જ્ઞાન થવા માત્રથી. સમજાણું કાંઈ? આહા..હા...!

**'આત્મ-કર્મના વિવેકપણાથી,...'** લ્યો! રાગ અને સ્વભાવ ધ્રુવ ત્રિકાળ બેને જુદા પાડીને **'પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા...'** એક જ્ઞાયકભાવ આવિર્ભૂત થયો. એનું જ્ઞાન થયું એટલે આવિર્ભૂત થયો. છે એને નહોતો માન્યો, એ છે એને જાણ્યો એટલે આવિર્ભૂત થયો. હતો તો ખરો પણ રાગની દષ્ટિમાં એ દેખાતો નહોતો. એ જ્ઞાનની દષ્ટિએ જ્યારે જોયું.. ઓહો..હો..! આ આત્મા! એ જ્ઞાયકભાવ પ્રગટ થયો કહેવામાં આવે છે. વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, ગાથા-૨
# પ્રવચન નં. ૩૧૦, તા. ૨૬-૨-૧૯૫૩
# (૧૬)

આ સમયસાર એની બીજી ગાથા ચાલે છે. બીજી ગાથામાં શિષ્યે એમ પૂછ્યું હતું કે ભગવંત! આ સમય આપ જે કહો છો એ સમય શું છે? સમય ચીજ શું છે? તો સમયનો ઉત્તર ભગવાન કુંદકુંદાચાર્ય દે છે. કે જે સમય જાણવાથી આત્માને મોક્ષમાર્ગ થાય છે એ સમય શું છે? તો કહે છે કે સમય એ આત્મા છે. એ આત્માના સાત વિશેષણમાં ચાર વિશેષણ તો કાલે ચાલ્યા. આજ પાંચમું વિશેષણ.

જુઓ, એક આત્માનું વિશેષણ એ ચાલ્યું કે આત્મા સત્તારૂપ છે. સમય કહો કે જીવ કહો. સમજાણું? આત્મા ઉત્પાદવ્યયધ્રુવરૂપ સત્તારૂપ છે એ એક વિશેષણ આવ્યું. બીજું, એ ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્ય આત્મા એનું દર્શન જ્ઞાન ચૈતન્યસ્વરૂપ છે. ત્રીજું, અનંત ધર્મને ધરવાવાળો એ દ્રવ્ય ધર્મી છે. અને ચોથું, ક્રમરૂપ અને અક્રમરૂપ પર્યાય અને ગુણથી ગુણને અંગીકાર કરનારો એવો આત્મા છે. એવા ચાર વિશેષણ તો કાલે આવી ગયા.

પાંચમું. પાંચમું વિશેષણ. '**પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી...**' એ કાલે ચાલ્યું હતું પણ થોડું વિશેષ લઈએ. '**પોતાના અને પરદ્રવ્યોના આકારોને...**' એટલે વિશેષને '**પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...**' સમજાણું? અવભાસન. અંદર આત્મામાં સ્વ અને પરનું ભાસન થાય છે એવા આત્માની સ્વપર સામર્થ્ય શક્તિ પોતાથી છે, જ્ઞેયથી નથી. જ્ઞેય છે તો જ્ઞાન છે એમ નથી. ઈ કહે છે. '**પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...**' ભાઈ! ... અવભાસન શબ્દ પડ્યો છેને? સમજાણું કાંઈ?

આત્માનો એવો સ્વભાવ છે કે સ્વપરપ્રકાશક સામર્થ્ય પોતાથી છે. એ જ્ઞેય છે તો સ્વપર (પ્રકાશક) સામર્થ્ય છે એમ નથી. એવું એનું સ્વરૂપ છે. શબ્દો છે, શાસ્ત્ર છે, પુસ્તક છે, વાણી છે તો આત્મામાં સ્વપરપ્રકાશક (જ્ઞાન) પ્રગટ થાય છે, જ્ઞેય છે તો જ્ઞાન છે એમ નથી. પોતાના સામર્થ્યથી પ્રતિભાસરૂપ એકરૂપપણું. પાછું શું કહ્યું? સ્વપરપ્રકાશરૂપ સામર્થ્ય એ બે રૂપ નહિ, એકરૂપતા. ભાઈ! પાછા એમ કહે કે સ્વપર (કીધું) માટે બે થઈ જાય છે? સમજાણું કાંઈ? એ પાઠ છેને જુઓ! '**स्वपराकारावभासनसमर्थत्वादुपात्तवैश्वरूप्यैकरूपः**'

એકરૂપ લેવાનું શું કારણ છે? કે આત્મા જીવ નામનો પદાર્થ એ સ્વપરને પ્રકાશનારો પ્રતિભાસ થનાર એકરૂપતા પ્રાપ્ત કરી છે. સ્વપરપ્રકાશ છે તો બે થઈ જાય એમ નથી. વિરજીભાઈ! આ સ્વપરપ્રકાશક એકરૂપતા. એમાં પાંચમું વિશેષણ જીવનું છે. આત્મા આવો જીવ છે. પછી એમાં લીન થવું એ મોક્ષમાર્ગ છે એ પછી કહેશે. પણ એ એવો આત્મા સમજવો, એ પોતાનું સામર્થ્ય ધરવાથી એ આત્મા છે, નહિ કે એ સ્વપર સામર્થ્ય પરથી થયું છે.

તે '**પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે...**' પોતાને કારણે એકરૂપતા ધારણ કરી છે. જ્ઞેય બે રૂપ છે તો સ્વપરપ્રકાશક બે રૂપતા થઈ ગઈ છે એમ નથી. કહો, સમજાય છે કાંઈ? શું કહે છે? આ ધર્મ શેનાથી થાય એ વાત કરે છે. ધર્મ કોઈ બહારથી થતો નથી. દેહથી નહિ, વાણીથી નહિ. આવા આત્માની અંતર દૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે. તો કેવો આત્મા? એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે એવો છે. બધામાં એ શબ્દ લીધો છેને. એવો છે. એવું સ્વપર સામર્થ્ય જાણનારો એવો આત્મા છે. રાગ છે, પુણ્ય છે, શરીર છે, વાણી છે, દેવ-ગુરુ-શાસ્ત્ર, લોકાલોક છે એટલે સ્વપર સામર્થ્ય આત્મામાં પ્રગટ થાય છે એમ નથી. પોતાના સામર્થ્યથી અંદરમાં ત્રિકાળ સામર્થ્ય નામ શક્તિ ધારણ કરનારો છે.

'**(અર્થાત્ જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે...**' પ્રતિબિંબ લીધું છે. '**એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે).**' એવા એક જ્ઞાનના આકારરૂપ છે. સ્વપરપ્રકાશક તો પોતાનો સ્વભાવ પોતાને કારણે, પોતાના માટે પોતામાં છે પણ એક જ્ઞાન આકારરૂપ છે. તેમાં સ્વપરપ્રકાશક અનંત જાણે છે તો અનેકરૂપતા થઈ જાય એમ નથી. એવો આત્મા સમય નામનો પદાર્થ જીવ આવો છે. એ પાંચ વિશેષણ આવ્યા. એ કાલે વિશેષ લીધું હતું પ્રતિબિંબ ને...

'**આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું...**' કેટલાક એમ માને છે કે જ્ઞાન પોતાને જાણે છે અને પરને નથી જાણતું. એ પણ જૂઠું છે. '**એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે...**' એવી પણ માન્યતા છેને. 'ધવલ'માં એમ આવે છેને, જ્ઞાન પરપ્રકાશક છે, દર્શન સ્વપ્રકાશક છે. તો કોઈ એકાંત લઈ લે છે કે આત્માનું જ્ઞાન કેવળજ્ઞાન, એ 'ધવલ'માં આવે છે પહેલાં કે કેવળજ્ઞાન પરપ્રકાશક છે અને કેવળદર્શન સ્વપ્રકાશક છે. એ તો ગુણભેદના કથનથી કહ્યું છે. આત્માનું જ્ઞાન સ્વપરપ્રકાશક જ છે. આત્મા સ્વપરપ્રકાશ છે તો તેનું જ્ઞાન પણ સ્વપરપ્રકાશક છે. પરને દેખે છે અને પોતાને નથી જાણતું એવું જે માને છે તેનું નિરાકરણ કર્યું. '**પોતાને નથી જાણતું પરંતુ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો વ્યવચ્છેદ થયો.**' સમજાય છે? ધવલમાં એમ આવે છે. જોયું છે? કેવળજ્ઞાન નથી જોયું? ગુણભેદ છેને. ગુણભેદ છે. દ્રવ્યસંગ્રહની ટીકામાં એમ આવે છે. બધામાં ગુણભેદથી એમ આવે છે કે દર્શન સ્વપ્રકાશક

છે અને જ્ઞાન પરપ્રકાશક છે. એમ ધવલમાં આવે છે. એ તો ગુણભેદ કથન સિદ્ધ કરવા એમ કહ્યું છે. યથાર્થ તો આત્મા જેવો સ્વપરપ્રકાશક છે એમ દર્શન પણ સ્વપરપ્રકાશક છે અને જ્ઞાન પણ સ્વપરપ્રકાશક છે. અભેદ (છે). કેમકે ગુણગુણી ભેદ નથી, ગુણગુણી તો અભેદ છે. તો જેવો આત્મા સ્વપરપ્રકાશક એવું એનું દર્શન-જ્ઞાન પણ સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. એ નિશ્ચય સિદ્ધ કર્યું છે. ત્યાં વ્યવહારનયનો ગ્રંથ છે (એમાં) ગુણભેદને સિદ્ધ કરે છે. એમાં પણ મોટી તકરાર કરે છે. કહો, સમજાય છે? એવો આત્મા સ્વપરપ્રકાશક સામર્થ્યવાળો જીવ છે. એવું જીવ સમજે તો તેની દૃષ્ટિ અને જ્ઞાન અને રમણતા કરે એનું નામ ધર્મ છે, એનું નામ સ્વસમય છે. ધર્મ કોઈ બહારની ક્રિયાથી આવતો નથી. એ સમજાવે છે.

છઠ્ઠું વિશેષણ, જીવનું છઠ્ઠું વિશેષણ. '**અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ ગુણો—**' અન્ય દ્રવ્યનો ખાસ ગુણ આકાશનું '**અવગાહન...**', ધર્માસ્તિની 'ગતિ...', અધર્માસ્તિમાં '**સ્થિતિ...**', કાળનું '**વર્તનાહેતુપણું અને...**' પુદ્‌ગલનું '**રૂપીપણું—તેમના અભાવને લીધે...**' આત્મામાં એ પાંચ ગુણનો અભાવ છે. લ્યો! આત્મા કેવો છે? કેવો છે ભગવાન જ્ઞાયકસ્વરૂપ? કે પાંચ ગુણને ધરનાર જે દ્રવ્ય છે એનો એમાં અભાવ છે. કર્મનો ગુણ આત્મામાં નથી, ધર્મનો ગુણ આત્મામાં નથી, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનો આત્મામાં ગુણ નથી, આ શરીરનો ગુણ આત્મામાં નથી, વાણીનો ગુણ આત્મામાં નથી, કાળ અને આકાશના ગુણ આત્મામાં નથી.

'**તેમના અભાવને લીધે અને અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્‌ભાવને લીધે...**' અસાધારણ ચૈતન્યસત્તા ચૈતન્યરૂપ. અહીં આત્માનું વિશેષણ લે છેને? જીવ કેવો છે? આત્મા કેવો છે? '**અસાધારણ ચૈતન્યરૂપતા...**' જાણનાર-દેખનાર હું છું એવા '**સ્વભાવના સદ્‌ભાવને લીધે...**' સ્વભાવની હયાતી-મોજૂદગીને કારણે '**આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્‌ગલ—એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે.**' આત્મા ત્રણે કાળે પાંચ દ્રવ્યોથી ભિન્ન છે. કર્મથી ભિન્ન થયો. કર્મથી ભિન્ન છે, દેવથી ભિન્ન છે, ગુરુથી ભિન્ન છે, શાસ્ત્રથી ભિન્ન છે. એક એક પ્રત્યેક પરમાણુથી આત્મા વર્તમાનમાં ભિન્ન છે.

'**આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.**' એ તો એક ભ્રમ થઈ ગયો. કઈ રીતે? જૈનમાં પણ (એમ માને છે કે) કર્મ છે એટલે આત્માને રખડવું પડે છે એ પણ એક ભ્રમ થયો. પરદ્રવ્ય અને સ્વદ્રવ્ય એક થઈ ગયા. ભાઈ! થઈ ગયુંને, જુઓ. એક બ્રહ્મ વસ્તુને જ માનનારનો અર્થ શું? કર્મ છે એટલે આત્માએ રખડવું પડે છે. એ બે દ્રવ્યને એક માની લીધા, એ બ્રહ્મવાદી વેદાંતી થઈ ગયા. જૈનની દૃષ્ટિ એને રહેતી નથી. અને શરીર છે તો આત્માની ઉપાધિ છે આત્માને. શરીર છે, પેટ છે. એમ કહે છેને, કુટુંબ છે એટલે અમને ઉપાધિ છે. એ માનનારે પર અને સ્વને એક માન્યું. એ પણ વેદાંતવાદી, ભ્રમવાદી, મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. એને પણ પરદ્રવ્યથી પૃથક્ આત્મા છે એવી અંદરમાં પ્રતીતિ

કરી નથી. વિશેષ સમજાય છે?

‘**આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.**’ હું, આ કર્મ છું તો હું છું, પર છે તો હું છું, શરીર છે તો હું છું. આકાશ છે તો મારામાં અવગાહન ગુણ છે અને કાળ વર્તનાગુણ છે તો મારામાં વર્તનાગુણ આવે છે. એમાં વર્તનાગુણ છે તો મારામાં વર્તનાગુણ આવે છે. મારી પર્યાયમાં વર્તવું ક્યાંથી થાય છે? કે કાળ છે તો થાય છે. એ પણ બધાને એક માની લીધું. અત્યારે ઘણા પંડિતો કહે છે. જો કાળ દ્રવ્ય ન હોત તો આત્મા ક્યાંથી પરિણમન કરત? તો શું પરિણમન કાળદ્રવ્યને આધીન આત્મા છે? કાળનો વર્તનાહેતુ છે એટલે મારી પર્યાયમાં વર્તના, વર્તના વર્તમાન સમયમાં વર્તી રહ્યો છું. એ આત્મા અને કાળને એક માન્યા. કાળથી હું ભિન્ન છું એવી એને સત્ય દૃષ્ટિ રહી નહિ. સમજાણું કાંઈ?

જુઓ, પાંચ દ્રવ્યોથી ભિન્ન છે. પરમાણુ, આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ એ બધાથી હું ભિન્ન છું અને પર આત્માથી તો ભિન્ન જ છું. પર આત્માથી મારામાં કાંઈ લાભ-અલાભ થશે (એમ નથી). તો તત્ત્વાર્થસૂત્રમાં તો આવે છે કે, જીવ પરસ્પર ઉપગ્રહ. આવે છે કે નહિ? પરસ્પર ઉપગ્રહ. પુદ્‌ગલમાં પણ આવ્યું કે પુદ્‌ગલ જીવિત, મરણ, સુખ-દુઃખ ઉપગ્રહ. આત્માને જીવત-મરણ, સુખ-દુઃખમાં પુદ્‌ગલનો ઉપકાર ઉપગ્રહ-ઉપગ્રહ શબ્દ છે. ઉપકાર કરતો નથી એમ કહે છે. એ તો નિમિત્તનું કથન છે. કોઈને કોઈ ઉપકાર કે ઉપગ્રહ કરતા નથી. તત્ત્વાર્થ સૂત્રમાં ઉપગ્રહ કહ્યું, અહીંયાં કહે છે કે પરથી ભિન્ન છે.

**શ્રોતા :-** બેય બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંયાં તો કહે છે કે નિશ્ચય પરથી ભિન્ન છું અને ભિન્ન હોવા છતાં પર ચીજ બીજી છે એનું જ્ઞાન કરાવવા માટે તત્ત્વાર્થસૂત્રમાં પરસ્પર ઉપગ્રહ કહ્યું છે. કોઈનો કોઈ ઉપર ઉપકાર કદી ત્રણકાળમાં નથી. છે ઉપકાર કોઈનો? ધર્માસ્તિ, અધર્માસ્તિ, ઉપગ્રહ. દુઃખમાં. લ્યો! પુદ્‌ગલનો, પુદ્‌ગલનો પોતાના દુઃખમાં ઉપકાર. અહીંયાં તો કહે છે કે પુદ્‌ગલથી આત્મા ભિન્ન છે. પુદ્‌ગલથી ભિન્ન છે. ભિન્ન છે એમાં ઉપકાર ક્યાં આવ્યો? એ તો પોતાનો આત્મા પરથી ભિન્ન છે તો નિમિત્ત બીજી ચીજની હયાતી મોજૂદગી શું હતી એનું જ્ઞાન કરાવવા માટે ઉપગ્રહ કહ્યું. નહિ કે એનાથી આત્મામાં કાંઈ થાય છે. તો કહે છે કે પાંચ દ્રવ્યોથી હું ભિન્ન છું. એક-એક પ્રત્યેક પરમાણુ ધર્માસ્તિ, અધર્માસ્તિ, કાળ, આકાશથી હું ભિન્ન છું.

‘**આ વિશેષણથી, એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.**’ અથવા આત્મામાં પરદ્રવ્યની પર્યાય છે તો મારામાં કાંઈક થાય છે એવા એક બ્રહ્મને માનનારા મિથ્યાદૃષ્ટિ છે. એનું પણ ખંડન થઈ ગયું. એ છઠ્ઠું વિશેષણ થયું. હવે સાતમું. ‘**અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ...**’ જુઓ, હવે એક ક્ષેત્રમાં લીધું કે ક્ષેત્રમાં

તો ભેગા છે કે નહિ? ભેગાને શું કહે છે? એક સાથે ભેગા હોવા છતાં ભિન્ન છે. '**અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ...**' જુઓ કેવા લીધા? અત્યંત લીધું. જ્યાં આત્મા છે ત્યાં ષટ્ દ્રવ્ય છે. અત્યંત લીધું. '**અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી...**' આત્મા પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી, પોતાનું સ્વરૂપ નહિ છોડવાથી '**ટંકોત્કીર્ણ...**' જેવો છે તેવો '**ચૈતન્યસ્વભાવરૂપ છે.**' એ તો ચૈતન્યસ્વરૂપ જ છે. પોતાના સ્વરૂપથી છૂટીને પરરૂપ કદી થતો નથી. (એક) ક્ષેત્રાવગાહ ભલે હો. કર્મના ક્ષેત્રાવગાહથી ભિન્ન કરી દીધો. ક્ષેત્રાવગાહ લીધુંને સાતમામાં? '**અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ...**' કર્મ છેને? ભલે હોય. એકક્ષેત્રાવગાહ છે તો શું થયું? ક્ષેત્રથી કહ્યું. ઓલામાં ગુણથી કહ્યું હતું. છઠ્ઠા બોલમાં ગુણથી ભિન્ન પાડ્યું હતું. ભાઈ! ગુણથી. અહીંયાં ક્ષેત્રથી ભિન્ન પાડ્યું. એક ક્ષેત્રે છ પદાર્થ હો તોપણ અન્ય દ્રવ્યોની સાથે એકક્ષેત્રાવગાહરૂપ હોવાથી પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી ટંકોત્કીર્ણ-જેવો છે તેવો ચૈતન્યસ્વભાવરૂપ છે. એવો સમય નામનો આત્મા, એ સમય કહો કે આત્મા, આવા આત્માનું ભાન કરવું, શ્રદ્ધા કરવી એ ધર્મ છે. એ પછી લેશે. સમયની સાથે વિશેષ લીધું. '**આવો જીવ...**' લ્યો, સાત વિશેષણ આવી ગયા.

**શ્રોતા** :- સામાન્ય સમય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સામાન્ય સમય અને એક જીવ, જીવદ્રવ્ય. હવે તેની પર્યાય પ્રગટ કરે છે. સ્વસમય સ્વ કહે છે હવે તો. સ્વસમય. એ સમયની વ્યાખ્યા થઈ.

'**આવો જીવ નામનો પદાર્થ સમય છે.**' હવે સ્વસમય લે છે. '**આવો જીવ નામનો પદાર્થ...**' આવો સત્તાસ્વરૂપ. સમજ્યા? પહેલા આવ્યાને બધા? નિત્ય ઉદ્યોત, નિર્મળ દર્શન-જ્ઞાનસ્વરૂપ સમજ્યા? અનંત ધર્મના ધરનાર દ્રવ્યત્વસ્વરૂપ, ઉત્પાદ ક્રમ અને અક્રમ ગુણપર્યાયને અંગીકાર કરનાર અને સ્વપરપ્રકાશક સ્વભાવ ધરનારા અને પરદ્રવ્યના ગુણથી રહિત અને એકક્ષેત્રાવગાહ હોવા છતાં પરથી રહિત પોતાના સ્વરૂપથી કદી છૂટ્યો નથી. એવો જીવ નામનો પદાર્થ છે. સાત તત્ત્વમાં આવા જીવની ઓળખાણ કરવી જોઈએ. ભાઈ! ઓલા સાત તત્ત્વમાં તો પુણ્ય-પાપ જરી સાત લે છે. પણ અહીં તો ઉત્પાદવ્યય સહિત જીવ લઈ લીધો છે. ઉત્પાદવ્યય સહિત લીધો છેને પહેલા? પહેલા ઉત્પાદવ્યયસહિત લીધો છે. આવા સામાન્ય જીવને આ રીતે વર્ણવ્યો. ઓલા સાત તત્ત્વમાં તો ઉત્પાદવ્યય સંવર, આસ્રવ એવો નથી લીધો. સાત તત્ત્વમાં તો એકલો જીવ જ્ઞાયકભાવ, જીવ જ્ઞાયકભાવ. અને અહીંયા તો જીવ નામનો સામાન્ય પદાર્થ લીધો તો ઉત્પાદવ્યય સહિતનો લીધો છે. સમજ્યા? પહેલા સત્તામાં આવ્યું ને? ત્યાંથી લીધું છે. પરથી પૃથક્. પોતાનો ઉત્પાદવ્યય ગુણ અક્રમ, પર્યાય ક્રમવર્તી સહિત એવો જીવ નામનો પદાર્થ લીધો છે. સમજાણું કાંઈ? એ સાત તત્ત્વોમાં એમ નથી. સાત તત્ત્વમાં તો એકલો જીવ જ્ઞાયકભાવ લીધો. પછી સાત તો એની પર્યાય છે. છ. આસ્રવ,

સંવર, નિર્જરા, બંધ, મોક્ષ. અજીવ તો જડ છે.

અહીંયાં એવો જીવ નામનો પદાર્થ... સમજાય છે કાંઈ? આ ગુરુને શિષ્યે પૂછ્યું હતું. ગુરુએ કહ્યું કુંદકુંદાચાર્યે કે હું સમય પ્રાભૃત કહીશ. શિષ્યે કહ્યું પ્રભુ! આ સમય કોણ છે? તો કહે છે કે આ સાત વિશેષણવાળો આત્મા એ સમય છે. જ્યારે આ જીવ, હવે એવો જે જીવ '**સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ...**' હવે શું લે છે? જુઓ! હવે મોક્ષમાર્ગ લે છે. હવે સમયનું તો આવું વર્ણન કર્યું. હવે મોક્ષમાર્ગ ક્યારે અને કેવી રીતે પ્રગટ થાય છે? કે '**જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને...**' પહેલા કેવળજ્ઞાનની વ્યાખ્યા લીધી. એવો જીવ સાત વિશેષણ સહિત જે લીધો, '**જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી...**' શું કહે છે? સમય તો આવો લીધો, પણ જીવ નામનો પદાર્થ સર્વ પદાર્થના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવું પોતાનું કેવળજ્ઞાન, એ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી '**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' એક ભેદજ્ઞાનજ્યોતિમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાવી દીધા. સમાસ થઈ ગયો.

કેવળજ્ઞાનનું કારણ કોણ? જીવ તો આવો લીધો સમય સાત વિશેષણવાળો. પણ જ્યારે આ જીવ '**જ્યારે આ (જીવ),...**' પાછું કોઈ કર્મ એવું થઈ ગયું કે કાળલબ્ધિ આવી જાય, કોઈ કર્મસ્થિતિ મટી જાય એમ નથી લીધું. '**જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને...**' એ તો મોક્ષની પર્યાય લીધી. '**ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' જુઓ, શું કહ્યું? કે કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ. કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર કોઈ સંહનન, શરીર, મનુષ્યદેહ, ચોથો કાળ અને વ્યવહારરત્નત્રય એ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ નથી.

**શ્રોતા** :- ઘાતિ કર્મનો અભાવ થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પણ નહિ. ઘાતિયા કર્મનો અભાવ તો નહિ પણ પોતામાં વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો એ પણ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ નથી.

'**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' જડથી ભેદ, રાગથી ભેદ, પરથી ભેદ. જુઓ! મોક્ષનો માર્ગ બતાવે છે. સમજ્યા? શેઠ! સમજાય છે? થોડી સૂક્ષ્મ વાત છે. જુઓ શું કહ્યું? પહેલા સમયની સામાન્ય વ્યાખ્યા કરી (કે) એવો જીવ છું. એવો જીવ જ્યારે બધા પદાર્થનો સ્વભાવ, સ્વભાવને પ્રકાશનારી જે કેવળજ્ઞાનજ્યોતિ એને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ. હું શરીર નહિ, કર્મ નહિ, એ પોતાની પર્યાયમાં પુણ્ય-પાપનો વિકલ્પ નથી એ પણ નથી લીધું, અહીં તો પરથી ભિન્ન કેવળજ્ઞાનને પ્રગટ કરનારી ભેદજ્ઞાનજ્યોતિ એ જ પોતે કેવળજ્ઞાનનું કારણ છે, બીજું કોઈ કેવળજ્ઞાનનું કારણ નથી. અનાદિ અજ્ઞાનીએ માની રાખ્યું છે કે શરીરથી અનુકૂળતા થશે, રાગથી અનુકૂળતા થશે, સંહનન વજ્રકાય હોય તો કેવળજ્ઞાન થશે. અહીં તો

કોઈ શબ્દ જ નથી લીધો કે વજ્રકાય હશે તો કેવળજ્ઞાન થશે, શરીર મજબુત હશે તો કેવળજ્ઞાન થશે, મનુષ્યદેહ હોય તો કેવળજ્ઞાન થશે, ચોથો કાળ હોય તો કેવળજ્ઞાન થશે અને વ્યવહારરત્નત્રય હોય તો કેવળજ્ઞાન થશે એમ નથી. એ સર્વથી ભેદજ્ઞાનજ્યોતિનો. એમ લીધું છે. જુઓ, આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર.

'**કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી...**' કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી એમ કહો કે અરિહંતપદને ઉત્પન્ન કરનારી, એમ કહો કે દ્રવ્યમોક્ષ, પહેલા ભાવમોક્ષ થાય છેને ભાવમોક્ષ, પછી દ્રવ્યમોક્ષ થાય છે, ભાવમોક્ષને ઉત્પન્ન કરનારી. કોણ ઉત્પન્ન કરનારી? ભેદજ્ઞાનજ્યોતિ. ભાવમોક્ષ જેને પ્રાપ્ત કરવો હોય તો તેનું કારણ '**ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી,...**' પાછું ઉદય નામ પ્રગટ્યું, પ્રગટ થયું. ભેદજ્ઞાન અનાદિથી નહોતું. ભેદજ્ઞાન અનાદિથી નહોતું. અનાદિથી તો રાગ, નિમિત્ત, શરીર, વાણી હું, એ બધું છે તો મારામાં ઠીક થશે, એમ પરની સાથે અભેદ હતો. પરની સાથે અભેદનો ઉદય હતો. પરની સાથે અભેદ. તો પરની સાથે ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી '**સર્વ પરદ્રવ્યોથી છૂટી...**' લ્યો! આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. મોક્ષનો માર્ગ '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' ઈ આવ્યું કે નહિ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. વ્યવહાર-વ્યવહાર કંઈ ન આવ્યું. એ ભેદજ્ઞાનજ્યોતિ નિશ્ચય આવ્યો. નિશ્ચય '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**'.

જુઓ, કહે છે કે આત્મા તો એવો લીધો કે સત્તા છે. '**उत्पादव्ययध्रुवयुक्तं**' સત્તા છે, પોતાનો સ્વભાવ છે અને એમાં નિત્ય ચૈતન્યસ્વરૂપતા જેનો સ્પષ્ટ પ્રગટ ગુણ છે. એ સાત વિશેષણ આવ્યાને? અને અનંત ધર્મને ધરનાર હું દ્રવ્ય છું. અને ગુણ અને પર્યાય મેં મારા કારણે અંગીકાર કર્યા છે, પરને કારણે પર્યાય નથી. અને સ્વપરપ્રકાશક મારું સામર્થ્ય પણ એકરૂપ છે. અને પરદ્રવ્યના ગુણરહિત અને એકક્ષેત્રાવગાહ હોવા છતાં સ્વરૂપથી નહિ છૂટેલો હું તો મારા સ્વરૂપમાં (છું). ગમે તે ક્ષેત્રમાં હોઉં હું તો મારા સ્વરૂપમાં છું. એવો જીવ ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી. લ્યો કર્મનો ઉદય થવાથી તો (આવતું હતું), પણ ભેદજ્ઞાનનો ઉદય થવાથી? અહીંયા ઉદય લેવો છે. ઉદયનો અર્થ પ્રગટ થવાથી. જેમ કર્મનો ઉદય એવો ભેદજ્ઞાનનો પણ ઉદય. ઉત્પન્ન થવું. જેમ અનાદિકાળથી પરદ્રવ્ય સંયોગી દ્રવ્ય પર, ક્ષેત્ર પર, પર કાળ, પર ભાવ અને પર રાગની એકત્વબુદ્ધિ છે એ અભેદબુદ્ધિ મિથ્યાત્વબુદ્ધિ છે. તેનાથી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થયો. એટલે પરની બુદ્ધિનો વ્યય થયો અને પરથી ભેદજ્ઞાનબુદ્ધિ ઉત્પન્ન થઈ. સમજાણું કાંઈ?

જે આત્મા લીધો અને ઉદય નામ ઉત્પાદ લીધો અને પૂર્વની એકત્વબુદ્ધિનો વ્યય, એ ત્રણે લઈ લીધા. સમય તો એવો ધ્રુવ લીધો. સમય ઉત્પાદવ્યયધ્રુવસહિત એમ લીધો. પણ એમાં જ્યાં દૃષ્ટિ એકાકાર કરી પરથી ભેદ પાડીને, પરથી ભેદ થયો તો પરથી એકત્વબુદ્ધિનો વ્યય થયો. પરથી ભેદ કરીને સ્વમાં એકત્વ થયો તો ભેદજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ. સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્રની પર્યાય ઉત્પન્ન થવાથી **'સર્વ પરદ્રવ્યોથી છૂટી...'** **'ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થવાથી,...'** સર્વ પરદ્રવ્યોથી છૂટીને. અહીંયા હજી તો પહેલા મોક્ષમાર્ગ બતાવે છે હોં! કેવળજ્ઞાનની વાત નથી કરતા હજી. હજી તો કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિની વાત ચાલે છે. પાછું કોઈ કહે કે એ તો પરદ્રવ્યથી છૂટીને એ કેવળજ્ઞાનની વાત હશે?

અહીં તો કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થવાથી સર્વ પરદ્રવ્યોથી છૂટી. સર્વ પરદ્રવ્ય. શરીર, વાણી, મન અને પોતાની પર્યાયમાં રાગાદિ, પુણ્યાદિ (ભાવ થાય એ) સર્વ પરદ્રવ્યથી છૂટીને દર્શન-જ્ઞાન-સ્વભાવમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ. જુઓ, ભેદજ્ઞાનજ્યોતિ સામાન્ય લીધી હતી એ સામાન્યનું વિશેષ પ્રગટ કર્યું. ભેદજ્ઞાનમાં શું પ્રગટ થયું હતું? કે **'દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ સાથે...'** જુઓ, કેવું છે આત્મતત્ત્વ? જુઓ, હવે ઈ તત્ત્વ લીધું. કેવું તત્ત્વ છે? કે પરદ્રવ્યોથી ભિન્ન ભેદજ્ઞાન અને પોતાના **'દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વ...'** એનું નામ આત્મતત્ત્વ. આત્મામાં દર્શન, જ્ઞાન એવો સ્વભાવ છે તેમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ ચારિત્ર. ભાઈ! ત્રણ બોલ લીધા. સમજાય છે કાંઈ?

જુઓ, આ ભેદજ્ઞાન **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'**ની વાત ચાલે છે. પહેલા આચાર્યે ભેદજ્ઞાન કહ્યું. કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી સર્વ પદાર્થના સ્વભાવને પ્રકાશ કરનારી એવી (કેવળજ્ઞાનજ્યોતિને) ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ. તો એનો અર્થ શું? કે **'સર્વ પરદ્રવ્યોથી છૂટી...'** વ્યય થઈને. પરના નિમિત્તનું લક્ષ છોડીને પોતાનો દર્શનજ્ઞાનસ્વભાવ, દૃષ્ટા અને જ્ઞાતા એવો સ્વભાવ એમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ, નિશ્ચિત પ્રવૃત્તિરૂપ. લ્યો, ચારિત્રને પ્રવૃત્તિ લીધી. આમ સ્થિરતા થઈને અહીંયાં. આમ (પરમાં સ્થિરતા) નહિ. પુણ્ય-પાપના રાગથી છૂટીને પોતાના સ્વભાવમાં નિશ્ચિત, નિશ્ચિત, નિશ્ચિત પ્રવૃત્તિરૂપ આત્મતત્ત્વ. એનું નામ આત્મતત્ત્વ કહ્યું. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ આત્માનું તત્ત્વ છે, એ આત્માનો સ્વભાવ છે. તત્ત્વની સાથે એકત્વરૂપમાં લીન થઈને પ્રવૃત્તિ કરે છે. લ્યો! આ મોક્ષમાર્ગ.

પહેલા સમ્યગ્દર્શન થયું, ભેદજ્ઞાન થયું એની વિધિ. પરદ્રવ્યથી છૂટી પોતાના દર્શન-જ્ઞાન સ્વભાવમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ થઈને એક આત્મતત્ત્વની સાથે, આત્માના સ્વભાવની સાથે એકત્વરૂપમાં લીન થઈને પ્રવૃત્તિ કરે છે. એકત્વરૂપ થઈને લીન એકાગ્ર થઈને પ્રવૃત્તિ નામ પરિણતિ કરે છે. પ્ર-વૃત્તિ નામ પ્ર નામ વિશેષ, વૃત્તિ નામ પરિણતિ અવસ્થા કરે છે. જ્યારે તે થાય છે ત્યારે. પહેલા 'જ્યારે' શબ્દ આવ્યો હતોને? જ્યારે આ જીવ આમ કરે છે 'ત્યારે...' પછી 'ત્યારે' લીધું. **'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી...'** લ્યો! દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સ્થિત હોવાથી. એ તો શબ્દ લીધા, હોં! એ ત્રણ છે એ તો સ્થિતિ છે. વળી દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ત્રીજું અને એમાં સ્થિત છે (એમ નથી). એ દર્શન-જ્ઞાન-ચારિત્ર જ્યાં પ્રગટ થયા એમાં સ્થિત હોવાથી, પોતાના

સ્વરૂપને 'એકત્વરૂપે જાણતો...' પોતાના સ્વરૂપમાં.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લીનતા. સ્વરૂચારણ એ જ ચારિત્ર છેને. અકષાય પરિણતિ. પહેલા કહ્યું, અકષાય પરિણતિ. એ ચારિત્ર અકષાય પરિણતિ લીધીને.

**'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક... '** પોતાના સ્વરૂપમાં એકત્વ દર્શન-જ્ઞાન-ચારિત્ર એક થઈ ગયા, એક થઈ ગયા. શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા સ્વરૂપમાં એકત્વ થયા, એવા એકત્વરૂપથી **'એકત્વપૂર્વક જાણતો...'** ઓહો..! લ્યો! કોની વાત ચાલે છે? છદ્મસ્થની કે કેવળીની? ભાઈ! એક જ સમયમાં જાણતો. એક જ સમયમાં એનું સામર્થ્ય પ્રગટ્યું. ઉપયોગમાં ભલે વાર લાગે પણ સમયમાં તો શક્તિથી કામ તો આવું જ કરે છે. એક જ સમયમાં ભેદજ્ઞાનજ્યોતિની વાત ચાલે છે. અહીંયાં કોઈ કેવળજ્ઞાનની (વાત નથી ચાલતી). કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ. એ સમ્યગ્દર્શન-જ્ઞાન પરથી છૂટીને પોતામાં પ્રવૃત્તિ થઈ, એક જ સમયમાં. કેમકે એનો એક સમયમાં સ્વપરપ્રકાશક જાણવાનો સ્વતઃ વિકાસ થઈ ગયો. એક જ સમયમાં જાણતો તથા પરિણમતો થકો. જાણતો અને પરિણમન નામ અવસ્થાનરૂપ થઈને અવસ્થા કરતો થકો તે સ્વસમય છે, એ સ્વધર્મ છે, એ મોક્ષનો માર્ગ છે, એ બંધનો નાશ કરનારો માર્ગ છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત ભાઈ! બીજા કહેતા હતા, બપોરે આવશું. વ્યાખ્યાન ટાઈમસર હોય તો આડાઅવળા આવે તો પછી વયું જાય. કહેતા હતા, સવારે વ્યાખ્યાન મળ્યું નહિ, બપોરે આવશું. અહીં તો ટાણે ભાઈ ટાણે માલ મળે એવો છે. સમજાય છે કાંઈ?

એક જ સમયમાં જાણતો અને પરિણમતો સ્વસમય છે. કોઈ પ્રશ્ન ઉઠાવે, એમાં દોષ ઉઠાવે કે શું આત્મા અલ્પજ્ઞ છે? અને પરદ્રવ્યથી છૂટીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ તો દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થયો તો એક જ સમયમાં જાણે છે એવો એનો ઉપયોગ થઈ ગયો? આવી શંકા શું કરે છે? એ તો પર્યાયમાં તાકાત ખીલી છે જે સમય સમયમાં સ્વપરપ્રકાશક સ્વભાવના અવલંબને જે જ્ઞાન થયું એ આવું જ કામ કરે છે. ...ભાઈ! સમજાય છે કાંઈ? જાણતો. તો પછી એક જ સમયમાં રાગને, રાગને પણ એક જ સમયમાં વેદે છે કે નહિ? કે રાગનું વેદવું પણ અસંખ્ય સમય થઈ જાય છે? ભાઈ! એ તો એના ખ્યાલમાં અસંખ્ય સમયે આવે છે, પણ રાગનું વેદન એ પણ એક જ સમયમાં આવે છે. બીજે સમયે બીજું. કેમકે એક સમયમાં જાણે છે કે જે પ્રકારનો રાગ આવ્યો, એ રાગ આવ્યો એને નથી જાણતો, જાણવાની સ્વશક્તિમાં પોતાને જાણતો (પરને પ્રકાશે છે). એ તો કહ્યું, સ્વપર અવભાસન સામર્થ્ય એકરૂપતા. રાગ આવ્યો એને જાણે છે એટલે બે રૂપતા થઈ એમ નથી. શું કહ્યું સમજાણું?

આત્મા, કેવળજ્ઞાન ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ (પ્રગટ થતાં) પરથી છૂટીને પોતાના

દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવમાં સ્થિત થવાથી એકત્વરૂપતા જે થઈ તો એક જ સમયમાં જાણે છે. તો જાણવામાં સ્વપર અવભાસનનો પ્રતિભાસનો સ્વભાવ એક સમયમાં પ્રગટ થયો છે. રાગ હો, પુણ્ય હો, વિકાર હો, નિમિત્ત આવે તો એના તરફ 'એ છે' એમ જાણવા જાય તો અસંખ્ય સમય લાગી જાય છે, ઉપયોગ મૂકે તો. પણ સામર્થ્યની પર્યાય એટલી ખીલી છે (કે) એક જ સમયમાં જાણતો. શબ્દ તો આવો લીધો છે. વર્તમાનમાં કેટલાક પંડિતો તકરાર કરે છે. નહિ. રાગને એક સમયમાં જ્ઞાની જાણી ન શકે. એ તો ઉપયોગનું કાર્ય વિશેષ ખ્યાલ આવવામાં અસંખ્ય સમય લાગે. બાકી એક એક સમયમાં આવું કાર્ય થાય છે. વિરજીભાઈ! ભારે કામ ભાઈ! તો એક સમયની પર્યાયને જાણવાનો વ્યય થાય છે અને બીજો ઉત્પાદ, બીજાનો વ્યય અને ત્રીજાનો ઉત્પાદ (થાય છે). તો અસંખ્ય સમય સુધી, બધા અસંખ્ય સમયના જ્ઞાનનો ઉત્પાદનો સમૂહ ભેગો થાય છે એમ કદી બનતું નથી. સમજ્યા?

હમણા ચર્ચામાં બધું આવ્યું હતું કે રાગ તો અસંખ્ય સમયમાં આવે છે. અનુભાવ્યમાન રાગ તો અસંખ્ય સમયમાં વેદવામાં આવે છે. અહીં તો કહે છે કે એક સમયમાં રાગ જણાય જાય એમ કહેવું એમ કહેવું પણ વ્યવહાર છે. પોતાના આત્મામાં એક જ સમયમાં જાણતો. કોને? સ્વપરપ્રકાશકને, સ્વપર સામર્થ્યને, સ્વપર સામર્થ્યની એકરૂપતાને. રાગ-દ્વેષ આવે છે સમકિતી જ્ઞાનીને બાધકભાવ તો આવે છે, તો એને જાણવાથી આત્માની પર્યાયમાં દ્વિરૂપતા થઈ જાય છે એમ નથી. તેમ એને જાણવામાં અસંખ્ય સમયનો ઉપયોગ લાગે છે તો સમયે સમયે જે કાર્ય થાય છે તે નથી થતું એમ નથી. અસંખ્ય સમયમાં કાર્ય થાય છે એમ નથી. સમજાણું કાંઈ?

'**ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક...**' જુઓ, દર્શન-જ્ઞાન-ચારિત્ર એક કહી દીધું, ભેદ ન રહ્યો. '**એકત્વપૂર્વક જાણતો...**' દર્શન-જ્ઞાન-ચારિત્ર અને અનંત દ્રવ્ય-ગુણ અને રાગાદિ બધાને એક જ સમયમાં જાણતો '**તથા સ્વ-રૂપ એકત્વપૂર્વક પરિણમતો...**' સમય સમયમાં અવસ્થા (થાય છે). અહીં સમય લીધો છેને? અય ગતો ધાતુ. ગમન કરવું અને જ્ઞાન કરવું. પરિણમે છે અને જ્ઞાન કરે છે એવો સ્વસમય. પોતાના આત્માની સન્મુખ થઈને પરદ્રવ્યથી ભિન્ન થઈને પોતાના જ્ઞાનથી એક સમયમાં જાણે છે અને પરિણમવું એનો સ્વભાવ છે તો પરિણમન કરે છે. તે સ્વસમય છે. તેને સ્વસમય કહે છે. સ્વસમય કહો કે ધર્મ કહો કે મુક્તિનો માર્ગ કહો.

આમાં તો એવું કાંઈ ન આવ્યું કે આવી દયા પાળવી, આવા વ્રત પાળવા ને તપ કરવા. તપસા નિર્જરા આવે છે કે નહિ? તત્ત્વાર્થસૂત્રમાં નથી આવતું? તપસા નિર્જરા. કર્મવિપાકો અનુભવ. વિપાક અનુભવ થયો અને પછી તપસા નિર્જરા, પછી નિર્જરા થઈ જડની. હવે એ તો એને કારણે થાય છે, તને શું છે? એ આવે છે ને વિપાકો અનુભવ તતસ્ય નિર્જરા અને ઓલી તપસાત નિર્જરા એ સંવર અધિકારમાં આવે છે. ગુપ્તિ. સંવર ગુપ્તિને ભાઈ લીધા

છેને, એ સંવરમાં લીધા છે. સંવરમાં લીધા છે. એક ગુપ્તિ આસ્રવમાં પણ લીધી છે તત્ત્વાર્થસૂત્રમાં. એ અહિંસા વ્રતની પંચ ભાવના આવે છેને? તો મનોવચન ગુપ્તિ ભાવના એ પણ આસ્રવમાં છે. એ વિકલ્પ ભાવના વ્રતની, વ્રતનો અતિચાર ટાળવો એ પણ બધો વિકલ્પ છે. અહીંયાં કહે છે કે એ બધું અહીંયા છોડી દીધું. એક આત્માના સ્વભાવ તરફ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થયો થકો એક જ સમયે જાણતો અને પરિણમતો થકો સ્વસમય છે. '**એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' આમ સ્વસમયને પ્રતીત કરવામાં આવે છે. એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. લ્યો! છે?

શ્રોતા :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સમયમાં એમ નહિ. એમ નહિ. એકત્વરૂપથી એમ. પોતાના સ્વરૂપે એકત્વપૂર્વક એક સમયમાં જાણતો-પરિણમતો થકો સ્વસમય છે. બસ એટલું, એટલું. એકત્વપૂર્વક સ્વસમય છે. ત્રણ ગુણના ભેદરૂપે સ્વસમય છે એમ નહિ. એમ કહે છે. દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદસ્વરૂપે સ્વસમય છે એમ નહિ. દર્શન-જ્ઞાન-ચારિત્રના એકરૂપે સ્વસમય છે એમ બતાવ્યું. મોક્ષમાર્ગ કાંઈ ત્રણ નથી. દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ત્રણ મોક્ષમાર્ગ નથી. એ તો ત્રણ પ્રકાર કહ્યા છે. મોક્ષમાર્ગ તો એક જ છે, ઈ એક કહે છે. ત્રણ છે એ એકત્વ નથી. ત્રણમાં એકત્વ આવે છે એ મોક્ષમાર્ગ છે.

'**એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે સ્વસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' સમજાણું કાંઈ? શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે ભગવંત! અમારો આત્મા શું છે? અને એ આત્મામાં અમને ધર્મ ક્યા પ્રકારે થાય છે? તો કુંદકુંદાચાર્યે કહ્યું કે તારો આત્મા તો આવા સાત પ્રકારના સ્વભાવવાળો છે. એવા આત્મામાં પરથી ભેદ પાડીને કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ ઉત્પન્ન કરવાથી દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એકપણે સ્થિત થયો તેને સ્વસમય કહેવામાં આવે છે. '**એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' જુઓ, શબ્દ પણ લીધો સમ્યગ્દર્શનનો. વીસમાં એ છેને. સમ્યગ્દર્શનનું મૂળ લક્ષણ પ્રતીત છે, પ્રતીત છે મૂળ લક્ષણ. સમજાણું કાંઈ?

'**પણ જ્યારે...**' એ સમ્યગ્જ્ઞાન લીધું. એ સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સ્વસમય લીધો. બે પદનો અર્થ થયો. બે પદ આવ્યાને? '**जीवो**' એના સાત વિશેષણ આવી ગયા. '**चरितृदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' એટલો અર્થ થયો. એટલાની ટીકા થઈ. હવે '**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।**' હવે બે પદનો અર્થ થાય છે. '**પણ જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ જેવો જે મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી,...**' હવે શું કહ્યું? પહેલા સમય લીધો હતો આત્મા. એનું પરથી ભેદજ્ઞાન કરીને પોતાના સ્વભાવના અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા હતા. તો હવે '**જ્યારે તે, અનાદિ અવિદ્યારૂપી જે કેળ...**' મિથ્યા અજ્ઞાનીરૂપી કેળ.

કેળ હોય છેને કેળ, કેળ નહિ? કેળ-કેળ. કેળ. કેળાની કેળ. **'અવિદ્યારૂપી જે કેળ તેના મૂળની ગાંઠ...'** ગાંઠ. એમાંથી ઘણા નીકળે છેને. શું કહે છે? વચ્ચે નીકળે. કેળની ગાંઠમાંથી ઘણાં નીકળે. એવી **'ગાંઠ જેવો જે મોહ...'** મિથ્યાત્વદર્શન જડ કર્મ એ અવિદ્યાના અજ્ઞાનના નિમિત્તે જે મોહની ગાંઠ બંધાણી. ગાંઠ-ગાંઠ. એ જડ મોહ, જડ મોહ. દર્શનમોહ કર્મ પરમાણુ જે મોહ તેના ઉદય અનુસાર. આમ સમય અનુસાર જે ભેદજ્ઞાન કર્યું એ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા. અહીં પુદ્‌ગલકર્મ પ્રદેશમાં સ્થિત લીધુંને? તો પુદ્‌ગલ જે જડ, દર્શનમોહ જડ કર્મ, જડ કર્મ છે એનો વિપાક થાય છે એના ઉદય અનુસાર. એના ઉદય અનુસાર. લ્યો! શબ્દ તો ભાઈ આવ્યો આ. ઉદય અનુસાર. એનો અર્થ એ કે એના ઉદય અનુસાર સિદ્ધ શું કરવું છે? કે આત્માનું જે સમય વિશેષણ કહ્યું એનાથી ભેદજ્ઞાન ઉદય થયું એ નહિ. સ્વને અનુસાર નહિ, પણ પરના ઉદય અનુસાર.

ઉદય અનુસારનો એવો અર્થ નથી કે જેવો કર્મનો વિપાક આવે એ પ્રમાણે આત્મા અનુસરે છે. એમ તો અર્થ છે જ નહિ. વાત તો એમ લેવી છે કે આત્મા સમય જે છે એને અનુસાર પરથી ભેદજ્ઞાન કરે છે એ તો મોક્ષમાર્ગ છે પણ એને અનુસાર છોડીને, જે એક સ્વને અનુસરવું છોડ્યું તો જડ કર્મને અનુસાર વર્તે છે એ વાત લેવી છે. જડ કર્મને અનુસાર વર્તે છે, પણ કર્મ વિપાક આવ્યો એટલા પ્રમાણે વર્તે છે એ વાત અહીંયા સિદ્ધ નથી કરવી. સમજાણું કાંઈ? એ કહે છે કે ભાઈ, જેટલા કર્મ વિપાક ઉદયમાં આવે એટલું આત્માને અનુસરવું પડે. એ તો પહેલા કહ્યું કે જડથી તારો આત્મા ભિન્ન છે. સમય તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ તો સાત વિશેષણ લીધાને? પહેલા ઉત્પાદવ્યયધ્રુવ સત્તા અનુભૂતિ એ તારી અનુભૂતિ તારાથી છે. અનુભૂતિ શું? હોવું. ઉત્પાદવ્યયધ્રુવનું હોવું એ તારાથી તારામાં છે, એ પરથી નથી. પહેલું વિશેષણ આપ્યું હતુંને ભાઈ! સત્તાનું પહેલું વિશેષણ. ઉત્પાદવ્યયધ્રુવ અનુભૂતિ. અનુભૂતિ નામ હોવું. ઉત્પાદવ્યયધ્રુવનું થવું. ઉત્પાદવ્યયધ્રુવનું થવું એ તો તારું તારાથી છે. પણ સ્વભાવ અનુસાર ભેદજ્ઞાન ન કર્યું તો મોહની ગાંઠ જડ પડી છે જડ ગાંઠ અનાદિથી, તેના ઉદય અનુસાર. જેવો (જડ કર્મનો ઉદય) પ્રગટ થયો તેને અનુસાર તે તરફ (પરિણમ્યો) એ પર્યાયબુદ્ધિ થઈ ગઈ. સ્વભાવબુદ્ધિ નહિ થઈને જડ કર્મના ઉદય અનુસાર પર્યાયબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ (થઈ), એ નિમિત્તબુદ્ધિ થઈ ગઈ શેઠ! આ નિમિત્તના ઝઘડા કરે છેને જગત? આવું નિમિત્ત હોય તો આમ થાય, એ બધું મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્તને અનુસાર, મિથ્યાત્વ પ્રકૃતિને અનુસાર. બસ એ નિમિત્ત. દર્શનમોહ નિમિત્ત છે. નિમિત્તના ઉદય અનુસાર. એ અનુસરનારો આત્મા છે. નિમિત્ત કાંઈ કરાવતું નથી.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એને કહે છે. એ તો નિમિત્તની વ્યાખ્યા હોય તો. અહીં તો ઉદય અનુસાર પોતાનું પ્રવર્તવું છે. નિમિત્તને અનુરૂપ અહીં છે. અનુસાર શબ્દે જેવું નિમિત્ત

છે એને અનુરૂપ આ (આત્મા) પરિણમે છે. અહીં અનુકૂળ નહિ, અનુકૂળ તો નિમિત્ત છે. ઉદય એ નિમિત્ત. અનુસાર, અનુસાર એ અનુરૂપ થયો. નિમિત્ત અનુકૂળ એને અનુરૂપ થયો. નિમિત્તના પ્રમાણમાં નહિ. પણ ઉદય અનુસાર નિમિત્તને અનુસર્યો એનું નામ અનુસર્યો. સ્વભાવને અનુસર્યો નહિ. હું જ્ઞાયક છું, ચૈતન્યમૂર્તિ છું, સ્વપરપ્રકાશક મારું સામર્થ્ય છે. હું પરદ્રવ્યના ગુણથી ભિન્ન એક ક્ષેત્રાવગાહી હોવાથી પણ ચૈતન્યરૂપે અભિન્ન છું. ચૈતન્યરૂપથી કદી છૂટ્યો નથી. એવી સ્વ અનુસાર પ્રવૃત્તિ ન કરી તો કર્મનો ઉદય આવ્યો એ ઉદય તો નિમિત્ત થયું, નિમિત્ત અનુકૂળ થયું. ઉદય અનુસાર. અનુસાર કર્યું તો એ અનુરૂપ થયું. નિમિત્તને અનુરૂપ પરિણતિ કરી એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? માન્યતા એવી થઈ ગઈ અજ્ઞાનીની. જેવો કર્મનો ઉદય આવે છે, જેવો કર્મનો ઉદય આવે એ પ્રમાણે ભાઈ અમારે રાગ કરવો પડે છે, દ્વેષ કરવો પડે છે. મિથ્યાદૃષ્ટિ કર્મને ઉદય અનુસાર તારી યોગ્યતાથી તું પરિણમે છે.

મોહ જડ. બે લીધા. એક બાજુ સમય સાત વિશેષણવાળો અને એક બાજુ અવિદ્યાની પુષ્ટિ કરીને જે દર્શનમોહ (કર્મ) બાંધ્યું હતું જડ-જડ. પરદ્રવ્ય લીધું ભાઈ! '**पोग्गलकम्मपदेसट्ठिदं**' '**पोग्गलकम्मपदेस**'. એ તો આત્મા સમય સાત વિશેષણવાળો. પરથી છૂટીને સ્વભાવમાં દર્શન-જ્ઞાનની પ્રવૃત્તિ કરે તે સ્વસમય છે. અને અજ્ઞાન અવિદ્યાની પુષ્ટિથી જે જડ કર્મ બંધાણું છે જડ, એ જડના વિપાકના ઉદય અનુસાર પ્રવૃત્તિની આધીનતાથી. સમજાણું કાંઈ? ભારે સૂક્ષ્મ વાત ભાઈ! વ્યવહારની વાત હોય તો તેને રુચી છે તો ઝટ રુચી જાય.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ માને છે. માને છેને એમ.

અહીં તો કહે છે કે અવિદ્યારૂપી અનાદિ કેળ જે છે એની મૂળની ગાંઠ જેવો મિથ્યાત્વ મોહ જડ દર્શનકર્મ એને ઉદય અનુસાર. શક્તિ તો પડી છે આમ સ્વભાવ. આમ શક્તિ પડી છે દર્શનમોહ. એકકોર દર્શનમોહ શક્તિ પડી છે, એકકોર સ્વભાવ ચૈતન્યશક્તિ પડી છે. તો ચૈતન્યશક્તિના અવલંબને શ્રદ્ધા-જ્ઞાન કરવું છોડી દીધું અને જડ કર્મના ઉદય અનુસાર '**पोग्गलकम्मपदेसट्ठिदं च**' સમજ્યા? '**પ્રવૃત્તિના આધીનપણાથી,...**' લ્યો મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એમાં ત્રણે લઈ લીધા. પ્રવૃત્તિ, ઉદય અનુસાર પ્રવૃત્તિ. રુચિ પણ નિમિત્ત ઉપર ગઈ, જ્ઞાન પણ નિમિત્ત ઉપર લક્ષ ગયું અને પ્રવર્તનમાં રાગ પણ ત્યાં રોકાઈ ગયો.

'**પ્રવૃત્તિની આધીનપણાથી, દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી...**' લ્યો! આવ્યું. '**દર્શનજ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી...**' તો શું પહેલા પર્યાય પ્રગટ કરી હતી? છૂટી નામ પહેલા પ્રગટ કરી હતી અને પછી છૂટી એમ છે? આત્મતત્ત્વના સ્વભાવદર્શન-જ્ઞાન-ચારિત્રમાં અંતર સ્થિર થવું એ સ્વભાવ છે. એવું અનાદિથી નહિ માનીને, રાગ અને પુણ્ય અને નિમિત્ત અને સંયોગ અને શરીર, અનુકૂળતા

એમ. '**નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન...**' લ્યો! પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન. એ તો પહેલા અનુસાર પોતાનો પુરુષાર્થ ઊંધો કેવો છે એ બતાવ્યું, પહેલા ઉદય અનુસારમાં.

પછી કહ્યું કે શું ઉત્પન્ન થયું? કે પરદ્રવ્ય કર્મ જડ એના નિમિત્તથી ઉત્પન્ન. નિમિત્તથી ઉત્પન્ન એટલે નૈમિત્તિક પોતાની પર્યાય કરનારો. '**મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે વર્તે છે...**' બેમાં વળી એકતારૂપ પાછી. ઓલામાં પણ એકતારૂપ. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં એકતારૂપ અને અહીંયાં પરમાં એકતારૂપ. એ પણ એકતા. અભેદ થઈ ગયો અભેદ. વિકારી હું, પુણ્ય હું, રાગી હું, દયા મેં કરી, હિંસા મેં કરી, પરની શરીરની ક્રિયા મેં કરી. અને શરીર અને કર્મ પરપદાર્થ છે એમાં હું નિમિત્ત થયો તો તેમાં પ્રવૃત્તિ થઈ. એ આધી દૃષ્ટિ પર તરફ વળી ગઈ. પરની ક્રિયા, પરની દયા. હું છું તો પરની દયા થઈ, હું છું તો પરની હિંસા થઈ. લક્ષ્મી આવે છે, જાય છે મારી વ્યવસ્થાથી અને આમ ભાષા બોલાય છે (તે હું બોલું છું), એવો જે પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહ નામ મિથ્યાત્વભાવ. પેલામાં પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર લીધા હતા, આમાં પણ ત્રણ લીધા. મોહ, રાગ અને દ્વેષ આદિ. પછી વિષયકષાય.

'**ભાવો સાથે એકત્વગતપણે...**' અહીં તો બે જ વાત લીધી છે. વચ્ચેની વાત નથી લીધી. જ્ઞાનીને જરી રાગ આવે છે (એ નહિ). કાં સ્વસમયના અનુસારે કામ કરે છે, સમયને અનુસારે (કાર્ય કરે તે) સ્વસમય. અને જડ અનુસાર (પ્રવર્તે તે) પરસમય. સમય આત્મા એને અનુસાર (પરિણમે તે) સ્વસમય અને જડ મોહકર્મ એને અનુસાર (પરિણમે તે) પરસમય. એ આત્મા પોતે જ બન્ને કરે છે, કોઈ બીજો કરનારો નથી. સમજ્યા? રાગદ્વેષાદિ ભાવ અને મોહાદિ ભાવોમાં એકત્વગતપણે લીન થઈને વર્તે છે. લીન. જ્યારે તે પરમાં લીન થયો '**ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી...**' લ્યો! એ તો પુદ્‌ગલકર્મમાં સ્થિત થયો, એ આત્મામાં સ્થિત નથી. એ બીજા પદનો અર્થ આવ્યોને. '**पोग्गलकम्मपदेसट्ठिदं च**' એ જડ કર્મને અનુસાર પ્રવૃત્તિ કરી. પ્રવૃત્તિનો અર્થ શું? નિજ ચૈતન્યની મહિમા ન આવી. અહો..! હું જ્ઞાયક છું, ચૈતન્યરૂપને ધરનારો છું, સ્વપરપ્રકાશક સામર્થ્યને ધરનારો છું એ મારો સ્વભાવ મારામાં છે. એમ (સ્વ) સન્મુખ દૃષ્ટિ, જ્ઞાન ન કર્યા અને જડ કર્મના ઉદય અનુસાર પ્રવૃત્તિ કરી '**ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત...**' (થયો). લ્યો! જડ કર્મના પ્રદેશોમાં સ્થિત. જડ પ્રદેશ તો ચાલ્યા જાય છે. સમયે સમયે કર્મનો વિપાક તો ચાલ્યો જાય છે. એક સમય પણ નથી રોકાતો. એક સમયનો વિપાક આવ્યો તે ખરી જાય છે, બીજા સમયે બીજો આવ્યો તે ખરી જાય છે. પણ એનો અર્થ શું? કે વિપાકને અનુસાર પોતાના દ્રવ્યની પર્યાય સ્વભાવમાંથી પ્રગટ ન કરી તો જડની પર્યાય સમયે સમયે થાય છે એ ઉદય અનુસાર થઈ, તો પુદ્‌ગલકર્મમાં સ્થિત છે એમ કહ્યું.

જડમાં અને આત્મામાં તો અત્યંત અભાવ છે. વળી પ્રદેશોમાં સ્થિત ક્યાંથી થયો?

પાઠ તો એમ લીધો. પહેલા તો કહ્યું હતું કે પુદ્‌ગલ રૂપીત્વથી આત્મા અત્યંત ભિન્ન છે. પછી વળી કહ્યું કે ભાઈ! હું તો આમ જ કહું છું, પણ સાંભળ તો ખરો કઈ અપેક્ષાથી કહ્યું. આત્માએ જ્ઞાનદર્શનચારિત્રના તત્ત્વમાં જો નિશ્ચિત પ્રવૃત્તિ ન કરી તો પુદ્‌ગલકર્મ જડના પાકથી પર્યાયથી, એમાં પણ પર્યાય આવી. દ્રવ્યમાંથી તો પોતાની શુદ્ધ પર્યાય આવે છે દ્રવ્યના લક્ષે, અને પરનું લક્ષ મેં કર્યું તો તેમાં રાગદ્વેષમોહની પર્યાય થઈ. એ પર્યાયમાં સ્થિત થયો એ પુદ્‌ગલકર્મમાં સ્થિત છે. સમજાણું કાંઈ?

કોઈ અંતરમાં એમ માને કે મને આવા કર્મ આવશે, મારે આવો વિકાર કરવો પડશે. એ પુદ્‌ગલકર્મમાં સ્થિત છે. કેમકે પ્રતીતિમાં એમ છેને? પ્રતીતિમાં. તો પ્રતીતિ જડ તરફ જુકી ગઈ. જેની પ્રતીતિમાં એમ છે કે મને જેવું કર્મ આવશે એવો મારે વિકાર કરવો પડશે. એ જડ કર્મમાં એની રુચિ જુકી ગઈ. એ પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત છે. એ આત્મામાં કદી સ્થિત થતો નથી. જેની પ્રતીતમાં એમ આવ્યું કે મને કર્મનો પાક એવો આવશે. જ્ઞાનાવરણીયનો ઉદય આવે તો મારી જ્ઞાનની હીણી પર્યાય મારે કરવી પડે છે. દર્શનાવરણીયનો ઉદય આવે તો મારે દર્શના શક્તિની પર્યાય હીણી કરવી પડે છે. એ બધો પુદ્‌ગલ જડ મોહકર્મ મિથ્યાત્વના ઉદય અનુસાર પોતાની પ્રવૃત્તિ કરે છે તે જડ કર્મમાં સ્થિત છે. લ્યો જડમાં સ્થિત થઈ ગયો? સમય સમયની પર્યાય તો ખરી જાય છે. પણ પરના ઉદય અનુસાર વિકારમાં રુચિ કરી લીન થયો તો એ જડમાં જ સ્થિત છે. કાં આત્મામાં સ્થિત હોય, કાં જડમાં સ્થિત હોય, બે જ વાત લીધી છે. ત્રીજી કોઈ વાત લીધી નથી.

સમ્યગ્જ્ઞાની સમયમાં સ્થિત તે સ્વસમય છે. મિથ્યાજ્ઞાની પુદ્‌ગલકર્મના અનુસાર જુકી ગયો, નિમિત્તની રુચિમાં, વ્યવહારની રુચિમાં, સંયોગની રુચિમાં, દયા, દાનની રુચિમાં (ઝુકી ગયો) તે '**પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો...**' જાણતો એટલે એને ખબર તો નથી પણ કામ તો આવું કરે છે એમ બતાવે છે. ..ભાઈ! ભાઈ આને જાણતા તો લીધું. એને ખબર નથી પણ જ્ઞાનનું કાર્ય તો આવું જ છે. જ્ઞાનનું કાર્ય તો પરદ્રવ્યને પોતાની સાથે એકત્વપૂર્વક એક કાળે જાણતો. સમજાય છે? પોતાની સાથે એકરૂપ એક કાળે જાણતો. લ્યો! એક કાળ. પેલામાં એક સમયમાં જાણતો લીધું હતું. એક જ કાળમાં જાણતો. જાણવાનો અર્થ શું? એની જ્ઞાનની પર્યાયનું કાર્ય તો સ્વપરપ્રકાશક છે. પણ ઉદય અનુસારે નિમિત્તનું જોર શ્રદ્ધામાં લીધું, કર્મનું જોર શ્રદ્ધામાં લીધું, રાગનું જોર (શ્રદ્ધામાં લીધું તો) પર્યાયબુદ્ધિ થઈ, તો એમાં જ્ઞાનનો સ્વભાવ તો જાણે છે, પણ પરદ્રવ્યને પોતાની સાથે એકરૂપે એક કાળે જાણતો (પરિણમે છે). ભિન્નપણે જાણ્યું નહિ. હું ભિન્ન છું. હું સ્વને જાણતો થકો પરને જાણનારો સહજ થયો નહિ. આ તો પરદ્રવ્યને પોતાની સાથે એકરૂપે (માનીને પરિણમે છે). પોતાની સાથે રાગ અને જ્ઞાન, કર્મ અને જ્ઞાન, શરીર અને જ્ઞાન, નિમિત્ત અને જ્ઞાન બેમાં પોતાની સાથે એકરૂપ એક કાળે જાણતો. એકરૂપે શું?

એકરૂપ થતો નથી. કાંઈ જડ કર્મ અને આત્મા એકરૂપ તો થતા નથી, પણ પોતાના જ્ઞાનમાં એમ માને છે. કેમકે પરમાં સ્થિત થઈ ગયો. આત્મા જ્ઞાયક છે એની તો રુચિ કરતો નથી અને જડને અનુસાર હું થઈ જઈશ. ભાઈ શું કરીએ? જેવું અંતરાયકર્મનું જોર આવે તો મારું વીર્ય હીન થઈ જશે. તે જડ કર્મમાં સ્થિત થઈને, પર અને પોતાની સાથે એકરૂપે પરિણમતો થકો આઠેય કર્મને પોતાની પર્યાયમાં એકરૂપ કરે છે. કર્મ તો એકરૂપ થતું નથી, માન્યતા થઈ ગઈ. કર્મ તો એકરૂપ કદી થતા નથી. એ તો જડની પર્યાય ઉત્પાદવ્યયધ્રુવ થઈને જડ ખરી જાય છે. પણ કહે છે પરદ્રવ્યને, સ્વદ્રવ્યને છોડીને પરદ્રવ્યને પોતાની સાથે એકરૂપે (પરિણમે છે). જાણે મારું દ્રવ્ય જ નાશ થઈ ગયું અને પરદ્રવ્યની એકતામાં હું ટકું છું અને મારો નભાવ પણ એવી રીતે થયો છે. એમ કર્મ, શરીર, સંહનન કાળ આદિ પરમાં માન્યતા, એકતા કરવાથી એક કાળમાં જાણતો. જાણવાનું વિશેષણ શું આપ્યું? કે પરદ્રવ્યને પોતાની સાથે એકરૂપે એક કાળમાં જાણતો. એમ. એવી મિથ્યાદૃષ્ટિ થઈ ગઈ. અધ્યવસાન જૂઠું થયું. અને રાગાદિ પરિણતો થકો. લ્યો ઓલામાં તો કહે છે કે એક સમયમાં જાણતો અને પરિણમતો થકો એમ કહ્યું હતું. અહીં રાગાદિરૂપ પરિણમતો થકો. બધું ફેરવી નાખ્યું. રાગાદિ એટલે રાગ જ દેખે છે. અજ્ઞાનીને તો રાગ જ ભાસે છે. પુણ્ય અધિક ભાસે છે.

જ્ઞાનીને જ્ઞાનસ્વભાવ અધિક ભાસે છે, અજ્ઞાનીને રાગ, પુણ્ય, વ્યવહાર અધિક ભાસે છે. વ્યવહાર અધિક ભાસ્યો તે રાગાદિરૂપ પરિણમતો થકો. સમયે સમયે અજ્ઞાનીને પરદ્રવ્યની પ્રધાનતા દૃષ્ટિમાં આવે છે. સ્વદ્રવ્યની મુખ્યતા દૃષ્ટિમાં ન આવી. તો પરદ્રવ્યને પોતાની સાથે એકરૂપે એક કાળે જાણતો. જાણનાર છે નહિને? પણ માન્યતા તો કરે છે. અને રાગ નામ.. રાગાદિરૂપમાં મોહ આવી ગયો હોં! મોહ મિથ્યાત્વ, રાગ-દ્વેષ, દયા-દાન એવી પરિણતિ મારી છે, એની જ્ઞાનસ્વભાવ છોડીને અધિકતા થઈ ગઈ. જ્ઞાનસ્વભાવની અધિકતા છોડીને, આત્મતત્ત્વના દર્શન-જ્ઞાન-ચારિત્રના સ્વભાવની મુખ્યતા છૂટીને એ વિકાર, નિમિત્ત, સંયોગ એ તો મારામાં થશે.

ભાઈ! કાંઈક કર્મ મંદ પડે તો મારા શુભ પરિણામ થાય. અને કર્મ તીવ્ર હોય તો તીવ્ર ઉદયમાં મારો પુરુષાર્થ કામ નથી કરતો. તું માન્યતામાં જડ થઈ ગયો, કહે છે. આવે છે કે નહિ? કર્મનો તીવ્ર ઉદય આવે તો આત્મા પુરુષાર્થ નથી કરતો. એ તો નિમિત્તનું કથન છે. શું જડ કર્મનો તીવ્ર ઉદય આવે તો એના કારણે આત્મામાં વિકાર થાય છે? અજ્ઞાની માને છે તો કહે છે કે એ પરદ્રવ્ય હોય તો મને તીવ્ર વિકાર થાય છે, હું પુરુષાર્થ ન કરી શકું. એવી માન્યતા પરદ્રવ્ય સાથે કરીને જાણતો અને વિકારરૂપ પરિણમતો થકો પરસમય છે, એ મિથ્યાદૃષ્ટિ છે. ભારે શબ્દ ભાઈ! સ્વસમય અને પરસમય ક્યાંય ચોપડામાં આવે છે? ચોપડામાં આવતું નથી. આવે છે બેચરભાઈ? નહિ. પૈસા આવે.

સ્વસમય અને પરસમય શું છે? પરસમય નામ પરદ્રવ્ય જ છે. એ પરદ્રવ્યને પોતાના

માને છે એ મિથ્યાદષ્ટિ પરસમય જ છે. સ્વસમય તો આમ લીધું. સ્વદ્રવ્યના સ્વભાવમાં એકત્વ શ્રદ્ધા-જ્ઞાન (થયા તે) સ્વસમય. અને જડ કર્મ ગાંઠ, કર્મની ગાંઠ જડ છે અને જેવો વિપાક આવશે એવું અમારે કરવું પડશે, એવો મારો ઉદયભાવ હશે, જેવો જડ એવો ઉદયભાવ થશે, એ જડકર્મમાં સ્થિત વિકારરૂપ પરિણમતો થકો પરસમય છે. તેને અમે મિથ્યાદષ્ટિ પરસમય, સ્વસમય નહિ પણ પરસમય (કહીએ છીએ). એની પરિણતિ તો વિકારી છે પણ પરદ્રવ્યને પોતાનું માન્યું એવો પરસમય પર્યાયમાં થયો. પણ કાંઈ પરરૂપ થયો નથી. માન્યતામાં એમ થઈ ગયું છે. કર્મનું જોર, નિમિત્તનું જોર, નિમિત્ત એવું આવ્યું. જુઓ, એ પહેલેથી કહે છે. ચોથી ગાથામાં આવશે. એમાં કેટલાક લગાવે છે કે ભાઈ! પોતાનો આત્મા ન જાણ્યો અને પરની સેવા ન કરી તો આત્માને જાણ્યો નહિ. તો નિમિત્તની ઉપેક્ષા ન કરવી. ચોથી ગાથામાં આવે છે. અરે! એ નિમિત્તની ઉપેક્ષા ન કરે તો એ પરદ્રવ્યની પર્યાયમાં લીન છે. એ તો આગળ આવશે. એ તો સ્વજ્ઞાન કરે છે તો એમાં નિમિત્ત સત્ છે, એનું સત્ નિમિત્ત છે એનું જ્ઞાન કરાવે છે. જ્ઞાની પરદ્રવ્યના નિમિત્તે પોતામાં જ્ઞાન થાય છે એમ કદી માનતા નથી.

**'એમ પ્રતીતિ કરવામાં આવે છે.'** આ પ્રકારે પ્રતીતિ કરવામાં આવે છે. અજ્ઞાની પરદ્રવ્યની પ્રતીતિમાં રોકાઈ ગયો, તે મિથ્યાદષ્ટિ પરસમય છે. **'આ રીતે જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય—એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.'** આત્મા તો એક છે, એમાં દ્વિ પ્રકાર પ્રગટ થાય છે. સ્વાવલંબીમાં સ્વસમય, પરાવલંબીમાં પરસમય—એ દ્વિવિધતા એકમાં આવે છે એ દોષવાળી છે. એ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શક્તિ-૭-૮
## પ્રવચન નં.૫૩૪, તા.૧૨-૧૧-૧૯૭૦
## (૧૭)

આ સમયસારનું પરિશિષ્ટ છે. એમાં સાતમી શક્તિ ચાલી. જુઓ, શું અધિકાર છે? આ આત્મદ્રવ્ય છે આત્મા વસ્તુ એ તો પદાર્થ થયો, દ્રવ્ય. પણ એમાં ગુણ જે શક્તિ છે તે અનંત શક્તિ છે. શક્તિ સંખ્યાએ અનંત છે. શું કહ્યું સમજાણું કાંઈ? વસ્તુ આત્મા તરીકે આત્મા એક છે. બધા થઈને એક નથી. આ આત્મા એક જ છે. પ્રત્યેક આત્મા ભિન્ન છે. અને એ દરેક આત્મા એક છે એમાં અનંતા અનંત શક્તિઓ છે. વર્ણનમાં તો ૪૭ કહેવામાં આવી છે. ઈત્યાદિ કહીને પૂરી કરશે. એટલી શક્તિઓ છે. શક્તિ કહો, સ્વભાવવાન વસ્તુનો સ્વભાવ કહો, આત્મા સત્‌નું સત્‌પણું કહો, ભાવવાનનો ભાવ કહો, ગુણીનો ગુણ કહો. એમાં છે કે નહિ ઈ? સમજાણું કાંઈ? એવું ગુણ નામ શક્તિનું વર્ણન કર્યું છે. શક્તિ કેમ કહી? કે એમાં એટલું સામર્થ્ય છે કે એક એક શક્તિમાં અનંત સામર્થ્ય છે અને એક એક શક્તિમાં અનંત પર્યાય થવાની તાકાત છે. બે વાત. સમજાણું કાંઈ?

એક આત્મા એમાં અનંત શક્તિ, એક એક શક્તિમાં અનંત સામર્થ્ય અને એક એક શક્તિની અનંતી પર્યાય. આહા..હા...! સંખ્યાએ એટલી શક્તિ છે, એ કહ્યું હતું, સાંભળ્યું છે કે નહિ તમે? કેટલી છે? કેટલી અનંતા અનંતી? કેટલી સંખ્યા? એનું માપ શું? જે સિદ્ધ થાય છે, છ માસ અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિને પ્રાપ્ત કરે છે. એ તો બરાબર છેને? છ માસ અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધપદને આત્મા પ્રાપ્ત કરે છે. એવો અનાદિનો પ્રવાહ છે. એવી સિદ્ધની સંખ્યા છે. અનંત કાળથી છ માસ આઠ સમયમાં ૬૦૮ (જીવ મુક્તિને પામે). એ સિદ્ધની અનંતી સંખ્યા છે. કેમકે અનંત પુદ્‌ગલપરાવર્તન થઈ ગયા. તો એક પુદ્‌ગલપરાવર્તનના અનંતમા ભાગે અનંતી ચોવીસી થઈ જાય છે અને એક ચોવીસીમાં દસ ક્રોડાક્રોડી સાગરોપમ જાય છે અને એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય છે અને એક પલ્યોપમમાં અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય છે. તો એક પલ્યમાં પણ અસંખ્ય ભાગમાં પણ છ માસ અને આઠ સમયમાં અનંત ૬૦૮ મુક્તિએ જાય તોપણ પલ્યના અસંખ્યમે ભાગે અસંખ્ય મુક્તિને પ્રાપ્ત કરે છે. પંડિતજી!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેટલું લખે છે શેઠ એમ કહે છે.

આ તો તું શક્તિએ અને સંખ્યાએ કેટલો મોટો છો એ વાત પહેલા કહી છે. ભગવાન આત્મા, છ માસ અને આઠ સમયમાં જેટલી જીવની સંખ્યા છે એમાં ૬૦૮ તો સિદ્ધપદને પ્રાપ્ત કરે, કરે ને કરે જ. અત્યારે અહીંથી પ્રાપ્ત નથી કરતા તો મહાવિદેહમાંથી પ્રાપ્ત કરે છે. પણ છ માસ અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિ પ્રાપ્ત કરે છે. કેટલા પ્રાપ્ત થયા? એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્ય જીવ મુક્તિને પ્રાપ્ત થાય છે. એવું એક પલ્યોપમ અસંખ્યમેં ભાગે, પલ્યોપમ તો અસંખ્યગુણા થયા અને એનાથી સાગરોપમ દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો સાગરોપમ અને એક સાગરોપમ એવા દસ ક્રોડાક્રોડી સાગરોપમની એક ચોવીસી (થાય). એવી અનંતી ચોવીસી એક પુદ્ગલપરાવર્તનના અનંતમા ભાગે જાય છે. એવા અનંતા-અનંતા પુદ્ગલપરાવર્તનમાં જેટલી સિદ્ધની સંખ્યા થઈ. સમજાય છે? ન સમજાય એવી કોઈ વસ્તુ નથી.

એનાથી તો એક નિગોદના એક શરીરમાં બટાટાની એક કટકી રાય જેટલી હોય તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર હોય અને એક શરીરમાં અત્યાર સુધી જે સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ (છે). સમજાણું કાંઈ? સંપૂર્ણ જ્ઞાનની પર્યાયમાં એક સમયમાં જાણવાની પર્યાયમાં તાકાત છે. સમજાણું કાંઈ? જીવ, સંસારી નિગોદનો જીવ એક શરીરમાં અનંત છે. એક રાય જેટલો ટૂકડો હોય તો અસંખ્ય ઔદારિક શરીર છે. એક શરીરમાં અનંત સિદ્ધ થયા એનાથી અનંતગુણા જીવ છે. એવા એવા આખા સંસારના જીવો એનાથી અસંખ્યગુણા અને એનાથી અનંતગુણા પરમાણુ. પરમાણુ છેને જડની સંખ્યા. જીવની સંખ્યાથી પુદ્ગલના પરમાણુની સંખ્યા પૃથક્ પૃથક્ અનંત જીવથી અનંતગુણા પરમાણુ છે. છેને? એક જીવ છે એવા અનંત પરમાણુ છે. એવા અનંત અનંત જીવથી અનંતગુણા તો પુદ્ગલ પરમાણુ છે. એનાથી અનંતગુણી ત્રણકાળની પર્યાય છે.

એક સેકન્ડમાં અસંખ્ય સમય જાય છે. એવા ત્રિકાળના સમય એની સંખ્યા પરમાણુની સંખ્યાથી અનંતગુણી છે અને એનાથી આકાશના પ્રદેશ અનંતગુણા છે. આકાશ છેને આકાશ? આકાશ ક્યાં નથી? ...ચંદજી! આકાશ ક્યાં નથી? છે... છે... છે... છે... ક્યાંય નથી એમ તો નહિ આવે. નથી, નથી તો છે શું? સમજાણું કાંઈ? આકાશ સર્વવ્યાપક છે, દશ દિશામાં ક્યાંય નથી એમ નહિ આવે. તો એટલું સર્વવ્યાપક જે આકાશ છે એના પ્રદેશની સંખ્યા છે એ ત્રિકાળ સમયથી અનંતગુણી છે અને એનાથી એક આત્માના ગુણ અનંતગુણા છે. કેટલો મોટો છે કાંઈ ખબર નથી, કાંઈ ભાન ન મળે. ઘરના નળિયા નળિયા કહે છે? થાપડાની ખબર હોય કે આટલા નળિયા ચડાવ્યા હતા. ઘરમાં એટલા કબાટ છે, એટલા ગાદલા છે, એટલા પૈસા છે એની ખબર હોય. એ પરની ખબર હોય પણ પોતાના ઘરમાં શું છે એની ખબર નથી.

ભગવાન આત્મા એક એક આત્મા, આકાશનો પ્રદેશ જે અમાપ છે... છે... છે... છે છેમાં નથી એમ ક્યાંય આવે નહિ. એવા આકાશના પ્રદેશના અંશની સંખ્યા કરતાં ભગવાન

આત્મામાં એક એક આત્મામાં અનંતગુણી શક્તિઓ છે. અહીં ૪૭ના નામ લીધા છે. આહા..હા...! અને એક એક શક્તિમાં અનંત સામર્થ્ય છે અને એક એક શક્તિમાં અનંતી પર્યાય થવાની તાકાત છે. સમજાણું કાંઈ? આ તો ન સમજાય એવી વાત નથી, સાદી ભાષા છે. ભાવ ભલે ઊંચા હોય પણ સાદી ભાષામાં સમજાય એવું છે. સમજાણું કાંઈ? તો એક આત્મામાં, વસ્તુ એક, શક્તિ અનંતાઅનંત.

તો અહીં કહે છે, અહીં તો પ્રભુત્વ શક્તિ આપણે અવી ગઈને? પ્રભુત્વશક્તિ. તો એવી તો અનંતી અનંતી શક્તિ આત્મામાં છે. અને અનંતી શક્તિમાં પ્રભુત્વ એક શક્તિ અનંતમાં વ્યાપક છે. વિભુવત્વગુણ આવે છેને. સમજાણું કાંઈ? જ્યાં પ્રભુત્વશક્તિ આત્માના અસંખ્ય પ્રદેશમાં વિસ્તાર વિશેષ વ્યાપક, વિસ્તારવિશેષ, પ્રવાહવિશેષ. પર્યાય પ્રવાહક્રમવિશેષ અને ગુણ વિસ્તારવિશેષ. .. લીધું ને. ..ક્રમ, પ્રવાહ.. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અસંખ્યપ્રદેશ અંશરૂપ છે એમાં એક એક ગુણ સર્વવ્યાપક છે. એક પ્રદેશમાં ગુણ છે એ કંઈ એક પ્રદેશમાં આખો નથી આવી જતો. એક પ્રદેશમાં છે એવા અસંખ્ય પ્રદેશમાં એક ગુણ સર્વવ્યાપક છે. એક પ્રદેશ છે એમાં બીજો પ્રદેશ નથી આવતો. સમજાણું કાંઈ? ભારે આવું! આ તો સાધારણ વાત છે.

આ તો અમારે (સંવત) ૧૯૭૪ની સાલમાં વાત ચાલતી હતી. ૭૪. ૫૨ વર્ષ થયા. કેટલા વર્ષ થયા? ૨૬ ને ૨૬, ૫૨. એક માસ્તર હતા આપણે ભાઈ. માસ્તર આપણા રાજકોટના પ્રાણજીવન માસ્તર. પ્રાણજીવન માસ્તર હતા. રાજકોટના ડેપ્યુટી હતા. એની સાથે ચર્ચા થઈ હતી. ૭૪. ૭૦ અને ૪. ૧૯૭૪. આત્માના પ્રદેશ કેટલા છે? કે લોક જેટલા છે. અહીંયાં કેટલા છે? અહીંયા લોકના આકાશના ભાગમાં કેટલા છે? કીધું, લોકના એક પ્રદેશ ઉપર આત્માના અસંખ્ય પ્રદેશ અહીંયા છે. સમજાણું કે નહિ?

**શ્રોતા :-** થોડું કઠણ પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઠણ પણ આ તો સાદી ભાષા છે. અમે તો નાની ઉંમરની ૫૨ વર્ષ પહેલાની વાત કરીએ છીએ. સમજાણું કાંઈ?

આત્મા અસંખ્ય પ્રદેશ છે. અસંખ્ય પ્રદેશ છે, ચૈતન્યઘન છે. અંશ છેને? તો અસંખ્ય પ્રદેશમાં અસંખ્ય કેટલા છે? કે લોક જેટલા. લોકનું આકાશ જેવડું છેને, તો અહીંયાં આકાશના પ્રદેશ કેટલા રોક્યા છે એણે? શું કહ્યું? અહીંયાં એક જીવે આકાશના કેટલા પ્રદેશ રોક્યા છે? ભગવાન જાણે. અસંખ્યાતમા ભાગે, અસંખ્યાતમા ભાગે રોક્યા છે. જેટલા આકાશના પ્રદેશ છે એને અસંખ્યમાં ભાગે એક આત્મા રહ્યો છે. કસ્તુરચંદજી! આ તો કસ્તુરીની વાત ચાલે છે. ભગવાનની ..ની વાત ચાલે છે. ભગવાન આવડો મોટો. આહા..હા...! ભાવમાં એનું ભાવભાસન થઈને અનંતકાળમાં કદી પ્રતીતિ કરી નથી. દુનિયાની બીજી પ્રતીતિ કરી, પણ પોતાની ચીજ શું છે (એની પ્રતીતિ કરી નહિ). વસ્તુ એક, પ્રદેશ અસંખ્ય, ગુણ અનંત,

પર્યાય અનંત. આહા..હા...!

તો કહે છે, અહીંયાં એ પ્રશ્ન ઉઠ્યો હતો ૭૪માં. અમારા ગુરુભાઈ તો કાંઈ નહિ, ઝઘડા.. ઝઘડા (કરે). એણે નહોતું કહ્યું તો કહે આ ક્યાંથી કાઢ્યું? હવે લાવને ... કીધું .. એની સંખ્યા પણ ન્યાયથી બતાવી દઈએ. લોકના જેટલા પ્રદેશ છે અસંખ્ય એટલા એક જીવના છે. એક જીવ લોકના બધા પ્રદેશમાં વ્યાપે તો એક પ્રદેશ જીવનો અને એક પ્રદેશ આકાશનો, બેય સરખા થઈ ગયા. અડધા ભાગમાં હોય, લોકના અડધા ભાગમાં હોય તો એક પ્રદેશમાં બે પ્રદેશ આવી જાય. સમજાય છે કે નહિ? અને ચોથા ભાગમાં હોય તો એક પ્રદેશમાં ચાર આવે. અસંખ્યાતમે ભાગે એક પ્રદેશમાં અસંખ્યાત આવે. અરે! એમાં શું વાત હતી? નવનીતભાઈ!

અને એક એક પ્રદેશમાં પૂરો ગુણ નથી. આહા..હા...! એક એક પ્રદેશમાં પૂરો ગુણ હોય તો પછી બીજા ગુણમાં બીજું શું? ગુણ જે છે આ પ્રભુત્વશક્તિ, જીવતરશક્તિ આદિ બધી (શક્તિ) અસંખ્ય પ્રદેશમાં આમ વ્યાપક છે વિસ્તાર. અને એની પર્યાય થાય છે એ પ્રવાહક્રમમાં વ્યાપક છે. પર્યાય દ્રવ્યમાં એકદેશ વ્યાપક છે અને ગુણ સર્વદેશ વ્યાપક છે.

**શ્રોતા :-** ઊર્ધ્વતા સામાન્ય અને તિર્યક સામાન્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો ભાષા શાસ્ત્રની છે. આમ વિસ્તારસામાન્ય, ...ક્રમ અને પ્રવાહક્રમ એવું પ્રવચનસારના બીજા ભાગમાં લીધું છે. સમજાણું કાંઈ? મૂળ મૂળ અધ્યાત્મની ભાષા છેને ઈ. પાટણીજી! આહા..હા...!

અહીંયાં ભગવાન આત્મા લોકના પ્રદેશ જેટલો હોવા છતાં હજી તો આકાશ પ્રદેશના અસંખ્યભાગમાં એક જીવ રહ્યો છે. તો એક જીવ, એક જીવ એક પ્રદેશમાં રહી શકે નહિ. આકાશના એક પ્રદેશમાં એક જીવ રહી શકે નહિ. એમ એક ગુણ જીવના એક પ્રદેશમાં રહી શકે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? શું કહ્યું? પન્ના જેવી વાત નથી, અહીં તો બીજી વાત છે.

**શ્રોતા :-** ચેતનપન્નાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચેતનપન્નાની વાત છે. શું કહ્યું?

આકાશનો અસંખ્યમો ભાગ અહીંયા છે. તો અહીંયાં એક આકાશ પ્રદેશ ઉપર આત્માનો અસંખ્યમો ભાગ, અસંખ્યમો ભાગ એવા અસંખ્ય પ્રદેશ છે. લોકના અસંખ્યમા ભાગમાં એક આખો જીવ આવ્યો. તો એક પ્રદેશમાં કેટલા છે? કે એ જીવના અસંખ્યમા ભાગમાં જે પ્રદેશ છે એ આકાશના એક પ્રદેશ ઉપર છે. પણ આકાશના એક પ્રદેશ ઉપર અસંખ્ય છે, અસંખ્યમા ભાગે અસંખ્ય છે. બધા એક પ્રદેશ ઉપર ન રહી શકે. આહા..હા...! સમજાણું કાંઈ? અને આકાશના પ્રદેશ ઉપર એક ઉપર એક જીવ છે એના અસંખ્યમો ભાગ પ્રદેશ છે એવા અનંત જીવ ત્યાં નિગોદના છે. તો એક જીવના અસંખ્યમા ભાગે અસંખ્ય પ્રદેશ,

બીજો (બીજા પ્રદેશે) એમ એક પ્રદેશમાં અનંતા આત્માના પ્રદેશ રહી શકે છે. સમજાય છે કે નહિ? આ તો બધા પ્રોફેસર છે, મોટા ડોક્ટર છે. અમે તો એવું કાંઈ ભણ્યા જ નથી. અમે તો સંસ્કૃત વ્યાકરણ પણ જાણતા નથી. આ એક હાથમાં આવ્યું. ગોદિકાજી! આહા..હા...!

અહીં તો બીજું કહેવું હતું. અહીંયાં છે કે નહિ? ભાઈએ પૂછ્યું એટલે જરી મગજમાં આવી ગયું. એમાં બધું છે. એક શક્તિ પ્રભુત્વ નામની શક્તિ દ્રવ્ય પ્રભુત્વ, ગુણ પ્રભુત્વ, પર્યાય પ્રભુત્વ. આહા..હા...! દ્રવ્યનું પ્રભુત્વ, ગુણનું પ્રભુત્વ, પર્યાયનું પ્રભુત્વ. પણ પ્રભુત્વ દ્રવ્યમાં એક ગુણ આખો આવી જાય છે એમ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સર્વમાં વ્યાપક ગુણ પ્રભુત્વ છે. આહા..હા...! આ તો તાત્ત્વિક વસ્તુ સત્ય છે. એ.. પ્રકાશદાસજી! કોણ જાણે કાંઈ વિચાર કર્યો છે કોઈ દિ'? જય નારાયણ. દયા પાળી છકાયની, ... અણુવ્રત દેવા બસ.

**શ્રોતા :-** આપ ફરમાવો છો એ વાત જુદી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વાત જુદી છે.

ભગવાન! આ તો તારી પરની ચીજ છે, પ્રભુ શું કહીએ? તું મોટો પ્રભુ છે. આ જુઓ પ્રભુત્વશક્તિ. એક એક ગુણમાં એક એક શક્તિનું આખું રૂપ છે. એક જીવત્વશક્તિ, જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ, વીર્યશક્તિ એમાં એક એકમાં પ્રભુત્વની શક્તિનું રૂપ છે. એક એક શક્તિ પ્રભુત્વ ધારણ કરે છે. આહા..હા...! અને એક એક શક્તિ દ્રવ્યમાં પ્રભુત્વ ધારણ કરે છે, ગુણમાં અને પર્યાયમાં પ્રભુત્વ ધારણ કરે છે. એની પ્રભુતા લૂંટનારી જગતમાં કોઈ ચીજ જ નથી. અજ્ઞાની માને છે કે હું લૂંટાઈ ગયો, હું હીણો થઈ ગયો. એ તો એની માન્યતામાં છે. સમજાણું કાંઈ? માન્યતા જ્યાં સમ્યક્ થઈ, એની માન્યતા પર્યાયમાં (થઈ) તો મારી પ્રભુતા કોઈ લુટી જાય એવું એમાં છે જ નહિ. પર્યાયમાં શક્તિ નથી. દ્રવ્ય-ગુણમાં નથી પણ પર્યાયમાં પ્રભુતાની શક્તિને કારણે પામરતા પર્યાયમાં રહી શકતી નથી. આહા..હા...! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આવો એક આત્મા, જેની શક્તિ અનંતી અનંતી. આકાશના પ્રદેશથી અનંતગુણી શક્તિ. ઓહો..હો..! એટલી શક્તિ એક પરમાણુમાં છે. શું? એક પરમાણુમાં જેટલી શક્તિ અનંતાઅનંત એક આત્મામાં કહી, એટલી સંખ્યાએ એક પોઈન્ટમાં છે. દ્રવ્ય છેને. ભલે આનંદ, જ્ઞાન એ નથી, પણ અનંતી સંખ્યા તો એમાં પૂરી એટલી છે. આહા..હા...! એ બધાનું જ્ઞાન કરનાર ભગવાન આત્મા એક સમયની પર્યાયમાં જ્ઞાન કરી શકે છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય, છ દ્રવ્યના ગુણ અને પર્યાય એનું જ્ઞાન એક સમયની પર્યાયમાં, શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ થઈ શકે છે. એવી અનંતી-અનંતી પર્યાયનો પિંડ તો એક ગુણ, એવી અનંતી અનંતી પર્યાયની એક એક શક્તિ ગુણ, પ્રભુત્વગુણ, જીવત્વગુણ, જ્ઞાનગુણ, દર્શનગુણ, આનંદગુણ, વીર્યગુણ, સ્વચ્છત્વગુણ, કર્તાગુણ, કર્મગુણ વગેરે.

ઓહો..હો..! એની મહત્તાનું માહાત્મ્ય એણે કદી લક્ષમાં લીધું જ નથી. જ્યાં ત્યાં તું મોટો છો... તું મોટો છો... તું મોટો છો (કર્યું). પણ તું મોટો છો કે નહિ? સમજાણું કાંઈ? સત્‌સમાગમ કરવો. આવ્યું છે ને ભાઈ ઓલામાં? એય..! મણિભાઈ! આવ્યું છેને ભાઈમાં? સોગાની. સત્‌સમાગમ કરો. તો તું સત્ છે કે નહિ? શું કહ્યું સમજાણું? સત્‌સમાગમ કરવો, સત્‌સમાગમ કરવો. ઠીક! પરનો સત્‌સમાગમ એમ ને? તું સત્ છે કે અસત્ છે? તું સત્ છે કે નહિ? તો તારો સમાગમ કરવો તે સત્‌સમાગમ કે પરનો સમાગમ તે સત્‌સમાગમ છે? ગોદિકાજી!

અહીં તો કહે છે ઓહો..હો..! કેટલી શક્તિ! આ તો સાર માખણ ભરી દીધું છે. શક્તિનું વર્ણન બે વાર તો છપાઈ ગયું છે. આત્મપ્રસિદ્ધિ આવ્યું છે? અને આત્મવૈભવ. આ ૪૭ શક્તિ ઉપર. ઘણીવાર વંચાઈ ગયું છે. આ તો વાંચતા ભિન્ન ભિન્ન હોય તો વિસ્તાર ઘણો આવી જાય છે. એમાં એવી ચીજ આવી એટલે એટલું જ એમાં છે, એમ છે કાંઈ? અહીં તો કહે છે, ઓહો..હો..! ભગવાન! એના ક્ષેત્રની મહત્તા નથી. અનંત અનંત એટલી શક્તિ છે કે એનું ક્ષેત્ર આકાશ જેટલું હોવું જોઈએ એવું કાંઈ નથી. જેટલા એક આકાશમાં... એક આત્મામાં અનંતી અનંતી શક્તિઓ છે એટલી સંખ્યા એક આકાશ પદાર્થમાં છે. અને એટલી સંખ્યા એક પરમાણુમાં છે અને એટલી સંખ્યા એક કાળાણુમાં છે.

**શ્રોતા :-** પ્રદેશની મહત્તા ન રહી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રદેશની મહત્તા નથી. અહીં તો ભાવની મહત્તા કરી છે. શક્તિની વાત ચાલે છેને. સમજાણું કાંઈ? એક પ્રદેશ છે ઈ બીજા પ્રદેશમાં નથી, પણ એક ગુણ છે એ એક પ્રદેશમાં છે અને બીજા પ્રદેશમાં નથી એમ નથી. વિસ્તાર ... એવી શક્તિઓ પ્રભુત્વ નામની શક્તિ દરેક ગુણ અને દ્રવ્ય, પર્યાયને પ્રભુત્વ આપે છે. આપે છે એ નિમિત્તથી કથન છે. પોતામાં પ્રભુતા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં દરેક ગુણમાં વ્યાપે છે.

અહીં તો એ કહેવું છે કે એવી શક્તિનું, શક્તિવાનની જેને ભાન, પ્રતીત અનુભવમાં જ્ઞાન થયું એ તો પૂર્ણ પર્યાય પ્રાપ્ત કરીને જ રહેશે. બીજ ઊગી છે એ પૂનમ થઈને જ રહેશે. બીજ કદી એકમ થઈ જાય એમ નથી. સમજાણું કાંઈ? બીજ-બીજ. બીજનો ચંદ્રમા, બીજનો ચંદ્ર. એકમ થાય છેને? ત્રીજ, ચોથ. પૂનમ થઈને જ રહેશે.

એમ આ આત્મા ભગવાન એક શક્તિના ભાનમાં અનંત શક્તિવાળા આત્મદ્રવ્યનું જ્યાં ભાન કરે છે તો એ પર્યાયમાં પ્રતીત, ભાન સમ્યક્ થયું એ બીજ ઊગી, બીજ ઊગી. અને એમાં બીજ ઊગી એ તો નીકળી એ નીકળી. માના પેટમાંથી પુત્ર થયો એ પુત્ર પાછો પેટમાં નથી જાતો. એમ ભગવાન આત્મા વસ્તુનો એટલો સ્વભાવ, શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ, શુદ્ધ પર્યાય એમાં અશુદ્ધતાનો તો અભાવ છે. તેને અહીંયા આત્મા કહે છે. વળી કોઈ કહે છેને એ. લ્યો! અશુદ્ધતા દ્રવ્યમાં નથી. ભાઈ! અશુદ્ધતા પર્યાયમાં છે, સાંભળ તો ખરો.

પણ એ દ્રવ્ય વસ્તુ આત્માનું જ્યાં ભાન થયું છે તો આત્મામાં અશુદ્ધતા નથી. સાધારણ આત્મા સિદ્ધ કરવો હોય તો તેને દ્રવ્ય-ગુણ શુદ્ધ છે અને પર્યાયમાં અશુદ્ધતા છે. પર્યાયમાં બે જ વાત છે. અશુદ્ધ પણ છે અને કેટલીક શક્તિ શુદ્ધ પણ છે. અનાદિથી હોં. અસ્તિત્વગુણ, વસ્તુત્વગુણ, પ્રમેયત્વગુણ એ તો શુદ્ધ જ છે અને બીજા અશુદ્ધ પણ છે.

પણ અહીંયાં તો આત્મા કેટલામાં વ્યાપક અને આત્મા કેટલાને આત્માને કહે છે? કે શુદ્ધ શક્તિવાન દ્રવ્ય શુદ્ધ શક્તિઓ અને શુદ્ધ પરિણમન પર્યાય, એ આખો ભાવ દ્રવ્ય-ગુણ-પર્યાયને એક આત્મા કહેવામાં આવે છે. આહા..હા...! આમાં પૈસા-બૈસાની કંઈ ગણતરી જ નથી. તમારા લાખો અને કરોડો રૂપિયાની. અહીં તો અનંતાઅનંત શક્તિનો લક્ષ્મીનો ભંડાર ભર્યો છે. અનંતા પૈસા આવે છે? તમારે કોઈ દિ' અનંતા પૈસા આવે? રજકણ આવે ખરા અનંતા હોં! એના એનામાં આવે એના ઓલામાં. એક પૈસો કે નોટ અનંત પરમાણુની બનેલી છેને. આ તો એનાથી અનંતગુણા, વિસ્તાર અનંતગુણા પરમાણુ છે એનાથી અનંતગુણ એક એક દ્રવ્યમાં શક્તિ છે. ગુણનો પિંડ છે. આહા..હા...! એવા દ્રવ્યની દૃષ્ટિ કરાવવા માટે શક્તિનું વર્ણન કરે છે. આવું દ્રવ્ય છે એના ઉપર દૃષ્ટિ લગાવ. તારું કલ્યાણ થઈ જશે અને તું કલ્યાણ કરતા... કરતા... કરતા... ક્રમે.. સવારે આવ્યું હતુંને?

ચેતનાભાવ. સંવર એ ચેતનાભાવ છે. અને ચેતનાભાવ .. નિર્જરા થાય છે. પૂર્ણ થઈને શુદ્ધ થાય છે. બસ, એ સિદ્ધ પૂર્ણ થયે છૂટકો. સમજાણું કાંઈ? તો કહે, કોઈ પડી જાય છેને? પડી જાય છે એ તો દ્રવ્યદૃષ્ટિની પ્રતીત ન રહી માટે પડે છે. સમજાણું કાંઈ? દ્રવ્યની દૃષ્ટિ, દ્રવ્ય આવું છે એમ પ્રતીતમાં, અનુભવમાં આવ્યું એ કદી પડે નહિ, એની પ્રભુતાને કોઈ લૂટી શકે નહિ. સમજાણું કાંઈ? એ તો પોતાની દૃષ્ટિ, વસ્તુની દૃષ્ટિથી ખસીને રાગ અને અલ્પજ્ઞ છું એવી દૃષ્ટિ કરે તો તો દૃષ્ટિ વિપરીત છે એ પડે છે. સ્વભાવ ક્યાં પડે છે? સમજાણું કાંઈ? આહા..હા...! તત્ત્વજ્ઞાન એટલું સૂક્ષ્મ છે, એટલું ગંભીર છે, એટલું ફળદાયક છે. એટલું સૂક્ષ્મ છે, એટલું ગંભીર છે અને એટલું ફળદાયક છે કે અમાપ થઈ જાય છે. નવનીતભાઈ! આહા..હા...!

જુઓ, હવે આપણે અહીંયાં તો પ્રભુત્વશક્તિ પૂરી થઈ નથીને? આહા..હા...! એક એક શક્તિમાં દ્રવ્યમાં જ્ઞાન, ગુણમાં જ્ઞાન, પર્યાયમાં જ્ઞાન. એમ દ્રવ્યમાં પ્રભુતા, ગુણમાં પ્રભુતા, પર્યાયમાં પ્રભુતા. દ્રવ્યની અખંડ સ્વતંત્ર શોભા, ગુણની સ્વતંત્ર શોભા, પર્યાયની સ્વતંત્ર શોભા એમાં આવ્યું કે નહિ ઈ? એમાં છે કે નહિ આ? શું છે? જુઓ, **'જેનો પ્રતાપ અખંડિત છે...'** કોનો? પ્રભુત્વશક્તિનો. તો પ્રભુત્વશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે. શક્તિનું ભાન થયું તો એ શક્તિ પર્યાયમાં પણ વ્યાપ્ત છે. અજ્ઞાનીની શક્તિ શક્તિ છે, પણ શક્તિનો ભરોસો નથી તો શક્તિની પર્યાયમાં પરિણમન ન થયું. ન્યાય સમજાય છે? આ તો લોજિકથી વાત છે ન્યાયથી. એ તો સમજણનો પિંડ છે. તેને સમજવું... સમજવું...

સમજવું... સમજવું... એટલી વાત છે.

કહે છે, '**જેનો પ્રતાપ...**' જેનો એટલે શક્તિનો હોં! '**પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી...**' ઓહો..! એક એક જ્ઞાનગુણની પર્યાય કોઈનાથી ખંડિત થતી નથી. એક સમકિતની પર્યાય, શ્રદ્ધાગુણ છે એની સમકિત પર્યાય છે. શ્રદ્ધા ગુણ છે, સમકિત પર્યાય છે. જ્ઞાન ગુણ છે, કેવળજ્ઞાન પર્યાય છે. કેવળજ્ઞાન પર્યાય છે. તો ગુણ અને પર્યાય કોઈથી ખંડિત ન થાય એવી એનામાં શક્તિ પડી છે. આહા..હા...! ભરોસો નથી આવતો એને વાત ઈ છે.

આમ અરૂપી અને અનાદિથી પર્યાયબુદ્ધિથી પર જોયું. પર્યાયબુદ્ધિથી પર જોયું, પણ પર્યાયથી હટીને વસ્તુ અંદર શું છે એના ઉપર નજર નથી, એ નિધાન ઉપર એની પકડવાની થાપ નથી કે આ વસ્તુ. સમજાણું કાંઈ? એ વસ્તુ તને બતાવે છે. તારું નિધાન તારી પાસે છે ભગવાન! આ ભગવાન થઈને ક્યાં (ભટકે છે)? ચક્રવર્તી થઈને રોટલીની ભીખ માગે છે. એમ મને થોડું સુખ દઈ દે. મને આબરૂ મળે, મને રોટલી મળે, મને ભોગ મળે. ભિખારી! શું થયું તને? તારામાં ક્યાં આનંદ નથી તે તું બહાર માગે છે? ભિખારી છે? રાંક છે? નહિ... નહિ... નહિ, રાંક નહિ ભગવાન! તું તો આનંદથી રાજ્યતે શોભતે ઈતિ રાજન. એમ આવે છે કે નહિ? રાજ્યતે શોભતે ઈતિ રાજા. આ શોભાયમાન છેને? ભાઈ! આવે છેને? .. રાજા. રાજાને ઓળખે. નથી આવતું ૧૭-૧૮ ગાથામાં? રાજાને જે ઓળખે, ધનનો અર્થી રાજાને ઓળખે. એના પુણ્યથી, એના ચિહ્નથી, છત્ર, ચામર (જોઈને ઓળખે કે) ઓહો..! આ તો રાજા છે. એ રાજાની સેવા કરવાથી મને ધન પ્રાપ્તિ થશે અને નિઃસંદેહ સેવા કરવાથી, એમાં લીન થવાથી મને ચારિત્રની પ્રાપ્તિ થશે. લીન થવું, એની આજ્ઞામાં રહીને. એમ આત્મામાં. આત્મા રાજા છે. '**एवं हि जीवराया**' એવો શબ્દ પડ્યો છેને. '**एवं हि जीवराया**', રાજ્યતે શોભતે ઈતિ બિરાજમાન આત્મા. લ્યો ક્યાંનું ક્યાંય વયું ગયું? આ શોભાયમાન.. ત્યાં આવી ગયું. ક્યાં ત્યાં ચાલ્યું હતું કાંઈ? સમજાણું કાંઈ?

અહીં આવ્યુંને ઈ? '**જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (-સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે...**' આહા..હા...! એ સ્વતંત્રતાથી રાજા, રાજ્યા ભગવાન જીવરાજા પોતાની સ્વતંત્ર એક એક શક્તિથી શોભાયમાન પોતાથી શોભાયમાન છે. તેને અહીંયા આત્મરાજા કહેવામાં આવે છે. એ રાજા ભિખારી નથી. મને સુખ દ્યો એમ ભગવાનને કહે. સ્ત્રી પાસે સુખ છે, પૈસામાં સુખ છે, આબરૂમાં સુખ છે. ધૂળમાં છે. તારી સુખશક્તિ શું પરમાં છે? તારી શક્તિ તો તારા ભંડારમાં પડી છે. સમજાણું કાંઈ? મૃગની નાભિમાં કસ્તુરી અને સુકા પાનના ખડખડથી ભય પામે એને કસ્તુરીની કિંમત થતી નથી. એય..! કસ્તુરચંદજી! એવું આવે છેકે નહિ? મૃગલા-મૃગલા. નાભિમાં કસ્તુરી. સૂકા પાંદડા હોય વડના-પીપળાના (પાન ખખડે તો) ચોંકી

જાય. એને આ કસ્તુરીની કિંમત ક્યાંથી થાય? એમ એક એક રાગની પ્રીતિ, રુચિ, પ્રીતિ વિષયભોગમાં પ્રીતિ, આબરૂમાં પ્રીતિ, એમ માનનારને આત્મા આનંદમય છે એવી પ્રીતિ (ક્યાંથી થાય)? સમજાણું કાંઈ? આહા..હા...!

કહે છે, પ્રભુ! તારી શોભા તો તારી શક્તિની પર્યાય ને ગુણ ને દ્રવ્યથી છે. તારી શોભા માટે પરની અપેક્ષા નથી. વ્યવહારરત્નત્રયની અપેક્ષા તારી શોભા માટે નથી એમ અહીંયા કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ? ભાઈ! જેનો નિશ્ચય સાચો હોય તો વ્યવહાર શોભે એમ કહે છે. એ વાતનો અહીંયા નિષેધ કરે છે. આહા..હા...! વ્યવહાર એમાં છે જ નહિ. એ ચરણાનુયોગમાં એવું આવે છે કે ભાઈ, વ્યવહારથી એની ઓળખાણ થાય છે. કેવી દયા પાળે છે ને... સાધુ.. ત્રણ દિવસ જોવું. નવા સાધુ આવે, નવા સાધુ આવેને તો ત્રણ દિવસ એની તપાસ કરવી. કેમ એ વંદન કરે છે? કેવું આચરણ કરે છે? કેમ ઉઠે છે કેમ બેસે છે? એના ઉપરથી એની પરીક્ષા કરવી કે આ બરાબર સાધુ છે. બહારની ક્રિયાથી હોં! વ્યવહાર ક્યાં છે? પણ અહીં તો કહે છે કે એ નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એના અનુભવમાં દૃષ્ટિ અને શાંતિ કેટલી છે એના ઉપરથી આત્માની પરીક્ષા થાય છે. સમજાણું કાંઈ? આવે છેને ઈ ધવલમાં નહિ? ધવલ. ધરસેનાચાર્ય. ધરસેનાચાર્યે મુનિને બોલાવ્યા. .. સાધુ હતા. સાધુ તો .. કાળ બહુ સારો હતો. હજારો સાધુ ભાવલિંગી સંત હતા. આત્માના આનંદમાં પ્રચુર સ્વસંવેદનનું વેદન કરનારા હજારો સંત હતા. કાંઈક .. સાધુનો.. તો ધરસેનાચાર્યે જણાવ્યું કે મારી શરીરની સ્થિતિ અલ્પ છે અને મારી પાસે અહીંયાં ષટ્ખંડાગમનો ... છે. કોઈ સાધુ પાત્ર હોય તો મોકલજો. બે સાધુ. આવ્યાને ઈ? ભૂતબલી ... પછી નામ પડ્યા. એના પહેલા તો સ્વપ્ન પણ આવ્યું ધરસેનાચાર્યને કે બે બળદ આવે છે. બે બળદ ધોળા સફેદ નમે છે. સ્વપ્નમાં આવ્યા. નમી જાય છે. અને જ્યાં સ્વપ્ન પૂરું થયું. ઓહો..! જય હો શ્રુવદેવતાકી! કે જે શ્રુત હું ... દેવા માગું છું એવા બે પાત્ર જીવ આવે છે. જય હો.. ... મહારાજ! જરાય બોલે નહિ. ત્રણ દિવસ થયા. મહારાજ! હું તો તમારી પાસે આવ્યો છું. ... આહા..હા...! વીતરાગી મુનિ છે. ત્રણ કષાયનો અભાવ છે. ત્રણે સાધુ એવા છે. મહારાજ! હું આપની પાસે આવ્યો છું. ... સાધુ! કલ્યાણ .... સમજાણું કાંઈ? તો એટલા શક્તિવાન હતા કે મુનિ પણ એવા આવ્યા અને પાત્રતા હતી તો એટલું જ્ઞાન લીધું. સમજાણું કાંઈ? એ ચીજ બહારથી મળે છે? અંતરથી આવી હતી તો એને એવું નિમિત્ત મળી ગયું એમ કહે છે. અંતરમાં જ્ઞાનની શક્તિની પર્યાયમાં વ્યક્તતા થવાના સામર્થ્યથી જે પર્યાય થઈ તો આવા ધરસેનાચાર્ય મળી ગયા તેમને. એ કાંઈ ધરસેનાચાર્યથી મળ્યું એમ નથી, એ તો વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે, શોભા. પરથી આત્મામાં શોભા નથી. વ્યવહારરત્નત્રય પાળે છે તો જીવની શોભા છે. ઈ તો અશોભા છે ભગવાન! એ તારી ચીજ નથી. આહા..હા..! ગજબ

વાત છે! એમાં બધું ભર્યું છે હોં! વ્યવહારનો અભાવ છે એ જ તારી અનેકાંતતા છે. તારામાં તારો અસ્તિત્વ સ્વભાવ પ્રભુત્વથી ભરેલો છે અને વ્યવહારથી અભાવ છે. પંડિતજીએ જોયુંને ને હમણાં ભાવ અને અભાવ. આહા..હા...! પહેલા લખ્યું છે. પણ ભાવ-અભાવ આ છે. સમજાણું કાંઈ? અને પરના અભાવથી, પોતાના ભાવથી પોતાની શોભા છે. રાગના અભાવથી, નિમિત્તના અભાવથી, પોતાના શુદ્ધ ઉપાદાનની પર્યાયના પરિણમનથી પોતાની શોભા છે. સમજાણું કાંઈ? તીર્થંકરગોત્ર બંધાય અને તીર્થંકરનો ભાવ એનાથી પણ પોતાની શોભા નથી એમ કહે છે. દુનિયા એમ કહે છે કે આહા..હા...! તીર્થંકર થશે. તીર્થંકર એ તો પ્રકૃતિ છે. પ્રકૃતિનું કારણ શુભ પરિણામ છે. શુભ તો વ્યવહાર છે. એ તો આત્મામાં છે જ નહિ. આહા..હા...! તીર્થંકરપણું નથી તો એનું સમવસરણ અને ઋદ્ધિ તો આત્મામાં છે જ નહિ. શું એનાથી આત્માની શોભા છે? નવનીતભાઈ! આહા..હા...!

ભગવાન! તારામાં ક્યાં અશોભા છે કે પરની શોભાથી તું શોભા પામે? તું પૂર્ણ ભગવાન જ્ઞાનગુણની પર્યાય દ્રવ્યની પર્યાયની પરિપૂર્ણ પર્યાય છેને ભગવાન! એક સમયની પર્યાય તારા આખા દ્રવ્યને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ પર્યાયની પ્રભુતા, જ્ઞાનની પ્રભુતા, આનંદની પ્રભુતા પર્યાયમાં વ્યાપી અને સમ્યગ્દર્શન થયું ત્યારે તેને દ્રવ્ય-ગુણ-પર્યાયનું ભાન થયું. ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાય જેટલો જ હું છું તો એની પર્યાયમાં આનંદ આદિ અનંતગુણની પરિણતિ સાથે થઈ. એક જ્ઞાનની પરિણતિમાં અનંત ગુણની પરિણતિ સાથે થઈ એ તારી શોભા છે. સમજાણું કાંઈ? બીજી કોઈ તારી શોભા નથી.

'**શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ.**' ઓહો..હો..! રંક હોય તેને પ્રભુ કહે તો તેને ગાળ જેવું લાગે કે મારું અપમાન કરે છે. રંક હોય અને કહે એય..! બાદશાહ! ભાઈ સાહેબ બાદશાહ શેના, ભીખ માગતા હોય ને. ફકીર બાદશાહ નથી કહેતા? ફકીર બાદશાહ કહે. .. પણ માગવા આવ્યો છેને અને બાદશાહ શેનો? માગવા તો આવ્યો છે. આ તો બાદશાહ છે આત્મા. આહા..હા...! જેણે રાગ બાદ કરીને પોતાની શાહુકારી અંતરમાં પ્રગટ કરી છે તેનું નામ પ્રભુત્વ ધરનાર આત્મા બાદશાહ કહેવામાં આવે છે. નવનીતભાઈ! વ્યવહારને બાદ કરીને શાહુની શાહુકારી જે પોતામાં પડી છે એ અનંતગુણની પરિણતિ જે થઈ એ શાહુની શાહુકારી છે. રાગથી આત્માની શાહુકારી છે? આહા..હા...!

કહે છે, અનંતગુણમાં એ પ્રભુતા વ્યાપી છે, અનંતગુણમાં પ્રભુતા નિમિત્તરૂપ છે. એનો અર્થ? કે કોઈ એક ગુણથી બીજો ગુણ ટક્યો છે એમ નથી. કોઈ ગુણથી બીજો ગુણ ટકી રહ્યો છે એમ નથી. સત્તાગુણ સત્તાથી ટકી રહ્યો છે, જ્ઞાન જ્ઞાનગુણથી ટકી રહ્યો છે. તો બીજો ગુણ નિમિત્ત (કહેવાય છે). નિમિત્ત કહેવામાં આવે છે એનો અર્થ કે નિમિત્તથી એ સત્તા છે જ નહિ. એનો અર્થ કે બાહ્યમાં એમ છે કે નિમિત્તથી અહીંયા કાંઈ થયું જ નથી. એનો ત્રીજો અર્થ છે કે વ્યવહારથી નિશ્ચયમાં કાંઈ થયું જ નથી. સમજાણું કાંઈ? જેમ અનંતગુણમાં

એક ગુણ નિમિત્ત છે. તો એનો અર્થ શું થયો? નિમિત્ત નામ બીજી ચીજ છે એટલું. દરેક ગુણ પોતાની સત્તા પોતાથી સ્વતંત્ર રાખે છે. પ્રત્યેક સ્વતંત્રથી શોભાયમાન છેને? તો એનો અર્થ શું થયો? કે બીજો ગુણ નિમિત્ત છે. તો બીજા ગુણની હયાતીથી એ ગુણની હયાતી નથી. અને એની એક પર્યાયની હયાતીથી બીજી પર્યાયની હયાતી નથી. તો એને નિમિત્ત કહે છે. એમ દરેક પદાર્થની પર્યાય થાય છે એમાં નિમિત્ત બીજી ચીજ હો, નિમિત્તથી એમાં કાંઈ થયું જ નથી માટે તેને નિમિત્ત કહે છે. નિમિત્ત વિના પોતાની સત્તાની પર્યાય પ્રગટ થાય છે તેને નિમિત્ત પર છે એમ કહેવામાં આવે છે. એનો અર્થ કે નિમિત્તથી થયું જ નથી. નિમિત્તની સત્તા છે તો પર્યાયની સત્તા થઈ એમ નથી.

બીજું, વ્યવહાર પણ નિમિત્ત છે. અંદરમાં દયા દાન, દેવ, ગુરુ, શાસ્ત્રનો વિકલ્પ નિમિત્ત. તો નિમિત્તનો અર્થ શું થયો? કે નિમિત્તની સત્તા છે એટલે અહીંયા શુદ્ધની પર્યાયની સત્તા છે એમ છે? ખલાસ થઈ ગયું. વ્યવહારનો તો અભાવ થયો. વ્યવહારનો અભાવ થયો તો વ્યવહારથી થાય છે? અને વ્યવહાર પહેલા અને નિશ્ચય પછી એ વાત રહેતી નથી. સમજાણું કાંઈ?

હવે આઠમી આવી. '**સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ.**' જુઓ હવે. અજ્ઞાની એમ કહે છે કે વિભુ-લોકમાં વ્યાપે તે વિભુ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અહીં પોતામાં વ્યાપે તે વિભુ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહે છે અહીંયાં. ભક્તારમમાં આવે છે વિભુશક્તિ. પાનાચંદભાઈ! એના બાપે ૮૩માં પૂછ્યું હતું. ૮૩-૮૩. ૮૩ વર્ષ. કેટલા થયા? ૨૩ ને ૧૭. આ ભક્તામરમાં વિભુ આવે છેને? એ જરી વેદાંતની શ્રદ્ધા (હતી). વિભુ આવે છેને? વિભુ આવે છે તો શું છે? કીધું. વિભુ એટલે સર્વવ્યાપક છે આત્મા? વિભુ નામ પોતાના ગુણમાં વ્યાપક એક એક ગુણ સર્વમાં વ્યાપક એનું નામ વિભુ છે. સમજાણું કાંઈ? સર્વમાં વ્યાપક થઈ જાય તો પોતાની સત્તાનો નાશ થઈ જાય. સમજાણું કાંઈ? પ્રશ્ન છેને તમારા આગ્રાવાળાનો? એ પ્રશ્ન છે. અમે તો અત્યાર સુધી એમ જાણતા હતા કે આત્મા.. પોતાની સત્તા .. પોતાનો આત્મા છે તો પોતાની સત્તા ભિન્ન રાખે છે. તો મોક્ષ થયો એ સત્તાનો અભાવ થયો કે સત્તાનો વિકાસ થયો?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સત્તાનો નાશ થયો. પોતાની સત્તા જો પરસત્તામાં જોડાઈ જાય તો સત્તાનો નાશ થયો. સત્ નામ સત્ય અને સત્તાનો સત્યાનાશ. એ બંસીધરજી કહેતા હતા. સમજાણું કાંઈ? નાશ થાય છે. ચૈતન્ય ભગવાન અનંતગુણનો પિંડ. એક ગુણ સર્વમાં વ્યાપક તો એક ગુણના પરિણમનમાં સર્વ ગુણનું પરિણમન સાથે થાય છે. પર્યાય પણ એક પર્યાયમાં સર્વ પર્યાય વ્યાપક છે. સમજાણું કાંઈ? સર્વગુણાંશ તે સમકિત એમ છેને? સર્વગુણાંશ તે

સમકિત. બહાર છે. બહારના બારણા ઉપર છે. આ બાજુ સમકિતની વાત છે અને આ બાજુ ચારિત્રની વાત છે. બે વાત છે. સર્વગુણાંશ તે સમકિત. અહીંનો ટ્રેડમાર્ક છે ઈ. કપડામાં અને ... જડે છે કે નહિ? અહીંયા બારણામાં છે. સર્વગુણાંશ તે સમકિત. સ્વરૂપમાં ચરવું એ ચારિત્ર. સ્વરૂપમાં ચરવું એ ચારિત્ર. એ વીતરાગનો ટ્રેડમાર્ક છે અનાદિનો. સમજાણું કાંઈ? શું કહે છે?

વિભુત્વ શક્તિનો અર્થ **'સર્વ ભાવોમાં વ્યાપક...'** જુઓ, અહીંયા ભાવ કીધો. ઓલી શક્તિ કીધી હતી એને અહીંયા ભાવ કહ્યો. ભાઈ! પણ ભાવમાં તો દ્રવ્યભાવ, ગુણભાવ અને પર્યાયભાવ ત્રણે આવે છે. સમજાણું કાંઈ? અમૃતચંદ્રાચાર્યે બહુ ગજબ કામ કર્યું છે! ઓહો..હો..! ચાલતા પરમેશ્વર હતા. ૯૦૦ વર્ષ પહેલાં દિગંબર મુનિ, પણ ગજબ કામ કર્યું. અજોડ સાધુ સંત હતા. પરમેશ્વરના પ્રશંસનીય. પરમેશ્વર પ્રશંસે એવા એ સાધુ હતા. પણ સંપ્રદાયને કિંમત થઈ નહિ. બીજા સંપ્રદાય બહાર નીકળી ગયા. શ્વેતાંબર તો પહેલેથી નીકળી ગયો હતો. કુંદકુંદાચાર્ય પહેલા નીકળી ગયો હતો. ભગવાનની કિંમત થઈ નહિ. સમજાણું કાંઈ?

દિગંબર સંત મુનિ કહે છે કે આહા..હા...! ભગવાન! તારા એક ગુણમાં બીજા ગુણ સર્વમાં વ્યાપક છે. સર્વમાં વ્યાપક. એનો અર્થ? કે જ્યાં દ્રવ્યસ્વભાવનું ભાન થયું, દ્રવ્ય સ્વભાવનું સમ્યગ્દર્શન થયું તો એનો એ અર્થ થયો કે સર્વ ગુણની પર્યાય જે પૂર્ણ છે એની એક શક્તિનો વ્યક્તિ અંશ તો પ્રગટ થયો. સર્વગુણનો અંશ સમકિત. સર્વગુણનો અંશ એ સમકિત. એકલા સમકિતની પર્યાય પ્રગટ થાય છે એમ નથી. કેમકે શ્રદ્ધા ગુણ અંદરમાં પડ્યો છે. સર્વ ગુણમાં વ્યાપક છે. તો જ્યાં શ્રદ્ધાનો ધરનાર ભગવાન આત્માની પ્રતીત અનુભવ થયો, સમકિત થયું તો સર્વ જેટલી સંખ્યા અનંતા અનંત પહેલી કહી એ બધાનો વ્યક્તતા અંશ પ્રગટ થાય છે. આપણે સર્વગુણાંશ સમકિત એમાં લીધું છે. અને આપણે ત્યાં એમ આવે છે. ત્યાં કહ્યું હતું, જયપુર. ...

**શ્રોતા :-** રહસ્યપૂર્ણ ચિઠ્ઠી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં. ત્યાં બતાવ્યું હતું. .. ફાગણ સુદ-૨ છેને. ફાગણ સુદ બીજની છેને. ... ચિઠ્ઠી. એ જ પ્રમાણે ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો એકદેશ પ્રગટ થાય છે.

**શ્રોતા :-** જ્ઞાન આદિ ગુણો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંત ગુણો. ભાઈશ્રી! તમે દૃષ્ટાંત લખ્યા. દૃષ્ટાંત દ્વારા પ્રશ્ન કર્યો. દૃષ્ટાંત .. દૃષ્ટાંતે એક પ્રયોજનના, બીજનો ચંદ્ર .. દૃષ્ટાંત તો એકદેશ છે. પણ પૂનમનો ચંદ્ર, મહાસાગર અને .. એ સર્વદેશ છે. ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો. અનંતા... અનંતા... અનંત જ્ઞાનાદિ ગુણ એકદેશ પ્રગટ થાય છે. ચોથે ગુણસ્થાને અનંતા અનંતગુણનો

એક અંશ સર્વનો પ્રગટ થાય છે. સમ્યગ્જ્ઞાનનો અંશ, સમ્યક્ચારિત્રનો અંશ, સમ્યક્આનંદનો અંશ, વીર્યનો અંશ, સ્વચ્છતાનો અંશ, પ્રભુતાનો અંશ, કર્તાનો અંશ. કર્તા ગુણ છે એમાં. પર્યાયમાં સર્વ ગુણનો પ્રગટ અંશ પ્રગટ થાય તેનું નામ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દર્શન કહેવામાં આવ્યું છે. કેમકે આખા દ્રવ્યની જ્યાં પ્રતીત થઈ તો શક્તિમાં જે અનંતા અનંતગુણ છે એ પર્યાયના અંશમાં અનંતા અનંતની શુદ્ધિનો અંશ પ્રગટ થાય છે. આહા..હા...! એનું નામ સમકિત છે.

**શ્રોતા** :- આ વિભુત્વગુણની વ્યાખ્યા ચાલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ વિભુત્વગુણની વ્યાખ્યા થાય છે. સર્વમાં વ્યાપક છે. આહા..હા...!

વાત એમ છે કે જેટલી પ્રીતિથી સંસારનો અભ્યાસ કરે છે એમ શાસ્ત્રનો સ્વાધ્યાય પ્રેમથી નથી કરતા. અને શાસ્ત્ર શું કહે છે એમ શોધીને સ્વાધ્યાય કરવો. હું માનું છું એ પ્રમાણે લખે છે કે નહિ એમ નહિ. એ શું કહે છે? ભગવાન શું કહે છે? પરમેશ્વર સંતો શું કહે છે? અને કેવા છે?

તો કહે છે કે ભગવાન આત્મા, જેટલી સંખ્યામાં ગુણ છે એ એક એક ગુણ સર્વ ગુણમાં અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. ક્ષેત્રમાં તો વ્યાપક એક ગુણ એક પ્રદેશમાં નથી, પણ એક ગુણ સર્વ ગુણમાં વ્યાપક છે. આત્માના અસંખ્ય પ્રદેશ છે. તો એક ગુણ એક પ્રદેશમાં નથી આવતો. એક ગુણ સર્વ પ્રદેશમાં વ્યાપક છે. એમ એક ગુણ અનંતગુણ આમ વિસ્તારક્રમ પડ્યો છે એમાં એક ગુણ વ્યાપક છે. અનંતગુણ એકમાં વ્યાપક અને એક ગુણ અનંતમાં વ્યાપક. અનંતમાં એક અને એકમાં અનંત. આહા..હા...! આ સિદ્ધમાં કહે છે ને અનંતમાં એક મળી જાય છે. એકમાં અનંત અને અનંતમાં એક. સિદ્ધ અનંત છે ત્યાં સિદ્ધ ભળી જાય છે. શું ભળે? સત્તાનો નાશ થઈ જાય છે? ભળી જાય? સત્તાનો નાશ થાય તો સત્‌નો નાશ થઈ જાય. પરમાત્મા જ્યારે થાય છે તો અનંત પરમાત્મા ભિન્ન-ભિન્ન રહે છે. સમજાણું કાંઈ? સિદ્ધમાં પણ અનંત પરમાત્માની પર્યાય ભિન્ન-ભિન્ન પોતાનો અનુભવ છે ત્યાં. કોઈ ચીજ એક થઈ જાય એમ ત્રણકાળમાં બનતું નથી. સમજાય છે કાંઈ?

કહે છે, તેરમા ગુણસ્થાનવર્તી આત્મામાં... આત્મા.. જ્ઞાનાદિ ગુણો સર્વદેશ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એમ કે ચંદ્રમાનો બીજ ઊગે છેને, તો ચંદ્રમાનો એક ભાગ થોડો ખૂલ્લો હોય છે થોડો. એમ સમકિતમાં અસંખ્ય પ્રદેશમાં અનંતગુણનો એક અંશ અસંખ્ય પ્રદેશમાં ખુલ્લો થાય છે કે સર્વ આત્મપ્રદેશમાં ખુલ્લા થાય છે? શું કહ્યું?

**શ્રોતા** :- આ તો બધા પ્રદેશમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધા પ્રદેશમાં ખુલ્લા થાય છે. ચંદ્રનો જેટલો દૃષ્ટાંત અહીંયા મેળવવો નહિ. એકદેશ લેવું. ચંદ્રમાનો બીજ છે એ તો એક અંશમાં ખુલ્લો છે. બાકી તો ઢંકાઈ ગયો

છે. એમ સમકિત થાય છે તો અસંખ્ય પ્રદેશમાં એક પ્રદેશના અંશમાં સમકિતની નિર્મળતા છે એમ નથી. સમજાણું કાંઈ? એની ચર્ચા ઘણી થઈ હતી. જળબિંદુ જેમ નાનું છે... એમ સમકિત છે એ અસંખ્ય પ્રદેશમાં .. અને .. ઢંકાઈ ગયો છે. એમ છે? એમ નથી. દૃષ્ટાંત એમ ન મળે. ચંદ્રમાના બીજનો દૃષ્ટાંત અહીંયા ન મળે.

અસંખ્ય પ્રદેશમાં સર્વ ગુણની એક અંશતા પ્રગટ આખા અસંખ્ય પ્રદેશમાં વ્યાપે છે. કહો, મનસુખભાઈ! સમજાણું કે નહિ આ? એ ત્યાંના પંડિત છે પાલેજના. કોઈ મળે નહિ, પછી કહે છેને ઓલા એકલો .. એ પંડિત અમારે ત્યાંના. પાલેજના પંડિત. પણ બહુ અભ્યાસ ન હોય તો પછી પંડિતમાં ઓલો વિશ્વાસ કરી શકે નહિ, સમજી શકે નહિ. સમજાણું કાંઈ? કહે છે, કેટલો ખુલાસો કર્યો જુઓ! તું એમ કહે છે કે જેમ ચંદ્રમાનો એક ભાગ નિર્મળ થયો. એમ આત્માના અસંખ્ય પ્રદેશમાં થોડા પ્રદેશ નિર્મળ છે એમ છે? એમ નથી. સર્વ પ્રદેશ અંશે નિર્મળ છે. આહા..હા...! ચીજ એવી છે, એની સત્તા એવી છે, એનું અસ્તિત્વ એવું છે. સમજાણું કાંઈ?

તો અહીંયા વિભુત્વ કહે છે. '**સર્વ ભાવોમાં વ્યાપક...**' ભાષા એવી છે જુઓ. એ .. ગુણ વ્યાપક છે. '**સર્વ ભાવોમાં વ્યાપક...**' વ્યાપક સમજ્યા? પ્રસરેલો, ફેલાયેલો. '**એવા એક ભાવરૂપ...**' પાછો ભાવ એક. સર્વ ગુણમાં એક ગુણ વ્યાપક થયો એવી એક વિભુત્વ શક્તિ. શક્તિ વિભુત્વ એક છે, પણ એ શક્તિમાં .. સર્વ.. '**(જેમ કે, જ્ઞાનરૂપી એક ભાવ સર્વ ભાવોમાં વ્યાપે છે.)**' લ્યો! ભગવાન આત્મા દ્રવ્યમાં જ્ઞાન, ગુણમાં જ્ઞાન, પર્યાયમાં જ્ઞાન. તો વિભુત્વશક્તિ પણ સર્વ ગુણમાં વ્યાપક છે. તો એક જ્ઞાન છે દ્રવ્યમાં ત્યાં અનંતગુણ છે અને અનંતગુણ દ્રવ્યરૂપ ત્યાં છે. ગુણરૂપે એક છે ત્યાં સર્વ ગુણ છે. પર્યાય છે ત્યાં સર્વ પર્યાય છે. આખા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એક ગુણ વ્યાપકરૂપે વર્તે છે. એના એક ગુણનું ક્ષેત્ર જુદું છે, બીજા ગુણનું ક્ષેત્ર જુદું છે એમ નથી. તેને અહીંયાં દ્રવ્ય-ગુણ-પર્યાય પવિત્ર અને સમ્યક્ થયું તો તેમાં આખા દ્રવ્ય-ગુણ-પર્યાય એક લક્ષમાં આવ્યું કે આટલો આત્મા છે એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ સમ્યગ્જ્ઞાન અને એમાં સ્થિરતા થઈ એટલું સમ્યક્ચારિત્ર. કહો, સમજાણું કાંઈ? તેને અહીંયા મોક્ષમાર્ગ કહે છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી પ્રવચનસાર, ગાથા-૪૭, પ્રવચન નં.૪૪, તા.૧૯-૨-૧૯૭૯ (૧૮)

'પ્રવચનસાર', ૪૭ ગાથા. '**હવે ફરીને પાછા,...**' એટલે શું (કહે છે)? પહેલા ક્ષાયિક જ્ઞાન, કેવળજ્ઞાનનો અધિકાર કહ્યો હતો. પણ વચ્ચે ૪૫-૪૬ (ગાથામાં) એમ કહ્યું ને? કે, અરિહંત ભગવાન સર્વજ્ઞને જે સર્વજ્ઞપણું પ્રગટ્યું છે, એ કાળે એને પૂર્વની પુણ્યની પ્રકૃતિ છે તે ઉદય આવી છે. એ ઉદયથી એનું હાલવું—ચાલવું થાય છે. પણ એ મોહ અને રાગ, દ્વેષનો અભાવ હોવાથી તેને બંધનું કારણ નથી. તેમ બધાં પ્રાણીને શુભાશુભ ભાવથી રહિતપણું છે, એમ નથી. આહા..હા...!

જેમ સર્વજ્ઞ વીતરાગને તો દેહાદિની ક્રિયાથી કે બોલવા, ચાલવાના વિહારથી બંધ છે નહિ. એ તો પુણ્યનું ફળ છે એ ખરી જાય છે. આ..હા..હા...! એથી એને મોહનો શુભાશુભ ભાવ નથી. બોલે તો એને રાગ નથી, હાલે તો એને ઈચ્છા નથી, આહા..હા...! તેથી તેનું હાલવું, બોલવું, ચાલવું બધું મોહભાવના અભાવને લઈને બંધના અકારણભૂત છે અને ક્ષાયિકભાવના કારણભૂત છે. એટલો (પૂર્વ કર્મના ઉદયનો) ક્ષય થતો જાય છે ને! (એટલે ક્ષાયિકભાવના કારણભૂત કહ્યું), આહા..હા...! અંદર જે-જે ઉદય છે તે-તે સમયનો આવીને ખરી જાય છે. છે એ ઔદયિક ક્રિયા, પણ ખરી જાય છે તેથી એને 'ક્ષાયિક' કહેવામાં આવે છે. અરે...! આવી વાતું હવે... એ વાત વચ્ચે નાખી.

'**હવે ફરીને પાછા,...**' (એમ કહીને) ચાલુ વિષય—કેવળજ્ઞાનનો, સર્વજ્ઞનો વિષય ફરીને લ્યે છે. '**(ચાલુ વિષયને) અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને,...**' (અર્થાત્) અતીન્દ્રિય જ્ઞાન જે આત્માની પર્યાય, આહા...! (તેને) '**સર્વજ્ઞપણે અભિનંદે છે,...**' સર્વજ્ઞપણે તેને અભિનંદે (છે) તેની પ્રશંસા કરે છે. આ..હા..હા...! (અહીંયાં કહેવાનો) હેતુ એ છે કે, સર્વજ્ઞ પરમેશ્વર જે થાય છે એને એક સમયમાં બધું જાણવામાં આવે છે. પણ તે સર્વજ્ઞ(પણું) પ્રગટ્યું કઈ રીતે? (તો કહે છે કે), ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવ જે ધ્રુવ છે તેને કારણપણે ગ્રહીને પ્રગટ્યું છે. એ પહેલાં આવ્યું છે ને? પહેલાં આવી ગયું છે.

૨૧(મી ગાથામાં) આવી ગયું છે. '**અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે;...**' આ..હા..હા..! એટલે અહીં પરમાત્માનું સર્વજ્ઞપણું બતાવીને એની શક્તિની

અદ્‌ભુતતા છે (એમ બતાવવું છે). પૂર્વે કોઈ વ્રત અને તપસ્યાઓ કરી માટે પ્રગટી, એમ નથી. ખરેખર તો પૂર્વે ક્ષયોપશમ જ્ઞાન હતું તેથી સર્વજ્ઞપણું પ્રગટ્યું, એમ પણ નથી. આ..હા..હા...! એ સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ ધ્રુવ છે, તેનો આશ્રય લઈને (સર્વજ્ઞપણું પ્રગટ્યું છે). આશ્રય (લેવામાં) પણ પર્યાયને કાંઈ પરાધીનતા નથી. શું કીધું?

સર્વજ્ઞસ્વભાવ જે ત્રિકાળ ધ્રુવ આત્મા એનો પર્યાય આશ્રય (કરે છે). '**भूदत्थमस्सिदो**' એમ શબ્દ છે ને? (એટલે) ત્રિકાળ જ્ઞાયકભાવનો આશ્રય. આશ્રયમાં કંઈ પર્યાયને પરાધીનતા નથી. ફક્ત પર્યાય કર્તાપણે, સ્વતંત્રપણે સ્વ તરફ લક્ષ કરે છે. તેથી અંદર ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ (છે) તેને કારણપણે ગ્રહીને કેવળજ્ઞાન થાય છે, એમ કહ્યું. સમજાણું કાંઈ?

એ તો સવારમાં કહેવાણું હતું ને? કે, કેવળજ્ઞાન છે એ લોકાલોકને નિમિત્ત છે. નિમિત્તકર્તા નહિ. અને લોકાલોક કેવળજ્ઞાનને નિમિત્ત છે. 'નિમિત્ત છે' એટલે શું પણ? લોકો 'નિમિત્ત'ની રાડું પાડે છે ને! એક ચીજ છે. લોકાલોક છે તેથી કેવળજ્ઞાન થયું છે, એમ નથી. તેમ કેવળજ્ઞાન એને નિમિત્ત છે, માટે કેવળજ્ઞાનને લઈને લોકાલોક થયું છે, એમ નથી. શબ્દ તો 'નિમિત્ત' કહેવાણો ! આ..હા..હા...!

એમ નીચે(ના ગુણસ્થાને) પણ, આત્મા સર્વજ્ઞસ્વરૂપી ધ્રુવ સ્વભાવ છે, એવી જેણે અંદર પકડ કરી, (અર્થાત્) અસાધારણ ત્રિકાળ જ્ઞાન(ને કારણપણે ગ્રહણ કર્યું) તેને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થાય છે. એ સમ્યક્જ્ઞાન પણ જગતની ચીજને નિમિત્ત છે, આ..હા..હા...! ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ એનો જેણે પર્યાયમાં સ્વતંત્ર કર્તા હેતુથી આશ્રય લીધો... આ..હા..હા...! એને પર્યાયમાં સમ્યગદર્શન, સમ્યક્જ્ઞાન આનંદના સ્વાદ લેતું (પ્રગટ) થાય છે. સમજાય છે કાંઈ? તેને જોગ અને રાગ હોય છે (ખરો) પણ તેમાં તે જ્ઞાન નિમિત્ત છે. અને જોગ ને રાગ ને પરવસ્તુ જે છે તે આ (સમ્યક્)જ્ઞાનમાં નિમિત્ત છે.

'નિમિત્ત'નો આ મોટો ઝઘડો (ચાલે) છે ને! નિમિત્ત છે એટલે કે વસ્તુ છે. સમજાણું? આ 'નિમિત્ત-ઉપાદાન'નો મોટો ઝઘડો છે ને! (નિમિત્ત-ઉપાદાનના) ૪૭ દોહરા છે ને? (તો તેને જોઈને) એક અજીતકુમાર શાસ્ત્રી, પંડિત હતો ઈ કહે કે, '(તેમાં) નિમિત્તે જે દલીલ કરી છે તે સાચી છે. ઉપાદાને દલીલ કરી એ વાત ઉટપટાંગ છે!' અરે.. પ્રભુ!

એમ અહીં જ્યારે એમ કહેવું છે કે, ભગવાનનું સર્વજ્ઞ જ્ઞાન લોકાલોકને નિમિત્ત છે. આ..હા..હા...! એટલે સિદ્ધો, જે સિદ્ધ ભગવાન કેવળી છે ને એને પણ આ સર્વજ્ઞ જ્ઞાન નિમિત્ત છે. અને એ કેવળજ્ઞાનાદિ સિદ્ધો જે છે એ લોકાલોકમાં કહેવાય, એ અહીં કેવળજ્ઞાનમાં નિમિત્ત છે. નિમિત્ત છે માટે એનાથી થયું છે, એ શબ્દ જ નથી, આ..હા..હા...! સમજાય છે કાંઈ?

આ સર્વજ્ઞને સિદ્ધ કરવાનો હેતુ એ છે. વારંવાર સિદ્ધ કરી ગયા છે અને ફરીને પણ કહીશ, એમ કીધું ને? આ..હા..હા...! કે, એ જ્ઞાન કોઈ અલૌકિક છે, બાપુ! એ જ્ઞાન જેને

પ્રગટ્યું છે, એ જ્ઞાન જગતની ચીજમાં નિમિત્ત કહેવાય. અને એ જ્ઞાન પ્રગટ્યું છે એનું કારણ ભગવાન આત્મા સર્વજ્ઞ શક્તિનો પિંડ છે (તે છે). એ કેવળજ્ઞાનની પર્યાય છે એવી તો અનંતી પર્યાયનો (પિંડ) ભગવાન જ્ઞાનગુણ છે. આ..હા..હા...! અને ત્રિકાળી જ્ઞાનસ્વભાવની જે શક્તિ છે એનો આશ્રય લઈને સર્વજ્ઞ થાય છે. સમજાણું કાંઈ? એ વાતે અહીં સર્વજ્ઞને ખૂબ સિદ્ધ કરે છે.

બીજી રીતે (કહીએ તો) સર્વજ્ઞ છે એ ત્રણકાળ ત્રણલોકના પદાર્થને જાણે છે. એટલે કે તેના જ્ઞાનમાં ત્રણકાળના દ્રવ્યની પર્યાય છે, (તે) તેના વર્તમાન (જ્ઞાનમાં) જણાઈ જાય છે. એ ભૂતકાળની અને ભવિષ્યની પર્યાય વર્તમાનમાં ન હોવા છતાં, અસદ્ભૂત હોવા છતાં જ્ઞાન પ્રત્યે તો નિશ્ચય—નિયત છે તેથી તે ભૂતાર્થ છે. આ..હા..હા...!

આવું જ્ઞાન સિદ્ધ કરીને (એ કહેવું છે કે) એ જ્ઞાનની ઉત્પત્તિ સર્વજ્ઞના આશ્રયે થાય છે (એટલે કે સર્વજ્ઞ) સ્વભાવના આશ્રયે થાય છે એમ અહીં સિદ્ધ કરવું છે, એનું તાત્પર્ય (આ છે). એને આ સર્વજ્ઞસ્વભાવ, મોક્ષસ્વભાવ, કેવળજ્ઞાનસ્વભાવ જણાવે છે. સમજાણું કાંઈ? આહા..હા...! લ્યો આવો ધર્મ! ધર્મ કરવો એમાં અમારે આવું (સમજવાનું) શું કામ છે? પણ તને ધર્મ કેમ થાય, એની ક્યાં ખબર છે. આહા...!

ધર્મ (એટલે) 'સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર' એ ધર્મ. એટલે મોક્ષનો માર્ગ. એ થાય કઈ રીતે? એ શું દયા, દાન, વ્રત ને પૂજા, ભક્તિ કરવાથી થાય? એ તો રાગ છે. જેના સ્વભાવમાં જ્ઞાનનું સ્વરૂપ પૂર્ણ ભર્યું છે, એને કારણપણે ગ્રહે ત્યારે તેનું કેવળજ્ઞાનરૂપી કાર્ય થાય. એમાં પણ પ્રશ્ન હતો ને? કે, દ્રવ્ય છે—ધ્રુવ છે એ વળી કારણ કેમ હોય? એમ કહે. એ પ્રશ્ન ઊઠ્યો (હતો). અહીં પર્યાય પોતે તેનો આશ્રય લે છે માટે કારણપણે કહેવામાં આવે (છે). ઘણા પ્રશ્નો (આવી ગયા). અત્યારે મૂળ ચીજની ખબર ન મળે અને બહારથી બધું હાંક્યું.

એટલે (એમ કહે કે), કારણપરમાત્મા છે એ કારણ કેમ થાય? વસ્તુ ધ્રુવ છે એ કારણ કેમ થાય? એમ કહ્યું ને ભાઈએ? (એ) એક વાત. અને કારણ પરમાત્મા છે,... વસ્તુ ધ્રુવ પોતે કારણ ભગવાન જ છે, સર્વજ્ઞસ્વરૂપી એ કારણપ્રભુ જ છે. જો કારણ હોય તો કાર્ય કેમ આવતું નથી? એ બીજો પ્રશ્ન ભાઈનો વારિયાનો (હતો). પહેલો પ્રશ્ન એ કે, તમે દ્રવ્યને કારણ કહો તો કારણ તો પર્યાય હોય, દ્રવ્ય કેમ કારણ હોય? ભાઈ! તને ખબર નથી. એ તો ૨૧(મી ગાથામાં) કીધું ને? 'અસાધારણ જ્ઞાનને કારણપણે ગ્રહીને' એ તો પર્યાય જે છે (તે) તેનો આશ્રય લે છે માટે તેને કારણ કહેવામાં આવે છે, આહા..હા...! આશ્રય લે ત્યારે. (આશ્રય) નથી લેતો ત્યારે તો એને કારણ છે કે નહિ એની એને ખબર પણ ક્યાં છે? આવી વાતું છે. અરે..! આવો વીતરાગમાર્ગ. અરે...! એના વિના જન્મ-મરણ નહિ મટે, પ્રભુ!

ચોર્યાસીના અવતાર... આ..હા..હા...! અહીં રતનને ઢોલિયે સૂતો હોય, અબજો રૂપિયા

દિવસની પેદાશ હોય. અત્યારે છે ને પેલો 'અરબસ્તાન'માં, મુસલમાન રાજા. એક દિવસની અબજની પેદાશ છે, અત્યારે છે. એક દિવસની અબજની પેદાશ. પેટ્રોલ નીકળ્યું... દેશ નાનો. 'ઈરાન'માં તો બીજું છે. એને તો એક કલાકની દોઢ કરોડની ઊપજ છે, એક કલાકમાં દોઢ કરોડની ઉપજ છે. એટલે છત્રીસ કરોડ થયું. પેલો (જે કહ્યો એ) બીજો એક દેશ છે. એને એક દિવસની એક અબજની પેદાશ છે. એ તો પૂર્વના પુણ્યના પરમાણુ હોય એનો એ જાતનો સંયોગ આવે. પણ એનાથી કાંઈ આત્માને લાભ થાય છે? 'એ પૈસા આવ્યા એ મને આવ્યા, (મને) મળ્યા'એમાં (એમ માનવામાં) નુકસાન થાય છે, આ..હા..હા...!

અહીંયાં કહે છે કે, સર્વજ્ઞસ્વરૂપી પ્રભુની અમે ફરીને વાત કરીએ છીએ. કીધેલું છે ઘણું. એ ગાથા કદાચ નાખશે ક્રમબદ્ધવાળા ભાઈ-હુકમચંદજી, આ છે ને ગાથાઓ. કેમકે સર્વજ્ઞસ્વરૂપને સિદ્ધ કરતાં જગતની દરેક પર્યાયો ક્રમસર જે સમયે થવાની તે જ સમયે થાય, આઘીપાછી ન થાય. કેમકે સર્વજ્ઞે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાં આમ જાણી લીધા છે. એટલે આડીઅવળી પર્યાય થાય એવું દ્રવ્યના સ્વરૂપમાં નથી. અને તેથી સર્વજ્ઞ, આડીઅવળી (થયા) વિના જે ક્રમબદ્ધ પર્યાય થાય તેને ભગવાન જાણે છે. એ ક્રમબદ્ધની પર્યાયને કેવળજ્ઞાન નિમિત્ત છે, આ..હા..હા...! અને કેવળજ્ઞાનની પર્યાયવાળું દ્રવ્ય બધાં જ્ઞાનને નિમિત્ત છે. આવી વાતું હવે. એથી સર્વજ્ઞને વધારે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? અને સર્વજ્ઞને સિદ્ધ કરવામાં, જગતના પદાર્થોની ક્રમસર પર્યાય થાય (છે, એમ સિદ્ધ થાય છે). તેથી જીવ જે છે એ રાગનો કર્તા નથી, ખરેખર તે દ્રવ્ય છે તે પર્યાયનો પણ કર્તા નથી એ ત્યાં સિદ્ધ કરવું છે. એ.. જતીશભાઈ! તમારા કરવાના છે ને. આ..હા..હા...! હુકમચંદજી.. કાલે કહેતા હતા, કાલે ઓલા આવ્યા હતા ને, બેલગામવાળા માણસ ઘણા આવ્યા છે, ઈ કહેતા હતા, ભારિલ્લની સાથે અમારે પરિચય છે. કહેતા હતા. એક માણસ હતો. કહો, કીધું, ઉપદેશ અત્યારે દેવાય નહિ. આવ્યા હતા, ૫૦ માણસ હતા. હુકમચંદજી ભારિલ્લ સાથે અમારે સંબંધ છે. એની સાથે વાતચીત થઈ ગઈ છે. એમ કહેતા હતા. બેલગામવળા નહોતા આવ્યા? રાત્રે પ્રશ્ન કરનારો કર્ણાટકનો હતો. રાત્રે નહોતો? આહા..! એને વળી આ સ્થાનકવાસી ને દેરાવાસી ને દિગંબર ને બધા એકમાં આવીને (ભળે એમ હતું).

આ કાંઈ સંપ્રદાય નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે. સર્વજ્ઞ ભગવાને (સર્વજ્ઞપણું) જોયું અને સર્વજ્ઞપણાનો સ્વભાવ (છે) તેને આશ્રયે સર્વજ્ઞપણું પ્રગટ કર્યુ અને સર્વજ્ઞપણું કેમ પ્રગટ થાય? એ ઉપાય એમણે જણાવ્યો. એ તો વસ્તુની સ્થિતિ છે. એ કોઈ પક્ષ અને વાડાની વાત નથી, આહા..હા...! એટલે આ રીતે જ્યાં (માન્યતા) નથી તેની બધાની સાથે એક કરવું, એ કઈ રીતે થઈ શકે? સમજાણું કાંઈ?

અહીં '**ફરીને પાછા,...**' શબ્દ છે ને? '**પ્રકૃતને,..**' એટલે ચાલુ વિષય જે 'સર્વજ્ઞ'નો છે, ચાલુ વિષય 'સર્વજ્ઞ'નો છે. આ..હા..હા...! એને '**અનુસરીને અતીન્દ્રિય જ્ઞાનને સર્વજ્ઞપણે**

અભિનંદે છે (અર્થાત્ અતીન્દ્રિય જ્ઞાન સર્વનું જાણનાર છે એમ તેની પ્રશંસા કરે છે):-'

**जं तक्कालियमिदरं जाणदि जुगवं समंतदो सव्वं।**
**अत्थं विचित्तविसमं तं णाणं खाइयं भणियं।।४७।।**
**સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષમ પદાર્થને**
**યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.**

એક (વાત) વળી એવી મગજમાં આવી કે, જે સર્વજ્ઞ પર્યાય છે એને દ્રવ્ય નિમિત્ત કહેવામાં આવે. એટલે કે એનાથી (કેવળજ્ઞાન) થયું નથી. 'યોગીન્દ્રદેવ'માં આવે છે ને? કે, 'દ્રવ્ય નિમિત્ત અને સંક્લેશ વિકારી પરિણામ નિમિત્ત' એમાં દ્રવ્ય નિમિત્ત છે. નિમિત્ત એટલે કાંઈ કરતું નથી, એમ અર્થ થાય છે. આકરું કામ. એમ વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ એ કેવળજ્ઞાન-સર્વજ્ઞના પરિણામને પણ કરતું નથી. ભલે પરિણામે એને—ત્રિકાળી જ્ઞાનસ્વભાવને કારણપણે ગ્રહ્યું, પણ તે પરિણામ દ્રવ્ય કરતું નથી, પરિણામ પરિણામને કરે છે. અરે...! આવી વાતું. સમજાણું કાંઈ? આ (તો) શાંતિના માર્ગ છે, બાપા! આહા...!

નિશ્ચયથી દ્રવ્યથી પરિણામ સર્વથા ભિન્ન છે. એને લઈને (તે કારણે) સર્વથા ભિન્ન છે તેને દ્રવ્ય શું કરે? આ..હા..હા...! દ્રવ્ય શું કરે? એ.. ચેતનજી! આ..હા..હા...! વીતરાગ ત્રિલોકનાથ પ્રભુનો માર્ગ કોઈ અલૌકિક છે!! અરે..રે...! સંપ્રદાયમાં જન્મ્યા તેને પણ સાંભળવા મળે નહિ, શું સત્ય છે? અને સત્યનું પરિણામ શું આવે? (તેની ખબર ન મળે) આહા..હા...! અરે..! જીવન તો ચાલ્યા જાય છે, એકલો જાશે. દૃષ્ટિની ખબર નહિ અને વસ્તુની સ્થિતિની (ખબર નહિ એટલે) ચાર ગતિમાં એકલો રખડશે, આહા...! સમજાણું કાંઈ? આહા..હા...!

'સોગાની'એ તો એક (વાત) એમ પણ કહી છે કે, 'અંતે તો તું એકલો થવાનો છે ને! (તો) અત્યારથી એકલો થા ને!' એવું ક્યાંક (આવે) છે. આ..હા..હા...!

આ પ્રભુ ચૈતન્યમૂર્તિને રાગ સાથે સંબંધ નથી. એ દ્રવ્ય છે તે રાગનો પણ કર્તા નથી, આ..હા..હા...! અને નિશ્ચયથી તો—પરમાર્થ દૃષ્ટિએ તો ભગવાન ધ્રુવ છે એ પરિણામનો પણ કર્તા નથી. કેમકે એ સર્વજ્ઞની જે પર્યાય છે એ કર્તા, કર્મ, કરણ આદિના ષટ્કારકથી એ પરિણતિ ઊભી થાય છે, દ્રવ્યને કારણે નહિ, આ..હા..હા...! આવું વીતરાગસ્વરૂપ એવું ઝીણું (છે), બાપુ!

'પંચાસ્તિકાય સંગ્રહ'ની ૬૨ ગાથામાં કહ્યું ને? વિકારના પરિણામ જે છે, મિથ્યાત્વના-વિપરીત શ્રદ્ધાના જે પરિણામ છે અને રાગ-દ્વેષના (પરિણામ છે), એ પરિણામનો કર્તા પણ પરિણામ (છે), પરિણામનો કર્તા દ્રવ્ય નહિ. આ..હા..હા...! એ મિથ્યાત્વ, રાગ-દ્વેષના પરિણામનો કર્તા પરિણામ, પરિણામનું કાર્ય પરિણામ, પરિણામનું સાધન પરિણામ, પરિણામ માટે પરિણામ કર્યું, પરિણામથી પરિણામ થયાં, પરિણામને આધારે પરિણામ થયા, દ્રવ્યના

આધારે નહિ, દ્રવ્યથી નહિ, આ..હા..હા...! ભાઈ...! ત્યારે આ સર્વજ્ઞસ્વભાવ પણ નિશ્ચયથી જુઓ (તો) પ્રભુ! આ..હા..હા...! વ્યવહારથી ગમે તેટલી વાતું આવી હોય (કે), પૂર્વે મોક્ષમાર્ગ હતો ને એને લઈને કેવળ થયું અને દ્રવ્યને આશ્રયથી થયું. પૂર્વની પર્યાયથી થાય, એ કાઢી નાખીએ. (અર્થાત્) ઉત્પાદ્‌ની અપેક્ષાએ કેવળજ્ઞાનનો ઉત્પાદ્ થયો એને પૂર્વના કોઈ વ્યયની અપેક્ષા નથી, તેને નિમિત્તની અપેક્ષા નથી, તેને ધ્રુવની અપેક્ષા નથી. આ..હા..હા..હા....! આ તે કાંઈ વીતરાગનું તત્ત્વજ્ઞાન બહુ ઝીણું, ભાઈ! આ..હા..હા...! આ રીતે અંદર ધ્રુવની નજરું કર્યા વિના, જે કંઈ ક્રિયાકાંડના લાખો-કરોડો ક્લેશ કરે, અરે...! જ્ઞાનનો ક્ષયોપશમ ગમે એ જાતનો કરે, એથી કંઈ આત્મા નહિ પામે. જ્ઞાનનો ક્ષયોપશમ વિશેષ થાય તેથી જાણે મને જ્ઞાન થયું (એમ માનીને) એવું અભિમાન વધતું જાય. આ..હા..હા...!

**શ્રોતા :—** મૂળ પાયાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ મૂળ વાત છે, બાપા! આ..હા..હા...! એ વસ્તુ જ પોતે ભગવાન, ત્રિકાળી આનંદકંદ નાથ એ ચીજ પોતે તો પડી છે, બસ! પણ વર્તમાન પરિણામ તેનો આશ્રય લે તે પણ સ્વતંત્રપણે લે (છે). દ્રવ્યના દબાણથી લે છે, એમ નથી. સમજાણું કાંઈ? અને એનો આશ્રય લીધો માટે દ્રવ્યએ એની મદદ કરી, (એમ નથી). આરે..આરે.. આવી વાતું! એ પરિણામ પોતે જ ષટ્કારકરૂપે પરિણમતાં અવસ્થા ઉત્પન્ન થાય છે. તેથી કરીને દ્રવ્યને નિમિત્ત કહેવાય. 'નિમિત્ત'નો અર્થ કે, એ કરતું નથી, એમ. ભાઈ! આ તો નિમિત્તનો પણ ખુલાસો થાય છે. 'નિમિત્ત'... 'નિમિત્ત' જ્યાં આવે માટે નિમિત્તે કર્યું, (એમ નથી). એ તો (ત્યાં બીજી) વસ્તુ (હાજર) છે, એમ જણાવ્યું, બસ! આ..હા..હા...!

**શ્રોતા :—** નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો બે પર્યાય વચ્ચે હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** (હા), પર્યાય સાથે છે ને, દ્રવ્ય સાથે શું છે? પર સાથે નિમિત્ત (નૈમિત્તિક) સંબંધ (કહેવું), એ પણ વ્યવહાર છે. દ્રવ્ય સાથે તો (નિમિત્ત-નૈમિત્તિક સંબંધ) છે જ નહિ, પણ પર્યાયની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ (કહેવો) એ પણ વ્યવહાર છે. આવી વાતું. સમજાણું કાંઈ? આહા..હા...! આવો માર્ગ છે.

ટીકા, ૪૭ (ગાથાની) ટીકા. લ્યો! આ ૪૭ નય, ૪૭ શક્તિ, ૪૭ (નિમિત્ત-ઉપાદાનના દોહરા આવે છે તેમ) આ ૪૭ ગાથા આવી. આ..હા..હા...! '**ક્ષાયિક જ્ઞાન,...**' અહીંથી ઉપાડ્યું છે, લ્યો! '**ક્ષાયિક જ્ઞાન,...**' આ..હા..હા...! એ ક્ષાયિક જ્ઞાન કર્મનો ક્ષય થયો માટે થયું, એ તો જણાવવા માટે છે. બાકી ક્ષાયિક જ્ઞાન પોતાની પર્યાયની તાકાતથી ઉત્પન્ન થયું છે, આહા...! છતાં નિમિત્તથી સમજાવશે. '**ક્ષાયિક જ્ઞાન ખરેખર એકી વખતે જ,...**' એકી કાળે જ '**સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી),...**' આ..હા..હા...! એક વાત (કરી). ક્ષયોપશમજ્ઞાન છે એ અમુક પ્રદેશેથી (થાય) છે. અમુક પ્રદેશથી છે, અસંખ્યપ્રદેશથી (થાય) છે, એમ નથી. અને આ (ક્ષાયિક જ્ઞાન) તો સારા અસંખ્ય પ્રદેશથી (થાય), આ..હા..હા...!

અહીં જુઓ ને અહીં ક્ષયોપશમ છે, એ ભાવેન્દ્રિયનો એ જાતનો ક્ષયોપશમ છે ને! એનાથી ત્યાં જાણે છે. એમ (જેને ક્ષાયિક જ્ઞાન થયું છે એવા) આત્માને એમ નથી. '**એકી વખતે જ સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી),...**' છે? ઝીણી વાત છે, ભાઈ! આ (કંઈ) વાર્તા નથી, આ..હા..હા...! 'સર્વ આત્મપ્રદેશથી' એટલે અસંખ્ય પ્રદેશથી. '**તત્કાળ વર્તતા કે અતીતઅનાગત કાળે વર્તતા,...**' (અર્થાત્) વર્તમાન જગતના દ્રવ્યોની પર્યાય અને દ્રવ્ય, ગુણ (એ તત્કાળ વર્તતા). અને અતત્કાળ (એટલે) અનાગત—જે વસ્તુમાં પર્યાય થઈ નથી અને થઈ ગઈ એ બધી અતીત અને અનાગતની પર્યાયને (એકી સાથે જાણે છે). છે (પાઠમાં)? 'તત્કાળ વર્તતા' એક. 'અતીતઅનાગત કાળે વર્તતા' બે. એમ થઈને ત્રણ થયાં.

જગતમાં વર્તમાનમાં જે દ્રવ્યોની પર્યાયો વર્તે છે(એ) એક (વાત થઈ). અને અતીત-ગયા કાળની વર્તતી પર્યાયો(એ) બે (વાત થઈ) અને ભવિષ્યમાં-અનાગતમાં થનારી પર્યાયો(એ) ત્રણ (થયાં). એ ત્રણે '**કાળે વર્તતા સમસ્ત પદાર્થોનેકે જેમનામાં પૃથક્પણે વર્તતાં,...**' આ..હા..હા...! (પૃથક્પણે વર્તતાં એટલે) 'દ્રવ્યોનાં ભિન્ન ભિન્ન વર્તતાં એવાં નિજ નિજ લક્ષણો...' (અર્થાત્) દરેક દ્રવ્યોનું ભિન્ન ભિન્ન નિજ લક્ષણ છે, આ..હા..હા...! દરેક આત્મા, દરેક પરમાણુ આદિ છએ દ્રવ્ય ભિન્ન છે ને. 'દ્રવ્યોના ભિન્ન ભિન્ન વર્તતાં એવાં નિજ નિજ લક્ષણો તે દ્રવ્યોની લક્ષ્મી-સંપત્તિ-શોભા છે.' આ..હા..હા...!

ક્ષાયિક જ્ઞાન...! આહા..હા...! જેની પર્યાયની આટલી તાકાત એના દ્રવ્યસ્વભાવનું શું કહેવું!! આ..હા..હા...! દ્રવ્યસ્વભાવ અંદર મોટો ગંભીર દરિયો પડ્યો છે. આ..હા..હા...! અનંત ચૈતન્ય રત્નાકરનો મોટો ખજાનો પડ્યો છે!! આ..હા..હા...! જેની ક્ષાયિક પર્યાય ઉત્પન્ન થઈ અને બીજે સમયે એનો નાશ થઈને બીજે સમયે બીજી ઉત્પન્ન થાય, એવી એવી ક્ષાયિક જ્ઞાનની પર્યાયનો તો દરિયો ભગવાન છે!! આ (ક્ષાયિક જ્ઞાન) તો એક જ સમયની પર્યાય અને અંદર વસ્તુ છે સર્વજ્ઞસ્વભાવ એ તો અનંતી પર્યાયનો સાગર છે!! આ..હા..હા...! અહીં સમજાય એટલું સમજવું, અહીં આવી વાત નીકળતાં... ઝીણી અહીં ન નીકળે તો પછી કાઢવી ક્યાં? આ..હા..હા...!

'**સર્વ આત્મપ્રદેશથી**' એક વાત. '**તત્કાળ વર્તતા અને અનાગત વર્તતા**' હોં..! '**અતીતઅનાગત કાળે વર્તતાં,...**' ('વર્તતાં' એમ કહ્યું છે!) આ..હા..હા...! જ્ઞાનીના જ્ઞાનમાં તો અતીત કાળ અને ભવિષ્ય કાળ વર્તતા, વર્તમાનમાં જ પ્રત્યક્ષ જણાય છે. એ તો પહેલાં આવી ગયું હતું કે, ભૂત(કાળ)ની અને ભવિષ્ય(કાળની) પર્યાયો અસદ્ભૂત છે. અત્યારે આમ પર્યાય નથી. છતાં કેવળજ્ઞાનની અપેક્ષાએ તો નિયતનિશ્ચય છે, વિદ્યમાન છે. શું છે આ તે!!

ભાઈ! તારો જ્ઞાનસ્વભાવ! એની તો શું વાત કરવી પણ એની એક સમયની પર્યાયમાં એની શું વાત છે!! એવી વાત છે, (એમ) કહે છે. આ..હા..હા...! પણ માણસને અત્યારે

નિર્ણય કરવાના ટાઈમ ન મળે, ધંધાપાણી...! હેરાન થઈ થઈને હાલ્યા જશે અને ચોર્યાસીના અવતારમાં ક્યાંય (ચાલ્યા જશે). આ સમ્યગ્દર્શનનો જો નિર્ણય ન થયો (તો) એ રઝળવાના રસ્તા પ્રભુ નહિ મૂકે. એ માટે પ્રભુનો પોકાર છે. આહા..હા...! તું સર્વજ્ઞ સ્વભાવને જાણ અને સર્વજ્ઞ સ્વભાવ કેમ પ્રાપ્ત થાય તેને જાણ. આહા...! તને જન્મ-મરણ નહિ રહે, પ્રભુ! સર્વજ્ઞને જેમ જન્મ-મરણ નથી... આ..હા..હા...! એમ સર્વજ્ઞનો પર્યાય જાણ અને એ પર્યાય કેમ પ્રગટ્યો એને જાણ તો તને પણ સમ્યક્જ્ઞાન થતાં ભવભ્રમણ નહિ રહે. આ..હા..હા...! સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે) '**વર્તતા સમસ્ત પદાર્થોનેકે જેમનામાં,...**' 'જેમનામાં' એટલે બધાં દ્રવ્યોમાં. '**પૃથક્પણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મી,...**' (અર્થાત્) પોતપોતાના દ્રવ્યના લક્ષણરૂપ લક્ષ્મી. (લક્ષ્મી) એટલે શોભાથી '**આલોકિત,...**' છે. '**અનેક પ્રકારોને લીધે વૈચિત્ર્ય પ્રગટ થયું છે,...**' પદાર્થ વિચિત્ર છે, (એમ કહે છે). ઓ..હો..હો...! એક સર્વજ્ઞ પરમેશ્વર છે એવા અનંત (સર્વજ્ઞ પરમેશ્વર છે). એક પરમાણુ છે, એવા પરમાણુની કાળી, લીલી આદિ અનંતી પર્યાય છે, બીજા પરમાણુની ધોળી આદિ અનંતી (પર્યાય), એવા એવા પરમાણુના દ્રવ્યની ભિન્ન ભિન્નતા. આ..હા..હા...! એક આત્મા નિગોદની પર્યાયમાં છે, ત્યારે એક આત્મા સિદ્ધની પર્યાયમાં છે. આહા..હા...!

(એમ) '**જેમનામાં પૃથકપણે વર્તતાં સ્વલક્ષણોરૂપ લક્ષ્મીથી આલોકિત અનેક પ્રકારોને લીધે વૈચિત્ર્ય પ્રગટ થયું છે અને જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતા,...**' આ બીજો બોલ. '**જેમનામાં પરસ્પર વિરોધથી ઉત્પન્ન થતા અસમાનજાતીયપણાને લીધે,...**' (અર્થાત્) ચૈતન્ય અને અચેતન અસમાનજાતિ છે. છ દ્રવ્યમાં એક (જીવ દ્રવ્ય) ચૈતન્યજાતિ છે, બાકી પાંચ (દ્રવ્યો) અચેતન જાતિ (છે). (ઘણાને તો) હજી છ દ્રવ્યની ખબર ન હોય. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ અને પુદ્ગલ એ પાંચ અજીવ છે અને ભગવાન આત્મા એક જીવ છે. એટલે અસમાનજાતિ છે. (અર્થાત્) આત્મા અને જડ અસમાનજાતિ છે, એક જાત નથી.

એ '**અસમાનજાતીયપણાને લીધે વૈષમ્ય પ્રગટ થયું છે,...**' (ઉપર પહેલાં બોલમાં) 'વૈચિત્ર્ય પ્રગટ થયું છે' એમ કીધું, ભાઈ! (દરેક દ્રવ્યના) ભિન્ન ભિન્ન લક્ષણોને લઈને વિચિત્રતા પ્રગટ થઈ છે, આહા..હા...! અને પરસ્પર વિરુદ્ધ અસમાનજાતીપણાને લીધે 'વૈષમ્ય પ્રગટ થયું છે'. આ..હા..હા...! (આવું હોવા છતાં) બધાંને ભગવાન જાણે છે, એમ આગળ કહેશે. આહા..હા...! ભગવાન '**તેમને જાણે છે. (આ જ વાતને યુક્તિપૂર્વક સમજાવે છે :)**' એ તો સામાન્ય વાત કરી. હવે એને એ કેમ થયું? (એ યુક્તિપૂર્વક સમજાવે છે).

'**ક્રમપ્રવૃત્તિના હેતુભૂત,...**' (અર્થાત્) આત્માના જ્ઞાનમાં જે ક્રમે ક્રમે જણાય એવા '**ક્ષયોપશમઅવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્ગલોનો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત**

**અભાવ હોવાથી,...'** નીચલા જ્ઞાનમાં ક્રમે ક્રમે જણાય. (કારણ કે) ક્ષયોપશમ(જ્ઞાન) છે અને જ્ઞાનાવરણીય (કર્મનું) ત્યાં નિમિત્ત છે એથી ક્રમેક્રમે જણાય. (એવા ક્રમપ્રવૃત્તિના) હેતુભૂત ક્ષયોપશમજ્ઞાનમાં '**રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તેને** (ક્ષાયિક જ્ઞાનને) **અત્યંત અભાવ હોવાથી,...'** ક્રમે ક્રમે જાણવું એવો જે ક્ષયોપશમભાવ, એનું કારણ જે જ્ઞાનાવરણીય (કર્મ), તેનો તો ભગવાનને અભાવ થઈ ગયો છે. આ 'મોક્ષતત્ત્વ' છે ને, 'મોક્ષતત્ત્વ' જાણવું પડશે ને? કેમ પ્રગટે? એ તો દ્રવ્યના આશ્રયે પ્રગટે. એ પણ પર્યાય સ્વતંત્રપણે પ્રગટે! આ..હા..હા...!

આશ્રયનો પ્રશ્ન 'સોગાની'ને ઘણો આવ્યો હતો, ભાઈ! 'સોગાની'ને એ આશ્રયનો પ્રશ્ન મોટો આવ્યો હતો કે, 'આશ્રય' (કહેતાં તો) પર્યાય પરાધીન થઈ જાય છે. વાત એની સાચી હતી. બહુ વિચાર્યુ હતું ને, બહુ વિચારક હતાં અને જ્ઞાનનું ભાન ઘણું થઈ ગયેલું! આનંદનો સ્વાદ ઘણો આવેલો!! એમાં એને એમ વિચારમાં આવ્યું કે, પર્યાયને દ્રવ્યનો આશ્રય? તો પર્યાય (પરાધીન થઈ ગઈ). પછી સમાધાન તો થયું કે, એ પર્યાય પોતે છે, એનો આશ્રય લીધો છે એટલે એનો આશ્રય (છે, એમ) કહેવાય છે. બાકી પર્યાય પરાધીન થઈ છે, એમ છે નહિ. લક્ષ ત્યાં (દ્રવ્ય ઉપર) ગયું છે ને! ભગવાન ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પ્રભુ તેની પર્યાયનું લક્ષ ત્યાં ગયું છે, એટલો ફેર પડ્યો એથી દ્રવ્યનો આશ્રય લીધો, એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? આ..હા..હા...!

**શ્રોતા :-** દ્રવ્યથી કાંઈ મદદ ન મળી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય સ્વતંત્ર છે. તેથી પહેલાં કહ્યું, કર્તા, કર્મ, કરણ (પોતાના છે). 'સ્વતંત્રપણે કરે તે કર્તા'. 'કર્તા'ની વ્યાખ્યા શું? સર્વજ્ઞપર્યાય થઈ એ સ્વતંત્રપણે કર્તા (થઈને) કરે છે. એને પરની કોઈ અપેક્ષા હોય તો તે કર્તા નહિ. આ..હા..હા...! જતીશભાઈ! આ તમારી મહાવિદ્યાલયમાં સમજવા જેવું આ છે. ન્યાંથી આવ્યા છે. આહા..! આ 'મહાવિદ્યાલય' છે!! આ..હા..હા...! પ્રભુ જેટલો સત્ય (સ્વરૂપે) છે તેને તે રીતે તું ઓળખ તો ખરો, પ્રભુ! બાકી બધાં થોથાં છે.

(અહીંયાં) કહે છે કે, ક્રમે ક્રમે જાણવાના હેતુ(ભૂત), ક્ષયોપશમ અવસ્થામાં રહેલાં જ્ઞાનાવરણીય કર્મપુદ્‌ગલોનો તો તેને (ક્ષાયિક જ્ઞાનને) અત્યંત અભાવ થઈ ગયો છે. તેથી '**તે તાત્કાળિક કે અતાત્કાળિક પદાર્થમાત્રને સમકાળે જ પ્રકાશે છે;...'** પહેલું 'ક્રમે ક્રમે' હતું ને? (અર્થાત્) ક્રમે ક્રમે જાણવાનો જ્ઞાનમાં ક્ષયોપશમ હતો અને ત્યાં જ્ઞાનાવરણીય (કર્મ)નું નિમિત્ત હતું. એનો તો ભગવાનને અભાવ થઈ ગયો છે. 'એકસાથે' છે ને? 'સમકાળે'. પહેલાં 'ક્રમ' હતું, આમાં 'સમકાળે' બધું જાણે છે, આ..હા..હા...! આવી સંતોની ટીકા.

'**સમકાળે જ,...'** (એમ કહ્યું છે). ક્રમે ક્રમે જાણવાની પર્યાયની પ્રવૃત્તિ ક્ષયોપશમને લઈને હતી અને એમાં જ્ઞાનાવરણીયનું નિમિત્ત હતું. એ બધાંનો નાશ થયો છે. તેથી ભગવાનનું

જ્ઞાન 'સમકાળે જ' (જાણી લે છે). આ..હા..હા...! (કોઈને એમ લાગે કે આ) 'સમકાળે જ' (કહ્યું તે) એકાંત નથી? કથંચિત્ વિષમકાળે અને કથંચિત્ સમકાળે (એમ હોવું જોઈએ). સમ્યક્ એકાંતમાં કથંચિત્ નથી. સમકાળે જ જાણે અને વિષમકાળે ન જાણે, ક્રમે ક્રમે ન જાણે અને સમકાળે જ જાણે તે અનેકાંત છે. આ..હા..હા...! શું થાય પ્રભુ? આહા...!

'સમકાળે જ' શબ્દ છે ને ? '**तुल्यकालमेव**' એ છે ને? '**तुल्यकालमेव**' '**तुल्यकालमेव**' સંસ્કૃત (ટીકામાં) છે. '**तुल्यकालमेव**'. ક્ષયોપશમજ્ઞાનમાં તો ક્રમે ક્રમે જાણે. આચાર્યએ એ પણ કહ્યું છે ને! પહેલાં (૩૩ ગાથામાં) આવી ગયું છે કે, અમે ક્રમે ક્રમે (પરિણમતા) કેટલાક (ચૈતન્યવિશેષો વડે) જાણીએ છીએ. છતાં અમે જાણીએ છીએ ભગવાન આત્માને માટે અમે પણ શ્રુતકેવળી છીએ. ભગવાને એક સમયમાં, એકસાથે આખા આત્માને જાણ્યો અને તે આખા આત્માને જાણ્યો માટે તેને કેવળી કહેવામાં આવે છે. આવી ગયા ને! શબ્દો આવી ગયા છે કે, અમે ક્રમે કેટલુંક જાણવા છતાં અમે આખા આત્માને જાણ્યો છે. છે ને? ૩૩ (ગાથા)! લ્યો, ૩૩ જ નીકળી. આ..હા..હા...! જુઓ!

'**જેમ ભગવાન, યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે, અનાદિનિધન નિષ્કારણ અસાધારણ સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (એકલો, નિર્ભેળ, શુદ્ધ, અખંડ) છે એવા આત્માને,...**' કેવળ, એક, અખંડ ભગવાન છે એવા આત્માને '**આત્માથી આત્મામાં અનુભવવાને લીધે કેવળી છે;...**' પરને જાણવાથી (કેવળી છે), એ પ્રશ્ન અહીં નથી. અંદર અખંડાનંદ પ્રભુ ચૈતન્યબિંબ અભેદ એકને જાણવાથી તે કેવળી છે.

'**તેમ અમે પણ,...**' આ..હા..હા...! '**ક્રમે પરિણમતા,...**' છે ને? '**કેટલાક ચૈતન્યવિશેષો,...**' 'કેટલાક ચૈતન્યવિશેષો' વડે (જાણે છે). બધાં પૂર્ણ વિશેષો તો કાંઈ છે નહિ. '**શ્રુતજ્ઞાન વડે, અનાદિનિધન,...**' પણ જાણીએ છીએ (આત્માને). ભગવાને જે અનાદિનિધનને જાણ્યો તેને અમે જાણ્યો. આ..હા..હા...! અનાદિ-અનંત. નિધન એટલે અનંત. '**અનાદિનિધન નિષ્કારણ અસાધારણ સ્વસંવેદ્યમાન ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે,...**' સામાન્ય હોં..! ત્રિકાળી (સ્વભાવની) વાત છે. '**તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (નિર્ભેળ) છે,...**' એકલો ત્રિકાળ. '**એવા આત્માને આત્માથી આત્મામાં અનુભવવાને લીધે શ્રુતકેવળી છીએ. વિશેષ આકાંક્ષાના ક્ષોભથી બસ થાઓ;...**' (અર્થાત્) હવે વિશેષ ઉઘાડ જ્ઞાન હો ન હો, એની સાથે અમારે કામ નથી. કેવળી ભગવાને એક સાથે અનાદિઅનંત જે પ્રભુ છે તેને જાણ્યો. અમે ક્રમે ક્રમે પ્રવર્તતા કેટલાક વિશેષો વડે (જાણ્યો), પણ જાણ્યો (આત્માને). આ..હા..હા...! સમજાણું કાંઈ? આ..હા..હા...! હવે વિશેષ ક્ષોભથી બસ થાઓ. વિશેષ ક્ષયોપશમથી (બસ થાઓ). અમારે જે કરવાનું હતું, જાણવાનું હતું (તે જાણી લીધું). ભગવાને જે જાણ્યું એને અમે જાણ્યો. ભગવાને ભલે અક્રમે એકસાથે

જાણ્યો, અમે ક્રમે પ્રવર્તતા કેટલાક વિશેષો વડે જાણ્યો. આ..હા..હા...! પણ જેને જાણવો હતો તેને જાણ્યો. (હવે વિશેષ આકાંક્ષાથી) બસ થાઓ! આ..હા..હા...! શું વાત...!! એ.. ચીમનભાઈ! ક્યાંય મળે એવી નથી. (લોકોને) આકરું લાગે છે, (કહે છે) 'સોનગઢ એકાંત છે' કહો પ્રભુ! તમે પણ ભગવાન છો પણ તમને તમારી ખબર નથી. આ..હા..હા...! (એમ કહે છે કે) 'એકલી નિશ્ચયની વાતું (કરે છે), વ્યવહારનો લોપ કરી નાખે છે.' નિશ્ચય છે, વ્યવહારથી નથી એનું નામ 'અનેકાંત' છે. 'નિશ્ચયથી થાય અને વ્યવહારથી થાય' (એમ કહે તો એ) એકાંત છે. લોકોને એ સિદ્ધ કરવું છે કે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આ બધો વ્યવહાર શુભ ઉપયોગ છે એનાથી પણ કલ્યાણ થાય. આહા..હા...!

ઓલા લખાણમાં આવ્યું છે, ભાઈ! હુકમીચંદજીના પત્રમાં. એમ કે ઓલી બાઈ હતી ને, જ્ઞાનમતિ, ત્યાં હસ્તિનાપુર, અહીંના વિરુદ્ધનું પુસ્તક વિદ્યાનંદજીએ લખ્યું હતું ને, ઈ ત્યાં વહેંચતી હશે. આણે ના પડાવી. આવ્યું હતું ને ભાઈ? જતીશભાઈ! ના પાડી, વહેંચશો નહિ. વિરુદ્ધનું કર્યું, પહેલા વિરુદ્ધનું કર્યું છે વિદ્યાનંદજીએ. મારા વિરુદ્ધ અને જુગલકિશોર. દિલ્હીમાં જુગલકિશોર થઈ ગયા ને, એણે એને ભવાભિનંદી કીધા હતા કે આ વિદ્યાનંદજી ભવાભિનંદી જીવ છે. લોકને રંજન કરીને ભવના ભ્રમણમાં રખડવાવાળા છે. અને એનો વિરોધ.. પુસ્તક છપાવ્યા એ ખલાસ થઈ ગયા, હવે નવા છાપવાના છે. છાપામાં એમ હતું કે એ બાઈ જ્ઞાનમતિ ત્યાં વહેંચતી હતી, એને ના પડાવી. સુકુમાર, સુકુમાર કે કોણ? એણે ના પડાવી કે એ પુસ્તક વહેંચશો નહિ હવે. આહા..હા..!

કેમકે પહેલો વિરોધ એણે મારો શું કર્યો? કે '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा**' ('સમયસાર'ની) ચોથી ગાથા છે ને? એનો અર્થ એવો કર્યો હતો કે, કામભોગ—કામ એટલે રાગ અને ભોગ એટલે ભોગવવું. એ રાગનું કરવું ને રાગનું ભોગવવું એ વિષ્ટા સમાન છે. ઈ એને ન ગોઠ્યું. અરે...! ઝેર સમાન છે! તે દિ' તો વિષ્ટા જ કીધી હતી. એ તો શ્વેતાંબરનું 'ઉત્તરાધ્યયન' પહેલું છે (તેમાં) ભૂંડવિષ્ટા કીધી છે. એ લક્ષમાં હતું તો તે આવી ગયેલું. બાકી શુભભાવને તો ભગવાને 'ઝેરનો ઘડો' (કહ્યો છે). એ દયાના પરિણામ, ભક્તિના પરિણામ, પંચ મહાવ્રતના પરિણામ એ શુભભાવને તો પરમાત્મા 'ઝેર' કહે છે. તારો અમૃતનો સાગર પરમાત્મા તેનાથી વિરુદ્ધ ભાવને તો અમે 'ઝેર' કહીએ છીએ. એ (કેટલાકને) ન ગોઠ્યું એટલે વિરોધ કર્યો કે, 'એની ટીકામાં (આવો અર્થ) ક્યાંય નથી.' પણ ટીકામાં 'કામભોગ' કીધું એનો અર્થ શું થયો? (કે), રાગનું કરવું ને રાગનું ભોગવવું એવી વાત તો પ્રભુ તેં અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ? પણ રાગના ભાવથી પૃથક્ પ્રભુ છે. આ..હા..હા...! એ રાગની ક્રિયાના—દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી પ્રભુ અંદર ભિન્ન છે. એવી એકત્વ વાત તેં સાંભળી નથી, ત્યાં તો એમ કીધું છે. પરિચયમાં આવી નથી અને અનુભવી નથી. એમ ત્રણ બોલ છે ને? 'શ્રુત, પરિચિત, અનુભૂતા' ભાઈ!

પણ એનો અર્થ વળી બીજાએ એવો કર્યો. વિદ્યાનંદજીનું જે પુસ્તક છે ને સમયસાર, કોણે કર્યું કીધું ઈ? બલભદ્ર. બલભદ્રએ વળી એવો અર્થ કર્યો કે, 'શ્રુત, પરિચિત, અનુભૂતા' 'શ્રુત છે તે દર્શન છે, પરિચિત છે તે જ્ઞાન છે, અનુભૂતા તે ચારિત્ર છે.' ક્યાં હાંક્યું! અરે.. ભગવાન ! શું કરે છે? વિદ્યાનંદજીએ જે સમયસાર છપાવ્યું એમાં આવો અર્થ કર્યો. 'શ્રુત, પરિચિત, અનુભૂતા' (એટલે) 'જ્ઞાન, દર્શન ને ચારિત્ર' આવો અર્થ કર્યો.

અહીં તો 'શ્રુત, પરિચિત. અનુભૂતા' (એટલે) પ્રભુ! તેં રાગની કથા—દયા, દાન, વ્રત, ભક્તિ આદિની કથા તો તેં સાંભળી છે. '**सव्वस्स वि कामभोगबंधकहा**' ત્યાં તો પછી એવો અર્થ કર્યો હતો કે, નિગોદના જીવ જે (હજી) ત્રસમાં (આવ્યા) નથી, એણે આ સાંભળી છે. સાંભળી (છે) એટલે? કે, એને પણ રાગનો અનુભવ છે, આ..હા..હા...! ભાઈ! માર્ગ આવો છે, બાપુ! આહા..હા...! '**सव्वस्स वि**' શબ્દ છે ને ત્યાં? (અર્થાત્) સર્વ જીવોએ એટલે નિગોદના જીવ હજી ત્રસમાં આવ્યા નથી એને પણ (કામભોગની કથા) શ્રુત, પરિચિત, અનુભૂત (છે). એટલે કે, રાગને અનુભવે છે ને! તે અનુભવે છે એટલે રાગનો શ્રવણ અને પરિચય તો થઈ ગયો. અનુભવ છે, ભલે ને સાંભળવા ન મળ્યું હોય. આ..હા..હા...! નિગોદના જીવે પણ રાગનો અનુભવ કરીને એની કથા—એની વાત સાંભળી છે, એણે અનુભવી છે, આહા..હા...! પણ રાગના વિકલ્પથી પ્રભુ! તું જુદો છો. આ..હા..હા...! અરેરે..! તેં સાંભળ્યું નથી! આહા..હા..! તેનો તેં પરિચય કર્યો નથી—રાગ વિનાની ચીજનો તેં પરિચય કર્યો નથી. રાગ વિનાનો ભગવાન છે તેનો અનુભવ કર્યો નથી. તેથી આ રખડી મર્યો છે, બાપુ! આ..હા..હા...!

અહીં તો આપણે આ (વાત) ચાલી ને કે, '**આત્માને આત્માથી અનુભવીએ છીએ**' એ અપેક્ષાએ, એ ભગવાન કેવળી છે, (કેમકે) એ કેવળ આત્માને અનુભવે છે માટે. એમ અમે શ્રુતકેવળી છીએ. ભાવશ્રુતથી કેટલાક વિશેષો ને ક્રમથી જાણીએ પણ આત્માને જાણીએ (છીએ) માટે શ્રુતકેવળી છીએ! આ..હા..હા...! હજી હુકમચંદજી ક્રમબદ્ધમાં કાઢશે. બહુ સારુ કાઢશે. ક્ષયોપશમ બહુ સારો.

અહીં (૪૭ ગાથામાં) કહે છે, આ..હા..હા...! ક્ષાયિક જ્ઞાન '**સમકાળે જ પ્રકાશે છે;...**' ક્ષયોપશમ(જ્ઞાનમાં) તો ક્રમે જાણવું, એવો ક્ષયોપશમભાવનો સ્વભાવ (છે) અને તેમાં જ્ઞાનાવરણીયનું પણ નિમિત્ત છે. અહીં તો જ્ઞાનાવરણીયનો ક્ષય થઈ ગયો છે અને ક્ષયોપશમજ્ઞાનનો પણ અભાવ થઈ ગયો છે, આ..હા..હા...! એવા ભગવાન ક્ષાયિક કેવળી, ક્ષાયિક જ્ઞાની સમકાળે પ્રકાશે છે. આ..હા..હા...! એ એક બોલ થયો.

'**(ક્ષાયિક જ્ઞાન) સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે પ્રતિનિશ્ચિત દેશોની (અમુક નિયત પ્રદેશોની) વિશુદ્ધિ,...**' શું કહે છે? અસંખ્ય પ્રદેશમાં અમુકઅમુક પ્રદેશની શુદ્ધિથી જાણતા હતા. (અર્થાત્) અહીં જેમ આત્માની શુદ્ધિ હોય ને તો ત્યાં તે પ્રદેશથી આમ જાણતા (હતા).

અહીંની શુદ્ધિ હોય તે તેનાથી જાણતા (હતા). એમ '**પ્રતિનિશ્ચિત દેશો,..**' (એટલે) '**(અમુક નિયત પ્રદેશો),...**' (અર્થાત્) અમુક જ નિયત પ્રદેશોની વિશુદ્ધિ (હતી) તેનાથી જાણતા. તે (વિશુદ્ધિ) '**(સર્વતઃ વિશુદ્ધિની) અંદર ડૂબી જતી,...**' સર્વતઃ વિશુદ્ધિની અંદર ડૂબી જતી (એટલે) ભગવાનને તો એ જાતની સર્વ વિશુદ્ધિ (પ્રગટ થઈ) હતી (તેથી) તે (પ્રતિનિશ્ચિત દેશોની વિશુદ્ધિ તેમાં) ડૂબી ગઈ. છે?

'**સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે,...**' '**સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે**' (એટલે) પૂર્ણ રીતે બધા પ્રદેશો વિશુદ્ધ હોવાને લીધે '**પ્રતિનિશ્ચિત,...**' એટલે અમુક પ્રદેશેથી જાણવાની જે વાત છે, એ પૂર્ણ પ્રદેશથી જાણવામાં એ ડૂબી ગઈ, ખલાસ થઈ ગઈ. સમજાણું કાંઈ? અમુક મર્યાદિત પ્રદેશથી તે જાણતા હતા, એ અસંખ્ય પ્રદેશથી જાણવામાં, એ મર્યાદિત પ્રદેશથી (જાણવાની) વાત એમાં ડૂબી ગઈ, નાશ થઈ ગઈ. આહા...! આવી વાતું હવે. છે (અંદર)?

'**સર્વતઃ વિશુદ્ધ હોવાને લીધે,...**' 'સર્વતઃ' (એટલે) બધા પ્રદેશે વિશુદ્ધ હોવાને લીધે. '**પ્રતિનિશ્ચિત,...**' (એટલે) મર્યાદાવાળા પ્રદેશોની જે વિશુદ્ધિ હતી, આ..હા..હા...! તે અંદર ડૂબી ગઈ. શું કીધું ઈ? (ભગવાનને) અસંખ્ય પ્રદેશે સર્વ શુદ્ધિ—વિશુદ્ધિ હોવાને લીધે, (પહેલાં) જે થોડાં પ્રદેશ(ની) વિશુદ્ધિથી (જ્ઞાન) જાણતું હતું, તે જ્ઞાન તેમાં ડૂબી ગયું, નાશ થઈ ગયું. આ..હા...હા...! આવો માર્ગ છે, પ્રભુ! '**(સર્વ આત્મપ્રદેશેથી પણ) પ્રકાશે છે;...**' સમજાણું ?

(હવે કહે છે) '**સર્વ આવરણના ક્ષયને લીધે દેશઆવરણનો ક્ષયોપશમ નહિ રહ્યો હોવાથી તે સર્વને પણ પ્રકાશે છે;...**' આ..હા..હા...! છે? પછી વિશેષ ભાવ છે....

**શ્રી સમયસાર, ગાથા-૫૭,૫૮,૫૯,૬૦,**
**પ્રવચન નં.૧૪૮, તા.૩૦-૦૮-૧૯૭૨**
**(૧૯)**

સમયસાર. ૫૭ ગાથા. '**હવે વળી પૂછે છે કે વર્ણાદિક નિશ્ચયથી જીવના કેમ નથી...**' વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને પુણ્ય-પાપના રાગાદિના ભાવ એ જીવના કેમ નથી? કારણ શું? એમ શિષ્યનો પ્રશ્ન છે. '**તેનું કારણ કહો. તે પ્રશ્નનો ઉત્તર કહે છે :**'

एदेहिं य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो।
ण य होंति तस्स ताणि दु उवओगगुणाधिगो जम्हा।।५७।।

આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;
ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.

જુઓ, આ જીવ-અજીવ અધિકાર છેને? રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, હિંસા, જૂઠ આદિના પરિણામ તેને અહીંયાં અજીવમાં નાખ્યા છે. સમજાણું કાંઈ? શા માટે નાખ્યા છે ઈ વાત કરે છે.

'**ટીકા :- જેમ—જળમિશ્રિત દૂધનો,...**' જળ અને દૂધ '**જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં,...**' જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં. આ વિશેષ ત્યાં કહે છે. પુદ્ગલ પરિણામ તો કહ્યા. અહીં તો એક ક્ષેત્રે અવગાહ સંબંધ છે એથી એક ચીજ બીજી ચીજની થઈ જતી નથી. '**જળ સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં,...**' કોનો? જળ મિશ્રિત દૂધનો. એ દૂધનો જળની સાથે પરસ્પર અવગાહ-એક ક્ષેત્રે રહેવું, આકાશના એક ક્ષેત્રમાં રહેવું એવો સ્વરૂપ સંબંધ હોવા છતાં સ્વલક્ષણભૂત દૂધના ગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી. પણ દૂધનું લક્ષણ જે છે મીઠાશ અને સફેદાઈ વગેરે '**તે વડે વ્યાપ્ત હોવાને લીધે દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે;...**' જળથી દૂધ પોતાના સ્વલક્ષણથી, પોતાની મીઠાશ અને સફેદાઈને કારણે જળથી અધિક નામ ભિન્ન માલૂમ પડે છે. આ તો હજી દૃષ્ટાંત છે. '**તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે...**' જેમ અગ્નિનો ઉષ્ણતાની સાથે તદ્રૂપ સંબંધ છે '**તેવો જળ સાથે દૂધનો સંબંધ નહિ હોવાથી,...**' તેવો જળનો સંબંધ દૂધ સાથે નહિ હોવાથી. આ કારણ લીધું. '**નિશ્ચયથી જળ દૂધનું નથી;...**' ખરેખર એ પાણી—જળ દૂધનું નથી. આહા..હા...!

'**તેવી રીતે—વર્ણાદિક પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે...**' રંગ, ગંધ, રાગ, દયા,

દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધાદિના ભાવ. આહા..હા...! એવા '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામો સાથે...**' એ તો પુદ્‌ગલદ્રવ્યના પરિણામ છે. આહા..હા...! '**મિશ્રિત આ આત્માનો,...**' જેમ જળ મિશ્રિત દૂધનો, એમ '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત આ આત્માનો, પુદ્‌ગલદ્રવ્ય સાથે...**' પહેલા કહ્યું હતું કે પુદ્‌ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત. પછી તેને પુદ્‌ગલદ્રવ્ય જ કહી દીધું. આહા..હા...!

ચૈતન્ય ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે અધિક, એ રાગ અને વર્ણ, રંગ આદિથી મિશ્રિત દેખાતા હોવા છતાં એ પુદ્‌ગલ પરિણામોની સાથે મિશ્રિત દેખાવા છતાં એ પુદ્‌ગલદ્રવ્ય સાથે એમ લીધું છે. એ શુભ-અશુભભાવ એ પણ પુદ્‌ગલ છે એમ કહે છે. પહેલા પુદ્‌ગલના પરિણામ કહ્યું હતું. સમજાણું કાંઈ? પુદ્‌ગલદ્રવ્યની સાથે '**પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ...**' આહા..હા...! જળ અને દૂધ એક ક્ષેત્રે અવગાહ, એક ક્ષેત્રે અવગાહિત થઈને રહ્યા છે એટલી વાત છે. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા, પુણ્ય અને પાપના વ્યવહારરત્નત્રયના રાગથી પણ અવગાહિત દેખાય છે. ચૈતન્ય જ્ઞાયકભાવ ઉપયોગ લક્ષણથી અધિક એવો ભગવાન આત્મા એ રાગના દયા, દાન, વ્રતાદિના પરિણામની સાથે તો અવગાહસ્વરૂપ સંબંધ છે. આહા..હા...! શું કહ્યું? શેઠ! એક જગ્યાએ રહે છે, આકાશની જગ્યામાં. સમજાણું કાંઈ?

અવગાહનો અર્થ આકાશના એક ક્ષેત્રમાં બે દેખાય છે. જેમ જળ મિશ્રિત દૂધ અવગાહ સંબંધમાં સાથે દેખાય છે, પણ સ્વભાવ સંબંધથી ભિન્ન છે. આ દૃષ્ટાંત આપ્યું. એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના વિકલ્પની સાથે અને શરીરના રંગ, ગંધ, રસ, સ્પર્શ સાથે અવગાહ સંબંધ હોવા છતાં એ પુદ્‌ગલ છે. ઓહો..હો..! પહેલા પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા, પછી પુદ્‌ગલ કહ્યું. તેની સાથે ભગવાન આત્માને પરસ્પર અવગાહસંબંધ. પરસ્પર શબ્દ અંદર છેને? પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ. આહા..હા...! પુણ્ય અને પાપના ભાવ અને ભગવાન આત્મા બેય પરસ્પર અવગાહ સંબંધ છે. એક ક્ષેત્રે રહ્યા છે એટલો સંબંધ છે. વસ્તુ એક નથી. આહા..હા...! લોકોને લાગે વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર. કહે છે કે વ્યવહારનો ભાવ જે વિકલ્પ છે એ તો પરસ્પર જ્યાં રાગ છે ત્યાં ભગવાન છે અને ભગવાન છે ત્યાં રાગ છે. એવો પરસ્પર અવગાહ સંબંધ છે. પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ, પરસ્પર અવગાહનસ્વરૂપ સંબંધ. સમજાણું કાંઈ?

શરીર, કર્મ એકક્ષેત્રાવગાહે દેખાવા છતાં જેમ એ અજીવ છે, ભગવાન આત્મા ચૈતન્યચમત્કાર ઉપયોગસ્વરૂપ છે. એમ પુણ્ય અને પાપના વિકલ્પની વૃત્તિઓ એ પુદ્‌ગલપરિણામ હોવાથી અને પુદ્‌ગલ હોવાથી. આત્માની સાથે એક ક્ષેત્રે આકાશના એક ક્ષેત્રે. ખરેખર તો વિકાર અને સ્વભાવનું ક્ષેત્ર ભિન્ન છે. સમજાણું કાંઈ? આ અવગાહન લીધું છે એ આકાશની અપેક્ષાએ છે. ભાઈ! રાગ, વ્યવહાર ને આત્મા બેય પોતાના ક્ષેત્રની અવગાહ અપેક્ષાએ એમ નહિ. આકાશના ક્ષેત્રની અપેક્ષાએ જ્યાં રાગ છે ત્યાં આત્મા દેખાય છે એ પરસ્પર આકાશની

અપેક્ષાએ અવગાહ સંબંધ છે. સમજાણું કાંઈ? એ આકાશમાં એક ક્ષેત્રે પરસ્પર અવગાહ ક્ષેત્રમાં દેખાય છે. પોતાના સ્વભાવનું ક્ષેત્ર અને રાગનું ક્ષેત્ર તો તદ્દન ભિન્ન છે. એક ક્ષેત્ર ભાવ નહિ, એક ક્ષેત્ર આકાશના અવગાહનમાં રહે છે એટલું બસ. સમજાણું કાંઈ? આહા..હા...! કેટલી વાત કરે છે જુઓને. જીવ-અજીવ અધિકાર છેને?

'**વર્ણાદિક પુદ્‌ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત આ આત્માનો, પુદ્‌ગલદ્રવ્ય સાથે...**' એ શુભ-અશુભ રાગની વૃત્તિઓ ઊઠે છે એ પુદ્‌ગલદ્રવ્યની સાથે જાણન લક્ષણ આત્મા, ઉપયોગ લક્ષણથી લક્ષિત થયેલો આત્મા અને એ વ્યવહારરત્નત્રયના રાગની સાથે એક અવગાહ સંબંધ હોવા છતાં '**સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...**' આહા..હા...! સમજાણું કાંઈ? કહે છે કે પુણ્ય અને પાપના ભાવ તો અજીવભાવ છે. આહા..હા...! એ આત્મા અને એ અજીવભાવની સાથે આકાશના ક્ષેત્રની અપેક્ષાએ એક ક્ષેત્રમાં અવગાહન દેખાય છે છતાં, પોતાના સ્વરૂપના ઉપયોગ લક્ષણથી ભિન્ન આત્મા, એ રાગાદિ દયા, દાન, વ્રતના વિકલ્પથી તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ?

હવે અહીં તો કહે છે કે વ્યવહાર હોય તો નિશ્ચય થાય. આ તો વ્યવહાર હોય તો અજીવ હોય. કહો, ...ભાઈ! ક્યાં ગયા ..ભાઈ? આવી વાત સાંભળવા માણસને મુશ્કેલ પડે છે. શેઠિયાઓને બધું સાંભળવા મળે તો આ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ અને ભગવાન આત્મા એ બે પુદ્‌ગલ અને આત્મામાં એક ક્ષેત્રાવગાહ આકાશની અપેક્ષાએ એક ક્ષેત્રાવગાહ હોવા છતાં એનું ક્ષેત્ર અને આત્માનું ક્ષેત્ર તો ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા...!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવો સંબંધ ... ભિન્ન થયો. સંયોગ .. બે થયા. સમજાણું કાંઈ? આહા..હા...!

ચૈતન્ય ભગવાન પોતાના ઉપયોગ ગુણ દ્વારા. એમ છેને? એ તો જાણન-દેખન ગુણના ઉપયોગ દ્વારા. એ રાગ અને પુણ્ય-પાપનું ક્ષેત્ર આકાશની અપેક્ષાએ એક હોય, પણ પોતાના ક્ષેત્રથી તો એ ભિન્ન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘણું કઠણ પડે છે. અભ્યાસ કે દિ' કર્યો છે? આહા..હા...! કહો, શીખરચંદજી! શું કહે છે? આહા..હા...! તારો પ્રભુ તો જાણન-દેખન ઉપયોગથી રાગાદિ જે પુદ્‌ગલના પરિણામ કહીને પુદ્‌ગલ કહ્યું હતું અને એકક્ષેત્રાવગાહ કહેવામાં આવ્યું હતું, છતાં એનો ઉપયોગ જાણન-દેખન ઉપયોગ લક્ષણ ભાવથી તો ભિન્ન છે. આહા..હા...! સમજાણું કાંઈ? હવે. એવી વાત છે.

શ્રોતા :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુ એક જ છે. અભેદનો અર્થ આવી ચીજ છે.

આત્મા એને કહીએ કે પોતાના જાણન-દર્શન ઉપયોગ દ્વારા લક્ષિત થનારો એ રાગ અને પરિણામ વ્યવહારના એક ક્ષેત્રે અવગાહ, આકાશની અપેક્ષાએ (અવગાહિત) હોવા છતાં. આહા..હા...! જેમ ભગવાન આત્મા રહે છે ત્યાં આ શરીરનું ક્ષેત્ર દેખાય છે. એવી જ રીતે રાગનું એક ક્ષેત્ર દેખાય છે. છતાં... એ આકાશની અપેક્ષાએ. પોતાના જ્ઞાન દર્શનના ઉપયોગભાવની અપેક્ષાએ ભિન્ન ઉપયોગ... છેને? ઉપયોગ ગુણના સ્વલક્ષણભૂત, જાણન-દેખન '**સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે...**' એ તો જાણન-દેખન ગુણ સાથે વ્યાપ્ત છે. એ રાગના પુદ્ગલપરિણામ અને પુદ્ગલની સાથે વ્યાપ્ત નથી. આહા..હા...! સમજાણું કાંઈ? આત્મા વ્યાપક, વિસ્તરનારો અને રાગ અને વિકલ્પ વ્યવહાર એ વ્યાપ્ય, એમ નથી. નવનીતભાઈ! આહા..હા...! ગજબ વાત! આટલા બોલ .. છે. એક તો ભગવાન આત્મા પોતાનો ઉપયોગ જાણન-દેખન લક્ષણથી વ્યાપ્ત હોવાને લીધે '**ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે...**' એમ. એ રાગાદિના પરિણામ પુદ્ગલદ્રવ્યની સાથે વ્યાપ્ય છે, એની અવસ્થા છે. જડની વ્યાપ્ય અવસ્થા. જડ વ્યાપક છે અને એના રાગ-દ્વેષ, દયા, દાન, ભગવાનની ભક્તિ, તીર્થંકરગોત્રનો ભાવ એ અજીવ વ્યાપક છે તો એ પરિણામ એનું વ્યાપ્ય છે. આહા..હા...! સમજાણું કાંઈ?

પોતાનું સ્વરૂપ—ભગવાન આત્માનું સ્વરૂપ જાણન-દેખન ગુણ, ગુણ શબ્દે અહીં પર્યાય દ્વારા લેવું છેને. અહીંયાં તો પર્યાયથી ભિન્ન પડે છેને? ગુણ તો છે પણ ગુણનો ભેદ કરે છે તો પર્યાય ભેદ કરે છે. શું કહ્યું? અહીંયા કહ્યુંને કે '**પુદ્ગલદ્રવ્ય સાથે પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ...**' અવગાહસ્વરૂપ સંબંધ. એકરૂપ સંબંધ નહિ, તાદાત્મ્યસ્વરૂપ સંબંધ નહિ. આહા..હા...! ટીકા પણ કેટલીય કરી છે. પોતાની ચીજ શું છે, શું છે, કેમ છે? એની સંભાળ કદી કરી નહિ. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા પોતાના ઉપયોગ ગુણ દ્વારા, જાણન-દેખન સ્વભાવના ઉપયોગ ગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી, એની સાથે વ્યાપ્ત હોવાથી. આહા..હા...! '**આત્મા સર્વદ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...**' રાગાદિ વિકારભાવ, વિભાવભાવ એ બધું પરદ્રવ્યમાં નાખી દીધું. કેટલો ફેર કર્યો! પહેલા પુદ્ગલપરિણામ કહ્યા હતા, પછી પુદ્ગલ કહ્યું, પછી સર્વ દ્રવ્યમાં દ્રવ્ય કહીને નાખી દીધું. સમજાણું કાંઈ? આટલી તો સ્પષ્ટતા કરી છે. આહા..હા...!

ભગવાન આત્મા જળમિશ્રિત દૂધ દેખાય છે છતાં જળ અને દૂધનો પરસ્પર એક ક્ષેત્રે અવગાહન આકાશની અપેક્ષાએ હોવા છતાં દૂધત્વ ગુણની અપેક્ષાએ. આહા..હા...! છેને એમાં એ? દૂધત્વગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી. એ પાણીના પર્યાયની સાથે વ્યાપ્ત નથી. આહા..હા...! સમજાણું કાંઈ? દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે. સ્વલક્ષણભૂત દૂધપણું. એમ હોં.

ગુણ લેવો છેને? દૂધ, દૂધનું દૂધપણું. એવા ગુણ દ્વારા દૂધ વ્યાપ્ત હોવાથી જળથી દૂધ બિલકુલ વ્યાપ્ત નથી. એમ ભગવાન આત્મા '**વર્ણાદિક પુદ્ગલદ્રવ્યના પરિણામોની સાથે મિશ્રિત આ આત્માનો,...**' મિશ્રિત આત્મા નામ એક જગ્યાએ બે ભેગા છે એમ દેખાય છે. સમજાણું કાંઈ? રાગ અને આત્મા મિશ્રિત થઈ ગયા છે એમ નથી. સમજાણું કાંઈ? દૂધનો ભાગ ભિન્ન છે અને જળનો ભિન્ન છે. એમ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ અને વિભાવ એનું ક્ષેત્ર ભિન્ન, ભાવ ભિન્ન છે. એ પુદ્ગલનો ભાવ છે. ..દાસજી! આવી વાત છે.

અહીં તો કહે છે કે પરપદાર્થ, પોતાના જ્ઞાનાનંદ સ્વભાવ સિવાય રાગાદિ વિકલ્પાદિ સર્વ પરપદાર્થ એ પુદ્ગલના પરિણામ અને પુદ્ગલ હોવાથી એકક્ષેત્રાવગાહ સંબંધ, અવગાહ સંબંધ આમ એક જગ્યાએ રહેવા છતાં એનો પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ હોવા છતાં, આમ હોવા છતાં '**સ્વલક્ષણભૂત ઉપયોગુણ વડે વ્યાપ્ત...**' એ તો જાણન-દેખન ગુણ વડે વ્યાપ્ત હોવાથી. ભગવાન તો જાણન-દેખન ગુણની પર્યાય, પર્યાયથી લક્ષણનું ભાન થાય છેને? ત્રિકાળી ગુણ તો ગુણ છે જ, પણ એ ગુણ આત્માનો છે એવા ગુણને પર્યાય નક્કી કરે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ઉપયોગગુણ શબ્દ લીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉપયોગગુણનો અર્થ આ.

**શ્રોતા** :- ગુણનો અર્થ પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. ઉપયોગ ગુણથી અધિક છેને? જુઓ, ગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી.

**શ્રોતા** :- ગુણ એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ગુણ શબ્દે ત્રિકાળ ગુણ છે પણ આ ગુણથી વ્યાપ્ત છે એમ પર્યાય નક્કી કરે છે. આ ગુણથી વ્યાપ્ત આત્મા છે એ કોણે નક્કી કર્યું? પર્યાયે. તો પર્યાયથી પણ આત્મા પોતાના ગુણની, જ્ઞાનાનંદની પર્યાયથી વ્યાપ્ત છે. આહા..હા...! સમજાણું કાંઈ? ભારે માર્ગ ઝીણો! લોકોને પછી આ હાથ આવે નહિ અને પછી બહારની ચીજે ચડી ગયા. આહા..હા...!

ભગવાન પૂર્ણસ્વરૂપ પ્રભુ પોતાનો જાણન-દેખન એવો ગુણ એવા લક્ષણ દ્વારા, રાગ અને પુણ્યના પરિણામની સાથે એક ક્ષેત્રે દેખાવા છતાં પોતાના આનંદ અને જ્ઞાનભાવની સાથે વ્યાપ્ત છે, એ રાગની સાથે વ્યાપ્ત નથી. આહા..હા...! કહો, હીરાભાઈ! આવી વાતું ભારે ઝીણી ભાઈ! આ માણસ પછી એમ કહે કે એ બધું સોનગઢનું. અરે! કોનું છે આ?

**શ્રોતા** :- ભગવાનની વાણી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો ભગવાનની વાણી છે. આહા..હા...! બાપુ! તેં સાંભળ્યું નથી, ભાઈ! તેં ભગવાનની વાણીમાં તારો ભગવાન કેવો, ભગવાનજીભાઈ! આહા..હા...!

ભગવાનની વાણીમાં એમ આવ્યું કે તારા જ્ઞાન-દર્શનના ઉપયોગ દ્વારા તું તો વ્યાપ્ત છે. એ રાગ અને વિકલ્પની અંદર તું વ્યાપ્ત નથી. એ દૂધના ગુણથી દૂધ વસ્તુ અભિન્ન છે. એમ ભગવાન જ્ઞાન દર્શનના ઉપયોગ દ્વારા... આહા..હા...! વ્યાપ્ત છે. સમજાણું કાંઈ? પોતાની જાણન-દેખન પર્યાયથી એ વ્યાપ્ત છે.

**'વ્યાપ્ત હોવાને લીધે આત્મા...'** આહા..હા...! કેટલું બે લીટીમાં નાખ્યું છે! અરે! ભાગ્ય વિના આ વાત સાંભળવા મળે નહિ. તારા ઘરમાં શું છે? અને તારા ઘરમાં શું નથી? (એની ખબરું કરી નથી). આત્મા કોને કહે છે? કે એ તો જ્ઞાન-દર્શનથી વ્યાપ્ત આત્મા છે. આહા..હા...! પરમાં કાંઈ પણ મીઠાશ આવી જાય... સમજાણું કાંઈ? શરીરની સુંદરતા, નગ્ન દશા, સ્ત્રીની નગ્ન દશા આવી પણ લક્ષમાં જે એ રાગ આવ્યો તો કહે છે, પ્રભુ! એ તો પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા...! ક્યાં તને મીઠાશ આવી? એમ કહે છે. સમજાણું કાંઈ? ક્યાં તારી અધિકતા સ્વભાવથી બીજામાં અધિક તને લાગી? ઓહો..! ઈન્દ્રાણીને જોતાં જે રાગ થયો એ એનાથી નથી થયો, એ તો પોતાની પર્યાયમાં થયો છે. એ પર્યાયથી આત્મા વ્યાપ્ત નથી. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન જાણન-દેખન પર્યાય દ્વારા વ્યાપ્ત હોવાથી સર્વ પરદ્રવ્યો. આહા..હા...! આવી ટીકા! તીર્થંકરના ગણધર, એમ કુંદકુંદાચાર્યના ગણધર છે અમૃતચંદ્રાચાર્ય. શું કહે છે!

**શ્રોતા :-** ગંભીર રહસ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગંભીર રહસ્ય.

પ્રભુ! તું ક્યાં છે? જ્યાં તું છો ત્યાં રાગનું વ્યાપવાપણું નથી. સમજાણું કાંઈ? જ્યાં તું છો અને જેવો તું છો એમાં રાગનું પ્રસરવું, વ્યાપવું એ તારામાં નથી. તું તો પોતાના જ્ઞાન-દર્શનના ઉપયોગ દ્વારા વ્યાપ્ત એ સર્વ પરદ્રવ્યોથી અધિકપણે. એનો અર્થ પરદ્રવ્યથી પરિપૂર્ણ ભિન્ન. પરદ્રવ્યના સંબંધે રાગ થયો એનાથી દશા હીણી થઈ ગઈ એ નહિ. આહા..હા...! તારી પર્યાયમાં જ્ઞાન-દર્શનમાં વ્યાપ્ત હોવાથી તું પરિપૂર્ણ પરથી ભિન્ન છો. સમજાણું કાંઈ? અધિક કહ્યુંને? ૩૧ ગાથામાં એ લીધું છેને. **'णाणसहावाधियं मुणदि आदं'** જેણે જ્ઞાનસ્વભાવથી રાગભાવથી ભિન્ન જેણે જાણ્યું એ જિન છે. એ પર્યાયમાં જિન થયો. આહા..હા...! દ્રવ્યસ્વરૂપ તો જિન છે જ. આત્મા વસ્તુસ્વરૂપે તો જિન જ છે. એ જિનની નિર્મળ પર્યાય જ્યારે અંદરમાં ઉત્પન્ન થઈ એમાં વ્યાપે છે તો પર્યાયમાં જિન થયો. આહા..હા...! સમજાણું કાંઈ?

અપૂર્વકરણ ને એ પરિણામ આવે છેને? એ બધા પરિણામ મિથ્યાત્વની ભૂમિકામાં છે. આહા..હા...! અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ જે આગમની ભાષા કરી એ તો મિથ્યાત્વની ભૂમિકામાં છે એમ કહે છે. સમ્યગ્દર્શનની ભૂમિકામાં એ પરિણામ નથી.

**શ્રોતા :-** એ તો પુદ્‌ગલના પરિણામ થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એમ જ છે. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ પોતાના ગુણની ધારા જે જાણન-દેખન છે એમાં એ વ્યાપ્ત છે. આહા..હા...! એ શુદ્ધાત્માભિમુખ પરિણામ એ પરિણામમાં આત્મા, પરિણામ દ્વારા આત્મા વ્યાપ્ત છે. રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ પરસ્પર હોં! રાગ સ્વભાવના ક્ષેત્રમાં આકાશની અપેક્ષાએ અને સ્વભાવ રાગના ક્ષેત્રમાં આકાશની અપેક્ષાએ પરસ્પર અવગાહસ્વરૂપ સંબંધ એમ પાઠ છે. પરસ્પર અવગાહસંબંધ એમ નહિ, અવગાહસ્વરૂપ સંબંધ એ તો છે. આહા..હા...!

'**સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...**' જુઓ, અહીં પ્રતીત થાય છે એમ લેવું છે. શું કહ્યું? આવો છે... આવો છે.. આવો છે એકલું એમ નહિ. પોતાનો જાણન-દર્શન ઉપયોગ પરિણામથી આત્મા વ્યાપ્ત, એ સર્વ દ્રવ્યોથી ભિન્ન અધિકપણે જુદું પ્રતીત થાય છે. તેને આત્મા કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ? છે કે નહિ? સામે પુસ્તક તો છે. છે? સ્પષ્ટ છે. પંડિતજી! છે? સ્પષ્ટ છે એમાં. એક જ ગાથાએ બસ છે.

ભગવાનના ભેટા કરવાની એક જ રીત છે. રાગાદિ સર્વ ચીજથી મીઠાશ ઉઠાવીને, એ અજીવની મીઠાશ છે. આહા..હા...! પોતાના સ્વભાવથી ભિન્ન અધિક પોતામાં દેખવું છોડીને રાગાદિ અને પર આદિને પોતાથી એ ઠીક છે, અધિક દેખાવ કરવો એ તો જડનો દેખાવ કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમાં આત્મા વ્યાપ્ત નથી. પૈસા, આબરૂ, શરીર, વિષયવાસના, વિષયનું સ્થાન જે દેહની પર્યાય... આહા..હા...! એ સર્વ પરદ્રવ્ય છે અને પરદ્રવ્યથી પોતાનો અધિકપણે દેખાવ, એ આત્મા એમાં વ્યાપ્યો નથી પણ માને છે કે હું એમાં વ્યાપ્યો છું. સમજાણું કાંઈ?

'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' પંચાસ્તિકાયમાં આવે છે કે એ છ દ્રવ્યના સ્વભાવનું સ્વરૂપ શ્રોતાને સંભળાવવા માટે બનાવ્યું, સંભળાવ્યું. પંચાસ્તિકાયમાં આવે છે. આવે છેને? લોકસ્વભાવ સુણંતં. આ આત્મસ્વભાવ સુણંતં. સમજાણું કાંઈ? તો લોક આત્મા પોતાના જ્ઞાન, દર્શન ઉપયોગ દ્વારા વ્યાપ્ત છે. ઉપયોગમાં વ્યાપ્ત છે. એ આત્મા રાગમાં વ્યાપ્ત નથી. એવી ચીજ ભિન્ન જ રહી છે. એકક્ષેત્રાવગાહ હોવા છતાં ચીજ આ રીતે ભિન્ન જ રહી છે. ભિન્ન રહી છે તો ભિન્નનો ભાસ થાય છે. સમજાણું કાંઈ? એ કાંઈ વાત છે!

**શ્રોતા** :- ધર્મની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધર્મની વાત છે.

'**સર્વ દ્રવ્યોથી...**' પોતાની પર્યાય ગુણાદિથી વ્યાપ્ત હોવાથી, હોવાથી. ભગવાન આત્મા સર્વ દ્રવ્યોથી અધિકપણે પરિપૂર્ણ છે. વસ્તુ પરિપૂર્ણ છે અને પર્યાયમાં પરિપૂર્ણ પ્રતીત થઈ. સમજાણું કાંઈ? પ્રતીતિ પરિપૂર્ણ છે. પ્રતીતિનો વિષય પરિપૂર્ણ છે. સમજાણું કાંઈ? આ ચીજ વીતરાગના ઘરની, આ માર્ગ પરમાત્મા આત્માનો. એ સિવાય લોકરંજન કરે ભાઈ! એમાં તને શું લાભ થયો? તારો આત્મા ઉપયોગથી આનંદમાં આવે છે એ રાજીપો-ખુશીપણું

છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ પણ શલ્ય કઈ રીતે રહે છે એ બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

'**તેથી,...**' '**અધિકપણે પ્રતીત થાય છે; તેથી,...**' આહા..હા...! આવા સિદ્ધાંત અને શાસ્ત્ર વીતરાગની વાણી રહી ગઈ કે જે આત્માને સ્પષ્ટ અને સ્પર્શ કેમ થાય ઈ બતાવે છે. એ આત્મા પોતાના ગુણ દ્વારા વ્યાપ્ત હોવાથી. અહો..! વ્યવહારથી વ્યાપ્ત નથી, શુભરાગથી વ્યાપ્ત નથી તો એનાથી આત્માને લાભ થાય એ ક્યાંથી આવ્યું? અજીવના આશ્રયથી જીવને લાભ થાય (એ ક્યાંથી લાવ્યો?) ભગવાન આત્મા પરિપૂર્ણ આનંદ આદિ જ્ઞાનનો પૂંજ એ પોતાના ઉપયોગના લક્ષણથી વ્યાપ્ત છે. અને એ પરથી ઉપયોગલક્ષણથી પરથી ભિન્ન, રાગાદિથી પણ ભિન્ન એમ અધિકપણે પરિપૂર્ણપણે પ્રતીત થયું, પ્રતીત થાય છે એમ કહ્યું. આહા..હા...! સમજાણું કાંઈ? વર્તમાનકાળ લીધો. અધિકપણે પ્રતીત થાય છે. એકલી વાત નથી કરવી. આહા..હા...! ધન્ય રે ધન્ય! સમજાણું કાંઈ?

ભગવાન પોતાના જ્ઞાનદર્શનથી લક્ષિત, જ્ઞાનદર્શનથી વ્યાપ્ત. '**સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...**' લ્યો! શ્રદ્ધામાં આવો આત્મા આવે છે એમ કહે છે. એ જ્ઞાનની પર્યાયપણેથી .... જ્ઞાનની પર્યાયમાં આવો આત્મા પ્રતીત થાય છે. તેને આત્માનું જ્ઞાન કહે છે, તેને આત્માનું ભાન કહે છે, તેને પરથી ભેદજ્ઞાન કહે છે. '**તેથી, જેવો...**' ઓલો જેમ ભિન્નનો દૃષ્ટાંત આપ્યો હતો. હવે અભિન્નનું દૃષ્ટાંત દે છે.

'**અગ્નિનો ઉષ્ણતા સાથે...**' તાદાત્મ્યસંબંધ '**તાદાત્મ્યસ્વરૂપસંબંધ...**' ભાષા એમ છે. ઓલામાં પણ એમ હતું. અવગાહસ્વરૂપ સંબંધ છે. અરે! અવગાહસ્વરૂપ એ તો છે એમ કહે છે. '**જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપ સંબંધ છે...**' તદ્રૂપ સ્વભાવસંબંધ છે. '**તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ-નહિ હોવાથી,...**' આહા..હા...! એવા રાગાદિ અને રંગ આદિ. રંગ એટલે વર્ણ આદિ. પહેલા વર્ણ છેને? પછી ગંધ, રસ, સ્પર્શ બધું આવે છેને? '**તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી,...**' માન્યતામાં તેં માન્યું છે એ માન્યતા મોહ છે. નિરર્થક છે, પોતાનું પ્રયોજન એમાં નથી. આહા..હા...!

'**વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી,...**' આ કારણે '**નિશ્ચયથી વર્ણાદિક પુદ્ગલપરિણામો આત્માના નથી.**' લ્યો! આ દૃષ્ટાંત પૂછ્યું હતું, એનું કારણ તો દ્યો, કારણ આપોને કે આ કારણે કહ્યું. જળ મિશ્રિત દૂધ દૂધરૂપે રહે છે. મિશ્રનો અર્થ એ થયો. મિશ્રિતનો અર્થ બે થયા. બે ભિન્ન-ભિન્ન છે એને મિશ્રિત કહેવામાં આવે છે. આહા..હા...! એકબીજાનો અંશ ઘૂસી જાય છે એમ નથી. રાગનો અંશ આત્મામાં આવે છે અને જ્ઞાનની પર્યાય રાગમાં આવે છે એમ નથી. સમજાણું કાંઈ? તેથી '**નિશ્ચયથી વર્ણાદિક પુદ્ગલપરિણામો આત્મા નથી.**' લ્યો! આ ઉત્તર આપ્યો. ઓહો..હો..!

'**હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે;...**' વ્યવહાર કહે છે કે આ છે, નિશ્ચય કહે છે કે નથી. એમ '**વ્યવહારનય અને નિશ્ચયનયને**

વિરોધ આવે છે; અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે?' આહા..હા...! બેના ઝઘડા છૂટી જાય એવો અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? આ તો વ્યવહારે છે અને નિશ્ચયે નથી. લ્યો! સમજાણું કાંઈ? વ્યવહારે છે એક ચીજ છે પણ બસ એટલું. નિશ્ચયનય છે, પોતાના સ્વભાવામાં નથી. ત્રિકાળી સ્વભાવનું અવલંબન લે, પરિણમન જે થયું તો એ છે જ નહિ. એનો **'અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે :—'**

पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी।
मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई।।५८।।
तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं।
जीवस्स एस वण्णो जिणेहिं ववहारदो उत्तो।।५९।।
गंधरसफासरूवा देहो संठाणमाइया जे य।
सव्वे ववहारस्स य णिच्छयदण्हू ववदिसंति।।६०।।

નિશ્ચયના જાણનાર બધાને વ્યવહાર કહે છે. આહા..હા...! એટલે કે પર કહે છે. આહા..હા...! ઓલા તો કહે, દસમા ગુણસ્થાન સુધી રાગ રહે છે, ચૌદમા ગુણસ્થાન સુધી ઉદયભાવ. અને તમે કહો છો કાંઈ નથી. અરે! ભગવાન! સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? એ તો જાણવાલાયક પર્યાય કેવી છે ઈ બતાવે છે. આદરવા લાયક જે આત્મા થયો એનાથી તો તે બધા ભિન્ન છે. ભાન થયું ત્યારથી ભિન્ન છે. ભિન્ન ન માને તોપણ ભિન્ન જ છે. આહા..હા...! સમજાણું કાંઈ? બે કદી એક થયા નથી. રાગ અને આત્માની પર્યાય એક કઈ રીતે થાય? એ તો તાદાત્મ્ય અભ્યાસ કર્યો છે એનો. વિભાવનો અભ્યાસ કર્યો છે માટે એક દેખાય છે, એક છે નહિ. આહા..હા...! નિશ્ચય અને વ્યવહારના ઝઘડા. લાવો ચર્ચા કરો. અરે! ભગવાન! તારા આત્મા સાથે કરને પ્રભુ! આ સમય ચાલ્યા જાય છે. અનંતે કાળે નિગોદથી નીકળી મનુષ્યપણું (મળ્યું). આહા..હા...! જરી બોલવાનું સાધન આદિ મળ્યું ત્યાં તને એમ થઈ જાય છે કે આહા..હા...! ઝઘડા.

અહીં તો કહે છે કે ઝઘડો ભગવાનમાં છે જ નહિ. આત્મા ઝઘડાથી વ્યાપ્ત કદી થયો જ નથી. આહા..હા...! 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' અરે! ભગવાન! માંડ ટાણા આવ્યા ટળવાના ભવના અભાવના. ત્યાં વળી ચોંટ્યો કે નહિ, આ નહિ. એ હોય, એ હોય, એ હોય. એના વિના જ્ઞાન થાય નહિ, એના વિના આત્મા જણાય નહિ. વ્યવહાર વિના આત્મા જણાય નહિ. અજીવ વિના જીવ જણાય નહિ એમ થયું કે નહિ? આહા..હા...! મોટી મોટી વાતું કરે. ક્યાં ગયા? આવ્યુંને, તમારું આવ્યું છે જૈનસંદેશમાં. આ શિબિરનું. કોઈ મધ્યસ્થે લખ્યું છે. પ્રચાર ઘણો થયો છે. જરી દોષ પણ કાઢ્યો છે. પણ દોષ બીજી જાતનો. જરી એમ કે ભરબજારમાં આમ ન થવું જોઈએ. એકાંતમાં થવું જોઈએ.

બજારમાં લખ્યું છે કાંઈક ચારે કોર એક બાજુ આ.. એક બાજુ. ગામમાં .. બતાવે. માણસો આવે.

**શ્રોતા :-** વધારે માણસો દાન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લઈ શકે. બહારમાં આવે કોણ? બે વાંક કાઢ્યા છે. અગ્રેસરો આવા હોય, કાર્યકર્તા આવા જોઈએ એવું બધું લખ્યું છે કાંઈક. થોડો તમારો દોષ પણ કાઢ્યો હશે એમાં. તમે કાર્યકર્તા હતાને. આહા..હા...! આમ તો વખાણ કર્યા છે હોં! પ્રચાર બહુ સારો, આ રીતે ધર્મનો પ્રચાર થાય એ પ્રશંસનીય છે. કામ બહુ સારું છે એમ પણ કહ્યું છે. લખાણ તો એવું, વળી પાછું થોડું.

અરે! ભગવાન! આ તો માર્ગ હિન્દુસ્તાનમાં શું આખી દુનિયામાં પ્રચાર કરવા જેવો છે. માર્ગ જ આ છે ત્યાં, ભાઈ! તારા કલ્યાણના પંથને હા તો પાડ. સમજાણું કાંઈ? અરે! ચોર્યાસીના અવતારમાં દુઃખી છો. સર્વ જીવ મજ્જતું આવે છે કે નહિ? આવો ભાઈ! ભગવાન આત્મામાં સ્નાન કરો બધા અને આ સંસારનો મેલ ધોઈ નાખો. સાગમટે નોતરે. સાગમટે નોતરે કહે છે સમજ્યા? સર્વ કુટુંબ સહિત. કોઈ વૃદ્ધ આદિ રોગી હોય અને ન આવી શકે એ જુદી વાત છે. પણ બધાને નોતરું છે, આવો.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોકલ્યો.. વાત સાચી. આવી વાત નાથ તને મળે નહિ. તું ના ન કહે. ઝઘડા ન પાડ ભાઈ! વિકલ્પ ઉઠાવવો એ આત્માને હણી નાખવા જેવું છે. આહા..હા...! એ વિકલ્પ એ પુદ્ગલની પર્યાય. ગજબ વાત છે! સમજાણું કાંઈ? ખરેખર વસ્તુની દૃષ્ટિ અને વસ્તુનો સ્વભાવ જોતા વર્ણાદિ, રંગાદિ પુદ્ગલ પરિણામ આત્માના નહિ એ તો આવી ગયુંને?

હવે વ્યવહારનય અને આ નય કઈ રીતે છે?

**દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'-**
**બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.**
**ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,**
**ભાખે જનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.**
**એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,**
**નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.**

દૃષ્ટાંત આપે છે. **'જેમ વ્યવહારી લોકો, માર્ગે નીકળેલા કોઈ સાર્થને (સંઘને) લૂંટાતો દેખીને, સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી...'** એ સાર્થ માર્ગમાં ઊભા છેને? **'તેનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે' એમ કહે છે,...'** આ માર્ગ લૂટારું છે.

સમજાણું કાંઈ? અમારે ઉમરાળા અને ગારિયાધાર જતાં એક લૂંટારો માર્ગ આવે છે. ઉમરાળા અને ત્યાં એક આવે છે. પાનસડા. આ ઉમરાળાથી ગારિયાધાર જઈએને. પહેલા ક્યાં રેલ ક્યાં હતી? એકો એકો હોયને, એક બળદ. બેસીને જાતા બાર ગાવ. સવારે ચાલે તો સાંજે પહોંચે ત્યાં. એમાં વચ્ચે આવતું નેરુ. લૂંટારું નેરુ કહેતા. પણ ઊંચું નેરું આમ ભેખડી. અને ઊંડું, લાંબુ અને પહોળું. એટલે ચોર લોકો ત્યાં બેસે તો ઓલા ગાડા ઉતરે તો એને દેખાય નહિ. ગાડાવાળાને ત્યાં સુધી દેખાય નહિ. ગાડા ચાલતા હોય તો અંદરમાં બેઠા હોય તેને દેખાય નહિ. અંદરમાં જ્યાં ગાડુ ઉતરે ત્યાં ઓલા ઘેરી લે. સમજાણું કાંઈ? બાર વર્ષ, તેર વર્ષની ઉંમરે નીકળ્યા હતા. અમારી સાથે બીજા હતા એ કહે, આ લૂંટારું છે. રસ્તો લૂંટારો છે એમ કહે. પથરા-બથરા રાખી અને ગાડામાં છોકરા બધા બેઠા હોય એને પણ પથરા આપ્યા હોય કે કોક આવે તો પથરા મારવા. પણ એ ત્યાં પથરા મારે કાંઈ.. પણ આ તો લૂંટારું આ માર્ગ છે એમ કહેતા. સમજાણું કાંઈ? તમારે બરવાળે જતા એવો કોઈ રસ્તો નથી હોં. ઉમરાળાથી ગારિયાધાર જતાં. એ બાર ગાવ થાય બરવાળા. એ આવ્યા હતા .. ૮૧માં. શું?

**શ્રોતા :-** સ્વામીજી શું બોલ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાણું નહિ? એ માર્ગ છેને માર્ગ કહે છેને? માર્ગ છેને રસ્તો. એને જગત લૂંટારો કહે છે. આ છેને પાઠ જુઓ! '**માર્ગે નીકળેલા કોઈ સાર્થને (સંઘને) લૂંટાતો દેખીને,...**' માણસ નીકળ્યો હોય તો એને ચોર લૂંટે. તો એ માર્ગ લૂંટારો છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો અમારો અનુભવ છે નાની ઉંમરમાં. વરસાદનું ટાણું, એક બાજુ વીજળી ઝબકારા મારે અને બાર ગાવ જાવું એમાં વચ્ચે આવે નેરું વટવું લાંબુ. નેરુ સમજો છો? .. હોય ને .. મોટું. જ્યાં સુધી કાંઠો આવે ત્યાં સુધી તો એ દેખાય નહિ અંદરમાં. પછી અંદર જ્યાં જાય ત્યાં ચોર લોકો બેઠા હોય ઈ લૂંટે. લોકો કહે કે લૂંટારો માર્ગ છે ધ્યાન રાખજો. માર્ગ લૂંટારો છે?

'**(સંઘને) લૂંટાતો દેખીને, સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી...**' આ વાત છે. સંઘ ત્યાં ઊભો છેને? માણસ રસ્તામાં ઊભો તો હોયને. '**તેનો ઉપચાર કરીને, 'આ માર્ગ લૂંટાય છે''** આહા..હા...! '**એમ કહે છે,...**' આમ કહે છે. ઓહો..હો..! આચાર્યોને પણ સંસારની બધી વાતની ખબર. '**તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ...**' એ તો આકાશનો અમુક ભાગસ્વરૂપ માર્ગ છે. '**તો કોઈ લૂંટાતો નથી;...**' માર્ગ તો કોઈ લૂંટતું નથી. માણસ લૂંટાય છે. એમ બોલાય છે. એમ બરાબર બોલાય છે હોં! એ લૂંટારો માર્ગ આવ્યો ધ્યાન રાખજો. એમ કહે છે. અમે બાળક હતા ને નાની ઉંમરમાં. ગારિયાધારથી ઉમરાળા જતા હતા. .. તો સાથે આદમી હતા. ધ્યાન રાખજો. માર્ગ એવો આવ્યો છે, લૂંટારો માર્ગ છે. ગાડાને એકદમ હાંકો. ગાડું સમજ્યાને?

બળદને એકદમ હાંકો ઝટ એકદમ ઓલી કોર નીકળી જાવ.

'**એમ કહે છે, તોપણ નિશ્ચયથી જોવામાં આવે તો, જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ તો કોઈ લૂંટાતો નથી;...**' માર્ગ કોઈ લૂંટાતો નથી. '**તેવી રીતે...**' હવે સિદ્ધાંત આપે છે. જરી સૂક્ષ્મ છે. ચાલશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૬૨, પ્રવચન નં.૧૫૨, તા.૦૩-૦૯-૧૯૭૨ (૨૦)

૬૨ ગાથા. 'હવે, **જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય** કોઈ કરે...' રંગ અને રાગ, વિકાર અને જડ એની સાથે આત્માને એકરૂપપણું છે એમ કોઈ આગ્રહ કરે '**તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છે :—**'

जीवो चेव हि एदे सव्वे भाव त्ति मण्णसे जदि हि।
जीवस्साजीवस्स य णत्थि विसेसो दु दे कोई।।६२।।

**આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.**

આહા..હા...! ટીકા. વર્ણાદિમાં રાગ અને ગુણસ્થાન બધું લેવું. આહા..હા...! કેવી વાત કરે છે! જેમ રંગ અને રાગ. શુભાશુભભાવ અને રંગ એટલે જડ આદિ એ ભાવો છે એ '**ક્રમે આવિર્ભાવ (પ્રગટ થવું, ઊપજવું)**...' જુઓ, અહીં તો અનુક્રમ લીધો. ક્રમે ક્રમે ઊપજે અને વિણસે એ સંબંધ પુદ્‌ગલની સાથે જાય છે. આહા..હા...!

**શ્રોતા :—** પણ એ ત્યારે જ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ત્યારે થાય છે એ અપેક્ષાએ વાત છે. નહિતર તો રાગ થાય અને જાય એ તો દ્રવ્યમાં સમાય છે. આહા..હા...! એય..! અહીં એ અપેક્ષા નથી લેવી. રંગની ઉત્પત્તિ અને વ્યય એ તો પુદ્‌ગલ સાથે સંબંધ રાખે છે. હવે રાગ પુણ્ય દયા, દાન, વ્રત, કામ, ક્રોધ આદિ વિકલ્પ છે, એ ભાષા તો અનુક્રમ પડ્યો છે. ક્રમબદ્ધ, ક્રમસર એ રાગની ઉત્પત્તિ અને એનું ઢંકાવું, વ્યય એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા...! સમજાય છે કાંઈ?

એક બાજુ એમ કહેવું કે દ્રવ્ય, શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે. અને કઈ અપેક્ષા છે એ વાત જાણવી જોઈએને. અને રાગ જે થાય અને બીજે સમયે જાય એ સત્ છે. ક્યાં જાય? એ દ્રવ્યમાં ભળે છે. એ વાત અહીંયાં સિદ્ધ નથી કરવી. એ વિકારી પર્યાય... આહા..હા...! અને રંગ, ગંધ, રસ, સ્પર્શનું ઊપજવું એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે એમ કહે છે. સમજાણું કાંઈ? કેમકે જેમ રંગ અચેતન છે એમ રાગ પણ અચેતન છે.

'**વર્ણાદિક ભાવો,...**' રંગ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, સંસ્થાન, રાગ, દ્વેષ, લબ્ધિસ્થાન,

ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન એ બધા ભાવો.. આહા..હા...! ભગવાન અભેદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપમાં એ ક્યાં છે? સમજાય છે કાંઈ? એ ભાવો અનુક્રમે એક તો એ વાત છે. ક્રમે ક્રમે ઊપજે. ક્રમે ઊપજે હોં ઈ પાછું. ક્રમબદ્ધ. જે સમયે રાગનું ઉત્પન્ન થવું થાય એ જ સમયે એનો કાળ હોય છે. અને એનો વ્યય થાય તે પણ એના સમયનો વ્યય તે કાળ જ એનો હોય છે. એ રાગ દયા, દાન, વ્રતાદિ કે વિકલ્પ ઉદયભાવ અહીં તો આખો, પુદ્‌ગલમાં પરિણામિકભાવ... બે .. એક ન્યાયે. પુદ્‌ગલમાં પરિણામિકભાવ અને ઉદયભાવ બે છે. કર્મ છેને કર્મ? ઉદય આવે છેને? જડ હોં! એનો એનો જડ. એનો ઉદયભાવ ગણ્યો છે જડનો હોં! અને એ જડની સાથે આ રાગનું ઉત્પન્ન થવું થાય સંબંધ થઈને અને એ ઉદય જતાં રાગનો અભાવ થાય એ બધો પુદ્‌ગલ દ્રવ્યસ્વરૂપની સાથે સંબંધ રાખે છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ? બહુ ઝીણું છે આ. જેમ ઓલા બીડીયુંમાં પૈસા પેદા થઈ જાય એ તો પુણ્યને લઈને. એ કાંઈ ડહાપણને લઈને થયું નથી.

અહીં તો એ સિદ્ધ કરવું છે... કેવી વાત સિદ્ધ કરે છે! આહા..! એકકોર અવગાહ, એકકોર તે તે બધી અવસ્થામાં વ્યાપે તે. આ વળી ત્રીજી વાત લીધી. ભગવાન આત્મા એમાં તો એ રાગનું જ્ઞાન એનું થાય અને જ્ઞાન થાય અને જ્ઞાનની પર્યાય જાય એવો સંબંધ જીવદ્રવ્ય સાથે રાખે છે. સમજાણું કાંઈ? રાગ જાણેલો પ્રયોજનવાન છેને એ વાત અહીં બીજી રીતે સિદ્ધ કરી છે. રાગ અને રંગ ૨૯ બોલનો ઉકરડો. ઉકરડો સમજો છો? ઢેર, કચરાનો ઢગલો. ભગવાન આત્મા સાથે સંબંધ નથી રાખતા. સંબંધ ત્યાં છે. એ છે ત્યાં સુધી થાય છે. એ નથી તો થતા નથી. એવી શૈલી લીધી છે. ભગવાન આત્મા છે તો થાય છે, તો તો અનાદિ અનંત છે તો અનાદિ અનંત તેને રાગાદિ થવા જોઈએ. સમજાય છે કાંઈ? શુભ અને અશુભરાગ એ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ, ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ, માર્ગણાસ્થાનભેદ એ જીવ હોય ત્યાં થાય તો તો સદાય અંદર રહે જ અંદરમાં. એમ છે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એકરૂપ ચૈતન્યદળ એ રાગ અને રંગને જાણવાની પર્યાય પોતાથી પોતાને લઈને થાય એની સાથે એને તાદાત્મ્ય સંબંધ છે. આહા..હા...! સમજાય છે કાંઈ? પણ એ વ્યવહાર જેને કહે.. સવારે એ આવ્યું હતું કે વ્યવહારરત્નત્રય તો ભવે ભવે કરેલું છે ભાઈ! એ જીવની ચીજ નહિ. એનાથી નિશ્ચય સ્વરૂપનો થતો નથી. સમજાય છે કાંઈ? વ્યવહારથી ખસી અને ચૈતન્ય સ્વભાવિક વસ્તુ ત્રિકાળી દ્રવ્ય એના સમીપમાં જાય તો ચૈતન્યની પ્રસિદ્ધિ થાય. આવું ઝીણું!

એ **'ભાવો, અનુક્રમે આવિર્ભાવ...'** ઉત્પન્ન થવું. રાગનું, રંગનું, ભેદનું ઉત્પન્ન થવું અને.. એ ઉત્પન્ન થવું કે પ્રગટ થવું, **'તિરોભાવ (ઢંકાવું, નાશ થવું)...'** એ રાગ અને રંગની અવસ્થાનો અભાવ થાય અને એ ક્રમે ક્રમે ઉત્પન્ન થાય અને ક્રમે ક્રમે એનો નાશ

થાય. કહો, જેઠાભાઈ! આ ક્રમબદ્ધ સિદ્ધ કર્યું પહેલું. આની સાથે ક્રમબદ્ધ છે. ભગવાન સાથે એનો ક્રમ સંબંધ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અજીવ એવા પુદ્‌ગલની સાથે ઉત્પન્ન અને વ્યયપણું એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. કહો, સમજાણું કાંઈ? અને તે પણ ક્રમે. જે સમયે જ્યાં રાગ અને રંગની પર્યાય થવાની તે સમયે થાય એટલે પૂર્વની અવસ્થા તે જ સમયે વ્યય થાય. આહા..હા...!

**'એવી તે તે વ્યક્તિઓ વડે...'** પ્રગટ દશાઓ વડે. શુભ-અશુભ રાગ અને રંગ આદિ, સંહનન આદિ, ગુણસ્થાન ભેદ આદિ, તે તે પર્યાયો વડે **'(અર્થાત્ પર્યાયો વડે) પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા,...'** એ તો પુદ્‌ગલદ્રવ્ય છે ત્યાં એ થાય છે. આહા..હા...! ત્યારે એ લોકો કહે છે કે નિમિત્તથી થાય છે એમાં શું ફેર પડ્યો? અહીં એવી વાત નથી. અહીં એના શુદ્ધ ઉપાદાનમાં એ નથી. એટલે અશુદ્ધ ઉપાદાન છે એ વ્યવહાર .. સમજાય છે કાંઈ? આહા..હા...! ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ ઉપાદાન સ્વભાવ એમાં અનુક્રમે રાગનું થવું અને રાગનું જવું એવો આત્માની સાથે તાદાત્મ્ય લક્ષણ સંબંધ નથી. પોપટભાઈ! આ બધું ઝીણું છે. એમને એમ થોડીવાર બે દિ' સાંભળે અને પાછા ત્યાં લાદીમાં જાય તો બહુ ધ્યાન રહે એવું નથી. ત્યાં ઓલા છ છોકરા અને પૈસા એટલા બધા. હો..હા..હો..હા.. તમારે એક છે, એને છ છે. ભારે ભાઈ કહે છે. એ બધા શરીરો કે બીજા આત્માઓ, એની પર્યાયમાં જે રાગાદિ થાય અને રંગાદિ થાય એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા...! ભગવાનજીભાઈ! આવી વાત છે. આહા..હા..! ભગવાન આત્માની સાથે સંબંધ રાખે તો તો એ અજીવ છે તે જીવ થઈ જાય. અજીવ વડે જીવનું ગ્રહણ થાય. એમ હોઈ શકે નહિ. આવી વાત કેવી! એ તો ચૈતન્યનો પીંડલો પ્રભુ તો છે, એ તો જ્ઞાનમૂર્તિ પ્રભુ છે. એમાં ઉત્પાદ-વ્યય થાય તો એની જાતના ઉત્પાદ ને વ્યય થાય. પણ આ રાગ ને વિકાર દયા, દાન એ જાત એની નથી. આહા..હા...! સમજાય છે કાંઈ? તારે આત્માની દૃષ્ટિ કરવી હોય તો એ આત્મા રાગ અને વિકાર સાથે સંબંધ રાખતો નથી એવો આત્મા એના ઉપર દૃષ્ટિ કરવા જેવી છે. સમજાણું કાંઈ?

એવી અનુક્રમે પ્રગટ થતી વ્યક્તિઓ અને ઢંકાઈ જતી વ્યક્તિઓ એ **'વ્યક્તિઓ વડે (અર્થાત્ પર્યાયો વડે) પુદ્‌ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા,...'** એ તો પુદ્‌ગલદ્રવ્યનું નિમિત્તપણું અને એવો વિકાર તે તેની સાથે સંબંધ રાખે છે કહે છે. ભગવાન આત્મા સાથે સંબંધ રાખતો નથી. આહા..હા...! એકકોર એમ કહેવું કે ઉદયભાવ એક સમયનો છે. બીજે સમયે વ્યય થાય એ જાય ક્યાં? દ્રવ્યમાં પરિણામિકભાવે થઈ જાય. આહા..હા...! એ તો ભાવ સ્વરૂપ એનું. પણ એ વાસ્તવિક સ્વરૂપ તો એનું જ્ઞાન છે, રાગ એનું વાસ્તવિક સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? આહા..હા...! એ પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, કહે છે કે એને કાળે અનુક્રમે આવે અને જાય એવી વ્યક્તિઓનો સંબંધ પુદ્‌ગલ સાથે છે.

**'પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે—'** એ જાહેર તો આ પુદ્ગલ છે એમ ત્યાં પ્રસિદ્ધ પામે છે એમ કહે છે. આત્મા છે એ પ્રસિદ્ધ પામે છે એમ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ? અનુક્રમે શુભરાગ અને અશુભરાગ એ પણ અનુક્રમે ઊપજે અને અનુક્રમે ઊપજીને અનુક્રમે જ તે વ્યય પામે. જે સમયે ઊપજે તે સમયે વ્યય ન પામે. જે સમયે ઊપજે રાગ કે રંગ એની પર્યાય તે સમયે વ્યય ન પામે. અનુક્રમે બીજે સમયે તેનો ક્રમ હોય ત્યાં એ વ્યય પામે. આહા..હા...! સમજાય છે કાંઈ? આવું ઝીણું, માર્ગ ઝીણો. ઓહો..હો..! એટલે માણસને પહોંચવાને માટે ભારે મુશ્કેલ પડે. વાદ અને વિવાદ ને ચર્ચા.

એક કોર કહે કે ભગવાન આત્મા વ્યાપક છે અને અજ્ઞાનભાવે વિકાર તેનું વ્યાપ્ય છે. આહા..હા...! અજ્ઞાનભાવે. વસ્તુનો સ્વભાવ ક્યાં છે એ? સમજાણું કાંઈ? અને જે વ્યાપ્ય-વ્યાપક હોય તે જ એનો કર્તાકર્મ કહેવાય. એઈ! આહા..હા...! અહીં બીજી રીતે છે. વાસ્તવિક એ આત્મા જેને કહીએ એ તો જ્ઞાનનો પૂંજ, ધ્રુવ ચૈતન્ય ગંજ પ્રભુ છે. ચૈતન્ય જ્ઞાનનું ધોકડું એકલું. એની સાથે સંબંધ રાખીને રાગ ઉત્પન્ન થાય અને રાગ વ્યય થાય એમ બને નહિ. તો અજીવ દ્વારા એ જીવને પકડ્યો, જીવને માન્યો એમ થયું. આહા..હા...! ભારે ઝીણું. સમજાણું કાંઈ?

**'વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે—'** એટલે કે પુદ્ગલ **'વિસ્તારે છે,...'** એમ. એ પુદ્ગલ લાંબો થાય છે. ભગવાન આત્મા એ રાગમાં અને રંગમાં લાંબો થઈને વિસ્તરતો નથી. અહીં તો હવે ગુજરાતી કાઠિયાવાડી ભાષા આવે છે. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ન થાય. જડમાં છેને એનો સ્વભાવ. જડમાં પરિણમવું સ્વભાવ નથી? આ શું છે? જુઓને, આ જડ આમ થાય છે, આમ થાય છે, બધું જડ થાય છે. જ્ઞાન જાણપણું જીવ કરે છે. 'જડ અને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન.' જડ પણ ભાવવાળું તત્ત્વ છે.

અહીં ભાવ કહ્યાને? એ જડનો રાગ અને રંગ એ જડનો ભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? ચૈતન્યનો ભાવ હોય તો ચૈતન્ય સાથે તાદાત્મ્ય ત્રિકાળ એકરૂપ રહે. સમજાણું કાંઈ? એ પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય, પુદ્ગલદ્રવ્યની સાથે સાથે રહેતા થકા. જ્યાં જ્યાં પુદ્ગલ છે ત્યાં ત્યાં રાગ અને ત્યાં રંગ છે, એ રાગ અને રંગનું રહેવું પુદ્ગલની સાથે છે. એથી **'પુદ્ગલનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે—'** જાહેર કરે એનો શું શબ્દ છે? પ્રસરે છે. **'प्रथयन्ति' 'प्रथयन्ति'** આહા..હા...! છેને બીજી લીટીમાં? **'प्रथयन्ति'** વિસ્તાર પામે છે એમ. પ્રસાર આમ વિસ્તાર પામે છે. આહા..હા...! એ તો પુદ્ગલનો વિસ્તાર પુદ્ગલ

એ પોતે. સમજાણું કાંઈ? એ કુતરીના બચ્ચા એ કુતરીના બચ્ચા કુતરી છે. એનો પરિવાર છે. એ વિસ્તાર પામે છે કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ? એ પુદ્ગલ જડ, એના સંબંધથી થયેલો ભાવ એ પુદ્ગલને જાહેર કરે છે કહે છે. આહા..હા...! એ પુદ્ગલને વિસ્તારે છે. ભગવાન એમાં આવતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ? આ એની મેળાએ વાંચે તો બરાબર કેટલાકને સમજાય એવું નથી કે આ શું કહે છે. તુંબડીમાં કાંકરા જેવું લાગે. એમ છે. તમે તો અહીં ઘણા વર્ષથી આવો છો. આહા..હા...!

બે વસ્તુ. એકકોર પુદ્ગલ અને એકકોર ભગવાન આત્મા. હવે કહે છે કે રાગ અને રંગનો વિસ્તાર ને પ્રસરવું, એનો વિસ્તાર થવો એ બધી સ્થિતિની વિશેષતા એ બધી પુદ્ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા...! એ ત્યાં પુદ્ગલ છે એમ પ્રસિદ્ધ કરે છે. આત્મા ત્યાં છે એમ પ્રસિદ્ધ નથી કરતું કહે છે. આહા..હા...! ભારે કહેવાની (શૈલી)! જીવને સિદ્ધ કરવાની યુક્તિ અને તત્ત્વ. સમજાય છે કાંઈ? એકકોર કહેવું કે ઉદયભાવ જીવતત્ત્વ છે. તત્ત્વાર્થસૂત્રમાં બીજા અધ્યાયમાં પહેલું સૂત્ર. હીરાભાઈ! બીજા અધ્યાયનું પહેલું સૂત્ર છે કે નહિ? ઉપશમ, ક્ષાયિક, ઉદય આદિ ... તત્ત્વ છે. .. પાંચેય જીવતત્ત્વ છે. અહીં કહે છે કે રાગ તે અજીવતત્ત્વ છે. આહા..હા...! સમજાય છે કાંઈ?

યથાર્થ જેને આત્મા કહીએ એ આત્મા સાથે વિકાર અને રંગનો સંબંધ તાદાત્મ્ય નથી. એનો સંબંધ જ્યાં સુધી પુદ્ગલ ત્યાં સુધી રાગ અને રંગ ઊપજે. અને પુદ્ગલ છે ત્યાં સુધી રાગ અને રંગનો વ્યય અનુક્રમે-ક્રમે-ક્રમે તે પણ (થાય). આહા..હા...! કેટલી વાત સિદ્ધ કરે છે! સમજાણું કાંઈ? એ વિસ્તારે છે. '**તેવી રીતે વર્ણાદિક ભાવો,...**' જેમ હતુંને પહેલું? જેમ હતુંને એટલે હવે '**તેવી રીતે વર્ણાદિક ભાવો...**' રંગ, ગંધ, રસ, સ્પર્શ, રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શુભ, અશુભભાવ. આહા..હા...! ગુણસ્થાનના ભેદ, માર્ગણાના ભેદ એ બધું પુદ્ગલ સાથે સંબંધ રાખતું પુદ્ગલની પ્રસિદ્ધિ કરે છે કે આ એક પુદ્ગલ છે એમ પ્રસિદ્ધિ કરે છે. સમજાય છે કાંઈ? અજીવની પ્રસિદ્ધિ છે. અહીં જીવ-અજીવ છેને અધિકાર.

'**તેવી રીતે વર્ણાદિક ભાવો,...**' રંગ અને રાગ-દ્વેષ, પુણ્ય ને પાપ ને સંહનન આદિ અનુક્રમે આવિર્ભાવ, ક્રમે પ્રગટ થવું અને વ્યય થવું '**પામતી એવી તે તે વ્યક્તિઓ વડે જીવની સાથે સાથે રહેતા થકા,...**' જીવ છે ત્યાં ત્યાં એ થાય એમ સાથે રહેતા થકા '**જીવનું વર્ણાદિ સાથે તાદાત્મ્ય જાહેર કરે છે, વિસ્તારે છે—એમ જેનો અભિપ્રાય છે...**' આહા..હા...! ભારે ભાઈ! આવી ધર્મકથા આ વાત જ એ. એમાં બાયડીયુંને બિચારાને ધુમાડા કરતા રાંધે અને એમાં આવી વાતું. શું કહે છે આ? એઈ..! રોટલી કેમ કરવી ને પુરી કેમ કરવી અને શેરો કેમ કરવો? આમાં કહે, આત્મા કેમ કરવો? લ્યો. સમજાણું કાંઈ?

જેવી રીતે પુદ્ગલની સાથે સંબંધ રાખીને રાગ ને રંગ જેનું તાદાત્મ્ય સ્વરૂપ છે એને પ્રસિદ્ધ કરે છે. એ રીતે જીવ સાથે પણ જો પ્રસિદ્ધ કરે '**એમ જેનો અભિપ્રાય છે તેના**

**મતમાં, અન્ય બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું વર્ણાદિસ્વરૂપપણું---કે જે પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે—'** આહા..હા...! ભેદ ને રાગ ને રંગ એ બધું પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે. ભગવાન આત્મા એકલો નિમિત્તના સંબંધ વિના ભેદ અને રાગને કેમ કરે? સમજાણું કાંઈ? વસ્તુ આવી છે. આ અતિશયોક્તિ થઈને કહે છે એમ નથી. સમજાય છે કાંઈ? કહે છે કે જેવું જડ રાગ ને રંગથી પ્રસિદ્ધ પામે છે એવી જ રીતે રાગ અને રંગથી જીવ પ્રસિદ્ધ પામે તો તો એ પુદ્‌ગલદ્રવ્ય થયું. જીવ પુદ્‌ગલ થયો. આહા..હા...! કહો, શું આવું હતું ત્યાં તમારે? ઓલા ચર્ચા પ્રશ્નમાં પણ આવું નહિ હોય. આહા..હા...! અહીં તો જગજાહેર બે હજાર વર્ષથી સમયસાર પ્રસિદ્ધમાં છે. એવો જ આત્મા પ્રસિદ્ધમાં આવે છે. આહા..હા...!

કહે છે કે જેમ પુદ્‌ગલનું હયાતીપણું એના સંબંધથી ઉત્પન્ન થયેલો રાગ અને રંગ એ તો એની સાથે સંબંધ ધરાવે છે. પુદ્‌ગલની પ્રસિદ્ધિ કરે છે. એ તો પુદ્‌ગલ અજીવ છે એમ પ્રસિદ્ધિ કરે છે. એવી રીતે જ આત્માની સાથે રાગ અને રંગ આદિની ઊપજવું, આત્માની સાથે ઊપજવું અને વિણસવું થાય તો એ પણ પુદ્‌ગલની પ્રસિદ્ધિવાળો આત્મા થયો, આત્માની પ્રસિદ્ધિ થઈ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શ્વેતાંબરના ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૃષ્ટિ વિપરીતવાળાએ કરી. આપણે કોઈ ફલાણાનું શું કામ છે? સમજાણું કાંઈ? આહા..હા...!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યુંને. જેનો એ અભિપ્રાય છે, અભિપ્રાય એનો છે. આહા..હા...! રાગની ઉત્પત્તિ જીવદ્રવ્યની જીવદ્રવ્યને લઈને છે એમ જેનો અભિપ્રાય છે, એ જડને આત્મા તરીકે સ્વીકારે છે. કેમકે રાગ ગમે તે હો પણ રાગમાં અચેતનપણું છે. જેમ સંહનન અને રંગ, ગંધમાં અચેતપણું છે એવું જ એ જાતની પણ બીજી અપેક્ષા દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ અચેતન છે. ચૈતન્યની જાહેરાત એમાં નથી થતી. ત્યાં તો પુદ્‌ગલની જાહેરાત થાય છે.

**શ્રોતા :-** કારણ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણ. આહા..હા...! ભગવાન સ્ફટિક રત્ન, ચૈતન્ય સ્ફટિક રત્ન એ રાગ દ્વારા કેમ પ્રસિદ્ધ પામે? આહા..હા...! સમજાય છે કાંઈ? એ તો આનંદ ને જ્ઞાન દ્વારા પ્રસિદ્ધ પામે એવું લક્ષણ એનું છે.

**શ્રોતા :-** ન્યાયથી વહેંચણી થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે વહેંચણી છે. એ વસ્તુ આમ છે.

કહે છે એના મતમાં, જેને રંગ ને રાગની ઉત્પત્તિ વર્ણ, ગંધની સાથે, પુદ્‌ગલ.. એવી જ રાગ અને રંગની ઉત્પત્તિનો સંબંધ જીવદ્રવ્ય સાથે છે, **'એમ જેનો અભિપ્રાય છે**

**તેના મતમાં, અન્ય બાકીનાં દ્રવ્યોથી અસાધારણ એવું...'** જુદું. અસાધારણ એટલે જુદું. '**એવું વર્ણાદિસ્વરૂપપણું—કે જે પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે—તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી,...**' આહા..હા...! રાગ અને રંગ જે પુદ્‌ગલનું લક્ષણ છે. એનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી. આહા..હા...! કહો, સુજાનમલજી!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા તો અંદરમાંથી ભિન્ન પડીને આવવું જોઈએને. છે એમ આવવું જોઈએને? સત્ સ્વરૂપે જે રીતે છે (તે રીતે આવવું જોઈએ). કેટલું સ્પષ્ટ!

'**જે પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે—તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી,...**' કારણ કે જીવ સાથે સંબંધ છે રાગ અને રંગનો, તો જીવ વડે જ કરવામાં આવતું હોવાથી જીવ પુદ્‌ગલના સામાન્યનો પ્રસંગ આવે છે. આ વિશેષ. જીવ અને પુદ્‌ગલ બે એક થઈ જાય છે.

**શ્રોતા** :- અભિપ્રાય વિપરીત છે, અભિપ્રાય ખોટો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખોટો છે અભિપ્રાય. રાગ ઉપર દૃષ્ટિ આપવાથી ચૈતન્ય જાગે, એ તો કહે છે કે પુદ્‌ગલ અને જીવ એક માનવા જેવું છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! સંહનન મજબુત શરીરનું હોય, વજનારાચ સંહનન હોય તો કેવળજ્ઞાન થાય, મનુષ્યપણાની ગતિ હોય તો કેવળજ્ઞાન થાય એમ જો તું માનતો હોય... આહા..હા...! તો તેં અજીવ વડે જીવને ગ્રહણ કર્યો. જીવ જુદો છે એમ તને ગ્રહણ આવ્યું નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? વાર્તા મૂકે, કથા મૂકે (એટલે લોકો) રાજી રાજી થઈ જાય. ઘરે પણ કહેવાય કે આમ વાત આવી. ધણી ન આવ્યો હોય તો એને બાયડી કહે અને બાયડી ન આવી હોય તો ધણી આવીને કહે કે ત્યાં આમ કથા (હતી). (અહીંયા તો) આ શું કહે છે આ તો?

**શ્રોતા** :- કહેવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કહેવું શું ઘરે બૈરાને. જુઓ .. અહીં પાછા. એને ઘરે બૈરા કહે, શું સાંભળીને આવ્યા તમે? કાંઈક કહેતા હવે આવિર્ભાવ ને તિરોભાવ. અનુક્રમ ને આવિર્ભાવ ને તિરોભાવ હતું કાંઈક. એટલે કે વિકારનું ઉત્પન્ન થવું અને રંગનું ઉત્પન્ન થવું એક જ જાત છે અહીં તો કહે છે. એ પુદ્‌ગલની સાથે સંબંધ રાખે છે. આહા..હા...! સમજાય છે કાંઈ? એ આત્માવલોકનમાં નાખ્યું છે. રાગ છે ત્યાં સુધી કર્મ છે એમ ન લેવું. પુદ્‌ગલ છે ત્યાં સુધી રાગ છે એમ લે. એમ લીધું. આ અપેક્ષાએ. આત્મઅવલોકનમાં. આહા..હા...! દીપચંદજીનું આત્માવલોકન છેને? આત્માવલોકન છે. જોયું પણ નહિ હોય કોઈ દિ'. શેના દેખે? ભાઈને ઠપકો આપીએ છીએ. જોયું જ નથી. બીડીયું જોઈ છે ત્યાં. કહો, સમજાય છે કાંઈ? આત્માવલોકન, દીપચંદજી સાધર્મી. ચિદ્‌વિલાસ, આત્માવલોકન, અનુભવપ્રકાશ એણે બનાવ્યું છે. અરે! એ દિગંબર ગૃહસ્થોએ પણ મૂળ ચીજને ઊભી કરી છે. ભલે ગૃહસ્થ હોય તો

શું છે? ગૃહસ્થપણું આત્મામાં ક્યાં છે? આહા..હા...! ગૃહસ્થપણે જીવને ઓળખવો એ પુદ્ગલથી ઓળખવા જેવું છે એમ કહે છે. સમજાય છે કાંઈ? અને ભગવાન આના દીકરા અને આના ધણી, આ દીકરાના બાપ એ બધી ઓળખાણ ખોટી છે કહે છે. એ આત્માને ઓળખવાની ચીજ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે જેવું ક્રમે ક્રમે પુદ્ગલની હયાતી બતાવનાર રાગ અને રંગ છે એમ ઊપજે છે, એવો જ રાગ અને રંગ જીવની સાથે આવિર્ભાવ, તિરોભાવ છે એવો જે જીવનો અભિપ્રાય અને મત છે એના અભિપ્રાયની અપેક્ષાએ જગતમાં અસાધારણ એટલે બીજું નહિ એવું એ પુદ્ગલદ્રવ્ય છે એ દ્વારા એણે જીવને જાણ્યો, એ દ્વારા એણે જીવને કબુલ્યો. સમજાણું કાંઈ? આહા..હા...! પાછો સરવાળો તો જીવ ઊડી જાય છે ઈ કહેશે. પણ અહીં પહેલું સિદ્ધ તો આ કરવું છેને. '**પુદ્ગલદ્રવ્યનું લક્ષણ છે—તેનો જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી,...**' જીવ વડે રાગ અને રંગ છે એમ અંગીકાર કરવામાં આવતો હોવાથી. '**જીવ-પુદ્ગલના અવિશેષનો પ્રસંગ આવે છે,...**' અવિશેષ એટલે જુદા રહેતા નથી. બે એક થઈ જાય છે, ખીચડો થઈ જાય છે. આહા..હા...! રાગનો ભગવાન સાથે સંબંધ રાખતા આત્મા અજીવ થઈ જાય છે. અજીવ ને જીવ બે જુદા રહેતા નથી. આહા..હા...! સમજાણું કાંઈ? એ.. ધર્મચંદજી! શું છે આ? આવી વાત હશે બીજે? નહિ? કોની સાથે સમન્વય કરવો?

**શ્રોતા** :- સમન્વય ચાલે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચાલે નહિ. આહા..હા...!

અલૌકિક લોકોત્તર માર્ગ છે. અલૌકિક કહો કે લોકોત્તર કહો. લૌકિક નહિ. જે માર્ગની પ્રસિદ્ધિ આગળ જીવ પ્રસિદ્ધ પામે ત્યાં તો આનંદનો અનુભવ થાય એમ કહે છે. ત્યાં રાગનો અનુભવ રહેતો નથી. આહા..હા...! સમજાણું કાંઈ? ભગવાન પ્રસિદ્ધિ પામે એ તો તાદાત્મ્ય લક્ષણથી પ્રસિદ્ધિ પામે. આ રાગ ને રંગનો તાદાત્મ્ય સંબંધ આત્મા સાથે છે જ નહિ. અગ્નિ અને ઉષ્ણતાનો જેમ તાદાત્મ્ય સંબંધ છે એમ રાગ અને રંગ સાથે આત્માનો સંબંધ છે નહિ. અગ્નિમાં જેમ છાર હોય ઉપલી જરી રાખ હોય છેને. થોડી વાર રહે એટલે જરી ઝીણી ઝીણી રાખ ભસ્મ થઈ જાય. એ ભસ્મને અને અગ્નિને તાદાત્મ્ય સંબંધ છે જ નહિ, એકરૂપ સંબંધ જ નથી. આહા..હા...!

એમ ભગવાન આત્મા એને તું રાગ અને રંગથી ઓળખવા માગ, એ દ્વારા તું જીવ જાણવા માગે એ જીવના છે એમ જાણવા માગ, અસાધારણ પુદ્ગલ એવી એ ચીજ છે એ પુદ્ગલને તેં સ્વીકાર્યું. પુદ્ગલથી જીવ જુદો છે એમ સ્વીકારવામાં આવ્યું નહિ. આહા..હા...! અવિશેષ બે એક થઈ જાય. રાગ, પુણ્યના ભાવ એ જીવ સાથે સંબંધ રાખે છે એમ માનતા જીવને રાગ દ્વારા એ જાણ્યો, માન્યો, અચેતન થઈ જાય છે. ચેતન અને અચતેન બે જુદા

રહેતા નથી. કહો, સમજાય છે કાંઈ?

**'અને એમ થતાં, પુદ્‌ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી,...'** આહા..હા...! રાગ અને રંગ દ્વારા જીવને સ્વીકાર્યો એ તો પુદ્‌ગલના લક્ષણ દ્વારા જીવને સ્વીકાર્યો એ તો અસાધારણ પુદ્‌ગલ જીવદ્રવ્ય રહ્યું. જીવમાં છે નહિ એ. સમજાણું કાંઈ? સ્વતંત્ર પુદ્‌ગલદ્રવ્ય અસાધારણ, રાગ અને રંગવાળુ પુદ્‌ગલદ્રવ્ય એવું અસાધારણ નામ બીજે ક્યાંય વહેંચાયેલું નથી. આહા..હા...! ભારે વાત! પુદ્‌ગલને અંગીકાર કરવા જીવ વડે પુદ્‌ગલને. જીવ પુદ્‌ગલના અવિશેષનો પ્રસંગ આવે છે. અવિશેષ સમજાય છે? જુદા નહિ, બે એક. રાગ ને રંગ અને આત્મા બેય એક. અચેતન અને ચેતન બેય એક, અજીવ અને જીવ બેય એક. એવો પ્રસંગ આવે છે. **'એમ થતાં, પુદ્‌ગલોથી ભિન્ન એવું...'** રાગ અને રંગથી જુદું એવું **'કોઈ જીવદ્રવ્ય...'** ભગવાન અસ્તિ જે ચૈતન્યમૂર્તિની છે એ જીવદ્રવ્યની અસ્તિ નહિ રહેવાથી **'જીવનો જરૂર અભાવ થાય છે.'** આહા..હા...! ભારે વાત ભાઈ! વ્યવહાર રત્નત્રય વડે જીવને ઓળખાવામાં આવે તો એ અચેતન વડે જીવને ઓળખ્યો તો અચેતન અને ચેતન બે એક થઈ જાય છે. સમજાય છે કાંઈ?

એ અચેતનપણું તો પુદ્‌ગલથી પ્રસિદ્ધિ પામ્યું છે. ભગવાન એ વડે પ્રસિદ્ધ પામે તો બે થઈ જાય છે. એથી ભગવાન આત્મા એ વડે તાદાત્મ્ય નથી તેથી તે વડે પ્રસિદ્ધિને, વિસ્તારને પામતો નથી. એ તો જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા રાગને કાળે રાગનું જ્ઞાન... આહા..હા...! રંગને કાળે પણ તે પ્રકારનું જ્ઞાન પોતાથી થતું એવું જ્ઞાનની પ્રસિદ્ધિથી તે આત્મા ઓળખાય છે. સમજાણું કાંઈ? અટપટી વાતું. હવે આમાં શું શીખવું? એ.. હીરાભાઈ! પ્રેમચંદભાઈ! આવી વાત ભાઈ! અને બાયું બિચારી આખો દિ' રાંધે અને સાંજે ખીચડી કરે, કઢી કરે, રોટલી રોટલા (કરે), હવે આ શું સમજે આમાં? શું કહેવું છે તમારે? એઈ..! સીધી વાત કરોને અમને. સીધી જ કહેવાય છે. સમજાણું કાંઈ?

એકકોર કહે કે જીવ રાગ કરે, પુદ્‌ગલ ન કરે. પુદ્‌ગલમાં ક્યાં રાગ હતો? આહા..હા...! એય..! એ તો અજ્ઞાનીનો અર્થ જ આત્મા નહિ. સમજાણું કાંઈ? કર્તાકર્મમાં એ આવશેને, ૭૫માં. કર્મ વ્યાપક છે અને વિકાર તેનું વ્યાપ્ય છે. કર્મ કર્તા છે, કારણ છે અને વિકાર તેનું કાર્ય છે. ભગવાન કારણ છે અને વિકાર કાર્ય છે એવું સ્વરૂપમાં નથી. એ તો ત્રણે કાળે વિકારસહિત રહી જાય, અચેતનસહિત જ રહી જાય. અચેતનરહિત થવાનો પ્રસંગ જ આવે નહિ. આહા..હા...! આવી વાત પણ સાંભળે નહિ. સાંભળી ન હોય પછી ગડબડ... ગડબડ... ગડબડ. આ ઓલા ત્યાં કહેતા હતા. ૩૨૦ ગાથા પાસ કરી હતી એ લોકોએ એ તો કેમ? ઠીક, એના મતને અનુકૂળ છે માટે પાસ કરી. જયચંદ્ર પંડિત. નહિતર જયચસેનાચાર્યની ટીકા એ લોકો પાસ નથી કરતા એવું એક પંડિતે કહ્યું. એમ કે એ લોકો તો અમૃતચંદ્રાચાર્યની ટીકાને પાસ કરે છે. જયસેનાચાર્યની ટીકા નથી પાસ કરતા, કારણ

કે એમની સાથે મેળ નથી એમને. અરેરે ભાઈ! એ તો ઉપાદાન-નિમિત્તથી, પ્રમાણથી વાત કરી છે. એથી કરીને નિશ્ચય છે એ ફરી ગયું છે પ્રમાણમાં? સમજાણું કાંઈ?

અને અહીં તો કારણ એવું કાર્ય. તો કારણ ભગવાન શુદ્ધ આનંદકંદ તો એનું કાર્ય તો આનંદ અને શાંતિ એનું કાર્ય હોય. એ આત્મા કારણ થાય અને વિકાર કાર્ય એવું એનું સ્વરૂપ છે નહિ. આનંદ કારણ અને દુઃખ કાર્ય. પુણ્ય-પાપના વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ બધું દુઃખ છે. આકુળતાના આવી પડેલા એ આવી ગયું છે. એ બધા દુઃખો છે. એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા...! આવી ગયું છેને ક્યાંક, નહિ? આવી પડેલા. એ આકુળતામાં આવી પડેલા એ તો બધા. એટલે એ દુઃખ જ છે. આહા..હા...! દુઃખમાં સમાવેશ પામે છે, દુઃખમાં સમાવેશ પામે છે. આહા..હા...!

ભગવાન તો જ્ઞાન અને આનંદની મૂર્તિ અતીન્દ્રિય ત્રિકાળ આનંદ અને જ્ઞાનનો સ્વભાવ એમાં એ પુણ્ય-પાપના ભાવ તો દુઃખરૂપ છે. દુઃખરૂપ એ એનું સ્વરૂપ છે નહિ, કોઈનું હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? દુઃખ એ પુદ્ગલની પર્યાય સાથે સંબંધ રાખે એમ કહે છે. એ પુદ્ગલ છે એમ જાહેર કરે છે. ભગવાન આત્મા જાહેર થાય ત્યાં તો આનંદ અને જ્ઞાનની દશા પ્રગટ થતાં આ આત્મા એમ જાહેર થાય. સમજાણું કાંઈ? લ્યો, આમાં ક્રમે આવ્યું હતું. ક્રમે ક્રમે થાય. એ ક્રમબદ્ધ હતું. એ.. રૂપચંદજી! સાંભળ્યું હતું કે નહિ? શું? શું કહેવાય? જ્ઞાનવિજય હતા. નહિ? ગજપંથા, ગજપંથા. અમે આવ્યા હતાને અંદર? તમે ત્યાં બેઠા હતા. ખબર છેને.

એક પ્રશ્ન કર્યો. આ બોલે નહિ અને આ તો કોકની વાતું લઈ લઈને વાતું કરે છે આ. પ્રશ્ન કર્યો એક. કીધું, આ શાસ્ત્રમાં કાળલબ્ધિ આવી છે અને અકાળે પણ આવ્યું છે અકાળે થાય. એય..! રૂપચંદજી! હતા? તમે બેઠા હતાને? ગજપંથા. કઈ સાલ હશે? ૨૦૧૫? ૨૦૧૩. ૧૫ વર્ષ થયા. સમજાણું કાંઈ? ક્રમબદ્ધ-ક્રમબદ્ધ કાળે મોક્ષ થાય.. કાળે મોક્ષ થાય. ભગવાને કીધું છે અકાળે મોક્ષ થાય. ૪૭ નયમાં. ૪૭ નય છે. એનો શું અર્થ કીધું? તો સમજી ગયો કે હું કાંઈક બોલીશ તો જૂઠું પડશે. મેં એ વિચાર્યું નથી. અકાળે એનું વિચાર્યું નથી એ મોટી વાતું શી રીતે કરે? એ તો બિચારા હેઠે પગે લાગેલા,... પણ આ તત્ત્વની વાતને કઈ રીતે છે એની ખબર નહિ અને કોકની કહેલી કરે એ તો ધારણા થઈ ગઈ કહેવાય.

અકાળે મોક્ષ એ તો એની એ પર્યાયને કાળે અને એની એ પર્યાયના સ્વભાવ અને પુરુષાર્થથી થાય તો એને અકાળે કહેવામાં આવે. પર્યાય તો એ જ કાળે અને એ જ સમયે હોય છે. સમજાણું કાંઈ? આહા..હા...! આકરી વાતું બાપા! જૈનદર્શન વિશ્વદર્શન જગતનું સ્વરૂપ, વસ્તુનું સ્વરૂપ બહુ કઠણ. અનાદિનો અભ્યાસ બીજો અને કરવા જેવી ચીજનો અભ્યાસ નહિ. એટલે એમાંને એમાં જિંદગી ચાલી જાય છે. મરણને કાળે કોઈ શરણ નથી. રાગ સગો નથી. રાગ ભગવાન... ભગવાન... ભગવાન.. કરે તો એ રાગ પણ શરણ નથી. લે.

ત્યાં કાંઈ એમાંથી શરણ નીકળે એવું નથી. મહાવીર... મહાવીર... મહાવીર... નિર્વિકલ્પ ભગવાન હું નિર્વિકલ્પ છું. એ પણ વિકલ્પ છે. વિકલ્પનો સંબંધ પુદ્ગલ સાથે છે અહીં તો એમ કહે છે. એ વિકલ્પથી તને આત્માનું લક્ષણ જ્ઞાનમાં આવે અને આત્મા જણાય એવી ચીજ છે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** એ વિકલ્પ આત્માની નજીકમાં છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ નજીક-ફજીક નથી. પુદ્ગલ નજીક કેવો?

**શ્રોતા :-** સંસ્કાર તો લઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. સંસ્કાર કેવા? વિકલ્પથી સંસ્કાર એ સંસ્કાર જ નથી. ..ભાઈ! સંસ્કાર નહિ. સંસ્કાર તો રાગરહિત આત્મા (છે) એવા અંદર સંસ્કાર નાખે એનું નામ સંસ્કાર છે. એય..! ચંદુભાઈ! ક્યાં છે? સમજાણું? એ.. વજુભાઈ! એની જાતના સંસ્કાર પડે એને સંસ્કાર કહેવાય. વિકલ્પથી નિર્ણય કર્યો એ પણ યથાર્થ નિર્ણય નહિ. નિર્ણયનો કરનાર નિર્ણય કરે ત્યારે નિર્ણય કહેવામાં આવે છે. આહા..હા...! જુઓને ઓહો..હો..! ગજબ વાત કરે છે હોં! આવું જગત પાસે મૂકતા જગત શું કહેશે? જગત શું અમને માનશે? એકાંત નહિ માને, એ કાંઈ દરકાર વિના વાત કરી છે. આવી છે લે. સમાજને સમતોલ રાખવો એવી વાત કરવી. સમાજ તો અજ્ઞાની છે એને સમતોલ શી રીતે રાખવો? સમજાય છે કાંઈ? વસ્તુસ્થિતિ આવી છે જગજાહેર. પ્રસિદ્ધં સિદ્ધં નથી આવતું? સિદ્ધ પ્રસિદ્ધ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ઈ આવે છે ભક્તિમાં. સિદ્ધ પ્રસિદ્ધ. પ્રસિદ્ધ સિદ્ધ છે. ત્રણલોકના નાથ તીર્થંકર પરમાત્મા પ્રસિદ્ધ છે. નિગોદના જીવ પ્રસિદ્ધ છે? એણે કે દિ' જોયો છે તો પ્રસિદ્ધ હોય? આહા..હા...! સમજાય છે કાંઈ? પ્રસિદ્ધં સિદ્ધં આવે છેને એ? આહા..હા...! પછી? પૂરું તો બોલો.

**શ્રોતા :-** પ્રસિદ્ધ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રસિદ્ધ વિશુદ્ધ. પ્રસિદ્ધ શબ્દ પડ્યો છે. સ્તુતિ આવે છે. પ્રસિદ્ધ વિશુદ્ધ સિદ્ધ સમૂહ. સિદ્ધનો સમૂહ તો પ્રસિદ્ધ છે. આહા..હા...! સમજાય છે કાંઈ?

કહે છે, રાગ ને રંગપણું એ પુદ્ગલદ્રવ્યનું લક્ષણ, તેને જીવ વડે અંગીકાર કરવામાં આવતો હોવાથી જીવ પુદ્ગલના સામાન્યનો પ્રસંગ આવે છે. બે એક થઈ જાય છે. રાગ અને ચૈતન્ય ભગવાન બે એક થઈ જાય છે. રંગ અને રાગ અને આત્મા બે એક થઈ જાય છે. એમ હોઈ શકે નહિ.

**'એમ થતાં, પુદ્ગલોથી ભિન્ન એવું કોઈ જીવદ્રવ્ય નહિ રહેવાથી,...'** જીવદ્રવ્યની જ નાસ્તિ થાય છે. આહા..હા...! એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા છે. એને રાગ વડે કરીને જીવને સ્વીકારવો એમાં તો જીવદ્રવ્યનો અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? બધા

વ્યવહારથી થાય.. વ્યવહારથી થાય... અચેતનથી ચેતન થાય, અણાત્માથી આત્મા થાય, પુદ્ગલથી આત્મા થાય. કહો.

**'જીવનો જરૂર અભાવ થાય છે.'** પહેલામાં એમ કહ્યું કે એ લક્ષણ વડે જો જીવને ગ્રહણ કરો તો એ અસાધારણ પુદ્ગલસ્વરૂપ છે એનું લક્ષણ છે, જે બીજામાં નથી. રાગ અને રંગ બીજામાં નથી. પુદ્ગલના સંબંધ સાથે રાખતી ચીજ છે. આહા..હા...! સમજાણું કાંઈ? પછી કહ્યું **'જીવનો જરૂર અભાવ થાય છે.'** ત્રણલોકનો નાથ ચૈતન્યપુંજ પ્રભુ રાગ ને રંગ નામ અચેતન વડે કરીને જો ગ્રહવામાં આવે તો તો એ જીવ પુદ્ગલ થઈ જાય છે, જીવ જુદો રહેતો નથી. આહા..હા...! છોડ અભિપ્રાય. ભગવાન તો જ્ઞાન દ્વારા પ્રસિદ્ધ પામે છે. સમજાણું કાંઈ? ક્યાં ગયા ગીરધરભાઈ? આ બધું બૈરા સમજતા હશે? ન સમજે. એમાં વળી વાડાની સામાયિક ને પોષા ને ઠીક પડે લ્યો! સામાયિક કરો, પડિકમણા કરો સાંજે, પોષા કરો આઠમ.

**શ્રોતા :–** પોષા પણ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોષા કરે. આહા..હા...! પોષા પણ કરે. પોષાણ શું ચીજ છે, ભાન વિનાના પુદ્ગલને વધારે છે. કારણ કે રાગની મંદતા થતાં પુદ્ગલ વધે છે. એમાં આત્મા વધતો નથી. આહા..હા...! ભારે કામ ભાઈ હોં! આકરું લાગે. નવા માણસને તો એવું લાગે. એઈ..! સુજાનમલજી! કે આ શું કહે છે? પાગલ છે કે શું આ? ભાઈ! સાંભળને બાપા! તું પાગલ છો એની વાત સમજાવે છે અહીં. આહા..હા...! રાગ અને પુણ્યભાવથી, શુભભાવથી જીવ જાણવામાં આવે (એમ માનનારા) એ બધા પાગલ છે. આહા..હા...! એ પાગલને અહીં કહે છે. ડાલચંદજી!

**'ભાવાર્થ :– જેમ વર્ણાદિક ભાવો પુદ્ગલદ્રવ્ય સાથે તાદાત્મ્યસ્વરૂપે છે તેમ જીવ સાથે પણ તાદાત્મ્યસ્વરૂપે હોય તો જીવ-પુદ્ગલમાં કાંઈ પણ ભેદ ન રહે...'** જીવ અને પુદ્ગલ બે એક થઈ જાય છે. આહા..હા...! ગજબ ગાથા! એક એક ગાથાએ તો નિકાલ કરી દે છે. આહા..હા...! ભાઈ! જ્યાં નજર કરવાની છે ત્યાં રાગ નથી, જ્યાં નજર કરવાની છે ત્યાં રંગ નથી. જ્યાં નજર કરવાની છે એ તો જ્ઞાનાનંદસ્વરૂપી પ્રભુ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ તને શું થયું આ ભ્રમ? પુદ્ગલ દ્વારા અને રાગ દ્વારા આત્માને માનવો, જાણવો એ જડનો સ્વીકાર કર્યો તેં. અને જીવનો તો સ્વીકાર રહ્યો નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? એય..! ચેતનજી! વિધિવિધાન શું કીધું તમારું? વિધિ કરતા અવિધિ થઈ હોય. શ્વેતાંબરમાં બહુ આવે. ખબર છેને એ બધી? વિધિમાં કાંઈ દોષ ન લાગવો જોઈએ. પણ વિધિ કરવા જાય એ રાગ જ પોતે દોષ છે, એ જ પુદ્ગલ છે. સાંભળને. આહા..હા...! વિધિમાં અવિધિએ ન કરવું, તો બરાબર આરાધન થાય. આહા..હા...! આમ કરો ને વ્રત ને. અહીં કહે છે કે તારી વિધિનો વિકલ્પ પુદ્ગલ છે લે. આહા..હા...! ભગવાન!

ગજબ તારી વાત હોં.

ત્રણ લોકના નાથે ઈન્દ્રની સમીપમાં પોકાર આમ કર્યો હતો. સમજાણું કાંઈ? ગણધર અને ભગવાન બિરાજે છે. જુઓને મહાવિદેહમાં બિરાજે છે. આ એ વાત ત્યાં કહી રહ્યા છે ઈ આ કુંદકુંદાચાર્ય ત્યાંથી લાવ્યા હતા. એ જગત પાસે જાહેર કરે છે, તમને બેસે ન બેસે તમે જાણો. માર્ગ તો આ છે. '**અને તેથી જીવનો જ અભાવ થાય એ મોટો દોષ આવે.**' લ્યો!

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શ્લોક-૪૪, પ્રવચન નં.૧૫૯, તા.૧૦-૦૯-૧૯૭૨ (૨૧)

... એવો એ જીવ છે. એ રાગ ને પુણ્ય ને સંસારને ધારી રાખે એ જીવનું સ્વરૂપ જ નથી. કહો, શેઠ! સાંભળ્યું? આહા..હા...! આ દાન, દયા, ભક્તિ, વ્રત, પૂજા અને કામ ક્રોધના વિકલ્પો એ વિભાવભાવ, એ સ્વભાવભાવ ત્રિકાળ એનાથી વિરુદ્ધ ભાવ. છેને એમાં? રાગાદિ પુદ્‌ગલ વિકાર વિરુદ્ધ. આહા..હા...! એ તો શુદ્ધ ચૈતન્યધાતુ છે. રાગ અને વિકાર દયા, દાન, વિકલ્પના લક્ષણથી આનું સ્વરૂપ ભગવાન આત્માનું તો લક્ષણ જ વિલક્ષણ છે. લક્ષણ એનું વિલક્ષણ છે. આહા..હા...! સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યપ્રભુ એ તો ચૈતન્ય શુદ્ધ ધાતુ જ્ઞાન, આનંદ આદિને ધારી રાખેલું એ તત્ત્વ છે. એમાં એણે સંસાર રાગ ને દયા, દાન, કામ, ક્રોધ અરે! મિથ્યાત્વ એ ધારી રાખે ઈ તત્ત્વ જ નથી, સ્વરૂપ જ નથી. આહા..હા...! ભારે આકરું પડે. કહો, જેઠાભાઈ! નવા માણસને તો એવું લાગે કે આ શું ધર્મ? પર્યુષણમાં તો અપવાસ કરવા, પોષા કરવા. અરે! સાંભળને ભાઈ! ધર્મ કરનારો કેવડો કેવો છે એની ખબર વિના ધર્મ ક્યાં ટકશે? સમજાણું કાંઈ? ધર્મ કરનાર આત્મા એ આત્મા કેવડો અને કેવો છે એના ભાન વિના ધર્મ ક્યાં થાશે? સમજાણું કાંઈ?

કહે છે, ઓહો..હો..! એક ઘાના બે કટકા કર્યા છે. એક બાજુ વિકલ્પથી માંડી, મિથ્યાત્વથી માંડીને આખો સંસાર એ બધો પુદ્‌ગલનો નાચ. એક બાજુ શુદ્ધ ચૈતન્યધાતુમય આ જીવ. એકકોર ભગવાન રામ અને એકકોર આખું ગામ. સમજાય છે કાંઈ? આવી વ્યાખ્યા! તો પછી બધા એમ કહે કે એ ભૂલ તો કર્મની છે. મારે શું? વળી ઓલામાં એમ કહેવાય કે જ્ઞાનાવરણીય ને દર્શનમોહને લઈને આત્મામાં મિથ્યાત્વ થાય. વળી ઓલામાં એમ કહેવાય 'કર્મ બિચારા કોણ ભૂલ મેરી અધિકાઈ.' વળી અહીં ત્રીજામાં એમ કહે કે ભૂલ એ પુદ્‌ગલનો સ્વભાવ. આહા..હા...! નેમિચંદજી! આહા..હા...! જો તો તારી લીલા. અનંત જ્ઞાનનો સાગર પ્રભુ એવો રાગમાં કેમ એ આવે? સમજાણું કાંઈ? એ વ્યભિચારના વેશ કેમ ધારણ કરે? આહા..હા...! પુણ્ય અને પાપના ભાવ એ બધા વ્યભિચારી ભાવ, વિભાવિક ભાવ, એ પુદ્‌ગલના ભાવ તારા નહિ પ્રભુ! આહા..હા...! સમજાણું કાંઈ?

એ અનાદિથી નાચતો હોય તો એ રાગાદિ સંસાર નિગોદથી માંડીને... આહા..હા...! ચૌદમા ગુણસ્થાન સુધીની દશા એ બધો પુદ્‌ગલનો નાચ છે. શેઠ! આ રીતે હોં! પોતે તો

ચૈતન્ય ધાતુ જ્ઞાનપુંજ છેને. જ્ઞાનમાં, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વભાવ એવો ભગવાન એમાં ભૂલ કેમ હોય? ભગવાનમાં ભૂલ કેમ હોય? એમ કહે છે. એ મિથ્યાત્વની ભૂલ. પરમાં સુખબુદ્ધિ, પરમાં પોતાનું માનવું અને પરનું કરી શકું એવો જે ભાવ એવો જે મિથ્યાત્વભાવ એ પણ પુદ્ગલનું સ્વરૂપ છે કહે છે. નવનીતભાઈ! આહા..હા...! ભાઈ! તારી જાતમાં એ ભળી શકે નહિ, તારી જાતમાં એ રહી શકે નહિ. આહા..હા...! એ ચૈતન્ય એને ધારી શકે એવું એનું સ્વરૂપ નથી. એ પુદ્ગલના સંયોગે થયેલો ભાવ સંયોગી પુણ્ય-પાપ, મિથ્યાત્વ, અવ્રત, અજ્ઞાન, કષાય, પ્રમાદ, યોગ જે પાંચ બંધના કારણ કહીએ... આહા..હા...! કહે છે કે ભગવાન આત્મા તો અબંધસ્વરૂપી ચૈતન્યમૂર્તિ ભગવાન છેને, એમાં આ બધા બંધના ભાવો એ તો પુદ્ગલ જ નાચે છે, આત્મા નહિ. આહા..હા...! કહો, દેવીલાલજી!

જેને દૃષ્ટિ કરવી છે એ આત્મામાં એ વિકાર નહિ એમ કહે છે. આહા..હા...! જેને સમ્યગ્દર્શનની ધર્મની શરૂઆત કરવી છે એને એની ચીજમાં વિકાર-ફિકાર છે જ નહિ. એવો એ દૃષ્ટિનો વિષય ભગવાન છે. અબદ્ધસ્વરૂપી એમ કહ્યુંને? આહા..હા...! એકકોર આવે કે વિકાર તું જ કર, એ તારી ભૂલ છે, એ ચિદાભાસ છે. એ જડ નહિ, પરમાણુ નહિ, અજીવ નહિ. એક બાજુ કહે કે ભગવાન! એ બધો વિકારીભાવ અચેતન છે, જ્ઞાનસ્વભાવી વસ્તુ એમાંથી એ ક્યાં નીકળે? સમજાણું કાંઈ? એ વર્ણાદિમાન પુદ્ગલ જ નાચે છે. ઓહો..હો..! આ તો એકાંત નથી થતું? એઈ..! જેઠાભાઈ! તો પછી કર્મને લઈને વિકાર થાય એમ કહે છે તો એની સામું શેના પડ્યા છો?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે છે ત્યારે થાય છે પણ એ થાય છે એ પુદ્ગલનો વિકાર છે એમ ગણવામાં આવ્યો છે. પુદ્ગલથી થયો નથી. પુદ્ગલના પૂર્વક લક્ષમાં લઈને થયેલો છે તેથી તેને પુદ્ગલ કહેવામાં આવે છે. આહા..હા...! ગોમ્મટસારમાં એમ આવે કે આઠ કર્મને લઈને આત્મા રખડે છે. અહીં એમ આવે કે એ પુદ્ગલને લઈને જ રખડે છે. એઈ..! જેઠાભાઈ! કઈ અપેક્ષા છે ભાઈ? આહા..હા...! એ ગોમ્મટસારમાં તો જ્ઞાનાવરણીય આદિ કર્મ, પોતે હીણી અને વિપરીત દશા કરે ત્યારે નિમિત્ત કોણ છે એનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે. અહીંયાં હીણી દશા અને વિપરીત દશા... આહા..હા...! એ સ્વભાવનું સ્વરૂપ નથી એનું. ભગવાન ચિદાનંદ ત્રિકાળી નિત્યાનંદ, નિત્ય આનંદનો નાથ. આહા..હા...! અવિનાશી સચ્ચિદાનંદ પ્રભુ એ કોઈ દિ' સંસારમાં આવ્યો જ નથી એમ કહે છે. દેવીલાલજી! સમજાણું કાંઈ? કઈ અપેક્ષાએ? વસ્તુ જે છે ઈ ક્યાં રાગમાં આવે છે? પર્યાયમાં રાગ પુણ્ય-પાપ, મિથ્યાત્વ એ બધા ભાવો ક્ષણિક સંયોગીભાવ છે. એ એનો સ્વભાવભાવ નથી. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પુદ્ગલને લક્ષે પુદ્ગલ રખડે, આત્મા રખડે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા રખડે? આત્માનો રખડવાનો સ્વભાવ છે? એય..! હીરાભાઈ!

ભારે કામ ભાઈ! પ્રભુ! તું તો ચૈતન્યની મૂર્તિ છોને. જ્ઞાનનો સાગર છો, આનંદનો પિંડ છો, શુદ્ધતા છે તેની પ્રતીત કરવાને લાયક તું છો. મિથ્યાત્વ કરવાને લાયક એ તું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા...!

અનાદિકાળના નિગોદથી માંડીને. ગજબ વાત છેને! એકકોર ગોમ્મટસારમાં કહે કે ભાવપહુર કલંકા, પ્રચુર કલંક એને લઈને ત્યાં રહેલો છે એ. એ એની પર્યાયની એકતામાં રહ્યો એથી એમ કહ્યું. પણ એ ખરેખર એ સ્વભાવ ચૈતન્યના દ્રવ્યનો ક્યાં છે? સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપે ઈ ભૂલે કેમ? ઓલા બીજા કહે છે. જ્ઞાન છે એમાં અજ્ઞાન આવ્યું ક્યાંથી? એમ પૂછે ઘણા હોં! ઓલા વેદાંતવાળા. એ તો જ્ઞાનસ્વરૂપ છે એમાં ભૂલ આવી ક્યાંથી? અજ્ઞાન આવ્યું ક્યાંથી? જ્ઞાનમાં અજ્ઞાન ક્યાંથી આવે? સાંભળ ભાઈ! કઈ અપેક્ષાએ છે? એ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ એ દૃષ્ટિનો જે વિષય પૂર્ણ સ્વભાવ ભગવાન એ ભૂલે જ નહિ. ભૂલ થઈ છે પર્યાયમાં એ પરના લક્ષે થયેલી છે. સમજાણું કાંઈ? માટે આત્માને આશ્રયે નહિ થયેલી માટે પરને આશ્રયે થયેલી પરમાં જાય છે. આહા..હા...! કહો, મોહનભાઈ! આવું બધું આ ધંધાના વેપારમાં આવું બધું બેસતું હશે?

અરે! તેં, કહે છે, કોઈ દિ' સંસારના રાગનો વેપાર કર્યો જ નથી તેં. જીવ સ્વભાવ કેમ કરે? સ્વભાવ કરે તો સ્વભાવ વિભાવ થઈ જાય. એમ ત્રણકાળમાં બને નહિ. આહા..હા...! અચેતન થઈ જાય. એ તો ચેતન છે જાણનાર-દેખનાર. અરે! એવા ભગવાનની વાર્તા પણ ક્યાં છે? કાને પડવાના કાળ પણ ક્યાં છે? સમજાણું કાંઈ? એક શ્લોકે પણ ગજબ કર્યું છે! ઓહો..હો..! દિગંબર સંતો પરમાત્માની પાસે બેઠેલા, રાગથી ખસી ગયેલા. પરમાત્મા એટલે પોતે હોં વળી પાછા. એઈ..!

કહે છે, એ વર્ણાદિમાન પુદ્‌ગલ એવ. આહા..હા...! .. જડ કહીને શું કહેવું છે તમારે? 'एव' શબ્દ છેને? ... ભગવાન આનંદનો નાથ એ કેમ રાગમાં આવે? સમજાણું કાંઈ? એ તો ચૈતન્યનો પુંજ પ્રભુ આત્મા. સૂર્યના હજાર કિરણે ખીલતો જેમ સૂર્ય, એમ આ તો અનંત... અનંત... અનંત જ્ઞાનના કિરણે ખીલતો સૂર્ય છે. એમાં રાગનું ખીલવું અને મિથ્યાત્વનું આવવું કેમ આવે? આ શું થયું તને? એમ કહે છે. શોભાલાલજી! આહા..હા...! અરે! ભગવાન તારી વાત તને સાંભળવી મુશ્કેલ થઈ પડી. આહા..હા...! તારા ઘરમાં કોણ છે અને કેમ થયું છે એની તને ખબરું નહિ અને ક્યાંકનો ક્યાંક માની (રખડે છે). આહા..હા...! કહે છે કે પણ એ માન્યતા પણ તારી ચીજ નહિ. લે. આહા..હા...! એઈ..!

એ અભેદ જ્ઞાનમાં પ્રભુ તો ચૈતન્ય એકરૂપ જ્ઞાન છે એમ કહે છે. આ વસ્તુ જે છે એ તો એકરૂપ વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન છે. એમાં અનેકપણું કેમ આવે? એ પુદ્‌ગલ જ અનેકપણે દેખાય છે. આહા..હા...! જાત જ જુદી. આ અંદર પ્રભુ તું કોણ છો? કેવડો છો? તને ખબર નથી. ભાઈ! તું તો પૂર્ણાનંદનો નાથ છો. એ પૂર્ણાનંદનો નાથ તેને અહીંયાં

આત્મા કહીએ. એ રાગ ને પુણ્ય ને પાપના ભાવ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચેય પુદ્ગલ સ્વભાવ. સમજાણું કાંઈ? જેને આશ્રયે થયા તે તેના એમ ગણીને પુદ્ગલ કહ્યાં છે. જેઠાભાઈ! આહા..હા...!

**શ્રોતા** :- હિતોપદેશ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હિતોપદેશ. આ ઉપદેશ જ આવો છે. ઈષ્ટોપદેશમાં એ વાત છે. ત્યાં ... એટલે તારાથી થયેલું એમ કહ્યું છે. પણ એ તારાથી થયું એ કેમ થયું? એમ કહે છે. એ વસ્તુ પરને લક્ષે થયેલું પરના લક્ષમાં તારી અંદર આંખ આડી થઈ ગઈ. આહા..હા...! ત્રાંસો થઈ ગયો તું. એ પરને લક્ષે (થયેલી) ત્રાંસાઈ તે પરમાં જાય છે, તારા ઘરમાં આવતી નથી. આહા..હા...! આવો ઉપદેશ. પર્યુષણમાં આવું?

એ જીવ તો અનેક પ્રકારનો છે નહિ એની વ્યાખ્યા. શું કહ્યું? જીવ તો અનેક પ્રકારનો દેખાતો નથી કહે છે. એ તો એકરૂપે ચૈતન્યમૂર્તિ ઘન છે એમાં અનેકતા ક્યાંથી આવી? એ રાગાદિ, વિકાર આદિ પુણ્ય-પાપના અસંખ્ય પ્રકાર. એક એકના અસંખ્ય. એ બધા પુદ્ગલ જ અનેક પ્રકારે દેખાય છે. કેમકે એક ન્યાયે એમાં ચૈતન્ય જાણકસ્વભાવનો અંશ આવ્યો નથી. નિમિત્તને આશ્રયે થયા એ તો બરાબર છે. સમજાણું કાંઈ? પણ એ મિથ્યા શ્રદ્ધા, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એ પાંચ બંધના કારણ કહ્યા. એ ભાવમાં ચૈતન્યનો અંશ આવ્યો નથી. સમજાણું કાંઈ? ચૈતન્યનું કિરણ તો જ્ઞાનનું અને આનંદનું હોય, એમાં રાગનું કિરણ ક્યાંથી આવ્યું આ? સમજાણું કાંઈ? આ તો હળવે હળવે સમજવા જેવી વાત છે. આ તો ઓલા પ્રોફેસરની જેમ એક કલાક બોલી જાય અને પછી ન સમજે તોપણ એને હા, બહુ સારું કર્યું, બહુ સારું કર્યું. ચંદુભાઈ! કોલજમાં. આહા..હા...! આ તો બાપા ગંભીર ચીજ ભાઈ! કઈ અપેક્ષાના કથન અને કઈ અપેક્ષા ત્યાં સિદ્ધ કરે છે એ વાતને એણે બરાબર લક્ષમાં લેવી જોઈએ. આહા..હા...!

'**अयं जीवः**' એ વાત કરી. નાચે તો પુદ્ગલ નાચે. અભેદ વસ્તુ અનેકરૂપે કેમ દેખાય? અનેકરૂપે દેખાય એ તો પુદ્ગલ જડ દેખાય છે. રાગાદિનું અચેતનપણું એ તો બધું જડ અચેતનપણે દેખાય છે. ભગવાન જ્ઞાનસ્વભાવી એ અનેકપણે કેમ દેખાય? '**આ જીવ તો રાગાદિક પુદ્ગલવિકાર...**' લ્યો, આ પુદ્ગલ નાચે છે. એ જડના બધા ખેલ છે કહે છે. જીવના નહિ. આહા..હા...! એ ચોર્યાસીના અવતાર અને એના કારણ એ બધા જીવના ખેલ નહિ. એ તો જડના ખેલના પડદા છે બધા કહે છે. આહા..હા...! કહો, શાંતિભાઈ! આ વાડામાં પકડાણા એને ભારે આકરું પડે.

કહે છે, ત્યારે હવે છે કોણ? એકલો પુદ્ગલનો નાચ કીધો, એકરૂપ વસ્તુમાં અનેકપણું એ પુદ્ગલનું દેખાય છે ત્યારે હવે જીવ છે કોણ? સમજાણું કાંઈ? '**अयं जीवः**' આ જીવ એ '**रागादि-पुद्गल-विकार-विरुद्ध**' આહા..હા...! સમજાય છે કાંઈ? રાગાદિ જે ચૈતન્યના

વિકારો એનાથી વિરુદ્ધ, એનાથી વિરુદ્ધ. '**शुद्ध-चैतन्यधातुमय-मूर्तिः**' શુદ્ધ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યમય મૂર્તિ આત્મા છે. એને આત્મા કહેવામાં આવે છે. પણ આ તો ક્યાંય ગયો, ભીખાભાઈ! ગુરુથી મળે, દેવથી મળે ને વાણી....

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમજનાર કોણ છે ત્યારે? સમજનાર સમજવાની પર્યાય કરનાર કોણ છે? રાગ પણ નહિ હોં! આહા..હા...! ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞદેવનું જુઓ આ ચૈતન્યનું સ્વરૂપનું વર્ણન! સમજાય છે કાંઈ? જૈનમાં જન્મ્યા તો ઓલો કહે અમે સ્થાનકવાસી, ઓલા કહે અમે દેરાવાસી, ઓલા કહે અમે દિગંબર, ઓલા કહે અમે તેરાપંથી. અહીંયાં પંથ-બંથ નથી વસ્તુમાં, સાંભળને! એ તો ચૈતન્યધાતુ ભગવાન એકરૂપે મૂર્તિ પ્રભુ છે. મૂર્તિ એટલે સ્વરૂપ.

ચૈતન્ય વિકાર '**રાગાદિ પુદ્‌ગલવિકારોથી વિલક્ષણ,...**' આહા..હા...! અનેકપણાના વિકાર જે દેખાય તે અચેતન છે. એનાથી વિલક્ષણ વિરુદ્ધ ભાવવાળું તત્ત્વ તે '**શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ છે.**' આહા..હા...! એ શુદ્ધ ચૈતન્યધાતુ ભગવાન એ દેહદેવળમાં પરમાત્મા રાગની પાછળ શુદ્ધ ચૈતન્યધાતુ બિરાજે છે. સમજાણું કાંઈ? એને આત્મા તરીકે જો અને માન. આહા..હા...! અહીં તો વ્યવહારરત્નત્રયના વિકલ્પને પુદ્‌ગલનો વિકાર કીધો છે. આહા..હા...! હવે એ પુદ્‌ગલનો વિકાર કારણ થાય અને આત્માને ધર્મનું કાર્ય થાય... આહા..હા...! તો આ ખોટું પડે. સમજાણું કાંઈ? કેમ કહ્યું છે કારણ? એ તો એક નિમિત્તનું તે પ્રકારની સ્થિતિ ભૂમિકામાં કષાયની મંદતાની જાત કેટલી હોય? કેવી હોય? એવું જણાવીને સાધકનો આરોપ કહ્યો છે. વસ્તુ એ આત્મા નહિ. કહો, ભીખાભાઈ! આ બધા અપવાસ કરે ને કરે ને. સુકાઈ જાય બિચારા. આઠ-આઠ અપવાસ, દસ-દસ અપવાસ. અરેરે..! પ્રભુ! તું કોણ છો? શું તું કર? એ અપવાસનો વિકલ્પ એ તારી ચીજ છે નહિ.

**શ્રોતા** :- શરીર પણ એનું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શરીર તો ક્યાંય રહી ગયું એકકોર. આ તો અપવાસ કર્યા, આઠ કર્યા, મહિનો કર્યો એવી જાતનો વિકલ્પ છેને એની પાસે? બીજું શું હતું ત્યાં? ત્યાં ક્યાં સંવર-નિર્જરા હતી? સમજાણું કાંઈ? એ તો એક વિકલ્પ છે અને એ વિકલ્પ તો પુદ્‌ગલનો વિકાર છે, એ આત્મા નહિ. જે આત્મા નહિ એનાથી કેમ કલ્યાણ થાય? સમજાણું કાંઈ? આહા..હા...!

અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય પરમેશ્વરના દીકરા હતા. બધા કહે છેને પરમેશ્વરનો અવતાર ઈસુ. ઈસુ ખ્રિસ્તી. અરે! પરમેશ્વર ક્યો હતો તે એનો દીકરો એ આવ્યો વળી? આ તો પરમેશ્વર પૂર્ણ સ્વરૂપ ભગવાન પોતે છે. એની પર્યાય પ્રગટ થઈ ઈ એનો પુત્ર છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ. સર્વજ્ઞ કીધું ને અહીંયા? ચૈતન્યમૂર્તિ કીધું ને? એનો અર્થ કે શુદ્ધ જ્ઞાનમૂર્તિ

એટલે સર્વજ્ઞ સ્વભાવી. એવા સર્વજ્ઞ સ્વભાવનું જેને ભાન થયું એ સર્વજ્ઞ પરમાત્મા પોતે તેનો એ પર્યાય પુત્ર છે, એની એ પ્રજા છે. સમજાણું કાંઈ? ઓલા ભગવાનનો પણ નહિ. આ તો સર્વજ્ઞ જ્ઞ ચૈતન્યમૂર્તિ.

'**अयं जीवः**' ચૈતન્યમૂર્તિ '**एव**' એવો જે ભગવાન એકલો જ્ઞાનનો, કેવળ જ્ઞાનનો, કેવળ એકલા જ્ઞાનસ્વભાવરૂપ એવો જે આત્મા એની જેને દૃષ્ટિ થઈ, એનું જેને જ્ઞાન થયું એ બધો પોતે પોતાના સર્વજ્ઞ સ્વભાવની પ્રજા નામ પુત્ર છે. સમજાણું કાંઈ? એ રાગાદિ. અરે! વ્યવહારરત્નત્રયના વિકલ્પોને કાંઈક રાખોને. રાખ્યાને, પુદ્ગલનો સ્વભાવ છે એમ કહ્યું. ભાઈ! તારામાં હોય તો નીકળે કેમ? એમાં તારું તન્મયપણું હોય વસ્તુના સ્વભાવનું તો જુદા પડે કેમ? જુદા પડેલા એ તારા છે નહિ. સમજાય છે કાંઈ? એ રાગ—પુણ્ય-પાપ આદિ પુદ્ગલ વિકારોથી વિલક્ષણ. એવા વિકલ્પોથી વિલક્ષણ, બીજા લક્ષણવાળું. શુદ્ધ ચૈતન્યધાતુમય. એ તો શુદ્ધ ચૈતન્યધાતુ મૂર્તિ પ્રભુ છે. સમજાણું કાંઈ? જેની નજર કરવાથી નિધાનની પ્રતીતિ થાય, શુદ્ધ ચૈતન્યધાતુ તે હું એવી પ્રતીતિ થાય એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? ભાવાર્થ. પોણો કલાક તો ચાલ્યું. ચંદુભાઈ! આહા..હા...!

તારા કેટલા ગાણા ગાય ભાઈ! વાણી જડ અને તું ચૈતન્ય. વાણીને ખબર પણ નથી કે આ અંદર કોણ છે. વાણીને ખબર પણ નથી કે અંદર કોણ આ છે. એ વાણી આમ વાત કરે છે. સમજાણું કાંઈ? આ તો આત્મધર્મની વાત છે. આત્મધર્મ. આત્મધર્મ ક્યારે થાય? એ બધા પુણ્ય-પાપના રાગો બધા પુદ્ગલના સ્વભાવ છે. એનું લક્ષ અને દૃષ્ટિ છોડી પૂર્ણ એકરૂપ જ્ઞાન-દર્શનનો પિંડ પ્રભુ એકરૂપ છે. એ રાગાદિમાં અનેકરૂપે થયો નથી એવો જે આત્મા એમાં જઈને સ્થિર થઈને, એકાગ્ર થઈને જે દૃષ્ટિ થાય એને સમ્યગ્દર્શન કહે છે. કહો, સમજાણું કાંઈ? આ તો ધર્મની પહેલી દશાની વાત. આહા..હા...! જેઠાભાઈ!

'**રાગાદિ ચિદ્વિકારને દેખી એવો ભ્રમ ન કરવો...**' જોયું! ભગવાન આત્મામાં રાગાદિ પુણ્યાદિ દેખીને એવી ભ્રમણા ન કરવી '**કે એ પણ ચૈતન્ય જ છે,...**' એ પણ ચૈતન્ય જ છે એમ. ચૈતન્ય ચૈતન્ય તો છે પણ રાગાદિ પણ ચૈતન્ય છે એમ ભ્રમ ન કરવો. આહા..હા...! આઠ-આઠ વર્ષના બાળકો સમ્યગ્દર્શન પામી અંતર્મુહૂર્તમાં કેવળ (પામે). લઘુ કાળ રહે ગર્ભમાં. એટલો નાનામાં નાનો કાળ એટલો ગર્ભમાં રહે, જન્મીને નાનામાં નાના આઠ વર્ષની અંદરમાં કેવળજ્ઞાન પામે! આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંદર માપ લખ્યા છે ધવલમાં. આવો આમ હોય, આવો આમ હોય. લઘુ કાળ રહે. આહા..હા...! સિદ્ધાંતમાં શું હોય? ભગવાનની વાણીમાં તો આટલો કાળ રહે નાનામાં નાનો. પછી નીકળીને પણ નાનામાં નાના કાળમાં કેવળ પામે. એ એને પછી પામવાનો આંતરો ન હોય. પામે એને આંતરા શા પછી? સમજાણું કાંઈ? અરેરે! નિગોદમાંથી

નીકળ્યો. એકાદ ભવ ક્યાંક .. એમાં અંદરમાં કહે છે આવો ભગવાન આત્માની અંદરમાં વર્તમાન પર્યાયને અંતરમાં વાળી અને જેને આત્મા દેખાણો, શ્રદ્ધાણો, મનાણો, ... આહા..હા...! અને એ જીવને પણ અલ્પકાળમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ (થાય) એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એવા ભગવાન પૂર્ણાનંદની જ્યાં મીટ માંડે અંદર, જ્યાં પૂર્ણપણું પડ્યું ત્યાં મીટ માંડે તો પૂર્ણ દશા પ્રગટ થાય. સમજાણું કાંઈ? એ અપૂર્ણ દશા પ્રગટી સમકિત આદિ એના ઉપર મીટ નહિ. ભારે આકરું કામ. જૈનદર્શન એટલે વિશ્વદર્શન. ઓલામાં લખ્યું છેને. .. એમ ભાઈએ કીધુંને. વિશ્વદર્શન સમ્રાટ એમ કહ્યું છેને? વિશ્વદર્શન સમ્રાટ. ઘણો અભ્યાસ ઘણો. ભલે એ અમુક દૃષ્ટિ એ જુદી વાત છે, પણ અભ્યાસ એનો ઘણો છે. હુકમચંદજી નરમ માણસ છે. એ કહે બાપુ! આવો અભ્યાસ .. કર્યો. .. પુસ્તક બનાવ્યુંને? લખેલું ઘણું હતું. હજારો શાસ્ત્રના આધાર. અરે! આનો આધાર લઈને એકવાર જો એકાગ્ર થાય. .. નહિ પણ આ તો કેવળજ્ઞાનની ડિગ્રી એને મળે. સમજાણું કાંઈ? આહા..હા...! એવો પરમાત્મા પોતે પૂર્ણાનંદનો નાથ, અરે! એને વાણીમાં કેટલું લાવવું? વાણીમાં કેટલું આવે? રાગ જ્યાં સ્વભાવથી વિરુદ્ધ અને રાગથી વિરુદ્ધ પ્રભુ, તો વાણીથી વિરુદ્ધ ભગવાન અને ભગવાનથી વિરુદ્ધ વાણી. આહા..હા...!

એ રાગ પુણ્ય-પાપના ભાવો, અરે! દેવ-ગુરુ-શાસ્ત્રને માને એવો જે વિકલ્પ. દેવ, ગુરુ અને શાસ્ત્રને માને એવો રાગ અને પંચ મહાવ્રતનો રાગ એ બધા '**ચિદ્‌વિકારને દેખી એવો ભ્રમ ન કરવો...**' કે એ પણ ચૈતન્યની જાત છે. એ ચૈતન્યમાં છે એમ ભ્રમ કરવો નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? આહા..હા...! ભગવાનના મુખથી નીકળતી હશે જ્યારે. આહા..હા...! એને ગણધરોએ ગૂંથી. આ ચૈતન્યતત્ત્વ જે ... અનંતમે ભાગે વાણીમાં આવ્યું. ... ગણધરે પકડી, એમાં પણ કેટલામે ભાગે લખાણું. આહા..હા...! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કેટલામે ભાગે ગૂંથાણું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગૂંથાણું બરાબર છે. એમાં આટલી વાત આવી. એમાં પણ આ મુનિઓ તો કંઈ પૂર્વધારી નહોતા. આચાર્યો ... આહા..હા...! કહો.

કહે છે કે જે '**રાગાદિ ચિદ્વિકારને દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે, કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય.**' .. કથન લીધું. એનો નિયમ કહ્યો, ભગવાન! તારી દરેક દશામાં તારામાં હોય તો તેને તારા કહેવાય. દરેક દશામાં ન હોય એને તારા કેમ કહેવાય? ભાઈ! '**કારણ કે ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપે તો ચૈતન્યના કહેવાય. રાગાદિ વિકારો તો સર્વ અવસ્થાઓમાં વ્યાપતા નથી—**' અરે! ઉદયભાવની દશા આત્માની દરેક અવસ્થામાં વ્યાપતા નથી. આહા..હા...! ઉદયના બોલ આવે છેને ૨૧? ૨૧. ક્ષયોપશમના ૧૮. ૧૮ આવે છેને. ઉપશમના .. અને ક્ષાયિકના ૯. ત્રણેના ત્રણ. .. લેવા.

અહીં તો પરમપારિમાણિક સ્વભાવભાવ એકરૂપ, એને અનેકપણું રાગાદિ દેખીને આ ચૈતન્ય છે એમ ન માનવું. એનો ભ્રમ ન કરવો. કારણ કે ચૈતન્યની દરેક અવસ્થાઓમાં વ્યાપતા નથી. '**મોક્ષ અવસ્થામાં તેમનો અભાવ છે.**' પોતાની દશા મોક્ષ થવાની છે એમાં એ છે નહિ. એમાં રહેશે નહિ. વળી એક ન્યાય આપે છે. '**વળી તેમનો અનુભવ પણ આકુળતામય દુઃખરૂપ છે.**' આહા..હા..! એ મિથ્યા શ્રદ્ધા, એ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ બધા આકુળતામય દુઃખરૂપ છે. ભગવાન આનંદસ્વરૂપ છે એ નહિ. સમજાણું કાંઈ? '**તેમનો અનુભવ પણ...**' એમ. અચેતન તો કહ્યા, અનેક .. દેખાય, પણ એનું વેદન તે દુઃખમય છે. આકુળતામય દુઃખરૂપ છે. અરે! દુઃખમય હોય એને આત્મા કેમ કહેવો? એમ કહે છે. વસ્તુ તે દુઃખરૂપ હોય? સ્વયંસિદ્ધ ચીજ એ દુઃખરૂપ હોય? આ જિનેશ્વર તીર્થંકરોના સમવસરણમાં દુદુંભી વાજા સાથે દિવ્યધ્વનિ આવેલી. સમજાણું કાંઈ? એમાં આ મુનિ જઈને આવું લાવ્યા. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા ભગવાન પાસે, આઠ દિન રહ્યા. અરે! એમાં પણ શંકા હજી તો માણસને. બાપા! આ દેખાતી નથી એની વિશિષ્ટતા? શું કહે છે એની વિશિષ્ટતા? ભગવાનની પાસે ગયેલા અને આ જો તો તું એનો ભાવ. આહા..હા...!

એ પુણ્ય અને પાપના વિકલ્પનો અનુભવ આકુળતામય છે. ભગવાન આત્મા આકુળતા નહિ, એ તો આનંદમય છે. જ્ઞાન કહ્યું હતુંને? શુદ્ધ ચૈતન્યમય મૂર્તિ એની સાથે આનંદને ભેળવ્યો પાછો. જ્ઞાન અને આનંદમય છે એ તો. આ વિકલ્પો ઊઠે બધા એ પુદ્ગલ છે, અનેકપણે દેખાય છે, પણ એ મારા ભ્રમ ન કરવો, એ તો દુઃખરૂપ છે. આહા..હા...! ભારે ભાઈ! આવું સ્વરૂપ વીતરાગે કહ્યું હશે? બીજાના ગજા નહિ બાપા! એ ત્રણલોકના નાથ કેવળી તીર્થંકર એની ૐ ધ્વનિમાં આમ આવ્યું. એ એ કહે હોં! બીજાના ગજા નહિ એમાં. અજ્ઞાનીઓના ગજા નહિ કે આવી વાતું એ કરે. જગત પાસે મૂકીને રાડ નાખી જાય બીજા. કહો, રતિભાઈ! આહા..હા...!

કહે છે, એ અનુભવ પણ આકુળતામય દુખઃરૂપ છે માટે તે ચેતન નથી. દુઃખરૂપ હોય એ ચેતન હોય? ચેતનની જાત દુઃખરૂપ હોય? પોતે જાત તો આનંદરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા...! શું કહે છે આમાં એ નવા માણસને તો પકડાવું કઠણ. હવે અહીં તો ઘણાં પરિચયવાળા બીજા છે. આ તો ૩૮મું વર્ષ ચાલે છે અહીં સોનગઢમાં. હવે ક્યાં અજાણ્યા રહ્યા છે કેટલાક? કહે છે, અનુભવ આકુળતામય દુઃખરૂપ એ ચેતન નથી, એ જડ છે. '**ચૈતન્યનો અનુભવ નિરાકુળ છે,...**' ભગવાન આત્માનો અનુભવ તો આનંદમય હોય. એ આત્મા. આકુળતામય અનુભવ એ આત્મા હોય? '**તે જ જીવનો સ્વભાવ છે એમ જાણવું.**' લ્યો! અનાકુળ અને આનંદમય પ્રભુ છે એ જીવનો સ્વભાવ અને એને જીવ કહેવામાં આવે છે. એમ જાણવું. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શક્તિ-૬, ૭
## પ્રવચન નં.૫૩૧, તા.૦૯-૧૧-૧૯૭૦
## (૧૬મી વાર) (૨૨)

કહે છે કે આ આત્મા ... અને જેવો આત્મા છે એવો અંતર દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તો આત્મા જે છે એ અનંત ગુણોનો પિંડ છે. એ વસ્તુ છે એ તો દ્રવ્ય છે, એ ગુણોનો પિંડ છે અને અંદર શક્તિઓ જે છે એ એનો સ્વભાવ છે, એનું તત્ત્વ છે, એનો ભાવ છે, એની શક્તિ છે. એ આત્માની શક્તિ અને શક્તિવાન એવું ધ્રુવ સ્વરૂપ એની દૃષ્ટિ આપતા, એનો સત્તાનો સ્વીકાર કરતા જે શક્તિમાં અથવા શક્તિવાળું જે દ્રવ્ય છે એ શુદ્ધપણે પરિણમે. એ શુદ્ધપણે પરિણમે, પુણ્ય-પાપપણે નહિ, શરીરપણે પરિણમેતો નહિ, પણ શુદ્ધપણે, પુણ્ય-પાપના રાગ વિનાનું એનું અનંત શુદ્ધ ગુણોનું શુદ્ધરૂપ પરિણમન થવું તે પરિણમનસહિતનો આખો આત્મા તેને અહીંયાં આત્મા ખરેખર કહેવામાં આવે છે. એ પ્રમાણજ્ઞાનનો વિષય છે. કહો, સમજાણું આમાં?

દૃષ્ટિનો વિષય તો દ્રવ્ય છે, સમ્યગ્દર્શન ધ્યેય એનું તો દ્રવ્ય છે. સમ્યગ્દર્શન જે ધર્મની પહેલી શરૂઆત જે આત્મા વસ્તુ શુદ્ધ દ્રવ્યે શુદ્ધ છે, ગુણે શુદ્ધ છે, એવું જે ધ્યેયમાં લઈને એનું ધ્યાન કરતા જે દ્રવ્યનું શુદ્ધ પરિણમન થાય એ પર્યાયનયનો વિષય. ત્રિકાળી (દ્રવ્ય) દૃષ્ટિનો વિષય, દ્રવ્યાર્થિકનો વિષય. વિષય એટલે શું? આ વિષય હશે? આ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એ વિષય છે? વિષય એટલે એનું લક્ષ. આ તો અલૌકિકની વાત છે ભાઈ! જેને ધર્મ કરવો છે એને આ પુણ્ય-પાપના વિકલ્પોનું લક્ષ છોડી અને આખું ચૈતન્યમૂર્તિ જે દ્રવ્ય શુદ્ધ છે, ધ્રુવ છે, પરમાત્મા છે, પરમસ્વરૂપ છે. પરમાત્મા એટલે પરમ સ્વરૂપ, એવો પરમ સ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ એની દૃષ્ટિ કરતાં એનામાં સમ્યક્ શુદ્ધ પરિણમન જે થાય એને દ્રવ્યનો વિષય ધ્રુવ અને પર્યાયનો વિષય વર્તમાન નિર્મળ થવું તે. અને પુણ્ય-પાપ વ્યવહાર-ફ્યવહાર એ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ? આ વ્યવહાર સાધન કહે છેને? એ વસ્તુમાં છે જ નહિ. હીરાભાઈ! આહા..હા...! એ તો પરવસ્તુ છે. એ આત્માની પર્યાયમાં પણ એ રાગનો ભાગ આવતો નથી. રાગ તો વિભાવ, વિકાર, સદોષ છે; શુભભાવ હોય તોપણ. ભગવાનની ભક્તિ આવે ખરી, હોય ખરી પણ એ વર્તમાન પર્યાયમાં એનો સ્પર્શ નથી. આહા..હા...! શું કહે છે આ?

શ્રોતા :- બીજા દેશના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા દેશની નહિ. એના ઘરના દેશની વાત છે આ. પણ કાંઈક ચાલતો બીજો વિષય, માથા ફોડે બીજે અને વસ્તુ દ્રવ્ય અને પર્યાયની રહી ત્રીજે. આહા..હા...!

અહીં તો કહે છે કે આ આત્મા જેને કહીએ એમાં શરીર, વાણી, કર્મ, પરપદાર્થ ભગવાન સિદ્ધ, અરિહંત વગેરે એ આત્માની પર્યાય એટલે અવસ્થા, હાલતમાં એ નથી. સમજાણું કાંઈ? અને એની હાલતમાં પર્યાયમાં જે કંઈ પુણ્યના વિકલ્પ ઊઠે શુભરાગ એ પણ ખરેખર આત્માની પર્યાયમાં નથી. અરે.. અરે.. આ ભારે! શાંતિભાઈ! ઝીણો વિષય છે આ. આહા..હા...! એણે આત્મા શું ચીજ છે? અનંતકાળમાં એણે એનો વિષય બનાવી અંતર્મુખ થઈ, બહિર્મુખનું લક્ષ છોડી દઈને અંતર્મુખ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે. પોતે પ્રભુ પૂર્ણ પરમેશ્વર છે. એવી પર્યાયમાં તેમાં એકાગ્ર થતાં જે વસ્તુનું પરિણમન વર્તમાનમાં શુદ્ધ થાય એ શુદ્ધ પરિણમન સહિતનો આત્મા તે લક્ષગત થવો એનું નામ પ્રમાણનો વિષય કહેવામાં આવે છે અને એટલાને આત્મા કહે છે. સમજાણું કાંઈ? હવે આમાં શું સમજે માણસને? એ તો બિચારા, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ અને વાંચનમાં ઉતરી પડ્યા ત્યાં. એય..! શાંતિભાઈ! અહીં તો પકડાય નહિ, ત્યાં તો પકડાય ઝટ-ઝટ. આહા..હા...! ભગવાન! તારું સ્વરૂપ તો આવું છે ભાઈ! સમજાય છે કાંઈ?

કહે છે, આત્મા જેનું અસ્તિત્વ નામ હયાતી, એની મોજૂદગીમાં એના સત્તા નામ હોવાપણામાં વસ્તુ પોતે એક, પણ એની શક્તિઓ અનંત. એ શક્તિનું રૂપ એક દ્રવ્ય. ધર્મ કરનારને અને આત્માને માનનારને એ વર્તમાન પર્યાય—અવસ્થા છે, એ અંતરમાં દૃષ્ટિ કરીને વાળવી. ઉપદેશની વ્યાખ્યા શું હોય? કઈ પર્યાય વાળવી? પ્રગટ છે તે વાળવી? એ તો વળેલી નથી, પર ઉપર છે. સમજાણું કાંઈ? નથી પર્યાય એને વાળવી? નથી એને વાળવી શી રીતે? એને ઉપદેશની શૈલી તો એવી જ હોય કે જ્યાં પર્યાય એટલે વર્તમાન જ્ઞાનની અવસ્થા પરલક્ષી છે એને સ્વલક્ષી બનાવવી. આહા..હા...! એટલે બીજી ક્ષણે જ્યાં સ્વલક્ષ થાય છે ત્યારે એ પર્યાય નવી પ્રગટીને દ્રવ્ય સાથે અભેદ થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ? અને એને અંદરમાં પવિત્રતા પ્રગટે, આનંદનો સ્વાદ આવે, જ્ઞાને પર્યાયે જેણે સ્વને જ્ઞેય બનાવ્યું એવું જ્ઞાન આવે, શ્રદ્ધાની પર્યાયને ધ્રુવને ધ્યેય બનાવ્યું એવી શ્રદ્ધા થાય, ચારિત્રની પર્યાય સ્વમાં એકાગ્ર થતાં સ્વરૂપ આચરણની રમત થાય. સમજાય છે કાંઈ? એટલી પર્યાયસહિતના આત્માને અહીંયાં આખો આત્મા કહેવામાં આવે છે. આહા..હા...! કહો, ભીખાભાઈ! ભારે વાતું ભાઈ!

કાલે તો સાધારણ આવ્યું હતુંને. હવે આજ તો પાછું થોડું સૂક્ષ્મ છેને? ભાઈએ કહ્યું હતું જરી સાધારણ રાખજો. ઠીક રાખશું. નવનીતભાઈએ કહ્યું હતુંને, તમારા તમારા મહેમાન... પણ ભાઈએ ખુલાસો કર્યો .. આ વજુભાઈએ ખુલાસો કર્યો છે કે આ અભ્યાસ નહિ માટે

ન સમજાય. એમ કરીને ખુલાસો કર્યો હતો. આહા..હા...! અરે! ભગવાન! તારો તને અભ્યાસ નહિ અને ઊંધો બધો અભ્યાસ. જેને આત્માનું સુખ પ્રાપ્ત કરવું છે, હિત કરવું છે, ધર્મ કરવો છે એને માટે આ વાત છે. એને તો ભગવાન આત્મા છ દ્રવ્યને જાણવાની જ્ઞાનની એક સમયની પર્યાય છે એ પર્યાય(નું) પણ લક્ષ ગૌણ કરી દઈને, ત્રિકાળી જ્ઞાયકભાવ છે એનો આશ્રય કરતાં જે શુદ્ધતાનું વર્તમાન પર્યાયમાં પરિણમન થાય એ શુદ્ધતાની પર્યાય, શુદ્ધ ગુણ અને શુદ્ધ દ્રવ્ય એટલાને એટલાને આત્મા કહેવામાં આવે છે. આહા..હા...! શાંતિભાઈ! બહુ સરસ કહ્યું આ. .. શાંતિભાઈ! ..

**શ્રોતા** :- શક્તિઓ છે એમ કીધું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ કીધું હતું? ઠીક. શક્તિઓનું વર્ણન છે એમ કીધું હતું. આહા..હા...!

તારામાં સામર્થ્ય કેટલી જાતનું છે એનું આ વર્ણન છે. એનામાં સામર્થ્ય, પરનું રજકણનું કે આંખનું કે રળવાનું કામ કરવું ઈ એનામાં સામર્થ્ય છે જ નહિ. સમજાણું કાંઈ? એનામાં ઈ છે જ નહિ. અને એનામાં રાગ અને દ્વેષ થાય એ એનામાં સામર્થ્યમાં એ ચીજ નથી, એ ચીજ જ નથી એનામાં. આહા..હા...! સમજાણું કાંઈ? કેમકે રાગ-દ્વેષ તો આસ્રવતત્ત્વ છે, ભાવબંધતત્ત્વ છે. સ્વભાવ ભગવાન અબંધતત્ત્વ છે. મોહનભાઈ! ત્યાં વાતું કરે તો માણસ મારે છે. વાડામાં વાતું કરે. પણ અહીં વાડો ન મળે, અહીં તો આ માર્ગ છે ભાઈ! તમારે બેસાડવું હોય તો બેસાડો. સોનગઢમાં વાડો નથી કાંઈ કે કોઈ રોકે નહિ. આમ ન કહેવાય. હવે સાંભળને. સમજાણું કાંઈ?

અનંત સંતોએ, પરમેશ્વરોએ આ માર્ગ કહ્યો છે. આહા..હા...! કહે છે... શક્તિઓ પાંચ થઈ ગઈ. પાંચ થઈ ગઈને? પહેલી જીવતર શક્તિ કીધી હતી. ભગવાન આત્મામાં ચૈતન્યના ભાવપ્રાણને ધારણ કરનાર એવી જીવત્વશક્તિ એ જીવનું જીવપણું છે. એ જીવનું જીવપણું છે. એને પાંચ ઈન્દ્રિય ને મન, વચન અને કાયા, શ્વાસોશ્વાસ અને આયુષ્યથી જીવવું એ જીવનું જીવન નહિ. તેમ એ જડના જીવનથી જીવન નહિ, પણ આત્મામાં પાંચ ઈન્દ્રિય જે ખંડખંડ ઈન્દ્રિય છે, વીર્યનું એક એક સમયનું ખંડખંડ છે એ પણ એનાથી જીવન એ જીવનું જીવન નહિ. સમજાણું કાંઈ?

એનું જીવન તો, જીવનું જીવપણું, વસ્તુનું વસ્તુપણું, આત્માનું આત્માપણું એ તો ચૈતન્યપ્રાણ ધારવું એવી જીવત્વશક્તિ એ દ્રવ્ય—વસ્તુ આત્માનું એ કારણ છે. સમજાણું કાંઈ? ખરેખર તો દ્રવ્ય દ્રવ્યનું કારણ છે. દ્રવ્ય દ્રવ્યનું કારણ છે, દ્રવ્ય દ્રવ્યનું કાર્ય છે. પણ અહીંયાં ગુણને કારણ કહીને દ્રવ્યપણું આવું છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વળી એ શું આવ્યું? દ્રવ્ય વસ્તુ છે, સત્ છે તો સત્‌ને કોઈ કારણ-ફારણ હોઈ શકે નહિ. એમ ગુણ પણ સત્ છે. જીવત્વ નામનો ગુણ પણ સત્ છે. સત્‌ને કોઈ કારણ ન હોય. ગુણ ગુણને

કારણે છે અને એની જે નિર્મળ પર્યાય થાય છે દ્રવ્યને અવલંબે, ધ્રુવને ધ્યેયે એ પર્યાયનું કારણ દ્રવ્ય-ગુણ કહેવાય એ પણ ભેદથી કથન છે. જ્ઞાનને જાણવાના કથન અપેક્ષાએ. પર્યાય પર્યાયને કારણે છે. પર્યાય સત્ છે. સમ્યગ્દર્શનની પર્યાય સત્ છે. એ પર્યાય પર્યાયને કારણે છે. પર્યાય ધ્રુવને કારણે છે એ પણ જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. સમજાણું કાંઈ? ભારે વાત! આ ન સમજાત કાલે આવું ઝીણું ઉતાર્યું. ભગવાન તું એવો છો હોં! સમજાણું કાંઈ? પણ એણે કોઈ દિ' સાંભળ્યું નથીને. આમ ને આમ બધું રોળે.. રોળે.. રોળે... આ કર્યું ને તે કર્યું. ધર્મને નામે કાં તો દયા પાળી અને વ્રત કર્યા, પોષા કર્યા, અપવાસ કર્યા, ભક્તિ ભગવાનની કરી. એ બધો રાગ છે. એ રાગ એ ધર્મ નહિ, સાંભળને. ભારે કામ આકરું. તો આ બધા જાત્રા-બાત્રા કરવા જાય છેને, કાંઈક લાભ થાતો હશે કે નહિ? સમ્મેદશિખર જાય.

**શ્રોતા :-** આપણે તો ગયા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગયા હતા. 'એકવાર વંદે જો કોઈ નરક પશુ ન હોય.' આવે છેને, શું આવે છે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમેદશિખરના દર્શન કરે. શાંતિભાઈને નજીક છે ત્યાં એટલે ઘણી વાર જાય છે. ઓલા ઘણીવાર જાય. નહિ? તમારો ઓલો અમૃતલાલ. ઝરિયાનો. એ તો ઘણીવાર જઈ આવે ત્યાં. ઈસરી જઈ આવે. ઈસરીમાં ક્યાં ઈશ્વર હતો તારો? અને ત્યાં ક્યાં ઈશ્વર હતો સમેદશિખરમાં તારો? ઈશ્વર તો તારો અહીં છે.

**શ્રોતા :-** અહીં સોનગઢમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મામાં છે. સમજાણું કાંઈ? ઈશ્વરનું રૂપ આવે છે. પછી જ .. આવે છેને તરત? તારો પ્રભુનો ગુણ પ્રભુતા તારામાં છે. તું પરમેશ્વર છો એવો એ ગુણ છે તારામાં. રાંકને કેમ બેસે? જેણે રાગ અને પુણ્યવાળો માન્યો અને એક સમયની અવસ્થા જેટલો અને જેવડો માન્યો એને હું પ્રભુ છું એ કેમ બેસે? અનાદિથી રખડવાની બુદ્ધિમાં એને બુદ્ધિ આવડી નાની હતી. હું રાગ કરનારો છું, હું પુણ્ય કરનારો છું. મેં રાગ ને પુણ્યને જાણવાની પર્યાય છેને તેટલો તે હું છું. ભગવાન આખો દ્રવ્યસ્વભાવ અને ગુણસ્વભાવ તો એકકોર પડ્યો રહ્યો. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જીવત્વશક્તિ એવો એનો ગુણ છે, એ દ્રવ્યનું કારણ છે એમ કહીને અહીં દ્રવ્યને સિદ્ધ કર્યું છે. પછી કહ્યું છે અજડત્વ શક્તિ. એનામાં એવો એક ગુણ છે કે જડપણું જરીએ નથી. જેમાં દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે એ વિકલ્પ જડ છે. એનામાં છે જ નહિ. આહા..હા...! એય..! હીરાભાઈ!

**શ્રોતા :-** એને નિશ્ચય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય નામ સત્ય. વ્યવહાર નામ આરોપિત કથન, ઉપચારી કથન, નહિ હોય એને કહેવું એનું નામ વ્યવહાર. હોય અને છે એમ જાણવું એનું નામ નિશ્ચય. કહો, સમજાણું આમાં? આહા..હા...!

કહે છે કે અજડત્વ. ઓહો..! ભગવાનમાં જડત્વ નથી. કહે છે કે વિકલ્પ છે એ અચેતન છે. એ છઠ્ઠી ગાથામાં આવી ગયું છેને ભાઈ! જ્ઞાયક તે જડ થયો નથી કોઈ દિ'. આહા..હા...! જુઓને, ત્યાંથી કાઢ્યું છે. છઠ્ઠી ગાથામાં કહ્યું. બાકી આ શબ્દ ઉતાર્યો છે જીવમાંથી. જીવો, બીજી ગાથા. એ તો ચૈતન્યરત્ન પિંડરૂપ પ્રભુ છે એ, ભગવાનની ભક્તિનો રાગ અને દયાનો રાગ એ રાગરૂપ થયો જ નથી આત્મા. અને રાગરૂપ છું એ માને એ આત્મા જ નથી, એ અણાત્મા મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એને જેવું સ્વરૂપ છે તેવું એની દૃષ્ટિ નથી માટે તે મિથ્યાદૃષ્ટિ છે. અજડત્વ શક્તિ છે. પછી કીધી એની ચિતિશક્તિ છે. એ અજડત્વ એટલે. એના બે ભાગ.

'**અનાકાર ઉપયોગમયી દૃશીશક્તિ.**' અને '**સાકાર ઉપયોગમયી જ્ઞાનશક્તિ.**' બેય ગુણ છે એનામાં. બેય સ્વતંત્ર છે. એક ગુણ બીજાને લઈને નહિ. સર્વે ગુણ અસહાય. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કોઈ કોઈનું કરે નહિ. આ તો ભારે ભાઈ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ કોઈનું પરનું તો નહિ, પણ એક ગુણ બીજા ગુણનું કરે નહિ. એક સમયની નિર્મળ પર્યાય, સમ્યગ્દર્શન થતાં જે નિર્મળ પર્યાય (થાય) એ પર્યાય બીજી પર્યાય(ને કરે નહિ). જ્ઞાનની પર્યાય શ્રદ્ધાની પર્યાયને કરે નહિ. શ્રદ્ધાની પર્યાય જ્ઞાનની પર્યાયને કરે નહિ. શ્રદ્ધાની પર્યાય એ સમયે આનંદ આવે સમકિતમાં એ આનંદની પર્યાયને શ્રદ્ધાની પર્યાય કરે નહિ. કહો, સમજાણું કાંઈ? ભારે! આ તો બધા ઉથલ-પાથલ કરે છેને કહે છે. એમ બધા મંડળીમાં કેટલું કરે છે. પણ ત્યાં હીરાભાઈ પાસે જાવું પડે છે કે નહિ બે કલાક ત્યાં? જરી ધ્યાન તો રાખે કે કેવું ચાલે છે, શું ચાલે છે, ભાણિયો શું કામ કરે છે? આ છોકરો શું કામ કરે છે? આહા..હા...!

ભગવાન! તારી લીલા એવી છે પ્રભુ! કે તારી સત્તામાંથી નીકળીને રાગમાં જતો નથી એવી તારી લીલા છે. આહા..હા...! તારો ગુણ જ જ્ઞાન ને દર્શન છે. એ જ્ઞાન-દર્શન ગુણનું પરિણમન તો જાણવા-દેખવાનું થાય, એ રાગમાં જાય જ્ઞાન-દર્શનનું પરિણમન? આહા..હા...! સમજાણું કાંઈ? અને એ આત્મામાં. હવે અહીંયાં છેલ્લું આવ્યું હતુંને આપણે સુખગુણ. અનાકુળતા જેનું લક્ષણ એવો સુખગુણ છે. સુખ આત્મામાં આનંદગુણ છે. ઓહો..! એ ગુણ, શ્રદ્ધા સમકિત—શ્રદ્ધા નામના ગુણને લઈને નહિ, એ ગુણ ચારિત્રગુણને લઈને નહિ, એ ગુણ દ્રવ્યને લઈને ખરેખર નહિ. આહા..હા..! દ્રવ્ય એકરૂપ છે અને આ ભેદરૂપ એક એક ગુણ છે. સમજાણું કાંઈ?

વીતરાગ માર્ગ એટલે એનો માર્ગ એમ. વીતરાગ માર્ગ એટલે કાંઈ માર્ગ બહાર રહે છે ક્યાંય? જૈનશાસન કાંઈ બહાર રહેતું નથી. જૈનશાસન તો આત્માની વીતરાગી પર્યાય તેને જૈનશાસન કહે છે. આત્માની વીતરાગ પર્યાય એને જૈનશાસન કહે છે. જૈનશાસન કાંઈ લટકે છે બહાર બીજે? ભગવાન આત્મા વસ્તુ અને એનો સુખગુણ, આનંદગુણ એવા આનંદ ગુણને બીજા ગુણની અપેક્ષા નથી. એ આનંદના ગુણનો ધરનાર દ્રવ્ય એની દૃષ્ટિ અનુભવ થતાં આનંદનો સ્વાદ અને અનુભવ આવે સમકિતમાં એ આનંદના સ્વાદની પર્યાયને સમકિતની પર્યાયની જરૂર નથી. સમજાણું કાંઈ? છે એમ સિદ્ધ કરવું છેને? છે એમ સિદ્ધ કરવામાં બીજાની અપેક્ષા શું હોય? આહા..હા...! જૈનદર્શન ઊંડું ઊંડું છે. એવી વાત જૈન પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ. ક્યાંય નથી. જૈનમાં વાડાને ખબર નથી હજી. જૈનપણું કોને કહેવું એ ખબર નથી અને અમે જૈન છીએ. હોય અજૈન અને માને જૈન. સમજાણું કાંઈ? આહા..હા...!

કહે છે, સુખ નામનો સ્વભાવ એનું સ્વરૂપ છે. એ આનંદના હોવાપણાને બીજા ગુણની અપેક્ષા નથી. છતાં તે આનંદગુણ અનંત ગુણને નિમિત્ત છે. નિમિત્તનો અર્થ એનું કાઈ કરે નહિ એનું નામ નિમિત્ત છે. ભાઈ! આ તો નિમિત્ત કાંઈ કરે નહિ એવું આમાંથી નીકળ્યું પાછું. આ નિમિત્ત-નિમિત્ત રાડું પાડે છેને? નિમિત્ત તો છે, નિમિત્ત છે. અરે! સાંભળને, નિમિત્તની વ્યાખ્યા એવી છે. આનંદગુણ છે એ જ્ઞાનગુણનું કાંઈ કરે નહિ, જ્ઞાનગુણ છે તે આનંદનું કરે નહિ. અનંતગુણમાં એક ગુણ વ્યાપ્યો છે, વ્યાપ્યો છે છતાં એક ગુણ અનંતગુણને નિમિત્ત છે. એના ગુણના પરિણમનને અથવા ગુણના ટકવાને બીજાના ગુણનું ટકવું એ કારણ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ?

હવે આજ તો વીર્ય આવ્યું છે લ્યો! **'સ્વરૂપની રચાનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.'** છઠ્ઠો આંકડો. શું કહે છે? આ તો વીતરાગની અધ્યાત્મ સત્ય પરમેશ્વરની વાણી છે આ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંદર જે વસ્તુ છે; આ તો રજકણ, માટી, ધૂળ, અજીવ તત્ત્વ છે. અજીવ તત્ત્વની ક્રિયાઓ આમ આમ થાય એમાં આત્માનો બિલકુલ અધિકાર નથી. કારણ કે એના પર્યાયમાં આ નથી, અને એની પર્યાય આત્મામાં નથી. આહા..હા...! હવે અહીંયાં તો કહે છે સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ શક્તિ. ઓહો..હો..! એટલે આત્મામાં એક અનંત બળ નામનો ગુણ છે. વીર્ય એટલે? અનંતબળ. આ વીર્ય રેત જે કહેવાય છે શરીરમાંથી નીકળે એ નહિ, એ તો જડ, માટી, ધૂળ છે. આત્મામાં એક અનંતબળ નામની શક્તિ અને ગુણ છે કે જે ગુણ અનંત બીજા ગુણોને નિમિત્ત હોય એટલે કે બીજા ગુણોને સત્તાની આની સહાય હોય તો બીજા ગુણ રહે એવો એ ગુણ નથી. તેમ વીર્ય ગુણને બીજા ગુણની સહાય હોય તો આ ગુણ રહે એવો નથી. ઝીણું છે, શાંતિભાઈ! દર વખતે આવતા હોય એના કરતા આ જરી ઝીણું થોડું છે. થોડું ઝીણું છે હોં, બહુ ઓલું નથી પણ હવે. ચાલે

નહિ અને ગાડા ઊંધા ચાલે એમાં (આ ઝટ સમજાય નહિ). આહા..હા...!

કહે છે, એ આત્મસ્વરૂપની રચના. આહા..હા...! એટલે? વીર્ય વીર્યને રચે એમ કહેતા નથી અને આત્મસ્વરૂપને રચે, આ શું કીધું? ભાઈ! એઈ..! વળી એક ગુણ બીજાને કરે નહિ એ ક્યાંથી આવ્યું પાછું? એ એક એક ગુણમાં પાછી વીર્ય શક્તિ છે. પોતાનું બળ છે. જ્ઞાનનું જ્ઞાનબળ છે, દર્શનમાં દર્શનબળ છે, આનંદમાં આનંદબળ છે, ચારિત્રમાં ચારિત્રબળ છે. શક્તિમાં એનું એક એક બળ છે. સમજાણું કાંઈ? આહા..હા...! અનંતગુણમાં એક એકનું પોતાને લઈને બળ છે, વીર્યને લઈને નહિ. સમજાણું કાંઈ? એક ગુણનું અનંતગુણમાં... એક એક ગુણમાં અનંતગુણનું રૂપ છે. એની શક્તિ એનું સામર્થ્ય પરને કારણે નહિ, સ્વતંત્ર સામર્થ્ય છે. આહા..હા...! ભારે ઝીણું ભાઈ આવું! આવો ધર્મ જૈનધર્મ હશે! જૈનધર્મ તો કોઈ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ... તસ્સ મિચ્છામી દુક્કડમ, જાવ. અને તસ્સઉતરી કરણેણં અપ્પાણં વોસરેમી. તાવકાયં ઠાણેણં, માણેણં જાણેણં. જાવ. .. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... .. જાવ. એય..! પોપટભાઈ! અરે! બાપુ! જૈનધર્મ એટલે એ તો વસ્તુનો સ્વભાવ છે. જૈનધર્મ કોઈ પક્ષ નથી, કોઈ સંપ્રદાય નથી, એ કોઈ વાડો નથી કે અમારો ધર્મ આવો ને તારો ધર્મ આવો. એવું નથી. વસ્તુ એવી છે કે અનંત બળવંત આત્મા છે, એ બળવંતનો ધરનાર આત્મા છે. અને તે બળવંતનો ધરનાર ભગવાન એનો આશ્રય લેતા એ વીર્ય દ્રવ્ય અને ગુણમાં તો હતું, પણ પર્યાયમાં એ વીર્યની પરિણતિ થઈ એ અનંતા ગુણોની રચનારૂપી પરિણતિ એક એક ગુણે પોતાના બળથી પોતાની રચના કરી છે. આહા..હા...! ભારે વાત ભાઈ! તું એટલે .. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે આત્મામાં વીર્ય—બળ નામનો ગુણ છે. એને એમ કહો કે એનામાં ગુણ છે માટે આ શરીરમાં બળ આવ્યું આ, એ મૂઢ એમ માને છે કહે છે. તને ભાન નથી. શરીર તો માટી આ જડ છે. એક એક પરમાણુમાં પોતાની શક્તિથી રહેલો એક પરમાણુ છે. તત્ત્વ છે જગતનું એ. એ બીજાના તત્ત્વથી અને શક્તિથી બીજું તત્ત્વ રહે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? તો આત્મામાં બળ છે તો શરીરમાં બળ આવે છે જોર, એમ હશે કે નહિ? ના ના. એ તો જડના, આ તો માટી છે, જડ છે, અજીવતત્ત્વ છે આ તો. એ આત્મા ક્યાં હતો? અને આત્માની પર્યાયમાં આ ક્યાં છે?

હવે અહીં તો કહે છે કે રાગ-દ્વેષની ઉત્પત્તિ કરે એ વીર્ય નહિ આત્માનું, એ બળ નહિ. એ અનાત્મા છે. આહા..હા...! એ વ્યવહારરત્નત્રય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ, આ એને રચે તે આત્મા નહિ, અણાત્મા છે. આવું કેવું? આવો માર્ગ હશે વીતરાગનો? વીતરાગ એટલે તું હોં પાછું. વીતરાગ એટલે ભગવાન ભગવાન પાસે રહ્યા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જિનસ્વરૂપી જ છે એ. 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન વચનકા મર્મ.' ભગવાન આત્મા દેહમાં પરમાત્મા પોતે સ્વરૂપે

છે. જિનસ્વરૂપ છે એનું વીતરાગસ્વરૂપ છે. એનામાં બળ નામનો ગુણ (છે) અને તે અનંત ગુણોમાં પણ એ જાતની શક્તિ એક એક ગુણમાં બધી છે એવા વીર્યની રચનામાં સામાન્યપણે કથન કરીને એમ કહ્યું કે વીર્યે બધા ગુણની પર્યાયને રચી. આહા..હા...! સમજાણું કાંઈ? ભાષા એમ છે કે નહિ આમાં તો? એય..! સ્વરૂપની રચના (કહ્યું એમાં) તો બધા .. આવી ગયા. અભેદથી કથન કર્યું છે. બાકી તો વીર્યગુણ પોતાની પર્યાયને રચે, જ્ઞાનગુણ પોતાની પર્યાયને રચે, આનંદગુણ પોતાની પર્યાયને રચે. એ પણ ભેદ કીધો. પર્યાય પર્યાયને રચે. આહા..હા...! ઝીણો સૂક્ષ્મ માર્ગ, તત્ત્વજ્ઞાનનો ઘણો ઝીણો માર્ગ. લોકોને તત્ત્વજ્ઞાન મળ્યું નથી એટલે બિચારા ક્યાંય ને ક્યાંય ભરાઈ પડ્યા. કોઈક દયા, દાન, વ્રતની ક્રિયામાં ભરાણા. કોઈક પૂજા, ભક્તિ અને જાત્રામાં ભરાઈ ગયા. દિગંબરમાં આ ખાવું અને ન ખાવું એવી ક્રિયાકાંડમાં ઘૂસી ગયા. એઈ..! માણેકલાલજી! એ દિગંબરના શેઠિયાઓ કહેવાય બધા. આહા..હા...! ભાઈ! તારો માર્ગ તો કાંઈક જુદી જાતનો છે. આહા..હા...!

કહે છે, એક પણ આંખના પાંપણને હલાવે એ વીર્યનું કાર્ય નથી. અને શુભરાગ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને રચે એ વીર્ય નહિ, એ તો નપુંસક વીર્ય છે કહે છે. અરર..! એય..! ભારે વાત ભાઈ! અહીં તો સ્વરૂપની રચાનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ. ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનનો દરિયો, એવા અનંતા ગુણોના સ્વરૂપની શુદ્ધતાની પરિણતિ રચે તેને અમે વીર્ય, ભગવાન એને વીર્ય કહે છે. એ વીર્ય પુત્રની ઉત્પત્તિ કરે એમ હશે? આ છોકરો-બોકરો થાય ત્યારે એમ કહે કે જુઓ, .. ઓલો કહે, છોડી થાય તો.. તું કરજે એમ કહે. એમ વાતું કરે. કોણ ફાવે? સાંભળને. આ શું મૂઢતા માંડી છે તેં? આત્મા પવિત્ર પર્યાયને રચે તે ફાવ્યો. આ રાગને રચે તે પણ નપુંસકમાં જાય છે અને રાગનું રચવું એ મારું માને એ તો મિથ્યાત્વ છે. આહા..હા...! સમજાણું કાંઈ?

એટલે કહે છે કે **'સ્વરૂપની (આત્મસ્વરૂપની) રચાનાના સામર્થ્યરૂપ...'** બળરૂપ વીર્યશક્તિ એને કહીએ. પોતાની શુદ્ધ ગુણની, શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ નિર્મળ ગુણો એની પરિણમનમાં નિર્મળ રચના થાય, વીતરાગી સમ્યક્, વીતરાગી જ્ઞાન અને વીતરાગી શાંતિ, વીતરાગી સ્વચ્છતા, વીતરાગી પ્રભુતા પરિણમે એને અમે વીર્ય કહીએ છીએ એમ કહે છે. અને એ બળ દ્વારા જે શુદ્ધ પરિણતિ રાગ વિનાની (થાય) એમાં વ્યવહારરત્નત્રયનો અભાવ છે. નિશ્ચય પરિણતિ વીર્યની છે એમાં વ્યવહારનો અભાવ છે. અને નિશ્ચય પરિણતિ જે થઈ એ ધ્રુવ ગુણ છે એ ધ્રુવ ઉપાદાન છે અને પરિણતિમાં ક્ષણિક ઉપાદાન છે. સમજાણું કાંઈ? કેટલું આમાં યાદ રાખવું? એકેય આંકડો આવ્યો ન હોય અને બધા ધ્રુવ ઉપાદાન ને ક્ષણિક ઉપાદાન. સમજાણું કાંઈ? અને એ આત્મા પોતાના બળના સામર્થ્યથી જ્યારે અંતર દૃષ્ટિ પડી એટલે સ્વરૂપના સામર્થ્યની પરિણતિ કરે, એ પરિણતિ એ ગુણ અને પરિણતિ એટલે અવસ્થા, એ ગુણ અને (પર્યાય) એટલાને આત્મા કહેવામાં આવે છે. વચ્ચે વ્યવહાર

રત્નત્રયનો વિકલ્પ ઊઠે એ આત્મા નહિ. વાસ્તવિક આત્મા તેને રચે નહિ. આહા..હા...!

અહીં તો મહાવ્રતના પરિણામ એ ધર્મ. ગજબ કર્યો છેને! હણી નાખ્યો છેને આત્માને. અને કહે અમે જીવાડીએ છીએ, એને લઈને અમારે ધર્મ થાય. આહા..હા...! ગજબ વાત છે. એણે વીતરાગ માર્ગ અને આત્માનો માર્ગ શું છે એ સાંભળ્યો નથી. સાંભળ્યો નથી. આહા..હા...! સમજાણું કાંઈ? ભગવાન વીતરાગના સ્વભાવના સમુદ્રથી ભર્યો છે. સમજાય છે? એમાં વળી આ રાગની રચના એ સ્વરૂપનું કાર્ય ક્યાંથી આવ્યું? કહે છે. આહા..હા...! રાગનું રચવું એ તો નપુંસકતા છે. એ શબ્દ કહ્યો છે વળી યાદ આવ્યો આમાં ક્યાંક, ભાઈએ નિહાલભાઈએ, કે રાગનું રચવું તો નપુંસક છે, પણ રાગ મારો એ માનવો મિથ્યાત્વની નપુંસકતા છે. એ એક ઠેકાણે આવે છે એમાં, એવું આવે છે. થોડો ખ્યાલ આવે છે. સમજાણું? આ વસ્તુની સ્થિતિ જ એવી છે. હીરાભાઈ! શું કરવું? આ બંગડીના ધંધા-બંધામાં શું કરવું? ધ્યાન રાખે તો ધંધો થાય કે ધ્યાન ન રાખે તો ધંધો થાય? એઈ..! ચંદુભાઈ ઘડિયાળી! આ ઘડિયાળના ધંધા આમ કરતા હશે સંચા ઓલા? આ એનો દીકરો છે. એ બધું નામું શીખીને આવ્યો થોડું. ... ઘડિયાળ લાવ્યા ત્યાંથી. ફલાણું ને ઢીંકણું, આપણને નામ પણ ન આવડે. શીખી આવ્યો, ત્યાં શીખી આવ્યો.

**શ્રોતા :-** શીખી આવ્યો એમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બોલતા હતા બેય જણા બાપ-દીકરો.

**શ્રોતા :-** બે-ચાર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે-ચાર.. કો'ક એમ કહેતા હતા. .. શું ખબર હોય? રોલેક્સ-રોમન. .. અરે! એ ઘડિયાળનો સંચો આમ થાય એ, કહે છે કે આત્માના વીર્યથી નહિ. આહા..હા...! ગજબ વાત છે. એ એનાથી તો નહિ પણ આ આંગળી આમ ફરે માટે આંકડો ત્યાં ફરે છે એમ નહિ. કારણ કે એ સ્વતંત્ર પરમાણુનું હોવાપણું અસ્તિ તત્ત્વ છે. એનું બદલવું એ અસ્તિના તત્ત્વને એને કારણે બદલવું થાય છે. આત્માથી તો નહિ પણ બીજા જડથી પણ થતું નથી. ચંદુભાઈ! શું હશે આ? ઘડિયાળ તો બહુ અત્યાર સુધી ફેરવી હશે ત્યાં. આ એનો દીકરો મોટો ઘડિયાળનો વેપારી છેને. મોટું નાખ્યું છેને મુંબઈમાં ૩૦ લાખનો સંચો. ત્યાં મોટા બે કરોડ સંઘર્યા છે. સંઘર્યા છે, એના બાપનું હાલે નહિ ત્યાં. પણ કોઈની પર્યાયમાં કોઈનું ચાલે નહિ એ વાત અહીં નથી આવતી? કહો, ...ભાઈ! ઈ તો વાત ચાલે છે અહીં.

આત્માની વીર્યપર્યાય છે એ રાગને બનાવે નહિ, એ વીર્ય બીજાની પર્યાય પોતાની નિર્મળને બનાવે, બીજાની પર્યાયને બનાવે નહિ. આહા..હા...! જુઓ તો માર્ગ વીતરાગનો! સત્‌ની જાહેરાત અને સત્‌ની પ્રસિદ્ધિ. આત્મખ્યાતિ છેને? સમજાણું કાંઈ? પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે આત્માને આ રીતે પ્રસિદ્ધ કરીને કહ્યો છે. સમજાણું કાંઈ? લ્યો! એ

અનેકાંત છે એનું નામ. શું અનેકાંત? આત્મબળ, આત્માની નિર્મળ પરિણતિને રચે પણ વ્યવહારને રચે નહિ અને વ્યવહાર દયા, દાનના વિકલ્પથી નિર્મળ પર્યાય રચાય નહિ એનું નામ અનેકાંત છે. આહા..હા...! આ તો કહે, આત્મા નિશ્ચયને રચે અને એ વ્યવહારથી નિશ્ચય થાય. અરે! ગજબ કરે છે ભાઈ! આહા..હા...! ઝેરથી અમૃતની પર્યાય રચાય. વ્યવહારનો રાગ તો શુભ છે, ઝેર છે. શાંતિભાઈ! ગળે ઉતરવું કઠણ એવી વાત છે આ. અત્યાર સુધી આવ્યા હતા પણ આવી શક્તિમાં નહોતા આવ્યા. એ.. ચીમનભાઈ! એ લોકો તો અહીં રહી જાય છે બેય ભાઈઓ હોં! આ તો બહુ પરિચય કરે સત્યનો તો સમજાય એવું છે. સત્ય એટલે પોતે હોં. આહા..હા...!

કહે છે, એ '**સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ...**' એને વીર્ય કહીએ. આહા..હા...! અને એ વીર્યગુણ જે છે સ્વભાવિક વસ્તુ છે એને કોઈની અપેક્ષા નથી. તેથી વીર્યગુણ પરિણામિક સ્વભાવે છે અને એ વીર્યગુણ જે આ આત્માનું સ્વરૂપ છે એમ જ્યાં ભાન થયું અભેદથી, ત્યાં એ વીર્યગુણ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાય ત્રણમાં વ્યાપ્યો છે. એ વીર્યગુણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપી રહ્યો છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે એમાં એ વીર્યગુણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપેલો છે. સમજાણું કાંઈ? આહા..હા...! અને એ વીર્યગુણની એક સમયની પર્યાય બીજી પર્યાયને ખરેખર તો કારણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ?

અહીં તો એમ કહે છે કે આત્માનું બળ જે અનંત છે, એ શક્તિ છેને? ગુણ છેને? એ ગુણના શક્તિના માપ ન હોય, એ તો બેહદ ગુણ છે, અપરિમિત શક્તિ છે, બેહદ સ્વભાવ છે. સ્વભાવનું માપ શું? બેહદ છે. એવો બેહદ સ્વભાવ એ પોતાના સ્વભાવનો આશ્રય કરતા જે પરિણતિ થાય નિર્મળ, એમાં વ્યવહારનો વિકલ્પ નથી એટલે કે એ અભૂતાર્થ જૂઠો છે. પોતા માટે સાચો નથી. એને માટે ભલે હો. સમજાણું કાંઈ? આહા..હા...! અહીં તો હજી આત્માનું બળ વધારવા માટે કહે, કાંઈક ખાવ, સાલમપાક ખાવ, મુસળીપાક ખાવ. શિયાળો હોયને? આ શિયાળો આવ્યો છેને. શરૂ થઈ ગયો છેને. સાલમપાક, મુસળીપાક, ટોપરાપાક, એમાં આ ભસ્મ નાખે ત્રાંબાની. શેની કહેવાય? આ લોઢાની. બળ આવે. શેમાં? શરીરમાં. ધૂળેય નહિ આવે સાંભળને. એને લઈને આત્મામાં મદદ થાય. બળવાળો આત્મા થાય. ધૂળેય નહિ થાય. સમજાણું કાંઈ? આહા..હા...! ભારે વાતું આકરી. એક એક શરીરનો રજકણ પોતાની પર્યાયથી પરિણમી રહ્યો છે એને બીજી પર્યાયની મદદથી એ પરમાણુ પરિણમે છે એમ નથી. આહા..હા...! અને આત્માની પર્યાયને કારણે એ પરિણમે (એમ નથી). લ્યો! જડમાં શક્તિ હોય? ચૈતન્યને લઈને ચલાવે. આહા..હા...! એની મેળાએ જડ ચાલતું હશે? અરે! એની મેળાએ એક સમયમાં એક રજકણ ચૌદ બ્રહ્માંડમાં જાય. ખબર ક્યાં છે તને તત્ત્વ શું છે? એક પોઈન્ટ, રજકણ આનો ટૂકડો છેલ્લો. આ તો ઘણા રજકણનું દળ છે, આ ક્યાં આત્મા છે? આ ક્યાં એક દ્રવ્ય છે? ઘણાં રજકણનું દળ કટકા કરતાં છેલ્લો ટૂકડો

રહે એને પરમાણુ કહીએ. એ પરમાણુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સમયમાં નીચેથી ઉપર ચાલ્યો જાય. સિદ્ધમાં પરમાણુ વયો જાય એક પરમાણુ ત્યાં, પણ સિદ્ધપણે ન થાય. જડપણે રહે. આહા..હા...!

અને નિગોદનો જીવ પણ એમ ભાઈ! નિગોદનો જીવ પણ ગતિ કરવાની યોગ્યતાથી, સ્વભાવ નથી એનો ખરેખર, એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. નિગોદથી ત્યાં ચાલ્યો જાય સિદ્ધ છે ત્યાં. પણ સિદ્ધને અડે નહિ અને સિદ્ધનું સુખ એને સ્પર્શે નહિ અને એનું દુઃખ સિદ્ધને સ્પર્શે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ? પરમાણુ ... નહિ, જડમાં.. મડદું ચાલે એની મેળાએ? ભીંત બોલે એની મેળાએ? હવે ભીંત જ બોલે છે, સાંભળને. ભાષા શું આત્મા કરે છે? આ તો જડની ભાષા છે. આત્મામાં ભાષા કરવાનું સામર્થ્ય છે? આહા..હા...! ઓલો કહેતો હતો ને એક? કેવળી પણ પહેલે સમયે પરમાણુ ગ્રહે. (સંવત) ૨૦૦૬ સાલમાં, પાલિતાણા. આ કહે છે કે લ્યો ભાષા આત્મા બોલી શકે નહિ. અરે! ભગવાન! તું શું કહે છે ભાઈ? એને વર્ષ થયા ૨૧. ૨૭ છેને? ૨૦૦૬ સાલમાં મોટી ચર્ચા ચાલી હતી ત્યાં.

ભાષા આત્મા કરી શકે નહિ, ભાષાનો આત્મા કર્તા નથી, કેમકે એ તો જડની પરિણતિ છે. ત્યારે એણે કહ્યું કે નહિ, કેવળી પહેલે સમયે પરમાણુને ગ્રહે અને બીજે સમયે બોલે. ભગવાન! ભગવાન! શું થાય? એવા આંધળા ચડાવનારા મળ્યા કે જ્યાં સાંભળનારને ભાન ન મળે. જય નારાયણ... જય દેવ... જય દેવ... જય દેવ. તું તારી માને જન્મ્યો નપુંસક તે જય.. જય. આહા..હા...! સમજાણું કાંઈ? ભાન ન મળે કાંઈ. એય..! મગનભાઈ! માસ્તર ભણાવે એવું છોકરા શીખે. જેમ ઓલો માથે કહે, આ ભાન વિનાના બિચારા દસ બોગા અને દસ બોગલી, દસ બોઘાના બચ્ચા, ઓલો ગુરુ મારે ગપ્પા અને ઓલો કહે સચ્ચા.

અહીં વીતરાગદેવ કહે છે કે એક પરમાણુની એક પર્યાયને બીજો પરમાણુ કરે નહિ. તો આત્માએ ભાષા કરી એ ત્રણકાળ ત્રણલોકમાં નથી. આહા..હા...! આ વીર્યનું સ્વરૂપ તો રાગને રચે નહિ તો વાણીને કરે એ ક્યાંથી લાવ્યો? જોરથી બોલે, હળવે-હળવે બોલો. એ આવતું હતુંને આપણે? ઓલા બુલંદ શહેરવાળા કૈલાસચંદજી. પહેલા અહીંનું બોલતા હતા. હવે ફરી ગયા છે. જોરથી બોલો, હળવે બોલો, આમ બોલો એમ બોલતા હતા ખબર છેને. કૈલાસચંદજી હમણા આવ્યા હતા. કોણ બોલે? બોલે એ બીજો, એ આત્મા નહિ. આહા..હા...! એમ માને કે હું બોલું છું એ આત્મા નહિ, જડ છે એ તો શ્રદ્ધામાં. આહા..હા...! અહીં તો રાગને રચે એ આત્મા નહિ અને વળી પરને રચેની વાતું ક્યાં આવી? આહા..હા...! સમજાણું કાંઈ? આહા..હા...!

અહીં તો કહે છે કે '**સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.**' હવે એ વીર્ય નામનો જે ગુણ છે આત્મામાં એનું, જ્યાં દૃષ્ટિ દ્રવ્યની થતાં વીર્યની પર્યાય થાય એ પર્યાયમાં ષટ્કારક સ્વતંત્ર છે. ગુણને કારણે નહિ. આહા..હા...! ગજબ વાત છે. આવું સત્! એ આત્મબળ

શુદ્ધપણે પરિણમે છે ધર્મી જીવને. એ વિના અધર્મીને એ હોઈ શકતું નથી. કારણ કે એને આત્મા કેવડો અને કેવો છે એનું ભાન એને નથી. ધર્મી જીવ એટલે કે જેવો આત્મા છે તેવી દૃષ્ટિ અનુભવ થયો છે સમકિતી, એનું વીર્ય એક સમયની પર્યાયમાં પોતાથી પરિણમે, એના એક સમયમાં કર્તા અને વીર્યની પર્યાય કર્તા, એ પર્યાયનું કાર્ય, પર્યાયનું કાર્ય પર્યાય કરે, પર્યાયનું કર્મ પર્યાય, પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું સંપ્રદાન કરીને પોતે રાખે, પોતાથી થાય અને પોતાને આધારે થાય. એ રાગને આધારે સમ્યક્ પરિણમે અને વીર્ય પરિણમે નહિ એમ કહે છે. શું કીધું? આ વ્યવહારથી નિશ્ચય થાય એમ કહે છેને? અહીં ના પાડે છે એમ નથી. ઊંધા! ઊંધે રસ્તે ક્યાં ચડી ગયો તું? કે આપણે વ્યવહાર સારો કરીએ બહારની મંદતા બરાબર તો નિશ્ચય થાય. આહા..હા...! ભડકે જ ને? કહે છે. આહા..!

અહીં તો કહે છે, વિકાર તો વિકાર સ્વભાવ એનો નથી, એ કાંઈ આત્મા નથી. છતાં એ વિકારના પર્યાયનું પરિણમન સ્વતંત્ર પરની અપેક્ષા રાખ્યા વિના, પર કારકો કર્તા, કર્મ, કરણની અપેક્ષા રાખ્યા વિના વિકારી પર્યાય અજ્ઞાનીને પોતાથી પોતામાં થાય છે. એ અણાત્મા છે. એ અણાત્માનું પરિણમન પણ સ્વતંત્ર પોતાને કારણે છે એમ કહે છે. આ તો આત્મા છે એમ ... લેવું છે. આહા..હા...!

‘**સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.**’ લ્યો! સમજાણું? આવડો મોટો ગુણનો ઢગલો હશે આત્મા? પણ બીજું શું, એ ચૈતન્યનો પુંજ છે એ તો. ભગવાન આત્મા તો ચૈતન્યસૂર્યનો પુંજ છે. એના બધા ગુણોને ચૈતન્ય આ અપેક્ષાએ કહેવામાં આવે છે. ચૈતન્ય ગુણની સાથે (રહ્યા છે) માટે ચૈતન્ય કહેવામાં આવે છે. નહિતર તો ખરેખર તો જ્ઞાન અને દર્શન બે જ ઉપયોગ એ ચેતન છે. આહા..હા...! એય..! આ બધા ગુણોને અજીવ કહેવામાં આવ્યા છે. કારણ કે જાણવા-દેખવાનું કાર્ય કરતા નથી. એક અસ્તિ છે એટલું કાર્ય છે એનું. આહા..હા...! ભારે આકરું કામ. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? ભાઈ! આવું છે અંદર લ્યો!

હવે એક શબ્દમાં આટલું છે એમાં. છે કે નહિ એમાં? એમાં આટલું છે એમાં? આ બધું એમાં છે કે નહિ? કેટલું કહેવાય? વચનાતીત વાત. એના ઈશારાથી વાત થાય. પૂરું તો સર્વજ્ઞ પણ કહી શકે નહિ. સર્વજ્ઞે જાણ્યું એનાથી કહેવામાં અનંતમે ભાગે આવ્યું. આહા..હા...! અને આવ્યું એનું ગણધરે પાછું અનંતમા ભાગે ઝીલ્યું. અલૌકિક ચૈતન્ય દરિયો, સ્વભાવનો સાગર ભગવાન. આહા..હા...! એ તે આત્મા એટલે શું? સાક્ષાત્ પરમાત્મા. આત્મા એટલે અનંતા સિદ્ધોને જેના પેટમાં રાખ્યા એવો એ આત્મા. કેમકે સિદ્ધ એ પર્યાય છેને? મોક્ષ એ પર્યાય છે. એવી અનંતી પર્યાય પૂર્વે આત્માએ અનંતગુણમાં રાખી છે. સમજાણું કાંઈ? આહા..હા...!

અનંત વીર્ય પ્રગટે છેને ભગવાનને? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય.

ચતુષ્ટય ચાર પ્રગટેને પરમાત્મા અરિહંતને? કહે છે કે એમાં અનંત વીર્ય પ્રગટ્યું, અનંત જ્ઞાન, (પ્રગટ્યું) એ તો એક સમયની પર્યાય છે. એવી એવી નવી નવી પર્યાય થઈ સાદિઅનંત કેવળજ્ઞાન થાય એ બધી પર્યાયો આત્માના જ્ઞાનગુણમાં પડી છે. એવડો અનંતા પરમાત્માનો એક ગુણ છે. સમજાણું કાંઈ?

એમ વીર્ય. સર્વજ્ઞ પરમેશ્વરને જે વીર્યની પર્યાય અનંત ચતુષ્ટયમાં અનંતી... અનંતી... અનંતી વીર્યની દશા પ્રગટી એક સમયમાં તો એ બીજે સમયે તો એ પર્યાય રહેતી નથી, કારણ કે એ તો પર્યાય છે. બીજે સમયે નવી થાય, જૂની તે વ્યય થાય, નવી તે ઉત્પન્ન થાય. એવી એવી સાદિઅનંત સુધી અનંતી વીર્યની પર્યાય પ્રગટ થાય એની ખાણ એ વીર્યગુણ છે. એ વીર્યગુણ છે. આહા..હા...! સમજાણું કાંઈ? રસિકભાઈ! આવો માર્ગ જૈનનો હશે? એમ કોઈક કહેતું હતું. જૈન ધર્મમાં આવો માર્ગ હશે? અમે તો જૈન ધર્મમાં ભાઈ આવા વ્રત પાળવા, તપ કરવા, અપવાસ કરવા, દસલક્ષણી ધર્મમાં દસ અપવાસ કરવા. કોરડા કરવા. પાણીનો બિંદુ નહિ. શું ધૂળ કરે, સાંભળને હવે. એ અપવાસની ક્રિયા હું કરું છું અને આ જડને હું છોડું છું એ માન્યતા જ મિથ્યાત્વ છે અને અપવાસમાં શુભ વિકલ્પ આવ્યો એ વિકલ્પ રાગ છે, એ કંઈ આત્મા નથી. આહા..હા...! એમાં જૈનપણું નથી. આહા..હા...! સમજાણું કાંઈ? અવલોદમની વાત છે આ બધી. આ તો સંસાર ઉથાપી નાખવો હોય અને મોક્ષ લેવો હોય એની માટે વાત છે. જેને સંસારમાં રહેવું છે, રખડવું છે, એક પણ ભવને રાગને સારો માનશે એ અનંતા ભવને રાગને સારા માનશે. એટલે અનંતા ભવમાં ઘૂંચી જશે ઈ. આહા..હા...!

કહે છે, **'સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ.'** લ્યો! કહો, સમજાણું કાંઈ? એક ગુણ થયો લ્યો! હવે શરૂઆત થોડી કરીએ એક શબ્દની લ્યોને. હવે એક સાતમી પ્રભુત્વશક્તિ છે. આત્મામાં પ્રભુતા નામની એક શક્તિ છે. પ્રભુપણું હોં! પ્રભુપણું. શક્તિ છેને? ગુણ છેને? ગુણપણું, પ્રભુ પરમેશ્વર, આત્મા પરમેશ્વર પણ એનો ગુણ એક પરમેશ્વર પ્રભુતા નામનો એનામાં એક ગુણ છે અનાદિ અનંત. આહા..હા...! સમજાણું કાંઈ? એ પામર નથી, એ રાંક નથી, રઝળતો જીવ તે જીવ નહિ. એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ? એ પ્રભુત્વગુણની વ્યાખ્યા આવશે લ્યો!

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી સમયસાર, ગાથા-૮૬,**
**પ્રવચન નં.૩૩૩, તા.૧૭-૦૪-૧૯૫૦**
**(૨૩)**

૮૬મી ગાથા ચાલે છે. ૮૬મી ગાથામાં એમ પ્રશ્ન કર્યો શિષ્યે.. જુઓ, આ કર્તાકર્મનો અધિકાર છે. કર્તા એટલે દરેક દ્રવ્ય આત્મા અને પરમાણુ સમયના નાનામાં નાના કાળમાં બદલતાવાળા એ પદાર્થો છે. કોઈપણ પદાર્થ હોય એમાં વર્તમાન, વર્તમાન કાંઈ અર્થક્રિયાનું થવું ન હોય તો એ પદાર્થ જ રહી શકે નહિ. અર્થક્રિયા એટલે તે તે પદાર્થની વર્તમાન અવસ્થા અને દશા. તે પૂર્વની અવસ્થાને પલટીને વર્તમાન નવી દશાનું થવું તે તે પદાર્થનું તે અવસ્થા તેનું નામ કર્મ છે અને એ દ્રવ્ય તેનો કર્તા છે. પૂર્વની અવસ્થા પલટીને થઈ એથી તેને ક્રિયા કહેવામાં આવે છે. છોટુભાઈ!

કોઈપણ આત્મા કે કોઈપણ રજકણ પરમાણુ વર્તમાનમાં તેની અવસ્થાનું પલટવું થાય તે પોતાથી થાય છે છતાં જે અજ્ઞાની એમ માને કે હું છું તો આ પરજીવને સુખી-દુઃખી કરી શકું છું. હું છું આત્મા તો અંદર આ વાણી બોલી શકાય છે. તો એણે પરની અવસ્થા, હું છું તો તે અવસ્થા થાય છે, એમ માનનાર બે ક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ છે. કેમકે એક પદાર્થની એક અવસ્થા હોય તો બીજા પદાર્થની અવસ્થા થાય છે એમ માનનાર એક અવસ્થાનો કરનાર ન માનતા, હું છું તો કર્મ થયું, હું છું તો મેં દ્વેષ કર્યો કે આ પ્રાણીને મેં દુઃખી કર્યો, મેં રાગ કર્યો તો આ પ્રાણીને મેં સુખી કર્યો એમ મિથ્યાત્વી શુભાશુભ વિકારનો અહંકારી, પરની ક્રિયા, તેના પદાર્થના પલટનને કાળે તેની અવસ્થા થાય તે હું હતો તો થઈ એમ માનનાર એક અવસ્થામાં બે અવસ્થાની ક્રિયા કરવાની તાકાત માને છે. એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ મૂઢ અને અજ્ઞાની કહ્યો છે અને ભગવાન સર્વજ્ઞે કહ્યું કે એના આત્માના સમ્યગ્જ્ઞાનથી વિરુદ્ધમાં પડેલો એ આત્મા છે. એને સાચા જ્ઞાનની હજી ખબર નથી. એ શિષ્યે પૂછ્યું છે.

ભગવંત! '**બે ક્રિયાનો અનુભવ કરનાર...**' બે ક્રિયા એટલે આ કે અંદર આત્માને રાગ થાય છે તો કર્મને કર્મ થવું પડે છે. આત્માને દ્વેષ થાય છે તો બીજા જીવને દુઃખી થવાની અવસ્થા થાય છે. આત્મા ઈચ્છા કરે છે તો આ હાથ હાલે છે, ઈચ્છા કરે તો વાણીની અવસ્થા થાય છે. એમ માનનાર બે ક્રિયાનો, જુદી જુદી સમયની ક્રિયા એનો એક કરનાર માને છે. તે મિથ્યાદૃષ્ટિ કઈ રીતે છે? તેનો ઉત્તર ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. ઘડાનો દૃષ્ટાંત આપ્યો. ઘડાનો દૃષ્ટાંત. ઘડાની જે સમયે માટીમાંથી પર્યાય થવાનો કાળ છે તે ઘડાની

પર્યાય માટીથી થઈ છે. તેને અનુકૂળ એટલે બાહ્ય રહેલો કુંભાર, અત્યારે કુંભાર શબ્દે એની ઈચ્છા, એની હાથની ક્રિયા એ બધું અત્યારે પરથી દૃષ્ટાંતમાં સાબિત ન કરાય. નહિતર કહે એની હાથની ક્રિયા વળી? ના, તમે ઈ તો ના પાડો છો. પણ અત્યારે તો કુંભાર એટલે હાથની ક્રિયા, ઈચ્છા એ બધી વર્તમાન પર્યાયને કુંભાર કહે છે.

એક પર્યાય એ ઘડાની અવસ્થા માટીમાંથી થવાને જ્યારે થાય છે ત્યારે એ અવસ્થા કુંભારની તેને અનુકૂળ નામ બાહ્ય કાંઠે ઊભેલો એ પર્યાય ઊભેલી છે માટે અનુકૂળ કહેવાય છે અને એ પર્યાયને ઘટની પર્યાય અનુરૂપ છે, અનુરૂપ છે. એ નિમિત્તને અનુરૂપ ઘડાની પર્યાય, ઘડાની પર્યાયને અનુકૂળ કુંભારની ઈચ્છા આદિ પર્યાય. પણ એ કુંભારની ઈચ્છા અને દેહની અવસ્થા આમ થઈ માટે ઘટની પર્યાય થઈ તો તો એ ઘટ કરનાર કુંભાર અચેતનપણાને પામે છે. શું કહ્યું સમજાય છે? ..ભાઈ! શી રીતે? સિદ્ધાંત આવ્યો છેને? હજી સ્પષ્ટીકરણ ક્યાં આવ્યું છે?

કુંભારે તો ઈચ્છા કરી, ઈચ્છા કરી. આ તો મિથ્યાદૃષ્ટિ અહંકારીવાળો લેવે છોને? અહંકારવાળો. હું છું ઈચ્છા તો અહીં ઘડાની અવસ્થા થાય છે, ઘડાની અવસ્થા નહિતર ન થાત. એનામાં તાકાત વર્તમાનમાં માટીમાંથી ઘડો થવાની નહોતી, મેં ઈચ્છા કરી માટે થઈ. એ ઈચ્છાથી થઈ તો ઘડાની પર્યાય તો અચેતન છે. અચેતન ક્રિયા થઈ, માટી પલટીને ઘડાની અવસ્થા અચેતન થઈ. અહીં અત્યારે ઈચ્છા ચૈતન્યની અવસ્થા એટલે ચૈતન્ય ગણવામાં આવે છે. અહીં મિથ્યાદૃષ્ટિની વાત છે. અહીં સમ્યગ્દૃષ્ટિની વાત નથી. ઈચ્છા, એ મિથ્યાદૃષ્ટિ ઈચ્છાનો કર્તા થઈને વર્તમાન ઈચ્છાના અંશબુદ્ધિમાં અટકેલો અને ઈચ્છા છે માટે ઘડાની અવસ્થા થઈ એમ ઈચ્છા ચૈતન્યની અવસ્થા છે. જુઓ! પહેલું આવ્યું હતું કે ઈચ્છા જડની અવસ્થા છે એ. સમ્યગ્દર્શનની અપેક્ષાએ. આ બે વાત કયે ઠેકાણે કેમ છે ન સમજે (તો ગોટા થાય). ..ભાઈ!

જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ ચિદાનંદ આત્મા છું. જુઓ, પછી હમણા આવશે, ઓલા 'અજ્ઞાન' શબ્દમાં એ અધિકાર આવશે. આમ જ્ઞાતા છું, શુદ્ધ ચિદાનંદ છું, વર્તમાન રાગાદિનો અંશ છે, તે રુચિ ખસીને શુદ્ધ આત્મા તરફની રુચિ થઈ એટલે કે ઈચ્છા એ આત્માનું કાર્ય, દ્રવ્યસ્વભાવનું કાર્ય જ નથી. વસ્તુ સ્વભાવનું એ કાર્ય વર્તમાન તો વીતરાગ શ્રદ્ધા અને વીતરાગી પરિણામ છે. એટલે આત્માનો સ્વભાવ એ દૃષ્ટિવંત ધર્માત્માની ઈચ્છા, પુણ્ય-પાપ, દયાના પરિણામ એ કાર્ય છે નહિ. પણ મિથ્યાદૃષ્ટિની તો પર્યાયબુદ્ધિ છે. પર્યાય નામ વર્તમાન દયા, દાન, વ્રતના પરિણામની બુદ્ધિ સાથે, હું છું તો કર્મ થાય છે, હું છું તો બોલાય છે, હું છું તો બીજાને વિઘ્ન કરી શકું છું, બીજાની અવસ્થા થવા ટાણે હું છું તો એને દુઃખની અવસ્થા થાય છે, હું છું તો એને સુખની અવસ્થા એટલે શાતાના એને પ્રસંગો બને છે. આહાર-પાણી એને પ્રસંગો હું છું તો એને એ મળે છે. એમ માનનાર ઈચ્છાનો

વિકારનો રચનાર, કરનાર મિથ્યાદષ્ટિની સાથે પરની ક્રિયા પણ મારાથી થાય છે, એવો મિથ્યાદષ્ટિ ઈચ્છા ને રાગ ચૈતન્યની દશા હોવા છતાં, અહીં વિકાર મિથ્યાદષ્ટિની અપેક્ષાએ (વાત છે), એ પરની અવસ્થા હું છું તો થાય છે (એમ માને છે) તો એ ઈચ્છા અચેતન થઈ ગઈ. ભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કાર્ય જો અચેતન છે અને ઈચ્છા ચૈતન્યની છે, તો ઈચ્છા છે તો ઘડાની અવસ્થા થઈ તો કાર્ય જડ છે તો ચૈતન્ય પણ જડ થઈ ગયો એમ માની લે છે. ઓહો..! કહો, સમજાય છે કાંઈ?

બીજી વાત. અને ઘડાની પર્યાય માટીથી જે સમયે થવાનો કાળ છે એ અવસ્થા ચૈતન્યની ઈચ્છાથી થઈ તો ચૈતન્યની ઈચ્છા તો ચૈતન્ય છે. એનાથી ઘડાની અવસ્થા થઈ તો ઘડાની અવસ્થા ચૈતન્ય થઈ જાય છે. સમજાણું કાંઈ? ચતુરભાઈ! વાત સમજાણી કાંઈ? મણિભાઈ! આ બે સમજાય છે? એક સમયમાં, એક સમયની વાત છે હોં! એક સમયમાં અજ્ઞાનીને શ્રદ્ધા છે કે મારામાં રાગ થાય છે સમય પૂરતો.. એ પછી આવશે, એ કર્મ છે તો રાગ અબુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક થાય છે, એ પણ મિથ્યાદષ્ટિની અજ્ઞાનની ક્રિયા, થાય છે ચૈતન્યની ઈચ્છા અને માને છે કર્મને લઈને તો એ ઈચ્છા અચેતન જડ થઈ જાય છે. કેમકે જે અવસ્થા પોતે જ્ઞાતા-દષ્ટા શુદ્ધ ચિદાનંદ આત્મા છે તેને ભૂલીને વર્તમાન ઈચ્છા રાગ-દ્વેષના પરિણામનો કાર્ય કરનાર થયો એની સાથે એની બુદ્ધિ નિમિત્તમાં ગઈ છે. એટલે કે હું છું તો ઘડો થયો, હું છું તો રોટલી થઈ, હું છું તો દાળ થાય છે, હું છું તો બોલાય છે, હું છું તો આ પૈસા, નોટું હાથમાંથી ગણીને અપાય છે. મોદી! સમજાય છે?

આ હું અંદર... હું એટલે ઓલી પર્યાય હોં! દ્રવ્ય નહિ. દ્રવ્ય નહિ, દ્રવ્યની વાત નથી. દ્રવ્ય તો સમ્યગ્દર્શનના વિષયમાં ધ્યેય છે. અજ્ઞાનીને હું છું એટલે આ રાગ ને દયા ને દાન ને વ્રત ને પૂજા ને કામ ને ક્રોધના પરિણામ છે તો આ લક્ષ્મી દેવાની ક્રિયા થાય છે. મેં કંજુસાઈ કરી તો લક્ષ્મી મારામાં અટકી ગઈ, મેં દયાના ભાવ કર્યા તો ફળી ગયું. મેં ક્રોધ પરિણામ કર્યા તો શરીરની પર્યાયમાં લાલપ આવી. જુઓ! આ લાલ થઈ જાયને શરીર? શરીર આમ લાલ થઈ જાય છેને? મેં ક્રોધના પરિણામ કર્યા તો શરીરની પર્યાયમાં લાલપ આવી, આમ ક્રુરતા આવી. એમ માનનાર એ ચૈતન્યના રાગને ક્રોધની ચૈતન્યદશા છે એથી આ શરીરમાં ચેષ્ટાઓ ક્રુરતાની, લાલપની, ઉગ્રતાની થઈ એ ચૈતન્યના રાગથી આ થઈ એમ માનનાર (મિથ્યાદષ્ટિ છે). ઉગ્રતા જડની છે, પરમાણુની પર્યાય છે. તો રાગ ક્રોધને કારણે આ થઈ, તો એ ક્રોધ ચૈતન્યનો ન રહેતા જડ થઈ ગયો, અચેતન થઈ ગયો. અને એ ક્રોધથી આ દશા થઈ તો આ ઉગ્રતાની પર્યાય તે ચૈતન્ય થઈ ગઈ. આ લાલપ જે શરીરમાં આવી એ જડની પર્યાય છે, એ પરમાણુની લાલપ છે. એ પરમાણુની વર્તમાન અવસ્થા છે, ઉગ્રતા. આંખ નથી આમ રાતી થઈ જતી? સમજાય છે? એ અવસ્થા જ્યારે

એ પરમાણુમાં ક્રુરતા અને આંખ ઉગ્રતાની અવસ્થા થવાનો કાળ (હતો) એને ઓલો ક્રોધ તે બાહ્ય રહેલો અનુકૂળ નિમિત્ત તરીકે આરોપ આવે છે. અને એ ક્રોધને અનુરૂપ, અનુરૂપ-મેળવાળું એ પરમાણુની લાલપની અવસ્થા એ ક્રોધના નિમિત્તને એ અનુરૂપ એની અવસ્થા એને કારણે જડની થાય છે. પણ બે અનુકૂળ અને અનુરૂપની વર્તમાન પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં અજ્ઞાનીનો,... મિથ્યાદષ્ટિના સ્થૂળની વાત છે હોં! સમ્યગ્દર્શનના વિષયની વાત નથી કે મિથ્યાદષ્ટિ ઈચ્છા કરીને રોકાય છે એની વાત નથી.

ઈચ્છા કરનારો પાછો (એમ કહે કે) મોહ મેં કર્યો માટે આ અવસ્થા થઈ, નહિતર ત્યાં થાત નહિ. એવા ઈચ્છા ને જડની અવસ્થા એ ચૈતન્ય અને અચેતનની અવસ્થા બે ક્રિયાનો એક સમય માનનાર એ મિથ્યાદષ્ટિ મૂઢ, વીતરાગનો માર્ગ અને ચૈતન્યની પર્યાયના શાંત માર્ગથી દૂર છે. કહો, સમજાય છે? સોમચંદભાઈ! એમ માન આવે જરી. માનમાં આમ જરી આમ નથી આમ થાતું? શરીરમાં અકડાઈ આવે, અકડાઈ આવે અકડાઈ. તો માનપર્યાય થઈ માટે શરીરમાં અકડાઈ આવી આમ. ડૉક્ટર! એ અજ્ઞાનીને (એમ થાય છે) કે માન આવ્યું માટે આ શરીરમાં અકડાઈની અવસ્થા થઈ. એ અકડાઈની અવસ્થા ચૈતન્યના માનને લઈને થઈ. તો માન થઈ ગયું અચેતન અને અકડાઈ પર્યાય થઈ ગઈ ચેતન. કારણ કે માનને લઈને થઈ, માનને લઈને થઈ. એ તો અચેતન પર્યાય થઈ ગઈ ચેતન. એ ચૈતન્યને અચેતન અને અચેતનને ચૈતન્ય (માન્યું). એક સમયમાં નિમિત્ત-નૈમિત્તિકની પૃથક્કતા, ભેદજ્ઞાન કરાવવા માટે અનુકૂળ અને અનુરૂપની વ્યાખ્યા (કરી છે). એને ઠેકાણે એકતાની બુદ્ધિની વ્યાખ્યા માનનાર એ આત્માના દૃષ્ટિવાળો તો નથી પણ એની પર્યાયમાં, મારી પર્યાયમાં (હું) સ્વતંત્ર છું એની પર્યાયમાં એ સ્વતંત્ર છે એમ માનનારો પણ એ જીવ છે નહિ. ઘણી સ્થૂળ મિથ્યાબુદ્ધિ અને અંદર મૂઢતા દશાની ક્રિયાનો કરનાર છે. કહો, સમજાય છે કાંઈ?

માયા. કપટ-કપટ કુટીલતા કરેને. આમ દંભ સાચવવાની ક્રિયા કરને શરીરને? કપટ અંદર થાય એટલે આમ થાય ક્રિયા શરીરમાં. ના, ના. એ કામ મેં નથી કર્યું, એમાં હું નહોતો. એમ શરીરની ચેષ્ટા (થાય). ઓલી માયા કરી હોય, એ માયાના કપટના સ્થાન વખતે અજ્ઞાની, કપટનો અહંકારી એ શરીરની અવસ્થા વર્તમાન શરીરને કારણે થાય, એની ક્રિયા મારી કપટ છે એટલે આ ચેષ્ટાઓ થવા માંડી, ગોપવવા મંડી, માયા હોયને ગોપવવા માટે. કોઈ શેઠ આવ્યો ને કોઈ વસ્તુને લઈને ગોપવવા મંડી અને આ થઈ. ઓલી માયા છે માટે હાથ આમ થવા માંડ્યો, વસ્તુ ગોપવવાની ક્રિયા થવા માંડી. મોહનભાઈ! કહો, સમજાય છે કાંઈ? એ માયા છે માટે શરીરની ચેષ્ટા થઈને આમ રૂપિયો સંતાડવા માંડ્યો. ગુંજામાં, કોથળીમાં નાખવા માંડ્યો. આ જડની વર્તમાન અવસ્થા એનું પરિણમન નામ પર્યાય, એ કપટ છે માટે આ થાય છે એમ માનનાર, માયા જે ચૈતન્યની વિકારીદશા એણે જડની અવસ્થા કરી માયા એ ચેતન થઈ ગઈ. અને માયા ચૈતન્યથી આ અવસ્થા થઈ માટે જડની અવસ્થા

ચેતન થઈ ગઈ. એમ અજ્ઞાનીએ માન્યું છે.

અત્યારે સમ્યગ્દર્શનના વિષયની વાત નથી. ૭૭ અને ૭૮માં ગઈ છે વાત એ. આ તો મિથ્યાદષ્ટિના સ્થૂળ મિથ્યાત્વનું જોર કેટલું છે એની વાત ચાલે છે. અજ્ઞાનીનું મિથ્યાત્વ તીવ્ર વર્તે છે હજી અનાદિકાળની દશા છે તે. એની એ એની દશામાં એ વર્તનાર જીવની સ્થિતિ શું? એમ શિષ્યે પૂછ્યું. એના ઉત્તરમાં કહ્યું કે એમ. હા, એ શરીરની અવસ્થા થાય છે જે સમયે તેને માયા પાર રહેલી વિકારદશા છે એને એ અનુકૂળ કાંઠે રહેલો ભાવ, એ જડની અવસ્થાથી કાંઠે રહેલો, બહાર રહેલો ભાવ એને નિમિત્ત કહેવાય. એને અનુરૂપ અહીં જડને થવાને કાળે ક્રિયા થઈ એ નિમિત્તને અનુરૂપ કહેવાય. પણ અનુરૂપ અને અનુકૂળ. અનુરૂપ એટલે નૈમિત્તિક અને અનુકૂળ એટલે નિમિત્ત, બે ભિન્નતાના સમયે સમયે કાર્ય સમયના છે એને ઠેકાણે એકતાના માને છે કે નિમિત્ત-નૈમિત્તિકનો મેળ તો આમ થાય માટે જુઓ આને લઈને આમ થાય છે. આ એનું નામ પર્યાય અવસ્થાના અંશને તો માનનારો (છે) પણ ભેગો પરના અંશને પોતામાં ખતવનારો (છે). એને આત્માના સ્વભાવની સન્મુખતાની બિલકુલ ખબર નથી, ધર્મની ખબર નથી. કહો, આમ થાય છે કે નહિ?

આત્મા છે કે નહિ? આત્મા છે તો એની અવસ્થા થાય છે કે નહિ? કે કૂટસ્થ છે? તો પર્યાય પરિણમે છે ક્ષણે ક્ષણે તો હીનથી અધિક ઘણા પ્રકારના જીવો છે, ઘણા પ્રકારના જીવોની અવસ્થામાં ઘણા પ્રકાર બની જાય છે. અને એના જ પ્રમાણમાં સામે રજકણોની અવસ્થા રજકણને કારણે અનેક પ્રકારની બની જાય છે. પણ અજ્ઞાનીને આમ સાથે મેળ ખાતા એમ થઈ જાય છે કે આ મારે લઈને એ અને એને લઈને. બસ! આ એક સમયમાં બે ભિન્ન ક્રિયા (થાય છે) એને એક સમયમાં એક હું કરનાર (છું, એમ માનનાર) એ મિથ્યાદષ્ટિ મૂઢ છે. ચતુરભાઈ!

એ ત્યાં સુધી આપણે આવી ગયું. જુઓ, '**પોતાના વ્યાપારને અનુરૂપ એવા માટીના ઘટ-પરિણામને (ઘડારૂપ પરિણામને)...**' ૧૨૬. ઘડાના પરિણામને. માટીમાંથી ઘડાની અવસ્થા થઈ. એ અવસ્થાને કાળે તેના પરિણામને કે જે કુંભારના પરિણામને અનુરૂપ છે. કોણ અનુરૂપ? ઘટનું પરિણામ. '**કે જે માટીથી અભિન્ન છે...**' એ ઘટની અવસ્થા માટીથી વર્તમાનમાં એકમેક છે. માટીના ઘટની અવસ્થા માટીથી એકમેક છે અને માટીથી અભિન્ન પરિણતિમાત્ર ક્રિયાથી કરવામાં આવે છે. કુંભારથી નહિ, ઈચ્છાથી નહિ, હાથની ક્રિયા થાય માટે નહિ. આ સમય સમયની પર્યાયની વહેંચણીનો મિથ્યાત્વભાવ પણ એને વહેંચી શકતો નથી. તો એક સમયની જ્યાં સ્વતંત્રતા બેની પર્યાયના અંશને ન સમજે, એ ત્રિકાળી ચિદાનંદ આત્મા છું, એ વર્તમાન વિકાર નહિ અને પરનો અંશ પણ મારે લઈને નહિ (એ ક્યાંથી સમજે)?

વિકાર જે અંશ થયો એ મારે લઈને નહિ. હું દ્રવ્ય શુદ્ધ ચિદાનંદ સત્તા ચૈતન્ય સ્વામી,

જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ એમાં જરી પુણ્ય-પાપનો વિકલ્પ થાય એ અંશ પણ હું નહિ. તો આ અંશને લઈને બીજો અંશ થાય એ વાત તો ત્રણકાળમાં વસ્તુમાં છે નહિ. હા, અજ્ઞાનીને અંશ પ્રગટે છે એની બુદ્ધિ કરે તે વસ્તુ છે. અજ્ઞાની રાગ-દ્વેષ, દયા-દાન, કામ-ક્રોધના પરિણામ કરે છે, થાય છે, પરિણતિ એની છે. પરિણતિ અજ્ઞાનીની છે. આવશે. અજ્ઞાનીની પરિણતિ અવસ્થા છે, ઈ જડની નથી, જડને લઈને નથી, જડને આધારે નથી, જડને આધારે નથી. છતાં એ અંશનો વિકારીનો કર્તા તો મિથ્યાદૃષ્ટિ થયો. પણ એ અંશની સાથે ઘટની અવસ્થા કે જે માટીથી એકમેક, અભિન્ન એટલે એકમેક, પરિણતિ માત્ર એની અવસ્થાથી થઈ. ઘડો માટીની ક્રિયાથી થયો. એ ક્રિયાથી કરવામાં આવે છે. માટીની ક્રિયાથી ઘટ કરવામાં આવે છે. આ તેને કરતો પ્રતિભાસતો નથી.

અહીં તો આચાર્ય કહે છે કે અમે દૃષ્ટાંત (આપીએ છીએ), તને ભલે ન સૂઝે પણ અમે તો કહીએ છીએ કે ઘટની પર્યાયને કુંભાર, કુંભારની પર્યાયથી થાય છે એમ અમને તો ભાસતું નથી. અમને નહિ, અમે બધાને કહી દઈએ છીએ. ભાઈ! ઓલામાં નાખશે. મિથ્યાત્વમાં નાખશે કે આમ તને ભાસે છે તો હવે ન પ્રતિભાસો. અહીં તો કહે છે કે પ્રતિભાસતો નથી જ. દૃષ્ટાંતમાં તો વાત જ કહે છે કે ખોટી છે તારી. તું કહેતો હોય કે કુંભારની પર્યાય માટી ઘડાની પર્યાય. સમજાય છે? આચાર્યની ઈચ્છા માટે પુસ્તકની પર્યાય એ વાત તો પહેલે તબક્કે મિથ્યાદૃષ્ટિએ ઊંધું (માન્યું છે), હજી વિકારની સ્વતંત્રતા નથી સ્વીકારી એણે માની છે. એટલે તેને કરતો પ્રતિભાસતો નથી. અહીં તો ના જ પાડે છે દૃષ્ટાંતમાં. માટીમાંથી ઘટની અવસ્થા થાય તે કુંભાર તેને કરતો પ્રતિભાસતો નથી. કહો, સમજાય છે કાંઈ? એ પ્રમાણે બહારના દૃષ્ટાંત (કહ્યા). હવે મૂળ સિદ્ધાંત સમજાવવો છે એ હવે છે. આ તો દૃષ્ટાંતના વાંધા પાછા. જે વાત સમજાવવી છે એનો આ તો દાખલો છે. મૂળ સિદ્ધાંત તો હવે સમજાવવો છે. જુઓ, આ કીધું.

'તેવી રીતે...' જેમ દૃષ્ટાંત કહ્યો હતો. દાખલો છે. એ વાત સિદ્ધ નથી કરવી, દાખલાની વાત સાબિત નથી કરવી. સાબિત તો હજી મૂળ વાત છે તેને કરવી છે. **'તેવી રીતે આત્મા પણ...'** હવે આત્મા લીધો દૃષ્ટાંતમાંથી. દાષ્ટાંત એટલે સિદ્ધાંત **'આત્મા પણ અજ્ઞાનને લીધે...'** પાછો આ સિદ્ધાંત આવ્યો પહેલો. આત્મા શું કરે છે અજ્ઞાની? અજ્ઞાનીની વાત છે, મિથ્યાદૃષ્ટિની. સમ્યગ્દૃષ્ટિની વાત નથી. અજ્ઞાની જ કર્મની અવસ્થા થાય તેને નિમિત્તરૂપે છે એમ માની રહ્યો છે. કેમકે એને નિમિત્ત અને પર્યાયબુદ્ધિ છે. એને નિમિત્ત-નૈમિત્તિકની ભેદ પૃથક્બુદ્ધિ પણ ખસી નથી અને વિકારબુદ્ધિનો અંશ પણ શ્રદ્ધામાંથી ખસ્યો નથી. એટલે આત્મા પણ... કોઈ કહે કે આત્માને અજ્ઞાન થાય? પણ ભાઈ! પોતે પોતાને ન ભૂલે તો સંસાર કોનો? માટે અજ્ઞાન મૂક્યું છે. કર્મ છે માટે અજ્ઞાન છે એ વાત જ છે નહિ. માટે એકલી વાત અજ્ઞાનની લીધી છે. સ્વતંત્ર વાત એકલી લીધી છે.

આ આત્મા પણ પછી એકેન્દ્રિયનો હોય, લીલોતરીનો હોય, એ એકેન્દ્રિયના અનંત આત્માઓ છે. અનંત આત્માઓ છે. શું? અનંત જીવો લીલોતરીના, બટાટાના, શક્કરકંદના, અનંત અનંતગુણા જીવ છે એ બધાને મન નથી. ઝાઝા અનંતગુણા થોકડાના જીવને મન નથી. એ બધા પોતાના અજ્ઞાનને લીધે અને મિથ્યાદૃષ્ટિ જીવો પંચેન્દ્રિય હોય, જૈનનો સાધુ થાય, બાહ્ય ત્યાગ કરીને બેઠો હોય ત્યાં સુધી બધા જીવો અજ્ઞાનને લીધે, પોતામાં શું સ્વરૂપ છે? રાગ-દ્વેષનો વિકલ્પ હું નહિ, દયા, દાન, વ્રતનો વિકલ્પ હું નહિ એમ જેને ભાન નથી, તે અજ્ઞાનને લીધે. પણ અજ્ઞાનને લીધે. કોઈ કર્મને લઈને આ વિકાર અબુદ્ધિપૂર્વક કે બુદ્ધિપૂર્વક (થાય છે એમ નથી). જેટલા જીવો છે, અનંતા તો અબુદ્ધિપૂર્વક જીવો મિથ્યાદૃષ્ટિ નિગોદના એકેન્દ્રિયના અનંતા જીવો એને તો મન પણ છે નહિ. એને કર્મનું નિમિત્ત છે, માટે એના પ્રમાણમાં રાગ કરવો પડે નહિ, પણ એ છે માટે કરવો પડે એ પણ એકેન્દ્રિયના જીવમાં પણ એ વસ્તુનું સ્વરૂપ છે નહિ. કેટલાક કહે છે કે ભાઈ! મન વિનાના જીવો હોય ત્યાં સુધી એ કર્મને આધીન છે. મનવાળા જ્યારે સંજ્ઞી થાય ત્યારે પછી એ સ્વતંત્ર થવાનો અવકાશ છે, જો કરે તો. ત્યાં પણ નિમિત્ત પ્રમાણે થાય એને તો ત્યાં અનાદિઅનંત કોઈ દિ' અવકાશ રહેતો નથી. એક પ્રકારે ધારાવાહી દૃઢ મિથ્યાત્વનું પોષણ રહે છે. અગૃહીત તો છે જ ત્યાં. આ તો ગૃહીતનું નવું. જન્મ્યા પછી નવા લાકડા નાખ્યા.

આ તો અનાદિ અગૃહીત મિથ્યાદૃષ્ટિ. શું અગ્રહીત એટલે? અનાદિ-અજ્ઞાનથી કામ લે છે. ચૈતન્યના સ્વભાવને ભૂલીને પોતાના પોતાને કારણે સ્વયં સ્વભાવેન, એ તો કાલે બપોરે આવ્યું હતું, અજ્ઞાની એકેન્દ્રિયના જીવથી માંડીને પંચેન્દ્રિય બધા મિથ્યાદૃષ્ટિ વર્તમાન સમય સમયની દશા અજ્ઞાનને લીધે. કોઈ કર્મનું નિમિત્તબળ તીવ્ર રસવાળું છે માટે તે અંદર બહુ સ્થિતિવાળું છે માટે, તે કર્મનું જોર છે માટે, એ વાત સ્વરૂપના પર્યાયમાં પણ છે નહિ. કહો, સમજાય છે કાંઈ? હજી તો અજ્ઞાનપણે સ્વતંત્ર એટલું પણ કબુલતા પરસેવા ઉતરે. જે અનંત કાળે એવું તો કબુલીને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો હતો. અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો એવો જૈન સાધુ થઈને, દિગંબર મુનિ થઈને. અને આ તો હજી એના પણ મોટા લાકડા. એને સમજાવવા માટે, વળી એને સમજણ માટે વિચાર કરવા પડે. હજી સ્વતંત્ર નહિ, નહિ.

અહીં આચાર્ય કહે છે કે આત્મા પણ જે પર્યાયમાં જો વિકારી અવસ્થા જ ન થતી હોય તો પ્રગટ આનંદનો અનુભવ જોઈએ. પ્રગટ આનંદનો અનુભવ નથી તો એ સ્થાનમાં અજ્ઞાનને લીધે પોતાના સ્વરૂપની ખબર નથી. અહો..! હું જ્ઞાતા છું. જુઓ, એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય એ બધા જીવો છે. ડૉક્ટર! જીવ છે કે નહિ? બધા જીવ છે હોં. બહારનું શરીર નહિ, શરીર નહિ. અજ્ઞાનને લીધે.. ધ્યાન રાખજો. હવે એ ત્યાં અહંકાર અજ્ઞાનને લીધે શું કરે છે ભાન નથી. ધ્યાન રાખજો. અહીંયાં શરીર છે.

જુઓ! આ શરીર છે. ભાઈ! ધ્યાન રાખજો. આ શરીર છે એના રજકણના દળ જુઓ અનંતા પરમાણુના દળ આમ જ્યાં જુઓ ત્યાં રૂપી રૂપીનું પટ પડ્યું છે. ધ્યાન રાખજો. આ રૂપીનો પટ પડ્યો છે આ બધો આમને આમ. ક્યાંય અંગુળના અસંખ્ય ભાગમાં પણ રૂપીના પટ વચ્ચે કાણુ નથી. ભાઈ! શું કીધું સમજાણું?

જુઓ, આ ઝીણા રજકણ છેને? માણસને ભ્રાંતિ થઈ જાય છે કે આમ ભાવું છું. ભાવું શું? શી રીતે તું કહે છે? ભાવવાની વ્યાખ્યા તો કર હજી. આ પરમાણુ સૂક્ષ્મ ઝીણા એટલા રજકણ અનંતા પરમાણુનો દળ પિંડ છે કે આમ બધે જુઓ તો આ જુઓ સ્પર્શ, સ્પર્શ ને સ્પર્શ લાગે છે. ક્યાંય... ક્યાંય... ક્યાંય આત્માના અરૂપી પ્રદેશ, બાહ્ય પરમાણુના પિંડની આડમાં બહાર આવીને ઊભા દેખાય છે નહિ. ચતુરભાઈ! ધ્યાન રાખજો. અજ્ઞાનને લીધેમાં ઘણી વ્યાખ્યા ઊંડી છે જરી. આ દળ છેને જુઓને. આ માણસને.. એ તો શાસ્ત્રમાં ભાષ હોયને કે અંદર દ્રવ્ય આમ રોકાય, દ્રવ્યઇન્દ્રિયની રચના છે, માથે એક આ પટ છે, પછી દ્રવ્યઇન્દ્રિયથી જોવે છે. એટલી ભાષા શીખી ગયો ગોખી ગોખીને. પણ આ... જુઓ! અહીં ક્યાંય આત્માના પ્રદેશ બહાર છે નહિ. આમ અડવામાં આવે છે. કોને અડે છે? આને આત્મા અડે છે? આત્મા તો અરૂપી પર્યાય વર્તમાન છે. ઇચ્છા આદિની પર્યાય અરૂપી છે અને જ્ઞાન પર્યાય અરૂપી છે. આની આ પર્યાયને અડે છે? એક બારીમાં માણસ આમ ઊભો હોય, બારીમાં આમ ઊભો હોય. એમ આમાં કાણા શરીરમાં રજકણમાં આંતરા પડ્યા છે અને અંદર જીવ ઊભો છે એમ છે નહિ. ભાઈ! વાત સમજાય છે?

આ તો એકદમ એમને એમ બફમમાં બફમમાં એણે કોઈ દિ' વિચાર કર્યો નથી. હજી પર્યાયબુદ્ધિનો વિચાર કર્યો નથી એટલું અહીં કહેવું છે હોં! અહીં પર્યાયબુદ્ધિનો જીવ લીધો છે ભાઈ! પર્યાય નામ વર્તમાનમાં અટકતો કે આ મને જે જ્ઞાન અવસ્થા થાય છે એ અવસ્થા, આમ આમ જુઓ, આંખ આમ છેને, એમાં મારી જ્ઞાનદશા અંદરમાંથી બહાર આ સોંસરવટ બહાર કાણામાંથી આવે છે. ચતુરભાઈ! મોહનચંદભાઈ! સમજાય છે? આ બુદ્ધિ અનાદિની છે. નિગોદથી માંડીને અત્યાર સુધીની અજ્ઞાનીએ જ્યાં સુધી દૃષ્ટિ ફેરવી નથી અને આને લઈને આ, આને લઈને આ, એ બધા એક જ જાતના મિથ્યાદૃષ્ટિ છે. નિગોદના હો કે એ હો, એક જ સામાન્ય મિથ્યાત્વ એક જ ભ્રાંતિ છે. એ ભ્રાંતિનું કારણ,.. ચતુરભાઈ! ધ્યાન રાખજો.

આમ ભગવાન આત્મા એ તો અરૂપી છે. એને એનો રાગ-દ્વેષ પણ અરૂપી છે. એના અસંખ્ય પ્રદેશો અરૂપી છે, આ એને માથે આ બધા દળનું પટ જાણે, એક જાણે પેટીમાં પડ્યો ભાળતો હોય, આ શું છે આ? ભાઈ! છે આમાં કાણું ક્યાંય? ઓલું શાસ્ત્રનું ગોખ્યું છેને. એક અંદર અસંખ્ય પ્રદેશની રચના દ્રવ્યેન્દ્રિય થાય છે, એમાં લબ્ધરૂપ અને ઉપયોગરૂપ ભાવઇન્દ્રિય છે. એમ અહીંયાં નિમિત્ત તે એક બાહ્ય ચીજ છે, એ એકબીજાને અડતી નથી

તો વળી આ બધી વાતું થાય ત્યારે અડતી નથી એમ બોલે હવે તો કદાચ. આ ઈન્દ્રિય એ બાહ્યમાં અનુકૂળ કહેવાય, પરમાણુની એક સમયની પર્યાય હોં! આ દળ નહિ, આખું નહિ, એની એક સમયની પર્યાય. અનુકૂળ એટલે બહાર .. છે અને આત્માની જ્ઞાન પર્યાય અને રાગ એ ઈચ્છા, એ અવસ્થામાં આ થાય છે, આમ આમ થાય એને ઈચ્છા નિમિત્ત અને નિમિત્તને અનુરૂપ આ. અને આ છે એ જ્ઞાન ને ઈચ્છા જે થાય એને આ નિમિત્ત અને એ નિમિત્તને અનુરૂપ જ્ઞાન ને ઈચ્છા. પણ એ જ્ઞાન અને ઈચ્છા શી રીતે થઈ? કહો, સમજાય છે?

જે વસ્તુ છે જ્ઞાતા-દ્રષ્ટા અરૂપી ચિદાનંદ આનંદકંદ છે. એની વર્તમાન પર્યાય આખા આત્માના દળ પ્રમાણે પર્યાયનું ક્ષેત્ર છે. તો એ પર્યાયનું અંશનું ક્ષેત્ર અરૂપી છે. એ અરૂપીને સામે માથે તો મોટા પટના (થોકડા પડ્યા છે). હજી આંખના રજકણો એટલા ઝીણા ગણ્યા શાસ્ત્રકારે બીજા કરતાં. બહુ કોમળ અને ઘણાં ઝીણા. ઘણા અનંતા રજકણનો પિંડ દ્રવ્ય હોં. પરમાણુ છે અસ્તિ સત્તા અને એ પિંડની પર્યાય એક સમયમાં ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય થયા કરે છે, એક એક સમયમાં. ઈચ્છાને કારણે નહિ, આત્માને કારણે નહિ. એક એક સમય નામ સેકન્ડના અસંખ્ય ભાગમાં એ એક એક પરમાણુ જે આમ આમ થાય છે એને બીજા પરમાણુનો આધાર નથી.

એક પરમાણુનો ઉત્પાદ-વ્યય થાય છે એ વર્તમાન સમયની પર્યાયની વાત છે. એનો એક સમયનો જે પર્યાય આમ આમ ક્ષેત્રાંતર થાય અને આમ થાય એને હેઠલા પરમાણુનો આધાર નથી, હેઠલાને ઉપલાનો આધાર નથી. એ પરમાણુને ઈચ્છાનો આધાર નથી. કારણ કે એની જાતના એના છે પણ એને એકબીજાનો આધાર નથી. એકબીજા સૌને કારણે સમયમાં સમયમાં પોતાની પર્યાયથી થઈ રહ્યા છે. હવે એ આત્મા, આમ દળ તો આખુંને આખું પડ્યું જાણે. બીજી વાત. હજી એનાથી મારી વર્તમાન પર્યાય કોઈ સ્વતંત્ર છે, આ દળ સામે હોય તોપણ ભલે અને ન હોય તોપણ ભલે, હું કાંઈ એને કારણે જાણતો નથી. આ એના અસંખ્ય પ્રદેશ ઉપર ઓલા કર્મના રજકણ, ભાઈ! કેમ હશે? કાણા પડ્યા હશે એમાં? કાર્મણ શરીરના રજકણો હશે, અસંખ્ય પ્રદેશ ઉપર વીંટેલા અંદર કાણા રાખ્યા હશે થોડા? જુઓ, ભાઈ! એ વાતું કાંઈક અંતરની (છે).

અહીં તો આચાર્ય કહે છે, અજ્ઞાનીને એના અજ્ઞાનની પણ ખબર નથી. સમજાય છે? અજ્ઞાનીને અજ્ઞાન ને રાગ-દ્વેષ ને મિથ્યાત્વ કેમ ઉત્પન્ન થાય છે પર્યાયમાં? મારી અવસ્થામાં મિથ્યા ભ્રાંતિ અને અજ્ઞાન કેમ થાય છે? એની પણ ખબર નથી. એને તો કાં તો શરીરની ઈન્દ્રિયો આમ આમ થાય છેને, માટે મને આમ થયું. બીજા કુદેવ ને કુગુરુ, શાસ્ત્ર મળ્યા સંભળાવનારા એટલે મને આ મિથ્યા ભ્રાંતિ થઈ. મિથ્યા ભ્રાંતિની પર્યાય થઈ. એ પણ આ કાનના પરમાણુની પર્યાયને એ પર્યાય અડી નથી. આ પર્યાયને જીવની પર્યાય અડી

નથી. સામે દળના દળ મોટા અંદર સામે પડ્યા છે. પણ ચૈતન્યની અજ્ઞાનમાં પણ વર્તમાન પર્યાય એટલે અવસ્થાના અંશની દશામાં એવી તાકાત છે કે ઈ પોતાથી કામ લે છે. છતાં એણે વિચાર કર્યો નથી કોઈ દિ', કે શું છે તે આ બધું? શું દળ ચાલે છે આ? એની અવસ્થા શું? આ સ્પર્શમાં ભાઈ ક્યાંય કાણા છે? આત્મા .. બહાર રહ્યા છે? મૂળજીભાઈ! શું છે આ?

ભાઈ! એ તો અહીં કહે છે, હવે જુઓ નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ સિદ્ધ કરવા વાત છે. ત્યાં પણ પૃથક્-પૃથક્ કામ કઈ રીતે ચાલે છે એની પણ મિથ્યાદૃષ્ટિને ખબર નથી. એ તો સ્થૂળ મિથ્યા ભ્રાંતિમાં અનંતકાળથી રખડે છે. આત્મા જે ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવનો પિંડ. ઓલો ઘટનો દૃષ્ટાંત હતો એ સિદ્ધાંત માટે નહોતો. હવે સિદ્ધાંત તો અહીં અનાદિના જીવો અજ્ઞાનમાં પર્યાય એટલે વર્તમાન ભૂલમાં એને પણ આમ એકમેક ખીચડો લાગે છે બધો. જાણે કે આ ઈન્દ્રિયોની આ પર્યાય છેને એટલે મારો જ્ઞાનનો પર્યાય ક્યાંક કિરણ બહાર નીકળતું હશે એટલે ભાળતો હશે. આમાં શું ભાળે છે જુઓ જોઈ. આમાં શું ભાળે છે? પ્રકાશ. આ.. આ.. આ. ચતુરભાઈ!

એક જ્ઞાનની વર્તમાન અવસ્થા એ સ્વતંત્ર થવાને લાયક છે, યોગ્ય છે. એ અનંતા એકેન્દ્રિય જીવને અને એ અનંતા એકેન્દ્રિય જીવ છે એની અવસ્થા પણ એની પર્યાયમાં (એને કારણે થાય છે). એને એક શરીર છે, એક ઈન્દ્રિય સ્પર્શ છે, પણ એના ઉપર કાંઈ એને ભાન નથી કે આ શું છે? એમ અહીં જે પંચેન્દ્રિયવાળાને ભાન નથી, એમ એને ભાન નથી. આ તો ભાન નથી એની વાત લેવી છેને? ...ભાઈ! ભગવાન આત્મા આ સ્વભાવબુદ્ધિ વિનાનો પર્યાયબુદ્ધિવાળો, વર્તમાન મિથ્યાદૃષ્ટિ અંશબુદ્ધિવાળો એ પણ એનો અંશ આ શરીર અને કર્મની પર્યાયના દળ સામે પડ્યા છે તો એને કોઈ રોકે છે એની પર્યાયને જાણવાને એમ છે નહિ. છે? જ્ઞાનની પર્યાય બહાર આવતી હશે આમાંથી? આ માથે તો જુઓ કાળુ.. ધોળું... કાળું.. ધોળું.. થાય છે. કાળો-ધોળો આત્મા છે? આ અવસ્થા દેખાય છે એ કાળી-ધોળી છે ભાઈ! અવસ્થા જે દેખાય છે સામે, પર્યાય હોં! દેખાય છે પર્યાય; દ્રવ્ય-ગુણ તો સામાન્ય ત્રિકાળ છે એનો અંશ, એ અંશમાં અંદરમાં પાછળ રહેલો આત્મા એની ચાલતી પર્યાય અવસ્થા એ પોતાના અજ્ઞાનને લીધે.

એને ખબર નથી કે ઓહો..હો..! મારો વર્તમાન પર્યાય પણ નિરાલંબ છે. વસ્તુ તો નિરાલંબ છે, વસ્તુ તો નિરાલંબ છે. આલંબન વસ્તુને કોઈ નથી. પણ એનો પર્યાય જે થાય છે એને ઈન્દ્રિયનું અવલંબન અને ઈન્દ્રિયો આ થાય છે એને આનું અવલંબન એ કાંઈ છે નહિ. એ તો એક સમયે સૌ સૌની ક્રિયાને કારણે સૌનું પલટન થયા કરે છે. એ જ્ઞાનની વર્તમાન વિકાસની તાકાતને લઈને ભલે સામે દળ પડ્યા હોય. .. કહે છેને ભાઈ કેમકે સત્તામાં જો કેવળજ્ઞાન હોય તો સામે મોટા વજના ઓલા આવે. સમજ્યાને? આમ

મેરુ પર્વત કે વજ્રના પટ આવે તોપણ રોકે નહિ. દળ શું રોકતા હતા? ધૂળ રોકે પર? જડ શું રોકે જીવને? એ તો એની વર્તમાન પર્યાયમાં જેટલો અજ્ઞાનને લીધે એક જ વાત લીધી છે. બસ. અનાદિ અજ્ઞાની એકેન્દ્રિયથી માંડીને મિથ્યાદષ્ટિ હો, અગૃહીત મિથ્યાદષ્ટિ એટલે અનાદિનું પકડેલું હો અને જન્મ્યા પછી નવા લાકડા ખોસ્યા હોય એ બધાય જીવો. અહીં બધાને નાખ્યા છે.

**'અજ્ઞાનને લીધે...'** અને એ એકેન્દ્રિય જીવો પણ આમ રસ્તામાં અનંતા હોય છે હોં. એક ભવમાંથી બીજે ભવે જવું હોયને? એક ભવમાંથી બીજે. એ જીવો અનંતા એકેન્દ્રિય રસ્તામાં (હોય છે). એ પણ અજ્ઞાનને લીધે. એને કાંઈ ઇન્દ્રિય બાહ્ય કે મન કે એવું કાંઈ છે નહિ. પણ તે સમયમાં પણ અજ્ઞાનને લીધે પરિણમ્યા વિના મૂઢ રહેતો નથી. ચતુરભાઈ! હવે આમાં કોનો કોને આશરો અને કોનું કોને અવલંબન? સમજાય છે? એ આત્માની એક પર્યાયના રાગ-દ્વેષના અજ્ઞાનને લીધે. પણ એ માને છે કે મારા અજ્ઞાનને લીધે કાંઈક હું અજ્ઞાન કરું છુંને તો કર્મને આવવું પડે છે, નહિતર કર્મ આવત નહિ. અજ્ઞાન મેં કર્યું માટે આ શરીરને મારી પાસે આવવું પડ્યું. શરીરને આવવું પડ્યું લ્યોને ઔદયિક શરીરને. શું? આ અજ્ઞાન કર્યું માટે ઔદારિક શરીરને આવવું પડ્યું. એ શરીરની પર્યાય અને અજ્ઞાનની પર્યાય, એ અજ્ઞાનની પર્યાયથી શરીર આવ્યું એમ માનનાર ચૈતન્યની પર્યાયથી જડની પર્યાય માનનાર એ અજ્ઞાનની પર્યાયને જડ માને છે. હજી અજ્ઞાનની પર્યાય સ્વતંત્ર છે, ઇન્દ્રિયથી નહિ, કર્મથી નહિ, શરીરને લઈને નહિ. વાત સમજાય છે કાંઈ?

આ તો હજી વર્તમાન એનો પર્યાયનો (અંશ) પણ સ્વતંત્ર કેટલો (છે) એ સમજતા જીવોને વર્તમાનમાં બહુ મુશ્કેલ થઈ પડી. પછી પર્યાયબુદ્ધિ ટળે, અંશબુદ્ધિ ટળે, નિમિત્ત બુદ્ધિ રુચિ ટળે કે એ અને આ એકબીજા સૌને કારણે છે. કાલે દાખલા ઘણા આપ્યા હતા. સમજાય છે? અહીંયા અજ્ઞાનને લીધે. પોતાના અજ્ઞાન એટલે ચૈતન્યના બે... સમ્યગ્દષ્ટિની અહીં વાત લીધી જ નથી કે સમ્યગ્દષ્ટિને જરી અસ્થિરતાનો રાગ થાય અને પછી કર્મના પરમાણુ એને કારણે બને એ વાત અહીં છે નહિ. એ તો મિથ્યાદષ્ટિ ગઈ એટલે એ દર્શનના વિષયના પ્રધાનપણે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તૂટી ગયો. ભેદજ્ઞાનનો એ વિષય છે છતાં એ નિમિત્ત-નૈમિત્તિક પરની ક્રિયા પરને લઈને, મારે રાગને લઈને નહિ એ વાત પણ દષ્ટિના વિષયમાં નથી. પછી જ્ઞાનનો વિષય આવે ત્યારે જરી નબળાઈનો રાગ થાય છે. પરમાણુ-પરમાણુને લઈને પર્યાય થાય એવું એ તો જ્ઞાન સ્વપરપ્રકાશક (પ્રગટ છે). પણ દર્શન—દષ્ટિનો વિષય નિર્મળ થયો એના સ્થાનમાં પ્રગટેલું જ્ઞાન પછીના નિમિત્ત-નૈમિત્તિકના મેળને જાણી શકે છે. એ અજ્ઞાની પહેલેથી જાણવા માગે તો એમ સમજી શકે નહિ. શું કહ્યું સમજાણું કાંઈ? ચતુરભાઈ! કે ભાઈ પછી પણ કાંઈક થાય છેને? સમ્યગ્દર્શન પછી પણ થોડા રાગ-દ્વેષના પરિણામ અને પછી પણ પર્યાય કર્મની કર્મને કારણે (થાય છે), એ વાત અહીં લીધી

જ નથી.

અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો ભિન્ન-ભિન્ન છે. અહીં રાગ, અજ્ઞાન થયું માટે કર્મની પર્યાય થઈ એ જૂઠી વાત છે. કર્મની પર્યાયને આ બાહ્ય કાંઠે ઊભેલો રાગ અજ્ઞાનીનો નિમિત્ત કહેવાણો. અનુકૂળ એટલે કાંઠે. એ છે માટે છે એમ નહિ. એને અનુરૂપ. એને પરમાણુની આવવાની લાયકાતે તે આવ્યા છે. એમ હોવા છતાં હું છું માટે આ થાય છે એવી જે માન્યતા છે એ હજી બેની ભિન્નતાને પણ જાણી શકતો નથી. તો વિકારની ભિન્નતાવાળો ચૈતન્ય આનંદકંદ એની શ્રદ્ધાની એની પાસે તાકાત છે નહિ. કહો, સમજાય છે?

**'અજ્ઞાનને લીધે...'** આહા..હા...! એ માટે અહીં અટકાવ્યું છે થોડું. બોલ્યા ખરા હવે. એ જ ખુબી છે હવે લ્યો. એ સમય સમયનું સ્વતંત્ર (પરિણમન છે), એ પર્યાય અજ્ઞાન કરવાને સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. એનો તે સમયનો પર્યાય સ્વયં સત્ અહેતુક છે. ચતુરભાઈ! કેમ? પ્રશ્ન લેશો તો, એ વસ્તુનો સ્વભાવ જ છે. અજ્ઞાન પણ એનો એક જાતનો સ્વ ભવનં સ્વભાવઃ. કેમ? નિમિત્ત નહિ, દ્રવ્ય-ગુણ નહિ. અજ્ઞાનનું કારણ જો આત્મા અને ગુણ કહો, તો આત્માને ગુણ તો શુદ્ધ ત્રિકાળી બધાના છે. તો અજ્ઞાન એક પ્રકારનું બધાને થવું જોઈએ. અજ્ઞાનના અનંત પ્રકાર સૂક્ષ્મપણે પડે છે, સ્થૂળપણે અસંખ્ય પડે છે, તો એ પર્યાયનું કારણ કોણ? નિમિત્ત તો પરનો અભાવ છે. એમાં અભાવ છે એ નહિ. એની અવસ્થા એનામાં અને (આની અવસ્થા આનામાં). પૂર્વની પર્યાયનો અભાવ છે માટે વર્તમાનમાં નહિ અને દ્રવ્યને ગુણ કારણ કહો તો દ્રવ્ય-ગુણ તો શુદ્ધ છે. એ શુદ્ધ પણ કારણ નથી. બસ, ત્યારે હવે કોઈ જીવને અજ્ઞાન ઘણું, કોઈને ઓછું, ભલે અજ્ઞાનની અપેક્ષાએ સામાન્યપણે બધા એક છે પણ તારમ્યતાના મિથ્યા ભ્રાંતિમાં ફેર પડે છે એનું કારણ કોણ?

**શ્રોતા :-** એ આવ્યું ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પણ કીધું નહિ, ઊભું કર્યું પર્યાયમાં. એ વાત જ અનાદિની ઊંધી બેઠી નથી, ઊંધી કેમ છે એ બેઠી નથી. એ વાત અનાદિ ન હોય તો, અનાદિના અજ્ઞાનને લીધે. અનાદિનો અજ્ઞાની પોતાની તે સમયની પર્યાય કરવાને અજ્ઞાનમાં લાયક છે. એ લાયકાત છે તે કેમ? એ પ્રશ્ન જ નથી. હજી તો પર્યાય પ્રશ્ન સ્વતંત્ર ન બેસે એને વસ્તુ શુદ્ધ ચિદાનંદ છું એ દ્રવ્યબુદ્ધિ તો એને રુચતી જ નથી. ભલે વાતું કરે પણ એની પર્યાયબુદ્ધિ જ ખસી નથી. વાત સમજાય છે? એ કાલે બપોરે દૃષ્ટાંત આપ્યો હતો જરી. બપોરે.

એકેન્દ્રિયના અનંતા જીવો નિગોદમાં અનાદિથી કેટલાક પડ્યા છે કે હજી ત્રસ અને માણસ થયા નથી. એ એકેન્દ્રિયના જીવ... ભાઈ! બાપુ! આત્મા છે તો આત્માની જ્યારે અવસ્થામાં બહુ તત્ત્વજ્ઞાનનો વિરોધ થાય અને મૂઢતાની મિથ્યાત્વ ભ્રાંતિ સેવાય એટલે સત્ સ્વભાવ ત્રિકાળ છે એનો અનાદર થાય અને પરવસ્તુ પણ સમય સમયની સ્વતંત્ર છે એનો જ્ઞાનની

પર્યાયમાં એ મારાથી અને હું એનાથી એવો પર્યાયમાં અનાદર થાય ત્યારે જ્ઞાનની હીણી અવસ્થા થયા વિના રહે નહિ અને એ હીણી અવસ્થાના છેલ્લામાં છેલ્લું ફળ એ એકેન્દ્રિયમાં નિગોદદશા છે. અને એ નિગોદમાં અનંતા જીવો તો એટલા એવા છે કે હજી માણસ થયા નથી. અને જ્યારે ત્યાં કોઈ જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે, એ નિગોદનો જીવ કોઈ શુભભાવથી મનુષ્યનું આયુષ્ય બાંધે ત્યાં સુધી પણ એક સાગરની મિથ્યાત્વની સ્થિતિ બાંધે છે. અહીં મિથ્યાત્વની વાત છે. બીજી પ્રકૃતિ ઓછી છે એની વાત નહિ. આ ઝાઝામાં ઝાઝી(ની વાત છે).

એક મિથ્યાત્વ પ્રકૃતિની જે પર્યાય પોતે બાંધે છે પોતાના અજ્ઞાનભાવમાં, એક સાગરની સાગરોપમ એક કાળનું માપ થાય છે, એના પ્રમાણમાં એની યોગ્યતા છે. પરમાણુમાં મિથ્યાત્વની સ્થિતિ સાગરની છે એવી પરમાણુમાં યોગ્યતા છે. ઈ જ્યાં રસ્તામાં આવ્યો અને પંચેન્દ્રિયનો જ્યાં ઉદય થયો, મનુષ્યપણું .. રસ્તામાં એક સમય આ થયો એની અનાદિ-અનંત કાળમાં કોઈ દિ' એક સાગરની સ્થિતિ સિવાય એને ધર્મની પર્યાયમાં સ્થિતિ જ નહોતી. સમજાય છે? પણ ફડાક જ્યાં પહેલે સમયે એ જીવ પલટો કર્યા કરે છે એ નિગોદનો પંચેન્દ્રિય અને પંચેન્દ્રિયનો નિગોદ એ કાંઈ નવું નથી. એની સમયની સ્વતંત્રતાનું કાર્ય છે. કર્મ-ફર્મ નહિ, એ બીજી ચીજ એનામાં એ.

એ વર્તમાન સ્વતંત્ર પર્યાય જુઓ, અબુદ્ધિપૂર્વક બધા અનંત આત્માઓ છે. એને બુદ્ધિ-બુદ્ધિ નથી. એ અબુદ્ધિપૂર્વક અજ્ઞાની રસ્તામાં અનંત જીવો નિગોદના અને આ. અને કોઈ જીવ જે પંચેન્દ્રિયપણે આવવાના થયા, માણસપણે. એકેન્દ્રિયનો જીવ ત્યાંને ત્યાં નથી સદાય રહેતો કોઈ, એટલા છે એ પડ્યા છે ભલે. પણ આ માણસ થયા અને કોઈ ઈયળુ થયાં એ કોઈ દિ' રસ્તામાં અનંત નીકળ્યા નિગોદમાંથી, અનંત નિગોદમાં પાછા જવાના એ રસ્તામાં પણ એક સાગરનું માપ કર્મનું બાંધે મિથ્યાત્વનું એટલી યોગ્યતા. બીજા નીકળ્યા કોઈ બે ઈન્દ્રિયનું આયુષ્ય બાંધીને રસ્તામાં. કોઈ બે ઈન્દ્રિયમાં (ગયા). આ ઈયળું છેને? એ નિગોદમાંથી નીકળીને કોઈ ઈયળું પણ થાય. એ રસ્તામાં જ્યાં નીકળ્યો-આવ્યો ત્યાં એના જીવને પચ્ચીસ સાગરની યોગ્યતા બાંધવાની થઈ ગઈ. કોઈ ત્રિઈન્દ્રિયપણે આવ્યો એની સમયની પર્યાયમાં કોઈ દિ' એક સાગરથી વધારે નહોતું, એને પચાસની યોગ્યતા થઈ ગઈ. કોઈ ચૌઈન્દ્રિયપણે આવ્યો એને સોની થઈ ગઈ. સો સાગરની સ્થિતિ બાંધે એવી યોગ્યતા. કોઈ મન વિનાના અસંજ્ઞી પંચેન્દ્રિયપણે આવવાની યોગ્યતાવાળો જીવ નીકળ્યો નિગોદમાંથી એને તે સમયે હજાર સાગરની સ્થિતિની યોગ્યતા થઈ ગઈ. અને કોઈ સંજ્ઞી પંચેન્દ્રિયપણે આવવાની યોગ્યતાવાળો એને અંતઃ ક્રોડાક્રોડ મિથ્યાત્વની નાનામાં નાની આટલી સ્થિતિ બાંધે. કેમ છે? શું કારણ છે? અનંતા જીવો એવા અસંખ્ય બહાર નીકળ્યા અજ્ઞાનને લીધે. બસ.

એક સિદ્ધાંત એટલો મૂક્યો છે એ આત્મા અજ્ઞાનને (લીધે). આ વાત ભાઈ! એકદમ

આત્મા નિર્મળ ને શુદ્ધ ને એ જ્ઞાતા-દૃષ્ટાને એ બધા વાતું કરે પણ હજી આ બેઠા વિના વાત કોના ઘરની? એ તો રેકર્ડની થાળી છે. રેકર્ડને હૃદય ન મળે એમ એને હૃદય નથી. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. એ તો એમાં કાંઈ (નથી), વિકાર તો એક ક્ષણિક છે અને પર્યાય એ નહિ. એ તો અમે માનીએ (છીએ). માન્યા, શું માને? હજી અજ્ઞાનપણે શું થાય તેની ખબર ન મળે એ જ્ઞાનપણે આમ હોય એની ખબર પહેલી પડી ગઈ એ તો મોટો ભ્રમ અને મિથ્યાત્વના મોટા શલ્ય સલોરા અંદર પડ્યા છે. એને ચૈતન્યના વર્તમાન પર્યાયની સ્વતંત્રતાની પણ ખબર નથી. એ પછી જ્ઞાતા છે, દૃષ્ટા છે, એ તો સ્વરૂપ શુદ્ધ છે એની પર્યાયમાં એ વિકાર ક્ષણિક છે, ઉપાધિ છે, એ આત્માનું ખરું કાર્ય નથી. ઓહો..હો..! વાતું જાણે મોટો .. થઈ ગયો હવે. ચતુરભાઈ!

અહીંયાં ભગવાન આચાર્યદેવ કહે છે કે સાંભળ રે સાંભળ! તારી દશામાં ભૂલ ન હોય તો પ્રગટ આનંદ જોઈએ અને પ્રગટ આનંદ નથી તો ભૂલ છે. અને ભૂલ જો કાયમનું સ્વરૂપ હોય તો ટળે નહિ. અને ભૂલ જો કો'કને લઈને હોય તો એ ભૂલ ટળે નહિ. અને એ ભૂલમાં હીનાધિકતા થતી ન હોય તો ભૂલ એક પ્રકારની રહેતા ગતિ પલટે નહિ. સમજાણું કાંઈ? ભૂલ જો એક પ્રકારની થતી હોય, ભૂલ ભલે એક પ્રકારની થતી હોય, તો ગતિ પલટે નહિ. નિગોદમાંથી પંચેન્દ્રિય ન થાય, પંચેન્દ્રિયમાંથી એકેન્દ્રિય ન થાય. એ ભૂલની પણ તારતમ્યતાના સમય સમયના કાળમાં એ આત્મા અજ્ઞાનને લીધે. એક જ સિદ્ધાંત. બસ, બીજો કોઈ સિદ્ધાંત નથી. ચતુરભાઈ! વાત સમજાય છે કાંઈ? ભાઈ! મણિભાઈ! આ વાત નક્કી કરવી જોઈએ, ભાઈ! આ આખો દળમાં જાણે બિચારો સંતાઈને પડ્યો હોય આત્મા અને જાણે આ બધું શું છે? એવું બફમ જ ચાલ્યું જાય છે એને. કોઈ દિ' સાચી એક વાત, એક વાત બેસી નથી. પણ મકાન કરવાનું હોય શેઠિયાને વિચાર થયો તો પછી અહીં મૂકું ઈંટ કે અહીં મૂકું ઇંટ કે અહીં મૂકું ઈંટ? ઈંટ મૂકી નહિ અને મકાન શરૂ કર્યું જ નહિ. આ ઠેકાણે બારી-બારણા મૂકું તો ઠીક થશે. એટલે મકાનની શરૂઆત જ ન મળે. એમ ચૈતન્યની પર્યાયની સ્વતંત્રતા વર્તમાન વર્તતી શું છે એના નિર્ણયના ઠેકાણા નહિ, એને ધર્મની શ્રદ્ધાની ઈંટ પણ મૂકવાની યોગ્યતા નથી. ચતુરભાઈ!

એટલે કહે છે, જુઓ દૃષ્ટાંત. ૮૬મી ગાથા બહુ અલૌકિક આવી છે હોં! એ તો ગાથા બધી અલૌકિક જ છે, એ તો આવે ત્યારે એના ગાણા સમજાય. ત્યારે એને સમજાય કે આ શું છે? બાકી તો બધા પાના અને પોથા જડ છે. એ ક્યાં ત્યાં નિમિત્ત, એ નિમિત્ત છે ત્યાં ક્યાં જ્ઞાનની પર્યાય ઉઘડે છે? તો તો આ નિમિત્તથી ઉઘડે તો આત્માની પર્યાય અચેતન થઈ જાય, જડ થઈ જાય. આ સમયસાર પુસ્તક છે માટે અંદર જ્ઞાનની દશા ઉઘડશે. વાંચો આપણે ખૂબ. વાંચ્યા. ખૂબ વાંચે એટલે આનાથી જ્ઞાન થાશે એટલે અચેતન પર્યાય થતી જાય એટલે જ્ઞાનની હીણી દશા થતી જાય. એમાં આત્મા-ફાત્મા ક્યાંય પુસ્તક-ફુસ્તકમાં

નથી. સોમચંદભાઈ! ઓય.. ઉડાવ્યું આ તો બધા. આ સંસ્કૃત વ્યાકરણ ને તો ઉડાવ્યા અને સમયસારના પાના...

ભગવંત! બાપુ! આ મનુષ્યદેહ મળ્યો એમાં આત્માની કાંઈક દશાની પણ સ્વતંત્રતા અને સમજવાના ટાણે ન સમજ તો વસ્તુદૃષ્ટિ એ તો ચિદાનંદ જ્ઞાતા અમૃતની કાંતળી એ કોઈ વિકલ્પે સમજાય એવી નથી. એ કોઈ પુણ્યે, મને, વાણીએ, દેહે, દેવ-ગુરુ-શાસ્ત્રે એ સમજાય એવી નથી. એ પર્યાયને લક્ષે પણ એ સમજાય એવી નથી. અખંડાનંદ ચિદાનંદ ધ્રુવ સ્વરૂપ છું એ તો સ્વભાવ તરફ વાળતા શું ચૈતન્ય છે એ સમજાય એવી ચીજ છે. પણ એનો વર્તમાન અંશ પણ કહે છે આચાર્ય (કે) એલા! ઘટની પર્યાય કુંભારની પર્યાય હતી માટે થઈ, પણ નિમિત્તકર્તા તો કહેવાય કે નહિ? ચતુરભાઈ! કહેવાનો અર્થ શું થયો પણ? કહેવાનો અર્થ શું થયો? એને કારણે એની પર્યાયને કાળે થઈ ત્યારે આને કીધું એ તો આરોપનું કથન આવ્યું. આરોપના કથનને (સાંભળીને કહે કે) પણ અમારે વ્યવહારે તો કહેવાયને? વ્યવહારે તો કહેવાયને? એ લાકડા ખોસ્યા વ્યવહારના. વાત તો એને (ઈ કે) ઓલું લાકડું રાખવું છે. પોતાની માન્યતાનું લાકડું મિથ્યાત્વનું ઊંધું રાખવું છે. પણ નિમિત્તકર્તા કહો, ઉપચારકર્તા કહો, વ્યવહાર કર્તા કહો. એટલે કે એ કર્તા-ફર્તા નથી. જ્યારે એ અવસ્થા થવાને કાળે થાય ત્યારે એક ચીજ કાંઠે બહાર ઊભી હોય આ એને જ્ઞાનમાં ઓળખાવે છે કે એ વખતે કોણ હતું, બસ. પણ એને લઈને અહીં અને આને લઈને ત્યાં (થાય છે) એમ છે નહિ. ભગવાન આચાર્ય ઘટને કુંભારની પર્યાયનો નિમિત્ત-નૈમિત્તિકની પૃથક્તા બનાવતો દૃષ્ટાંત, હવે સિદ્ધાંતમાં પૃથક્તા બતાવવા ઉતારે છે.

કે આત્મા પણ... એટલે અહીં વાત બીજી કહેવી છે. કર્મ હોય તો રાગ થાય એ વાત કહેવી નથી એટલે એક જ ટૂકડો મૂકી દીધો ભાઈ! **'આત્મા પણ અજ્ઞાનને લીધે...'** કારણ કે અહીંયાં શું સિદ્ધ કરવું છે? કે અજ્ઞાની પણ વિકારને કરે છે. પણ કર્મની અવસ્થા છે માટે થાય છે એમ છે નહિ. એ સિદ્ધ કરવું છે. કર્મ છે તો વિકાર થાય છે એ સિદ્ધ કરવું નથી. અને એ વાત તો એટલા શબ્દમાં આવી ગઈ. **'આત્મા પણ અજ્ઞાનને લીધે...'** બસ, ખલાસ થઈ ગઈ. અબુદ્ધિપૂર્વક અજ્ઞાની કે બુદ્ધિપૂર્વક અજ્ઞાની પોતાની શ્રદ્ધા પ્રમાણે તે અજ્ઞાને પરિણમી રહ્યો છે. સમજાય છે?

એ નિગાદના અનંત જીવ હો કે પંચેન્દ્રિય હો એને એમ કે આપણે બુદ્ધિપૂર્વક તો કર્મનો ઉદય આવે એમાં ટાળી શકીએ, પણ અબુદ્ધિપૂર્વક તો કર્મનું નિમિત્ત હોય એ પ્રમાણે આપણે પરિણમવું પડે. એ બધાય હજી તો પર્યાયમાં પણ સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે. એથી અહીં કહ્યું કે એ વાત જ સ્વરૂપમાં, વસ્તુમાં શાસ્ત્ર એમ કહેતું જ નથી. હજી વ્યવહારને પણ શાસ્ત્ર એમ કહેતું નથી. નિશ્ચય તો પછી રહ્યો. ચતુરભાઈ! ઘણાં લાકડા બાપા! કર્મના તો ૮૧ની સાલ પહેલાથી સાંભળતા આવ્યા છીએ. અમારે તો સંપ્રદાયમાં એ વાત ચાલતી.

સમજ્યાને? કે કર્મ હોય તો આમ થાય અને આ હોય તો અહીં થાય. બધાની જાત એક જ મિથ્યાત્વની છે. એમાં કાંઈ ફેર નથી. મિથ્યાભ્રાંતિ, ભ્રમણા એ પોતાના કારણનો સ્વકાળે અજ્ઞાનને લીધે, અજ્ઞાનને લીધે પછી હવે કારણ કોણ? પણ એ અજ્ઞાનને લીધે કીધું હવે એ કારણ કોણ? આ એની પર્યાય અજ્ઞાન કારણ અને એ પર્યાય કાર્ય. કહો, ચતુરભાઈ! સમજાય છે?

એ વર્તમાન અજ્ઞાન પર્યાય પણ શક્તિવાળી છે, એ કાંઈ શક્તિ વિનાનો અભાવ નથી. એ અજ્ઞાનભાવ પણ પોતાના ત્રિકાળીને ભૂલી અને વિકારનો કર્તા થઈને રોકાય એ પણ પર્યાયમાં સામર્થ્ય વીર્ય શક્તિ છે. એ શક્તિ વિનાની પર્યાય હોય નહિ. એ પર્યાય પણ ઉત્પાદ-ઉત્પાદ તે સત્ છે. એ સમય સમયનો અજ્ઞાનીનો અજ્ઞાન ઉત્પાદ કે હું છું તો આ કર્મ થાય છે અને કર્મ છે તો રાગ થાય છે, આ હું છું તો આ દેશની દશા સુધરી. ચતુરભાઈ! અને દેશની દશા સુધરી તો હવે આપણને લાભ થાશે. હવે પાછું બીજાની સુધરી એટલે પર્યાય એ તો સુધરી .. માને છે. એટલે હવે આપણને લાભ થાશે. આમ કો'કની પર્યાયથી કો'કને કાંઈક થાય એમ માનનાર બે પર્યાયનો એક બુદ્ધિવાળો વર્તમાનમાં પણ અજ્ઞાન અને મૂઢ છે. સમજાય છે કાંઈ? આહા..હા...! ભાઈ! દુનિયાથી તો ભારે ઊંધું છે ભાઈ! દુનિયાથી ઊંધું, શાસ્ત્રને નહિ સમજનારથી ઊંધું. નહિ સમજનાર શાસ્ત્રને હજી હોં! એનાથી ઊંધું. શાસ્ત્રને વ્યવહારે સમજતા હોય એ અનંતવાર સમજ્યા વ્યવહારે એનાથી પણ આ વસ્તુ કાંઈક બીજી છે. શાસ્ત્રની અનુસાર બુદ્ધિ કરી અનંતવાર, શાસ્ત્ર કહે છે એની સામું બુદ્ધિ રાખીને, રાગ મંદ પાડીને પણ સમજ્યો એ અજ્ઞાન છે. આ તો શાસ્ત્ર શું કહે છે એના પલાખાની પણ ખબર ન મળે. એને ધર્મ અને સમ્યગ્દર્શન અને આમ હોય એની એને ખબર છે નહિ. ચતુરભાઈ!

એટલે ભગવાન આચાર્ય કહે છે દાષ્ટાંતમાં. દૃષ્ટાંતનો નિયમ ઉતારતા, ભગવંત! '**આત્મા પણ અજ્ઞાનને લીધે...**' પોતાના બેભાનને લીધે. શું થાય છે પણ આ? નથી જોતો શરીરની અવસ્થા શું થાય? નથી જોતો ઈચ્છા શું થાય? નથી જોતો એમાં દળ શાસ્ત્ર કહે છે કર્મના દળ પડ્યા છે આડા, તો આડા કોને હોય? એક પર્યાય કોઈને આધારે નથી, કોઈને કારણે નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા...! આ પગ પગ ચાલેને જમીન ઉપર? ચતુરભાઈ! ભગવાન! એ પરમાણુની એક એક પર્યાય જે આમ આમ કંપન્ન કરીને ચાલે છે એને જમીનનો આધાર નથી. હાય.. હાય.. ભારે ભાઈ! આ તો પણ મોટા.. ચંદુભાઈ! એક પરમાણુનો ઉત્પાદ તેને કારણે ક્ષેત્રાંતર અને રૂપાંતર થાય. એ બીજાને આધારે (થાય) એ તો કથન વ્યવહારના છે. વસ્તુના સ્વરૂપનું સ્વરૂપ એવું નથી. ચતુરભાઈ! અરે! દળ નીચે અડે. આ શરીર નીચે અડે છે એ વાત ખોટી, આ શરીરને આત્મા અડે છે એ વાત ખોટી અને અંદરમાં હવે જો ઓલા આ દળ નીકળી ગયા, એ કર્મદળ નહિ, હવે રાગ અંદર રાગ-રાગ. પુણ્ય ને પાપ ને દયા ને દાન ને મિથ્યાભ્રાંતિનો વિકાર એ વિકારનો પર્યાય છે માટે અહીં જ્ઞાનનો

ઉઘાડ છે એમ પણ નથી. ઉઘાડ વર્તમાન પર્યાયનો હોં! તો તો વિકાર ખૂબ હોય તો ઉઘાડ ખૂબ હોય. એ વિકારની પર્યાય અમુક છે અને જ્ઞાનનો વિકાસ અમુક જાતનો છે. એ વર્તમાન પર્યાયમાં અજ્ઞાની એ પર્યાયનો, રાગનો એ કર્મનો અને આ નિમિત્ત દળનો એ ભિન્ન છે શું એનું એને ભાન નથી. અનાદિથી પોતે અજ્ઞાનને લીધે, બસ એક જ વાત. બીજું કોઈ કારણ-ફારણ નથી. શું કારણ કહેશો? સમજાય છે?

અનાદિના જીવો છેને બધા? અનાદિના છે કે નહિ? ઠીક! તો એક જીવને વર્તમાન અજ્ઞાન મિથ્યાત્વનું જોર, એકને વર્તમાન મિથ્યાત્વની કાંઈક મંદતા, મિથ્યા ભ્રાંતિમાં મંદ-તીવ્ર. એનું કારણ શું? અનાદિના .. જીવ છે. કારણ શું? ચતુરભાઈ! એ વર્તમાન કરે છે તે જ કારણ અને કાર્ય છે. એ આ વાત સિદ્ધ કરે છે. વર્તમાન પર્યાય તેનું અજ્ઞાન કારણ છે. આ પરમાણુ છેને જગતના? અનાદિના છેને? ઠીક! તો એના એ પરમાણુમાં વર્તમાન એકની આ અવસ્થા અને એકની અહીંને અહીં. જુઓ એ ધોળી અને એક આ એનું કાંઈ કારણ? દ્રવ્ય તો એના એ છે, અનાદિના છે. ગુણ પણ અનાદિ છે, ગુણ અનાદિ છે. વર્તમાન પર્યાયમાં ફેર પડ્યો એનું કારણ? કાર્ય શું? ..ભાઈ! જો કાર્ય કહો કે દ્રવ્ય કહો. દ્રવ્ય બેમાં છે, ગુણ કહો તો ગુણ બેયમાં છે. નિમિત્ત કહો તો નિમિત્ત તો પર છે. વર્તમાન પર્યાય તે તેનું કારણ સ્વયંસિદ્ધ સત્ અહેતુક પર્યાય છે. નવરંગભાઈને પણ મગજવાળા માણસને આ જરી લોજિકથી તો બેસવું જોઈએને પહેલી હજી શાસ્ત્ર અનુસાર વાત. હજી શાસ્ત્ર અનુસાર. હજી ધર્મ અનુસાર પછી. કહો, સમજાય છે?

## શ્રી નિયમસાર, શ્લોક-૧૩૯, પ્રવચન નં.૯૮, તા.૧૮-૦૮-૧૯૭૧ (૨૪)

આ નિયમસાર. નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર ચાલે છે. પ્રત્યાખ્યાન નામ રાગનો ત્યાગ. નાસ્તિથી કથન હો. તો આત્મામાં જે રાગ થાય એનો ત્યાગ અને સ્વરૂપમાં અરાગી પરિણતિ એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. એ પચ્ચખાણ. પહેલો મિથ્યાત્વનો ત્યાગ અને સમકિતનું ગ્રહણ એટલે શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય એ મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન છે, મિથ્યાત્વનો ત્યાગ છે ઈ. અને પછી રાગાદિનો અસ્થિરતાનો ત્યાગ અને અંદર સ્થિરતાની વૃદ્ધિ, શુદ્ધિ થવી એનું નામ પ્રત્યાખ્યાન. ચારિત્રની અપેક્ષાનું પ્રત્યાખ્યાન છે.

હવે અહીંયાં આપણે શ્લોક અધુરો રહી ગયો છેને હજી. '**(અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :—**' શું કહે છે? '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' એટલે? ચારિત્રની વીતરાગ નિર્મળતા દ્રવ્યાનુસાર હોય છે એમ જો કહીએ તો બીજું નહિ મળે. સમજાણું કાંઈ? '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' હવે ત્યાં તો કદાચ એમ થાય કે ચારિત્રની વીતરાગતા એ દ્રવ્યને અનુસારે હોય છે. પણ એમ અહીંયાં અર્થ કરવા જાય તો બીજો અર્થ નહિ મળે. એટલે ત્યાં એમ અર્થ કરવો કે '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' એટલે કે ચૈતન્યદ્રવ્ય એને અનુસરીને વીતરાગ પરિણતિ થઈ એને અનુસારે વિકલ્પની મર્યાદા હોય છે. કહો, દેવીલાલજી!

ચરણ એટલે કે તે તે ગુણસ્થાનની મર્યાદામાં, જેમકે ચોથે ગુણસ્થાને એને અન્યાય, અભક્ષ્ય અને અનુપસેવ્ય આદિ વિકલ્પ હોય નહિ. બીજા વિકલ્પ હોય સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની શ્રદ્ધાનો, ભક્તિનો એ રાગ હોય. તો એ ચરણ દ્રવ્યાનુસાર છે. એટલે શુદ્ધની પરિણતિ જે સમ્યગ્દર્શન પ્રગટ્યું છે એના પ્રમાણમાં એને રાગની મંદતાનો ભાવ હોય. સમજાણું કાંઈ? ચરણ એટલે કે વર્તમાન રાગની મંદતાનો ભાવ ચોથે, પાંચમે કે છઠ્ઠે, અહીં વિશેષ છઠ્ઠાની વાત છે, રાગની મંદતા એના પ્રમાણમાં ચરણ (હોય), એ ચરણ એટલે રાગની મંદતા એના પ્રમાણમાં ચરણ એ ચરણ એટલે રાગની મંદતા દ્રવ્યાનુસાર હોય છે. એટલે દ્રવ્યને અનુસરીને શુદ્ધ પરિણતિ થઈ એના પ્રમાણમાં એનું ચરણ નામ રાગની મંદતા હોય છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ. એ તો કહ્યુંને પહેલું? સાંભળ્યું નહિ? તો અહીં

વાંધો આવશે. '**દ્રવ્ય ચરણાનુસાર હોય છે—**' તો દ્રવ્ય ચરણાનુસાર હોય છે? શુદ્ધ પરિણતિ એને અનુસારે દ્રવ્ય હોય છે? શું કહ્યું? દ્રવ્ય તો દ્રવ્ય જ છે. પણ અહીં દ્રવ્ય જે લીધું છે એ શુદ્ધ પરિણતિવાળું દ્રવ્ય, એ શુદ્ધ પરિણતિને દ્રવ્ય લીધું છે. સમજાય છે કાંઈ? આહા..હા...!

**શ્રોતા :-** પર્યાયને કેમ ન લીધું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં ક્યાં પણ કઈ પર્યાય? કીધીને, શુદ્ધ પરિણતિની પર્યાય લીધી.

**શ્રોતા :-** .. શું કરવા કીધું? અમે ભૂલમાં પડી જઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના. ના. આ શબ્દ ચોખ્ખો છેને. શું?

'**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' એટલે કે વિકલ્પની મર્યાદા એની શુદ્ધ પરિણતિની મર્યાદા પ્રમાણે વિકલ્પની મર્યાદા હોય છે. એવો અર્થ ન કરે તો પછી બીજો નહિ મળે. '**દ્રવ્ય ચરણાનુસાર હોય છે—**' એટલે વસ્તુ ત્રિકાળી ચારિત્રની પરિણતિની અપેક્ષાએ રહે છે. એમ છે? એમ નથી. દ્રવ્ય તો દ્રવ્ય જ છે. દ્રવ્ય તો નિગોદની દશા હોય તોપણ દ્રવ્ય તો દ્રવ્ય જ છે અને સિદ્ધની દશા હોય તોપણ દ્રવ્ય તો દ્રવ્ય જ છે. એટલે એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? અહીં તો પર્યાયની, રાગની મંદતા એની મર્યાદા એટલી હોય કે જેટલી આ દ્રવ્યને આશ્રયે શુદ્ધ પરિણતિ પ્રગટી એના પ્રમાણમાં એ શુદ્ધ પરિણતિને અહીં દ્રવ્ય લીધું છે. પંડિતજી!

**શ્રોતા :-** એ તો વ્યવહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર વિકલ્પની મર્યાદા નિશ્ચયની શુદ્ધતાના પ્રમાણમાં હોય છે. શુદ્ધતા છઠ્ઠા ગુણસ્થાનની હોય અને રાગની તીવ્રતા કુદેવ, કુગુરુ માનવાની હોય કે વસ્ત્ર-પાત્ર લેવાની હોય એમ હોઈ શકે નહિ. એમ કહે છે. ઝીણી વાત છે થોડી. પછી ચરણાનુયોગ ત્યાં લીધો એ વ્યવહારની વાત લીધી છે. ત્રીજો અધિકાર વ્યવહારનો છે. ચરણ નામ ચારિત્ર છે એ તો શુદ્ધ પરિણતિ છે. સમજાણું કાંઈ? આહા..હા...!

ચરણાનુસાર એટલે કે મહાવ્રતના વિકલ્પો આદિની મર્યાદા છઠ્ઠે જે હોય એ દ્રવ્યની શુદ્ધિના પ્રમાણમાં એને મહાવ્રતના જ વિકલ્પ હોય. સમજાય છે કાંઈ? એને વસ્ત્ર-પાત્ર લેવાના કે ધંધો કરવાના કે ભોગ ભોગવવાના ભાવ હોય નહિ. શુદ્ધિની પરિણતિ પ્રમાણે એની રાગની મંદતા હોય છે. એને ઓળંગીને રાગ તીવ્ર હોય એમ હોઈ શકે નહિ. એમ નિશ્ચય અને વ્યવહારની આમ સંધી કરી છે નિમિત્ત-નૈમિત્તિક. સમજાણું કાંઈ? આહા..હા...! ભારે! ચરણ એટલે કે વ્યવહારના ચારિત્રના વિકલ્પની હદ દ્રવ્યની શુદ્ધિના પ્રમાણમાં એને તે રાગની મંદતા હોય છે. સમજાણું કાંઈ? ભીખાભાઈ!

**શ્રોતા :-** શુદ્ધિ અનુસાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધિ અનુસાર. ઘણી શુદ્ધિ પ્રગટી હોય અને રાગ તીવ્ર હોય એમ ન બને એમ કહે છે. સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રગટી અને પર્યાયમાં અન્યાય અને અભક્ષ્યનો ભાવ હોય એમ ન હોય. એમ કહે છે. સમજાણું કાંઈ? એમ પંચમ ગુણસ્થાનની વસ્તુ ભગવાન આત્મા એને અવલંબે નિર્મળ અવસ્થા જે પ્રગટી પંચમ ગુણસ્થાનની એને યોગ્ય ત્યાં રાગની મંદતા હોય, એને અવ્રતના તીવ્ર રાગ એની ભૂમિકામાં હોય નહિ એમ કહે છે. શું કીધું સમજાણું આમાં? અટપટી વાત લાગે એવી પણ છે તો બહુ સીધી.

**શ્રોતા :-** બંને .. સાપેક્ષ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી જુદું. સાપેક્ષ નહિ. એ વળી જુદું. એને લઈને ઈ છે વ્યવહાર છે. એમ અહીં નથી. એમ પણ નહિ કહે. અહીં ગાથા અટપટીનો અર્થ ઝીણો છે.

આ તો બે હોય છે. અહીં આત્મા અખંડ આનંદ પ્રભુ એનો આશ્રય લઈને, અવલંબન લઈને આત્માના સ્વાદના ભાનમાં પ્રતીતિ થઈ એ સમ્યગ્દર્શન. હવે એ સમ્યગ્દર્શનની પરિણતિના પ્રમાણે એને રાગની મંદતા હોય. એને કાંઈ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માનવાનો રાગ કે અન્યાય અને અભક્ષ્ય કરવાનો રાગ એને હોઈ શકે નહિ એમ કહે છે. એ વ્યવહાર વિકલ્પની વાત છે. આહા..હા...! સમજાણું કાંઈ? અને છઠ્ઠા ગુણસ્થાને મુનિને જે ત્રણ કષાયના અભાવની શુદ્ધ પરિણતિ થઈ તે દ્રવ્યાનુસાર એને કહેવામાં આવે. એના પ્રમાણમાં એને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ, વસ્ત્ર નહિ, પાત્ર નહિ, એકવાર આહાર, એક ઊભા ઊભા આહાર એવી વિકલ્પની હદ એ ચરણ નામ વિકલ્પ વ્યવહાર ચારિત્ર કહેવામાં આવે છે. પણ એ વ્યવહાર ચારિત્ર શુદ્ધની પરિણતિની મર્યાદા પ્રમાણે હોય. કોઈ કહે અમને શુદ્ધ પરિણતિ મુનિની પ્રગટી છે, પણ વિકલ્પમાં અમારે વસ્ત્ર, પાત્ર, અન્યાય આદિનો ભાવ થાય છે. તો એ નિશ્ચય ને વ્યવહાર એકેય વાતને સમજતા નથી. એમ કહે છે. આહા..હા...! હીરાભાઈ! સમજાણું કાંઈ?

મુનિપણું અમને છે, પણ હજી અમારા માટે આધાકર્મી ઉદ્દેશિક આદિ આહાર લેવાનો ભાવ છે. તો કહે છે કે એ જૂઠું છે. જ્યાં નિશ્ચયની ભૂમિકા મુનિયોગ્ય જ્યાં પરિણતિ પ્રગટી એને રાગની મંદતાની મર્યાદા હોય છે. આવો રાગ એને હોતો નથી. આહા..હા...! આ તો વીતરાગ માર્ગમાં આ હોય એવી સંધિ કરે છે. સમજાણું કાંઈ? નિશ્ચય-નિશ્ચય કરે. એક જણા અહીંયાં આવ્યા હતા. મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું. સ્થાનકવાસીના સાધુ હતા અને પછી દેરાવાસી થઈ ગયેલા. એણે મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું. ચોમાસામાં આવ્યા હતા ઓલામાં. આવ્યા અહીંયાં. નિશ્ચય હોય એને પછી માંસ ને દારૂ ખવાય કે ન ખવાય એની મર્યાદા શું? ઠીક! એને નિશ્ચયવાળાને શું પછી? અરે.. સાંભળ તો ખરો. આહા..હા...! જેને નિશ્ચય સમ્યગ્દર્શન આત્માને આશ્રયે પ્રતીત અને અનુભવ થયો એવી શુદ્ધ પરિણતિના કાળમાં એને માંસ ને દારૂને ભાવ ખાવાનો હોય એવો વિકલ્પ એને હોય નહિ. એવું એને ચરણ એ પ્રકારનું હોય નહિ એમ

કહે છે. સમજાણું કાંઈ?

આ તો વીતરાગ માર્ગ છે. આ કાંઈ કલ્પેલો નથી કે આમ હોય ને તેમ (હોય). આ તો આમ જ છે વસ્તુનું સ્વરૂપ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમણે કેવળજ્ઞાનમાં જોયું કે જેને સચ્ચિદાનંદ પ્રભુ આત્મા જેને શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા છે એના પ્રમાણમાં એને રાગની (મંદતા હોય). પરસ્ત્રીના સેવન ને અન્યાય ને અભક્ષ્ય હોય એવો ભાવ ત્યાં વ્યવહારમાં હોય નહિ. લડાઈ આદિનો હોય, ઈન્દ્રિયના વિષયનો રાગ હોય. સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાને. પણ એને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર એ માનતો હોય, એવો એને વિકલ્પ હોય તો એ નિશ્ચય પ્રમાણે એને વ્યવહાર નથી, તો બેય જૂઠા છે. સમજાણું કાંઈ?

બીજો. '**દ્રવ્ય ચરણાનુસાર હોય છે—**' હવે દ્રવ્ય ચરણાનુસાર હોય છે એનો અર્થ કરો. દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ. એ ચારિત્રની નિર્મળ પરિણતિ પ્રમાણે દ્રવ્ય હોય છે એમ થાય? અથવા વ્યવહારના વિકલ્પ પ્રમાણે દ્રવ્ય હોય છે એમ થાય?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના. ના. અહીં તો વ્યવહારના વિકલ્પની ચારિત્રની હદવાળા હોય એના પ્રમાણમાં દ્રવ્ય રહે. એમ છે? દ્રવ્ય તો દ્રવ્ય જ છે. પણ એનો અર્થ એ કે દ્રવ્ય એટલે કે દ્રવ્યની શુદ્ધ પરિણતિ. શેઠ! બહુ ઝીણું છે આ. આ તો કુંદકુંદાચાર્યના શાસ્ત્ર ગંભીર .. ભરેલા છે. આહા..હા...!

**શ્રોતા :-** બહુ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ જ ગંભીર. ઓહો..હો..! પર્યાય પર્યાયની જ્યાં નિર્મળતા પ્રગટી છે જેના પ્રમાણમાં, એના પ્રમાણમાં રાગની, કષાયની મંદતા કે તીવ્રતા હોય. સમજાય છે? એનાથી મર્યાદા ઓળંગીને હોય તો એ નિશ્ચય પણ જૂઠો અને વ્યવહાર પણ જૂઠો. સમજાણું કાંઈ? હીરાભાઈ! આ તો વધારે સ્પષ્ટ (કર્યું). પાછું મૂંઝાઈ નહિ માણસ.

દ્રવ્ય એટલે દ્રવ્ય એટલે કે દ્રવ્યની શુદ્ધ પરિણતિ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. જે વસ્તુ ત્રિકાળ ભગવાન આત્મા એના અવલંબે એના સ્વાદનું ભાન અને ઉગ્ર સ્વાદની દશા (થઈ), એ કહે છે કે દ્રવ્ય કહેવાય એને. દ્રવ્યની શુદ્ધ પરિણતિ જે ચારિત્ર, વીતરાગી ચારિત્ર છે એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવ્યું છે. ભાઈ! આહા..હા...! આમ વીતરાગી નિર્વિકલ્પ દશા (હોય) એના પ્રમાણમાં વિકલ્પ (હોય). આ બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કર્યો છે. આહા..હા...! શેઠી! આ પ્રવચનસાર તો છે કે નહિ? શેઠી તરફથી છપાણું છે કે નહિ? નથી? હિન્દી. નેમિચંદ પાટણી? એના તરફથી? એમ નહિ એ .. એમ કે નેમિચંદ પાટણી તરફથી છપાણું છે એટલે એમાં એ શૈલી હોવી જોઈએ. સમજાણું કાંઈ? નેમિચંદ પાટણીથી છપાણું છે આ? પ્રવચનસાર છેને.

અહીં કહે છે. આહા..હા...! ગજબ વાત! વીતરાગ માર્ગની શૈલી. કહે છે કે જેવો એનો

ચરણ હોય છે એટલે વિકલ્પ વ્યવહાર ચારિત્રનો રાગ એને અનુસારે દ્રવ્ય હોય છે. એટલે કે એને અનુસારે એની શુદ્ધની પરિણતિ હોય છે. દ્રવ્ય એટલે ઈ. સમજાણું કાંઈ? આહા..હા...!

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મહાવ્રત હોય અને અહીં શુદ્ધ પરિણતિ ન હોય તો એ વસ્તુ જ નથી એમ કહે છે.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ હોય નહિ. એ અત્યારે અહીં નથી લેવું. પાંચમે ગુણસ્થાને હોય. આઘે જાય એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો મેળ નથી. ઈ તો કહે છે એને દ્રવ્યલિંગી કહેવાય છે. અંતર ચોથું ગુણસ્થાન હોય શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન અને આમ વિકલ્પમાં છઠ્ઠા ગુણસ્થાનના વિકલ્પની મર્યાદા હોય, પણ એને દ્રવ્યલિંગી કીધા છે. આ તો અહીં ભાવલિંગનું નૈમિત્તિક નિમિત્ત. નૈમિત્તિક અને નિમિત્તનો મેળ કેવો હોય એની વાત કરે છે. અમરચંદભાઈ! આહા..હા...! આ એમને એમ માની લેને કેટલાક કે આપણે નિશ્ચય તો આવું આવ્યું. વ્યવહાર ગમે એ જાતનો હોય. એય..! ચેતનજી! કીધું હતું ને ઓલું? ઉપાદાન ગમે તેવું, નિમિત્ત ગેમે તેવું હોય. એને કહ્યું હતું એક જણાએ. આમ હોય? નિમિત્ત ગમે એવું હોય. એમ હોય નહિ. સમજાણું કાંઈ? સમકિત પામનારને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનું નિમિત્ત હોય એમ હોઈ શકે નહિ.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ શરીરનું અહીં કાંઈ કામ નથી. શરીરની એ દવા નથી. એ વિકારની દવા છે મિથ્યાત્વની. મિથ્યાત્વમાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર નિમિત્ત હોય. શું કહ્યું છે? નહિ? ગોમ્મટસારમાં કહ્યું છેને. કર્મ, નોકર્મ-નોકર્મ. એ મિથ્યાત્વનું નોકર્મ કુદેવ-કુગુરુ છે. નોકર્મ એટલે નિમિત્ત. સમ્યગ્દર્શનમાં નિમિત્ત તો સાચા દેવ, ગુરુ અને શાસ્ત્રનું નિમિત્ત હોય છે. એ એનું નોકર્મ છે. અને એની વિકલ્પની મર્યાદામાં એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ હોય છે. એવી એની મર્યાદા છે. અહીં સમ્યક્ પ્રગટ્યું અને અહીંયાં કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધાનો પણ વિકલ્પ રહે તો બેય જૂઠી વાત છે.

**શ્રોતા** :- અહીંયાં દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ દ્રવ્ય નહિ લેવાનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ. નહિ. કીધુંને, ત્રિકાળ દ્રવ્ય તો દ્રવ્ય છે એને શું કરવું હતું? ચરણાનુસાર દ્રવ્ય છે. એ માટે તો અર્થ ચાલે છે આ. વિકલ્પને અનુસારે દ્રવ્ય રહે એમ છે? અને નિર્વિકલ્પને અનુસારે દ્રવ્ય રહે એમ છે? કેવળજ્ઞાન પ્રગટ્યું તો તો દ્રવ્ય છે તે છે. એમાં કાંઈ દ્રવ્યમાં સુધારો થયો છે? અને અક્ષરના અનંતમા ભાગમાં કેવળજ્ઞાનનો અંશ નિગોદમાં રહ્યો એથી દ્રવ્યમાં ઘટાડો થયો છે કાંઈ? કેવળજ્ઞાન થયું તો એમાં સુધર્યું શું દ્રવ્યમાં? અને અજ્ઞાન ને મિથ્યાત્વ થયું તો દ્રવ્યમાં બગડ્યું શું? દ્રવ્યમાં સુધરતું અને

બગડતું છે જ નહિ. એય..! શેઠ! આ બધું સમજવું પડશે. ઓલા બહારમાં જાડી બુદ્ધિયું ગાળી છેને બીડીયુંમાં, એટલે આ બધું સમજવું પડશે. એમને એમ નહિ ચાલે.

**શ્રોતા :-** દરેક વખતે ઝીણી વાત.. ઝીણી વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મા ઝીણો છેને ભાઈ! શેઠ! આહા..હા...! એની વાત પણ અલૌકિક વીતરાગદેવની. સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર એની વાણી અને એના આગમ અને એનો કહેલો ભાવ. ભીખાભાઈ! સમજાણું કાંઈ?

આ ચરણાનુયોગની પહેલી ગાથા છે. જ્ઞેયનો અધિકાર પૂરો કર્યો ત્યારે ગાથા અને ચરણાનુયોગ શરૂ કર્યો ત્યારે બીજી ગાથા છે. એ બીજી કરી છે ત્યાં. આ તો બેની સંધી કરવાની ગાથા છે. ઓલી છેલ્લી. છેલ્લી કેમ? કે જ્ઞેય અધિકાર દર્શનનો પૂરો કરી અને હવે ચરણયોગ એટલે વિકલ્પની મર્યાદાની વાત કરવી છે એટલે અહીં ગાથા બીજા અધિકારની છેલ્લી અને ત્રીજા અધિકારી પહેલી એ બીજી છે. આહા..હા...!

કહે છે, ધીમે ધીમે સમજો. આપણે ક્યાં ઉતાવળ કાંઈ કરતા નથી. શેઠ! ધીમે-ધીમે તો વાત ચાલે છે આમાં. વિચારમાં પણ મૂકાય. આહા..હા...! આ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા દેવ સિવાય આ વાત ક્યાંય ત્રણકાળ ત્રણલોકમાં હોઈ શકે નહિ. નૈમિત્તિક શુદ્ધ પરિણતિ એ તો પર્યાય લીધી. દ્રવ્ય તો ત્રિકાળી છે. હવે દ્રવ્ય જે ત્રિકાળી છે એને આશ્રયે જે શુદ્ધ પરિણતિ નિર્મળ, નિર્વિકારી આનંદના સ્વાદની આવી એ પરિણતિ સિદ્ધ કરી પર્યાય છે એમ સિદ્ધ કરી. અહીં દ્રવ્ય છે એના પ્રમાણમાં જેટલો આશ્રય લીધો એટલા પ્રમાણમાં અહીં શુદ્ધ પરિણતિ છે. અને જેટલી શુદ્ધ પરિણતિ છે એ વાસ્તવિક ધર્મ છે. એને શુદ્ધ પરિણતિ છે એના પ્રમાણમાં રાગની મંદતાનો વ્યવહાર-વિકલ્પ હોય છે. આહા..હા...! અશુદ્ધતાનો વિકલ્પ પણ શુદ્ધતાની પરિણતિની મર્યાદા પ્રમાણે હોય છે. જુઓ તો એક વાત! આહા..હા...! ચીમનભાઈ! ક્યાં ગયા શાંતિભાઈ છે? આવું આ બધું સમજવું પડશે આ. ઝવેરી બજારમાં કાંઈ ધૂળમાં નથી ત્યાં. આહા..હા...!

ત્રીજું, કે જેટલી દ્રવ્ય વસ્તુને આશ્રયે શુદ્ધ પરિણતિ પ્રગટી એ પર્યાય શુદ્ધ થઈ અને એના પ્રમાણમાં તેને વિકલ્પની મર્યાદા (હોય) એ સિદ્ધ કરી. ઓલું સિદ્ધ તો પછી થઈ ગયું. એને વસ્ત્ર-પાત્રનો યોગનો અજીવનો સંયોગ ન હોય. સમજાણું કાંઈ? અને વસ્ત્ર ઓઢેલું વિકલ્પથી ઓઢેલો એવો સંયોગ એને હોય નહિ. આહા..હા...! આવી જેને દશા પ્રગટી છે... સમજાણું કાંઈ? જેને આત્મદર્શન આત્માનું જ્ઞાન થયું એને હનુમાન ને શિકોતેર અને અંબાજી પાસે બેઠો હોય અને ભક્તિ કરતો હોય એવો ભાવ હોય (એમ બને નહિ). એ ભાવ ન હોય અને એ સંયોગ ન હોય એને એવો. આહા..હા...! કહો, એઈ..! તમારે બહુ ચાલે છે ત્યાં કાંપમાં અંબાજીનું. વઢવાણમાં. શું કહેવાય ઓલું? બુટમાતા ચાલે છે તમારે. બંધ થઈ ગયું હવે. પણ (મારું) જ્યારે ચોમાસું હતું ત્યારે બહુ માણસ (આવતા), બબ્બે હજાર.

સ્થાનકવાસી આવે, જૈનો આવે. કાંઈ ભાન ન મળે. વ્યવહારના પણ ભાન ન મળે. એ લાલપરનો એક આવ્યો હતો. મોટો ગૃહસ્થ થઈ ગયો અત્યારે કોડપતિ. એ શું લાલપરવાળો? મીઠાલાલ. મીઠાલાલ મીઠાભાઈ એનો છોકરો નીકળ્યો હતો હમણા. મીઠાભાઈ હતા બિચારા. એ તો બહુ પ્રેમી હતો. કરોડપતિ થઈ ગયા છે આફ્રિકામાં. એના છોકરાનું મગજ અસ્થિર હતું. એ આવ્યો હતો. એ મરી ગયો પછી. એલા! પણ તમે આ શું કરો છો? જૈન નામ ધરાવી અને આ બુટદેવી ને અંબાજી ને શિકોતર ને (માનો છો) એ તો મિથ્યાત્વનો ભાવ (છે), એને જૈનની શ્રદ્ધા છે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ગાથા બહુ અટપટી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગાથા અટપટીનો મેળ છે અહીંયાં. વાત સાચી છે ભાઈની. સમ્યગ્દર્શનનો અધિકાર પૂરો કર્યો છે. જ્ઞેય અધિકાર કહો કે સમ્યગ્દર્શન કહો. બીજો ભાઈ! પહેલો જ્ઞાન અધિકાર, બીજો સમ્યગ્દર્શન અધિકાર હવે ત્રીજો ચરણાનુયોગ વ્યવહાર અધિકાર. એના પહેલા બેની સંધિ કરી છે આ. પ્રવચનસાર. સમજાણું કાંઈ? આહા..હા...!

જેને કહે છે કે આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ, પર્યાય અને રાગની રુચિ છૂટી ગઈ છે એવી જેને સમ્યગ્દર્શનની પરિણતિ પર્યાય પ્રગટી એને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે. કારણ કે દ્રવ્યનો ભાવ શુદ્ધ (છે) માટે તેને દ્રવ્ય (કહ્યું). એમ. દ્રવ્યનો ભાવ એટલે ત્રિકાળી નહિ, વર્તમાન શુદ્ધ પરિણતિ. એવા સમકિતીને ચરણ નામ વ્યવહારનો રાગ કેટલી મર્યાદાવાળો હોય? એને અહીં નૈમિત્તિક શુદ્ધ પરિણતિ અને રાગની મર્યાદા નિમિત્ત, એ નિમિત્ત નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે. પંડિતજી! આહા..હા...! આ વસ્તુ બીજે ક્યાંય (નથી). સંયોગમાં કેવી દશા હોય? એના વિકલ્પમાં કેટલી મર્યાદા હોય? એની નિર્વિકલ્પ પરિણતિનિ હદ જેટલી હોય, રાગની મર્યાદા અને સંયોગ, એમ બધું અહીં સ્પષ્ટ કરીને બતાવ્યું છે. આહા..હા...! સમજાણું કાંઈ?

દ્રવ્ય એટલે કે જો દ્રવ્ય તમે એમ લ્યો કે શુદ્ધ પરિણતિ અહીંયાં. સમજાણું? ઓલું પહેલા ચરણમાં જો શુદ્ધ પરિણતિ લ્યો, તો અહીં પાછું દ્રવ્ય ચરણાનુસાર હોય છે. એટલે દ્રવ્ય નહિ પણ દ્રવ્યની શુદ્ધ પરિણતિ. સમજાય છે કાંઈ? વીતરાગ જેવો આત્મસ્વભાવ છે, વીતરાગ એવો સ્વભાવ છે એનો તો અને જેટલી વીતરાગતા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના પ્રમાણમાં પ્રગટી એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. અને તે દ્રવ્ય ચરણાનુસાર હોય છે. એની રાગની, કષાયની ચોથે તીવ્રતા પણ હોય, પણ એ હદવાળી હોય, અનંતાનુબંધીના તીવ્રનો રાગ એને ન હોય. સમજાણું કાંઈ? કે અન્યાય અને અસેવના એ સેવે અને અભક્ષ્ય આદિ માંસ ને દારૂ ને શિકાર આદિનો ભાવ હોય અને અહીં સમકિત હોય એમ ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? આહા..હા...! વીતરાગ માર્ગ તો કોઈ જુદી જાતનો છે ભાઈ આ. સમજાણું? બીજે તો કાં એકાંત આત્મા એક છે, શુદ્ધ છે. થઈ રહ્યું, એને પર્યાયની

અને વિકલ્પની મર્યાદા અને સંયોગની હદ કેટલી કાંઈ ન મળે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ જ માર્ગ છે, બાપા! આહા..હા...! અરે! એને કોઈ દિ' વીતરાગ ત્રિલોકનાથ એના પંથનો નિશ્ચય અને એના પંથનો વ્યવહાર અને એ વ્યવહારના પ્રમાણમાં એને સંયોગી સ્થિતિ કેવી હોય? એ વીતરાગ માર્ગમાં છે, બીજે ક્યાંય હોઈ શકે નહિ. જેઠાલાલભાઈ! આમ બહારમાં કહે કે ભાઈ અમે વસ્ત્ર-પાત્ર બધું રાખીએ અને મુનિપણું અંદરમાં હોય. તો કહે છે, સંયોગની મર્યાદાની એને ખબર નથી. બીજી વાત. અને એ સંયોગનો વિકલ્પ જે છે એને એ વિકલ્પની છઠ્ઠે ગુણસ્થાને એવી વિકલ્પની મર્યાદા હોઈ શકે જ નહિ. ભાઈ! તેથી એકવાર કહ્યું હતું કે ભાઈ! કુંદકુંદાચાર્ય એમ કહે છે કે વસ્ત્રનો ધાગો રાખે અને નિગોદમાં જાય એ અતિશયોક્તિ કહી છે? નહિ. ન્યાયસરની કીધી છે. કેમકે એને નવેય તત્ત્વમાં ભૂલ પડે છે. પંડિતજી! કહીએ છીએ અને ઘણીવાર કહેવાણું છે આ.

આ તો અહીં આવ્યું કે જેને દ્રવ્યની શુદ્ધિની પરિણતિ છઠ્ઠા ગુણસ્થાનયોગ્ય થઈ એને વિકલ્પની મર્યાદા પંચ મહાવ્રત કે અઠ્યાવીશ મૂળગુણ, શ્રવણ કરવું કે ઉપદેશ કરવો એ જાતના વિકલ્પ હોય. એને વિકલ્પ આહાર ને પાણી એના માટે બનેલાનો વિકલ્પ કે વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ હોય નહિ. તો જેણે એ મર્યાદા જાણી નથી એને શુદ્ધ પરિણતિ કેવી હોય એની ખબર નથી. છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધ પરિણતિ કેવી હોય એની ખબર નથી. એટલે સંવર-નિર્જરાની ખબર નથી. કેટલો આશ્રય દ્રવ્યનો લીધો છે ઉગ્ર એવા જીવની પણ ખબર નથી. અને એવા સંવર-નિર્જરાની દશામાં એને કેટલા પ્રકારની મર્યાદાવાળો રાગ હોય, તીવ્ર રાગ હોય નહિ તો એને આસ્રવતત્ત્વની પણ ખબર નથી. અને સંયોગો એને આવા મુનિની દશાવાળાને વસ્ત્ર-પાત્રનો સંયોગ ન હોય, તો અજીવનો સંયોગ કેટલો હોય એની પણ એને ખબર નથી. અજીવતત્ત્વની ખબર નથી, આસ્રવની ખબર નથી, બંધની ખબર નથી, સંવર-નિર્જરાની ખબર નથી અને જીવનો ઉગ્ર આશ્રય આટલો લીધો હોય તો આવી પરિણતિ હોય એની જીવની એને ખબર નથી. આહા..હા...! અમરચંદભાઈ!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ કે આવી પર્યાય અમારી ગમે તેવી થાય. એક જણા કહેતા હતા. ભાઈ ક્ષુલ્લક હોય અને એક જાતનો ઉદય અનેક પ્રકારનો ન હોય... પરમાર્થ વચનિકામાં આવે છેને? પરમાર્થ વચનિકા છે છેલ્લે. એનું હિન્દી થઈ ગયું છે હવે. એમાં છે કે ઉદય એક પ્રકારનો ન હોય, કેવળીને પણ ઉદય અનેક પ્રકારનો હોય. એટલે ક્ષુલ્લકને પણ ઉદય એ પ્રકારનો હોય તો પૈસા પણ રાખે, આને કરે એવો પણ ઉદય હોય. અરે! હોય નહિ. ગપ શું મારે છે? એ તો બિચારા મરી ગયા. પણ એવું કહેતા હતા એકવાર. ખાનગી મને કહે, આવું ચાલ્યું છેને આમાં? કીધું, બધી ખબર છે મને, એ શું લખ્યું છે

એમાં એ. પરમાર્થ વચનિકા છેને ભાઈ! એમાં નાખ્યું છે. કેવળીને પણ સરખો ઉદય ન હોય. પણ સરખો ન હોય એનો અર્થ શું? આમ ક્ષુલ્લક નામ ધરાવવા અને પૈસા રાખવા અને પૈસાની વ્યવસ્થા કરવી. શું કહેવાય એને ઓલું પૈસાનું? વહીવટ. વહીવટ કરવો, એના માટે માલિકી રાખવી એવો રાગ હોય નહિ. એવો રાગ હોય તો એને મુનિપણું નથી અને ક્ષુલ્લકપણું નથી.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો વાત ચાલે છે. એ ભાષા બહુ ન કરી શેઠ! શેઠે ખુલ્લું કર્યું અંદરનું. ગ્રંથમાળા ચલાવતા હોય તો? એમ કહે છે. પૈસા ભેગા કરાવે અને આ કરાવે એવો વિકલ્પ એને હોય નહિ. ઈ કહે છે આ.

**શ્રોતા** :- એ તો તીવ્ર રાગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તીવ્ર રાગ છે. તીવ્ર રાગ, શુદ્ધની પરિણતિ છે એના પ્રમાણમાં આવો તીવ્ર રાગ હોઈ શકે જ નહિ. આહા..હા...! ગજબ કર્યો છેને પણ! કુંદકુંદાચાર્ય ગજબ વાત! આહા..હા...! એની હદ સંયોગની, રાગની, પરિણતિની, આશ્રયની ગજબ વાત છે! ઓહો..! સંતોએ તો માર્ગને સહેલો કરીને મૂક્યો છે આમાં. સમજાય છે?

આવી ગંભીરતાની આ ગાથા કે જે બધું... દ્રવ્ય કેવું? અને એ દ્રવ્યનો ઉગ્ર આશ્રય કે મંદ આશ્રય હોય તો એની પરિણતિ કેટલી? અને એના પ્રમાણમાં રાગની મર્યાદા કેટલી? એના પ્રમાણમાં એને સંયોગનો અભાવ કેટલો અને સંયોગ કેટલો? સમજાણું? મીઠાલાલભાઈ! લ્યો આવો આ માર્ગ છે. આહા..હા...! એ દિગંબર સંતો સિવાય આ માર્ગ ક્યાંય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઓઘે-ઓઘે કહે કે આત્મા છે ને આમ છે ને તેમ છે. આત્મા શુદ્ધ નિર્મળ છે. વેદાંત કહે એક જ નિર્મળ છે. એમાં ભેદ-બેદ નથી. પણ આ સમજવા બેઠો છો એ શું ચીજ છે? એ તો ભેદ છે, એ તો રાગ છે. છે એને નથી (માને) એ તો પ્રત્યક્ષ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને ક્યાં બુદ્ધિપૂર્વક હતો? એ તો પુણ્યના સંયોગે અઘાતિનું ફળ છે. અહીંયાં તો એનો વિકલ્પ છે લેવાનો-મૂકવાનો એ વાત છે. એનો સંબંધ છે. એ સંબંધ જૂઠો છે. વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ અને એ સંયોગ બેય મુનિને યોગ્ય દશાને બેય જૂઠો છે. એને શુદ્ધ પરિણતિની પણ ખબર નથી, એને દ્રવ્યની પણ ખબર નથી, એને રાગની મર્યાદા કેટલી હોય એની ખબર નથી. અને એ તીવ્ર જ્યાં સંવર-નિર્જરા પ્રગટી છે છઠ્ઠે એના પ્રમાણમાં રાગ હોય. એટલે એ છઠ્ઠાની દશા એ મોક્ષનું કારણ છે. આ રાગની તીવ્રતા એ બંધનું કારણ છે. અલ્પ બંધનું કારણ હોય એને ઠેકાણે તીવ્ર બંધનું કારણ એને ઠેકાણે ગોઠવાણું તો એને બંધતત્ત્વની પણ ખબર નથી.

**શ્રોતા :-** આ ગાથાના .. બધા. મૂર્છા ન હોય અને લ્યે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે.. મૂર્છા વિના લીધા વિના રહે જ નહિ. મૂર્છા વિના રાગ વિના વિકલ્પ આવતા હશે લેવાના? એ તો કહે છેને, મૂર્છા પરિગ્રહ. એમ કે મૂર્છા ન હોય તો પરિગ્રહ નથી. એમ કહે છે. અરે! હોય? બ્રહ્મચર્યનો અંદર ભાવ હોય અને વાણીમાં એમ આવે કે વિષય ભોગવવામાં વાંધો નથી, એવી વાણી હોય? વાણીનો સંયોગ જ એવો ન હોય એમ કહે છે. એ વાણી કરતા નથી પણ જેને અંદરમાં સમ્યગ્દર્શન અને બ્રહ્મચર્યનો ભાવ પ્રગટ્યો એની વાણીમાં એમ આવે કે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને તોપણ વાંધો નથી, એ વાણીનો સંયોગ હોય નહિ. સમજાણું કાંઈ? પોપટભાઈ! બહુ ઝીણું પણ ભારે ભાઈ!

આ તો જરી ઓલો વિચાર ભાઈ આવ્યોને કે ચરણને શુદ્ધ પરિણતિ જો મૂકો તો મેળ નહિ ખાય અને દ્રવ્ય આખું મૂકો તો મેળ નહિ ખાય. જરીક ખટક્યું લોકોને કાલે. આ કઈ રીતે? આ દેવીલાલજી જેવા પંડિત માણસ કહેવાય એ કહે આ ભારે ગંભીર! વસ્તુ જ સ્થિતિ એવી છે. આહા..હા...! કેવળજ્ઞાન પ્રગટ્યું અને એને આહાર લેવાનો વિકલ્પ હોય અને આહાર હોય સંયોગે એ વસ્તુની ખબર જ નથી. સમજાણું કાંઈ? જેને કેવળજ્ઞાન પૂર્ણ પરિણતિ પ્રગટ થઈ ગઈ એને આહારનો કોળિયાનો સંયોગ હોય એ હોઈ શકે નહિ.

**શ્રોતા :-** દવાનો સંયોગ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દવા-ફવાનો હોય નહિ એને. આહા..હા...! સમજવાની વાત છે, બાપા! આમાં કોઈ પક્ષની વાત નથી આ. આ તો વસ્તુની મર્યાદા દ્રવ્યની, ગુણની, પર્યાયની અને વિકલ્પની અને સંયોગની આ સ્થિતિ છે આખી. સમજાણું કાંઈ? મણિભાઈ! સમજાય છે કે નહિ? બરાબર સમજાય છે એમ બોલે. ઠીક હવે સાંભળે તો છે. ત્યાં પડ્યા રહે છે એ કરતા અહીં રહે તો સાંભળે તો ખરા. પણ અહીં ક્યાં એમ કે બોજો દેવો. આહા..હા...! હજી ત્રીજી વાત આવશે આમાં.

**શ્રોતા :-** ઘણું બાકી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમાં બાકી ઘણું છે.

કહે છે કે '**દ્રવ્ય ચરણાનુસાર હોય છે...**' એટલે કે ચરણ નામ રાગની ક્રિયાની પંચ મહાવ્રતાદિના પરિણામ એના પ્રમાણમાં તેના દ્રવ્યની શુદ્ધિ હોય છે. આને લઈને હોય છે એમ અહીં પ્રશ્ન નથી. આને લઈને હોય એમ નહિ. પણ આવું જ્યાં હોય ત્યાં આવું એને દ્રવ્યને કારણે હોય છે અને આવા દ્રવ્યને કારણે શુદ્ધિ જ્યાં હોય આટલી, ત્યારે એને રાગની મંદતા વ્યવહારને કારણે, એને કારણે હોય છે. શુદ્ધ પરિણતિ છે માટે અહીં રાગ આવો આવે છે એમ નથી. આહા..હા...! અહીં તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કરવો છેને ભાઈ! તો નિમિત્ત આવું છે તો નૈમિત્તિક આવું છે એમ નહિ. એને લઈને છે એમ નહિ, પણ નિમિત્ત આવું જ હોય. આહા..હા...! બસ. સમજાણું કાંઈ? આહા..હા...!

'**એ રીતે...**' બે થઈ ગયાને? '**તે બન્ને...**' '**मिथो**' '**પરસ્પર અપેક્ષાસહિત છે;...**' આ હોય, આટલું હોય તો આટલું અને આટલું હોય તો આટલું એટલી અપેક્ષા છે વ્યવહારની. નિશ્ચયમાં તો નિરપેક્ષ છે. પણ પરસ્પર જ્યારે આવી નિર્મળતા પ્રગટી જેને ભગવાન આત્માની એને રાગની અનંતાનુબંધીની તીવ્રતાનો રાગ હોય નહિ એમ કહે છે. જેને શ્રાવકપણું પ્રગટ્યું સાચું અંતર સમકિત સહિતનું, એને રાગની તીવ્રતા કુદેવ-કુગુરુની કે અવ્રતની, એવો રાગ એને હોય નહિ એવો નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ છે. એમ કહે છે. '**તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે;...**' એમ છેને? '**द्वयमिदं ननु सव्यपेक्षम्**' એટલે કે આવું હોય ત્યાં આવું હોય. આવી હોય નિર્મળતા ત્યાં આટલી જ રાગની મંદતા હોય. એટલી અપેક્ષા છે નિશ્ચયમાં. આ તો વ્યવહાર સિદ્ધ કરવો છેને આમાં? એટલી અપેક્ષા લીધી છે. આહા..હા..!

'**તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે;...**' જ્યાં આત્માની વીતરાગ નિર્મળ ધર્મની દશા જેટલા પ્રમાણમાં પ્રગટી હોય તેટલા જ પ્રમાણમાં એને રાગની તીવ્રતા અને મંદતાનો ભાગ હોય. એથી એને ઓળંગી જાય એવો રાગ મંદ અને તીવ્ર હોય નહિ. અને રાગની મંદતા ને તીવ્રતા જેટલા પ્રમાણમાં છે એના પ્રમાણમાં એ શુદ્ધની પરિણતિ દ્રવ્યને આશ્રયે પોતાને કારણે એવી જ વીતરાગતા હોય. આહા..હા..! સમ્યક્ પ્રગટ્યું હવે અમારે નિશ્ચય છે. પછી માંસ ખાવું ને દારૂ પીવું અને લંપટપણું ગમે તે સ્વચ્છંદપણે વર્તીએ એમ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ મુનિપણું પ્રગટ્યું પછી અમારે ગમે તે રીતે અમારા માટે આહાર બનાવ્યા હોય, ચોકા બનાવ્યા હોય, શું કહેવાય આ? વસ્ત્ર-પાત્ર વગેરે વગેરે, અમારે માટે બનેલા હોય તોપણ લઈ શકીએ. કારણ કે એમાં નિશ્ચયમાં ક્યાં વાંધો છે? એમ છે જ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કાળ હલકો હોય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હલકો કાળ કે દિ' હતો? હલકો કાળ (છે એટલે) લોટને ઠેકાણે દારૂ નાખ્યો શેરામાં? કહો, આ હલકો કાળ છે. હલવો બનાવે ને હલવા? શેઠ! આ હલવો બને છે કે નહિ હલવો? શીરો. તો લોટને ઠેકાણે ધૂળ નાખી કાંઈ? કાળ હલકો છે. ઘીને ઠેકાણે પેશાબ નાખ્યો કાંઈ શેરામાં? અને સાકરને ઠેકાણે કાદવ? કે ગોળને ઠેકાણે કાદવ નાખ્યો? હલકો કાળ છે. હલકા કાળનું ભાન કે દિ' હતું? એય..! મલૂકચંદભાઈ!

**શ્રોતા :-** મુનિ મહારાજ કહે કે અમારે માટે આહાર બનાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને માટે કર્યો છે આ ખબર નથી કે આ બે-પાંચ જણા છીએ. આ ઘરના ચાર માણસ છે. આ ચોકો કરીને બેઠા છે. એટલી ખબર નથી? એણે બધા ગોટા વાળ્યા હશેને એણે. શેઠ! ગોટા તો વાળ્યા છેને. અહીં તો આપણે બધા કરતા હોય અને ન કરીએ તો પાછા જુદા પડી જાય. એ ભાગીને વયા આવ્યા. કહો, સમજાણું આમાં?

ત્રણ બોલ થયા. હવે ચોથો. એ ચોથો પણ આકરો છે જરી. '**તેથી કાં તો દ્રવ્યનો**

**આશ્રય કરીને...'** એટલે કે દ્રવ્યની શુદ્ધિની પરિણતિનું જ્ઞાન રાખીને. આવી શુદ્ધિ છે એને આવો જ રાગ હોય એમ દ્રવ્યની શુદ્ધિનું જ્ઞાન રાખીને. આશ્રય કરીને એનો અર્થ જ્ઞાન કરીને. '**દ્રવ્યનો આશ્રય કરીને...**' એટલે કે દ્રવ્યની શુદ્ધિની પરિણતિ સમ્યગ્દર્શનની, પંચમ ગુણસ્થાનની, છઠ્ઠા ગુણસ્થાનની, એની પરિણતિનું જ્ઞાન રાખીને '**અથવા તો ચરણનો આશ્રય કરીને...**' એ ભૂમિકામાં રાગની મંદતાનો ભાવ એનું જ્ઞાન રાખીને કે આવો જ રાગ હોય એનું જ્ઞાન રાખીને. આશ્રય કરીનેનો અર્થ કે એ શબ્દ નથી લીધો અહીં. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આવું લખાણ કેમ છે આ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું લખાણ છે એ વ્યવહારના લખાણ એવા હોય.

**શ્રોતા :-** સાચો એનો અર્થ સમજવો જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠીક પૂછે છે બરાબર મૂળચંદભાઈ! પણ આવું? એનો અર્થ ઈ છે. '**દ્રવ્યનો આશ્રય કરીને...**' એટલે? દ્રવ્યની શુદ્ધિ પ્રગટી છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ જેટલા પ્રમાણમાં એનું જ્ઞાન રાખીને કે આવી જ શુદ્ધિ હોય એનું જ્ઞાન આમ હોય. અને કાં ચરણનો આશ્રય કરીને (એટલે કે) એ શુદ્ધ દશાની ભૂમિકામાં જે પ્રકારનો રાગ હોય છે, આવો જ રાગ હોય એવું જ્ઞાન કરીને. આ ચારેય પદની વ્યાખ્યા જુદી થઈ. દેવીલાલજી!

**શ્રોતા :-** એટલા માટે ...પાપથી બચવા માટે પુણ્યનો આશ્રય કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના બિલકુલ વાત એ છે નહિ અહીં. આશ્રય-ફાશ્રયની વાત નથી. આશ્રયનો અર્થ જ્ઞાન છે. પ્રતીત શબ્દ પડ્યો છેને? '**द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य**' એ ચોથું પદ છે. પંડિતજી! ચોથું પદ છે. આ અર્થ અમારે પંડિતજીએ કર્યો હતો બરાબર ચોખ્ખો પહેલો હોં! એ આ અમારા પંડિતજી. આ પૂછ્યું હતું કે આ શું? એય..! પોપટભાઈ! આ તમારા મિત્ર. એમ એણે પહેલો અર્થ કર્યો હતો હોં! પંડિતજીએ. નહિ તો આપણને શબ્દ આવડે નહિ, વ્યાકરણ-બ્યાકરણ આવડે નહિ. ભાવનો ખ્યાલ હોય પણ ભાવમાં મેળ ખાય શી રીતે? અને આમાં દ્રવ્યનો આશ્રય કર્યો છે. આશ્રયનો અર્થ પ્રતીત. દ્રવ્યનું જ્ઞાન એટલે શુદ્ધ પરિણતિ આવી હોય એનું જ્ઞાન કરીને અને અશુદ્ધતાનો રાગ આવો હોય એનું જ્ઞાન કરીને. બસ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શુદ્ધ પરિણતિ આશ્રય કરવા લાયક નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્રયની વાત જ અહીં નથી. અહીં તો પ્રતીતનો અર્થ જાણવું. એને આશ્રય શબ્દ વાપર્યો છે. આટલી શુદ્ધ પરિણતિ હોય છઠ્ઠે એની શુદ્ધ પરિણતિ આવી જ હોય એમ જાણી, જ્ઞાન કરીને. અને એ કાળે રાગ આવો જ હોય એવું જ્ઞાન કરીને બસ. હવે પછી અંદરમાં ઉતરી જા એમ કહે છે. આહા..હા...! આ વાંચજોને ઘરે. આ પુસ્તક પડ્યા છે બધા ઘણાય. આ એક એક શબ્દનો અર્થ શું છે એણે વાંચવું પડે કે નહિ? નામું લખે છે તો કેટલાય તપાસે છે. આ બીડીના નામા માટે જુઓને શોભાલાલ શેઠ ત્યાં જાય

છે કાનપુર. કેટલાય રૂપિયા લઈ આવે છે. બધા નામા મીંઠવતા હશે કે નહિ? કે ભાઈ તમારી પાસે અમારું લેણું આટલું છે પાંચ હજારનું. ઓલો કહે, પોણા ચાર હજાર નીકળે છે. સવા હજારનો વાંધો છે ક્યાંક. જો તપાસ.

**શ્રોતા** :- ક્યાંક જમે કરવાનું રહી ગયું હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાંક રહી ગયું હશે જમે કરવાનું. શેઠ! પૈસા માટે આ જાય છે ને નાના શેઠ. કાનપુર.

**શ્રોતા** :- એ આપણી પાસે વાત ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કો'ક વાત કરતું હતું ભાઈ, આપણને ક્યાં ખબર અહીં હોય. ઓલા રતનલાલજી હતા નહિ? એ નહિ? કાનપુર હતાને? રતનલાલ. મેડી ઉપર આહાર કરવા ગયા હતા. ત્યાં શેઠ હતા.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જલ્દી ખબર પડે. ત્યાં ધ્યાન રાખે છે કે નહિ એટલું અહીં તો કહેવું છે. તો અહીં ધ્યાન રાખવું એમ કહેવું છે. આહા..હા...!

**શ્રોતા** :- એમાં જલ્દી ખબર પડે તો આમાં જલ્દી ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ. આની રુચિ થાય તો જલ્દી ખબર પડે, પડ્યા વિના રહે નહિ. આહા..હા...! લ્યો!

કાં તો દ્રવ્યનું જ્ઞાન કરીને એટલે કે શુદ્ધ પરિણતિની આવી મર્યાદા ગુણસ્થાનમાં હોય એનું જ્ઞાન કરીને. ચોથે શુદ્ધ પરિણતિ ત્રણ કષાયના અભાવની ન હોય. એક કષાયના અભાવની, મિથ્યાત્વના અભાવની હોય. બીજે બે કષાયના અભાવની અને મિથ્યાત્વના અભાવની હોય. ત્રીજી ત્રણ કષાયના અભાવની અને મિથ્યાત્વના અભાવની પરિણતિ હોય. એવું બરાબર જ્ઞાન કરીને. સમજાણું કાંઈ? મુમુક્ષુ ધર્માત્માઓ '**મોક્ષમાર્ગમાં આરોહણ કરો.**' આહા..હા...! સ્વરૂપમાં અંદર આરોહણ કરો. વ્યવહારનો વિકલ્પ છે એમાં પણ આરોહણ કરો એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ? લ્યો! એ ગાથા પૂરી થઈ. ૫૦ મિનિટ ચાલી. અમારે ચીમનભાઈ ખુશી થયા. આહા..હા...!

વસ્તુ તો વસ્તુ છે ભગવાન આત્મા, પણ એનો જેટલો આશ્રય લઈને ઉગ્રતા કે મંદતા આશ્રયમાં એ જે પરિણતિ જેટલી પ્રગટી તે શુદ્ધ એને એમ બરાબર જાણવી. અને એના પ્રમાણમાં શુદ્ધિની બહુ ઉગ્રતા હોય તો રાગની ઘણી જ મંદતા હોય. શુદ્ધિની થોડી હોય તો રાગની કાંઈક તીવ્રતા પણ હોય. એવી બેની મર્યાદા બરાબર જાણવી અને એવી હોય એને સંયોગનો કાળ પણ કુદરતે સહજ હોય. એ અહીં નથી નાખ્યું. કારણ કે સહજ આવે છે. અહીં તો પુરુષાર્થથી થાય બે વાત એટલી નાખી છે. ભાઈ! ઓલો સંયોગો આવવા-જવા એ કોઈ વ્યવહારના વિકલ્પથી પણ આવવું-જવું થાતું નથી. એટલે એ વાતને નાખી

નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- સહજ હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો સહજ હોય છે નગ્નદશા. એ કાંઈ વિકલ્પથી વસ્ત્ર છૂટી જાય છે એમ છે? વિકલ્પ કર્તા અને વસ્ત્રનું છૂટવું કાર્ય એમ છે? માટે એ વાત લીધી નથી. ફક્ત બેની અંદર નિમિત્ત-નૈમિત્તિક અંદરનું લીધું. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગ માર્ગ ગંભીર છે, ઊંડો છે. પાતાળ કૂવામાંથી આવેલી વાત છે આ તો. સમજવા માટે બુદ્ધિને કેળવવી પડે. આહા..હા...! આ લોટ બાંધે છેને આટા-લોટ? એને પણ કેળવે પછી રોટલી થાતી હશે કે એમને એમ બાંધીને રોટલી થાતી હશે?

**શ્રોતા** :- કેળવવી પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કેળવવું પડે. એમ કેળવે તેલ નાખીને આમ આમ કરીને. ત્યારે માંડ રોટલી સરખી આમ આવે. એમ આ વસ્તુ, એની પરણતિ શુદ્ધ અને રાગની મર્યાદા એને કેળવણીથી બરાબર જાણવી જોઈએ. આવો જ માર્ગ છે અને આ સિવાય બીજો કોઈ ઓછો, અધિક, વિપરીત કહે (તો એ) બધો વિપરીત માર્ગ છે. આવું ભાન થયા વિના એને વિપરીતતાનો ત્યાગ નહિ થઈ શકે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- કોઈ અપવાદને સ્થાન છે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આમા હોય? પણ સત્યને શું અપવાદ? જીવ તે જીવ છે, (પણ) અપવાદે પણ અજીવ હોય. શુદ્ધ પરિણતિ પણ પોતે અપવાદે શુભ હોય એમ હોય? શુદ્ધ પરિણતિના કાળમાં આવો રાગ હોય એ જુદી વાત છે એ તો. એ અપવાદ થઈ ગયો. એ અપવાદ છે, એ પોતે અપવાદ છે. સમજાણું કાંઈ? ભારે! લ્યો એ ગાથા પૂરી થઈ.

'**વળી (આ ૧૦૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે)** :—' ૧૩૯.

**चित्तत्त्वभावनासक्तमतयो यतयो यमम्।**
**यतंते यातनाशीलयमनाशनकारणम्।।१३९।।**

આહા..હા...! '**જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવનામાં આસક્ત (રત, લીન) છે...**' આહા..હા...! સમ્યગ્દૃષ્ટિને ચૈતન્યની ભાવનામાં તીવ્ર રસ લીન નથી.

**શ્રોતા** :- લીનતા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- લીનતા છે પણ તીવ્ર નથી. એથી અહીં આસક્ત અને રક્ત લીન વિશેષ કહેવું છે મુનિને.

'**જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વ...**' ભગવાન આત્મા એની ભાવના એટલે એકાગ્રતા, એમાં જેની લીનતા છે. લ્યો ભાવનામાં આસક્ત-આસક્ત (કહ્યું). આહા..હા...! અહીં આસક્ત. ઓલી આસક્તિ અને અહીં આસક્ત. ચૈતન્ય વસ્તુ વીતરાગભાવસ્વરૂપ એની ભાવના અંતર્મુખ

એકાગ્રતા. એમાં જે લીન છે. **'એવા યતિઓને...'** એવા યતિઓ, એવા મુનિઓ **'યમમાં પ્રયત્નશીલ રહે છે...'** જુઓ, યમમાં એટલે શુદ્ધ પરિણતિ રાગાદિ રહિત એમાં પ્રયત્નશીલ રહે છે. **'(અર્થાત્ સંયમમાં સાવધાન હોય છે)...'** એમ કહે છે. સમકિતી સમ્યગ્દર્શન ને જ્ઞાન અને અંશે સ્થિરતામાં સાવધાન છે. શ્રાવક સમ્યગ્દર્શન, જ્ઞાન અને અંશે સ્વરૂપાચરણ ચારિત્ર ઉપર શાંતિ એમાં લીન હોય છે. મુનિ સંયમમાં મહા પ્રયત્નશીલ. ભાષા છેને? એનો પ્રયત્નનો સ્વભાવ જ એવો થઈ ગયો છે એમ કહે છે. તેથી સંયમમાં સાવધાન રહે છે. આહા..હા...!

**'કે જે યમ (-સંયમ)...'** એ સંયમ નામ સ્વરૂપમાં આનંદના અનુભવસહિતની જ્યાં રમણતા (થઈ છે) એવી... આ તો લોકો સમ્યગ્દર્શનની વાત મૂકી દઈને અને ઉપરની વાતું બધી (કરે). જુઓ ભાઈ! આ સ્વર્ગમાં ચારિત્ર નથી માટે ચારિત્ર મહાવ્રત લઈ લ્યો. મુનિપણું બીજી ગતિમાં નથી, દેવમાં પણ નથી અને મનુષ્યપણામાં છે માટે એને લઈ લ્યો. પણ શું લઈ લે? પંચ મહાવ્રતના વિકલ્પ લીધા, નગ્નપણું એ છે ચારિત્ર? એ તો રાગ છે. સમજાણું કાંઈ? એને તો એકલી શુદ્ધ પરિણતિ વિનાનો રાગ એને તો વ્યવહારાભાસ કહી દીધો. સમજાણું? રાગની આવી એકલી ક્રિયા હોય અને શુદ્ધતાનું ભાન નથી એ વ્યવહારાભાસ છે. અને શુદ્ધ પરિણતિ એને આટલી હોય તો એના પ્રમાણમાં રાગની તીવ્રતા અને મંદતા હોય એવી ખબર નથી એટલે નિશ્ચયાભાસી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપદેશ તો જે છે એ બધાનો સમકિતીનો પણ આવે. મુનિનો ઉપદેશ પહેલો પણ મુનિપણું કેવું? સમ્યગ્દર્શન સહિતનું કે સમ્યગ્દર્શન વિનાનું? આ લઈ લ્યો લૂગડા છોડ્યા. રત્નકરંડ શ્રાવકાચાર, પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં પહેલું સમ્યગ્દર્શન લીધું. પછી એના વ્રતના વિકલ્પની વાત લીધી. રત્નકરંડ શ્રાવકાચાર. રાગ-દ્વેષના નાશને માટે મુનિપણું અંગીકાર કરવું એવું છે ત્યાં. ભાન છેને કે રાગ-દ્વેષ મારામાં નથી. એવું ભાન છે. એ રાગ-દ્વેષના નાશ માટે વીતરાગતાને અંગીકાર કરે.

**'યમ (-સંયમ) યાતનાશીલ યમના (દુઃખમય મરણના) નાશનું કારણ છે.'** આહા..હા...! એ દુઃખમય મરણ. યાતનાશીલ યમ. યમ એટલે મરણ. દુઃખમય જમ-જમ. **'યમના નાશનું કારણ છે.'** આહા..હા...! સ્વરૂપની અનુભવદૃષ્ટિ અને સંયમદશા એ, દુઃખમય પીડા, મરણ એના નાશનું એ કારણ છે. પંડિત મરણ થવાનું એ કારણ છે. આહા..હા...! વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

**બહેનશ્રીનાં વચનામૃત, બોલ-૧૯ થી ૨૧**
**પ્રવચન નં. ૬, તા.૧૧-૬-૧૯૭૮**
**(૨૫)**

**જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે. હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે, રાગ પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં વિભાવથી જુદા છે, ન્યારા છે. ૧૯.**

સાતમું પાનું છે ને? ૧૯મો બોલ છે. 'જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે.' એટલે? આત્મા પોતે શુદ્ધ ચૈતન્ય આનંદ(સ્વરૂપ) છે, એનાથી શુભભાવ વિરુદ્ધ છે. (રાગ) આવે, હોય પણ ઝેર છે. વિષકુંભ કહ્યો છે ને? આ..હા..હા...! શુભભાવ એ સ્વરૂપનો સાધક નથી પણ સ્વરૂપમાં બાધક છે, વ્યવહારે (પણ) બાધક છે અને નિશ્ચયે (પણ) બાધક છે. દૃષ્ટિની અપેક્ષાવાળાને અશુભ છૂટવાની અપેક્ષાએ શુભમાં (આવતા જેટલો) અશુભ છૂટે એટલો વ્યવહાર કહેવામાં આવે. ઠીક છે. ચૈતન્ય જ્ઞાયક દ્રવ્ય વસ્તુ છે, એની ષ્ટિ થઈ છે એને અશુભ ટળીને શુભ આવે, એટલી અપેક્ષાએ વ્યવહાર એને કહેવાય પણ નિશ્ચયથી છે તો ઝેર અને હેય. એ શુભભાવને ઉપાદેય માને તો તો મિથ્યાત્વ છે. આ..હા...! આવી વાત છે!

પ્રભુનું સ્વરૂપ જ (એવું છે). જિનસ્વરૂપી પ્રભુ છે! વીતરાગસ્વરૂપી સર્વોત્કૃષ્ટ તત્ત્વ મહાપ્રભુ! જેની શક્તિ અને જેનો સ્વભાવ તદ્દન વીતરાગી પૂર્ણ પૂર્ણ સ્વરૂપ છે. એમાં શુભભાવ આવે છતાં એ ઝેર છે, કાળો સર્પ છે. કાળો સર્પ! સાધારણ સર્પ નહિ, કાળો સર્પ હોય ને? આ..હા..હા...!

આમા મોટા વાંધા છે. અત્યારે કેટલાક પંડિતો (એમ કહે છે) શુભભાવ (ધર્મનું) સાધન છે. આમ છે ને તેમ (છે) બાપુ! એ સાધન નથી. ભાઈ! (તને) માર્ગની ખબર નથી. આ..હા..હા...!

ચૈતન્યસ્વરૂપી પ્રભુ! આત્મા ચેતનસ્વરૂપ! આ..હા..હા...! વસ્તુ છે (એ) અમૃતસ્વરૂપ છે. પ્રભુ અમૃતની વેલડી છે. આ..હા..હા...! એનો સ્વીકાર કરતાં તો અમૃતના ફળ પાકે, કાંઈ ઝેર પાકે? અમૃતની વેલડીએ (અમૃત પાકે). આ..હા..હા...! કોળાપાકની વેલડીએ કોળાપાક આવે. (એમાં કાંઈ) કારેલાં થાય? કારેલાં હોય ને? કોળાપાક મોટા હોય છે અને કારેલા નાના હોય છે. તો પણ એ કોળાપાકની વેલડીએ કારેલા ન થાય. આ..હા..હા...! એમ પ્રભુ આત્મા! પૂર્ણ આનંદ અને પૂર્ણ અમૃતસ્વરૂપના પિંડસ્વરૂપ એ પિંડ છે. એનું પરિણમન થાય એ વેલડીએ (આનંદનું પરિણમન આવે). ત્રિકાળી (આનંદની) વેલડી પ્રભુ (છે). આ..હા..હા...! એના સ્વીકાર ને સત્કાર અને અનુભવથી આનંદના કોળા પાકે. આ..હા...! એમાં હજી શુભરાગ આસક્તિ છે. પૂર્ણ વીતરાગ નથી, તેથી ધર્મીને જ્ઞાનીને પણ શુભભાવ આસક્તિરૂપ આવે. (પરંતુ) અભિપ્રાયમાં કાળો નાગ છે, શ્રદ્ધામાં ઝેર છે. (તેમ છતાં) આસક્તિમાં આવ્યા વિના રહેતો નથી, પૂર્ણ વીતરાગ નથી ને? (એટલે આવ્યા વિના રહેતો નથી). આ..હા..હા...!

જ્ઞાનીને, એટલે આત્માના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અનુભવનારને, જાણનારને અભિપ્રાયમાં તો, શ્રદ્ધામાં તો રાગ છે (એ ઝેર છે). (રાગ) છે ખરો; રાગ છે એમ કહ્યું (છે), નથી એમ નહિ, પર્યાયમાં છે પણ એ ઝેર છે. આ..હા..હા...!

**શ્રોતા :—** વ્યવહારે અમૃત કહેવાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો અમૃતનો આરોપ આપ્યો છે. અમૃતસ્વરૂપ ભગવાન છે અને (પર્યાયમાં) અમૃતપણું પ્રગટ્યું છે, એની અપેક્ષાએ (સાથે રહેલા) રાગને અમૃતનો વ્યવહાર કહેવામાં (આવ્યો છે). 'મોક્ષ અધિકાર'માં કહ્યું છે. વ્યવહારે અમૃત (છે, એમ કહેવું) એટલે કે (જે અમૃત) 'નથી' તેને (અમૃત) કહેવું એનું નામ વ્યવહાર. આ..હા..હા...! વ્યવહારથી અમૃત કહ્યું (એટલે) આરોપથી કહ્યું છે. આત્મા અમૃતસ્વરૂપ છે એની પ્રતીતિ (અર્થાત્) સમ્યક્દર્શન (થયું) એ નિશ્ચય છે તો એનો આરોપ કરીને; દેવ-ગુરુની શ્રદ્ધાનો રાગ (એ) છે તો રાગ, (પરંતુ) આરોપ કરીને એને વ્યવહાર સમકિત કહેવામાં આવ્યું છે. છે તો રાગ, પણ નિશ્ચય સમકિતનો સહચર (અર્થાત્) નિમિત્તને સાથે દેખીને ઉપચારથી તેને વ્યવહાર કહેવામાં આવે છે. આ..હા..હા...! આવી વાત છે! 'મોક્ષમાર્ગ પ્રકાશક' સાતમા (અધિકારમાં છે).

**'હજુ આસક્તિને લઈને...'** પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી ધર્મીને જ્ઞાનીને પણ, ક્ષાયિક સમકિતી હોવા છતાં પણ આસક્તિનો રાગ થાય. આ..હા..હા...! **'હજુ આસક્તિને લઈને જ્ઞાની બહાર થોડા ઊભા છે,...'** અંતરમાંથી નીકળીને રાગમાં આવીને ઊભા છે. ઊભા છે હોં! (રાગનો) આદર નથી પણ રાગ આવે છે, હોય છે. આ..હા..હા...!

અત્યારે તો રાગ કોને કહેવો, એ વાતમાં બધી મૂંઝવણ છે. એ (અજ્ઞાની) તો આ અશુભરાગને રાગ (માને). અહીં તો ગુણી-ગુણનો ભેદ લક્ષમાં લે તો પણ એ શુભરાગ થાય છે. વસ્તુ એક સમયમાં અભેદ ચીજ છે. ગુણી અને ગુણનો ભેદ પણ જેમાં નથી, એવો

જે દૃષ્ટિનો વિષય અભેદ (સ્વરૂપ), એ ગુણ-ગુણીના ભેદને પણ એ તો સ્વીકારતો નથી... આ..હા..હા...! તો પછી શુભભાવને આદરે અને સ્વીકારે એ તો હોય ક્યાંથી? આ..હા..હા...! ઉથલપાથલનો માર્ગ છે, ભાઈ!

વર્તમાનમાં તો આ શુભરાગ-ક્રિયા કરો, વ્રત કરો, અપવાસ કરો, દેશસેવા કરો, શાસ્ત્રની ભાષા સારી બનાવો તો એ બધો ધર્મ છે, અત્યારે લોકો એમ ઠરાવે છે. આ..હા..હા...!

**શ્રોતા :—** લોકો નથી કહેતાં પણ ઉપદેશકો કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ (પણ) લોકમાં જાય છે ને! એ ઉપદેશકો પણ લોકમાં જાય છે, ધર્મમાં નહિ. આ..હા..હા...! જેના ઉપદેશમાં શુભભાવથી આત્માને કંઈપણ લાભ થાય (એમ આવે) એ માન્યતા લૌકિક મિથ્યાદૃષ્ટિની છે. આવી વાતું! અરે...! આ તો જન્મ-મરણની ચોરાશીની હાર (માળા) ઊડાડી દેવી છે. બાપુ! અનાદિ અનંત પ્રભુ! નિત્યાનંદ ધારાવાહી પડ્યો છે, એને (જેણે) પકડ્યો એને શુભભાવ આવે, ત્યાં ઊભો પણ રહે, અટકે છે, (ત્યાં) અટકે છે પણ (અભિપ્રાયમાં) કાળો નાગ અને ઝેર (માને છે). આ..હા..હા...!

(જ્ઞાનીને પણ) રાગ છે, **'થોડા ઊભા છે.'** થોડા ઊભા છે એમ કીધું. રાગ થોડો આવે છે. આ..હા..હા...! ચોથે (ગુણસ્થાને) ત્રણ કષાયનો, પાંચમે બે (કષાયનો), છઠ્ઠે એક (કષાયનો) પણ થોડો રાગ આવે. **'રાગ છે, પણ અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે.'** અતીન્દ્રિય સમતાના આનંદ આગળ (રાગ ઝેર જેવો લાગે છે). 'રાગ આગ દાહ દહે સદા' (એમ) 'છ ઢાળા'માં આવે છે. 'રાગ આગ દાહ દહે સદા તાતેં સમામૃત સેઈયે' આ..હા..હા...! તેથી સમામૃત (અર્થાત્) સમતારૂપી અમૃત ભગવાન (આત્મા છે) એની દશાને સેવો. આ..હા..હા...! 'રાગ આગ દહે' ચાહે તો શુભરાગ હો પણ છે (એ) આગ, કષાય છે, કષાય-અગ્નિ છે, દાહ છે. આ..હા..હા...! 'રાગ, આગ, દાહ, દહે સદા' આત્માની શાંતિને એ બાળે છે. આ..હા..હા...! શાંતિ દાઝે છે. આ..હા..હા...! 'તાતેં સમામૃત સેઈયે' તેથી એ શુભરાગને પણ છોડીને સમતારસરૂપી અમૃત પ્રભુ (છે) એની સેવા કરો. એમાં તને શાંતિ અને આનંદ આવશે. આ..હા..હા...! આવી વાત છે. માર્ગ તો આ છે.

(લોકો વ્યવહારના) ઝગડા ઊભા કરે. વ્યવહાર છે (ખરો). ત્રિકાળી (સ્વરૂપ) શુદ્ધ હોવા છતાં, પવિત્ર પ્રભુ પૂર્ણ (છે). વસ્તુ તો પૂર્ણ શુદ્ધ અને પવિત્ર જ છે છતાં પર્યાયમાં અશુદ્ધતા આવે છે. અશુદ્ધતા નથી જ (એમ નથી). અજ્ઞાનીને અશુદ્ધતા છે અને જ્ઞાનીને (પણ) અશુદ્ધતા છે. એ આપણે હમણાં આવી ગયું. 'સમયસાર' ત્રીજા શ્લોકમાં 'અમૃતચંદ્રાચાર્ય' 'કલુષતાયામ્' કહે છે. અનાદિની કલુષિતતા (અર્થાત્) અશુદ્ધિ મને પણ છે. મુનિ કહે છે ને? 'અમૃતચંદ્રઆચાર્ય' આચાર્ય છે. આ..હા..હા...! જેના કળશો અમૃતકળશ છે! એ પોતે એમ કહે છે (કે), હું શુદ્ધ ચિન્મૂર્તિ વસ્તુ તરીકે તો એમ જ છું પણ મારી પર્યાયમાં મોહકર્મનો અનુભાવ નિમિત્ત છે અને અનુભાવ્ય હું મારી દશામાં કલુષિત પરિણામપણે પરિણમું છું.

આ..હા..હા...! અરે...! મુનિને તો અશુભભાવ હોય નહિ ને! તો એ શુભભાવ પણ કલુષિત છે. આ..હા..હા...!

'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો કહ્યું છે, મુનિને અશુભ (ભાવ) તો હોતા નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'! શુભનો ભાવ આવે. ધર્મના લોભી દેખીને પોતાની કમજોરીથી ઉપદેશનો શુભ રાગ આવે, આ..હા..હા...! ઉપદેશનો રાગ આવે પણ (એ) દુઃખનું વેદન છે. જ્ઞાનીને એટલું દુઃખ છે એટલું વેદન પણ છે. દૃષ્ટિની અપેક્ષાએ વાત ચાલે ત્યારે બીજી વાત છે. પણ વસ્તુની સ્થિતિ (આ) છે. દૃષ્ટિની અપેક્ષાએ તો દૃષ્ટિનો વિષય દ્રવ્યસ્વભાવ (છે) તેમાં તો અશુદ્ધતાની ઉત્પત્તિ છે જ નહિ. સમકિતીને અશુદ્ધિ અને આસ્રવ છે જ નહિ (એમ કહે). એ કઈ અપેક્ષાએ? તીવ્ર મિથ્યાત્વ અને તીવ્ર અનંતાનુબંધીનો કષાય નથી, એથી આસ્રવ નથી, એથી અનંત સંસારનું કારણ (એવા) મિથ્યાત્વનો બંધ નથી. પણ (કોઈ) એમ જ માની લે કે એને જરાપણ બંધ જ નથી (તો એ) એકાંત છે. (વસ્તુસ્થિતિ) એમ નથી.

મુમુક્ષુ : બંધન હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : (બંધન) હૈ. આ..હા..હા...! આવી વાતું છે.

(જ્ઞાનીને) અંદરમાં શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં અને અનુભવ હોવા છતાં આસક્તિ છે, છે? (પણ) **'અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે.'** રુચિ અને દૃષ્ટિની અપેક્ષાએ ભગવાનઆત્મા તો અમૃત-સ્વરૂપ આનંદનો, સુખનો સાગર (છે). એના નમૂનાના વેદન આગળ... આ..હા..હા...! એ રાગ દુઃખરૂપ અને ઝેર લાગે છે. શુભ (ભાવ ઝેર લાગે છે) હોં! આ રળવું, ભોગ (ભોગવવા) આ ભણવું એ તો બધા પાપના રાગ છે. ઘણો વખત તો (એમાં) જાય છે. આ..હા..હા...! કલાક-બે કલાક વખત મળે, સાંભળવા મળે ત્યાં કુગુરુ એને લૂંટી લે. શુભમાં ધર્મ છે, વ્રતમાં ધર્મ છે, તપમાં ધર્મ છે, એમ કરીને ત્યાં રોકી રાખે. મિથ્યાત્વના બંધનમાં એને રોકી રાખે. આ..હા..હા...! જન્મ સફળ જવો જોઈએ એને ઠેકાણે અફળ કરી નાખે. આ..હા..હા...! ધન્ય ભાગ્ય... સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ધન્ય ભાગ્ય અધૂરું રહી ગયું, સાહેબ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધન્ય ભાગ્ય (કે) આ વાત આવી સાંભળી અને રુચિથી બેસે (એમ કહેવું છે). ઓ..હો...! આ વાતો (અલૌકિક છે), ભાઈ!

**શ્રોતા :—** ધર્મનો કાળ છે માટે આવે જ ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ..હા..હા...! આવો પ્રભુનો માર્ગ! વીતરાગ નિર્મળાનંદ પ્રભુ! એની રુચિ, દૃષ્ટિ અને શ્રદ્ધા થવી એ પણ ધન્ય માર્ગ છે. આ..હા..હા...! એ પણ આગળ વધીને, અનુભવ કરીને, ચારિત્ર લઈને કેવળ પામશે. આ..હા..હા...!

આ..હા...! સવારમાં આવ્યું હતું ને? શ્રોતાની પર્યાયમાં પણ અનંત સિદ્ધોને સ્થાપે છે. આ..હા..હા...! ગજબ વાત કરે છે! પ્રભુ! પણ તમે છદ્મસ્થ, હજી તમે કેવળી નહિ

છતાં તમારા શબ્દો અને વાણીને સાંભળવાને માટે જે આવે એવા જીવની પર્યાયમાં પણ તમે અનંતા સિદ્ધને સ્થાપો!! એનો અર્થ... આ..હા..હા...! કે એ સિદ્ધની પર્યાય તરફ વળીને સિદ્ધ(દશા)ને પામશે. આ..હા..હા...! કહેનાર તો સિદ્ધપદને પામનાર છે (જ). આ..હા..હા...! 'કુંદકુંદઆચાર્ય', 'અમૃતચંદ્રઆચાર્ય'! આ..હા...! ધન્ય અવતાર! અમે હજી 'સમયસાર'(ની) વાત કરશું. સવારમાં તો પેલા ડૉક્ટર બેઠા હતા ને? એને ઝીણું પડે.

ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિ, ભાવવચન અને દ્રવ્યવચન! આ..હા..હા...! મારા જ્ઞાનનો ક્ષયોપશમ(રૂપ) જે ભાવ (છે) એ ભાવવચન છે. એની ધારાથી હું વાત કરીશ. વિકલ્પ અને વાણી આવશે એ દ્રવ્યવચન (છે). આ..હા..હા...! આ..હા..હા...! ભાવસ્તુતિમાં (એમ કહેવું છે કે) મારો ભગવાન આત્મા! એના તરફનું મારું જે આરાધકપણું છે, મારી જે નિર્વિકલ્પ શાંતિ છે એને ભાવસ્તુતિ કહીએ છીએ. વિકલ્પ ઊઠે તેને, વાણી આવે એને દ્રવ્યસ્તુતિ કહીએ છીએ. આ..હા..હા...!

મારે તો બીજું કહેવું છે. (અહીંયાં તો) એવાં શ્રોતા જ લીધા છે, એમ મારે કહેવું છે કે જેની પર્યાયમાં હું અનંતા સિદ્ધને સ્થાપું છું. આ..હા..હા...! ધન્ય ભાગ્ય! જેને હું 'સમયસાર' શુદ્ધ આત્મા કહીશ એવા શ્રોતાની પર્યાયમાં અનંતા સિદ્ધને હું સ્થાપું છું. એવા જ જીવ શ્રોતા લીધા છે. આ..હા..હા...! અરે...! તમે પંચમઆરાના મુનિ છો ને, પ્રભુ! એવા શ્રોતાઓને તમે લક્ષમાં લીધા! આ..હા..હા...! એવા (શ્રોતા) છે, એવા શ્રોતા પણ છે (એમ કહે છે). આ..હા..હા...! જેની વર્તમાન દશામાં એ શ્રોતાને અલ્પજ્ઞતા હોવા છતાં હું અનંતા સર્વજ્ઞ, સિદ્ધોને અલ્પજ્ઞતામાં સ્થાપું (છું). આ..હા..હા...! શ્રોતાને સર્વજ્ઞ(પણું) તો છે નહિ. હજી તો સાંભળવા માટેની પાત્રતા (લઈને) સાંભળે છે.

**શ્રોતા :—** ભાવિ નૈગમનયે તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ વર્તમાનમાં તો એ અલ્પજ્ઞ છે. આ..હા...! અને (તેમાં) પણ હજી સમ્યક્જ્ઞાન નથી છતાં એવી શૈલીવાળા (યોગ્યતાવાળા) જીવ લીધા છે. આ..હા..હા...!

પાંચમી ગાથામાં એમા કહ્યું ને? '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण, जदि दाएज्ज पमाणं।**' રાગથી પૃથ્થક અને સ્વભાવથી એકત્વ એવો મારો નાથ પ્રભુ! એની હું વાત કરીશ. તારો પ્રભુ પણ એવો જ છે. '**एयत्तविहत्तं दाएहं अप्पणो**' હું મારા (નિજ) વૈભવથી કહીશ. આ..હા..હા...! મારો વૈભવ એ આનંદ અને શાંતિનો ભાવ (છે) એવા વૈભવની ભૂમિકામાં રહેલો હું તને કહીશ. આ..હા..હા...! અનંતા.. અનંતા.. અનંતા... સિદ્ધો, અનંતા સર્વજ્ઞો (છે). આ..હા..હા...! એની (શ્રોતાની) વર્તમાન અલ્પજ્ઞતામાં અનંતા સર્વજ્ઞોને સ્થાપીએ છીએ. આ..હા..હા...! ધન્ય અવતાર!

અનંત સર્વજ્ઞને અલ્પજ્ઞમાં સ્થાપે છે અને અહીં શ્રોતામાં એની હા પાડનારને જ લીધા છે. આ..હા..હા...! કેમ કે ઈ પાંચમી ગાથામાં એમ લીધું. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो**

**सविहवेण, जदि दाएज्ज**' (અર્થાત્) જો દેખાડું, આ..હા..હા...! (તો) પ્રમાણ કરજે. ત્રીજું પદ છે. '**जदि दाएज्ज**'—'**जदि**' દેખાડું તો પ્રમાણ કરજે. એટલે? આ..હા..હા...! (પણ) પ્રભુ! બહુ દુષ્કર ચીજ છે ને? (તો ગુરુ કહે છે) રહેવા દે, રહેવા દે, પ્રભુ! આ..હા..હા...! અનુભવ કરીને પ્રમાણ કરજે! એમ કીધું છે. અમથી હા પાડજે, એમ નહિ. આ..હા..હા...! '**जदि दाएज्ज पमाणं।**' પ્રમાણ કરજે. '**चुक्केज्ज छलं न घेत्तव्वं**' ભાષામાં, ધાતુમાં, વ્યાકરણમાં કોઈ ફેર પડે (અને) તને (તેનું) જ્ઞાન હોય (અને) લક્ષમાં આવે તો એ ઉપર લક્ષ રાખીશ નહિ. અમારો હેતુ અંતર આનંદનો નાથ (છે) એને અનુભવ કરાવવાનો છે. આ..હા..હા...! આ..હા..હા...! એવા તો પંચમ આરાના શ્રોતા—જીવ લીધા છે. (આચાર્ય ભગવાન) પોતે પંચમ આરાના છે! આ..હા..હા...! ભગવાનને પૂછયું નથી કે, પ્રભુ! હું ત્યાં ઉપદેશ દઈશ તે શ્રોતા આવા હશે? આ..હા..હા...!

પોતાનો જે ભાવ આહલાદ છે અને સાંભળનારા એ આહલાદથી ભરેલા ભગવાન છે એની અલ્પજ્ઞતામાં અનંતા સિદ્ધો, એક સિદ્ધ સર્વજ્ઞ, એવાં અનંતા સિદ્ધો-સર્વજ્ઞ, અલ્પજ્ઞની દશામાં સ્થાપું છું. આ..હા..હા...! (હવે) એ જીવની અલ્પજ્ઞ (પર્યાય) ઉપર દૃષ્ટિ નહિ રહે, એમ કહે છે. આ..હા..હા...! સર્વજ્ઞ પ્રભુ વસ્તુ છે ત્યાં એનું લક્ષ જોડાઈ જશે અને અમારે કહેવું (પણ) ઈ છે. આ..હા..હા...!

સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ! એની પર્યાયમાં અનંતા સર્વજ્ઞોને સ્થાપ્યા! એક સર્વજ્ઞ નહિ, અનંતા (સર્વજ્ઞને સ્થાપ્યા)! આ..હા..હા...! શું કહે છે ઈ? એટલાં અસ્તિત્ત્વના અનુભવના જોરમાં શ્રોતાઓને પણ એવાં ઉપાડયા છે!! અલ્પજ્ઞમાંથી ઊઠી જા, પ્રભુ! આ..હા..હા..હા...! અહીં તો રાગથી ઉઠી જા (એમ કહે છે). આ..હા..હા...! આવી વાત! ગજબ વાત છે! બાપા! અમૃતના વેણલા વાવ્યા છે! આ..હા..હા...! આ..હા..હા...! તમને ભાષા ભલે એવી લાગે પણ ભાવ કોઈ એવી ચીજ છે!! આ..હા..હા...!

('પ્રવચનસાર') ૮૦મી ગાથામાં એમ કહ્યું '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' પોતાના આત્માને જાણે અને મોહનો નાશ થાય. અહીં તો અનંતા સિદ્ધને પર્યાયમાં સ્થાપ્યા.

**શ્રોતા :—** મોહનો નાશ થાય જ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ..હા..હા...! એક અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણનારને પર્યાયમાં સર્વજ્ઞ આવ્યા. '**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं**' એનો મોહ નાશ થાશે. એક સર્વજ્ઞની પર્યાયને જાણનારો પણ સ્વને જાણીને (મોહને નાશ કરશે). આ..હા..હા...! તો પ્રભુ! જેની પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપીને એનો એને વિશ્વાસ કરાવ્યો... આ..હા..હા...! કોલ કરાર (કરાવ્યા) એ સ્વ તરફ જશે જ, જઈને પૂર્ણતાની પ્રાપ્તિ કરશે જ, એવા શ્રોતાને લીધા છે. આ..હા..હા...! ગજબ શૈલી છે! 'સમયસાર'ની શૈલીએ... આ..હા..હા...! કેવળી પરમાત્મા જિનેશ્વરદેવના કાળજા ખોલી નાખ્યા છે!! આ..હા..હા...!

એને (અજ્ઞાનીને) બહારનું મહાત્મ્ય ખસતું નથી. જ્ઞાનનો વિશેષ ઉઘાડ થાય એને અહીંયાં લીધો નહિ. અમે સર્વજ્ઞને અને અનંતા સિદ્ધને સ્થાપીએ છીએ. આ..હા..હા...! હવે તારું થોડું અગિયાર અંગનું જ્ઞાન ઉઘડયું હોય એની તો વાત શું કરવી! (એમ) કહે છે. આ..હા..હા...! અનંતા.. અનંતા... અનંતા... અનંતા... અનંતા... સર્વજ્ઞ! સર્વ સિદ્ધ છે ને? '**वंदित्तु सव्व सिद्धे** ' (છે) ને? સર્વ સિદ્ધને? પચીસ-પચાસ વર્ષ, બે હજાર વર્ષ પહેલાં તમે સર્વસિદ્ધને કીધું અને અત્યારે પણ એનું એ પાછું? તો સિદ્ધો તો ઘણા થયા. (તો કહે છે) ભલે (ઘણા) થયા! (તો પણ) બધા અનંત સર્વજ્ઞ છે તેને અમે પર્યાયમાં સ્થાપીએ છીએ. આ..હા..હા...!

સર્વજ્ઞપણાની અનુભવમાં પ્રતીતિ આવી છે એનું જોર, એવું જોર છે... આ..હા..હા...! કે અલ્પકાળમાં એ સર્વજ્ઞ થશે, થશે અને થશે જ. એ કહેનાર તો (સર્વજ્ઞ) થશે પણ (અહીંયાં) કહે છે અમે શ્રોતા (પણ) એવાં લીધા છે!! આ..હા..હા...! ધન્ય ભાગ્ય! એકવાર બધું ભૂલી જા! આ..હા...! અનંતા સર્વજ્ઞનો પ્રસ્તાવનામાં પસ્તાનું મૂક્યું. પસ્તાનું મૂકે છે ને? (એમ અહીંયાં) પસ્તાનું મૂક્યું, બાપુ! અત્યારે પંચમ કાળ કવાર છે. આ..હા..હા...! કેવળજ્ઞાન થવાને અત્યારે કવાર છે, પણ અમે પ્રસ્તાવ મૂકીએ છીએ. આ..હા..હા...! અને અનંત સર્વજ્ઞોને પર્યાયમાં શ્રદ્ધામાં તને કહીએ છીએ (સ્થાપીએ છીએ). આ..હા..હા...! માણસને આકરું કામ એવું લાગે! વસ્તુસ્થિતિ આવી છે. આ કાંઈ કોઈ કૃત્રિમ છે? કોઈ પંથ વાડો, છે? આ તો વસ્તુ સ્વરૂપ જ (એવું) છે. આ..હા..હા...!

અહીં આપણે આ (ચાલે) છે, '**અભિપ્રાયમાં કાળો સર્પ લાગે છે. જ્ઞાનીઓ વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં...**' આ..હા...! ભલે એને હજી રાગ આદિ હો! એ રાગમાં ઊભા (હોવા) છતાં એમ ભાષા છે. ઊભા નામ (પરિણમનમાં) આસક્તિની સ્થિતિ છે. અભિપ્રાયમાંથી છૂટી ગયું છે પણ અસ્થિરતામાંથી હજી છૂટ્યું નથી. એટલે અસ્થિરતામાં ઊભા હોય છે. છે? આ..હા..હા...!

'**વિભાવની વચ્ચે ઊભા હોવા છતાં...**' વિકલ્પો આવે, શુભ (ભાવ) આવે, આ..હા..હા...! '**છતાં વિભાવથી જુદા છે,...**' વિભાવની વચ્ચે રહ્યા છતાં '**વિભાવથી જુદા છે,...**' આ..હા..હા...! '**ન્યારા છે.**' ધર્મી, સ્વરૂપની દૃષ્ટિના જોરથી રાગને ઝેર તરીકે જાણતાં (હોવા) છતાં (રાગ) આવે છે, (વિભાવની વચ્ચે) ઊભા છે, છતાં તે ન્યારા છે. આ..હા..હા...! જનેતા કોઈ વખતે નગ્ન દેખાઈ જાય, એને ખ્યાલ ન હોય. (જનેતા) ન્હાતી હોય અને દીકરાની નજર પડી જાય... આ..હા..હા...! પણ ત્યાં એ નજર પડી જ નથી, (એમ) કહે છે. આ..હા..હા...! માતા, જેના કૂખમાં સવા નવ મહિના રહ્યો છું એ જનેતા... આ..હા..હા...! ખાટલાથી ઓથે ન્હાતી હોય અને એમાં ઊભી થઈને તદ્દન નગ્ન દશા થઈ ગઈ હોય અને જુવાન છોકરો આવ્યો (એ જોવે તો પણ) આ..હા..હા...! એ નજર પડી

જ નથી. આ..હા..હા...! એમ ધર્મીને શુભરાગ આવ્યો પણ ત્યાં નજરું નથી. આ..હા..હા...! આવું છે. આવો માર્ગ પ્રભુ! આ..હા..હા...! સિદ્ધમાં જાણે બેઠા હોય એવી વાતું કરે છે! આ..હા..હા...! એ ૧૯ બોલ (પૂરો) થયો.

**'મારે કાંઈ જોઈતું જ નથી, કોઈ પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએએવી જેને તીખી તમન્ના લાગે તેને માર્ગ મળ્યે જ છૂટકો છે. અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે.આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય, પ્રાપ્ત થાય.' ૨૦.**

૨૦. '**મારે કાંઈ જોઈતું જ નથી,...**' આ..હા..હા...! જેને પોતાનું અસ્તિત્વ જ જોઈએ છે. આ..હા..હા...! શુદ્ધ ચૈતન્યસ્વરૂપ હયાતીવાળી ચીજ! આ..હા...! હયાતી! હિતરૂપ! હયાતીવાળી હિતરૂપ... આ..હા...! એવો વસ્તુનો સ્વભાવ, જેને જિજ્ઞાસામાં એ જોઈએ છે. એને (એમ ભાવ થાય છે કે) '**મારે કાંઈ જોઈતું જ નથી,...**' મારા પ્રભુ સિવાય મારે કાંઈ જોઈતું નથી (એવું) એની દૃષ્ટિમાં જોર આવી જાય છે.

મારું અસ્તિત્વ જે પૂર્ણ વસ્તુ એ જ જોઈએ છે. એ સિવાય મારે કાંઈ જોઈતું જ નથી. આ..હા..હા...! દુનિયાની પ્રશંસા, દુનિયામાં વખાણ કે શુભરાગ એ કાંઈ મારે જોઈતું નથી. આ..હા..હા...! મારો પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો (છે) એ સિવાય મારે કાંઈ જોઈતું જ નથી. આ..હા...!

'**કોઈ પર પદાર્થની લાલસા નથી,...**' વિકલ્પથી માંડીને કોઈ પણ પર (પદાર્થમાં) લાલસા નથી. આ હોય તો ઠીક, એમ એને નથી. આ..હા..હા...! '**કોઈ પર પદાર્થની...**' પરમાં તો શુભભાવ પણ આવી ગયા. આ..હા..હા...! અરે...! દેવ, ગુરુ અને શાસ્ત્રની પણ જેને લાલસા નથી! આ..હા...! બાપુ...! મારગડા...! એના દૃષ્ટિના વિષયો અને એ વિષયનું કેવું સ્વરૂપ છે? આ..હા..હા...!

કહે છે, પ્રભુતા...! આ..હા...! 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી...' પહેલાં 'દલપતરામ'નું (આ પદ) નિશાળમાં આવતું. પોણોસો વર્ષ પહેલાં! 'દલપતરામ' કવિ 'ક.દ.ડા'! 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો મુજ રોગ લે હરિ', 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી...' આ..હા..હા...!

રૂંવાટાં ઊભા થઈ જાય! પ્રભુતા પરમાત્મસ્વરૂપની (એટલે કે) પોતાની. 'પ્રભુતા પ્રભુ તારી તો ખરી, મુજરો...' મારો મુજરો 'મુજ રોગ લે હરી' કવિ છે ને એ તો! અજ્ઞાન અને રાગ-દ્વેષને (હરે) એવો હું હરિ છું. 'હરિ' (શબ્દ) 'પંચાધ્યાયી'માં આવે છે. હરિ કોને કહીએ? કે, રાગ-દ્વેષને હરે તે હરિ. પ્રભુ પોતે હરિ છે. આ..હા..હા...! રાગ-દ્વેષ અને મિથ્યાત્વને હરે તેને હરિ કહીએ. એવો પ્રભુ પોતે આત્મા છે. આ..હા..હા...!

**'પર પદાર્થની લાલસા નથી, આત્મા જ જોઈએ'** મારે તો પ્રભુ આત્મા જ જોવે છે. આ..હા...! અને પ્રભુ એ જ બતાવે છે. આ..હા..હા...! **'એવી જેને તીખી તમન્ના લાગે...'** આ..હા..હા...! એવી જેને તીખી ઉગ્ર તમન્ના-તન્મયતા લાગે. આ..હા..હા...! **'તેને માર્ગ મળ્યે જ છૂટકો છે.'** એને તો માર્ગ મળ્યે જ છૂટકો. આ..હા..હા...! જેની તીખી (તમન્ના) એટલે ઉગ્ર એકાગ્રતા થવાની જેની ભાવના (છે) આ..હા..હા...! **'તેને માર્ગ મળ્યે જ છૂટકો છે.'** આ..હા...!

**'અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી.'** એની ભગવાનની સંપદા! પર્યાયમાં દ્રવ્યની સંપદા અનંત અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શ્રદ્ધા, અનંત શાંતિ (એવા) અપાર ગુણોનો દરિયો પ્રભુ! અપાર શક્તિ અને ગુણનો સાગર પ્રભુ! આ..હા...! એની નિજઋદ્ધિ **'સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી.'** આ..હા...! જોયું? તેથી શું? એ (વિકલ્પ પણ) કાઢી નાખ્યો. 'હું અબદ્ધ છું, પૂર્ણ છું, શુદ્ધ છું' એ વિકલ્પ આવ્યો છે તેથી શું? ત્યાં રોકાણો તેથી શું? ('સમયસાર') ૧૪૨ ગાથામાં આવે છે. 'तत् किम?' એમ સંસ્કૃત આવે છે.

આ..હા..હા...! અહીં તો કહે છે કે, આવી અનંતી ઋદ્ધિનો ખ્યાલ આવે, જ્ઞાનમાં આ વસ્તુ છે અને વસ્તુ છે તે અપરિમિત શક્તિઓનો ભંડાર છે, એમ એની ઋદ્ધિ અને સંપદાના વિકલ્પમાં પણ રોકાતો નથી, (એમ) કહે છે. બીજે તો (વિકલ્પ) રોકવો નથી પણ હવે અહીં વિકલ્પ રોકવો નથી. આ..હા..હા...! આવી વાત છે, બાપુ! સમજાણું કાંઈ?

**'અંદરમાં ચૈતન્યઋદ્ધિ છે તે ઋદ્ધિ સંબંધી વિકલ્પમાં પણ તે રોકાતો નથી. એવો નિસ્પૃહ થઈ જાય છે...'** એવો લાલસા વિનાનો નિસ્પૃહ (થઈ જાય છે). પૂર્ણાનંદનો નાથ એક જ જોઈએ છે. આ..હા...! એની આટલી સંપદા! (તેની) મહિમા લાગે એના વિકલ્પમાં પણ રોકાવું નથી. આ..હા..હા...!

**'એવો નિસ્પૃહ થઈ જાય છે કે મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે.'** મારે મારું હોવાપણું જેટલું, જેવડું (છે), પ્રભુનું દ્રવ્યનું હોવાપણું જેવડું છે... આ..હા...! એ જ જોઈએ છે. મારી હયાતી—ત્રિકાળી હયાતી—અનંત... અનંત... વસ્તુ જે પોતે હયાતીવાળી ત્રિકાળ છે, એમ એની સંપદાઓ-અનંત ગુણો પણ અનાદિ હયાતીવાળી ચીજ છે. એમાં ખંડ અને ખાપણ જરીયે આવી નથી, આ..હા..હા...! એવો જે મારો પ્રભુ દ્રવ્યસ્વભાવ! એની ઋદ્ધિ

લક્ષમાં આવતાં અપરિમિત વસ્તુનો ખ્યાલ આવતા છતાં તેના વિકલ્પમાં રોકાતો નથી. આ..હા..હા...! બીજે તો રોકાતો નથી (પણ ગુણ-ઋદ્ધિના વિકલ્પમાં પણ રોકાતો નથી). આ..હા..હા...!

'સમયસાર', ('બહેનશ્રીના વચનામૃત') એમાં આ બધી ગુજરાતી વાણી આવી! લોકો ન્યાલ (થઈ જાય)! ભાગ્ય જગતના! સાદી ગુજરાતી ભાષામાં જે કોઈ વાંચે વાંચે અને બોલે એ એના વખાણ જ કરે છે. સાદી ગુજરાતી! આ..હા...! 'આત્મધર્મ'વાળાને બધાને ભેટ છે. હિન્દીવાળાને ઓછું છે. આ..હા..હા...!

મારે તો મારું અસ્તિત્વ એટલે? હોવાપણાની ચીજ જે છે આદિ નથી શરૂઆત નથી, કોઈથી થઈ નથી એવું જે અસ્તિત્વવાળું તત્ત્વ હોવાપણું (એ જ જોઈએ છે). અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, સ્વચ્છતા આદિ હોવાપણાવાળું તત્ત્વ જ જોઈએ છે, બસ! આ..હા..હા...! પર્યાયની અવસ્થા પણ એક સમયની છે એ પૂર્ણ અસ્તિત્વ નથી, અસ્તિત્વ ત્યાં નથી, પૂર્ણ અસ્તિત્વ આ છે. આ..હા...!

**'મારું અસ્તિત્વ જ જોઈએ છે.'** 'અસ્તિત્વ જ' જોઈએ છે. આ..હા...! મારું હયાતીવાળું તત્ત્વ 'છે'... 'છે' એવું તત્ત્વ. આ..હા..હા...! તે જ જોઈએ છે. આ..હા..હા...! દૃષ્ટિમાં અને જિજ્ઞાસામાં તો હયાતીવાળું જે પૂર્ણ તત્ત્વ 'એ જ' (જોઈએ છે). એની સંપદાની મહિમાના રાગમાં પણ ન રોકાતાં... આ..હા..હા...! એની પૂર્ણ ચીજ જે છે... આ..હા..હા...! તે જ જોઈએ છે. 'આવી અંદર જવાની તીખી તમન્ના લાગે,...' આ..હા..હા...! આવી અંતરમાં જવા માટે, ધ્રુવના તળિયામાં જવા માટે (તીખી તમન્ના લાગે). આ..હા..હા...! અરે...! આવો ઉપદેશ હવે! આમાં કથાવાર્તા નહિ થાય. બાપુ! પ્રભુ! તારો માર્ગ આ છે, ભાઈ! આ..હા..હા...!

આ..હા..હા...! **'આવી અંદર જવાની...'** અંદર જવાની (એટલે) ધ્રુવમાં જવાની. હયાતીવાળી જે કાયમી ચીજ છે તેને પહોંચવાની. આ..હા..હા...! **'તીખી તમન્ના લાગે...'** 'તમન્ના' તન્મય એમ, તન્મય! **'તો આત્મા પ્રગટ થાય,...'** આત્મા પ્રભુ પર્યાયમાં પ્રગટ થાય, જણાય જાય. **'પ્રાપ્ત થાય.'** જ. આ..હા..હા...! આ..હા..હા...! આવી શરત છે.

હવે તો બધાને હાથમાં આવી ગયું છે. પહેલાં તો નહોતું ત્યારે આ કોનો, કેવો અર્થ થાય છે (એ ખબર ન પડે). (પોતાની મેળે) વાંચતા બહુ વિસ્તાર ન આવ્યો હોય તો આમાં આ શું આવે છે (તે સમજી શકાય). આ..હા..હા...! એ ૨૦ બોલ (પૂરો) થયો.

**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના - એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને - ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે - એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.**

૨૧. '**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના..**' આ..હા..હા...! ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ! એવાં '**ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી...**' શુદ્ધ પૂર્ણસ્વરૂપમાંથી પરિણમેલી દશા થઈ, આ..હા..હા...! '**એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના...**' (આ) અસ્તિ-નાસ્તિ કરી. ચૈતન્યને ચૈતન્યમાંથી થયેલી પરિણમેલી. પર્યાયમાં ચૈતન્યની (પરિણમેલી) પરિણતિ. આ..હા..હા...! એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ થયેલી ભાવના.

'**એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો.**' આ..હા..હા...! એની શ્રદ્ધામાં છે કે બીજ વાવ્યું (છે) તો આમાંથી ઝાડ થાશે, ફળ થાશે. એ એને પાકો વિશ્વાસ છે. એમ આ ભગવાનઆત્માને મેળવવા માટે તમન્ના હોય, એ યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. આ..હા..હા...!

'**જો ન ફળે તો જગતને ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે,..**' એટલે શું? કે પૂર્ણ જે વસ્તુ છે એની ભાવના થઈ અને (તે) પ્રાપ્ત ન થાય (તો) ચૌદ બ્રહ્માંડનો અભાવ થઈ જાય. આ..હા..હા...! હું આવું તત્ત્વ છું એવી અંદર (તીખી) તમન્નાની ભાવના થઈ (અને) એ ભાવના થયે (વસ્તુ) પ્રાપ્ત ન થાય (તો) ચૌદ બ્રહ્માંડનો અભાવ થઈ જવાનો પ્રસંગ આવે. પ્રાપ્ત થાય જ એમ કહે છે. આ..હા..હા...!

આજ રવિવારનો દિવસ છે. 'ભાવનગરવાળા' આવ્યા છે. આ..હા..હા...! '**(ચૌદ બ્રહ્માંડને) શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય.**' એટલે કે દ્રવ્યની ઉત્પત્તિ થાય જ (અર્થાત્) (એની) ભાવનામાંથી ભાવ આવે જ. ભાવના હોય અને પ્રાપ્તિ ન થાય (તો) દ્રવ્યનો નાશ થઈ જાય. (નિર્મળ પર્યાયની) ઉત્પત્તિ થાય, ન થાય એમ નહિ, એમ કહેવું છે. ન થાય તો દ્રવ્યનો નાશ થઈ જાય. જેની ભાવના છે એ પ્રાપ્ત ન થાય તો એ દ્રવ્ય વસ્તુ છે એની અસ્તિની નાસ્તિ થઈ જાય. આ..હા..હા...! અંદર જોર છે!

આવું છે.

પછી (લોકો) વાતું કરે કે, પહેલેથી તમે આ દેવ-ગુરુ-શાસ્ત્રને વાંદવા એ શુભભાવ છે, (અને) હેય છે (એમ કહો છો), છોકરાઓને આવું શીખવો છો તો (એ લોકો) ભક્તિ નહિ કરે. અરે... પ્રભુ! સાંભળને, બાપા! ભાઈ! તારે ઊંચી ચીજ જોઈએ છે કે નીચી (ચીજ) જોઈએ છે? એને પહેલેથી (એવા) સંસ્કાર નાખ કે ભગવાન પૂર્ણાનંદનો નાથ! એની ભાવના કર, ભાઈ! આ (શુભભાવનો) વિકલ્પ આવે પણ એ કંઈ ખાસ (વસ્તુ નથી). વસ્તુ અસ્તિ છે એમાં એ નથી. શુભભાવના લક્ષમાં એ અસ્તિ આવતી નથી. આ..હા..હા...! પૂર્ણાનંદનો નાથ જે અસ્તિત્વ છે, એ ભગવાનના લક્ષે (કે) દેવદર્શનના લક્ષે (પોતાની) પૂર્ણ હયાતી તને બેસતી નથી. આવી વાતું છે. જરી મધ્યસ્થ થઈને સાંભળેને તો આ ઝગડા મટી જાય. (લોકો) વિરોધ કરે છે ને? બાપા! ભાઈ! આ..હા..હા...! બાપુ! તારું સ્વરૂપ આવું જ છે એની ભાવનાના જોરમાં જો વસ્તુ ન મળે (તો) ચૌદ બ્રહ્માંડ નહિ રહે. દ્રવ્ય નહિ રહે. આ..હા..હા...! (વસ્તુ પ્રાપ્ત) થાય જ એમ કહે છે. આ..હા..હા...!

**'पमाणं'** એમ કીધુંને? **'जदि दाएज्ज पमाणं'** દિગંબર સંતોની વાણી... આ..હા..હા...! આ..હા..હા...! એ મુનિઓ... બાપા! મુનિ કોને કહેવાય!! અલૌકિક વાત છે! એ ગમે તે વાત કરે નહિ (બધી અલૌકિક વાતો છે). આ..હા..હા...!

અહીં કહે છે, આ આત્માની ભાવના, જો ચૈતન્યમાંથી રાગ-દ્વેષ વિનાની ભાવના આવે તો એ ભાવનામાં ભાવ મળ્યા વિના રહે જ નહિ. આ..હા..હા...! કારણ આપે અને કાર્ય ન થાય, એમ બને જ નહિ. આ..હા..હા...! **'પરંતુ એમ બને જ નહિ.'** છે ને?

**'ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે.'** એટલે? જેને ચૈતન્યની ભાવના થઈ એને ચૈતન્ય હાથ આવે જ એ રીતે કુદરતનો સ્વભાવ છે. **'બંધાયેલી છે.'** (એનો અર્થ આ છે). આ..હા..હા...! **'એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ, અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે.'** આ..હા..હા...! પૂર્ણાનંદના અસ્તિત્વની ભાવના થતાં એ અસ્તિત્વ પ્રાપ્ત ન થાય, એમ કોઈ દિ' બને નહિ એમ અનંત તીર્થંકરો કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ